॥ શ્રી ॥

યોગ વાસિષ્ઠ સાર.

ગુજરાતી ભાષાન્તર.

મુમુક્ષુ જનોને તત્વજ્ઞાનનો અલભ્ય લાભ લેવા
તથા નિવૃત્તિ સુખ મેળવવા માટે

ભાષાન્તર કરાવી પ્રસિધ્ધ કરનાર

ઠ૦ વશનજી પરમાનંદ ચાંહેવાળા.

બુકસેલર એન્ડ પબ્લિશર.

સંવત્ ૧૯૫૪. ઈ. સ. ૧૮૯૭.

કિમ્મત રૂ. ૧-૧૨-૦

આ પુસ્તક વસનજી પરમાનંદ ચાહેવાંળાએ પોતાના
શ્રી "ગજાનન" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી પ્રસિદ્ધ કર્યું.

उत्सर्ग.

શેઠ—પોપટભાઇ મોતીચંદ પારેખ.

મુ૦—મોરબી.

આપ સુશિક્ષિત હોઇને પ્રજામાં જ્ઞાન પ્રસરાવવા અર્થે તન, મન અને ધનથી ભગીરથ પ્રયત્ન કર્યા કરો છો; પૂર્ણવેદાંતિ હોઇને વેદાંત ગ્રંથનો બહોળો પ્રચાર કરવા કાળ અને દ્રવ્યનો મ્હોટો ભોગ આપી, ગ્રંથકારોને સહાય કર્ત્તા તરીકે દીપી નીકળ્યા છો; સત્ય ધર્મ ચુસ્ત હોઇને આપના હાથથી ધર્મનાં અનેક અચળ કાર્યો બનેલાં જગત્ સુવિદિત છે; અને જેના યોગે આપ કીર્ત્તિરૂપે અમરત્વને પામ્યા છો; વળી આપ એક મ્હોટા સદ્ગૃહસ્થ વ્યાપારી હોઇને રૂડા રાજ્યકાર્યદક્ષ તરીકે પણ સુપ્રસિદ્ધ છો; ઘણે સ્થળે એમજ જોવામાં આવે છે કે, જો લક્ષ્મી હોય તો સરસ્વતિ હોતી નથી, લક્ષ્મી તથા સરસ્વતિ એ બન્ને હોય તો ઔદાર્યતા હોતી નથી, અને કદાચ એ ત્રણે હોય તો સૌજન્ય હોતું નથી અને જો એ ચારે હોય તો વિચારશીલબુદ્ધિ હોતી નથી; પરંતુ અગણિત પૂર્વ પૂણ્યોને લીધે એ પાંચેવાનાં આપનામાં છે એમ આપના હાથથી થયેલાં અનેક શુભકાર્યો પ્રતીતી આપે છે. ઇત્યાદી આપના ઉક્ત ગુણોથી મોહીત થઇને, અને આવા ધર્મસંપન્ન મહાત્માઓજ આ—'યોગવાસિષ્ઠ' જેવા ગ્રંથના અધિકારી છે એમ સમજીને આ ગ્રંથ આપનેજ ઉત્સર્ગ કરવામાં આ સેવક અતૂલાનંદ પામે છે. તો તે સ્વિકારી ઉપકૃત કરશો.

મુંબઈ—ઝવેર બાગ.
સંવત ૧૯૫૪ કૃતયુગાદિ કારતક }

પ્રસિદ્ધ કર્ત્તા.

ભૂમિકા.

આ સંસાર ચક્ર સદા રમતુંને ભમતુંજ રહે છે. તેમાં સદા દુઃખજ ઉપસ્થિત છે. વાસ્તે તમામ પ્રાણી સુખ, સુખ અને સુખનેજ હમેશ ભજ્યા કરે છે, સુખ મેળવવા માટે અનેક પ્રકારે બાચકાં ભર્યા કરે છે. પરન્તુ સત્ય માર્ગ ન શોધવાથી સુખ નહિ મળતાં માત્ર દુઃખજ પ્રાપ્ત થયા કરે છે. માટે સત્ય એ છે કે આ સંસાર અરેંટના ઘડાની માફક એક ભરાય છે, એક ઠલવાય છે, ફરી ભરાય છે, ફરી ઠલવાય છે. તેવી રીતે પ્રાણી માત્ર જન્મે છે, મૃત્ય થાય છે, ફરી જન્મે છે, ફરી મૃત્યુ પામે છે. એમ અરેંટના ઘડા રૂપ પ્રાણી માત્રથી જન્મ-મરણને લીધે નિર્વિઘ્ને વિશ્રાંતિનું પરમ સુખ લેવાઇ શકાતું નથી. તે મેળવવા યત્ન કરવો જોઇએ કેમકે જાણીને પ્રેમાવેશમાં મન મગ્ન થાય છે કે આજકાલ મનુષ્ય માત્રની વૃત્તિ કહેવાતા સુધારા તરફથી વિમુખ થઇ છે, કે જે સુધારો આર્ય ધર્મ-રીત-રિવાજથી કેવળ વિપરીત છે. આમ થવાથી આપણો મુખ્ય ધર્મ શો છે? તે શોધી તે તરફ તમામ મનનું વલણ થયું છે તેથી આવાં તત્વજ્ઞ પુસ્તકોની ઘણી જરૂર થઇ છે, થાય છે અને થશે. કે જેને પરિણામે મનાભિષ્ટ સુખ શું છે? તે જોવાવા લાગ્યું છે. અલબત સંસારમાં સુખ મળે છે પરન્તુ તે ખરૂં સુખ નથી પણ વ્યર્થ સુખ છે. કોઇ પૈસે પૂર્ણ હોય, કોઇ કુટુમ્બે સંતોષકારક હોય, કોઇ રાજ્યભોગથી નિમગ્ન હોય, કોઇ વિદ્યામાં અલમસ્ત હોય અથવા કોઇ સમગ્ર વાતે પરિપૂર્ણ હોય પરન્તુ ખરી રીતે તે સુખજ નથી. કેમકે પરિણામે તે કાંઇ પણ સાથે ન આવતાં અત્રેજ રહેવાનું, વળી તે સઘળું દુષ્પ્રાપ્ય છે. તો જેનું બીજજ દુઃખરૂપ છે તેનું ફળ ક્યાંથી સુખદાતા થઇ શકે? એટલુંજ નહિ પરંતુ જે સુખ મળે છે તથા જે સુખ દેખાય છે તે માત્ર ભાસે છે, સ્વપ્ન જેવું છે, થોડા વખત માટેનું છે, પરિણામે કાંઈ પણ નહિ એવું છે. અને માત્ર માયાનાં આવરણથી તેને સુખ માનવામાં આવે છે એવું છે. પરન્તુ સત્ય સુખ એ છે કે જે વિદ્વાન તત્વવેત્તાઓએ પસંદ કરેલું છે તે સુખની એ ખૂબી છે કે જે પ્રાપ્ત થવાથી ઉપર કહેલ સંસારઘટયંત્રમાંજ આવવાનું થતું નથી.

સંસારઘટયંત્રમાં દરેક પ્રાણી માયાનાં પ્રદળથી ગુંથાયલાં છે. પરન્તુ ઇતર પ્રાણીને મનુષ્યાવતાર જેવી બુદ્ધિ, જ્ઞાન અને વિચાર નહિ હોતાં **મુક્તિ** મેળવવી એ મનુષ્ય માત્રથીજ બની શકે તેમ છે. જે મનુષ્યાવતાર કાંઇ વારંવાર પ્રાપ્ત થતો નથી વાસ્તે આ અવતારમાંના અપૂર્વ કાળને વ્યર્થ વ્યતિત ન કરતાં અમૂલ્ય લાભ મેળવવો જોઇએ. એ મુક્તિ–મોક્ષ મેળવવા માટે કેવળ પરમપદ પામવાનું સાધન આપણાં ષટ્શાસ્ત્રો પૈકી વેદાન્ત શાસ્ત્રો છે. આ વેદાન્ત શ્રવણ–મનનથી જે મુક્તિ મેળવવા આડે મહા ભયંકર રાક્ષસરૂપી મોહ ખડો છે કે જે આપણને પોતાનાં ઘણાં જોરાવરપણાંથી સંસારઘટયંત્રમાં હડસેલી માયાની પ્રપંચ જાળમાં ફસાવે છે તેનાથી તે શાસ્ત્રો નિર્ભય કરી પરમ તત્વને પહોંચાડી દે છે. અર્થાત્ સંસારમાં રહેલાં વિવિધ પ્રકારનાં મોહ અને માયાનાં આવરણનો નાશ થાય તો **મુક્તિ**જ છે અને તે **મુક્તિ** મેળવવા સમગ્ર પ્રાણીનો સુખદ ધર્મ છે અને તે ધર્મ તેવાં શાસ્ત્રો દ્વારાએ પ્રાપ્ત થાય છે. વાસ્તેજ વેદાન્તશાસ્ત્રો એ મોક્ષ રૂપી ધન મેળવવાનો ગુપ્ત ભંડાર છે.

એટલા માટે ઉપર કહ્યા પ્રમાણે આપણાં ષટ્શાસ્ત્રોમાં વેદાન્ત શાસ્ત્ર એ ઘણી અગત્યતા ધરાવનારૂં શાસ્ત્ર છે. તે વિશે મ્હોટા મ્હોટા સમર્થ વિદ્વાનોએ ઘણી છૂટથી વિવિધ વિષય ચરચેલા છે. આ મહત્વવાળી શાસ્ત્ર-પંક્તિમાં આદિકવી મહામુનિ વાલ્મીકિજી પ્રણીત “**શ્રી મદ્ યોગવાસિષ્ઠ રામાયણ**” કે જે મહાન્ ગ્રંથ અતી પ્રસિદ્ધ છે અને તે શ્રી **રામચંદ્ર**ને, મહારાજા **દશરથ**ની કિચેરીમાં મહાત્મા શ્રી **વસિષ્ઠ** મુનિએ સંવાદરૂપે વર્ણવેલો છે. આ ગ્રંથ ઘણો જગ જાહેર હોવાને લીધે તેના વિશે જે કાંઈ વિવેચન કરવું એ વૃથા છે તથાપિ એટલું બોલવું તો અવશ્યનું ગણાશે કે:–આ ગ્રંથ વાંચ્યા–સમજ્યા પછે મોક્ષ–મુક્તિ મેળવવાના પ્રસંગમાં મનમાં કાંઇપણ શંકા ન રહેતાં મુમુક્ષુઓ પરિતૃપ્ત થાય છે. માટે એ ગ્રંથ, તમામ ગ્રંથ પંક્તિમાં સર્વોપરિ કહેવાય છે.

ઉક્ત ગ્રંથ અતી મ્હોટો હોવાથી તેમજ સામાન્ય વર્ગને વ્યયની વ્યવસાયમાં વિશેષતાવાળો હોવાથી અમે તેના આ **સારને** પ્રજાવર્ગ સન્મુખ મુકીએ છીએ. આ “**શ્રી યોગવાસિષ્ઠ સાર**” ને પણ તેના

કર્ત્તાએ મનની સમાધાની કરવામાં મૂળ ગ્રંથથી કોઇપણ રીતે ઊતરે તેવો ગુંથેલો નથી. માત્ર તેમાં લાંબાં લાંબાં વર્ણનો તથા મોક્ષ મેળવવાનાં જ્ઞાનમાં મુમુક્ષુઓને બાધ ન આવે એવી બાબતોને દૂર કરી અને મૂળ બાબતો તેમજ જોઇતાં ઉદાહરણોને જાળવી રાખી યોગ્ય રીતે યોજલો છે. કે જેથી તેનું ઉપયોગીપણું જળવાઈ, કંટાળો ન આવતાં સમજનારને યુક્તિ યુક્ત જ્ઞાન પેદા થાય તેમજ રસ ન તૂટતાં મૂળ કર્ત્તાનો આશય સચવાઈ રહ્યો છે.

અમે પણ આ ગ્રંથને ગુર્જર ભાષામાં તેવાજ રૂપે મુકી તેમાં કાંઈ પણ ન્યુનાધિક ન કરતાં મૂળ વિષયનુંજ ભાષાન્તર કરેલું છે તેમજ અસલ શ્લોકે શ્લોકના અંક પણ યથાસ્થિત રાખેલા છે કે જેથી વાંચનારિ-સમજનારને સુલભ પડે. એટલુંજ નહિ પરન્તુ ભાષા પણ યથા શક્તિ રસયુક્ત રાખી વાંચક વૃન્દને પહેલેથી છેલ્લે સુધી વાંચવાની લલુતા વધતી રહે તેવી ગોઠવણ કરી છે. તથાપિ વિષયનાં મહત્વપણાને લીધે અથવા સમજ શક્તિની ન્યુનતાને લીધે અમારાથી હોય રહેલા વિદ્વાન મંડળને દૃષ્ટિગોચર થાય તો આશા છે કે તેવા વર્ગની દુર્ગુણ દૂર કરી સુગુણ ગ્રાહી થવાની વૃત્તિજ હોય છે તો પણ ક્ષમા કરશે. તેમજ સૂચન થશે તો અન્ય આવૃત્તિમાં ઉપકાર સાથે યોગ્ય કરી શું.

આ અમારા કહેવાના બે બોલ પૂર્ણ કરતાં છેલ્લે સવિનય કહી શું કે આ અપૂર્વ પુસ્તક પ્રગટ કરવાનું અમારૂં પ્રયોજન ઊપર જણાવી દેતાં શેષ માત્ર એજ કે આ આત્મજ્ઞાન-મુક્તિ મેળવવાનાં સાધન રૂપ આ ગ્રન્થ પ્રસિધ્ધ કરવાનો અમારો ઊદ્દેશ સચવાઓ અને મનુષ્ય માત્ર તેનું અન્તઃકરણ પૂર્વક મનન કરો. એજ અમારા શ્રમની સફળતા છે. **વિજયહો.**

મુંબઈ-ઝવેર બાગ.
સંવત ૧૯૫૪ કૃતયુગાદિ કારતક

લિ૦ વશનજી પરમાનંદ ચાહેવાળા.
પ્રસિદ્ધ કર્તા.

વિષયાનુક્રમ.

પ્રકરણ.				પૃષ્ઠ.

દશરથરાજાની સભા



દશરથરાજાની સભા



॥ શ્રી ॥

યોગ વાસિષ્ઠ સાર.

ગુજરાતી ભાષાન્તર.

વૈરાગ્ય પ્રકરણ. ૧.

દોહરા.

ગિરિજાસુત વિધિજા નમું, ગિરિજાધીશ મહેશ;
વર્ણન કરૂં વસિષ્ટના, પ્રશ્નોત્તર સંક્ષેપ. ૧
વાલમીક ભરદ્વાજને, વસિષ્ઠ ને શ્રીરામ;
તેહતણો સંવાદ છે, પરમજ્ઞાનનું ધામ. ૨
રચીઉં લક્ષ શ્લોકમાં, વાલમીક કવિરાય;
તે કે'તાં સંક્ષેપમાં, કાળક્ષેપ ગુણ થાય. ૩

આદી કવિ શ્રી વાલમીકીએ ભરદ્વાજ રૂષી પ્રત્યે જે વસિષ્ઠ અને રામચંદ્રનો સંવાદ સંભળાવેલો છે તેનો સાર લઇને આ શુભકારક સંગ્રહ કરેલો છે. ॥ ૧ ॥ તેમાં ભરદ્વાજના એવા પ્રશ્ન છે કેઃ—હે ગુરૂ! મુક્તિનું લક્ષણ શું? સ્વરૂપ શું? અને તે કેવા પ્રકારથી પ્રાપ્ત થાય છે? તે મને કહો. એવા પ્રશ્ન સાંભળી વાલમીકી મુનિ, ભરદ્વાજને કહેવા લાગ્યા કે ॥ ૨ ॥ [૧]જે પ્રભુ સ્વર્ગમાં, પૃથ્વીમાં,

૧. પ્રથમ મંગળાચરણ કરે છે.

આકાશમાં, બહાર અને અંદર સર્વત્ર પ્રકાશમાન છે તેથી સ્વયં-પ્રકાશ રૂપ છે તે સર્વ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩ ॥ હે ભરદ્વાજ! આ જગત્‌નો ભ્રમ આકાશના 'નીલા રંગની માફક મિથ્યાજ સ્ફુરેલો છે. તેનું જે ફરીથી સ્ફુરણ ન થવું એવું જે વિસ્મરણ (ભૂલી જવું) તેને હું ઘણુંજ ઉત્તમ માનું છું. ॥ ૪ ॥ હે શિષ્ય! આ નેત્રોથી પ્રત્યક્ષ દેખાતું જે જગત્‌ છે તે સત્ય નથી. એવું જ્ઞાન થઇ મનમાં દેખાતા પદાર્થોનો દૃઢ પરિત્યાગ સિદ્ધ થાય તો પરમ મોક્ષના આનંદની પ્રાપ્તિ ઉત્પન્ન થાય છે. ॥ ૫ ॥ જો મનથી દૃશ્ય પદાર્થનો દૃઢ પરિત્યાગ હોય નહીં તો અનેક શાસ્ત્રરૂપી કુવામાં ભ્રમણ કરનાર તું પોતાના સ્વરૂપનાં જ્ઞાન વિના પોતેજ અજ્ઞાની છો. તેમ તુંને અનેક કલ્પપર્યન્ત આનંદની પ્રાપ્તિ નહીં થાય. ॥ ૬ ॥ એટલા માટે હે શિષ્ય! સર્વ પ્રકારની અતઃકરણની વાસનાનો જે દૃઢ પરિત્યાગ છે તેજ મોક્ષ કહેવાય છે વળી આનંદ પ્રાપ્તિનો નિર્મળ માર્ગ પણ તેજ છે. ॥ ૭ ॥ તે વાસના બે પ્રકારની કહેવાય છે. એક શુદ્ધ વાસના અને એક મલીન વાસના છે. તેમાં મલીન વાસના જન્મ—મરણના કારણ ભૂત છે અને શુદ્ધ વાસના જન્મ—મરણનો નાશ કરે છે. ॥ ૮ ॥ જેનું અજ્ઞાનજ દૃઢ સ્વરૂપ છે, દૃઢ અહંકારને પ્રવૃત્ત કરે છે વળી જન્મ—મરણ આપનાર છે તેથી પંડિત લોકો તેને "મલીનવાસના" કહે છે. ॥ ૯ ॥ જેનાથી બીજા જન્મના અંકુરોનાં બળિગએલાં બીજની માફક ત્યાગ થાય છે, સ્થિત થયેલાં દેહના નિર્વાહને લીધે ધારણ કરાય છે અને પરમાત્માનાં સ્વરૂપને જેનાથી જાણવામાં આવે છે તેને 'શુદ્ધ વાસના" કહેવાય છે. ॥ ૧૦ ॥ હે શિષ્ય!

જેનાથી શુદ્ધ વાસના વાળો પુરૂષ ફરી જન્મના કલેશને ભોગવતો નથી.તે પરમાત્માનાં સ્વરૂપને જાણવાવાળો છે, જીવન્મુક્ત કહેવાય છે અને ઉદારં બુદ્ધિવાળો છે. ॥ ૧૧ ॥

ભરદ્વાજ કહે છે કેઃ-હે ગુરૂજી! વસિષ્ઠજીએ શ્રી રામચંદ્રને જે પ્રકારનો ઉપદેશ કર્યો.છે તે ઉપદેશ તમે મને કહો કેમકે તમે દયારૂપી અમૃતના સમુદ્ર છો. ॥ ૧૨ ॥ શ્રી વાલ્મીકીજી કહે છે કેઃ- હે શિષ્ય! જે વખતે વિશ્વામિત્રજી પોતાના યજ્ઞની રક્ષાંને વાસ્તે શ્રી રામચંદ્રજીને લઇ જવા દશરથ રાજા પાસે આવ્યા તે વખતે રાજા (દશરથ) રામચંદ્રજીના સેવકને પૃછવા લાગ્યા કેઃ- રામચંદ્રજી કયાં છે અને શું કરે છે? ત્યારે રામચંદ્રજીનો સેવક તેની વૈરાગ્ય વૃત્તિ કહેવા લાગ્યો કે ॥ ૧૩ ॥ હે રાજન્! શ્રી રામચંદ્રજી પોતાના દિવસનો ભોજનાદિ વ્યવહાર—અમારા યત્નથી તથા ઘણી વિનંતીથી સાંજે પ્રસન્નવદને કોઇ વખતેજ કરે છે અને કોઇ વખતે નથી પણ કરતા. એવી રીતે વિરક્ત જેવા જણાય છે. ॥ ૧૪ ॥ સ્નાન વિશે, દેવતાઓનાં પૂજન વિશે, દાન વિશે અને ભોજનાદિક વિશે દુઃખી મન વાળા જણાય છે; અમારી વિનંતીથી પણ તૃપ્તિપર્યંત ભોજન કરતા નથી અને ખાન-પાનથી પણ વિરક્ત રહે છે. ॥ ૧૫ ॥ હે રાજ્યાધિપતિ! મન્દિરો-મ્હેલોમાં જે ચંચળ સ્ત્રીઓ છે તે રામચંદ્રજીના હીંડોળા ખાટને હીંચકાવ્યા કરે છે તો તે સાથે પણ ક્રીડા કરતા નથી. જેમ વર્ષાદની ધારા સાથે બપૈયા ખેલ કરે છે તેમ ભોગ પદાર્થોમાં પ્રીતિ કરતા નથી એવા વિરક્ત છે. ॥ ૧૬ ॥ હે ધરેન્દ્ર! જેમ પોતાને પડી જવાની બીકને લીધે નક્ષત્ર-તારાગણ સ્વર્ગપર પ્રીતિ કરતા નથી તેમ રામ-

ચંદ્રજી મણિ-માણુકયાદિ રત્નોથી જડિત મુકુટ-કંકણાદિ આ ભૂષણોની સામગ્રીપર પ્રીતિ કરતા નથી. ॥ ૧૭ ॥ પૃથ્વીના ભોગોને તુચ્છ ગણે છે. હે રાજન્! ક્રીડા કરતી સ્ત્રીઓને દેખીને, સુગન્ધી પુષ્પથી સુવાસિત થઇ આવતા પવનથી અને શોભાયમાન કુંજ ભુવનોથી રામચંદ્રજીને અત્યન્ત ખેદ થાય છે. ॥ ૧૮ ॥ જે ઘણા સ્વાદિષ્ટ, અતી સુન્દર અને મન હરણ કરનારા રાજા લોકોને ઉચિત પદાર્થો છે તેને જોઇ આંખો જળથી ભરાઇ ગઇ હોય તેમ થઇ રામચંદ્રજી ઘણા ખેદને પામે છે. ॥ ૧૯ ॥ હે મહીપાળ! શ્રી રામચંદ્રજી નૃત્યવિલાસોમાં નિપૂણ નગરની વેશ્યાઓને જોઇ એમ કહે છે કેઃ-'તે નિદિન્ત છે, આ સ્ત્રીઓ કલેશને દેવાવાળી છે, આની શું શોભા છે? કાંઇજ નહીં, અને તે નર્કના સ્થાન રૂપ છે. ॥ ૨૦ ॥ હે રાજન્! શ્રી રામચંદ્રજીતો ઉત્તમ ભોજનને, ઉત્તમ શય્યાને, ઉત્તમ હાથી-ઘોડા-રથની સ્વારીઓને, ઉત્તમ વિલાસિક સ્નાનની સામગ્રીઓને અને ઉત્તમ બીછાંનાંઓને ત્યાગીપુરૂષની પેઠે પસંદ કરતા નથી. ॥૨૧॥ "મને સંપત્તિથી સુખ શું છે? અને વિપત્તિથી દુઃખ શું છે? ઘરની અનેક પ્રકારની ઉત્તમ ચેષ્ટાઓ કરવામાં શું પ્રયોજન છે? આ સઘળું અસત્ય છે" એમ કહી ચુપ થઇ જાય છે. ॥ ૨૨ ॥ હે રાજન્! રામચંદ્રજી હાસ્ય-વિલાસોથી પ્રસન્ન થતા નથી, ભોગ પદાર્થોથી મગ્ન થતા નથી અને કાર્ય કરવામાં ઉદ્યમ નહીં કરતાં કેવળ મૌન વૃત્તિજ ધારણ કરે છે. ॥ ૨૩ ॥ હે પૃથ્વીપતિ! સુન્દર-ચંચળ સુવર્ણલતા જેવાં શરીરવાળી અને અનેક હાવ-ભાવથી નાચતાં નેત્રોવાળી સ્ત્રીઓ—વનના વૃક્ષને જેમ હરણિઓ વિકાર કરી શક્તી નથી તેમ-રામચંદ્રજીને આનન્દ કરી

શકતી નથી. ॥ ૨૪ ॥ હે રાજન્! રામચંદ્રજી એકાન્ત સ્થાનો વિશે, ઈષ્ટદેશો વિશે, નદીના તીરો વિશે, વનો વિશે અને સુન્યસ્થાનો વિશે પ્રીતિ ધરાવે છે તથા જીવો માટે મુંઝાઇ જતાં ઘણી દયા રાખે છે. ॥ ૨૫ ॥ હે મહીપાળ! રામચંદ્રજી વસ્ત્રમાં, જળપાનાદિકમાં અને દાનમાં વિરક્ત થઇને સર્વ ત્યાગ કરવાવાળા બ્રહ્મનિષ્ઠ તપસ્વીઓની પાછળ પોતાના ચિત્તની શાન્તિને વાસ્તે સેવા કરવા જાય છે. ॥ ૨૬ ॥ હે રાજન્! રામચંદ્રજી એકલા એકાન્ત-નિર્જન સ્થાનોમાં સ્થિત થતાં એકાગ્ર બુદ્ધિ કરીને નથીએ હસતા, નથીએ ગાયન કરતા, નથીએ રોતા, માત્ર એકાગ્રવૃત્તિજ ધારણ કરે છે. ॥ ૨૭ ॥ હે રાજા! રામચંદ્રજી પદ્માસન વાળીને સ્થિત થાય છે, વૈરાગ્યને યોગ્ય પદાર્થોના ભોગથી જડ બની જઇ અન્તઃકરણ શૂન્ય થાય છે અને વળી ડાબા હાથપર મુખ મુકી ચિન્તાથી માત્ર મૌન ધારણ કરી જડ થાય છે. ॥ ૨૮ ॥ હે નૃપાળ! રામચંદ્રજી નથી દેહનું અભિમાન કરતા, નથી રાજા થવાની વાંચ્છના કરતા અને નથી સુખ-દુઃખાદિ વૃત્તિઓમાં હર્ષ-શોક કરતા. ॥ ૨૯ ॥ હે મહીપાળ! રામચંદ્રજી દિવસે દિવસે પીળા પડતા જાય છે અને દિવસે દિવસે વૈરાગ્યવૃત્તિ ધરતા જાય છે. જેમ શરદ્ ૠતુના અન્તમાં વૃક્ષ પત્ર-પુષ્પ-ફળોથી રહિત થાય છે તેમ વિષયોપભોગના માર્ગથી વિહિન અને નિર્વાસન થાય છે. ॥ ૩૦ ॥ હે ભૂપાળ! રામચંદ્રજી પોતાને પાસે બેઠેલા પ્રીતિવાળા સુહૃજ્જનોને એવી શીખામણ આપે છે કઃ- "હે ભાઇ! તું ભોગોના માર્ગને મેલી દે, આ ભોગ જોવા માત્રમાં સુન્દર છે પરન્તુ અન્તકાળમાં શોક-દુઃખને દેવા વાળા છે." ॥ ૩૧ ॥ હે રાજન્! રામચંદ્રજી અનેક પ્રકારોથી ઐશ્વર્ય ભૂષણયુક્ત સુશોભિત

થએલી કથા પ્રસંગની સભામાં આવેલી સ્ત્રીઓવિશે આત્મનાશને પ્રાપ્ત થવાનું જોતા નથી, કેમકે સ્ત્રીપ્રસંગથી આત્માનું વિસ્મરણ થાય છે. ॥૩૨॥ હે પ્રભુ! રામચંદ્ર સંસારનાં કાર્યમાં આશક્ત થએલાં લોકોને જોઈ એમ કહે છે કેઃ-આ લોકોનું પરમાનન્દની પ્રાપ્તિનાં સાધન વિના-કામ ભોગની અનેક ચેષ્ટાઓ - કર્યાથી-આયુષ્ય વૃથા ગુમાઇ જાય છે. ॥ ૩૩ ॥ હે રાજા! રામચંદ્ર રાજ્ય પ્રાપ્તિથી વિરક્ત મન વાળા છે, "તમે ચક્રવર્તિ રાજા થાઓ" એમ કહેનારા પોતાના સેવકજનને-ત્યાગી પુરૂષને જેમ માણસો બકવાદ કરતાં હસી કહાડે છે તેમ હસી કહાડતાં આદર કરતા નથી. ॥ ૩૪ ॥ હે મહીપાળ! શ્રી રામચંદ્રજી કોઇનું પણ કહ્યું સાંભળતા નથી અને આગળપર પોતાને જે પ્રાપ્ત થવાનું છે તેને જોતા પણ નથી. જેમ સુતેલા માણસને પદાર્થનું કાંઈપણ જ્ઞાન થતું નથી તેમ તેને વૈરાગ્ય વૃત્તિ શિવાય કાંઇપણ પસંદ ન આવતાં જે જે સંસારમાં ઉત્તમ પદાર્થો છે તે સર્વેનો અનાદર કરે છે અર્થાત્ તેને કાંઇ ભાસતું નથી. ॥૩૫॥ કદી રામચંદ્રજી આકાશમાં કમળવન અથવા વૃક્ષોનાં મહાવન દેખે તોપણ 'આ માયાનો વિલાસ એવોજ છે' એમ મનમાં વિચાર કરી આશ્ચર્ય થાય નહીં. ॥૩૬॥ હે નૃપાળ! જેમ પત્થરની શીલામાં વર્ષાદની ધારા પ્રવેશ કરી શકતિ નથી તેમ શ્રી રામચંદ્ર સુંદર—યુવાન સ્ત્રીઓની વચ્ચે ઉભા હોય તથાપિ કામદેવનાં બાણ તેનો વેધ કરી શકતાં નથી. ॥ ૩૭ ॥ હે રાજન્! રામચંદ્રજી એવા વિચારથી પોતાનું સર્વસ્વ આર્થિજનોને આપી દેવા ચ્હાય છે કેઃ—"આ ધન આપદાનું પ્રધાન કારણ છે, હે મન! તું ધનની વાંચ્છના કેમ કરે છે? એ કાંઇપણ પરિણામે રહેવાનું નથી માટે ધનનો ત્યાગ કરવો એ ઉત્તમ છે."

॥ ૩૮ ॥ હે ધરણીપતિ! શ્રી રામચંદ્ર એવા પ્રકારના શ્લોકોનું ગાયન કરે છે કે:—'આ આપત્તિ છે, આ સંપત્તિ છે, આ મનની કલ્પનાથી મોહ ઉત્પન્ન થયો છે, કાંઇપણ સાચું નથી.' ॥ ૩૯ ॥ હે નરેન્દ્ર! રામચંદ્ર વૈરાગ્ય વૃત્તિથી એમ કહે છે કે:—આ લોકને દુઃખ પ્રાપ્ત છે, એમ પુકાર કરતાં બોલે છે કે:—'હું મરેલો છું, અનાથ છું, તોપણ વૈરાગ્ય પ્રાપ્તિ થતી નથી એ આશ્ચર્ય છે.' ॥ ૪૦ ॥ હે નૃપતિ! રામચંદ્ર પોતાને ઉપદેશ કરવાવાળા રાજ્યલોક અથવા બ્રાહ્મણોને પાસે આવતા જોઇને પણ આદર ન કરતાં સારી રીતે જોતા પણ નથી. એવી એકાગ્રતામાં તલ્લિન છે. ॥ ૪૧ ॥ હે રાજા! રામચંદ્રજી એવો નિશ્ચય કરી સ્થિરચિત્ત થયા છે કે:—આ જગત્‌નામની ઇન્દ્રજાળનો વિસ્તાર થએલો છે તે સાચો નથી પરન્તુ ખોટોજ ઉદય થયો છે. ॥ ૪૨ ॥ હે પૃથ્વીપતિ! રામચંદ્ર શત્રુમાં, આપમાં, પોતામાં, રાજ્યમાં, માતામાં, સંપત્તિ તથા વિપત્તિથી વિમુખથઇ કોઇપણ પદાર્થોમાં આદર કરતા નથી. ॥ ૪૩ ॥ હે રાજન! રામચંદ્રજી અંતઃકરણમાં એવો નિશ્ચય કરે છે કે:—'મને ધનથી, માતાથી, રાજ્યથી અથવા જગતની ચેષ્ટાથી શું અર્થ છે?, એટલુંજ નહીં પણ તે પ્રાણત્યાગ કરવામાં પણ તત્પર થયા છે. ॥ ૪૪ ॥ હે પૃથ્વીશ! જેમ પરાયા ઘરપર માણસોને ઉદાસિનતા આવે છે એવી રીતે શ્રીરામચંદ્રજી ભોગોમાં, જીવનની આશામાં, રાજ્યમાં, મિત્રોમાં, પિતામાં અને માતામાં ઉદાસિનતા રાખે છે. ॥ ૪૫ ॥ હે નૃપાળ! રામચંદ્રજીનો એવો સ્વભાવ થયો છે. હવે તેને સંપૂર્ણ ઐશ્વર્યવાળી જેટલી સંસારના પદાર્થોની જાળ છે તે સર્વે સર્પની ફાંસી સમાન જણાય છે. ॥ ૪૬ ॥ એટલું કહ્યા છતાં પણ રાજા

દશરથે રામચંદ્રજીને સભામાં બોલાવ્યા એટલે તે આવ્યા ત્યારે વિશ્વામિત્રજીએ શ્રી રામચંદ્રને પ્રશ્ન કર્યો કેઃ-હે રામચંદ્રજી તમે ખેદાવસ્થા કેમ ધરો છો? આ સ્વાલ સાંભળી રામચંદ્રજી પોતાના મનમાં વિચાર કરી વિશ્વામિત્ર પ્રતિ કહેવા લાગ્યા. ॥ ૪૭ ॥

શ્રી રામચંદ્રજી કહે છે કેઃ-હે મુનીશ્વર! આ સંસારમાં સુખ શું છે? સંસારની ઉત્પત્તિનો વિસ્તાર શું છે? આનું નામ શું છે? સર્વે લોકો મરણને લીધે જન્મે છે અને જન્મને લીધે મરેછે. ॥ ૪૮ ॥ હે મુને! આ જગત્‌નો ભાવ કેવળ પોતાના મનની કલ્પનાથી પોતામાંજ મળી જાય છે કે જે લોઢાંની શિલા માફક પોતાથી જાુદું જાુદું છે. ॥ ૪૯ ॥ હે મુને! જેમ રેતીમાં સૂર્યનાં કિરણો પડવાથી ચમકે છે અને જળની ભ્રાન્તિ આપે છે તેથી મૃગ, જળની તૃષ્ણાથી દોડી દોડી તેને પ્રાપ્ત કરવા જાય છે તેમ અમે લોકો મનની જૂઠી કલ્પનાથી ખેંચાઇએ છીએ. ॥ ૫૦ ॥ હે મુને! મને રાજ્યથી સુખ શું છે અને ભોગોથી હર્ષ શું છે? હું કોણ છું અને મને આ કઇ વસ્તુ પ્રાપ્ત થએલી છે? જે પદાર્થ મિથ્યા છે તે મિથ્યાજ છે. આ પદાર્થોમાં કો,ઇને, કયાં નામથી અને કયું ફળ પ્રાપ્ત થયું છે? ॥ ૫૧ ॥ હે મુને! જેમ નિર્જળ દેશમાં પ્રવાસ કરતાં પ્રવાસીઓને વિરક્તતા આવે છે તેમ આવા આવા વિચાર કરતાં મને જગત્‌ના સર્વે ભાવોમાં વિરક્તિ આવી છે. ॥ ૫૨ ॥ હે મુને! આ લોક જડ છે અને તેના પ્રાણ પણ પવનને લીધે-જેમ વનમાં પવનને લીધે વાંસ વૃથા શબ્દ કરે છે તેમ-શ્વાસરૂપી વૃથા શબ્દ કરે છે. ॥ ૫૩ ॥ હે મુને! જેમ જુનું ઝાડ પોતાના કોટરમાં પ્રચંડ અગ્નિ થવાથી બળે છે તેમ હું 'આ સંસારનાં દુઃખો કેવી રીતે શાન્ત

થાય?" એવી ચિન્તાથી દગ્ધ થયા કરૂં છું. ॥ ૫૪ ॥ હે મુને! આ સંસારનાં દુઃખો રૂપી પત્થરાથી મા'રૂં હૃદય ભરેલું છે. હું માં'રાં પોતાનાં લોકોની લજ્જાના ભયથી પ્રગટ અશ્રુ પાડી માત્ર રોતો નથી. ॥ ૫૫ ॥ હે મુને! આ જે ધન છે તે ચિન્તા સમૂહનાં ચક્ર-તુલ્ય ફર્યા કરે છે અને જે ઘર છે તે આપત્તિ રૂપ સ્ત્રિયોનું ઉત્પત્તિ સ્થાન છે. જેથી મને તે આનન્દ કર્ત્તા નથી. ॥ ૫૬ ॥ હે મુને! આ લોક જ્યાંસુધી લક્ષ્મીના મદદથી કઠોર નથી થયા ત્યાંસુધી પોતે પારકા પ્રત્યે કોમળવૃત્તિથી વર્ત્તે છે. જેમ પવનના વેગથી ઓસ[1] ઊડી જાય છે તેમ લક્ષ્મીના મદથી શિળતા ઉડી જાય છે. ॥ ૫૭ ॥ હે મુને!. જેમ ઝીણી ધૂળનાં રજકણની મુઠીથી મણિ મલીન થાય છે તેમ. માણસ કદી વિદ્યાવાન-પંડિત હોય, વીરહોય, ઉપકારી હોય અથવા શિળવાન હોય તોપણ લક્ષ્મીનો મદ સર્વેને મલીન કરી દેછે. ॥ ૫૮ ॥ હે મુને! જે પુરૂષ સંપત્તિવાન હોઇને તેનામાં અન્યાય, ગર્વ, બળ, વ્યસન અને પાપ બુદ્ધિ હોય નહીં તથા લોક જેની નિન્દા કરે નહીં એવા; જે પુરૂષ શૂર-વીર હોઇને આત્મસ્તુતિ કરે નહીં એવા અને રાજા હોઇ ને ન્યાયકાર્યમાં સમ-દૃષ્ટિવાળા હોય એવા; આ ત્રણ જાતના પુરૂષો સંસારમાં મળવા ઘણા દુર્લભ છે. ॥ ૫૯ ॥ હે મુને! આ લક્ષ્મી દેખવામાં સુંદર છે, મનોવૃત્તિને ખેંચીલે છે, કૃપણને આધીન રહે છે, ક્ષણ માત્રમાં ક્ષય થાય છે અને જેમ ફળ-ફુલથી યુક્ત લતા-વેલી પોતાનાં પાસે-નાં ઝાડને ઘેરી લે છે તેમ તે સાર્પિણી સમાન ચિત્તવૃત્તિને ઘેરી લેના-ર છે. ॥ ૬૦ ॥ હે મુને! આયુષ્ય નવાં પત્રાંકુર અથવા સુષ્યાં-

૧ જરા ભીંનાસ વાળું પડે તે ભીંનાસ પાણીની હો યા ઝાકળની હો.

કુરના અગ્રભાગમાં રહેલાં જળબિન્દુ સમાન ચંચળ છે. જેમ કોઇ ત્યાગીપુરૂષ અકસ્માત્ પોતાનાં ઘરનો ત્યાગ કરી ચાલ્યો જાય છે તેમ આયુષ્ય શરીરનો અકસ્માત્ ત્યાગ કરીજાય છે. ॥ ૬૧ ॥ હે મુને! વિષયોરૂપી સર્પોના પ્રસંગથી જે પુરૂષનું ચિત્ત શિથિળ થઇ ગયું છે તે પુરૂષોનો આત્માનો વિવેક દૃઢ થતો નથી અને તેનો જીવ દુઃખનું કારણ છે. ॥ ૬૨ ॥ હે મુને! મ્હેં શરીરનું સ્વરૂપ જાણી લેતાં નિશ્ચય માની લીધું છે વાસ્તે સંસારરૂપી ઘટામાં વીજળી સમાન ચંચળ એવાં આયુષ્યમાં હવે હું આનન્દ માનતો નથી. ॥ ૬૩ ॥ હે મુને! જે પુરૂષ પવનનું રૂંધન કરવું યોગ્ય ગણે, આકાશના કડકા કરવા ઉચિત્ત ધારે અને જળતરંગને પકડવા ઉત્તમ લેખે તે પુરૂષ આયુષ્યની સ્થિરતા સત્ય સમજે છે. ॥ ૬૪ ॥ હે મુને! જે જીવનથી પરમાત્મા વસ્તુની પ્રાપ્તિ થાય અને જેનાથી ફરી શોક કરવાનું બને નહીં તે જીવન પરમાનંદની પ્રાપ્તિનું મૂળ છે અને તેજ ઉત્તમ જીવન કહેવાય છે. ॥ ૬૫ ॥ હે મુને! વૃક્ષ પણ જીવે છે, પશુ-પક્ષિ પણ જીવે છે પરન્તુ જેનું મન પોતાના સંકલ્પ વિકલ્પ રૂપી મનન વ્યાપારથી રહિત થઇ સ્થિર થયેલું છે તેજ ખરો જીવતો છે. ॥ ૬૬ ॥ હે મુને! જગત્માં જે જીવ ફરી જન્મ ધરતા નથી તેજ જીવનું જીવવું સફળ છે. બાકીતો તમામ આવાગમન કરવાના ગધેડા બરાબર છે. ॥ ૬૭ ॥ હે મુને! નિર્વિવેકી પુરૂષને શાસ્ત્રનું અધ્યયન કરવું ભાર રૂપ છે, રાગદ્વેષવાળા પુરૂષને તત્વજ્ઞાન ભાર રૂપ છે, જેને શાન્તિ નથી તેને મનની કલ્પના ભાર રૂપ છે અને જેને આત્મજ્ઞાન નથી તેને પોતાનું શરીર ભાર રૂપ છે; તેવા પુરૂષોને મોક્ષ સુખ પ્રાપ્ત થતું

નથી.॥ ૬૮ ॥ હે મુને! જેમ ભાર ઉપાડનાર પુરૂષને પોતેજ ઊઠાવેલો ભાર દુઃખ આપે છે તેમ સુંદર રૂપ; આયુષ્ય, મન, બુદ્ધિ, અહંકાર અને ઈચ્છિત મનોરથ જે છે તે સર્વે દુર્બુદ્ધિ પુરૂષને દુઃખ દેનાર છે. ॥ ૬૯ ॥ હે મુને! જેમ ખેરનાં ઝાડથી અગ્નિ પ્રગટ થાય છે તેમ અહંકારથી દીર્ઘ-લાંબુ દુઃખ, અત્યંત ઉગ્રદુઃખ અને ઘણું મ્હોટું દુઃખ પ્રગટ થાય છે. ॥ ૭૦ ॥ હે મુને! અહંકાર વશ થઇ મેં જે જે ભોગવેલું છે, જે હોમ કરેલો છે અને જે જે કર્મ કરેલાં છે તે તે સઘળાં મિથ્યા છે. માટે અહંકારથી વિમુખ થવું એજ સત્ય પદાર્થને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. ॥ ૭૧ ॥ હે મુને! મારો એ અહંકાર નિરંતર પ્રચંડ વેરી છે તેને ધારણ કરવાથી હું નથી કરતો ભોજન કે નથી પીતો પાણી. તેમ ભોગોનો પણ હું કેવી રીતે ભોગ કરૂં? ॥ ૭૨ ॥ હે મુને! પુત્ર, મિત્ર, સ્ત્રી, આ સઘળા જગત્‌ના વિસ્તારનો આત્મજ્ઞાનવિના અહંકાર નામના વેરીએ ફેલાવો કરેલો છે. ॥ ૭૩ ॥ હે મુને! અહંકારનું યત્ન કરી જે જે મેં કરેલુ છે તે તે સર્વે આપત્તિનું સ્થાન છે, અસત્ય છે, અંતઃકરણની ઉપાધિ ભૂત છે અને ઉત્તમ ગુણોથી રહિત છે. માટે હે મુનિશ્વર! અહંકારનો ત્યાગ કરતાં મા'રૂ જે કાંઇ કર્ત્તવ્ય છે એવો ઉપદેશ તમે મને કરો. ॥ ૭૪ ॥ હે મુને! આ ચિત્તની સારી વૃત્તિઓ અનેક કલ્પના રૂપી શય્યામાં લીન થએલી છે, તે હમણાં સુધી સાવધાન થતી નથી એ કારણથી હું સંતાપને પ્રાપ્ત થયો છુ. ॥ ૭૫ ॥ હે મુને! સમુદ્રને પીજવાથી, મેરૂ પર્વતને ઉપાડવાથી અને અગ્નિનું ભક્ષણ કરવાથી પણ ચિત્તને એકાગ્ર કરવું-રોકવું ઘણું કઠણ કામ છે માટે ચિત્તને અતિ યત્નથી રોકવું યોગ્ય છે.

॥ ૭૬ ॥ હે મુનેન્દ્ર! ચિત્ત જગત્‌નાં પાદાર્થોનું કારણ રૂપ છે, ચિંત્ત થવાથીજ ત્રૈલોક્ય થયું છે અને ચિત્તની ક્ષીણતાથી ત્રૈલોક્ય ક્ષીણ થાય છે વાસ્તે ચિત્તને યત્નથી જીતવું યોગ્યં છે. ॥ ૭૭ ॥ હે મુને! જગત્‌નાં અનેક સુખ ચિત્તથી પ્રગટ. થાય છે તથા વિવેક-બળથી ચિત્ત શાન્ત થાય છે અને તેથીજ સર્વે સુખ–દુઃખ પણ શાન્તિ પામે છે. ॥ ૭૮ ॥ હે મુને! તૃષ્ણા નામની વિષ જ્વાળાથી હું બળેલો છું અને જો હવે મને અમૃતસિંચન કરવામાં આવે તો પણ મારો તૃષ્ણારૂપી જ્વાળાનો સંતાપ શાન્ત થાય તેમ નથી. ॥ ૭૯ ॥ હે મુને! પોતાની આત્માપદવી પ્રાપ્ત કરવા જેટલું અમારામાં બુદ્ધિ-સમર્થ નથી. જેમ કોઇ પક્ષી જાળમાં ફસાઇ પડે છે તેમ અમે લોકો ચિન્તાની જાળમાં મોહિત થયેલા–ફસેલા છીએ. ॥ ૮૦ ॥ હે મુને! આ લોક ચિન્તાનો ત્યાગ કરી દુઃખનો ત્યાગ કરે છે. કેમકે તૃષ્ણારૂપી વિષૂચિકા (દરદ) ને દુર કરવી એજ ચિન્તા ત્યાગવાનો મહામન્ત્ર કરેલો છે. ॥ ૮૧ ॥ હે મુને! આ તૃષ્ણા, રોગ અને પીડાની સ્ત્રી છે તે જેમ સૂર્યકિરણ કમળોને પોતા સન્મુખ કરી લેછે તેમ ગમ્ભીર મનવાળા પુરૂષને પણ પોતાને વશ કરી લેછે. ॥ ૮૨ ॥ હે મુને! જેમ તરવારની ધાર, વૃજની જવાળા અને તપેલાં લાંઢાંની ચિન્ગારી જેટલી તીક્ષણ નથી તેટલી હૃદયમાં. સ્થિર થયેલી તૃષ્ણા તીક્ષણ છે. અર્થાત્ અત્યંત તીક્ષણ છે. ॥ ૮૩ ॥ હે મુને! આ તૃષ્ણા એકજ છે, જાણે તે ત્રૈલોકનો વિનાશ કરવા ઉત્પન્ન થઇ હોય તેમ તેનો વેધ કરે છે, શરીરમાં સ્થિતિ કરી રહેલી છે તથાપિ લખી શકાતી નથી અને ક્ષીરસમુદ્રમાંથી જેમ મદિરા પ્રગટ થયેલી છે તેમ તે સંસાર

સમુદ્રમાં ઉત્પન્ન થએલી છે.॥૮૪॥ હે મુનિરાજ! આ કાળનું પણ અહંકાર રૂપી પુરૂષનું સહસા ઘર સમાન છે. તે ગમે તો નાશ પામે અને ગમેતો રહે પરન્તુ મા'રે તેનું કાંઈ કામ નથી. ॥ ૮૫ ॥ હે મુને! આ શરીરરૂપી ઘર કેવું છે, કે જાણે મળથી યુક્ત એવાં વિષ સમુહનાં વાસણોનો સંગ્રહ કરવાનાં સ્થાન રૂપ છે અને અજ્ઞાનરૂપી ખારાં દ્રવ્યથી ભરેલું છે. એટલા માંટે મને તે પ્રિય નથી. ॥ ૮૬ ॥ વળી જીભ્હા રૂપી નદીને રોકનાર મુખ રૂપી દ્વારમાં ભયાંનક દંતાદિક હાડકાંઓ પ્રત્યક્ષજ દેખાય છે એવું દેહરૂપી ઘર મને પ્રિય નથી. ॥ ૮૭ ॥ નખરૂપીઝુંપડી નામનું કીડાઓને રહેવાનું ઘર તથા કુતરાના ભસવા સમાન આ શબ્દ કરતું શરીર રૂપી ઘર મને અપ્રિય છે. ॥ ૮૮ ॥ તેમ તે સમસ્ત રોગોનાં સ્થાનરૂપ છે, ત્રિવલીઓ તથા સફેત વાળોનું નગર છે અને સર્વે દુઃખોરૂપી શત્રુને ઘેરીલેવાનાં ઘર રૂપી આ શરીર નામનું ઘર મને પ્યારૂં નથી. ॥ ૮૯ ॥ હે મુને! મર્ણ વખતે શરીર, ઘર, ઇન્દ્રિઓ તથા ધનાદિક એ સર્વે જીવની સાથે જતાં નથી માટે તે સઘળાં કૃતઘ્ન છે. વાસ્તે તેમાં બુદ્ધિમાન પુરૂષોને શી રીતે વિશ્વાસ આવે? ॥ ૯૦ ॥ હે મુને! આં શરીર વૃદ્ધાવસ્થામાં વૃદ્ધ થાય છે અને મર્ણ સમયે મરી જાય છે. વળી ભોગવાનોને તથા દરિદ્રીઓને આ શરીર એક સમાન છે. ॥ ૯૧ ॥ હે મુનિરાજ! જે પુરૂષો શરીરનો દૃઢ વિશ્વાસ કરે છે અને જે પુરૂષો જગત્‌ની સ્થિતિને નિત્ય માને છે તે પુરૂષોને મોહરૂપી મદિરાથી મત્ત થયેલા ઉન્મદ સમજવા. તેવાઓને વારંવાર ધિક્કાર છે. ॥ ૯૨ ॥ હે મુનિમહારાજ! 'હું શરીરનો નહીં અને શરીર મારૂં નહીં અર્થાત્ નહીં એ

મારૂં અને નહીં હું તેનો' એવા નિશ્ચય વાળા છે તેજ ઉત્તમ પુરૂષો કહેવાય છે. હે મુને! બાકી તો જે પુરૂષો–વિજળીમાં, શરદ્ ૠતુનાં વાદળાંઓમાં તથા ગંધર્વ નગરમાં સ્થિરતા માને છે તેજ (પુરૂષો)-શરીરને નિત્ય માને છે. ॥૯૩॥ હે મુનેન્દ્ર! જેનું સ્વરૂપ ચંચળ છે તથા તરંગોજ જેના અનેક કાર્યભારીઓ છે એવા સંસાર સમુદ્રમાં જન્મ ધરનારને બાળક અવસ્થાનું બળ દુઃખ દેવાવાળું છે. ॥૯૪॥ હે મુનેન્દ્ર! જે ચિન્તા બાળક અવસ્થામાં હૃદયને પીડિત કરે છે તે ચિન્તા નથી થતી મરવામાં પણ, નથી થતી વૃદ્ધાવસ્થામાં, નથી થતી રોગ પીડામાં, નથી થતી આપત્તિમાં અને નથી થતી યૌવનમાં. ॥૯૫॥ હે મુને! જે પુરૂષો બાળક અવસ્થાને સુન્દર માને છે તે મૂઢ છે; વ્યર્થ બુદ્ધિ છે, તેનું ચિત્ત નષ્ટ થયેલું સમજવું અને તેને ધિક્કાર છે. ॥૯૬॥ હે મહાત્મા! મન સ્વભાવથી ચંચળ છે અને સ્વભાવથી બાલ્યાવસ્થા ચંચળ છે. તો જ્યારે આ બન્ને ભેળાં થાય ત્યારે તેવી ચંચળતાથી બચાવવાવાળું કોણ છે? ॥૯૭॥ હે મુનિરાજ! સ્ત્રિઓનાં નેત્રોએ, વિજળીના પુંજોએ, અગ્નિની જવાળાઓએ અને જળના તરંગોએ; બાલ્યાવસ્થા પાસેથી ચંચળતા લીધેલી છે. ॥૯૮॥ હે મુને! બાળપણામાં ગુરૂથી, માતા–પિતાથી, લોકોથી અને મ્હોટાં બાળકોથી ભય ઉત્પન્ન થાય છે ખરો પરન્તુ બાળપણું પોતેજ ભયનું ઘર છે. ॥૯૯॥ હે મુનિરાજ! મહાન્ નરકોનાં બીજરૂપ અને સદૈવ ભયંકર એવાં યૌવનથી જે નષ્ટ થએલ નથી તે પુરૂષ બીજા કોઈનાથી નષ્ટ થતો નથી. ॥૧૦૦॥ હે મુને! હૃદયવિશે અંધારૂં કરવાવાળી એવી યૌવનરૂપી જે અજ્ઞાનમયી રાત્રી છે

તેનાથી ભયાંનક રૂપવાળા સદાશિવ પણ સદા ડરતા રહે છે. ॥ ૧૦૧ ॥ હે મુનિરાજ! પુરૂષોની બુદ્ધિ નિર્મળ પણ છે અને વિશાળ પણ છે. તથાપિ જેમ વર્ષાઋતુમાં નદી મલીન જળવાળી થાય છે તેમ યૌવનને લીધે જેટલી કહો તેટલી મલીન થાય છે. ॥ ૧૦૨ ॥ હે મુનેન્દ્ર! "આ સ્ત્રી ઘણી ખૂબસુરત છે, તેનાં સ્તન મ્હોટાં-કઠણ-ગુરૂ છે, તે ઉત્તમ વિલાસ કરવા વાળી છે, તેનું મુખ ચંદ્ર સમાન છે," એવી એવી ચિન્તાને લીધે યૌવનમાં મન જીર્ણ થઇ જાય છે. ॥ ૧૦૩ ॥ હે મુને! જેમ જેમ યૌવન ચઢતું જાય છે તેમ તેમ આત્મ વિચારના નાશ વાસ્તે કામવાસના વિસ્તાર પામતી જાય છે. ॥ ૧૦૪ ॥ હે મુનેન્દ્ર! જ્યાંસુધી યૌવનરૂપી રાત્રિ સમ્પૂર્ણ અસ્ત થતી નથી ત્યાંસુધી રાગ-દ્વેશરૂપી પિશાચ પ્રવર્તમાન થાય છે. ॥ ૧૦૫ ॥ હે મહરાજ! જેમ આકાશવિશે વન ઉત્પન્ન થવું અશક્ય છે તેમ વિનયથી શોભાયમાન, ઉત્તમ લોકોના આશ્રયરૂપ, દયાથી ઉજ્વળ થએલ અને ગુણોથી યુક્ત એવું યૌવન ઘણું અશકય છે. ॥ ૧૦૬ ॥ હે મુનિરાજ! માંસની પુતળીરૂપી અંગોનાં પાંઝરાંની બનેલી તથા નાડી અને હાડકાંઓની રચનાથી થએલી એવી સ્ત્રીઓના શરીરમાં સુન્દર વસ્તુ કઇ રહેલી છે? ॥ ૧૦૭ ॥ હે મુનિરાજ! કામી પુરૂષોને હું એવો પ્રશ્ન કરૂં છું કે:-'હે ભાઇ! ત્વચા, માંસ, કફ, લોહી, જળ અને નેત્રો, એ સર્વને જુદાં જુદાં કરી જોઇ લે કે સ્ત્રીમાં સુન્દરતા શું છે અને તું વૃથા મોહિત કેમ થાય છે? ॥ ૧૦૮ ॥ હે મુને! આ પુરૂષો છે તે હાથી રૂપ છે અને તે સ્ત્રીરૂપી માન સરોવરમાં લીન થએલા છે જેથી શમરૂપી તીક્ષ્ણ અંકુશોથી

પણ સાવધાન થતા નથી. ॥ ૧૦૯ ॥ હે મુને! આ સ્ત્રીઓ કેશરૂપી શિખા ધારણ કરે છે, સ્પર્શ કરતાં મહા કઠણ છે, અને જોવામાં પણ ઘણી પ્રિય લાગે છે પરન્તુ પાપરૂપી અગ્નિની જ્વાળા છે તેથી પુરૂષોને તૃણ તુલ્ય દગ્ધ કરી નાંખે છે. ॥ ૧૧૦-૧૧૧ ॥ હે મુને! વળી તે સ્ત્રીઓ કેવી છે કે નરકરૂપી પ્રચંડ અગ્નિ કરવાની દૂરથીજ પ્રજ્વળિત કરતી-ઘોર સમિધ રૂપ છે. ॥ ૧૧૨ ॥ હે મુનિરાજ! આ સંસારમાં જન્મ ધારણ કારવારૂપી સરોવરમાં, પુરૂષરૂપી માછલાંઓ છે. વળી તે (પુરૂષો) નાં ચિત્તરૂપી કિચડમાં ફસાઇ જઇ ભ્રમણ કરે છે. તે (માછલાંઓ) ને પકડવાને વાસ્તે કામ વાસનારૂપી દોરી બનેલી છે અને તે (દોરી) માં સ્ત્રીઓ લોઢાંના અંકોડાઓ સમાન થએલી છે. ॥ ૧૧૩ ॥ હે મહારાજ! વળી એ સ્ત્રીઓ સમ્પૂર્ણ દોષરૂપી રત્નોની પેટીઓ છે અને દુઃખોને સાથે લીધેલ છે. એટલા માટે મને તે (સ્ત્રીઓ) નું શું પ્રયોજન છે? ॥ ૧૧૪ ॥ હે મુનિરાજ! જેને સ્ત્રી છે તેને ભોગોની ઈચ્છા થાય છે અને સ્ત્રી રહિત પુરૂષોને ભોગોનું કાંઇ ઠેકાણું નથી. એટલે સ્ત્રીનો ત્યાગ થવાથી જગત્‌નો ત્યાગ થાય છે. અને પછે જગત્‌નો ત્યાગ થયો એટલે સુખી થવાય છે. ॥ ૧૧૫ ॥ હે મુનીશ્વર! આ સર્વે ભોગો દેખવામાત્ર સુન્દર છે. તેથી (ભવસિન્ધુ) તરાય તેમ નથી અને ચંચળ છે. વાસ્તે હું મરણ, રોગ અને વૃદ્ધાવસ્થાના ભયથી ભોગોનો યત્ન કરતો નથી તથા તેમાં પ્રીતિએ કરતો નથી. હું તો શાન્તિ પામીને પરમ પદવીને પ્રાપ્ત થઇશ. ॥ ૧૧૬ ॥ હે મુને! બાળપણાને યુવાની ઘેરી લે છે અને યુવાનીને જરા-વૃદ્ધાવસ્થા ઘેરી લે છે. તેઓની પોત પોતાની ઘણીજ કઠોરતા છે તે તમે જુઓ. ॥ ૧૧૭ ॥ હે

મુનિરાજ! વૃદ્ધ પુરૂષને પોતાના ચાકર, પુત્ર, સ્ત્રીઓ, બાંધવ, મિત્રો; ત્યાગીપુરૂષને જેમ લોકો હસે છે તેમ હસે છે અને અનાદર કરે છે. ॥ ૧૧૮ ॥ હે મહાત્મા! વૃદ્ધપુરૂષોને એક તૃષ્ણા વધે છે. તે તૃષ્ણા કેવી છે કેઃ-નિર્દયતારૂપી દોષથી ભરેલી છે, અપાર છે, હૃદયમાં સંતાપ ઉત્પન્ન કરનારી છે અને સંપૂર્ણ આપત્તિઓને પોતે એકલી સાધ્ય કરવાવાળી છે. ॥ ૧૧૯ ॥ હે મુનિરાજ! હવે મ્હારે શું કરવું? પરલોકમાં મને ઘણું કષ્ટ પ્રાપ્ત થશે અને જેને દૂર કરવાનો કાંઇપણ ઉપાય નથી એવો વૃદ્ધાવસ્થામાં મને ભય આવી પડશે. ॥ ૧૨૦ ॥ હે મુનિરાજ! હું કોણ છું? મને કોઇ માનતા નથી, હવે હું કાંઇ કરી શકતો નથી. 'ચુપ કેમ બેઠો છો?' એવી દયા વૃદ્ધ પુરૂષોને પ્રગટ થાય છે. ॥ ૧૨૧ ॥ હે મુને! હવે મને 'સ્વાદવાળું ભોજન મ્હારે ઘેરથી કયે વખતે અને કેમ પ્રાપ્ત થશે?' એવા પ્રકારની વૃદ્ધાવસ્થા રાત-દિવસ ચિત્તમાં દાહ કર્યા કરે છે. ॥ ૧૨૨ ॥ હે મુનિરાજ! ધોળા કેશરૂપી ચંમરવાળી અને અનેક ચિન્તા તથા રોગરૂપી નિશાનવાળી વૃદ્ધાવસ્થા નામની મરણરૂપી રાજાની સેના ચાલી આવે છે. ॥૧૨૩ ॥ હે મુને! વૃદ્ધાવસ્થા રૂપી ઓસથી શીતળ થએલ શરીરરૂપી મન્દીરમાંનાં ઇન્દ્રિઓરૂપી બાળકો ચાલવામાં સમર્થ થતાં નથી. ॥ ૧૨૪ ॥ હે મુનીન્દ્ર! વૃદ્ધાવસ્થારૂપી ચૂનાનાં લેપનથી સફેત થએલ શરીરરૂપી મહેલની અંદર શિથિળતા, પીડા અને આપત્તિ આ ત્રણે નાયકા સુખથી નિવાસ કરી રહે છે. ॥ ૧૨૫॥ હે મહારાજ! વૃદ્ધાવસ્થાવાળું જીવન એ દુષ્ટ જીવન છે, એવાં જીવનથી નજીવવું વ્યાજબી છે. વળી એ વૃદ્ધાવસ્થા સમ્પૂર્ણ રીતે પરલોકની વાસનાને દૂરકરી જડ

કરીદે છે અને જગત્‌માં તે (વૃદ્ધાવસ્થા) ને કોઇ પણ પુરૂષે જીતેલી નથી. ॥ ૧૨૬ ॥ હે મુનિરાજ! આ વૃદ્ધાવસ્થા તૃષ્ણાને, ઈન્દ્રને, મેરૂ પર્વતને, પાંદડાંને, માટીને, સમુદ્રને, એમ સર્વેને જીર્ણકરી પોતાનાં ઊદારપણાંથી વળી ભરેલીછે. ॥ ૧૨૭ ॥ હે મુને! જેમ વડવાનળ નામનો અગ્નિ સમુદ્રનાં જળનો નાશ કરતાં ભસ્મ કરે છે તેમ આ જગત્‌માં એવો કોઇ પદાર્થ નથી કે જે સર્વ ભક્ષી એવા કાળનો ગ્રાસ (કોળિઓ) નહીં થતો હોય. અર્થાત્ કાળ સર્વનો નાશ કરતાં ભસ્મ કરી નાંખે છે. ॥ ૧૨૮ ॥ હે મુને! આ કાળ, મહાત્મા ભગવાન બ્રંહ્માદિકોને પણ ક્ષણમાત્ર જોતો નથી, અનેક પ્રકારનાં વિશ્વનો ગ્રાસ કરે છે અને તે (કાળ)જ વિશ્વરૂપતાને પ્રાપ્ત થયેલ છે. ॥ ૧૨૯ ॥ હે મુનિરાજ! આ જે કાળછે તે ભૂત (તત્વ)રૂપી મચ્છરનું ઉદમ્બર (ઉંબરા) નાં વૃક્ષરૂપ બનેલો છે વળી તે ભૂતરૂપી મચ્છર ક્ષણ માત્રમાં નાશ થવાવાળું છે તેનાથી ભરેલ જે આ અનેક બ્રહ્માંડ છે તેનું રૂમ્બલ નામનું વૃક્ષ થએલું છે. ॥ ૧૩૦ ॥ હે મુને! જે ગુણોથી લોકરૂપી રત્નમાળા પૂર્ણ થાય છે તેને કાળ પોતાનાં શરીરની શોભા સારૂં સર્વ ભૂતો (પ્રાણીઓ)નો વારંવાર સંહાર કરે છે. ॥ ૧૩૧ ॥ હે મંહારાજ! દિશાઓ પણ શૂન્ય થાય છે, દેશો પણ ઉલટ-પાલટ થાય છે અને પર્વતો પણ ચૂર્ણ થઇ જાય છે. આ સઘળી કાળની ગતિ છે તો મ્હારાં શરીરની તે શું વિશાદ છે? ॥ ૧૩૨ ॥ કાળથી સ્વર્ગ પણ નષ્ટતા પામે છે, આકાશ પણ લીનતા પામે છે અને પૃથ્વિ પણ ક્ષિણતા પામે છે તો એમ લોકની સ્થિરતા તે ક્યાંથી રહે? ॥ ૧૩૩ ॥ હે મુનિરાજ! કાળથી સમુદ્ર પણ શુષ્ક થાય છે તારા મંડળ પણ પડી જાય છે અને યોગી–

સિદ્ધ પુરૂષો પણ નાશને પ્રાપ્ત થાય છે તો અમે તે કઇ ગણત્રીમાં? ॥૧૩૪॥ હે મુનિવર! દૈત્ય—દાનવ પણ ચૂર્ણ થાય છે, ધ્રુવ પોતાની પદવીથી ભ્રષ્ટ થાય છે અને અમર થએલ પણ મર્ણ પામે એવી કાળની લીલા છે તો પછે અમારી ગતિનું તે શું કેવું? ॥ ૧૩૫ ॥ હે મુનિ શ્રેષ્ટ! કાળે ઇન્દ્રને પણ પોતાના મુખમાં ગ્રહણ કરેલ છે, યમરાજને ફાંસીથી બાંધેલ છે અને પવનને પણ ગતિથી ભ્રષ્ટ કરેલ છે તો તેમાં અમારૂં તે શું ગજું? ॥ ૧૩૬ ॥ હે મુનિરાજ! ચન્દ્રમા પણ આકાશમાં લય પામે છે, સૂર્ય પણ ખંડિત થાય છે અને અગ્નિ પણ તેનો ગમનીય થાય છે એવા કાળચક્રના ધોધમાં અમારી તે શું ગતિ? ॥ ૧૩૭ ॥ હે મુને! વળી કાળ બ્રંહ્માનો પણ સંહાર કરે છે, વિષ્ણુનો પ્રલય કરે છે અને શંકરનો પણ અભાવ કરે છે તો અમે તે શું ગણત્રીમાં? ॥ ૧૩૮ ॥ હે મહારાજ! આ જગતનું સ્વરૂપ જો કે સુન્દર છે તથાપિ તેમાં અસહ્ય દુઃખ ભરેલાં છે. એ દુઃખથી આનંદ મળે એવો કોઇપણ અખંડ પદાર્થ નથી કે જેથી ચિત્ત વિશ્રામતા પામે. ॥ ૧૩૯ ॥ હે મહાત્મા! બાળકપણું ખેલવામાંજ જાય છે, યૌવનપણાંમાં સ્ત્રીરૂપી પર્વતની ગુફામાં મનરૂપી હરણ પેસી જતાં શરીર જર્જરિત થાય છે અને વૃદ્ધાવસ્થાથી શરીર જીર્ણ બને છે. આ પ્રમાણે સર્વે લોકો (સંસારમાં) વૃથા દુઃખ ભોગવે છે. ॥ ૧૪૦ ॥ હે મુનિરાજ! આ શરીર વૃદ્ધાવસ્થારૂપી હીમ પડવાથી સુકાઇ ગયેલ છે. એવી શરીરરૂપી કમળિનીને છોડી જીવરૂપી ભ્રમર ક્ષણ માત્રમાં ચાલ્યો જાય છે જેથી આ સંસારરૂપી લોકોનું સરોવર શુષ્ક થઇ ગયું છે. ॥ ૧૪૧ ॥ હે મુનિપતિ! જેમ જેમ આ (શરીર) જૂનું થતું જાય છે તેમ

તેમ મૃત્યુ શરીરમાં પ્રીતિ કરે જાય છે અને જેમ જેમ વૃદ્ધાવસ્થારૂપી લતા નવાં પાંદડાંથી વધતી જાય છે તેમ તેમ મનુષ્યનાં શરીરરૂપી લતા સૂકાતી જાય છે. ॥ ૧૪૨ ॥ હે મુને! તૃષ્ણારૂપી નદી ઘણાજ વેગવાળી છે તેમાં અનેક પદાર્થોને ઘસડતી લઈ જાય છે અને તે (નદી) નાં તટ ઉપર રહેલાં સંતોષરૂપી વૃક્ષોનો ઢગ કરતી જાય છે. ॥ ૧૪૩ ॥ હે મુનિરાજ! આ શરીરરૂપી નૌકા છે તે ત્વચા-ચામડીથી મઢેલી છે અને તે સંસારસમુદ્રમાં ડોલા ખાય છે વળી તે પંચપ્રાણરૂપી પવનથી થરથરે છે તથા ઇન્દ્રિયોરૂપી મગરો તેને ડુબાવી દે છે. ॥ ૧૪૪ ॥ હે મહાત્મા! આ મનરૂપી મૃગ, તૃષ્ણારૂપી લતાના વનમાં ફર્યા કરે છે અને અનેક કામનારૂપી શાખાઓનાં ભોંયરાંઓમાં ભ્રમણ કર્યા કરતાં કાળક્ષેપ કરે છે. તેને કાંઈ ફળની પ્રાપ્તિ થતી નથી. ॥ ૧૪૫ ॥ હે મુનીન્દ્ર! આ સંસારમાં એવો મહાત્મા પુરૂષ મળવો ઘણો દુર્લભ છે કે જે અત્યંત કષ્ટમાં ખેદથી તથા મોહથી રહિત હોય, સુખ મેળવવામાં હર્ષ તથા ગર્વ રાખે નહીં અને સ્ત્રીઓથી જેનું અંતઃકરણ જીતાયું હોય નહીં. ॥ ૧૪૬ ॥ હે મુનિવર! જે પુરૂષ હાથીઓની ઘટાના મ્હોટા તરંગોવાળો રણરૂપી સમુદ્ર તરી જાય છે તેને હું શૂરવીર કહેતો નથી પરંતુ મનરૂપી તરંગોવાળો શરીર અને ઇન્દ્રિઓરૂપી સમુદ્રને તરી જાય છે તે (પુરૂષ) ને હું શૂરવીર માનું છું. ॥ ૧૪૭ ॥ હે મુનિરાજ! એવી કોઈનીપણ કાંઇ ક્રિયા નથી દેખાતી કે જેમાં મૂળથી ફળ પર્યંત કલેશ હોય નહીં અથવા જેમાં દુષ્ટ આશાથી ચિત્તવૃત્તિ ભરી ગએલ હોય નહીં કે જેને પ્રાપ્ત થઇ લોક વિશ્રાન્તિ પામે. ॥ ૧૪૮ ॥ હે મુને! એવો પણ પુરૂષ જગત્‌માં

મળવો ઘણો દુર્લભ છે કે જેણે પોતાની કીર્તિથી જગત્‌ને પૂર્ણ કરી દીધું હોય, પોતાના પ્રતાપથી ચારે દિશાઓને ભરી દીધી હોય, પોતાની સંપત્તિથી ઘરને ભરપૂર કરેલું હોય, પોતાનાં પરાક્રમથી લક્ષ્મીઉપાર્જન કરી હોય અને અખંડ ધૈર્ય રાખનાર હોય. ॥ ૧૪૯ ॥ હે મુનિરાજ! આ પુરૂષ ગમેતો પર્વતોના કિલ્લામાં રહે અને ખુશીપડેતો વજ્રથી બનાવેલ ઘરમાં રહે તથાપિ તેને આપત્તિ અને સંપત્તિ સંપુર્ણ રીતે ઇચ્છામાં આવે ત્યાં રહેતાં પણ પોતેજ ઘણી ઝડપથી આવીને પ્રાપ્ત થવાનીજ. ॥ ૧૫૦ ॥ હે મુનિવર! જે પુરૂષ વૃદ્ધાવસ્થાથી યુક્ત છે તે ઘણી દિલગીરી-વાળા હોઇને અત્યન્ત દુઃખી અવસ્થાને પ્રાપ્ત થાય છે અને શરી-રની અન્તકાળ અવસ્થામાં-પાછળના ભાગમાં પોતે જે ધર્મ રહિત કરેલા ભાવ તેને સ્મરણ કરતાં અન્તઃકરણમાં સદા બળ્યા કરે છે. ॥ ૧૫૧ ॥ હે મુનિમહારાજ! ધર્મ, અર્થ અને કામ એઓની પ્રાપ્તિ કરેલી છે તથા મોક્ષમાર્ગની ક્રિયા કરવામાં, પ્હેલાં વૃથા દીવસો ગુમાવવાથી આ પુરૂષોનાં ચિત્ત મોરની પાંખો સમાન ચંચળ થઇ ગએલ છે તે હવે કોઇપણ ઉપાયોથી વિશ્રામ પામવાનાં નથી. ॥ ૧૫૨ ॥ હે મુનિશ્રેષ્ઠ! આ લોક પોતાનાં કર્મનાં ફળથીજ ઠગાયલા છે. તે કર્મનુંફળ એવું છે કે આગળ આવી ઉભેલું છે તથાપિ તેને કોઇ પ્રાપ્ત થઇ શકતું નથી, નદીઓના મ્હોટા તરંગોની સમાન ચંચળ છે, વળી તેની પ્રાપ્તિ દૈવાધિન છે અને તે ઉલટું છે. કેમકે માણસ માત્ર સુખને ચાહે છે તો પણ કર્મનુંફળ દુઃખ આપે છે. ॥ ૧૫૩ ॥ હે મુને! 'આ કાર્ય કરેલું છે' 'આ કરવાનું છે' 'આવો અમારો વિચાર છે' 'આ કાર્ય નિરંતર અમાને સારૂં છે'

આવા પ્રકારના સ્ત્રીઓની સાથે ગપાટા મારતા લોકોના ચિત્તનાં વૃદ્ધાવસ્થા સુધી અનેક કામ જીર્ણ થાય છે. ॥ ૧૫૪ ॥ હે મહાત્મા! જેમ વૃક્ષોનાં પાંદડાં જૂનાં થઇ કાળની ગતિથી ખરી પડે છે, પાછાં એકઠાં થઇ નવાં પાંદડાં પ્રગટે છે અને વળી પાછાં ખરી પડે છે. એમ વિવેકહિન લોકો કેટલાક દીવસોથી ઉત્પન્ન થઇ અંદર અંદર મળી રહે છે અને પાછાં કેટલાક દીવસે વિનાશ પામે છે. ॥ ૧૫૫ ॥ હે મુનીશ્વર! દિવસે જ્યાં ત્યાં ચારે તરફ ફરી રાત્રે ઘરમાં પ્રવેશ કરી—વિવેકી લોકોના સમાગમ વિના અને શુભ કર્મો કર્યા વગર—લોકો કયા સુખથી નિદ્રા કરે છે? ॥ ૧૫૬ ॥ હે મુનિરાજ! હજુતો જ્યાંસુધી પુરૂષ પોતાનાં બળથી સર્વે શત્રુનો નાશ કરી દઇ ચારે તરફની સંપત્તિ પ્રાપ્ત કરે છે, એટલામાં અકસ્માત્‌રીતે મૃત્યુ તેનાં માથાં ઉપર આવીને ગર્જના કરે છે. ॥ ૧૫૭ ॥ હે મહાત્મા! આ જેટલા જીવના સમૂહો નિરંતર સંસારમાં ચાલ્યા આવે છે અને હરહમેશ પાછા ચાલ્યા પણ જાય છે તે, સમુદ્રમાં અનેક પ્રકારના તરંગોની માળા માફક ઊદય થાય છે અને ક્ષણમાં લય પણ થાય છે તેની સમાન ચંચળ છે. ॥ ૧૫૮ ॥ હે મુને! આ જગત્‌ની અંદર સ્ત્રીઓ પોતાની સુંદરતાથી મનને હરી લે છે અને પ્રાણને હરણ કરવા તત્પર થએલી છે. વળી તે નવપલ્લવ સમાન રાતાં વસ્ત્રવાળી તથા ચંચળ ભ્રમર સમાન શ્યામ અને ચંચળ નેત્રોવાળી (સ્ત્રીઓ)—પુરૂષોને મોહિત કરવાની—વિષ વૃક્ષની લતારૂપી ઉત્પન્ન થએલી છે. ॥ ૧૫૯ ॥ હે મહારાજ! આ જગત્‌માં પુરૂષોને સ્ત્રી—પુત્રાદિક વ્યવહારની જે માયા છે તે તીર્થના મેળાના સમાગમ જેવી છે. જે જેનો એકસ્થાને એકઠા

થવાનો સંબંધ છે તે પોતે પોતાની મેળે આવી મળે છે અને પાછા પોતે પોતાને ઠેકાણે ચાલ્યા જાય છે. વળી તેનાથી કર્મયોગે સંસારમાં સમાગમ થાય છે તથા કર્મયોગે પાછા વિયોગ પણ થાય છે. ॥ ૧૬૦ ॥ હે મુનિવર! એવા કયા લોકની દૃષ્ટિ છે કે જેમાં માયા દેખાતી નથી, એવા કયા ભોગ છે કે જેમાં દુઃખ તથા અગ્નિદાહ નથી, એવી કઇ પ્રજા છે કે જે ક્ષણ ભંગુર નથી અને એવી કઇ ક્રિયા છે કે જેમાં માયા નથી. ॥ ૧૬૧ ॥ હે મુનીન્દ્ર! કલ્પ પર્યંત આયુષ્ય વાળા જે બ્રહ્માદિક છે તેપણ પોતાના કલ્પાદિક કાળની સંખ્યા પૂરી થતાં કાળને વશ થાય છે. એવીજ રીતે હે મુને! કાળની જાળમાં મ્હોટા અને ન્હાંના સર્વે એકે સરખા નાશ થવા પ્રાપ્ત થાય છે. ॥ ૧૬૨ ॥ હે મુનિશ્રેષ્ટ! પર્વતો તમામ પત્થરોના બનેલા છે, પૃથ્વિ સર્વે માંટીથી થએલી છે, વૃક્ષો બધાં કાષ્ટની ઉત્પત્તિનાં છે અને શરીરો સઘળાં માંસનાં બનેલાં છે, એટલે આ જગત્‌માં કોઇ પણ પદાર્થ અપૂર્વ નથી અને વિકાર રહિત નથી. અર્થાત્ તમામ પદાર્થો વિકાર યુક્ત છે. ॥ ૧૬૩ ॥ હે મુનિરાજ! જે આ કાંઇ પણ સ્થાવર અને જંગમ જગત્‌માં જોવામાં આવે છે તે સઘળાં સંપૂર્ણ સ્થિર નથી અને તે સર્વે સ્વપ્નના સમાગમ જેવાં છે. ॥ ૧૬૪ ॥ હે મુનીન્દ્ર! આ સંસારમાં જે સ્થાનો એક દીવસે સુકાં સમુદ્ર જેવાં મહા ઊંડા જોવામાં આવે છે તે બીજે દીવસે વાદળાંઓની ઘટાથી યુક્ત ઊંચા પર્વત જેવાં બની જાય છે. ॥ ૧૬૫ ॥ અને જે પર્વતો વનોથી યુક્ત છે અને આકાશ સુધી ઊંચા દેખાય છે તે પર્વતો દિવસોને લીધે પૃથ્વી સમાન થઈ જાય છે અથવા કૂવા જેવા બની જાય છે. ॥ ૧૬૬ ॥

અને જે અંગ આજે સુંદર વસ્ત્રોથી આછાદિત થએલ છે અને અનેક માળા—ભૂષણોથી વિભૂષિત થએલ છે તે શરીર બીજે દિવસે નષ્ટ થઇ દૂર દેશોમાં ખરાબી પામે છે. ॥ ૧૬૭ ॥ તેમજ જે પુરૂષો આજ પ્રચંડ તેજવાળા છે અને પૃથ્વી મંડળમાં રાજ્ય કરે છે તેજ પુરૂષો દિવસોને લઇને ભસ્મનો ઢગલો થઇ જાય છે. ॥ ૧૬૮ ॥ વળી જે સ્થાનોમાં આજ મ્હોટાં નગરો જોવામાં આવે છે અને તે અનેક લોકોથી સુશોભિત છે તે સ્થાનકોમાં પાછું દીવસોને લીધે નિર્જન જંગલ પ્રમાણે ઉજ્જડ થઇ જાય છે. ॥ ૧૬૯ ॥ તેમ જે સ્થાને આકાશ પર્યંત ઉંચી અને ભયાંનક ઝાડી દેખાય છે ત્યાં સરસ પતાકાઓથી આચ્છાદિત થએલ મહાન્ નગરી જોવામાં આવે છે. ॥ ૧૭૦ ॥ વળી જે જગાએ લતા, પત્ર અને પુષ્પથી શોભાયમાન તથા જળની નહેરોથી યુક્ત સુંદર વાડીઓ દેખાય છે તે કાળની ગતિથી મારવાડની ભૂમિ બરાબર થઇ જાય છે. ॥ ૧૭૧ ॥ એટલુંજ નહીં પણ જળાશયનાં સ્થાનો સુકાં થઇ મેદાન થાય છે અને સુકાં મેદાનો જળમય બની જાય છે. હે મુને! ટુંકામાં કાષ્ટ, જળ અને તૃણ સહિત સંપૂર્ણ જગત્ વખત પરત્વે લોમ—વિલોમ થઇ જાય છે. ॥ ૧૭૨ ॥ હે મહાત્મા! આ પાછળના ભાગમાં થએલ સંપત્તિવાળા પુરૂષોએ કરેલ કર્મો તથા મેળવેલ સંપત્તિ તેમજ હમણાંજ થએલા પુરૂષોનાં કર્મો તથા તેઓએ આપેલ સંપત્તિ; આ સઘળું જેવી રીતે મને કથા—વાર્તાજ માત્ર સ્મરણ થાય છે તેજ પ્રમાણે હું પણ કથા માત્રથી સ્મરણ વાળો થઇશ. ॥ ૧૭૩ ॥ પુરૂષ, પશુ—પક્ષી થાય છે; પશુ—પક્ષી, મનુષ્ય બને છે તેમજ દેવતાઓ પણ મનુષ્ય—પશુ—પક્ષી

ઇત્યાદિક પણાને પ્રાપ્ત થાય છે. માટે હે મુને! આ જગત્માં સ્થિરતાની પ્રાપ્તિ કોને છે? કોઇનેજ નહીં. ॥ ૧૭૪ ॥ હે મુનિવર! જેમ સમુદ્રનું જળ નાશ થવા વડવાગ્નિને જઈ મળે છે તેમ બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર અને સર્વ ભૂત (પ્રાણી) માત્ર નાશને પ્રાપ્ત થવાનાજ. ॥ ૧૭૫ ॥ હે મુનિરાજ! સ્વર્ગ, પૃથ્વિ, પવન, આકાશ, પર્વત, નદીઓ અને દિશાઓ; આ સર્વે નાશરૂપી વડવાગ્નિને પ્રજ્વળિત કરવાનાં સુકાં લાકડાં સમાન છે. ॥ ૧૭૬ ॥ હે મહાત્મા! આ સંસારમાં ક્ષણમાત્ર આપત્તિ તથા ક્ષણમાત્રમાં સંપત્તિ તેમજ ક્ષણમાત્રમાં મૃત્યુ અને ક્ષણમાત્રમાં જન્મ પ્રાપ્ત થાય છે. હે મુને! એવો કયો પદાર્થ છે કે જે ક્ષણમાત્રમાં નાશ અને ક્ષણમાત્રમાં ઉત્પન્ન નહીં થતો હોય? ॥ ૧૭૭ ॥ હે મુનિરાજ! આ સંપૂર્ણ પદાર્થો જ્યાં સુધી નાશરૂપી રાક્ષસના સ્મરણમાં આવેલા નથી ત્યાં સુધી સર્વ ચેષ્ટા કર્યા કરે છે. ॥ ૧૭૮ ॥ હે મુનિવર! આ જગત્માં ઘડાનું વસ્ત્ર થતાં તથા વસ્ત્રનો ઘડો થતાં દેખાય છે અને નથી દેખાતું જેથી તે ઉલટ–પુલટ નથી થતું. ॥ ૧૭૯ ॥ હે મુને! આ મન ક્ષણમાં આનંદિત, ક્ષણમાં વ્યાકુળ, ક્ષણમાં ઠંડો અને ક્ષણમાં ઊગ્રતાને પ્રાપ્ત થાય છે. ટુંકામાં નાટકકારની માફક અનેક સ્વરૂપ ધારણ કરે છે. ॥ ૧૮૦ ॥ હે મુનિવર! આ સંસારરૂપી મોટાં વૃક્ષમાં અનેક પ્રાણિ રૂપી ફળ, પોત પોતાના કર્મ સંજોગે એકી વખતે પણ પાકે છે અને જૂદે જૂદે વખતે પણ પાકે છે. વળી તે કાળરૂપી પવનના વેગથી પોત પોતાને સ્થાનકથી પડી જાય છે. ॥ ૧૮૧ ॥ હે મુનિમહારાજ! એટલા વાસ્તે દોષરૂપી વનના અગ્નિથી મો'રૂં

ચિત્ત દગ્ધ થએલ છે અને તેથી—જેમ નિર્જળ દેશમાં જળપાન કરવાની આશા થતી નથી તેમ—મને તેમાં ભોગોની આશા સ્ફૂરાયમાન થતી નથી. ॥ ૧૮૨ ॥ હે મહાત્મા! મનુષ્યોનાં ચિત્તમાં દુર્જનતા વધતી જાય છે અને સુજનતા ક્ષીણ થતી જાય છે. વળી તે (ચિત્તો) અતિ કઠોર છે અને દિન પ્રતિદિન વધારે કઠોર થતાં જાય છે. ॥ ૧૮૩ ॥ હે મુનિરાજ! મને સુંદર બાગ—બગીચાથી આનંદ થતો નથી, સ્ત્રીઓ સુખ આપતી નથી અને દ્રવ્યની આશા હર્ષ કરતી નથી. હું તો મા'રા મનથી પોતેજ શાંતિ રાખું છું. ॥ ૧૮૪ ॥ હે મુને! હું વૈરાગ્યથી મરણની ઈચ્છા કરતો નથી તેમ જીવવા પણ ચહાતો નથી. હું તો જે સ્થિતિમાં છું તેજ સ્થિતિને પસંદ કરૂં છું. તેથી હું ચિન્તાજ્વરથી રહિત થયો છું. ॥ ૧૮૫ ॥ હે મુનિ મહારાજ! મને રાજ્યનું શું પ્રયોજન છે? ભોગોનું શું પ્રયોજન છે? દ્રવ્યનું શું કામ છે? અને ઉદ્યમનું શું કામ છે? આ સર્વે અહંકારને વશ છે અને તે અહંકાર તો હવે મા'રો નષ્ટ થયો છે. ॥ ૧૮૬ ॥ હે મુનીન્દ્ર! જો હવે હું નિર્મળ બુદ્ધિથી મારાં ચિત્તની ચિકિત્સા નહીં કરૂં તો પછે તેવો વખત ક્યાંથી મળશે? ॥ ૧૮૭ ॥ હે મુનિમણિ! વિષને હું વિષ નથી માનતો પરંતુ ઈન્દ્રિઓના વિષયને હું વિષ માનું છું. કેમકે વિષ તો માત્ર એકજ વખતનાં શરીરને મારે છે પણ વિષય રૂપી વિષ તો જન્મો જન્મ મારે છે. ॥ ૧૮૮ ॥ હે મુને! જ્ઞાની પુરૂષોને સુખ અથવા દુઃખ અને મિત્ર અથવા બાંધવ ઇત્યાદિ કોઇ પણ બંધન કરી શકતાં નથી. ॥ ૧૮૯ ॥ હે મુનિરાજ! આ શરીરનું છેદન કરવા ગુમે તો કરવતીનો ઉપયોગ કરો તો તેનું દુઃખ હું

સહન કરવા સમર્થ છું પરંતુ સંસારના વ્યવહારથી ઉત્પન્ન થએલ વિષયરૂપી શસ્ત્રથી નાશ કરે તો તે સહન કરવા હું અસમર્થ છું. ॥ ૧૯૦ ॥ હે મહાત્મા! જેમ જૂનાં વૃક્ષથી તેનાં પાદડાં ખરી જાય છે તેમ હવે મા'રૂં મન ભમે છે, મને ભય ઉત્પન્ન થાય છે અને મા'રાં સર્વ અંગ કંપે છે. ॥ ૧૯૧ ॥ હે મુનિશ્રેષ્ટ! મને આ આશ્ચર્ય થાય છે કે કાંઇ પણ ઉપાધિ વિનાજ અકસ્માત્ મા'રાં મનમાં તુચ્છ ભ્રમ ઉદય થયો છે અને હે મુને! એવું સ્થિર થવાનું કયું સ્થાન છે કે જ્યાં શોક તથા ભય ઉત્પન્ન થાય નહીં. ॥ ૧૯૨ ॥ હે મહારાજ! જનકરાજા આદિ શ્રેષ્ટ માણસો થએલ છે તે પણ સંસાર વ્યવહારમાં રહેલા છે છતાં તેઓ ઉત્તમ મનુષ્યની ગણત્રીમાં શી રીતે આવેલા છે? ॥ ૧૯૩ ॥ હે મુનિરાજ! તમે પણ કઇ ઉત્તમ દૃષ્ટિના આશ્રયથી સંસારના મળથી રહિત થઇ મહાત્મા બની જીવન મુક્ત થયા છો અને પોતાની ઇચ્છાનુસારથી ગમે ત્યાં જાઓ આવો છો. ॥ ૧૯૪ ॥ હે મુને! એવા તુચ્છ પદાર્થ પૃથ્વીમાં નથી, સ્વર્ગમાં પણ નથી અને દેવતાઓમાં પણ નથી કે જેને તમ સરખા ઉત્તમ બુદ્ધિવાળા સંત મનુષ્ય પોતાની સંગતથી ઉત્તમતાને પ્રાપ્ત કરી શકે? અર્થાત્ ઉત્તમ થઇ શકે નહીં. ॥ ૧૯૫ ॥ હે મુનિરાજ! તમે ધૈર્યવાન છો, પુરૂષોમાં શ્રેષ્ટ છો. અને સંસાર રૂપી અગ્નિમાં સદા ફરવાવાળા છો તથાપિ જેમ પારો અગ્નિમાં બળતો નથી તેમ તમે સંસારના સંતાપને કોઈપણ યુક્તિથી પામતા નથી. તેવી યુક્તિ મ્હને તમે કહો. ॥ ૧૯૬ ॥ હે મુનિરાજ! સાધુ પુરૂષો નિશ્ચય કરીને જે ઉપાયેકરી દુ:ખથી રહિત થાય છે તે બાબત તમે જાણો છો તો તે મ્હારા મોહની

નિવૃત્તિ કરવા વાસ્તે મને કહો. ॥ ૧૯૭ ॥ અથવા હે મુને! એવી કોઇ યુક્તિ નથી અથવા મને કોઇ પ્રગટ કરી સંભળાવતા પણ નથી તેમ હું પોતાથી પણ ઉત્તમ વિશ્રાન્તિ પામતો નથી તેથીજ હું સર્વે ભાવનાનો ત્યાગ કરી અહંકાર રહિત થયો છું. ॥ ૧૯૮ ॥ હે મુનિરાજ! નથી હું ભોજન કરતો, નથી હું પાણી પીતો, નથી હું વસ્ત્ર ધારણ કરતો તેમજ હું સ્નાન, દાન અને ભોજનાદિ "વ્યવહાર કાંઇ પણ કરતો" નથી. ॥ ૧૯૯ ॥ હે મહાત્મા? હું તો કેવળ એકલોજ રહું છું અને નિઃશંક થઇ, મમતાનો ત્યાગ કરી, સર્વેથી રહિત થઇ, ચિત્રમાં આળેખેલી પુતળી સમાન સ્થિર થઇ મૌનવૃત્તિ ધારણ કરૂં છું. ॥ ૨૦૦ ॥ હે મહાત્મા! નથી હું આ શરીરનો અને નથી બીજું કાંઇ મ્હારૂં જેમ તેલ વિના દીવો શાન્ત થાય છે તેમ સર્વે બાબત ત્યાગ કરી આ શરીર છોડી આપીશ અને શાંતિ-સુખને પ્રાપ્ત થઇશ. ॥ ૨૦૧ ॥

શ્રી વાલ્મીકીજી કહે છે કેઃ—હે ભરદ્વાજ! એવા નિર્મળ પૂર્ણમાસીના ચન્દ્ર જેવાં સ્વરૂપવાળા અને ઉત્તમ વિચારને પ્રકાશિત કરતા સુશોભિત જણાતા શ્રી રામચંદ્રજી એટલું કહી જેમ ઘણાં વાદળાંઓની ઘટા જોઇ "બહુ બોલવાના શ્રમથી ખેદ યુક્ત થએલા મોર ચુપકી પકડે છે તેમ મૌનવૃત્તિ ધારી બેશી ગયા. ॥ ૨૦૨ ॥ એટલે આકાશમાંનાં વાદળાંઓની ઘટામાં સ્થિર થએલા સિદ્ધ પુરૂષો—જે કે રાજા દશરથની સભાને પુર્ણ કરતા હતા તે—શ્રી રામચંદ્રજીનાં મુખાર્વિંદથી પ્રગટ થએલાં વચન રૂપી અમૃતનું પાન કરી અનેક પ્રકારનાં પુષ્પોનો વર્ષાદ કરતાં કહેવા લાગ્યા કેઃ—અમે શ્રી બ્રહ્માજીના આદિ દિવસથી ચારે તરફ

ભ્રમતા રહીએ છીએ પરંતુ આજેજ શ્રી રામચંદ્રજીનાં મુખારવિંદથી પ્રગટ થએલાં, કર્ણને અમૃતનો આનંદ આપનારાં અને અપૂર્વ વચનો સાંભળેલાં છે. ॥ ૨૦૩ ॥ રઘુકુળચંદ્ર એવા શ્રી રામચન્દ્રે જે વૈરાગ્યથી ઉત્તમ વચનં કહેલાં છે એવાં (વચન) બૃહસ્પતિથી પણ કહી શકાય નહીં. ॥ ૨૦૪ ॥ અહો! આજ અમારાં મ્હોટાં પુણ્યનો ઉદય થયો છે કેમકે શ્રી રામચંદ્રજીનાં મુખકમળથી પ્રગટ થએલ બુદ્ધિને ઘણો આનંદ આપનારાં ઉત્તમ વચનો અમે સાંભળ્યાં છે. ॥ ૨૦૫ ॥ વળી આ વચનો કેવાં છે કેઃ—શાંતિ પ્રાપ્ત કરવામાં અમૃતથી પણ ઉત્તમ અને અતિ સુંદર છે. વળી તે શ્રી રામચંદ્રજીએ કહેલ છે. આ વચનો સાંભળી અમે પરમ બોધના આનંદને પ્રાપ્ત થયાં છીએ. ॥ ૨૦૬ ॥ અને આકાશમાં ગતિ કરવાવાળા દેવતાઓ તથા રાજા દશરથની સભામાં બેઠેલા મુનિઓ છે તે શ્રી રામચંદ્રજીનાં વચનો કહ્યાં કરે છે. અહો! ઉત્તમ ગુણોથી વિરાજમાન શ્રી રામચંદ્રજીની ઉદાર અને વૈરાગ્યરસથી ભરેલી વાણી સાંભળી છે તેથી અમે અમારાં ધન્યભાગ્ય ગણિએ છીએ. ॥ ૨૦૭ ॥ ત્યાર બાદ આકાશમાંથી ઉતરી—સભામાં આવી દેવતા અને મુનિઓ, નિશ્ચય કરી કહેવા યોગ્ય બોધવાળા સાક્ષાત્ શ્રી રામચંદ્રજી પ્રતિ પ્રીતિ યુક્ત વચન કહેવા લાગ્યા. ॥ ૨૦૮ ॥ કેઃ—આજે શ્રી રામચંદ્રજીનાં પ્રસિદ્ધ, સ્પષ્ટ અર્થવાળાં, પદ અને અક્ષર સર્વેને ઇષ્ટ છે એવાં તથા સંતુષ્ટ કરવાવાળાં વચનો કોને વિસ્મય નથી કરતાં? ॥ ૨૦૯ ॥ વળી તે વચનો અતિ ઉદાર છે, સર્વેને પ્રિય છે, ઉત્તમ લોકોને યોગ્ય છે, વ્યાકુળ કર્ત્તા નથી, અને પ્રગટ છે તથાપિ સેંકડો પુરૂષોમાં કોઇ

ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષને સર્વ પ્રકારના ચમત્કાર કરવાવાળાં છે. ॥ ૨૧૦ ॥ હે રામચંદ્રજી! તમારા વગર એવી ઇષ્ટ અર્થનું સમર્પણ કરવામાં અને એકાગ્ર ચિત્ત કરવામાં ચતુર તથા વિવેકરૂપી ફળ આપવાવાળી ઉત્તમ વાણી કોઇને પણ પ્રગટ થતી નથી. ॥ ૨૧૧ ॥ હે રામચંદ્રજી! યશરૂપી સમુદ્રવાળા પુરૂષોની બુદ્ધિરૂપી લતા તમારાં વચન સાંભળીને પ્રકાશ થાય છે અને યત્નથી સારની પ્રાપ્તિ પણ થાય છે. ॥ ૨૧૨ ॥ સભામાં બિરાજેલ તમામ પ્રત્યે અમે અમારી શુદ્ધ બુદ્ધિથી એમ કહીએ છીએ કેઃ—ઉદાર બુદ્ધિવાળા અને વિવેકવાળા શ્રી રામચંદ્રજી સમાન કોઇ પુરૂષ ત્રણે લોકમાં છે નહીં, થયો નથી અને ભવિષ્યમાં થશે પણ નહીં. ॥ ૨૧૩ ॥ જો શ્રી રામચંદ્રજીના મનના મનોરથો સિદ્ધ નહીં થાય તો સઘળા અમે તથા મુનિ લોકોને ભ્રષ્ટ બુદ્ધિવાળા સમજવા. કેમકે શ્રી રામચંદ્રજી સર્વે લોકોને ચમત્કાર કરવાવાળા છે અને મુનિ લોકો પણ સઘળાને ચમત્કાર કરવાવાળા છે. ॥ ૨૧૪ ॥

એ પ્રમાણે શ્રી યોગ વાસિષ્ઠસારમાનું મોક્ષદાયી વૈરાગ્ય નામનું પ્રથમ પ્રકરણ સમાપ્ત થયું. ॥ ૧ ॥



મુમુક્ષુ પ્રકરણ ૨ જું.

વિશ્વામિત્ર શ્રીરામચંદ્રજી પ્રત્યે કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્રજી! શુકદેવે પોતાના પિતા વ્યાસદેવજીને એવો પ્રશ્ન કર્યો હતો કેઃ—હે પિતા! મને મોક્ષના માર્ગનો ઉપદેશ કરો કે. જેથી કરી હું સંસારનાં દુઃખોથી રહિત થઇ જાઉં. એટલે શ્રીવ્યાસદેવજી, શુકદેવ પ્રત્યે કહેવા લાગ્યા કેઃ—હે શુકદેવ! "આ સંસાર પોતાના મનના વિકલ્પથી ઉત્પન્ન થએલો છે." આવા પ્રકારના નિશ્ચયવાળા, આ સંસારથી રહિત, અને. સ્વભાવથી દગ્ધ થએલા શ્રી જનકરાજા પોતાના મનના વિકલ્પનો ક્ષય થયા છતાં "તે જે પ્રકારથી ક્ષીણ થાય છે" તે પ્રકાર તમોને કહેશે. ॥ ૧ ॥ ત્યાર પછે શ્રી શુકદેવજી પોતાના પિતાની આજ્ઞા લઇને રાજા જનક પાસે ગયા. રાજા જનકે શુકદેવજીને આવતા જોઇ, નમસ્કાર તથા પૂજા કરી આવવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે તેને મોક્ષ માર્ગના ઉપાયનો પ્રશ્ન પુછયો. એટલે રાજા જનક શુકદેવજીને કહેવા લાગ્યા કે હે શુકદેવજી! નિર્લેપ, અસંગ અને જેનાથી ભિન્ન કાંઇ નથી એવા ચૈતન્ય સ્વરૂપ એક આત્મા પુરૂષ છે. આ પુરૂષ પોતાના સંકલ્પથી બંન્ધન પ્રાપ્ત થાય છે અને સંકલ્પથી રહિત થાય તો મુક્તિ મેળવે છે. ॥ ૨ ॥ હે બાળ! તું સંસારને તરવામાં મહાવીર છો જેથી તારી બુદ્ધિ ભોગરૂપી મ્હોટા રોગથી વિરક્ત થએલી છે વળી વૈરાગ્યને લીધે સંસારથી મુક્તિ પમાય છે. હવે વધારે શું સાંભળવા ચ્હાયે છે? ॥ ૩ ॥ હે શુકદેવ! જેવી રીતે જ્ઞાનની પુર્ણતા તુંને થએલી છે તેવી પુર્ણતા, સર્વ પ્રકારનાં જ્ઞાનના સમુદ્ર છે તથા ચિરકાળ તપ

કરવામાં સ્થિર છે એવા તારા પિતા વ્યાસદેવજીને પણ થઇ નથી. વળી અનેક પ્રકારનાં જ્ઞાનથી મુક્તિ થતી નથી માટે મુક્ત થવા વાસ્તે ચિત્તની એકાગ્રતા કરવી યોગ્ય છે. ॥ ૪ ॥ હે રામચંદ્રજી! રાજા જનકે એ પ્રકારનો ઉપદેશ કર્યો તેથી શુકદેવ પરમાત્મા વસ્તુ વિશે એકાગ્રતા ધારણ કરવા લાગ્યા. ॥ ૫ ॥ પછે તે શુકદેવ શોક, ભય અને ખેદથી રહિત થઇ; નિસ્પૃહી થઇ; સંશય છોડી; સમાધિ કરવા વાસ્તે મેરૂ પર્વત તરફ ચાલ્યા ગયા.. ॥ ૬ ॥ ત્યાં જઇ નિર્વિકલ્પ સમાધિ કરી, દશ હજાર વર્ષ સુધી સ્થિર થઇ અને ચિત્ત શાન્ત કર્યું. ॥ ૭ ॥ હે રામચંદ્ર! પછે તે શુકદેવ મનની કલ્પનારૂપી કલંકથી રહિત થવા લાગ્યા, શુદ્ધ અંતઃકરણવાળા થવા લાગ્યા અને જળનું એક બિન્દુ સમુદ્રનાં જળમાં એકરૂપ થઈ જાય છે તેમ નિર્મળ અને પવિત્ર એવા પરમાત્માની પદવીની એકતાને પ્રાપ્ત થતા ગયા. ॥ ૮ ॥ વિશ્વામિત્ર શ્રીરામચંદ્રજીને કહે છે કેઃ—પરમાત્માનું તત્વ જેનાથી જાણવામાં આવેલ છે એવાં મનનું લક્ષણ એ છે કેઃ—સંપૂર્ણ ભોગના સમૂહો ભોગવાઇ ગયા પછે તેમાં ચિત્ત જશે નહીં. ॥ ૯ ॥ ભોગવાસનાથી સંસારનું બંધન દૃઢ થાય છે અને ભોગવાસના શાન્ત થવાથી જગતનું બંધન શાન્ત થાય છે. ॥ ૧૦ ॥ હે રામચંદ્રજી! જ્ઞાની તથા પંડિત લોકો વાસનાની શાંતિનેજ મોક્ષ કહે છે અને પદાર્થવાસનાની જે દૃઢતા તેનેજ બંધન કહે છે. ॥ ૧૧ ॥ ભોગોની ઇચ્છા ત્યાગ કરી કેટલાક લોકો યશ પ્રાપ્ત કરવા વાસ્તેજ ભોગોનો ત્યાગ કરે છે માટે તેને દંભી જાણવા. તેનાથી હે રામચંદ્ર! યશ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી વિમુખ થઇ જે પુરૂષો ભોગો વિશે રૂચિ નથી કરતા તેજ જીવન્મુક્ત કહેવાય છે. ॥ ૧૨ ॥

વિશ્વામિત્ર વસિષ્ઠજીને કહે છે કેઃ—જે વૈરાગ્યને લીધે મુક્ત થએલ.ઉત્તમ શિષ્યોને ઉપદેશ કરવો એજ જ્ઞાન છે, એજ શાસ્ત્રાર્થ છે અને એજ જ્ઞાનનો અખંડ નિશ્ચય છે. ॥ ૧૩ ॥ હે મુને! વૈરાગ્યથી રહિત જે દુષ્ટ શિષ્ય છે તેને કાંઇ પણ ઉપદેશ કરવો તે જેમ કપિલા નામની ગાયનું દુધ કુતરાનાં ચામડામાં રાખવાથી અપવિત્ર થાય છે તેમ તે (ઉપદેશ) અપવિત્ર થાયં છે. ॥ ૧૪ ॥ હે મુનિવર! જે રાગ, ભય અને ક્રોધથી રહિત થએલ છે, અભિમાન વગરના છે, પાપ.વિનાના.છે એવા જે તમારા જેવા ઉત્તમ પુરૂષો છે તેવાઓથી જે ઉપદેશ થાય છે તેથી સાંભળનારાઓની બુદ્ધિ વિશ્રામ થતાં તેના સઘળા સંશય દૂર થાય છે. ॥ ૧૫ ॥ ત્યાર બાદ શ્રી વસિષ્ઠજી રામચંદ્રને કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! જેમ પરમાત્મારૂપ સૂર્યના પ્રકાશમાં ત્રૈલોક્યરૂપી રજકણો ઘણાજ પૂર્વકાળમાં ઉત્પન્ન થઇ લીન થએલા છે કે જે હાલ સંખ્યામાં પણ આવતા નથી. ॥ ૧૬ ॥ જે હાલ ત્રૈલોક્ય ગણનામાં ક્રોડો વર્તે છે તે પણ કોઇનાથી ગણાયા જાતા નથી. જેની—આગળ પરમાત્મારૂપી સમુદ્રમાં જગત્‌ની સૃષ્ટિરૂપી તરંગ ઉત્પન્ન થએલ છે તેની સંખ્યા કોઇ વાર્તામાં પણ નથી. ॥ ૧૮ ॥ હે રામચંદ્રજી! જેમ સંકલ્પની રચના મિથ્યા છે, જેમ મનોરથનો વિલાસ ખોટા છે, જેમ ઇન્દ્રજાળની માયા જૂઠી છે, જેમ પૂર્વકાળની કથા અર્થ—નામ માત્ર છે, જેમ પવનના વેગનેલીધે પૃથ્વિનું ચળાયમાન થવું અસત્ય છે, જેમ બાળકોને ભૂતનો[1] ત્રાસ ક્ષણિક છે, જેમ આકાશમાં મુક્તા—મણિની માળાનો અસત્ય ભાસ થાય

૧. આ જગ્યા એ ભૂત એટલે પ્રેતયોની સમજવી.

છે, જેમ વ્હાણુના ચાલવાથી કિનારાનાં વૃક્ષનું ચાલવું મિથ્યા ભાસે છે. જેમ સ્વપ્નામાં નગરાદિકનું જ્ઞાન થવું વૃથા છે અને જેમ આકાશ પુષ્પોનું સ્ફુરણ થવું જૂઠું છે તેમ આ પુરૂષોની જગત્‌માં ઉત્પત્તિ થવાની સ્ફુરણા ખોટી છે અને મૃત્યુ હોવાનું પણ મિથ્યા છે. ॥ ૧૯—૨૦—૨૧ ॥ હે રામચંદ્ર! જ્યારે આ પુરૂષ મરે છે, જગત્‌માં જન્મ ધરવાના અનુભવને પ્રાપ્ત કરે છે પછે પોતાના સ્વરૂપનું સ્મરણ ભુલી જાય છે એટલે જગત્‌નું સ્ફુરણું દૃઢ થાય છે; વળી "જીવરૂપી આકાશમાં આ લોક છે" એવો અનુભવ દૃઢ થયા બાદ જન્મની ઇચ્છા દૃઢ થાય છે એટલે મરવાનો અનુભવ થાય છે, પરલોકની કલ્પના કરે છે, ત્યારબાદ પરલોકમાં અનેક પુરૂષોની કલ્પના થાય તે પુરૂષોમાં પણ બીજા પુરૂષોની કલ્પના સત્ય કરે છે. ॥ ૨૨—૨૩ ॥ હે રામજી! જેમ કળના સ્થંભની અંદર ત્વચા (છાલ) નાં અનેક આવર્ણો થાય છે તેમ પુરૂષોનાં સ્ફુરણમાં પણ અનેક સંસારનો ભાસ થાય છે. ॥ ૨૪ ॥ હે રામ! જેઓ મરણ પામે છે તેઓથી પૃથ્વિ આદિ મહાભૂતોની ગણત્રીએ થતી નથી અને જગત્‌નો ક્રમ પણ રહી શકતો નથી તથાપિ તેઓને જગત્‌ના ભ્રમનું દૃઢજ્ઞાન રહે છે. ॥ ૨૫ ॥ હે રામચંદ્ર! આ અજ્ઞાનતા અનંત છે અને અનેક પ્રકારથી વિસ્તાર પામેલી છે, વળી તે જડ બુદ્ધિવાળા પુરૂષોને તો અનેક પ્રકારવાળી જગત્‌ની સૃષ્ટિરૂપી તરંગોથી યુક્ત મહા દુસ્તર (ઘણા સંકટથી તરી શકાય નહીં એવી) નદીરૂપ છે. ॥ ૨૬ ॥ હે રામચંદ્ર! પરમાર્થરૂપી વિશાળ સમુદ્રમાં જગત્‌ની સૃષ્ટિના તરંગો— કેટલાક પહેલાના જેવા અને કેટલાક અન્યપ્રકારના વારંવાર

પ્રવૃત્ત થયા કરે છે. ॥ ૨૭ ॥ વળી તે (તરંગો) માંના કેટલાક ઉત્પત્તિથી, કેટલાક મનથી, કેટલાક ક્રમથી અને કેટલાક ગુણોથી સમાન છે તથા કેટલાક અર્ધ ગુણવાળા તેમજ કેટલાક કાંઇ જૂદાજ પ્રકારના છે. ॥ ૨૮ ॥ હે રામચંદ્ર! કાળરૂપી સમુદ્રમાં સૃષ્ટિરૂપી તરંગો તેવાજ પ્રકારથી અથવા અન્ય પ્રકારથી વારંવાર પ્રવૃત્ત થયા કરે છે. ॥ ૨૯ ॥ હે રામ! જેઓ જ્ઞાન વિચારવાળા પુરૂષો છે તેઓ અંતઃકરણથી સ્થિર થઇ જાય છે, તેઓના મનના સંકલ્પ--વિકલ્પ શાંત થઇ જાય છે, જૂદાજ સ્વરૂપના સારને જાણવાવાળા છે અને તેઓ શાંતિરૂપ અમૃતથી તૃપ્ત થાય છે. માટે જે તેઓને અજ્ઞાન વિદ્યાનાં બંધનથી મુક્ત સમજવા. ॥ ૩૦ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો સંદેહરૂપી દેહથી મુક્ત થએલ છે એવા બોધરૂપી પુરૂષોને આત્મા અને પરમાત્મામાં કાંઇપણ સંદેહ નથી થતો અને જેમ સમુદ્રમાં જળ અને તરંગોનો ભેદ નથી હોતો તેમ તેઓને (આત્મા--પરમાત્મામાં) કાંઇપણ ભેદ નથી જણાતો. ॥ ૩૧ ॥ હે રામ! આ સંસારમાં ઉત્તમ પ્રકારથી કરેલ પોતાનાં પ્રાક્રમને લીધે તમામ જીવોથી સર્વ પદાર્થ પ્રાપ્ત થાય છે. ॥ ૩૨ ॥ હે રામચંદ્ર! ઉત્તમ પુરૂષોને ઉપદેશ કરવાથી તે તેજ માર્ગે વર્ત્તે છે, પોતાનાં શરીર તથા મનને પણ તેજ માર્ગે દોરે છે તથા તેજ બીનાથી પોતાનાં ચિત્ત અને ઇન્દ્રિઓને પણ પ્રવર્ત્તાવે છે. અને તેજ *વિક્ષિપ્ત પુરૂષની ખરી ચેષ્ટા છે. ॥ ૩૩ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ જે અર્થની ચાહના કરે છે તે પુરૂષ તે અર્થનો ઉદ્યમ કરે તો તેને તે (પુરૂષ) અવશ્યજ પ્રાપ્ત કરી શકે છે અને ઉદ્યમ કરતો

* સંસારથી જૂદો-તમા વગરનો-વૈરાગ્યવાન.

નથી તો તે પ્રાપ્ત પણ કરી શકતો નથી. ॥ ૩૪ ॥ હે રામચંદ્ર! આ જગત્‌માં કોઇ પણ જીવ પોતાનો ઊદ્યમ યત્નથી કરે છે તો તે ત્રૈલોકયની ઐશ્વર્ય યુક્ત ઉત્તમ ઇન્દ્ર પદવી પ્રાપ્ત કરી શકે છે. ॥ ૩૫ ॥ હે રામચંદ્રજી! કોઇપણ જીવ ચૈતન્યનાં પ્રતિબિંબ પોતાનાં પુરૂષાર્થનાં યત્નથી કમળનાં આસમપર ચડી જતાં બ્રહ્માની પદવી ધારણ કરી શકે છે. ॥ ૩૬ ॥ કોઇપણ પુરૂષ પોતાના ઉત્તમ પ્રયત્નથી ગરૂડપર ચડી પુરૂષોમાં ઉત્તમ એવો વિષ્ણુરૂપ થઇ શકે છે. ॥ ૩૭ ॥ હે રામચંદ્ર! કોઇપણ પુરૂષ આ સંસારમાં પોતાના પરાક્રમને યત્નથી ચલાવતાં એક શરીરમાં અર્ધ સ્ત્રીરૂપ અને અર્ધ પુરૂષરૂપ થઇ, અર્ધચંદ્ર છે આભૂષણ જેનું એવા અર્ધ નારીશ્વરરૂપ પણ બની શકે છે. ॥ ૩૮ ॥ હે રામ! તમે તેવા પુરૂષોના બે પ્રકાર જાણો; તેમાં એક પૂર્વજન્મનાં કરેલ કર્મવાળા અને બીજા આ જન્મનાં ફળવાળા, આ બેમાં પૂર્વજન્મનું પુરૂસત્વ આ જન્મનાં પુરૂષાર્થથી જીતી શકાય છે. ॥ ૩૯ ॥ હે રામચંદ્રજી! યત્નવાળા દૃઢઅભ્યાસથી બુદ્ધિ અને ઊદ્યમને લીધે યુક્ત એવાં પુરૂષાર્થથી પર્વત પણ પાડી શકે છે તો પછે પૂર્વ જન્મનાં પુરૂસત્વથી પાડી નાંખે તેમાં શું આશ્ચર્ય છે. ॥ ૩૦ ॥ હે રામ! આ જન્મનાં પુરૂષાર્થ પણ બે પ્રકારનાં છે; તેમાં એક શાસ્ત્રથી રહિત અને બીજું શાસ્ત્રના વિધિ યુક્ત છે. આ બન્નેમાંથી જે શાસ્ત્રના વિધિ રહિત છે તે પુરૂષાર્થ અનર્થ પ્રાપ્ત કરે છે અને શાસ્ત્રના વિધિયુક્ત પુરૂષત્વ પરમાર્થની પ્રાપ્તિ કરે છે. ॥ ૪૧ ॥ હે રામચંદ્ર! આ જન્મનાં પુરૂષાર્થ અને પૂર્વજન્મનાં પુરૂષાર્થ—જેમ પાડાઓ માંહોમાંહે લડે છે તેમ—તે બન્ને પરસ્પર યુદ્ધ કરે છે. આ

સંગ્રામમાં એક સંપૂર્ણ બળવાન તથા બીજું નિર્બળ છે. તેમાં જે બળવાન છે તેનાથી નિર્બળ શાંન્ત થઇ જાય છે. ॥ ૪૨ ॥ તે વાસ્તે પરમ પુરૂસત્વ ધારણ કરી તથા દાંતોથી દાંતોને ખુબ દબાવી હે રામચંદ્ર! આ જન્મના શુભ પુરૂષાર્થથી, અશુભરૂપથી ઉદય થએલ પુર્વજન્મનાં પુરૂષાર્થને પ્રયત્નથી જીતી લેવા યોગ્ય છે. ॥ ૪૩ ॥ હે રામચંદ્ર! "પુર્વજન્મનાં પુરૂષાર્થ મને પ્રેરણા કરે છે" એવી બુદ્ધિ આ જન્મનાં પુરૂષાર્થથી દૂર કરવી ઉત્તમ છે, કેમકે તેવી બુદ્ધિ આ જન્મનાં પુરૂષાર્થને દુર્બળ કર્ત્તા છે. ॥ ૪૪ ॥ હે રામચંદ્ર! ઉદ્યમને ત્યાગ કરેલા તથા ઉદ્યમથી રહિત છે તેઓને મનુષ્યરૂપવાળા ગધેડાં સમજવા. એવાઓ, પ્રારબ્ધને માનવાવાળાઓના બરોબર થવા યોગ્ય નથી. પરન્તુ શાસ્ત્રવિધિથી કરેલ ઉદ્યમ, આ જન્મમાં તથા આગળના લોકમાં,[1] બન્ને સ્થાને સિદ્ધિ આપનાર છે. ॥ ૪૫ ॥ હે રામ! જેમ સિંહ પોતાનાંજ બળથી પોતાના શત્રુના બંધનમાંથી નીકળી જાય છે તેમ ઉદ્યમરૂપી યત્નથી આ સંસારરૂપી ગર્ભમાંથી બળ કરી પોતેજ (પુરૂષ) નીકળવાને યોગ્ય છે. ॥ ૪૬ ॥ હે રામચંદ્ર! પ્રારબ્ધને માનીને તથા થોડું અન્ન-પાન પામીને આયુષ્યની વૃથા ભસ્મ કરવી એ ‘યોગ્ય છે; વાસ્તે ઉદ્યમ રહિત જે પુરૂષો છે તે નર્કના કીડા થાય છે. ॥ ૪૭ ॥ હે રામચંદ્ર! શુભ પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત થાય છે અને અશુભ પુરૂષાર્થથી અશુભ ફળ પ્રાપ્ત થાય છે પરન્તુ પ્રારબ્ધ કાંઇપણ કરી શકતું નથી. ॥ ૪૮ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ એમ કહે છે કે "પ્રારબ્ધ મને પ્રેરણા કરે છે" એવું કહેવાવાળાનું

[1] મરણ પછે જે લોક સ્વર્ગ-નર્કાદિ પ્રાપ્ત થાય છે.

મુખ જોઇ લક્ષ્મી વિમુખ થઇ જાય છે અને જે ઊધમ કરતા નથી તેનું મુખ દગ્ધ થઇ જતાં તેની દૃષ્ટિ પણ શ્રેષ્ટ દેખાતી નથી. ॥ ૪૯ ॥ હે રામચંદ્ર! બાળક અવસ્થાના ઊત્તમ પ્રકારના અભ્યાસથી મેળવેલ શાસ્ત્ર-સત્સંગાદિકના શ્રેષ્ટ ગુણોનેલીધે યત્ન કરવાથી પોતાના ઇચ્છિત ઊત્તમ અર્થો પ્રાપ્ત થાય છે બાકી પ્રારબ્ધ વ્યર્થ છે. ॥ ૫૦ ॥ હે રામચંદ્ર! આ જગત્‌માં જો મહા અનર્થકારી આળસ્ય હોયજ નહીં તો ઘણું ધન પ્રાપ્ત કર્યા વિના અને ઘણાં શાસ્ત્રાભ્યાસ કરવાવિના કયો પુરૂષ રહે? માત્ર આળસ્યથીજ સમુદ્ર પર્યંત સુમ્પુર્ણ પૃથ્વિમાં પ્રારબ્ધને માનવાવાળા નિર્ધન રહે છે. એવા જે મનુષ્યરૂપી પશુ છે તેથી ઊધમ વિનાજ સઘળી પૃથ્વિ ભરેલી છે. ॥ ૫૧ ॥ હે રામ! આગળના દીવસોમાં ગમે તેવાં કર્મના અપરાધ કરેલા છે તે આ જન્મનાં શુભ ફળથી શુભ થઇ જાય છે અને જેમ રોગ પહેલો ઊત્પન્ન થાય છે ત્યારે દુઃખ આપે છે પરન્તુ પછે ઐાષધ કરવાથી રોગ તથા દુઃખ બન્ને દૂર થાય છે તેમ પુર્વજન્મનાં અશુભ કર્મ, આ જન્મનાં શુભ કર્મથી શુભ થઈ જાય છે. ॥ ૫૨ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો શુભ કર્મ કરી અશુભ પ્રારબ્ધને દૂર કરી શકતા નથી તે પુરૂષોને અજ્ઞાની અને સુખ-દુઃખને આધિન સમજવા પરંતુ પુરૂષાર્થવાળા પુરૂષો સ્વતંત્ર થાય છે. ॥ ૫૩ ॥ હે રામચંદ્રજી! જે પુરૂષો ઇશ્વરની પ્રેરણાને લીધે સ્વર્ગ અથવા નર્કમાં જશે તે પુરૂષોને પરાધિન તથા પશુ સમાન સમજવા. ॥ ૫૪ ॥ હે રામ! જે પુરૂષો ઊધમ કરી ઊદાર આચાર-વિચારવાળા છે તે પુરૂષો સિંહ જેમ પોતાના બળે કરી પીંજરાં-માંથી નીકળી જાય છે તેમ તે જગત્‌ના મોહથી મુક્ત થઇ જાય

છે. ॥ ૫૫ ॥ જે પુરૂષ એમ કહે છે કે 'જ્યારે મને કોઇ પ્રેરણા કરે છે ત્યારેજ હું કાર્ય કરૂં છું' એઓ અનર્થકારી દુષ્ટકલ્પનામાં સ્થિર થઇ ઉદ્યમનો ત્યાગ કરે છે અને તેઓને નીચ પુરૂષ સમજતાં દૂરથી તે ત્યાગ કરવા લાયક છે. ॥ ૫૬ ॥ હે રામચંદ્ર! સંસારમાં હજારો કાર્યોના વ્યવહાર આવે-જાય છે તેમાં થતાં સુખ-દુઃખોના હર્ષ-શોકનો, ગુરૂ તથા શાસ્ત્રની આજ્ઞાથી ત્યાગ કરી ધારી રાખવા યોગ્ય છે. ॥ ૫૭ ॥ હે રામ! આ જીવ જન્મ-મરણરૂપી રોગને જાણી તેની શાન્તિને વાસ્તે બ્રહ્મનિષ્ઠ-સદ્ગુરૂની સેવા કરી પોતાનાં પુરૂસત્વરૂપી ઔષધિથી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ॥ ૫૮ ॥ હે રામ! આં પુરૂષો જેવી રીતે રોગાદિકથી રહિત મનુષ્ય દેહ પામેલાં છે તેવીજ રીતે સમાધાનથી ઉદ્યમ કરે જાય તો ફરી જન્મ જરૂર પ્રાપ્ત કરે નહીં. ॥ ૫૯ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો પોતાનાં પુરૂષાર્થથી પ્રારબ્ધને જીતવા ચાહના કરે છે તે પુરૂષો આ લોક તથા પરલોકમાં સમ્પૂર્ણ રીતે વાંચ્છના સિદ્ધિ અવશ્ય મેળવે છે. ॥ ૬૦ ॥ હે રામ! જેઓ પોતાના પુરૂષાર્થને ત્યાગ કરી પ્રારબ્ધને આધિન થઇ રહેલા છે તેઓ પોતાના ધર્મનો, અર્થનો અને કામનો નાશ કરતાં આત્મહત્યાંના દોષના પણ ગ્રાહ્ય થાય છે. ॥ ૬૧ ॥ હે રામચંદ્ર! પુરૂષાર્થનાં; બુદ્ધિની સાવધાનતા, મનની સાવધતા અને ઇન્દ્રિઓનું સાવધાનત્વ એવાં ત્રણ રૂપ છે અને આ ત્રણેનાં સાવધાનપણાંથી કર્મફળનો ઉદય થાય છે. ॥ ૬૨ ॥ હે રામચંદ્ર! તેમજ પુરૂષાર્થની સિદ્ધિ પણ ત્રણ પ્રકારથી થાય છે. એક શાસ્ત્રનાં વચનથી, બીજી સદ્ગુરૂના ઉપદેશથી અને ત્રીજી પોતાના નિશ્ચયથી. ॥ ૬૩ ॥ હે રામચંદ્ર! અશુભ કર્મોમાં પ્રવૃત

થએલ પોતાનાં ચિત્તને શુભ કર્મોવિશે પ્રવૃત્ત કરવું અને શુભ કર્મોનું યત્ન કરવું એજ સર્વ શાસ્ત્રનો નિશ્ચય છે. ॥ ૬૪ ॥ હે રામચંદ્ર! જેવી રીતે વર્ષાદમાં કમળથી પાણી ચડે અને પાણીથી કમળ ચડે એમ અંદર અંદર ચડવાપણું થાય છે તેવી રીતે શ્રેષ્ઠ બુદ્ધિથી ઉત્તમ શાસ્ત્રાભ્યાસાદિગુણ પ્રાપ્ત થાય છે અને ઉત્તમશાસ્ત્રાભ્યાસાદિ ગુણોથી શ્રેષ્ઠબુદ્ધિ મેળવી શકાય છે એમ તેનું પરસ્પર ચડતાપણું છે. ॥ ૬૫ ॥ હે રામ! જે દૃઢ અહંકારથી પુર્વજન્માં કર્મ કરેલાં છે તેનુંજ "દૈવ" એવું નામ છે. ॥ ૬૬ ॥ હે રામચંદ્ર! જે પુર્વજન્મનાં કર્મ છે તેજ દૈવ કહેવાય છે. અર્થાત્ કર્મ તેજ 'દૈવ' છે અને જે મનની ચેષ્ટા છે તેને કર્મ કહેવાય છે; તે મન પુરૂષ સ્વરૂપ છે અને પ્રારબ્ધ તેનાથી જુદું નથી. એ અમારો નિશ્ચય છે. ॥ ૬૭ ॥

ત્યાર બાદ શ્રી રામચંદ્રજીએ એવો પ્રશ્ન કર્યો કેઃ—હે ગુરૂજી! જે પૂર્વજન્મની વાસનાનો સમુહ છે, તે મને માયારૂપે જેવી પ્રેરણા કરે છે તેવી રીતે હું પ્રવૃત્ત થાઉં છું, હું પરાધિન છું વાસ્તે જેવી રીતે તમે મને ઉપદેશ કરો તેવી રીતે હું કરવા તત્પર છું. ॥ ૬૮ ॥

ત્યારે શ્રી વસિષ્ઠજી કહેવાં લાગ્યા કેઃ—હે રામચંદ્રજી! હું તુને એવું કહું છું કે 'તું વાસનાનો ત્યાગ કર, પ્રારબ્ધને દૂર કર અને પોતાનાં પુરૂસત્વથી યત્ન કરી અખંડ આનંદને પ્રાપ્ત કરી લે.' ॥ ૬૯ ॥ હે રામ! આ વાસનારૂપી નદી—એક શુભ માર્ગે અને બીજા અશુભ માર્ગે—એમ બે પ્રકારે ગતિ કરે છે તેમાં પોતાના પુરૂષાર્થથી શુભ માર્ગે ગ્રહણ કરવો યોગ્ય છે. ॥ ૭૦ ॥ હે રામચંદ્ર! એનો એવો ઉપાય છે કેઃ—અશુભ કર્મોમાં પ્રવૃત્ત થએલ

પોતાનાં મનને પુરૂસત્વરૂપી યત્નનાં બળથી તું શુભ માર્ગોમાં પ્રવૃત્ત કર. કેમકે તુને વૈરાગ્યના વિચારનું બળ પ્રાપ્ત થએલ છે. અર્થાત્ તું તેમ કરી શકશે. ॥ ૭૧ ॥ હે રામ! જ્યાં સુધી તુને દૃઢ તત્વ જ્ઞાન થયું નથી અને જ્યાં સુધી તે પરમાત્માનાં સ્વરૂપને જાણેલું નથી ત્યાં સુધી તું ગુરૂનાં વચન અને શાસ્ત્રનાં પ્રમાણથી જે નિર્ણય થએલો છે તેનું આચરણ કર. ॥ ૭૨ ॥ હે રામ! શુભ કર્મ કરવાથી તારાં અંતઃકરણની મલિનતા શુદ્ધ થઈ જશે અને જ્યારે તું નિશ્ચયથી આત્મતત્વ, ત્યારે, શુભ કર્મોની વાસનાનો પણ ત્યાગ કરવો.. ॥ ૭૩ ॥ હે રામચંદ્ર! આ શુભ કર્મ કરવાવાળો માર્ગ ઉત્તમ પુરૂષોએ સેવેલો છે તેનું તું પણ ઉત્તમ બુદ્ધિથી સેવન કર. જ્યારે તારૂં અંતઃકર શુભ કર્મોથી વાસના રહિત થાય ત્યારે તું શુભ કર્મોનો ત્યાગ કરી શોકથી રહિત આત્મસ્વરૂપને પ્રાપ્ત થજે. ॥ ૭૪ ॥ હે રામચંદ્ર! સૃષ્ટિના પ્રથમ ભાગમાં બ્રહ્માની ઇચ્છાથી હું પ્રગટ થયો ત્યારે મેં સંસારનાં દુઃખની શાંતિવાસ્તે હું મારા પિતાને પ્રશ્ન કરવા લાગ્યો અને પિતાજી મ્હને જ્ઞાનોપદેશનાં વચન કહેવા લાગ્યા કેઃ— ॥ ૭૫ ॥ હે પુત્ર! હવે તું પૃથ્વિ લોકમાં જાંબૂદ્વિપ છે તેમાં ભરતખંડ નામનો દેશ છે. ત્યાંના લોકોનો અનુગ્રહ કરવામાટે ત્યાં ચાલ્યો જા. ॥ ૭૬ ॥ ત્યાં જઇને તારે ઉત્તમ બુદ્ધિથી કર્મકાંડ કરનાર પુરૂષોને કર્મકાંડનો ઉપદેશ કરવો અને તારે પોતે પણ કર્મકાંડમાં પ્રવૃત્તિ કરવી. ॥ ૭૭ ॥ હે પુત્ર! જે વિરક્ત ચિત્તવાળા અને મહા બુદ્ધિવાળા વિરક્ત પુરૂષો હોય તેને તારે વિચાર કરી તથા ઉપદેશ કરી જ્ઞાનનાં આનંદની પ્રાપ્તિ કરવી. ॥ ૭૮ ॥ હે રામચંદ્ર! કમળમાં ઉત્પન્ન થએલ એવા પિતા

શ્રી બ્રહ્માજીએ એવો ઉપદેશ કર્યો ત્યારથી હું આ પૃથ્વિલોકમાં આવ્યો છું. હવે જ્યાં સુધી આ ભૂતમાત્રની સૃષ્ટિ રહેશે ત્યાં સુધી પૃથ્વિલોકમાં મારી સ્થિતિ સમજવી. ॥ ૭૯ ॥ હે રામચંદ્ર! પૃથ્વિલોકમાં મ્હને કાર્ય કરવાનુ કાંઇ નથી, માત્ર પિતાજીની આજ્ઞાથી લોકોપર ઉપકારકરવાવાસ્તે હું આંહીં રહું છું અને એજ કારણથી અહીં સ્થિર થયો છું તથા નિરંતર શાંત વૃત્તિ કરી, અહંકાર રહિત બુદ્ધિથી વ્યવહારનાં કાર્ય પણ કરૂં છું તથાપિ અંતઃકરણથી કાંઇ નથી કરતો. ॥ ૮૦ ॥ હે રામચંદ્ર! જનકાદિક રાજા થએલા છે તે પણ—સંપૂર્ણ વિદ્યામાં રાજાની સમાન ઉત્તમ છે અને તે અત્યંત ગોપ્યોપદેશોમાં રાજાની સદૃશ ગુપ્ત છે એવાં—પરમજ્ઞાનને જાણવાથી ઘણા દુઃખથી શાંતિને પ્રાપ્ત થયેલા છે. ॥ ૮૧ ॥ હે રામચંદ્ર! આ તમને સત્પુરૂષોને ચમત્કાર કરવાવાળો દુઃખાદિ નિમિત્ત વગર થએલો અને પોતાના વિવેકથી ઉત્પન્ન ઉત્તમ વૈરાગ્ય પ્રગટ થએલો છે એટલા માટે તે સાત્વિક વૈરાગ્ય કહેવાય છે. ॥ ૮૨ ॥ હે રામચંદ્ર! દુઃખાવસ્થાથી અથવા મલીનતા જોવાથી સર્વેને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે પરંતુ સત્ પુરૂષોને તો વિવેકથીજ ઉત્તમ વૈરાગ્ય આવે છે. ॥ ૮૩ ॥ હે રામચંદ્ર! વિવેકથી સંસારની રચનાને અનિત્ય વિચારવાથી ઉત્પન્ન થતો વૈરાગ્ય જેને પ્રાપ્ત થાય છે તેને ઉત્તમ પુરૂષો સમજવા. ॥ ૮૪ ॥ હે રામ! પરમાત્મા પરમેશ્વરના પ્રસાદથી તમારા જેવાજ વિરલા પુરૂષની ઉત્તમ બુદ્ધિ વિવેકને પ્રાપ્ત થાય છે. ॥ ૮૫ ॥ હે રામચંદ્ર! એવી ઉત્તમ બુદ્ધિ અન્ય જીવોને ઉત્પન્ન થવી કઠણ છે પરંતુ ઘણાં ઉત્તમ કર્મથી, મ્હોટાં તપથી, ઉગ્ર નિયમથી, અતિદાનથી, ચિર-

કાળ તીર્થાટનથી અને વિવેકથી દુષ્ટ કર્મનો ક્ષય થતાં પરમાર્થનો વિચાર થવાથી જીવોને અકસ્માત્ તેવી બુદ્ધિ પ્રવૃત્ત થાય છે. ॥ ૮૬ ॥ હે રામચંદ્ર! ટાઢ—વાતાદિક જે સંસારનાં દુઃખ છે તે સંત પુરૂષોમાં જ્ઞાનની યુક્તિ વિના કેવી રીતે લક્ષમાં આવી શકે? ॥ ૮૭ ॥ હે રામચંદ્ર! જેવી રીતે અગ્નિની જ્વાળા તૃણને બાળી નાંખે છે તેવી રીતે દુઃખની અનેક ચિંતા ક્ષણે ક્ષણે આવી પોત પોતાના સમયે મૂર્ખ નરોનો દાહ કરે છે. ॥ ૮૮ ॥ હે રામ! જેમ અખંડ વર્ષાદની ધારા જે વન ઉપર પડયા કરે છે તેને અગ્નિ બાળી શકતો નથી તેમ ઉત્તમ બુદ્ધિવાળા, ઉત્તમ રીતે આત્મતત્વ જાણનારા અને ઉત્તમ પ્રકારની જ્ઞાનદષ્ટિવાળા પુરૂષોને સંસારની ચિંતા દગ્ધ કરી શકતી નથી. ॥ ૮૮ ॥ હે રામચંદ્ર! એજ કારણથી તેવા બુદ્ધિમાન પુરૂષોને તંત્વજ્ઞાન કહેવાની બાબતમાં પ્રમાણ તરીકે ગણવા કાંઇપણ હરકત નથી. વળી એવા વિબુધ તત્વજ્ઞાની સત્પુરૂષો પ્રીતિથી શંકા પુછવા યોગ્ય છે. ॥ ૯૦ ॥ હે રામચંદ્ર! જેમ કેશરનો રંગ શુભ્ર વસ્ત્ર ગ્રહણ કરી લેછે તેમ પ્રમાણ યુક્ત અને દયાદ્રવ થતાં શ્રેષ્ટ ચિત્તવાળા સત્પુરૂષોને જે વચન પૂછવાં તે ઉપદેશ જેવાં ગણી ગ્રાહ્ય કરી લેવાં. ॥ ૯૧ ॥ હે રામચંદ્ર! જે પ્રમાણ યુક્ત કહેવાવાળા પુરૂષો છે તે તેના કહેવામાં જો સ્થિરતા ધરાવતા હોય નહીં તો તેના જેવા નીચ પુરૂષો બીજા કોઇને પણ જાણવા નહીં. ॥ ૯૨ ॥ હે રામચંદ્ર! પૂર્વ વાકય સાથે પાછળનાં વાકયોના સંબંધ સમજવામાં સમર્થ પુરૂષોને, તત્વજ્ઞાની પુરૂષોએ તેણે કરેલા પ્રશ્નોના પ્રતિઉત્તર દેવા એ યોગ્ય છે પરંતુ પશુ સમાન જડબુદ્ધિવાળા નીચ પુરૂષોને તેમ કરવું

યોગ્ય નથી. ॥ ૯૩ ॥ હે રામચંદ્ર! જે જે હું તુંને કહું છું તે તે તારે ગ્રહણ કરવા તથા યત્નથી પોતાના હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે પરંતુ જો તુંને તે ધારણ કરવા ઇચ્છા હોય નહીં તો તારે મને વૃથા પૂછવું નહીં. ॥ ૯૪ ॥ હે રામચંદ્ર! મન બહુ ચંચળ છે તથા સંસારરૂપી વનના વાંદરાં સમાન છે વાસ્તે તે મનને પ્રયત્નથી સાવધાન કરી પરમાર્થની વાણી શ્રવણ કરવી જોઇએ. ॥ ૯૫ ॥ હે રામચંદ્રજી! સત્પુરૂષોની સંગતિથી સદા વિવેક પ્રગટ થાય છે. અને તે વિવેક કલ્પવૃક્ષ સમાન હોતાં તે (વિવેક વૃક્ષ) નાં ભોગ અને મોક્ષ એ બન્ને તેનાં ફળ છે. ॥ ૯૬ ॥ હે રામચંદ્ર! શમ, વિચાર, સંતોષ અંને સત્સંગ એ ચાર મોક્ષ-રૂપી મંદિરના દ્વારપાળ છે. ॥ ૯૭ ॥ હે રામચંદ્ર! યત્નથી કરીને તે ચારેની, અથવા ત્રણની, કે બેની, તેમ નહીંતો પછે એકની પણ સેવના કરવી ઊચિત છે કેમકે તે દ્વારપાળ મોક્ષરૂપી રાજ્યમંદિ-રનાં દ્વારને ઊઘાડનાર છે. ॥ ૯૮ ॥ હે રામચંદ્ર! અથવા સર્વ પ્રકારનાં પ્રયત્નથી પ્રાણત્યાગ કરવાનો નિશ્ચય કરી એક દ્વારપાળની સેવા કરવી. કારણ કે એક વશ થવાની ચારે આપણને વશ થઇ જાય છે. ॥ ૯૯ ॥ હે રામચંદ્રાં 'આ સંસારમાં જે જે દુઃખ છે, જે જે તૃષ્ણા છે, જે જે અસાધ્ય વ્યાધિઓ છે અને જે જે ચિંતા છે તે સર્વ શાન્ત થએલાં ચિત્તમાં—જેમ સૂર્યના મધ્યભાગમાં અંધકા-રનો નાશ થાય છે તેમ—તેનો વિનાશ થાય છે. ॥ ૧૦૦ ॥ હે રામ-ચંદ્ર! જે પ્રમાણે ઊગ્રપ્રાણી અને સૌમ્યપ્રાણી પોતાની માના દર્શનથી શાન્ત સ્વભાવના થઇ જાય છે અને તેની મા તેનો વિશ્વાસ કરે છે તેવીજ રીતે સર્વ ભૂતો (પ્રાણી) શાન્તવૃત્તિવાળા પુરૂષોને

વિશ્વાસ કરે છે. ॥ ૧૦૧ ॥ હે રામચંદ્ર! જેવું આનંદ સુખ, અંતઃકરણમાં શાન્તિ રાખવાથી થાય છે તેવું આનંદ સુખ અમૃતપાન કરવાથી અથવા લક્ષ્મીનું આલિંગન કરવાથી પણ થતું નથી. ॥ ૧૦૨ ॥ હે રામચંદ્ર! શાન્તવૃત્તિવાળા પુરૂષોનો પિશાચ, રાક્ષસ, દૈત્ય, શત્રુ, વ્યાઘ્ર, સર્પ, ઇત્યાદિ કોઇ પણ દ્વેશ કરતા નથી. ॥ ૧૦૩ ॥ હે રામચંદ્ર! શુભશબ્દ વા અપશબ્દ સાંભળવાથી, કોમળ અથવા કઠોર વસ્તુનો સ્પર્શ કરવાથી સ્વાદિષ્ટ અથવા અસ્વાદિષ્ટ ભોજન કરવાથી અને સુંદર અથવા વિરૂપ રૂપ દેખવાથી જે પુરૂષોને હર્ષ અથવા શોક કાંઇપણ થતો નથી તે પુરૂષોને શાંતવૃત્તિવાળા સમજવા. ॥ ૧૦૪ ॥ હે રામચંદ્ર! મરણ સમયે, યુદ્ધ કાળે અને ઉત્સવ વખતે ચંદ્રબિંબ સદશ જે પુરૂષોનું મન શીતળ હોતાં વ્યાકુળ નથી તે પુરૂષોને શાંતવૃત્તિવાળા સમજવા. ॥ ૧૦૫ ॥ તેમજ હે રામચંદ્ર! જે પુરૂષોની દૃષ્ટિ અમૃત પ્રવાહ તુલ્ય સર્વ લોકો પ્રતિ પ્રીતિ યુક્ત પ્રવૃત્ત થાય છે તે પુરૂષોને પણ શાંતવૃત્તિવાળા સમજવા. ॥ ૧૦૬ ॥ હે રામચંદ્ર! તપસ્વી ગણોમાં, ઘણા જ્ઞાનવાળાઓમાં, યજ્ઞ કરવાવાળાઓમાં, રાજાઓમાં, બળવાનોમાં અને ગુણવાળાઓમાં શાંત વૃત્તિવાળા પુરૂષો પોતાના મહિમાથી વિરાજમાન થાય છે. ॥ ૧૦૭ ॥ હે રામચંદ્ર! શાંતવૃત્તિરૂપી અમૃત એવું (ઉપર જણાવેલ છે તેવું) છે તથા તે ગુપ્ત રહી શકે નહીં એવું ઘણું બળવાન છે અને તેને ધારણ કરી સત્પુરૂષો પરમ પદવીને પ્રાપ્ત થએલા છે એટલા વાસ્તે તું પણ તેનું (શાંતવૃત્તિનું) પાળન કર; કેમકે તેનાથી તુંને મોક્ષની પદવી પ્રાપ્ત થશે. ॥ ૧૦૮ ॥ હે રામચંદ્ર! વિચાર કરવાથી બુદ્ધિ તીક્ષ્ણ

થતાં પરમ પદવીને દેખે છે માટે આ સંસારરૂપી મ્હોટા રોગોની શાંતિ વાસ્તે વિચાર કરવો એ ઉત્તમ ઔષધ છે. ॥ ૧૦૯ ॥ હે રામચંદ્ર! જેમ રાત્રિમાં આકાશ વિશે દેખાતો વેતાળ પ્રાણ હરી લેછે તેમ અજ્ઞાની પુરૂષોને પોતાના મનના મોહથી સંસારરૂપી વેતાળ પ્રાણને હરી લેછે પરંતુ વિચાર કરવાથી તે (સંસારરૂપ વેતાળ) ક્ષીણ થાય છે. ॥ ૧૧૦ ॥ હે રામચંદ્ર! વિચાર કરવાથી જગત્ના સઘળા ભાવો ઘણા સુંદર છે પરંતુ જે અસત્ય છે તે વિચાર કરવાથી નષ્ટ થઇ જાય છે. ॥ ૧૧૧ ॥ હે રામચંદ્ર! પુરૂષોએ પોતાના મનના મોહથી કલ્પિત કરેલ છે એવો સંસારરૂપી સદાનો વેતાળ ઘણાં દુઃખ દેવાવાળો છે પણ તે વિચાર કરવાથી લય થઇ જાય છે. ॥ ૧૧૨ ॥ હે રામચંદ્રજી! મનમાં એવું જ્ઞાનપણ થઇ જવું જોઈએ કેઃ—"હું કોણ છું અને આ સંસારનો દોષ મને કેવી રીતે પ્રાપ્ત થયો?" ॥ ૧૧૩ ॥ હે રામચંદ્ર! વળી એવા વિચાર કરવા ઉત્તમ છે કેઃ—"હું કોણ છું અને આ સંસાર કોને માટે છે?" અને બુદ્ધિમાન પુરૂષો આપત્તિમાં પણ યત્નથી પોતાના ઉપાય કરવાની ચિંતા કરતા નથી. અર્થાત્ એવા દૃઢ છે. ॥ ૧૧૪ ॥ હે રામચંદ્ર! વિચાર રૂપી નેત્રો એવાં ઉત્તમ છે કે તે અંધકારમાં દૃષ્ટિ નષ્ટ થતાં નથી, ઘણાં તેજથી અંજાઇ જતાં નથી અને દૂર છતાં પણ જોઇ શકવા સમર્થ છે. ॥ ૧૧૫ ॥ હે રામચંદ્ર! કાદવમાં દેડકાં થવું ઉત્તમ છે, નર્કમાં કીડા થવું શ્રેષ્ઠ છે અને અંધારી ગુફામાં સર્પ થવું સુંદર છે પરંતુ વિચાર રહિત થવું એ વૃથા છે. ॥ ૧૧૬ ॥ હે રામચંદ્ર! આ વિચાર દૃષ્ટિ ત્હારા જેવા શાંત વૃત્તિવાળાને શોભા આપનારી છે, પૃથ્વિમાં કર્મોની સફળતા કરે છે,

ઉત્તમતાને નિશ્ચય પ્રગટ કરે છે અને અખંડ સ્વરૂપ પરમાત્માનાં દર્શન કરનારી છે. ॥ ૧૧૭ ॥ હે રામચંદ્રજી! સંતોષ પરમ કલ્યાણ તથા પરમ સુખ કર્ત્તા છે, તેથી સંતોષી પુરૂષો પરમ વિશ્રાંતિને પ્રાપ્ત થાય છે. ॥ ૧૧૮ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો સંતોષરૂપી અમૃતપાનથી તૃપ્ત થઇ શાંતવૃત્તિવાળા થાય છે તેઓને આ ભોગોની સંપત્તિ વિષરૂપ જણાય છે. ॥ ૧૧૯ ॥ જેને કાંઈ પણ પ્રાપ્ત થયું નહીં એવી વાંચ્છનાથી રહિત છે, પ્રાપ્ત થએલામાં પણ અપ્રસન્ન છે અને ખેદ ખેદ થતાં પણ જેનાથી ખેદ દેખાતો નથી તેને આ લોકમાં 'સંતુષ્ટ' કહેવાય છે. ॥ ૧૨૦ ॥ જેવી રીતે મલીન આરસીમાં મુખનું પ્રતિબિંબ પડતું નથી તેવીજ રીતે આશાની વ્યવસ્થાથી જે ચિત્ત વ્યાકુળ થએલું છે અને સંતોષથી રહિત છે તે ચિત્તમાં જ્ઞાનનું પ્રતિબિંબ પડી શકતું નથી. ॥ ૧૨૧ ॥ હે રામચંદ્ર! જેમ રાજાની સેવા ચાકર લોકો પોતેજ કરે છે તેમ સંતોષી પુરૂષોનું મન પુષ્ટ રહેતાં તેને સંપૂર્ણ સંપત્તિ આગળથીજ આવીને પ્રાપ્ત થાય છે. ॥ ૧૨૨ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો સુખ દુ:ખમાં સમદૃષ્ટિથી સંતોષ રાખી સુશોભિત થાય છે તે સઘળા પુરૂષોમાં રાજા સમાન છે અને તેને આકાશમાં આવાગમન કરવાવાળા દેવતાઓ તથા મુનિઓ પ્રણામ કરે છે. ॥ ૧૨૩ ॥ હે મહા બુદ્ધિમાન રામચંદ્ર! સત્સંગ છે તે સંસારરૂપી સમુદ્ર તરવામાં પુરૂષોને વિશેષ્ય કરી ઉપકાર કરે છે. ॥ ૧૨૪ ॥ હે રામચંદ્ર! સત્સંગ થવાથી શૂન્યતાના ગુણોથી પુર્ણતા પામે છે, મૃત્યુ મહા ઊત્સવરૂપ થાય છે અને આપત્તિ છે તે સંપત્તિરૂપ થઇ જાય છે. ॥ ૧૨૫ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ સત્સંગરૂપી;

શીતળ, આનંદદાયી, નિર્મળ અને પવિત્ર કરનારી ગંગામાં સ્નાન કરે છે તે પુરૂષને દાન કરવાથી, તીર્થો કરવાથી, તપ કરવાથી અથવા યજ્ઞ કરવાથી કયો અન્ય અર્થ પ્રાપ્ત કરવાનો છે? અર્થાત્ તેજ ગંગામાં સ્નાન કરવાથી સમગ્ર અર્થ પ્રાપ્ત થાય છે. ॥૧૨૬॥ હે રામચંદ્રજી! આ જગત્માં સર્વથી; આપત્તિરૂપી કમળિનીને સુકાવી નાંખનાર હિમરૂપ અને મોહરૂપી ધૂળને ઊડાવનાર પવન રૂપ એ સાધુ જનનો સમાગમ ઉત્તમ છે, વળી તેનાથી પણ સત્સંગી સાધુજન અધિક ઉત્તમ છે. ॥૧૨૭॥ હે રામચંદ્ર! વળી તે સાધુજન કેવા છે કે જેની સંશયરૂપી સર્વે ગાંઠ છેદાઇ ગઇ છે, આત્માનું સ્વરૂપ સમજવાવાળા છે, સઘળા મનુષ્યોને માનનીય છે, હરેક પ્રકારથી પૂજવા યોગ્ય છે અને સંસાર સમુદ્રને તરવાના ઉપાય ભૂત છે. ॥૧૨૮॥ હે રામચંદ્ર! જે પુરૂષોએ; નર્કરૂપી અગ્નિને શાંત કરનાર વર્ષાદરૂપી સત્પુરૂષોનું આદર સહ પૂજન કરેલું નથી તે પુરૂષોને નર્કરૂપી અગ્નિને પ્રજ્વળિત કરવાની સમિધરૂપ સમજવા. ॥૧૨૯॥ હે રામચંદ્ર! સંતોષ, સજ્જનોનો સમાગમ, વિચાર અને સૌમ્યપ્રકૃતિ એ ચારે સંસારસમુદ્ર તરવાના ઉપાય છે. ॥૧૩૦॥ હે રામચંદ્ર! સંતોષ પરમ લાભકારી છે, સત્સંગ પરમગતિ આપનાર છે, વિચાર પરમ જ્ઞાનદાયી છે અને સૌમ્યવૃત્તિ પરમ સુખ દેનાર છે. ॥૧૩૧॥ હે રામચંદ્ર! આ ચારે સંસારના ભેદોના ઉપાય છે. આ ચારેને જે પુરૂષો સેવે છે તે પુરૂષો સંસારની મોહજાળમાં તરીને પાર થાય છે. ॥૧૩૨॥ હે રામચંદ્ર! આ ચારેમાંથી નિર્મળ ઉદય કરનાર માત્ર એકજને સેવતાં; બુદ્ધિમાન પુરૂષોને ચારેનો અભ્યાસ થઇ જાય છે.

॥ ૧૩૩ ॥ હે રામચંદ્ર! તું આ ચારે ઉપાયની અખંડ સંપત્તિથી યુક્ત છે તેટલા વાસ્તે મનનો મોહ હરનારાં મારાથી કહેવાતાં આ વચનોનું શ્રવણ કર. ॥ ૧૩૪ ॥ હે રામચંદ્ર! જેનું પુણ્યરૂપી કલ્પવૃક્ષ, જો ફળ આવવાને તૈયાર થએલું હોય તો તે જીવને મુક્તિ માટે આવાં વચન સાંભળવાને ઉદ્યમ કરવાની ઈચ્છા ઉત્પન્ન થાય છે. ॥ ૧૩૫ ॥ હે રામચંદ્ર! ઉત્તમ, પવિત્ર અને સાંભળવાવાળાને જ્ઞાન આપવાવાળાં એવાં વચનોને પાત્ર શ્રેષ્ઠ પુરૂષો થાય છે પરંતુ નીચ પુરૂષો તેવાં વચનોને શ્રવણ કરવા પાત્ર નથી. ॥ ૧૩૬ ॥ હે રામચંદ્ર! આ મોક્ષ આપનારી સંહિતાના સારરૂપ અર્થની મેં રચના કરી છે, પરંતુ ૩૨૦૦૦ (બત્રીશ હજાર) શ્લોકનું તેનું પ્રમાણ છે,. વળી તે જાણવાવાળા પુરૂષોને મોક્ષ સુખ આપનારૂં છે. ॥ ૧૩૭ ॥ હે રામચંદ્ર! જેવી રીતે કોઇ પુરૂષની નિંદ્રા દૂર થાય અને તેને પ્રકાશની ઇચ્છા નહોવા છતાં પણ દીપક પ્રજ્વળિત હોવાથી પોતાના સ્વભાવથીજ પ્રકાશ આપે છે તે પ્રમાણે આ સંહિતાના અભ્યાસ કરવાવાળા પુરૂષને કદી નિર્વાણ સુખની ઇચ્છા ઉત્પન્ન થાય નહીં તથાપિ આ સંહિતાના સ્વભાવથીજ મોક્ષસુખ આવી મળે છે. ॥ ૧૩૮ ॥ હે રામચંદ્ર! આ સંહિતામાં યુક્તિએ કરી, દ્રષ્ટાંતે કરી, અર્થ માત્રની સહાયે કરીને યુક્ત વાકયોની ભિન્ન ભિન્ન રચના કરી છે અને તેનાં ૬ (છ) પ્રકરણો (વિભાગ) કરેલાં છે. ॥ ૧૩૯ ॥ હે રામચંદ્ર! આની અંદર જેમ નિર્જળ દેશનાં વૃક્ષોને પણ જળ સિંચન કરવાથી પત્રાદિક ઉત્પન્ન થાય છે તેમ વૈરાગ્ય કરનાર પ્રથમ વૈરાગ્ય નામનું પ્રકરણ છે. ॥ ૧૪૦ ॥ હે રામચંદ્ર! તે વૈરાગ્ય પ્રકરણનું

પ્રમાણ ૧૫૦૦ (પંદરસો) શ્લોકનું છે અને જેમ સરાણમાં ઉતારવાથી મણિ પ્રકાશમાન થાય છે તેમ તેનો વિચાર કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. ॥ ૧૪૧ ॥ હે રામચંદ્ર! બીજું **મુમુક્ષુ** વ્યવહાર પ્રકરણ ૧૦૦૦ (એક હજાર) શ્લોકના પૂરનું છે, યુક્તિવાળા ગ્રંથાએ તેને સુંદર કરેલું છે અને તેમાં મોક્ષ મેળવવાની ઇચ્છાવાળા મનુષ્યના સ્વભાવનું વર્ણન કરેલું છે. ॥ ૧૪૨ ॥ હે રામચંદ્ર! આમાં તે ઉપરાંત ત્રીજું ઉત્પત્તિ પ્રકરણ કરેલું છે. જેનું પ્રમાણ ૭૦૦૦ (સાત હજાર) શ્લોકનું કરેલું છે અને તે વિજ્ઞાન કરવાળું છે તથા જગત્માં દેખાતા પુરૂષોને ને જોવા યોગ્ય છે, તેમ તે પદાર્થોની સંપત્તિનું તેમાં વર્ણન કરેલું છે જેમાં 'હું' અને 'તું' તેમજ બીજા પુરૂષ આ નામરૂપના ભેદ બનેલા છે. ॥ ૧૪૩ ॥ હે રામચંદ્ર! આ જગત્ની સંપત્તિ કેવી છે? અને ઉત્પન્ન ન થએલા ઉદયની પ્રાપ્તી થઇ એમ કહ્યું છે. ॥ ૧૪૪ ॥ હે રામચંદ્ર! ઉત્પત્તિ પ્રકરણ સાંભળવાવાળા તથા તે સંભળાવનારા સંપૂર્ણ જગત્ને પોતાના હૃદયમાં જાણી લે છે. ॥ ૧૪૫ ॥ હે રામચંદ્ર! આ જગત્ 'હું' 'તું' એવા ભેદથી સહિત વિસ્તારને પ્રાપ્ત થએલ છે, અનેક લોક આકાશ—પર્વતોથી યુક્ત છે અને સામગ્રીના સમૂહના પિંડથી રહિત છે. વળી જેમ મૃત્તિકાના પિંડથી ઘડો અત્યક્ષ બનેલો છે તે પ્રમાણે તે ઉત્પન્ન થયું નથી તેમજ પૃથ્વિઆદિમાં જેમ પર્વતાદિક મર્યાદા થાય છે તેમ તેમાં પર્વતાદિક મર્યાદાવાળું નથી. ટુંકામાં તે અમર્યાદ છે. ॥ ૧૪૬ ॥ પૃથ્વિઆદિ ભૂતોની રચનાથી રહિત છે અને પૃથ્વિઆદિનો નાશ થયા છતાં પણ તે નષ્ટ થતું નથી. ॥ ૧૪૭ ॥ હે રામચંદ્ર! તે

જગત્; સ્વપ્નમાં દેખાતા પદાર્થોની માફક ભાસ થાય છે અને મનો-રથોની માફક વિસ્તારને પ્રાપ્ત થાય છે. ॥ ૧૪૮ ॥ હે રામચંદ્ર! વળી તે જગત્, સત્ય પદાર્થોની શૂન્યતા દેખવામાં ગંધર્વ નગર સમાન લાગે છે તેવું એક ચંદ્રમામાં બે ચંદ્રમાની ભ્રાંતિ સદૃશ્ય ભાસ થાય છે તેવું અને સૂર્ય કિરણોથી ચમકતી રેતીમાં જળની શંકા થાય તેવું છે. ॥ ૧૪૯ ॥ હે રામચંદ્ર! તેમ તે જગત્; વ્હાણના ચાલ-વાથી પર્વતનાં ચાલવાની ઉત્પન્ન થતી ભ્રાંતિ જેવું સત્ય લાભથી, રહિત છે, ચિત્તની શંકાથી ઉત્પન્ન થતી પિશાચ દર્શનની ભ્રાંતિ જેવું છે, અને બીજ વગરનું છતાં પણ તેનો ભાસ થાય છે. ॥ ૧૫૦ ॥ હે રામચંદ્ર! એટલુંજ નહીં પણ તે (જગત્); કથાના અર્થના આભાસની સમાન છે, આકાશમાં મુક્તા—મણિના આભાસ સરખું છે, સૂવર્ણમાં જેમ આભૂષણની કલ્પના થાય છે તેના તુલ્ય છે, અને જળમાં તરંગોની કલ્પના થાય છે તે સદૃશ્ય છે. ॥ ૧૫૧ ॥ જેવી આકાશમાં નીલા રંગની શંકા અસત્ય છે તેવી રીતે કલ્પના માત્ર છે, જેમ સ્વપ્નામાં અથવા આકાશમાં ચિત્તની કલ્પનાનું સ્ફુરણ થાય છે, જેમ આશ્રયવિના ચિત્ર નથી અને તે જોવામાં માત્ર સુંદર છે તેમ, કર્ત્તાથી રહિત અને સદાકાળ આભાસ આપ-નારૂં છે. ॥ ૧૫૨ ॥ વળી આ જગત્! જેમ ચિત્રમાં આળેખેલો અગ્નિ—દગ્ધ કરવાથી તથા પ્રકાશ આપવાથી વિજ્ઞન છે તથાપિ અગ્નિનાં નામ-રૂપને ધારણ કરે છે તેમ તે અસત્યરૂપ છે તથાપિ જગત્નાં નામ-શબ્દને, રૂપને અને અર્થને ધારણ કરે છે. ॥ ૧૫૩ ॥ હે રામચંદ્ર! આ જગત્, નીલ કમળોની પ્રતિમા તરંગોમાં પડે છે તેવું દેખાય છે અને નૃત્યશાળામાં જેમ નૃત્ય-વિલાસ દેખાય.

છે તથા તે ક્ષણમાત્રમાં પાછા જુનો જણાય છે તેમ તે ક્ષણમાત્રમાં જુનાં રૂપમાં આવે છે. ॥૧૫૪॥ હે રામચંદ્ર! જેનાથી અજ્ઞાનરૂપી અંધકાર શાંત થએલ છે એવાં વિજ્ઞાનરૂપી શરદનો આકાશ બરોબર છે, સ્તંભમાં ચિત્રેલી પૂતળી સમાન છે, ચિત્તરૂપ દિવાલમાં ઊદય પામેલ છે, જાણે કાદવની રચના કરેલી છે અને તે ચૈતન્ય યુક્ત પણ છે અને અચેતન પણ છે. એવી રીતે જગતનું ઊત્પત્તિ પ્રકરણમાં વર્ણન કરેલું છે. ॥ ૧૫૫ ॥ હે રામચંદ્ર! તે ઉપરાંત ચોથું સ્થિતિ પ્રકરણ કલ્પેલું છે, તેના શ્લોકોનું પ્રમાણ ૩૦૦૦ (ત્રણ હજાર) શ્લોકનું છે અને તેમાં અનેક દૃષ્ટાંતિકથા સંયુક્ત કરેલી છે. ॥ ૧૫૬ ॥ હે રામચંદ્ર! આ જગત્ કેવા પ્રકારના અહંભાવની સ્થિતિને પ્રાપ્ત થએલ છે? અને જોવાવાળા પુરૂષને જોવા યોગ્ય પદાર્થોના ક્રમથી વૃદ્ધ થએલ છે એવું તેમાં વર્ણન છે. ॥૧૫૭॥ હે રામચંદ્ર! વળી આ જગત્રૂપી મહાવૃક્ષ દશે દિશા મંડળમાં પ્રકાશમાન થતાં કેવીરીતે વૃદ્ધિ પામેલ છે એવી રીતનું તેમાં વર્ણન કરવામાં આવેલું છે. ॥ ૧૫૮ ॥ હે રામચંદ્ર! ત્યારબાદ પાંચમું ઉપશાંતિ ૫૦૦૦ (પાંચ હજાર) શ્લોકોના પ્રમાણનું કહેલું છે, તે યુક્તિ-વિસ્તારથી ઉત્તમ છે; આ જગત્ છે, અને હું છું, આ તું છે, આ પુરૂષ છે, એવી જે જગત્ની ભ્રાંતિ ઊત્પન્ન થએલી છે તે આવા પ્રકારે શાંત થાય છે; એ સઘળું ઉપશાંતિ પ્રકરણના શ્લોક સંગ્રહમાં કહેલું છે. ॥ ૧૫૯ ॥ હે રામચંદ્ર! જેવી રીતે ચિત્રમાં લખેલ સ્વરૂપ માત્ર શેષ રહે છે તે પ્રમાણે જીવનમુક્તિના ક્રમથી ભ્રાંતિ ક્ષીણ થાય છે તથાપિ સત્તાના લેશથી શેષ માત્ર રહે છે. ॥ ૧૬૦ ॥ હે રામચંદ્ર! તે ભ્રાંતિ વિરોધના અંશથી શાંત થાય છે તથાપિ

વિરોધ નગરના શાંત અંશથી અવશેષ રહે છે તમોને હું તેનાં નવ દૃષ્ટાંત કહું છું. ॥ ૧૬૧ ॥ હે રામચંદ્ર! ઉપશય થયા છતાં જ્ઞાનિ પુરૂષો અજ્ઞાનની સપ્ત ભૂમિકાનો જય કરે છે જેમ જેમ ક્રમાનુસાર ભૂમિનો જય થતો જાય છે તેમ તેમ તેની શંકા શાંત થતી જાય છે અને તેનો અંશથી રહેલ શેષ પણ શાંત થતો જાય છે પ્રથમ માત્ર સંસ્કાર લક્ષિત થાય છે અને પછી બક્ષિસરૂપ સંસ્કાર માત્ર શેષ રહે છે તેમ સપ્તભૂમિકામાં જરૂર નષ્ટ થાય છે અને તેથી જીવનમુક્તિ અર્થાત્ મોક્ષને પ્રાપ્ત થાય છે, તે સંબંધી એક દૃષ્ટાંત છે. તે સાંભળો ॥ ૧૬૨ ॥ હે રામચંદ્ર! કોઇક પુરૂષના વિચારમાં એક નગરનું સ્ફુરણ થયું અને તેનીજ પાસેના બીજા પુરૂષને સ્વપ્નામાં એક નગરી જોવામાં આવી અને પછી તે નગરીમાં યુદ્ધનો કોળાહળ શબ્દ થયો, વળી તેને ધનસંપત્તિ પ્રાપ્ત થઈ આ નગરીની શોભા સ્વપ્ન જોવાવાળાને પ્રત્યક્ષ દેખાણી અને વિચારમાં જોવાવાળાને નગરીની શોભા કિંચિત માત્ર દેખાણી અને સંકલ્પ (વિચાર) વાળાનો વિચાર શાંત થતાં તથા સ્વપ્નાવાળાને સ્વપ્નું નષ્ટ થતાં જેવી રીતે નગરીની શોભા શાંત થાય છે તે પ્રમાણે જગત્ મિથ્યા શંકા પણ શાંત થાય છે. ॥૧૬૩॥ હે રામચંદ્ર! જેવી રીતે મદોન્મત્ત હાથી પોતાની કલ્પનાથી વાદળ કલ્પે છે, વળી તે વાદળની ગર્જના કલ્પતા પોતે પણ ગર્જના કરે છે, અને જ્યારે પોતાની કલ્પનાની શાન્તિ થાય છે એટલે વાદળ—વાદળની ગર્જના વિગેરે સર્વેનો નાશ થાય છે તે પ્રમાણે તથા જેવી રીતે સ્વપ્નમાં નગરની કલ્પના થતાં તે કલ્પનાનો નાશ થતાં નગરનો પણ લિન થાય છે તે પ્રમાણે મનમાં થએલી દરેક ભ્રાન્તિનો નાશ થતાં તે

ભ્રાન્તિથી ઉત્પન્ન થએલ બાબતની પણ ઉપશાંતિ થાય છે. ॥૧૬૪॥ હે રામચંદ્ર! સામેથી દેખાતું નગર, તેની અંદર દેખાતો બગીચો અને તેમાં પ્રગટ થએલી વંધ્યા સ્ત્રી, તે સ્ત્રીના અંગથી ઉત્પન્ન થએલી કન્યા, વળી તે કન્યાની જીભથી કાંઇપણ કહેવાતાં વચન આ સઘળું શું ખરૂં છે? તે તમામ અનુભવ વગર ખબર પડતું નથી એટલે કે પાસે જતાં સર્વે ભ્રાંતિજ દૂર થાય છે એની માફક જગત્‌ની સર્વે ભ્રાંતિ શાંત થાય છે. ॥ ૧૬૫ ॥ હે રામચંદ્ર! ચિત્ર્યાનગરનું ચિત્ર અને તે ચિત્રનો વિસ્તાર, દિવાલ અથવા કોઇપણ આધાર વગર કરેલો છે. આ સર્વે જેવું અસંભવિત છે તેવીજ રીતે ભ્રાંતિ પણ જુદીજ છે તેમજ જેવી રીતે ભુલાઇ ગએલા રમવાવાળા નગરની સંભાવના પણ નથી તે પ્રમાણે ભ્રાંતિ શાંત હોતાં સર્વે ખોટું છે. ॥ ૧૬૬ ॥ હે રામચંદ્ર! સર્વ રૂતુથી સર્વ કાળમાં થતાં પુષ્પ-ફળોવાળાં વૃક્ષોથી સંયુક્તવન જેની ઉત્પત્તિ નહીં છતાં એમનું એમજ બનેલ તેનું સ્વરૂપ જેમ જોવામાં અસંભવિત છે તે પ્રમાણે ભ્રાન્તિ શાંત થાય છે અને આગળ થવાનાં જે પુષ્પવાળાં વૃક્ષોનું વન તેનું સ્વરૂપથી બનેલ જે વસંતરૂતુ તેની રચના જેમ મિથ્યા થાય છે તેમ ભ્રાંતિ શાંત થાય છે. ॥ ૧૬૭॥ હે રામચંદ્ર! અંદરથી લીન થઇ ગએલ છે, તરંગ સમુહ જેના નદી સમાન શાંત થએલ છે, તેના સમાન જગત્‌ની ભ્રાંતિ શાંત થાય છે. એ સઘળું ઉપશમ પ્રકરણમાં કહેલ છે. ॥ ૧૬૮ ॥ હે રામચંદ્ર! તે ઉપરાંત છઠ્ઠું **નિર્વાણ** પ્રકરણ કહેલું છે. તેનું પ્રમાણ શેષ ગ્રન્થ ૧૪૫૦૦ (ચૌદ હજાર પાંચસો) શ્લોકોનું છે અને તે જ્ઞાનના મહાઅર્થ કે જે મોક્ષ તેને દેવાવાળું છે. ॥ ૧૬૯ ॥ તેને જાણવાથી મ્હોટું કલ્યાણ થાય

છે, નિર્વાણ (મોક્ષ) ની શાંતિને આણે પ્રાપ્ત થાય છે અને તેનાથી આ પુરૂષ પૂર્ણાત્મા પણ થાય છે. વળી આ નિર્વાણ પ્રકરણ જાણવાથી આ પુરૂષ પોતે ચેતી જશે એવો ચૈતન્યરૂપ થાય છે, સ્વયંપ્રકાશ થાય છે, જ્ઞાન સ્વરૂપ થાય છે, નિર્વિકાર થાય છે, આકાશની માફક નિર્મળ થાય છે અને તેનો સંપૂર્ણ જગત્નો ભ્રમ શાંત થાય છે. ॥ ૧૭૦ ॥ હે રામચંદ્ર! તે પુરૂષનું જગત્માં આવવું જવું શાંત થાય છે, તેનું કૃત્ય સ્થિત થાય છે, સંપૂર્ણ જગત્ની રચના ચુર્ણ કરવામાં વજ્રના સ્તંભની સમાન લય કરવાવાળો થાય છે. અને આકાશની માફક અસંગ થાય છે. ॥ ૧૭૧ ॥ હે રામચંદ્ર! તે પુરૂષના અંતઃકરણમાં સંપૂર્ણ જગત્ની રચનાની જાળ અનેક અસંખ્ય પ્રમાણ સહિત લીન થાય છે અને તે પુરૂષ પોતાના સ્વરૂપમાંજ અત્યંત તૃપ્ત થાય છે. ॥ ૧૭૨ ॥ હે રામચંદ્ર! તે પુરૂષને કાર્ય કારણના ભેદનું જ્ઞાન હોતું નથી, કર્ત્તા-કર્મની જ્ઞાન દૃષ્ટિ હોતી નથી અને ગ્રહણ કરવું-ત્યાગ કરવું એ દૃષ્ટિ પણ થતી નથી. ॥ ૧૭૩ ॥ હે રામચંદ્ર! વળી તે પુરૂષ કેવા છે કે દેહથી યુક્ત છે તથાપિ અભિમાનથી રહિત છે, સંસારમાં વર્ત્તમાન છે તથાપિ સંસારનાં બંધનથી રહિત છે, ચૈતન્ય સ્વરૂપ છે તથાપિ તે પુરૂષના ઉદરમાં ઘણા પથ્થર ભરેલા છે અને જે પુરૂષ ઘણો સ્થુળ હોય અને તેનામાં ચાલવાનું સમર્થ હોય નહીં તે પુરૂષની માફક સંસારનાં કર્મોની ચેષ્ટાથી રહિત થાય છે. ॥ ૧૭૪ ॥ હે રામચંદ્ર! તે પુરૂષને સંસારની દુષ્ટ લીલાનો પ્રતિબંધ થઈ જાય છે, આશારૂપી વિસૂચિકારોગ ક્ષીણ થાય છે, અહંકારરૂપી વેતાળ નષ્ટ થાય છે અને દેહ ધારી છે, તથાપિ દેહના ધર્મથી રહિત થઇ

જાય છે. ॥ ૧૭૫ ॥ હે રામચંદ્ર! જે પ્રમાણે મેરૂ (સોનાનો) પર્વતનો વિસ્તાર લક્ષ યોજનનો છે તેમાં ભ્રમરી સૂક્ષ્મરૂપેથી સ્થિર જણાય છે તેવી રીતે તે પુરૂષના એક રૂંવાડાંના અગ્ર ભાગમાં આ સંપૂર્ણ જગત્‌ની સંપત્તિ સુક્ષ્મરૂપે સ્થિર થઇ જાય છે. ॥ ૧૭૬ ॥ હે રામચંદ્ર! તે પુરૂષ સ્વરૂપને લીધે પરમાણુના પણ પરમાણુથી સુક્ષ્મરૂપ થાય છે, જેનાં ચૈતન્ય સ્વરૂપ આકાશમાં જગત્‌ની હજારો લક્ષ્મીઓ દૃઢ થાય છે અને પોતાના સ્વરૂપમાં ધારણ કરીને પોતાનાંજ સ્વરૂપમાં દેખાય છે. ॥ ૧૭૭ ॥ જેમ બખ્તર ધારણ કરવાવાળા પુરૂષને બાણ વેંધી શકતું નથી તેમ હે રામચંદ્ર! આ અમારૂં કહેવું વેદાંતશાસ્ત્ર સુખનો બોધ કરવાવાળું છે, અલંકારોથી સુશોભિત છે, ઉત્તમ કાવ્ય છે, શાંત શૃંગાર આદિ રસોથી યુક્ત છે અને તે અત્યંત સુંદર દૃષ્ટાંતોથી અમે સિદ્ધ કરેલું છે. ॥ ૧૭૮ ॥ હે રામચંદ્ર! આ શાસ્ત્ર કેવું છે કેઃ-થોડા-પદાર્થોનાં જ્ઞાનથીપણ પોતેજ સુખથી બોધની પ્રાપ્તિ કરી આપે છે અને જે પુરૂષ આનાઅર્થને પોતે નહીં જાણતા હોય તે પુરૂષે આનું શ્રવણ વેદાંતશાસ્ત્ર જાણવાવાળા પંડિતોથી કરવું યોગ્ય છે. ॥ ૧૭૯ ॥ હે રામચંદ્ર! વળી આ શાસ્ત્ર શ્રવણ કરવાથી, મનન કરવાથી અને જાણવાથી—નિમિત્ત તપ, ધ્યાન અને જપાદિક કોઇપણ યોગ્યતાની જરૂર નહીં રહેતાં માત્ર આનું શ્રવણ—મનન કરવાથી—મોક્ષની પ્રાપ્તિ નિશ્ચય થાય છે. ॥ ૧૮૦ ॥ હે રામચંદ્ર! આ શાસ્ત્રનો દૃઢ અભ્યાસ કરવાથી વારંવાર વિચાર કરવાથી અપૂર્વ પંડિતાઇ પ્રાપ્ત થાય છે અને ચિત્તમાં સંસ્કાર સહિત જ્ઞાન પેદા થાય છે. ॥ ૧૮૧ ॥ હે રામચંદ્ર! આ શાસ્ત્રથી દીનતા અને દરી-

દ્રતાને લીધે વિઘ્ન કરવાવાળી જે દોષ દૃષ્ટિ છે તે પણ મુમુક્ષ પુરૂષનાં મર્મને વેધ કરી શકતી નથી. ॥ ૧૮૨ ॥ હે રામચંદ્ર! વળી સંસારની ભયંકારક જે ભીતિઓ છે તે જો આપણા સન્મુખ આવી પ્રાપ્ત થાય તોપણ જેમ કોઇ માણસને પર્વત આડો હોય અને બીજા ભાગ તરફથી બાણ અથવા જળધારા આવે પણ તેને ભેદી શકે નહીં તેમ-હૃદયમાં ખેદ કરતી નથી. ॥ ૧૮૩ ॥ હે રામચંદ્ર! આ શાસ્ત્રનું શ્રવણ કરવાથી પુરૂષોને સમુદ્રની સમાન ગંભીરતા આવે છે, મેરૂ પર્વતની પેઠે સ્થિરતા થાય છે અને ચંદ્રમાની તુલ્ય અંતઃકરણમાં શીતળતા પ્રગટે છે. ॥ ૧૮૪ ॥ હે રામચંદ્ર! જેવી રીતે ચિત્રમાં આપેલો સર્પ જોવાવાળાને ભય કરતો નથી તે પ્રમાણે આ શાસ્ત્રનો વિચાર કરવાવાળા પુરૂષને પ્રત્યક્ષ દેખાતો સંસારરૂપી સર્પ પણ ભય કરતો નથી. ॥ ૧૮૫ ॥ હે રામચંદ્ર! પુષ્પને સુંઘવામાં જેટલો વખત લાગે છે તેટલો વખત પણ આ શાસ્ત્રના વિચાર કરવાવાળાને આત્માની પ્રાપ્તિ થવામાં થતો નથી. ॥ ૧૮૬ ॥ હે રામચંદ્ર! પુષ્પોનાં પત્રોને તોડવામાં અંગોમાં કાંઇ પણ ખેદ થાય છે પરંતુ આ શાસ્ત્રનો વિચાર કરવાવાળાને પરમાત્માની પ્રાપ્તિમાં બિલકુલ ખેદ થતો નથી. ॥ ૧૮૭ ॥ હે રામચંદ્ર! આ શાસ્ત્રનો વિચાર કરવાવાળો પુરૂષ સુખેથી ગમે તે આસન કરી બેસે કેમકે તે પદ્માસનાદિક આસન નિયમના બંધનથી રહિત છે તેમજ પોતાની ઇચ્છાનુસાર વગર દૈવયોગથી જે મળે તે ભોજન કરે તે પુરૂષને તપ-વ્રતાદિકના નિયમની કાંઇ જરૂર રહેતી નથી, એટલુંજ નહીં પરંતુ તે (આ શાસ્ત્રનો વિચાર કરવાવાળો પુરૂષ) ભોગ પણ આચારથી સેવે તો વિરૂદ્ધ કર્મો પોતેજ ત્યાગ થાય છે.

॥ ૧૮૮ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ જેવો મળે તેવો સત્સંગ કરે, આ શાસ્ત્રનું અથવા બીજા કોઇ વેદાંત શાસ્ત્રનું એજ તેનો ઉત્તમ માર્ગ છે તેનું શ્રવણ કરે અને અન્યવિચાર ન કરે તે પુરૂષને જ્ઞાનથી મોટો બોધ થાય છે, તેથી સંસારની શાંતિ થાય છે અને તેથી માતાના ગર્ભાશયની પીડાને પ્રાપ્ત થતો નથી. ॥ ૧૮૯ ॥ હે રામચંદ્ર! જે પુરૂષો આવા સુખવાળા મોક્ષના ઉપાયમાં પણ ભય પામે છે અને પાપ કરી ભોગ રસોમાં આસક્ત થાય છે તે પુરૂષો માતાના મળમાં કીટ થાય છે અને તેનું નામ પણ મુખથી ઉચ્ચારવું જોઇએ નહીં કેમકે તે પુરૂષોને ઘણા નીચ સમજવા. ॥ ૧૯૦ ॥ હે રામચંદ્ર! આ પુરૂષો પોતાના કલ્યાણને વાસ્તે પ્રથમ સત્સંગ કરે, યુક્તિથી પોતાની બુદ્ધિ સુધારે અને તે ઉપરાંત મહાત્મા પુરૂષોનાં લક્ષણોથી તેઓની વૃત્તિ ધારણ કરે. ॥ ૧૯૧ ॥ હે રામચંદ્ર! શમ અને દમ ઇત્યાદિ મહા પુરૂષોનાં જે લક્ષણ છે તે ઊત્તમ પ્રકારનાં જ્ઞાન વગર સિદ્ધ થતાં નથી. ॥ ૧૯૨ ॥ હે રામચંદ્ર! જ્ઞાનમાં શમાદિક ગુણ રહેલા છે અને શમાદિક ગુણોમાં જ્ઞાન રહેલું છે તથા જેમ કમળથી સરોવર અને સરોવરથી કમળ પરસ્પર શોભે છે તેમ જ્ઞાન અને શમાદિક વૃત્તિની પણ પરસ્પર શોભા છે. ॥ ૧૯૩ ॥ હે રામચંદ્ર! સત્પુરૂષોના માર્ગથી જ્ઞાન ચડે છે અને જ્ઞાનથી સત્પુરૂષોના આચાર ચડે છે. અર્થાત્ જ્ઞાન અને સત્પુરૂષોના આચારનું પરસ્પર ચડતા પણુ છે. ॥ ૧૯૪ ॥ હે રામચંદ્ર! મેં આ બન્નેને સમાન રીતે સેવેલા છે કેમકે એ બન્નેમાં એક વગર બીજો સિદ્ધ થતો નથી. ॥ ૧૯૫ ॥ હે રામચંદ્ર! જેવી રીતે કોઇ સ્ત્રી પોતાનાં ખેતરમાંથી

પશુ-પક્ષીઓને દૂર કહાડે છે અને ગીતો ગાય છે. એટલે કે તે ગીતના આનંદની પ્રીતિવાળી સ્ત્રી પશુ-પક્ષીઓને દૂર કહાડવાં સાથેજ ગીતનો આનંદ મેળવે છે તે પ્રમાણે ચતુર પુરૂષો જ્ઞાનના આનંદ સાથે સત્પુરૂષોનો આચાર પ્રાપ્ત કરતાં આત્મપદની પ્રાપ્તિની સિદ્ધિ મેળવે છે. ॥ ૧૯૬ ॥ હે રામચંદ્ર! જેણે આત્મ સ્વરૂપ જાણેલું છે તે પોતેજ અવશ્ય પરમપદને પ્રાપ્ત થાય છે અને જો તે પુરૂષે મનની સાવધાનતાથી ઉત્તમ-અખંડ વસ્તુ જાણેલી છે તો તે વસ્તુ જ્ઞાનને વશ છે, કાંઇ દૂર નથી. ॥ ૧૯૭ ॥

એ પ્રમાણે શ્રી યોગ. વાસિષ્ઠમાંનું મોક્ષ આપવાવાળું મુમુક્ષુ વ્યવહાર નામનું બીજું પ્રકરણ સમાપ્ત થયું ॥ ૨ ॥

ઉત્પત્તિ પ્રકરણ ૩ જું.

હવે આ ત્રીજા પ્રકરણમાં શ્રીવસિષ્ઠજી શ્રીરામચંદ્રપ્રતિ જગત્‌ની ઉત્પત્તિનું વર્ણન કહે છે. જગત્ અને જીવનની ઉત્પત્તિ તથા પ્રલય આ સઘળું અજ્ઞાનથી કલ્પના માત્ર ભાસે છે અને સ્વપ્નની માફક મિથ્યાજ પ્રતીત થાય છે જ્ઞાન પણ ઉત્પન્નથી સર્વે એક અદ્વિતીય આત્મસ્વરૂપ બ્રહ્મજ ભાસે છે. આ અર્થનો શ્રીવસિષ્ઠજી રામચંદ્રજીને પ્રથમ સંક્ષેપથી શ્રવણ કરાવે છે. ॥ ૧ ॥ હે રામચંદ્ર! બ્રહ્મજ, તત્વમસિ, ઇત્યાદિ મહાવાક્યોના વિચારથી

બનેલ એક અભંડાર વૃત્તિને લીધે વૃદ્ધ થએલ આત્મપ્રકાશથી અને પોતાનાં તત્વોનાં સાક્ષાત્કારથી પોતેજ વાસ્તવિક રીતે નિત્ય મુક્ત-પૂર્ણ સ્વરૂપ ભાસે છે. પોતાની મુક્તિમાં કે મહાવાકયના વિચારથી થએલ એકાગ્રવૃત્તિ વિના બીજા ઉપાયની ઇચ્છા કરતા નથી. તે કેવી રીતે કેઃ-જે કારણથી આ શરીર ઈંદ્રિઆદિ કાર્ય રૂપને લીધે. આકાશાદિ કારણ રૂપથી દેખાતું બંધરૂપ જે વિશ્વ છે તે જીવરૂપી બ્રહ્મ વિશેજ સ્વપ્નની માફક પ્રગટ થએલ જણાય છે. સ્વપ્નબંધનની નિવૃત્તિમાં જાગ્રત થયા પછી અન્ય ઉપાયની જરૂર નથી તે પ્રમાણેજ આત્મસ્વરૂપનાં અજ્ઞાનથી બ્રહ્મજ સ્વપ્નની માફક જીવરૂપ થઇ સંસારબંધનને પ્રાપ્ત થએલ છે તે મહાવાકયનાં વિચારને લેઇને આત્મસ્વરૂપનાં જ્ઞાન વિના પોતાના બંધ દૂર કરવાને વાસ્તે અન્ય ઉપાયની જરૂર નથી. જે કોઇ અમારા જેવા અધિકારી છે તે પણ બ્રહ્મરૂપ છે, બ્રહ્મથીજ પ્રગટ થએલ અને વેદાંત વાકયોનાં શ્રવણ-મનન-નિદિધ્યાસનથી બ્રહ્મનેજ જાણે છે. તે અહંબ્રહ્મ, એવા પ્રકારથી જીવતાજ નિત્ય શુદ્ધ બુદ્ધિ પરીપુર્ણ-અદ્વિતીય નિત્યમુક્ત પરબ્રહ્મ થાય છે. ॥ ૨ ॥ હે રામચંદ્ર! મુમુક્ષુ વ્યવહાર પ્રકરણ ઉપરાંત હવે હું ત્હારા પ્રતિ ઉત્પત્તિ પ્રકરણ કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. ॥ ૩ ॥ હે રામચંદ્ર! આ સંસાર બધું દૃશ્ય પદાર્થની સત્ય ભાવનાથી થાય છે અને દૃશ્ય પદાર્થની અસત્ય ભાવનાથી નથી થતું. એટલા માટે જે પ્રકારથી દૃશ્ય પદાર્થની સત્યભાવના થાય નહીં તે પ્રકારને તું ક્રમથી શ્રવણ કર. ॥ ૪ ॥ હે રામચંદ્ર! જે સઘળું આ સ્થાવર જંગમ સંપુર્ણ જગત્ જોવામાં આવે છે તે જેમ સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્નનો

નાશ થાય છે તેમ કલ્પાંતકાળમાં પ્રલયને પ્રાપ્ત થઈ જાય છે. ॥ ૫ ॥ હે રામચંદ્ર! પ્રલય ઉપરાંત કિંચિત સત્તા માત્ર વસ્તુઓનું શેષ રહે છે. તે શેષ નિશ્ચય, ગંભીર, તેજ પણ નહીં અને અંધકાર પણ નહીં એવું, સર્વત્ર એકરૂપ વ્યાપ્ત અને રૂપ વગરનું છે. તેજ કેવળ સત્તામાં બ્રહ્મ છે. ॥ ૬ ॥ હે રામચંદ્ર! તે અવિનાશી છે, આત્મા છે, પરબ્રહ્મ છે અને સત્ય છે. ઈત્યાદિ તેનાં નામની કલ્પના પંડિતો એ વ્યવહાર વાસ્તે કરી છે. ॥ ૭ ॥ હે રામચંદ્ર! જે અદ્વિતી સત્તા માત્ર પરમાત્મામાં અહંભાવને પ્રાપ્ત થાય છે તે તુચ્છરૂપ જીવ ભાવને પામે છે. ॥ ૮ ॥ હે રામચંદ્ર! તેનાથી જે જીવ શબ્દના અર્થની કલ્પનાથી વ્યાંકુળ ભાવને પામે છે, ને મનની કલ્પનાથી યુક્તરૂપ થતાં મનન વ્યાપારને પ્રાપ્ત થાય છે. ॥ ૯ ॥ હે રામચંદ્ર! તે મનન વ્યાપારના સ્ફુરવાથી પરમાત્મામાંથી મન પ્રગટ થાય છે. કેમકે પરમાત્મા નિશ્ચળ છે અને મન ચંચળરૂપ છે. તે જેવી રીતે સમુદ્ર અચળ અને તેમાંથી ચંચળ એવા તરંગો પ્રગટ થાય છે તે પ્રમાણે પરમાત્માથી મન પ્રગટ થાય છે. ॥ ૧૦ ॥ હે રામચંદ્ર! તે મન સ્વતંત્ર હોવાથી જલદીજ સંકલ્પ કરે છે અને તે સંકલ્પના કરતાંજ આવા પ્રકારની જગત્‌રૂપ ઈંદ્રજાળની સંપત્તિ વિસ્તારથી મ્હોટી કરી દીધી છે. ॥ ૧૧ ॥ હે રામચંદ્ર! જેવી રીતે ભૂષણ શબ્દનો અર્થ સુવર્ણથી જૂદો નથી થતો અને સુવર્ણ શબ્દ ભૂષણથી ભિન્ન જોવામાં આવતો નથી તેવી રીતે જગત્ શબ્દનો અર્થ પરમાત્માવિષે ભિન્ન જોવામાં આવતો નથી. ॥ ૧૨ ॥ હે રામચંદ્ર! પ્રત્યક્ષ જોવામાં આવે છે. માટે સત્ય અને નાશવંત છે, વાસ્તે એ સત્ય એવી નદીની લેહેરીઓની માફક

ચાલવાળી જગતરૂપી ઈંદ્રજાળની લક્ષ્મી મનથીજ વિસ્તીર્ણ થઇ ગઇ છે. ॥ ૧૩ ॥ હે રામચંદ્ર ! જે આ મનથી વિસ્તારને પ્રાપ્ત થએલ જગત્‌રૂપી ઈંદ્રજાળની લક્ષ્મી છે. તેનાં અવિદ્યા, સંસાર, બંધન, માયા, મોહ, અહંકાર, ઇત્યાદિ નામ સર્વ શાસ્ત્ર વેત્તા પંડિત જનોએ કલ્પનાથી કરેલાં છે. ॥ ૧૪ ॥ હે રામચંદ્ર! દ્રષ્ટી આત્મા છે અને દૃશ્ય જગત્ છે, તેઓ પરસ્પરના સંબંધથી બંધન મુક્ત છે. તે આત્મા દૃશ્યની સત્તામાં હોવાથી બદ્ધ થએલ છે તે દૃશ્ય પદાર્થના અભાવથી મુક્ત થાય છે. ॥ ૧૫ ॥ હે રામચંદ્ર! જગત્ છે, 'તું છે' સર્વે ઇત્યાદિ કથન માત્ર દૃશ્ય છે અને મિથ્યાજ કરેલાં છે. જ્યાંસુધી આ સઘળું સત્ય ભાસે છે ત્યાંસુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ॥ ૧૬ ॥ હે રામચંદ્ર! આ જગત્ દૃશ્યરૂપથી સત્ય થાય તો કોઇને પણ શાંતિ થાય નહીં અને તેટલા વાસ્તે અસત્ય પદાર્થની સત્તા થતી નથી અને સત્ય પદાર્થનો અભાવ થતો નથી. ॥ ૧૭ ॥ હે રામચંદ્ર! એ કારણથી આ જગત્ દૃશ્ય છે, અસત્ય છે, એમ કોઇ કહે અથવા તપથી, ધ્યાનથી કે જપથી, મેં આ સઘળું જાણી તેનો ત્યાગ કરેલો છે એમ કોઇ કહેતો તે કાંજીથી તૃપ્ત થવાની માફક મિથ્યા છે. કેમકે જેમ કાંજીથી તૃપ્તિમળ થતું નથી તેમ તપાદિકોથી દૃશ્યનો ત્યાગ થતો નથી. ॥ ૧૮ ॥ હે રામચંદ્ર! જ્યાંસુધી દૃશ્ય ભાસે છે ત્યાંસુધી પરમાણુની પણ અંદર ચૈતન્યરૂપી દર્પણમાં પ્રતિબિંબિત થાય છે. જો કોઇ સમાધિ ચડાવનાર પુરૂષ એમ કહે કે—મેં દૃશ્ય દૂર કરેલું છે કેમકે હું હવે સમાધિમાં સ્થિર છું. હે રામચંદ્ર! એનું એ બીજ છે કે:-જો સમાધિમાં સંસારની સ્મૃતિ હોયતો તે સમા

ધિમાં પણ દ્રશ્ય દૂર થતું નથી. ॥ ૧૯ ॥ હે રામચંદ્ર! તે દ્રશ્યનું સ્ફુરણ થવા છતાં નિર્વિકલ્પ સમાધિથી પણ અખંડ દ્રશ્ય પદાર્થનો સુષુપ્તિ આફક લય થતો નથી અને તુરીયપદ પણ પ્રાપ્ત થતું નથી. ॥ ૨૦ ॥ હે રામચંદ્ર! આદ્રશ્ય પદાર્થ મનથી શાંત થાયતો સમાધિથી શું ફાયદો? અને સમાધિ ઉપરાંત વળી દ્રશ્ય પદાર્થનું દુ:ખ થાય તો ક્ષીણમાત્ર સમાધિમાં શાંત થવાથી શું સુખ છે? ॥ ૨૧ ॥ હે રામચંદ્ર! જોવાવાળો જો સમાધ આપોઆપ જડ થઈ જાય બળે કરી દ્રશ્યની શાંતિને દેખે તથાપિ તેથી શું સુખ છે? વળી તે ઉપરાંત પાછો દ્રશ્યનો ઊદય થાય છે. ॥ ૨૨ ॥ હે રામચંદ્ર! તેથી આ દ્રશ્ય મનની શાંતિવિના શાંત થતું નથી, તપથી, ધ્યાનથી અને જપથી શાંત થાય છે. એમ કહેવું એ અજ્ઞાની પુરૂષોની કલ્પના માત્ર છે. ॥ ૨૩ ॥. હે રામ! આ આકાશનાજ બ્રિપ્રની કથા હું તુંને કહું છું. તે કથા શ્રવણ કરવામાં ભૂષણ રૂપ છે અને જેનાથી ઊત્પિત્તિ પ્રકરણમાં ઘણી ઘણી રીતના બોધ થાય છે. ॥૨૪॥ હે રામચંદ્ર! એક આકાશજ નામનો બ્રાહ્મણ હતો તે જીવતો હતો અને તેના ધ્યાનમાં ઊંચ નિષ્ઠા હતી તેને મારવા માટે મૃત્યુ અગ્નિ મંડળને ભેદી જતું હતું પરંતુ તે બ્રાહ્મણને મારવામાં અસમર્થ થઇ ગયું. ત્યારે મૃત્યુ પોતાની અસમર્થતા વિશે યમને પુછવા લાગ્યું. ॥ ૨૫ ॥ મૃત્યુએ પોતાની અસમર્થતા યમને બતાવી ત્યારે યમ મૃત્યુને કહે છે કે, હે, મો'ત! તું એકલો આ આકાશજ બ્રાહ્મણને મારવાને સમર્થવાન નથી, પરંતુ જેવી રીતે તું તેને મારવાને તૈયાર થાય છે તેવી રીતે તેનાં કરેલાં કૃત્યો પણ તેને મારવાને શક્તિવાન છે, તો એવાં જે તેનાં કર્મ તેને

શોધી કાઢી તેની સહાયતા સાથે તેને મારવાનું યત્ન કર કે જેથી તું તેને મારી શકશે. ॥ ૨૬ ॥ એવી રીતે સાંભળીને મૃત્યુએ આકાશજ બ્રાહ્મણના કર્મની શોધ કરવા માંડી. તેનો શોધ નહીં લાગવાથી નિરાશ થઇ ધર્મ રાજાને તે પૂછવા લાગ્યું. ॥ ૨૭ ॥ હે, ધર્મરાજા! આકાશજ બ્રાહ્મણનું કર્મ ક્યાં રહે છે! મો'તનો પ્રશ્ન સાંભળીને ધર્મરાજા ચિંતવન કરીને કહેવા લાગ્યા. ॥ ૨૮ ॥ હે, મો'ત! આકાશજ બ્રાહ્મણનું કાંઇ કર્મજ નથી કારણ કે આકાશજ બ્રાહ્મણ અદ્વિતીય બળથી આકાશમાંથી પ્રગટ થયા છે. ॥ ૨૯ ॥ તે કારણને લીધે જે કેવળ આકાશથી પ્રગટ થાય છે, તે કેવળ સ્વચ્છ આકાશરૂપજ પ્રકાશમાન છે જેથી તેને કાંઇ કર્મ હોય નહીં. ॥ ૩૦ ॥ એનો પાછળ કર્મ નથી. અને હવે પછી પણ કર્મ થનાર નથી તે શું છે! કોણ છે! "કેવળ જ્ઞાન રૂપ છે!" ॥ ૩૧ ॥ જેણે પોતાનો પ્રાણ અમારી માફક કેવળ જ્ઞાનમાં લુબ્ધ કીધો છે, તે કેવળ સત્તા છે તેને કર્મની બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. ॥ ૩૨ ॥ જે આકાશથી પ્રગટ થએલા છે, જ્ઞાનરૂપ છે, માત્ર સત્તા સ્વરૂપ છે, તેથી પૃથ્વિઆદિકર્મોની સાથે તેને કાંઇ પણ સંબંધ રહેતો નથી, માટે હે, મો'ત! તું એને મારવાને યત્ન કરીશ નહીં. ॥ ૩૩ ॥ આકાશજને લઇ જવાને તું કદી શક્તિવાન થશે નહીં. તેથી કરીને તું તારા યત્નને છોડીદે. એવું સાંભળી મૃત્યુ (મો'ત) એકદમ વિસ્મયતા પામવા લાગ્યું, અને તે પોતાને માર્ગે જવા માંડયું. ॥ ૩૪ ॥ શ્રી રામચંદ્ર, પોતાના ગુરૂપ્રત્યે સવાલ કરે છે કેઃ—હે ગુરૂજી! આકાશજ વિપ્ર (બ્રાહ્મણ) જેનો તમે બ્રહ્મ તરીકે કહો છો, તે કેવા છે! સર્વ લોકને ખુશી કરવા

વાળા છે, કે પોતાના પ્રકાશરૂપ કર્મવાળા છે, કે બીજા જન્મથી રહિત છે (મુક્ત છે), કે એક સ્વરૂપ છે, કે બુદ્ધિની પ્રેરણા કરવાંવાળા છે એમ જે મારી બુદ્ધિ કહે છે, તે ખરૂં છે કે કેમ? ॥ ૩૫ ॥ શ્રીવસિષ્ઠરૂષી પ્રતિઉત્તર કરે છે કે, હે રામચંદ્ર! જે નિશ્ચય તમે કહો છો, તે તેવાજ છો, તેને વાસ્તે યમની સાથે મૃત્યુ વાદ કરતો હતો. ॥ ૩૬ ॥ માટે હે, રામચંદ્ર! આવા ચૈતન્યરૂપને લીધે આકાશજ એક ન્યાયી પુરૂષ ગણાય છે તે કેવળ એક રૂપ છે, તેને છેડો, અંત, કે મધ્ય ભાગ નથી તે એક પોતાના આત્માને જડ પ્રકાશમય રૂપ માને છે, તોપણ સ્વરૂપવાન દેહવાળા પુરૂષ સમાન દેખાય છે, વાસ્તવિક રીતે જોતાં જેવી રીતે વાંઝણી સ્રીને પુત્રની પ્રાપ્તિ અલગ છે તેવી રીતે આત્મા દેહથી અલગ છે. ॥ ૩૭ ॥ હે, રામચંદ્ર! સ્વયં પ્રકાશ આત્માવાળો દેહ ફકત સંકલ્પના રૂપ છે, પાંચ ભુતનો બનેલો દેહ જન્મ રહિત આત્માસાથે કોઇ કાળે સંબંધ રાખતો નથી. ॥ ૩૮ ॥ હે, રામચંદ્ર! સર્વ પ્રાણીનાં બે શરીર બનેલાં છે. તે કયાં છે? પેહેલું પ્રાણી પાંચ ભૂતનું બનેલું કારણ ભૂત પુતળું છે, તેનો દેહ ફકત સંકલ્પ માત્ર છે, બીજું પાંચ ભૂતાનો બનેલો આત્મા છે. જે જન્મ રહિત છે, એને કારણ કંઇ નથી તેને એનું શરીર એક સંકલ્પરૂપ છે. ॥ ૩૯ ॥ આ આત્મરૂપી શરીર કેવળ મનનો સંકલ્પ છે અને પૃથ્વિઆદિસાથે કંઇ સંબંધ ધરાવતું નહોવાને લીધે આ સંસાર ફકત મનને માનવાનેજ વાસ્તે છે (સંકલ્પના રૂપ છે.) ને જેવા રૂપમાં આવ્યો છે તેવાજ રૂપમાં રહે છે. ॥ ૪૦ ॥ હે, રામચંદ્ર! જન્મરહિત આત્માને કર્મ સહાયતા કરી શકતું નથી તે કારણને લીધે આત્મા તે સંકલ્પ માત્ર પ્રગટરૂપ વિશ્વમાં કર્મઆદિને સહાયતા કરી

શકતું નથી. ॥ ૪૧ ॥ હે, રામચંદ્ર! બ્રહ્મમાં કાર્ય કારણનો કાંઇ ભાવ થતો નથી, જેવું પરબ્રહ્મ છે તેવુંજ ત્રૈલોકય છે. ॥ ૪૨ ॥ હે, રામચંદ્ર! મનુ કરીને એક પુરૂષ છે જે સંકલ્પને લીધે બ્રહ્મનું સ્વરૂપ ધારણ કરે છે તેના મનનો સંકલ્પ માત્ર જગત્ છે, તેથી કરીને તેને જગત્ સત્યરૂપ દેખાય છે. ॥ ૪૩ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે આપણા મનમાં પિશાચ છે એવી સંકળના ઉઠે છે તે આપણા બાળકને પણ જાણ પડયાથી મરણ સુધી દુઃખરૂપ થઇ પડે છે તેવીજ રીતે આપણને દેખાતું પિશાચ સંકલ્પનું રૂપ બનેલું છે તે લોકની દૃષ્ટિમાં ભયને પેદા કરે છે. ॥ ૪૪ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે બીજની અંદર અંકુર રહે છે તેવી રીતે દેશ કાળના સ્વરૂપમાં આપણુંરૂપ પ્રકાશમય રહે છે. ॥ ૪૫ ॥ હે, રામચંદ્ર! જ્યાંસુધી શંકાની શાંતી નથી ત્યાંસુધી સાંભળનારના મનની શંકા દૂર થતી નથી, એ દુઃખ એક સંકલ્પનાનું બનેલું છે તેથી કરીને જેણે તે સાંભળ્યું છે, દેખ્યું છે તેને અદ્વૈતરૂપ દેખાતું નથી તેથી જ્યારે દેખીતી ઉત્પન્ન થયેલી મનની ભ્રાંતીનું મન સમાધાન કરે છે, ત્યારેજ દેખીતી શાંતી અથવા તે જાણવાની સમાધાનીનો ભાવ સ્થિર થાય છે, ત્યારે ખરી શાંતીનો પ્રભાવ થાય છે, આવી દેખીતી શાંતીના ભાવને પંડિત લોકો મોક્ષ કહે છે. ॥ ૪૬ ॥ શ્રી રામચંદ્ર પ્રશ્ન કરે છે કે હે, ભગવાન્! મનનું સ્વરૂપ કેવું છે? તેનું તમે મને સર્વ વર્ણન કહો કારણ કે તેમાં સંર્વ સંપૂર્ણ લોકરચનાનો વિસ્તાર કર્યો છે. ॥ ૪૭ ॥ વસિષ્ઠરૂષી જવાબ દે છે કે હે, રામચંદ્ર! આ મનનું રૂપ ફક્ત નામનુંજ છે, તે બીજાની દૃષ્ટિએ દેખાતું નથી. જેવી રીતે આકાશનું રૂપ શૂન્ય છે, જડ છે, તેવી રીતે મનથી રૂપ

રહિત છે, શૂન્ય છે, ને જડ છે. ॥ ૪૮॥ હે, રામચંદ્ર! મન બહારથી પણ સત્યરૂપ નથી અથવા અંતઃકરણ (હૃદય) થી પણ સત્યરૂપ નથી પણ સઘળે સ્થળે મન સ્થિરરૂપ છે, જેવી રીતે આકાશ જગતમાં સ્થિરરૂપે દેખાય છે. ॥ ૪૯ ॥ હે, રામચંદ્ર! તે અંદર નથી, બાહેર નથી, મધ્યમાં સત્યનો અને અસત્યનો જે ભાવ પેદા થયો છે, તેને તમે મન તરીકે માનો પણ તે મનનું રૂપ નથી. ॥ ૫૦ ॥ હે, રામચંદ્ર! સંકલ્પનાને તમે મન તરીકે માનો છો, પણ મન સંકલ્પનાથી જુદું નથી જેવી રીતે ચાળવાથી પાણી જુદું પડતું નથી અથવા ફુંકવાથી પવન જુદો પડી શકતો નથી, તેવી રીતે સંકલ્પના મનથી જુદી પડતી નથી. ॥ ૫૧ ॥ હે, રામચંદ્ર! સત્ય અસત્ય પદાર્થોની લાગણી તેને તમે મન માનો, અને તે બ્રહ્મા છે, અને તેજ સૃષ્ટિ કર્ત્તા છે. ॥૫૨ ॥ હે, રામચંદ્ર! સંકલ્પનાના શરીરને મન કહ્યું છે, તે માત્ર સંકલ્પરૂપી શરીર લાંબી મુદત સુધી દૃઢ રહે છે, તે પાંચ ભૂત બુદ્ધિને ધારણ કરે છે. ॥૫૩॥ હે,રામચંદ્ર! ત્રૈલોક્ય છે, કે અમે છીએ, કે તમે છો, એ પ્રમાણે અભાવનો દેખાવ પ્રાપ્ત થાય છે એવું દેખવાવાળાને નિર્મળ આત્મારૂપનો કેવળ અદ્વૈતભાવ પ્રગટ થાય છે. ॥ ૫૪ ॥ હે, રામચંદ્ર! પર્વતાદિ નામરૂપથી રહિત જેવા નીર્મળ દર્પણમાં સંપૂર્ણ રીતે પર્વતાદિનો ભાષ્ય આપે છે, તેવી રીતે કેવળ અદ્વિતીય આત્મામાં જગત્‌નો પ્રતિબીંબ થાય છે. ॥ ૫૫ ॥ હે, રામચંદ્ર! હું છું, તમે છો કે જગત્ છે વિગેરે જગત્‌ની ભ્રમણા શાંત થાય છે ત્યારે સઘળા દેખવાવાળાને જેવી રીતે અમે દેખીએ છીએ એવું જોવાનું ભાન થતું નથી, તેવી રીતે આત્માનો અદ્વૈતભાવ સિદ્ધ-

થાય છે. ॥ ૫૬ ॥ શ્રી રામચંદ્ર ગુરૂ પ્રત્યે કહે છે કે—હે, ગુરૂ! આ પરમાત્મા, દેવતાના પણ દેવતા છે, તે કેટલાં તપ કરીને, કેટલાં કલેશ કરીને, અને કેટલા તાપ અને સહન શક્તિને વશ થયાથી તે મેળવી શકયા છે તેનું વર્ણન તમે મને કહો. ॥ ૫૭ ॥ વસિષ્ઠરૂષી કહે છે, હે, રામચંદ્ર! આપણું પુરૂષનું કર્તવ્ય કરીને, વિવેકનો પ્રકાશ કરીને, આ આત્માને મેળવી શકાય છે, તે તપ કરવાથી સ્નાનાદિ બીજી ક્રિયાનું કર્મ કરવાથી પ્રાપ્ત થતું નથી. ॥ ૫૮ ॥ હે, રામચંદ્ર! રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, મદ કે ઈર્ષા તેને પરિત્યાગ કર્યા સિવાય તપ, દાન, કલેશ જે કરવામાં આવે છે, તેના ફળની પ્રાપ્તી થતી નથી. ॥ ૫૯ ॥ હે, રામચંદ્ર! રાગ દ્વેષે કરીને મનનું વલણ ફેરવી પારકાના ધનને ગ્રહણ કરીને યજ્ઞ, દાન, તપ વિગેરે, જે કોઇ કરે છે, તેને યજ્ઞ, દાન, તપનું ફળ મળતું નથી પણ જેનું ધન હોય છે તેને તે ફળ મળે છે. ॥ ૬૦ ॥ હે, રામચંદ્ર! રાગ દ્વેષે કરીને જે કોઇ વૃત, નિયમ, દાન, યજ્ઞ કરે છે તેને દુભવાવાળો કહે છે, ને તેને જરા પણ તેનું ફળ મળતું નથી. ॥ ૬૧ ॥ તેથી કરીને હે, રામચંદ્ર! આપણું પુરૂષનું કર્તવ્ય કરીને સંસારની નિવૃત્તિને સમયે ઉત્તમ શાસ્ત્ર અથવા સત્સંગ ઔષધનું જો કોઇ યત્ન કરે તો શાસ્ત્ર અથવા સત્સંગ, સંસાર વિગેરે બીજા રોગનું નીવારણ કરે છે. ॥ ૬૨ ॥ હે, રામચંદ્ર! સારા શાસ્ત્ર અને સત્સંગને લીધે સંપૂર્ણ વિવેકના બળે કરીને અવિદ્યાનો (અભણુતાનો) નાશ થાય છે, જેવી રીતે જળની મલીનતા ખાર આદિ વસ્તુથી દૂર થાય છે તેવી રીતે પુરૂષની મલીનતા યોગાભ્યાસે કરીને દૂર થાય છે. ॥ ૬૩ ॥ શ્રી રામચંદ્રજી પોતાના ગુરૂ પ્રત્યે કહે છે કેઃ—હે ગુરૂજી!

આત્મજ્ઞાનને જાણવા વાસ્તે જે શાસ્ત્ર મુખ્ય છે તેનું મને નામ કહો કે જેને લીધે કાઇ દિવસ ફરીથી શોક પ્રાપ્ત થતી નથી કારણ કે તમે શાસ્ત્રવેત્તા પુરૂષમાં શ્રેષ્ટ છો. ॥ ૬૪ ॥ વસિષ્ઠરૂષી કહે છે કે, રામચંદ્ર! આત્માને જાણવાવાસ્તે વેદાંત શાસ્ત્ર સાધન છે ને તે વેદાંત શાસ્ત્રોમાં મહારામાયણ શાસ્ત્ર ઉત્તમ અને મુખ્ય છે. ॥ ૬૫ ॥ હે, રામચંદ્ર! આત્માને જાણવા વાસ્તેના ઉપાય જે મહારામાયણમાં કહ્યા છે તે બીજા શાસ્ત્રોમાં પણ કહ્યા છે અને જે આ શાસ્ત્રમાં નથી તે બીજા શાસ્ત્રમાં પણ નથી. આ મહારામાયણશાસ્ત્રને સર્વે શાસ્ત્રજ્ઞાનનો ભંડાર કહે છે અને સંપૂર્ણ જ્ઞાનવાળા પંડિત લોક આ શાસ્ત્રને માને છે. ॥ ૬૬ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ આનું નિત્ય સ્તવન કરે અથવા સાંભળે તેને અલૌકિક ચમત્કાર દેખાય છે, અને તેની બુદ્ધિ પરમ બોધને પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી. ॥ ૬૭ ॥ હે, રામચંદ્ર! જેને પોતાના પાપનું દુષ્ટ ફળ મળ્યું હોય અને જો તેનું આ શાસ્ત્રમાં ધ્યાન ન ચોંટે તો તે પુરૂષ તે નિવારણાર્થે બીજાને આત્મબોધ આપવા વાસ્તે આ શાસ્ત્ર સંભળાવવાને કહે છે ॥ ૬૮ ॥ શ્રી રામચંદ્રજી ગુરૂને પ્રશ્ન કરે છે કે હે ગુરૂજી! વિદેહનમુક્તિ અને લક્ષણનું મને વર્ણન કરો કે જેને સાંભળીને ત્રીસ પ્રકારની જીવનમુક્તિની જ્ઞાનદષ્ટિને હું પ્રાપ્ત કરૂં, અને તે જ્ઞાન દષ્ટિવડે હું પણ મુક્તિ મેળવવાને વાસ્તે યત્ન કરૂં. ॥ ૬૯ ॥ વસિષ્ઠ રૂષી કહે છે કે હે, રામચંદ્ર! જે કે કેટલાએક પુરૂષ જગતના વ્યવહાર પ્રમાણે ચાલે છે તોપણ તે દેખીતા જગત્‌ના વ્યવહારને આકાશનો ગુણ શાંત માલુમ પડે છે તેવોજ તેને જગતનો વ્યવહાર ભાસે છે. આવી રીતે જગત્‌ના વ્યવહારની ભ્રમણામાં ખોટી રીતે

તલ્લીન ન થયેલો પુરૂષ જીવનમુક્ત કહેવાય છે. ॥૭૦॥ હે, રામચંદ્ર! જે પુરૂષ આત્મજ્ઞાનમાં પૂર્ણ નિષ્ટા રાખનારો છે, જેને જાગ્રત અવસ્થામાં સુષુપ્તિ અવસ્થાની બરોબર ભ્રમણા થતી નથી અને લોકોને જગતનો વ્યવહાર કરતાં જેની દૃષ્ટિ તે તરફ લલચાતી નથી તેને જીવનમુક્ત કહેવાય છે. ॥૭૧॥ હે, રામચંદ્ર! જેની મુખકાંતિ સુખમાં પ્રફુલ્લિત થતી નથી તેમજ દુઃખમાં ઉદાસમય દીસતી નથી અને જેની વૃત્તિ જે વખતે જે પ્રાપ્ત થાય છે તેમાંજ સંતોષ માને છે તેને જીવનમુક્ત કહે છે. ॥ ૭૨ ॥ જે પુરૂષ જાગ્રત અવસ્થામાં જગત્‌ને નિંદ્રા અવસ્થાનું પ્રમાણ ગણે છે. અને જેને લોક વ્યવહારની જાગ્રત અવસ્થાનું પુરેપુરૂં ભાન રહેતું નથી (અથવા હોતું નથી) જેની વાસના (મનની સંકળના) આત્મબોધમાં રહેલી છે એ પુરૂષ જીવનમુકત કહેવાય છે. ॥ ૭૩ ॥ હે, રામચંદ્ર! જેના મનમાં રાગ દ્વેષરૂપી ભય વસેલો છે અને અંતઃકરણમાં આત્મબોધ અને નિર્મળ જ્ઞાનનો પાસ છે એવા પુરૂષને પણ જીવન મુકત કહ્યો જાય છે. ॥૭૪ ॥ હે, રામચંદ્ર! જેની વૃતિ કર્મ કરીને અથવા કર્મ નહીં કરીને અહંકારમાં લુબ્ધ થતી નથી અને તે નિવૃત્તિ રૂપી ફળની આકાંક્ષા રાખતી નથી એવા પુરૂષને પણ જીવનમુકત ગણવો.॥૭૫॥હે, રામચંદ્ર! જે પુરૂષને સંકલ્પ વિકલ્પથી ત્રિલોકની ઉત્પત્તી તથા પ્રલય (પેદા થવું અને નાશ થવું) નું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જેને નિર્મળ આકાશનો ભાષ થાય છે એવો જે પુરૂષ તે જીવનમુકત ગણાય છે. ॥ ૭૬ ॥ હે, રામચંદ્ર! જેનાથી લોકને દુઃખ પેદા થતું નથી અથવા જેને લોકના પ્રસંગવડે કાંઇપણ દુઃખ લાગતું નથી અને હર્ષ, ક્રોધ ને ભયથી જે હમેશાં મુક્ત છે

(તેનાથી દૂર રહે છે) તેને જીવનમુકત કહે છે. ॥ ૭૭ ॥ હે, રામચંદ્ર! જેની સંસાર વૃતિ શાંત થઇ ગઇ છે, અને ગુણવાન છે તો પણ ગુણ વગરનો ગણાય છે અને ચિત્ત યુકત છે તોપણ જેનું ચિત્ત ધર્મમાં ગુથાયેલું છે અને સંસારથી વિરકત છે, તેને જીવનમુકત કહે છે. ॥ ૭૮ ॥ હે, રામચંદ્ર! જેનું સંપૂર્ણ કાર્ય વ્યવહારમાં ગુંથાયેલું છે તોપણ શાંત વૃત્તિવાળો છે અને સઘળી વસ્તુઓની નુકશાન નફાની બાબતમાં પૂર્ણ રીતે સંતોષીત જેનું મન છે તેને પણ જીવનમુકત કહ્યા છે, ॥ ૭૯ ॥ હે, રામચંદ્ર! જ્યારે કોઇ પણ માણસ જીવનમુકિતને પ્રાપ્ત થાય છે ત્યાતે જીવનમુકિતનો નાશ કરીને મોક્ષને પામે છે, જેવી રીતે પવન નીચેની તળેટીથી આમતેમ ઉડતાં (વાતાં, લાગતાં) ઉપરના પડની સાથે મળી જઈ સ્થિર થાય છે તેવી રીતે. જીવનમુકિતને ત્યાગ કરી મોક્ષને પુરૂષ આત્મસત્તાથી સ્થિર થાય છે એટલે તેને દેહ ધારણ કરવાની સત્તા રહેતી નથી (ફરીથી દેહ ધારણ કરવો પડતો નથી.) ॥ ૮૦ ॥ હે, રામચંદ્ર? જે મોક્ષ પદને પામે છે તે ફરીથી જન્મ લેતો નથી, અથવા તો તેને મરણ પણ થતું નથી, અને શાંત થાય છે અને સત્યવાન થતો નથી તેમજ અસત્યવાન થતો નથી અથવા તો છેટે (દૂર) અથવા પાસે દેખાતો નથી તેમ, અહંકાર હોતો નથી તેમ નામપદ હોતું નથી, અથવા તેને કાંઈ નામથી બોલાવામાં આવતું નથી. ॥ ૮૧ ॥ હે, રામચંદ્ર? દેહમુકિતને લીધે પોતાના જીવ ભાવનો નાશ કરીને મનની વૃત્તિનો ક્ષય કરનાર માણસ ફકત સત્તારૂપ કહ્યો જાય છે, તે પરમાત્મારૂપ કહેવાય છે. ॥ ૮૨ ॥ હે, રામચંદ્ર? જે સત્તા માત્રરૂપ તે ગણાય છે તેને તમે

આંગળો જેને સ્વપ્ન પણ નથી અને જેને અંત પણ નથી અથવા જેના નામની સ્થિતી જડ નથી, એવી વાડી નિંદ્રાવાળું જે રૂપ તે દેહ મોક્ષરૂપમાં શેષરૂપે રહે છે. ॥ ૮૩ ॥ હે, રામચંદ્ર! આ જગતની રચનાનો અનુભવ કરી જેવી રીતે રૂપ આકાશને, નિર્મળ રૂપમાં આત્મામાં મળેલું હોતું નથી તેવી રીતે સ્વપ્નમાં સંકળનાની લાગણી પૃથ્વિમાં અદ્ભુત હોતી નથી. ॥૮૪॥ હે, રામચંદ્ર? આત્માનું ચિંત્વન કરવું તેનું પોતાના મનને બોધ કથન કરવું જેને એ વિષે આત્માને ચિંત્વન થાય છે તેને પંડિત લોકો બ્રહ્માભ્યાસ કહે ॥ ૮૫ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ વિરક્તીને પ્રાપ્ત થયો છે, તે પુરૂષ મહાત્મા ગણાય છે, તે ભોગની વૃત્તિથી ઘણોખરો વિરકત હોય છે, તેને ભોગનો અભાવ રહે છે તે કલ્યાણરૂપ છે, અને આ જગત્ રૂપ સંસારને તે જીતી શકે છે. ॥ ૮૬ ॥ હે, રામચંદ્ર? જે પુરૂષના દીલમાં ઉદારતાનાં બીજ રોપાયાં છે અને વૈરાગ્યને પ્રાપ્ત થયો છે અને તેને લીધે જેણે બધી વસ્તુનો ત્યાગ કર્યો છે અને જેની બુદ્ધિ આનંદમાં નિમગ્ન રહેલી છે તે પુરૂષને સંન્યાસી કહે છે. ॥ ૮૭ ॥ હે, રામચંદ્ર? જ્ઞાનને પ્રાપ્ત કરવાવાળી વસ્તુ જે બ્રહ્મ છે તેને જાણવાને સંસારમાં અત્યંત અભાવ પેદા થાય છે ને તત્વ વિચારના સંપ્રદાયરૂપી શાસ્ત્રવડે યુકિત કરીને જે અભ્યાસ કરવામાં આવે છે તે પુરૂષને બ્રહ્માભ્યાસી કહે છે. ॥ ૮૮ ॥ હે, રામચંદ્ર! આ જગત્ છે, અહીંઆં હું અને તમે છીએ એવું જગતમાં દશ્યમાન થતું નથી (કોઇ સમજી શકતું નથી) તેને લીધે હજુ પણ સત્ય પ્રકાશમાન થતું નથી એવા પ્રકારના દૃઢ બોધના અભ્યાસને પંડિત લોકો બોધભ્યાસ કહે છે. ॥ ૮૯ ॥ હે, રામચંદ્ર!

દશ્યમાન ચીજનો જ્યાં અસંભવ છે અને તેની સાથે અભાવનો બોધ થવાને લીધે રાગ દ્વેષાદિકનો પરિત્યાગ કરવાને જે કુવ્વા આત્મવિચારથી સુક્ષ્મ બુદ્ધિ પેદા થાય છે, અને તેથી કરીને જે પ્રીતિ ઉત્પન્ન થાય છે, તે બ્રહ્મચારીનો અભ્યાસ કહેવાય છે. ॥ ૯૦ ॥ હે, રામચંદ્ર !. દેખીતી ચીજનો બોધવીનાનો અભાવ રાગ દ્વેષાદિકને જીતવાનો જે અભ્યાસ કરે છે તેને તપ કહે છે, અને તે તપથી આત્મજ્ઞાન થતું નથી એનું કારણ શું હશે ? એ તપ દેખીતા પદાર્થોની વાસનાને પ્રાપ્ત કરે છે અને તેથી કરીને તે મહા દુઃખને પ્રાપ્ત થાય છે. ॥ ૯૧ ॥ હે, રામચંદ્ર ! દેખીતી ચીજની લાગણીનો અભાવ પણ જ્ઞાનને પેદા કરી શકે છે અને જ્ઞાનમય જે પરમાત્મા તેના સ્વરૂપનો તેને ઉપદેશ થાય છે. અને અભ્યાસના નીરવાણ પદને તે પ્રાપ્ત થાય છે અને એ પ્રમાણે બોધનો જો અભ્યાસ થાય તો પરમ આનંદ પ્રાપ્ત થાય છે.॥૯૨ ॥ હે રામચંદ્ર ! આ સંસારરૂપી માહાન રાત્રીની અંદર મોક્ષરૂપી મહાનિંદ્રા પેદા થઈ છે તેને જો હમેશાં બોધરૂપી જળનું સિંચન કરવામાં આવે તો (છાંટવામાં આવેતો) મહાનિંદ્રાનો લય થઈને સંપૂર્ણ નિવૃતિને પ્રાપ્ત થાય છે અને જેવીરીતે શરદરૂતુની અંદર વરસાદનો બરફ થઈને ગળી જાય છે તેવીરીતે તેમના મનનો નિશ્ચય થાય છે. ॥ ૯૩ ॥ હે, રામચંદ્ર ! આકાશ એક ચિત્તનું છે જેની અંદર સંકલ્પનાની લાગણી પેદા થાય છે, તે એક ચિકાદાશ રૂપ બને છે જેમાં દેખીતા પદાર્થની લાગણી જેવામાં આવેછે અને તેથીકરીને તે એક સ્વરૂપનું આકાશ બન્યું છે અને તેમાં જગત રહે છે. એ જાણીને તમારે એકજ જાણવા કે જે દરેક વસ્તુનો

ત્યાગ કરે છે. ॥ ૯૪ ॥ હે, રામચંદ્ર ! આ સંકલ્પરૂપી ચિત્ત જે શરીરના પ્રમાણમાં લેખાય છે. તે સર્વત્ર વ્યાપી રહે છે, જેને જેવી ઈચ્છા પ્રાપ્ત થાય છે તેવીજ તે નાશ પણ થાય છે ॥૯૫॥ શ્રી રામચંદ્ર ગુરૂ પ્રત્યે સંવાદ કરે છે કેઃ—હે ગુરૂ! તમે જે સુક્ષ્મ ચિત્તની હયાતી વિષે કહ્યું છે તે સર્વે જગત્ અને સૃષ્ટિને પેદા કરવાને શકિતવાન છે; જે સ્થૂળ જેવું બનીને સ્થૂળ દેહને તાબે રહે છે અને સર્વે દેહના તત્વને જાણે છે, સર્વે ઠેકાણે વ્યાપી રહેલું છે, અને સ્વતંત્ર છે, તો હે, ગુરૂજી ! એમાં મારે બે પ્રશ્ન કરવાની જરૂર છે, એવું ચિત્ત અમારા જેવાનું પણ હોય છે અને એવું થતું નથી, અને જો ઉપર કહ્યા પ્રમાણે અમારૂં ચિત્ત એવું થાય છે, તો એક એક ચિત્તને અનેક અનેક સૃષ્ટિના વિચારભેદ પેદા થાય છે. જેવું જેવું મન તેવી તેવી સૃષ્ટિ પેદા થાય છે. અને જો એવું ચિત્ત અમારા લોકોનું થતું નથી તો ચિત્ત પણ અસત્ય રૂપ છે. અને સૃષ્ટિ પણ અસત્ય રૂપ છે. તો બન્ને દરેક. જાગ્રુને સરખા માલુમ પડે છે માટે જ્ઞાન એ પ્રાપ્ત થએલા ચિત્તનો નાશ થાય છે અને ત્યારે જગતના નાશની પણ પ્રાપ્તી થાય છે ॥ ૯૬ ॥ વસિષ્ઠરૂષી કહેછે કે, હે, રામચંદ્ર ! કોઈ ચૈતન્યની સંકલ્પના ક્ષણમાત્ર લય થાય કે સઘળી વૃત્તિ તરતજ નાશ થાય છે અને ચૈતન્યની સંકલ્પના ઉદયથી કલ્પના માત્ર ઉતપન્ન થાય છે અને સંકલ્પનાનો લય થવાથી સઘળી કલ્પનાનો અંતે. લય થાય છે, કલ્પના કોને કહે છે? સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળીયુગ, એ ચાર હજાર વખત થઈ જાય ત્યારે એક કલ્પ (કલ્પના) થાય છે અને તેજ ઈશ્વરની સંક-

૯૫ના છે. હવે જીવના સંકલ્પની વાર્ત્તા કહું છું. ॥ ૯૭ ॥ હે, રામચંદ્ર! મરણને લીધે મુર્છા સઘળાને પેદા થાય છે એનો અનુભવ તમોને છે અને તેજ જીવની નાશવાળી રાત્રીને તમે જાણવાવાળા છો. ॥ ૯૮ ॥ મરણને સમયે જીવના સંકલ્પની નાશવૃત્તિ થાય છે, અને મરણ થયા પછી જીવ પોતાની સાથે પોતાની સઘળી વૃત્તિનો નાશ દેખે છે પછી જુદા જુદા સંકલ્પ પોત પોતાની અનુભવની સૃષ્ટિથી જુદી જુદી રચના ઘડે છે અને જેવી રીતે ભ્રમણાથી સર્પનો ભય પેદા થાય છે, અને જેવી રીતે સભામાં નૃત્ય થાય છે, અને જેવી શંકા પેદા થાય છે તેવી રીતે પોત પોતાની રચનાનો ઉપયોગ કરે છે. ॥૯૯॥ હે, રામચંદ્ર! જેની બુદ્ધિ જ્ઞાની સાથે જોડાયલી નથી, અને મુઢ છે અને સ્વચ્છ વિચાર જેના દિલમાં પ્રવેશ કરી શક્તા નથી, એવો અજ્ઞાની પુરૂષ જગતની દ્રષ્ટિમાં ઘણી વખત અસત્યરૂપ હોવા છતાં સત્યરૂપ દીસે છે. ॥૧૦૦॥ હે, રામચંદ્ર! જેવી રીતે બાળકને વેતાળ મરણસુધી દુઃખ દે છે, તેવી રીતે મુઢ આદમીને અસત્યરૂપી જગત્ મર્ણપર્યંત સત્યરૂપી દેખાય છે જે દુઃખને પ્રાપ્ત કરનાર છે. ॥ ૧૦૧ ॥ હે, રામચંદ્ર! અમૃતના જેવું માનવાથી વિષ પણ અમૃતસમ ગણાય છે જેવી રીતે મિત્ર ભાવથી શત્રુ પણ મિત્ર તરીકે લેખાય છે. ॥ ૧૦૨ ॥ હે, રામચંદ્ર! એ પદાર્થોનું સ્વરૂપ આપણા ભાવને મળતું આવે છે અને તેવીજ રીતે તે દેવની વૃત્તિને પ્રાપ્ત થાય છે અને તેથી કરીને જગત્ હમેશાં સત્ય જણાય છે. ॥ ૧૦૩ ॥ હે, રામચંદ્ર! એક દિવસમાં પંદર મુહુર્ત થાય છે જેમાં બ્રહ્માનું એક મુહુર્ત થાય છે, તે એક મનુનું રાજ્ય થાય છે, ચાર યુગ એકવીસ (૨૧) વાર થાય તો એક મનુનું

રાજ્ય થાય છે અને ચૌદ (૧૪) મનુના રાજ્ય થાય તો એક બ્રહ્માનો દિવસ થાય છે અને તે પ્રમાણે ૩૦ બ્રહ્માના દિવસનો એક માસ થાય છે, અને બાર (૧૨) માસે બ્રહ્માનું એક વર્ષ થાય છે, અને બ્રહ્માજીનું આયુષ્ય એ પ્રમાણે સો (૧૦૦) વર્ષનું છે, અને તે બ્રહ્માનું આયુષ્ય વિષ્ણુનો એક દિવસ થાય છે. ॥૧૦૪॥ એ પ્રમાણે (૧૦૦૦) વર્ષ શ્રીવિષ્ણુ ભગવાનનું આયુષ્ય છે અને જે વિષ્ણુ ભગવાનનું આયુષ્ય છે તે શિવનો એક દિવસ છે. તો શિવનું ધ્યાન ચિત્તમાં લઈને સ્થિર થાઓ, કે જે શિવ દિવસ અને રાત્રીના ભેદ (જુદાઇ)ને મનમાં લાંવતા નથી. ॥ ૧૦૫ ॥ હે, રામચંદ્ર! એ સદાશિવ હમેશાં ધ્યાન ધરીને મગ્ન રહે છે અને તેને જગત્ કે જગત્નો ભાષ થતો નથી (હોતો નથી) અને તેના વિચારમાં જગત્ સત્યરૂપ છે અંને અસત્યરૂપ છે, પણ તેનો લય થતો નથી અથવા ઊદય થંતો નથી, અને કોઇ પણ પળે તે સદાશિવને જગતની ભ્રમણા થતી નથી ॥ ૧૦૬ ॥ હે, રામચંદ્ર ! એ સદાશિવ પરબ્રહ્મ છે! અને તે કેવા છે? તે સ્વરૂપ છે, કે શાંતરૂપ છે, જન્મથી રહિત છે, કે ચૈતન્યતાને પૂર્ણ થયેલા છે, અથવા જેવી રીતે પથ્થર જડવાથી પૂર્ણ થયેલો દેખાય છે તેવી રીતે તે પરમબ્રહ્મને ઘડીઅઘડીએ જુદી જુદી સૃષ્ટિરૂપે હજારો વર્તમાન આપે છે, જેવી રીતે ચિત્તમાં અનેક પ્રકારની ભ્રાંતિ પેદા થાય છે તે દરેક ઘડી ઘડીના ફેરફારમાં અનેક બ્રહ્માંડ રહેલાં છે, તેની માફક ચિત્તની ભ્રાંતીમાં અનેક પ્રકારની ભ્રાંતી પેદા થાય છે. ॥ ૧૦૭ ॥ હે, રામચંદ્ર ! તેથીકરીને પુરૂષની વાસના શું છે? અથવા તે પુરૂષને વાસના બંધન કરે છે, અને જ્યારે તે પુરૂષને વિષયવાસનાનો ઘડીએક

વિયોગ પડે છે ત્યારે તે પુરૂષ ક્ષણમાત્ર વૈરાગ્યના ઉંચ્ચ પર-મપદને પ્રાપ્ત થાય છે. (વિયોગ પ્રસંગ તેની દ્રષ્ટિમાં અનેક પ્રકારના વૈરાગ્યં વિચાર પેદા થાય છે તે ઉંચ્ચ પરમપદના જ્ઞાનિ જેટલા જ્ઞાનવાળા હોય છે) એ વેદની શ્રુતિનું પ્રમાણ છે. ॥ ૧૦૮ ॥ હે, રામચંદ્ર! એ પુરૂષ જે જે પદાર્થેથી જુદો પડે છે, તે તે પદાર્થેથી તે મુક્ત થાય છે, અને યત્ન, રક્ષણ, હાનિ, વૃધ્ધિ, હર્ષ અને શોકથી વિરક્ત થાય છે તે સર્વે પ્રકારમાં કુશળ પુરૂષ કહેવા જાય છે અને નિવૃત્તિ થયાથી જરા પણ દુઃખની પ્રાપ્તિ થતી નથી. ॥ ૧૦૯ ॥ શ્રીરામચંદ્ર ગુરૂપ્રત્યે પ્રશ્ન કરે છે કેઃ—હે જ્ઞાનિ પુરૂષોમાં શ્રેષ્ટ ગુરૂજી! બધા પ્રકારને વિ-ચાર કરીને અલ્પમાત્ર આત્મા અને પરમાત્મા એક જ્ઞાનરૂપ થાય છે અને તેથી કરીને વિકલ્પ રહિત આત્મજ્ઞાનનું રૂપ થાય છે ત્યારે સઘળા જ્ઞાનિ પુરૂષોનો દેહ કયા નિમિત્તે કરીને રહે છે? ॥ ૧૧૦॥ તમે કહો છો કે જ્ઞાનિઓનો દેહ દૈવના કર્મના આ-શ્રયે કરીને રહે છે તે દૈવ શું વસ્તુ છે! અને દૈવનામ કોને કહે છે! ॥ ૧૧૧ ॥ વસિષ્ઠરૂષી કહે છે કે હે, રામચંદ્ર! પરમ-બ્રહ્મની એક નિયતિ કરીને એક શક્તિ છે તે ચૈતન્ય શક્તિ સાથે જોડાયેલી છે, તે કેવી છે! અવસ્ય કરીને તે ભવિતવ્યતા છે તેને એક સત્તા છે જેથી કરીને અનેક કલ્પાદિમાં તે માત્ર સત્તા-રૂપે વર્તે છે, અને અનેક કલ્પોમાં વ્યાપી રહેલી છે. ॥ ૧૧૨॥ હે, રામચંદ્ર! આ સૃષ્ટિમાં તે નિયતિ અનેક ભાવોએ કરી ને અનેક પ્રકારની ક્ષય વગરની રચનાને ધારણ કરે છે આ પદાર્થ ને લાયક તે છે, એ પ્રકારની પરમાત્માની ઈચ્છા તેને નયતિ

કહે છે,॥૧૧૩॥ હે, રામચંદ્ર! તે નિયતિ તે મહાસત્તા, મહાચિત્તિ, મહાશક્તિ, મહાક્રિયા, મહાદષ્ટિ, મહાઉત્પત્તિ, મહાસ્ફુરણા, મહાઆત્મારૂપ આદિનામોથી કરી જાય છે અંને તે સ્થિર છે ॥ ૧૧૪ ॥ હે, રામચંદ્ર ! ભવિતવ્યરૂપ એ ઈશ્વરની ઈચ્છા શક્તિ છે અને રૂદ્રાદિક દેવતાની બુદ્ધિ એક રીતે ઉલંઘન કરવામાં આવતી નથી. ॥ ૧૧૫ ॥ હે, રામચંદ્ર ! પુરૂષે એવી નિયતિ ને બળવતી જાણીને પોતાનું પુરૂષત્વ તજવું જોઇએ નહીં. એ નિયતિ પુરૂષત્વરૂપે કરીને સઘળાને પ્રેરણા કરે છે. ॥ ૧૧૬ ॥ હે, રામચંદ્ર ! ! નામરૂપથી રહિત ઈશ્વરનો નિશ્ચિંત સંકલ્પ તે નિયતિ કહેવાય છે. ! તે ઈશ્વરનું પુરૂષત્વ છે અને તે સઘળા વ્યવહારોમાં પ્રવર્તન છે. અને તે પુરૂષત્વ તોના પુરૂષોમાં તે નિત્ય ફળરૂપ માલુમ પડે છે. અને પુરૂષત્વવાળા પુરૂષોમાં સફળતા પામેલું જણાય છે. ॥ ૧૧૭ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ ઈશ્વરની નિયતિને માનીને મૌન્યતા (મુંગાપણાં) ને ધારણ કરવાવાળા પુરૂષની ક્રિયાનો ત્યાગ કરીને રહે છે તેનો પ્રાણ પવનની માફક નિમિત્તમાત્રમાં ચાલ્યો જાય છે. અને તેનો શ્વાસ વૃથા જાય છે. ॥ ૧૧૮ ॥ હે, રામચંદ્ર ! જે કાઈ દેવને માનીને પુરૂષનો ત્યાગ કરેછે, અને ખાનપાનાદિક દેહના વ્યવહારને ત્યાગ કરે છે, અને જે દેવ આપે તે ખાય છે એવા પુરૂષને ખાનપાન મળે તોપણ મોઢામાં ગ્રાસ લીધા પછી ચાવવાને પણ પુરૂષરૂપ સિવાય પુરતી ભાવના થતી નથી. ॥ ૧૧૯ ॥ જે કાઈ પુરૂષનો ત્યાગ કરીને પ્રાણ ક્રિયાને તજી દઈને અને વિકલ્પ રહિત સમાધિએ કરીને મોક્ષને પામે છે તે પ્રાણના રો-

કનાર પુરૂષ સિવાય બીજાથી બનતું નથી. ॥ ૧૨૦॥ હે, રામચંદ્ર! જેવી રીતે ચૈતન્યરૂપ આત્માને જીવનો ભેદ નથી તેવી રીતે ચિત્ત-અને જીવને ભેદ નથી અને જેવી રીતે ચિત્ત અને જીવને ભેદ નથી તેવી રીતે કર્મ અને દેહને ભેદ નથી. ॥ ૧૨૧ ॥ હે, રામચંદ્ર! કર્મ એજ દેહ છે, એમાં રક્ત (લોહી) વાળો દેહ નથી અને કર્મ તે ચિત્ત છે, અને ચિત્ત તે જીવ છે અને જીવ તે ઇશ્વરી આત્મા છે તે આત્મા સ્વરૂપ છે તે સર્વવ્યાપી શિવ છે જે મેં એકમતે નિશ્ચય કરી કહ્યું છે. ॥ ૧૨૨ ॥ હે, રામચંદ્ર! કર્કટી રાજા પ્રત્યે મંત્રનો વચન કહું છું તે તું સાંભળ. હે કર્કટી! તારા સરખા નાના ચિત્ત-વાળા હજારો હમારી આગળ આ પર્વતમાં મચ્છર માફક ગણત-રીમાં પણ આવતા નથી; અમારી ધીરતારૂપી પવનની ફુંકમાં તૃણની માફક તે ઊડી જાય છે. ॥ ૧૨૩ ॥ ડાહ્યા પુરૂષોએ આત્મજ્ઞાનના ચક્ષુએ કરીને ક્રોધ વેગની ચંચળતાનો ત્યાગ કર્યો છે અને સમ દ્રષ્ટિએ કરીને, શુદ્ધ બુદ્ધિએ કરીને, વ્યવહારવાળી યુક્તિએ કરીને સ્વાર્થને સાધી લીધો છે. ॥ ૧૨૪ ॥ પોતાના પુરૂષત્વે કરીને કાર્ય સિદ્ધિ થાય છે, ભાવે કરીને થતું નથી, નિયત બળવાન છે એવું કહેવાનો પણ વખત નથી, તેથી કરીને પુરૂષે પોતાની યોગ્યતા ધારણ કરવી જોઇએ. ॥ ૧૨૫ ॥ બુદ્ધિમાન પુરૂષો ભાવનાથી જે કાંઈ કામ કરે છે તે વચને કરી, મુખ ચેષ્ટાએ કરી, નેણની ચાલુ દ્રષ્ટિએ કરી અથવા એક રૂપ થઇ પ્રવર્ત્તિને સાધી તે કરે છે. જે પ્રમાણે નદીનું પાણી પ્રવાહે કરીને એકઠું થાય છે. ॥ ૧૨૬ ॥ તે કારણથી હું એ બન્નેને પુછું છું કે એમાં શું સંદેહ પેદા થએ-લો છે, જે કોઇ ચતુર પુરૂષને પુછી પોતાનો સંદેહ ખુલાસાવાર, દૂર

કરતો નથી તે પુરૂષને નીચ સમજવો. ॥ ૧૨૭ ॥ સંપુર્ણ ગુણોના સમુહના અભ્યાસથી ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તેને જાણવા વાળા રાજા થાય છે અથવા મંત્રી પણ થાય છે. ॥ ૧૨૮ ॥ પ્રભુ-પણુ તે એક જુદી દ્રષ્ટિરૂપ છે. તે રાજ્યવિદ્યાએ કરીને થાય છે અને જે સમદ્રષ્ટિને જાણતો નથી, તે રાજા અથવા મંત્રી થતો નથી. ॥ ૧૨૯ ॥ જે વચન યુક્તિએ કરીને મધુર વાણીએ કરીને કહેવામાં આવે છે, તે વચન સાંભળવાવાળાને હૃદયમાં ઠસે છે (ઉતરે છે) જેવી રીતે જળ વિષે તેલને. રેડવાથી તે એક જગોએ સ્થિર તરે છે. તેવી રીતે યુક્તિ કેવી છે! હૃદયમાં ઠસે તેવી છે કે, ઉપમા કરવાથી કે દૃષ્ટાંત આપવાથી વાણી યોગ્યપદો-વડે તે મનમાં ઠસે એવી છે ॥ ૧૩૦ ॥ હે, રામચંદ્ર! ચિત્ત એ બાળક રૂપ છે, ને જગત્ ક્ષય (નાશ) રૂપ છે. અજ્ઞાનને લીધે તે મિથ્યા આભાસ આપે છે, જો કોઇ સારો ગુરૂ તે બાબત ઉપદેશ કરે (બોધ કરે), તો નિરવિકાર સ્વરૂપને ઓળખી શકે છે. ॥ ૧૩૧ ॥ હે, રામચંદ્ર! એવી કોઇ પણ ક્રિયા નથી કે જે ચળી (ફરી) શકે નહીં, દાખલા તરિકે સાપ-આદિ જાનવરો મનની દૃઢતાએ કરી પોતાના મનને ચળાવી શકે છે (ફેરવી શકે છે.) આવી રીતે દૃઢ સંકેત (સંસ્કાર)થી બોધને પેદા કરવાવાળું મન કોઇ પણ કાળે પોતાના બોધનો ત્યાગ કરતું નથી. ॥ ૧૩૨ ॥ હે, રામચંદ્ર! આ મન પોતાની ચાહના (આકાંક્ષા) એ કરીને હમેશના અર્થને સમજીને પ્રાપ્ત થયું છે અને તેથી કરીને દૃઢતાથી પોતાના અર્થને સમજી રહેલું છે અને તેથી તે પ્રાપ્ત થયું છે તેથી તેવા શરીરને ભાવ અભાવનો કાંઇપણ

બાધ હોતો નથી. ॥ ૧૩૩ ॥ હે, રામચંદ્ર! આ પ્રાપ્ત થયેલો બોધ તે અડધો છે અને તે નિર્મળપદને પ્રાપ્ત થયો નથી, ને તે ભોગ પદાર્થોનો ત્યાગ કરે છે, એવા મનને અત્યંત સંતાપ (વ્યાધિ) થાય છે. ॥ ૧૩૪ ॥ હે, રામચંદ્ર! જેને પુર્ણ બોધ પ્રાપ્ત થયો છે અને સંસાર મર્યાદાનો ત્યાગ કરવાવાળા એવા મનને ભોગ પદાર્થ નો ત્યાગ કરવાથી આનંદ વધે છે (વધારે આનંદ ઉપજે છે). ॥ ૧૩૫ ॥ હે, રામચંદ્ર! બોધમાં તલ્લીન (લુબ્ધ) થયેલું જે પુરૂષનું મન તે મન બ્રહ્મતરીકે દેખાય છે, અને તે જૂદું નથી, જેવી રીતે સમુદ્રનાં પાણીને જાણવાવાળો માણસ તરંગરૂપી સમુદ્રનાં પાણીને સરખું ગણે છે તેવી રીતે બોધને પ્રાપ્ત થયેલું મન બ્રહ્મ રૂપજ ગણાય છે. ॥ ૧૩૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે સમુદ્ર મથનથી અનંતરમંદર પર્વત સ્થિર થયો તેવી રીતે મનને બોધવિના સમાગમે કરીને સંસારની ભ્રાંતિ શાંત થઈ, તેવીજ રીતે સઘળા ક્ષીર સમુદ્ર પણ મથનથી શાંત થયા. ॥ ૧૩૭ ॥

શ્રી વસિષ્ઠજી શ્રી રામચંદ્રજીને ચિત્તની ચિકિત્સા કહે છે. હે, રામચંદ્ર! હવે હું ચિત્તરૂપી મોટા રોગની અકસીર ઔષધી બતાવું છું, તે કેવી છે! શું તે પોતાને સ્વાધીન છે! કે તે સુંદર સ્વાદ વાળી છે! કે તે નિશ્ચિત છે! ॥ ૧૩૮ ॥ હે, રામચંદ્ર! પોતાના સંકલ્પનો પૂર્ણરીતે ત્યાગ કરવાવાળો પુરૂષ યત્ન કરવાથી ચિત્તરૂપી વેતાળ જલદીથી જીતી શકાય છે અને તેથી કોઇ પણ ઉપાયે મનની આકાંક્ષાવાળો પદાર્થ ત્યાગના ભાવે કરી ચિત્તનો જય કરી શકે છે. ॥ ૧૩૯ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ મુખ્ય વસ્તુને ગ્રહણ કરી વાસનારૂપી ખોટી

વસ્તુનો ત્યાગ કરે છે તે પુરૂષ જેવી રીતે હાથી પોતાના દેખાડ-
વાના દાંતને ત્યાગ કરવાથી મનાનંદ માને છે, તેવી રીતે તે મનને
જીત્યાને વાસ્તે અત્યાનંદ પામે છે. ॥ ૧૪૦ ॥ હે, રામચંદ્ર!
આત્મજ્ઞાનના યત્ને કરીને ચિત્તરૂપી બાળકનું રક્ષણ કરવામાં આવે
છે, અને અસત્ય વસ્તુમાંથી બદલાઇને સત્ય વસ્તુમાં જોડાઈ જાય
છે. તેને બોધ કહે છે. ॥ ૧૪૧ ॥ હે, રામચંદ્ર! શાસ્ત્રે કરીને, કે
સત્સંગે કરીને ધીરજ પેદા થાય છે, એવા મનવડે ચિંતા દૂર થાય
છે, જેવી રીતે ચિંતાએ કરીને તપેલું જે મન તેને તમે શાંત કરો
છો! તેવી રીતે તપેલા લોઢાને શાંત કરવાને, ઠંડા લોઢાને ઉપયો-
ગમાં લેવું પડે છે. ॥૧૪૨ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે બાળક યત્ને
કરીને આમ તેમ ફરતા શીખે છે, તેવી રીતે ચિત્ત પણ અશુભમાંથી
ફરીને શુભમાં જોડાઇ જાય છે તેમાં કાંઇ પણ કઠણ કામ નથી.॥૧૪૩॥
હે,રામચંદ્ર! જેનું મન સત્કર્મમાં લાગેલું છે, એ સત્કર્મ કેવું છે! તે
અંતે શુભ ફળને આપવાવાળું છે એવા સમાધિસ્થ મનને ચૈતન્ય
વિચાર સાથે જોડી દેવું જોઇએ. ॥ ૧૪૪ ॥ હે, રામચંદ્ર! મુખ્ય
વસ્તુનો ત્યાગ કરવો તે આપણે આધીન છે અને એકાંતમાં પોતાનું
હિત માનવાવાળા, જેનામાં જે કઠણાઇ પેદા થઈ છે તે પુરૂષને ફીટ-
કાર છે, ધીક્કાર છે. ॥૧૪૫॥ હે, રામચંદ્ર! જે પુરૂષ ખોટી વસ્તુને
સારી માનીને ભાવ ન બતાવે અને આત્મવિચાર કરીને જેવી રીતે
ચિત્તને યત્ને કરીને જીતે છે, તેવી રીતે બાળક યત્નવિના સર્વના
મનને વશ કરે છે. ॥ ૧૪૬ ॥ હે, રામચંદ્ર! આપણા પુરૂષના
યત્ને કરીને ચિત્તને જલદીથી જીતાવી શકાય છે અને ચિત્તથી
વિરક્ત પુરૂષને યત્નવિના પરબ્રહ્મની સ્થીતિ પ્રાપ્ત થાય છે. ॥૧૪૭॥

હે, રામચંદ્ર! આપણે પુરૂષ જે સાધના કરવાને યોગ્ય (લાયક). છીએ તેમણે મુખ્ય મુખ્ય વસ્તુનો ત્યાગ કરવો ને મનને શાંત કર્યા સિવાયં શુભ ગતિ પ્રાપ્ત થતી નથી. ॥ ૧૪૮ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષે આત્મવિચારને આરાધ્યો છે એવા મારેલા મનથી વિઘ્ન વગરના અખંડ આનંદને તે પુરૂષ પ્રાપ્ત થાય છે. ॥ ૧૪૯ ॥ હે, રામચંદ્ર! દૈવગતિને છોડી દેવી કે જે દૈવગતિ મૂર્ખ માણસોના મનને દૃઢ થઇ ગઇ છે, તેને ચિત્તની ચંચળતાએ કરીને જ્ઞાનથી ત્યાગ કરવી. ॥ ૧૫૦ ॥ હે, રામચંદ્ર! આપણે સ્વાધીન, સુખમાં તલ્લીન કરેલું એવું જે ચિત્ત તેને જીતવાને જે પુરૂષ સમર્થ નથી તેને શીયાળવા બરોબર જાણવો અને તેવા પુરૂષને ધીક્કાર છે. ॥ ૧૫૧ ॥ હે, રામચંદ્ર! જે કોઈ ઊત્તમ પદ્ગીને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે.તે ચિત્તની ચૈતન્ય ભાવનાને પ્રાપ્ત કરીને તે ચિત્તને પરમ પદમાં સ્થિર કરે છે. (એટલે કે પરમ પદથી તે ચિત્ત સ્થિર થાય છે). ॥ ૧૫૨ ॥ હે, રામચંદ્ર! મુમુક્ષુ પુરૂષ આત્મભાવનાએ કરીને અથવા ઊત્તમ બુદ્ધિએ કરીને જોડાય છે અને જેનું ચિત્ત સંપૂર્ણ ભાવનાને પ્રાપ્ત થયું છે તે આત્મરૂપી ભાવને યત્ન કરવાથી ધારણ કરે છે. ॥ ૧૫૩ ॥ હે, રામચંદ્ર! આપણે ઉત્તમ પુરૂષોએ આશ્રય આપીને ચિત્ત રહિત વસ્તુને ત્યાગ કરવા બોધ આપવો જોઈએ કે જેથી મહાપદ્ગાને તે પામવાથી શોષ કરવાને કદી બનતું નથી (એટલે શોક થતો નથી) ॥ ૧૫૪ ॥ હે, રામચંદ્ર! ચિત્તને જીતવું તે કલ્યાણ કરવા બરોબર છે તેણે કરીને મનને જીત્યા બરોબર ગણાય છે અને જ્યારે મનને જીત્યું ગણાય ત્યારે ત્રણ લોકને જીતવું તે એક તૃણ (તણ-

ખલા) ની સમાન દીસે છે (લાગે છે). ॥ ૧૫૫ ॥ હે, રામચંદ્ર! જેમાં શાસ્ત્રનું ઉલંઘન થતું નથી એવું મનરૂપી સ્વરૂપ કરવું તેમાં કાયરપણું શામાટે કરવું જોઇએ? ॥ ૧૫૬ ॥ હે, રામચંદ્ર! જે આદમી પોતાના મનના સંકલ્પને ફેરવવાને સમર્થ નથી તે આદમી સંસાર વ્યવહારની પ્રવર્તિમાં કેવી રીતે ફતેહમંદ નીવડશે? ॥ ૧૫૭ ॥ હે, રામચંદ્ર! હું પુરૂષ છું, હું મરી ગયો છું, હું જનમ્યો છું, હું જીવતો છું વીગેરે વિશેષણ કુદ્રષ્ટિરૂપી દેખાય છે અને તે ખોટા મનની ચંચળતાનું સ્વરૂપ છે. ॥ ૧૫૮ ॥ હે, રામચંદ્ર! આવું મન પોતાની ચળીતસ્થિતિને લીધે બીજી દુનિયા તરફ જાય છે અને ત્યાંપણ ત્રીજી દુનિયાની આકાંક્ષામાં મનને ફેરવવા યત્ન કરે છે, એવા મનની ચળીતસ્થિતિને ફેરવવાથી મોક્ષ મળે છે, અને એવા કારણરૂપ દાખલાને મનની ભ્રાંતી કહે છે, ॥ ૧૫૯ ॥ હે, રામચંદ્ર! કોઇ મૃત્યુ પામતું નથી અથવા તો કોઇ કંઈ જન્મ લેતું નથી પણ પોતે પોતાના મનને મરી ગયેલું જાણે છે, અને પરલોકમાં પણ પોતેજ જાય છે એવું તેને ભાષે છે, એ મનનું સ્વરૂપ છે (દેખાય છે). ॥ ૧૬૦ ॥ હે, રામચંદ્ર! આ લોકમાં આ દેહમાં, અને પરલોક (બીજી દુનિયામાં) બીજી દેહને ધારણ કરે છે અને મોક્ષ થવા સારૂ ચિંતાને વળગી રહે છે, એનું રૂપ છેજ નહીં. ॥ ૧૬૧ ॥ હે, રામચંદ્ર! કોઇ એક પુરૂષનો ભાઈ ગુજરી ગયો ત્યારે સઘળા ચાકર વિગેરે સંબંધીનું ટોળું જુઠા શોક અને કલેશને કરવા લાગ્યું તે શા વાસ્તે થાય છે? કારણ કે આપણું ચિત્ત ચૈતન્ય વ્યવહારથી ફરી જઇને શોકરૂપી કુવામાં પડયું છે એવું અમારી બુદ્ધિથી નિશ્ચય થાય છે. ॥ ૧૬૨ ॥ હે,

રામચંદ્ર! ચિત્તની શાંતતા થયા સિવાય સંસારરૂપી ભ્રમણા શાંત થતી નથી તે મનની શાંતતા કેવી છે! એક પથ્યરૂપ છે, શુદ્ધ છે અને તેને આડો, ઊંચો ને નીચો વિચાર કહ્યો છે તેની શાંતી જ્યાંસુધી થતી નથી ત્યાંસુધી કાંઇ પણ ચેન પડતું નથી. ॥ ૧૬૩ ॥ હે, રામચંદ્ર! હૃદયરૂપી જે આકાશ છે તેને ચૈતન્યરૂપી ચક્ર (પૈડા) ની ધાર ઉપર ચઢાવી જે પ્રવાર્તેમાં ફેલાઇ ગયેલું મન. તેને મારશો નહીં (શાંત પમાડશો નહીં) ત્યાંસુધી સંસારરૂપી પીડા તમને દુઃખ કર્યા સિવાય છોડનાર નથી. ॥ ૧૬૪ ॥ હે, રામચંદ્ર! જો તમે તમારી પ્રીય વાસનાને દુઃખરૂપી જાણો અથવા તેવી દેખાય તો તમારા ચિત્તના સઘળા ભાગ કટાઇ ગયા છે (કપાઈ ગયા છે) એવો મારી બુદ્ધિનો નિશ્ચય છે. ॥ ૧૬૫ ॥ હે, રામચંદ્ર! આ પુરૂષ છે, આ હું છું અથવા આ વસ્તુ મારી છે, અથવા મનનું આ રૂપ છે તે ભાવનાનો માત્ર ત્યાગ કરીને મૌનરૂપી દાતણે કરીને વિચારરૂપ દંત ધાવન કરી તેને છેદી નાંખવામાં આવે છે (છેદી નંખાય છે). ॥ ૧૬૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે શરદરૂતુમાં એકઠાં થયેલાં વાદળોનું મંડળ પવનને અને અંધારાને લીધે બદલાઈ જાય છે તેવી રીતે વિચાર કરવાથી મન પણ બદલાઇ જાય છે. ॥ ૧૬૭ ॥ હે, રામચંદ્ર! જ્યાં હથિયાર છે અને જ્યાં અગ્નિ છે ત્યાં ભય પેદા થાય છે આપણા મનના સંકલ્પને ત્યાગ કરવો તે આપણે સ્વાધીન છે અને તે પ્રમાણે હોય છે તો સઘળા ભય દૂર થાય છે. ॥ ૧૬૮ ॥ હે, રામચંદ્ર! આ ભલો છે અથવા આ ભલો નથી, એ પ્રમાણે જેવી રીતે બાળકને બોધ આપીએ છીએ તેવી રીતે મનરૂપી બાળકને વિચાર કરીને શુભ માર્ગમાં પ્રવર્તન કરવાને

બોધ આપવો જોઇએ. ॥ ૧૬૯ ॥ હે, રામચંદ્ર! આ ચિત્તરૂપી સિંહ છે અને સંસાર વાસના તેની ગર્જના છે અને જો તેને વિચારરૂપી શસ્ત્રે કરીને જીતી લે છે તો નીરવાણ પદને પ્રાપ્ત થાય છે. ॥ ૧૭૦ ॥ હે, રામચંદ્ર! આવાં મનની સંકલ્પનાએ સંસારની આપદા પ્રગટ થાય છે તે કેવી છે? ભય ભરેલી છે કે ભ્રમણા કરવાવાળી છે! જેવી રીતે મારવાડ દેશમાં ચળકતી રેતીથી મૃગયાને જળની ભ્રાંતી થાય છે તેવી છે. ॥ ૧૭૧ ॥ હે, રામચંદ્ર! ભાવનાથી પ્રલય કરવાવાળો પવન જો થાય અને ભાવની સાથે બારસનો સૂર્ય એકઠો થઈને તપે અને ભાવનાથી સાત સમુદ્ર એકઠા થઈ ચળાયમાન થાય તોપણ જેનું મન લય પામેલું છે તેને કાંઇ પણ હાની હોતી નથી. ॥ ૧૭૨ ॥ હે, રામચંદ્ર! મનરૂપી બીજવડે સંસારનાં સુખદુઃખનાં સારાં માઠાં અંકુર પેદા થાય છે, સર્વ લોકને નવા નવા વિચાર પેદા થાય છે.॥ ૧૭૩ ॥ હે, રામચંદ્ર! જે મન ક્ષીણ થયેલું છે, તે ઉત્તમ આનંદને પેદા કરે છે જેવી રીતે અંગારની ચાહનાવાળો પુરૂષ બળેલા લાકડાને અંગાર સમાન દેખે છે. ॥ ૧૭૪ ॥ હે, રામચંદ્ર! જેનું મન આત્મવિચારને લીધે દુનિયાથી વિરક્ત થયલું છે, તેના સંકલ્પમાં (મનમાં) કોટી બ્રહ્મ લોક પણ કાંઈ હિસાબમાં નથી તેવો વિચાર જે પુરૂષ જરા પણ આત્મસત્તાથી જુદો નથી તેનેજ આવે છે, અને તેને બધો કોટી બ્રહ્માંડ તેની નજર આગળ જોવામાં આવે છે. ॥૧૭૫॥ હે, રામચંદ્ર! આ મન કેવું છે! તે ફક્ત સંકલ્પના થવાથી જુદા જુદા અર્થનો અનર્થ કરે છે, અને સંકલ્પે કરીને પોતાના અર્થને સિદ્ધ પણ કરે છે, એવા મનનો આદમી

સંતોષને જીતીને વિચાર કરીને ત્રૈલોકયને જીતી સિદ્ધિ મેળવે છે. ॥ ૧૭૬ ॥ હે, રામચંદ્ર ! શાંતતા કેવી છે ! તે પરમ પવિત્ર છે, તેને આત્મવેત્તા પુરૂષોએ માન્ય કરી છે અને તેને લીધે મનની શાંતી થાય છે, અને સંસારની રચના સંકલ્પનો નાશ થવાથી સઘળું જે સદા આનંદમય ચિત્ત પરમાત્માનું રૂપ કહેવાય છે તે પ્રાપ્ત થવાથી તમારી સિદ્ધિ થાય છે. ॥ ૧૭૭ ॥

હવે ચિત્ત ચિકિત્સાનું વર્ણન કહું છું તે તમે સાંભળોઃ— હે, રામચંદ્ર! જેવી રીતે સમારૂં વાસના વગરનું મન વાસનાવાળા મનને જીતવાને સમર્થ છે, તેવી રીતે રાજા વગર રાજાને જીતવાને કોઈ સમર્થ થતું નથી. ॥ ૧૭૮ ॥ હે, રામચંદ્ર ! આ જીવની માંહી સંસારરૂપ સમુદ્રના પ્રવાહમાં તૃષ્ણારૂપી ઘાસને પકડીને સંકલ્પ વિકલ્પરૂપ જળના ચક્રને ફેરવીને જે મગ્ન રહે છે એવા જીવોને તરી પાર ઉતરવાને (મોક્ષ મેળવવાને) શાંતતારૂપી મન તે બેડી સમાન છે. ॥ ૧૭૯ ॥ હે, રામચંદ્ર ! શાન્ત થયેલા મનરૂપી શસ્ત્રે કરીને દુશ્મનના પાશરૂપી બંધનને તોડી નાંખીને (કાપી નાંખીને) જે પોતાને છુટો કરતો નથી તે કોટી ઉપાયે મુક્ત થતો નથી. ॥ ૧૮૦ ॥ હે, રામચંદ્ર! જેનું મન ચૈતન્ય આત્મસ્વભાવને વળગી રહ્યું છે, અને પોતાની મરજી માફક કાર્યમાં પ્રવર્તે છે, તેમ કરવાથી આત્મા મલીન થાય છે, તેવું મન જીતની ફતેહ મેળવે છે. ॥ ૧૮૧ ॥ હે, રામચંદ્ર ! આ મન જો, હું બ્રહ્મ નથી એવો સંકલ્પ કરીને દઢતાથી બુદ્ધિમાન થાય છે, અને બધું જગત્ બ્રહ્મ છે એવા દઢ સંકલ્પથી. મોક્ષ પદને પામે છે. ॥ ૧૮૨ ॥ હે, રામચંદ્ર ! સંકલ્પ તે મોટો બંધ છે,

સંકલ્પનો ત્યાગ કરવો તે મોક્ષ છે અને તેને લીધે સંકલ્પ અંતઃકરણથી જીત મેળવીને જે તેની ઈચ્છા હોય તે તે કરે છે. ॥ ૧૮૩ ॥ હે, રામચંદ્ર! તમે મૂઢ (મુર્ખ) થાઓ નહીં, જ્ઞાની થાઓ નહીં ને જો જ્ઞાની થાઓ અને સંસાર વાસનાને દૂર કરો અને આત્માને આત્મ ભાવના એ કરીને જાણો તો મુર્ખની માફક શા માટે રૂવો છો? ॥ ૧૮૪ ॥ હે, રામચંદ્ર! એ વિષે મને ઘણો ખેદ થાય છે ને ઘણું આશ્ચર્ય થાય છે, જે સત્ય વસ્તુ બ્રહ્મ છે તેને ભુલી જવાય છે. અને જે અસત્યતા મુર્ખરૂપી બંધન છે તે સર્વ પ્રાણીનાં મનમાં ઠસી ગયું છે. (પેદા થયું છે.) ॥ ૧૮૫ ॥ હે, રામચંદ્ર! જો રાજા અનીતિથી ચાલે તો તેના રાજ્યની પ્રજા જેવાં જેવાં દુઃખ અને દશાને પ્રાપ્ત થાય છે, તેવી તેવી દુઃખરૂપી દશાનું પાપ કરવું ચંડાળોની માફક લાયક નથી ॥ ૧૮૬ ॥ હે, રામચંદ્ર! તમે રાજ્ય વ્યવહારમાં પ્રવીણ થાઓ તો ભોગ પદાર્થોમાં તમારી આકાંક્ષા ઓછી રહે જેવી રીતે આરસપાહાણ બધાના પ્રતિબિંબને ધારણ કરે છે. અને પોતે પોતાના સ્વભાવે કરીને નિર્મળ થાય છે. ॥ ૧૮૭ ॥ હે, રામચંદ્ર! શ્રેષ્ઠ ગુણોના વિલાસને જાણવાવાળો, હમેશાં શમ અને સહનશીલતાવાળો એવો ઉત્તમ બુદ્ધિને પ્રાપ્ત કરવાવાળો માણસ જો કદાપી કુસંગને લીધે સંસાર પ્રવર્ત્તિમાં પ્રવીણ થઈને આત્મ વિચારમાં તત્પર થાય તો તેની ઉપમા કરી જતી નથી (બહુજ વખાણ થાય છે). ॥ ૧૮૮ ॥ હે, રામચંદ્ર! એવા ઉત્તમ વિવેકવાળા પુરૂષમાં દેહનો અભિમાન વળગી રહે છે અને નિર્મળ સ્વચ્છ સતોગુણવાળી બુદ્ધિએ કરીને આત્મવિચાર માન્યવિચારની

સમાધિમાં સ્થિર થઇને તે પુરૂષને યોગની સાત ભૂમિકાવડે ચિત્તની શુદ્ધિ થવાથી તેને શિવરૂપમાં મળી જાય છે. (શિવરૂપ બને છે). ॥ ૧૮૯ ॥ વસિષ્ઠ રૂષિ પ્રત્યે શ્રી રામચંદ્ર પ્રશ્ન કરે છે કે હે, ભગવાન્! યોગ સિદ્ધિ કરવાવાળી સાતમી ભૂમિકા કેવી છે! અને આપ તત્વજ્ઞાનમાં શ્રેષ્ટ છે તેથી તે સ્વરૂપનુ બધું વર્ણન મને કહો. ॥ ૧૯૦ ॥ વસિષ્ઠરૂષી શ્રી રામચંદ્રજી પ્રત્યે કહે છે કે—હે, રામચંદ્ર! જેવી રીતે અજ્ઞાનીની સાતમી ભૂમિકા છે, તેવી રીતે જ્ઞાનિની પણ સાતમી ભૂમિકા છે, ભૂમિકા અસંખ્ય છે તેથી કરીને આ વિષયમાં તે અંતર ભુત રહે છે. ॥ ૧૯૧ ॥ હે, રામચંદ્ર! સ્વભાવે કરીને કર્મ પ્રવર્ત્તિ કરવામાં પુરૂષાર્થ હોવું જોઇએ અને ભોગવાસનાની દઢતાએ કરીને ભોગ આનંદમાં તલ્લીન થવું એ અજ્ઞાન ભૂમિકાનું લક્ષણ છે, સ્વરૂપ છે અને મૂળ છે. ॥ ૧૯૨ ॥ હે, રામચંદ્ર? નીતિ અનીતિની વસ્તુનો વિવેક, અને આ લોક તથા પરલોકના ભોગોનો વૈરાગ્ય અને શમતા, દમનતા, શ્રદ્ધા, ક્ષમા, સમાધાન ને મુક્ત થવાની (મોક્ષની) ઇચ્છા, આ ચાર સાધનયુક્ત વચનનો મનમાં યત્ન કરવો, મોક્ષ મેળવવાની ઇચ્છાની દઢતા કરવી, ને હમેશાં અખંડ આનંદમાં પ્રીતિ કરવી. અને સઘળાનો આધાર બ્રહ્મ તેને સૌથી મોટો માનવો એ સઘળું આત્મરૂપની પ્રાપ્તિનું કારણ છે અને આ ભૂમિકાનું લક્ષણ એ છે કે જેમાં આત્મસત્તાનો લાભ મળે છે, તે આત્મસત્તાનું સ્વરૂપ છે તે મૂળ છે, આ લક્ષણોએ અને કારણોએ કરીને જ્ઞાનની ભૂમિકા અને અજ્ઞાનની ભૂમિકાનું સમાંતર થાય છે જેથી કરીને સંસારરૂપી સુખ અને સંસાર મુકિત બ્રહ્માનંદના મેળવેલા ફળને

આપે છે અને અજ્ઞાનની સાત ભૂમિકા નીચી નીચી પાયરી (ક્રમ) માં ઉતારે છે તેથી કરીને રજોગુણે, તમોગુણે કરીને તે જોડાએલી છે, અને દુઃખથી ભરેલી છે, અને જન્મ મરણ અને નર્કને આપવાવાળી છે. અને જ્ઞાનની સાતમી ભૂમિકા ઉંચી ઉંચી પંક્તિમાં તેને ચઢાવે છે, તે સતોગુણ સાથે જોડાએલી છે તેનો પ્રધાન જ્ઞાન ને વૈરાગ્ય છે અને ક્રમે કરીને જીવનમુક્તિ અને વિદેહમુક્તિને પ્રાપ્ત કરે છે. ॥ ૧૯૩ ॥ હે, રામચંદ્ર! પેહેલાં અજ્ઞાનની સાત ભૂમિકાના વર્ણનને તમે સાંભળો તે ઉપરાંત જ્ઞાનની સાત ભૂમિકાનું વર્ણન તમે સાંભળો. ॥ ૧૯૨ ॥ હે, રામચંદ્ર! આત્મસ્વરૂપમાં સ્થિતિ અને દેહાભિમાનનો ત્યાગ તે જ્ઞાનભૂમિકાનું મુખ્ય લક્ષણ છે અને આત્મસ્વરૂપની ગફલતી (ભુલી જવું) અને દેહાભિમાનની દૃઢતાએ અજ્ઞાનભુમિકાનું લક્ષણ છે. ॥ ૧૯૫ ॥ હે, રામચંદ્ર! શુદ્ધ સત્તા ફકત આત્મજ્ઞાને અને આત્મસ્વરૂપે કરીને જે કોઇ ભુલતું નથી તેને રાગ દ્વેષઆદિ અજ્ઞાનતાના લક્ષણ કોઈ પણ કાળે આવતા નથી. ॥ ૧૯૬ ॥ હે, રામચંદ્ર! પોતાના આત્મસ્વરૂપને ભુલી જવું અને ચિત્તના ચિન્તવનમાં મગ્ન (ખુશી) રહેવું તેથી ઉલટું અજ્ઞાનનો મોહ થયો નથી અને થવાનો નથી. ॥ ૧૯૮ ॥ હે, રામચંદ્ર! એક અર્થનો ત્યાગ કરી બીજા અર્થને ચિત્તમાં લેવું તેમાં મધ્યની સ્થિતિ જેની છે તે જાગૃત નથી, અથવા નિંદ્રાધીન નથી પણ એવીને એવીજ સ્થિતિમાં રહે છે. ॥ ૧૯૮ ॥ હે, રામચંદ્ર! અહંકારનો નાશ પામે છે ત્યારે સઘળું ચિત્ત તંતુ શાંત થાય છે અને દ્વૈતભાવનો લય થાય છે ત્યારે જડ સ્થિતિ ખંડાઇને આત્મસ્વરૂપ કહેવાય છે. ॥ ૧૯૯ ॥ હે, રામચંદ્ર!

તે આત્મસ્વરૂપમાં અજ્ઞાનતાનું આરોપણ કરવામાં આવ્યું છે અને તેની ભૂમિકાને તમે સાંભળો (૧) એક બીજ જાગ્રત છે, (૨) એક જાગ્રત છે, (૩) એક મહા જાગ્રત છે, (૪) એક જાગ્રત સ્વપ્ન છે, (૫) એક સ્વપ્ન જાગ્રત છે, (૬) એક સુષુપ્તિ (ઉંઘ) છે. ॥ ૨૦૦ ॥ હે, રામચંદ્ર! બધા મળીને જુદા જુદા પ્રકાર થાય છે, હવે તેનાં લક્ષણ તમે સાંભળો તે સાત પ્રકારનો, મોહ, છે, અને વારંવાર પોત પોતામાં નિત્ય સંબંધ રાખીને જુદા જુદા રૂપ થાય છે. ॥ ૨૦૧ ॥ હે, રામચંદ્ર! પ્રથમ સૃષ્ટિની વખતમાં અથવા જાગ્રત અવસ્થાના વખતમાં ચૈતન્યને આભાસયુક્ત પ્રાણને ધારણ કરવાની ક્રિયાની ઉપાધિએ કરીને અજ્ઞાનની જે લાગણી છે તે જેને લીધે આગળ પ્રાપ્ત થવાના વખતે આ આત્મ જીવાદિરૂપ નામરૂપી અર્થને પાત્ર થાય છે અને બીજા રૂપે કરીને જાગ્રત અવસ્થા જેમાં સ્થિર છે તેને બીજ જાગ્રત કહ્યું છે. ॥ ૨૦૨ ॥ હે, રામચંદ્ર! તે બીજરૂપી જાગ્રત અજ્ઞાન સૃષ્ટિની અંદર વૃક્ષની માફક પ્રત્યક્ષ દેહરૂપ બન્યું છે તો એ દેહ મારો છે, એ ભોગ મારો છે, તેને જાગ્રત કહ્યું છે. ॥ ૨૦૩॥ હે, રામચંદ્ર! આ હું છે અને આ વસ્તુ મારી છે એવી રીતનું પેઢીવાર પેઢીના અભ્યાસથી પ્રત્યક્ષ દૃઢતારૂપી ખામીને જે પ્રાપ્ત કરે છે અને વ્યવહાર કરવામાં જે અજ્ઞાન સિદ્ધ થયું છે તેને મહા જાગ્રત કહ્યું છે. ॥૨૦૪॥ હે, રામચંદ્ર! જાગ્રત અવસ્થાનો સંકલ્પરૂપી સંસ્કાર દૃઢ થયો છે અથવા દૃઢ થયો નથી, એવી મનની જે લાગણી છે અને જાગ્રત અવસ્થામાં સ્વપ્ન જેવી બીના માલુમ પડે છે એવું જે અજ્ઞાન તેને હું જાગ્રત સ્વપ્ન કહું છું. ॥ ૨૦૫ ॥ હે, રામચંદ્ર! જે જાગ્રત સ્વપ્ન અનેક

ભેદાનું બનેલું છે, અને જેવી રીતે એક ચંદ્રમામાં બે ચંદ્રમાની ભ્રાંતી, ખસખસમાં રેતીના કણની ભ્રાંતી, દોરડીમાં સર્પની ભ્રાંતી, રેતીની ચમકમાં જળની ભ્રાંતી અજ્ઞાનથી થાય છે તેવી રીતે બીજા અભ્યાસથી જાગૃત અવસ્થાના ભાવની પ્રાપ્તી થાય છે, તેને જાગૃત સ્વપ્નનું રૂપ કહે છે. ॥ ૨૦૬ ॥ હે, રામચંદ્ર! ઉંઘ પેદા થઈ તે વખતે જે સંઘળું જાગૃતિ સ્થિતિમાં જોયું છે, અનુભવ કર્યો છે તેવું ઉંઘમાં પાછું ફરીને દેખાય છે, જેવી રીતે મેં ક્ષણમાત્રમાં હાથી, ઘોડા, રાજ્ય, ધન, પૈસો દેખ્યો છે તે સાચું નથી પણ મિથ્યા છે, એવો જે નિશ્ચય છે તે સ્વપ્નું કહ્યું છે તે સ્વપ્નું ક્રમ થાય છે મહા જાગૃતિનું અજ્ઞાન અંતઃકરણમાં વાસનારૂપે દૃઢ થાય છે અને ઉંઘની વખતે દેખાય છે અને હમેશાં સ્થિર રીતે તેને જોવામાં આવતું નથી. અને તે વિશાળરૂપે કરીને દેખાતું નથી. ॥ ૨૦૭ ॥ હે, રામચંદ્ર! એવું પ્રબળ પામેલું સ્વપ્ન આપણા સંસ્કારે કરીને અંતઃકરણમાં દૃઢ થાય છે અને જાગૃત અવસ્થામાં પ્રત્યક્ષ જોવામાં આવે છે અને મહા જાગૃત અવસ્થા જેવું દૃઢ થાય છે, દેહ છુટે છે ત્યારે અથવા દેહ છુટતો નથી ત્યારે હમેશાં વારંવાર આવ્યા કરે છે તેને સ્વપ્ન જાગૃત કહે છે અને જેવી રીતે હરિશ્ચંદ્ર રાજાને બાર વર્ષ ચંડાળની ભાવનાનું સ્વપ્નું થયું હતું અને જેવી રીતે જડભરતને હરિણ્યગર્ભનું સ્વપ્નું થયું હતું તેવા સ્વપ્નાને સ્વપ્ન જાગૃત કહ્યું છે. ॥ ૨૦૮ ॥ હે, રામચંદ્ર! પેહેલાં આ ૭ અજ્ઞાન ભુમિકાનું કર્મ ફળનો ભોગ અથવા ત્યાગ કરીને કેવળ અજ્ઞાન બળે કરીને જીવની કર્મ અને જ્ઞાન રહિત જડરૂપ જે સ્થિતિ છે તેને

સુષુપ્તિ ભૂમિકા કહે છે. ॥ ૨૦૯ ॥ હે, રામચંદ્ર! એ અવસ્થા પ્રાપ્ત થવાથી ઘાસ, લાકડાં, પર્વત, પથ્થરઆદિ વસ્તુઓ પરમાણુરૂપે કરીને સ્થિર થાય છે. ॥ ૨૧૦ ॥ હે, રામચંદ્ર! પેહેલી છ જ્ઞાનભૂમિકા અજ્ઞાને કરીને કરેલા પાપ પુણ્યના કરેલા સંસ્કારે કરીને થાય છે અને જ્ઞાન પણ થતું નથી તો જીવ કેવળ અજ્ઞાનતામાં સ્થિર થાય છે તે સુષુપ્તિ ભૂમિકા કહેવાય છે. ॥ ૨૧૧ ॥ હે, રામચંદ્ર! જેવી અજ્ઞાનની ભૂમિકાને સ્વપ્ન અવસ્થા કહી છે તેમાં પણ ઘણી સો પ્રમાણુની અવસ્થા છે વળી જેની જાગૃત, મહા જાગૃત વિગેરે ઘણી અવસ્થા થાય છે અને કોઇ અજ્ઞાન ભૂમિકાની અવસ્થા સ્વપ્ન જાગૃતની સ્થિતિને સંસારમાં જન્મ મરણઆદિને હમેશાં અમર કરી શકતી નથી અને કેટલીએક જાગૃત સ્વપ્નનો તુચ્છકાળ અજ્ઞાનરૂપી કલેશને પેદા કરે છે. ॥ ૨૧૨ ॥ હે, રામચંદ્ર! અજ્ઞાન ભુમિકાના સાત (૭) પ્રકાર મેં તમને કહ્યા છે તે કુવા છે અનેક વિકારોએ કરીને જગત્માં અજ્ઞાનરૂપી કલેશને તજીને ઉંઘ લેવા યોગ્ય છે. (ભુલી જવા જેવા છે, અથવા તજવા લાયક છે), શાસ્ત્રનો વિચાર કરીને અને સત્સંગ કરીને વિચારરૂપી સલાહથી નિર્મળ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીને એ સઘળાથી તમે તરો એમાં કાંઇ સંશય જેવું નથી. જેથી અજ્ઞાન ભૂમિકા વર્ણનનો અંત આણવામાં આવ્યો છે. ॥ ૨૧૩ ॥

હે, રામચંદ્ર! હવે જ્ઞાનભૂમિકાના સાતમાં પ્રકારનું વર્ણન કરૂં છું તે તમે સાંભળો. હે, નિર્મળ બુદ્ધિવાળા! હવે તમે જ્ઞાનની સાતમી ભૂમિકાને સાંભળો. જ્ઞાનભૂમિકાના જ્ઞાને ,કરીને મોહરૂપી કાદવમાં કોઇ પણ પુરૂષ કરીને લપટાઇને ખુશાલી માનતો નથી.

(લપટાતો નથી). ॥ ૨૧૪ ॥ હે, રામચંદ્ર! યોગશાસ્ત્રવેત્તા સમાન યોગ્યભૂમિકાના બોધને વાદી સમાન લોક ગણી બહુ બહુ રીતે સમજાવે છે તે યોગભૂમિકા જ્ઞાનભૂમિકાની સરખી નથી તે યોગભૂમિકા અહંકારરૂપી મમતા સાથે જોડાએલી છે તે મુક્તિ (મોક્ષ) આપતી નથી પણ મમતા, અહંકાર અને અજ્ઞાનને દૂર કરવાવાળી અજ્ઞાનભૂમિકા મુક્તિ (મોક્ષ) આંપવાને ઉત્તમ (શ્રેષ્ટ) છે. ॥ ૨૧૫ ॥ હે, રામચંદ્ર! આત્મબોધને જ્ઞાન કહે છે અને મુક્તિ (મોક્ષ) ને જ્ઞેય કહે છે, તેથી મુક્તિ જ્ઞાનની સાતમી ભૂમિકાથી જુદી છે. ॥ ૨૧૬ ॥ હે, રામચંદ્ર! આત્મબોધ અને મુક્તિ એનું નામ જુદુ છે અને આત્મબોધે કરીને જીવ ફરીથી સંસારમાં પ્રાપ્ત થતો નથી. ॥ ૨૧૭ ॥ હે, રામચંદ્ર! પેહેલું જ્ઞાનભુમિકા એ શુભ ઇચ્છા છે. (૧) બીજો વિચાર છે (૨) ત્રીજું તનુમાનસા (તનની માનસીકતાં) છે (૩) અને ચોથી સત્વ આપત્તિ છે (૪) પાંચમી અસંસક્ત માનસા છે (૫) છઠ્ઠી પદાર્થ ભાવના છે (૬) સાતમી અવાજ છે. (૭) અને મુક્તિ તે સર્વથી જુદી છે જેમાં ફરીથી સંસારરૂપી શોક સમુદ્રનો ઉદય થતો નથી હવે એવી જ્ઞાનભુમિકાના લક્ષણને તમે સાંભળો. ॥ ૨૧૮ ॥ હે, રામચંદ્ર! હું મુઢ થઇને કેમ સ્થિર થયો છું. અને શાસ્ત્રે કરીને અને વૈરાગ્ય ધારણ કરીને આત્માને દેખવાવાળી એવી જે ઇચ્છા તે શુભ ઇચ્છાને જ્ઞાનભુમિકા કહી છે. ॥ ૨૧૯ ॥ હે, રામચંદ્ર! શાસ્ત્રવિચાર અને સત્સંગે કરીને વૈરાગ્યને પ્રાપ્ત કરીને અને શ્રવણ, મનન આદિ વિચાર કરવો તેથી વિચારની જ્ઞાનભુમિકા કહેવાય છે. ॥ ૨૨૦ ॥ હે રામચંદ્ર! વિચાર અને શુભ ઇચ્છા એ ઇંદ્રિયોના

ભોગોથી ચિત્તને અલગ કરવું અને સુક્ષ્મતાને પ્રાપ્ત કરવી તેને અનુમાનસા જ્ઞાનભુમિકા કહી છે. ॥ ૨૨૧ ॥ હે, રામચંદ્ર! એ ત્રણ ભૂમિકાના અભ્યાસથી ચિત્તમાં ભોગ પદાર્થના વૈરાગ્યે કરીને અંતઃકરણ શુદ્ધ થાય છે અને આત્મામાં સત્વમૂર્તિ સ્થિરતારૂપ બને છે તે સત્વાપત્તિ જ્ઞાનભૂમિકા કહેવાય છે. ॥ ૨૨૨ ॥ હે, રામચંદ્ર! એ ચાર ભૂમિકાના અભ્યાસથી મનનો અસંગતના બને તજીને સાક્ષાતકાર બ્રહ્મનો ચમત્કાર જેમાં થાય છે (દેખાય છે) તે અસંસકિતમાન આ ભૂમિકા કહેવાય છે. ॥ ૨૨૩ ॥ હે, રામચંદ્ર! હવે પાંચભૂમિકાના અભ્યાસથી આત્માને શમતાએ કરીને સ્થિર થવું, બાહારના પદાર્થોની ભાવનાનો નાશ થવો તે પદાર્થ ભાત્રની જ્ઞાનભુમિકા કહેવાય છે. ॥ ૨૨૪ ॥ હે, રામચંદ્ર! છઠી ભુમિકાના અભ્યાસથી દ્વૈતભેદનો નાશ થવાથી જાગૃત, સ્વપ્ન સુષુપ્તિકાનો નાશ થવાથી સઘળા કેવળ આનંદરૂપી સ્વરૂપમાં સ્થિર થાય છે તેને ભુમિકા કહે છે. ॥ ૨૨૫ ॥ હે, રામચંદ્ર! જે મહાભાગ્યવાન પુરૂષ છે તે જ્ઞાનની ભુમિકા જેને તુરીયાવસ્થા કહે છે તેમે પ્રાપ્ત થાય છે તેવો પુરૂષ રામના આત્મા જેવો છે અથવા મહાત્મા છે, કેમકે ઉત્તમ પદને પામેલો છે. ॥ ૨૨૬ ॥ હે, રામચંદ્ર! ઉપર કહેલો પુરૂષ જીવનમુક્ત છે અને દુઃખ વિનાનો છે, અને દેહનો વર્ણ આશ્રમ પ્રસંગે કરીને કર્મ કરેછે અથવા નથી કરતો તો તેને કર્મ કરવાના વિધિનો કાંઈ પણ નિષેધ નડતો નથી. ॥ ૨૨૭ ॥ હે, રામચંદ્ર! એના પાસે રહેનાર પુરૂષ કર્મ કરવાને બોધ કરે છે તો આચારનું સર્વ પ્રકારનું કર્મ તે કરે છે જેવી રીતે સુતેલા પુરૂષને જગાડીને તેનો મિત્ર શુભ કામમાં તેને પ્રવર્તન કરે છે અને તેને કર્મ કરવાની દઢતા

રહેતી નથી તોપણ આનંદરૂપાસ્વરૂપમાં મગ્ન રહે છે. ॥ ૨૨૮ ॥ હે, રામચંદ્ર! આત્મરામતાએ કરીને જે આદમી સ્થિર છે, તેને જગતની ક્રિયા સુખ આપતી નથી જેવી રીતે સંપૂર્ણ જ્ઞાનમાં પ્રાપ્ત થયેલા પુરૂષને સુંદર સ્ત્રી તેના સ્વરૂપે કરીને ખુશી ઉપજાવતી નથી. ॥૨૨૯॥ હે, રામચંદ્ર! આ જ્ઞાનની સાતમી ભૂમિકા જ્ઞાની પુરૂષોથી અલગ રહેતી નથી પણ વિષય ભોગમાં અશક્ત થયેલા જડ બુદ્ધિના અને પાપ બુદ્ધિવાળા માણસથી અળગ રહે છે. ॥ ૨૩૦ ॥ હે, રામચંદ્ર! જેને આ જ્ઞાનની સાતમી ભૂમિકા પ્રાપ્ત થઈ છે તે પુરૂષ પશુ યોનિનો પણ છે, હનુમાન યોનિનો પણ છે, મલેચ્છ યોનિનો પણ છે, ધર્મ અને વ્યાધિ આદિ આસુર યોનિનો પણ છે અને પ્રલાદ, બળી, આદિ કરતાં જ્ઞાનભૂમિકાના પ્રભાવથી જીવન મુક્ત થાય છે. ॥ ૨૩૧ ॥ હે, રામચંદ્ર! જ્ઞાન ભુમિકા અજ્ઞાનના બંધનને છેદી નાંખે છે (તોડી નાંખે છે) અને તેથી કરીને સઘળાથી મુક્ત થવાય છે, જેવી રીતે મૃગની તૃષ્ણાની (આશાની) ભ્રાંતિ અને ખસખસમાં પથ્થરની કણી (રેતી) ની ભ્રાંતી યોગ્ય જ્ઞાનને પ્રાપ્ત થયાથી સઘળી દૂર થાય છે. ॥૨૩૨॥હે, રામચંદ્ર! જેને બીજી, ત્રીજી, અને ચોથી ભુમિકાનું જ્ઞાન પેદા થયું છે તેને જ્ઞાનનો ઉદય થયો છે અને અજ્ઞાન દૂર થયું છે, મોહને જીત્યું છે, પારબ્ધને વશ કરવાથી મનનો નાશ થયો છે, ને નિત્ય આનંદ પદ પ્રાપ્તિ થઈ છે પણ વિદેહ મુક્તિ પ્રાપ્ત થઈ નથી તોપણ આત્મ લાભ મળ્યો છે, ॥૨૩૩॥ હે, રામચંદ્ર! કોઈ જ્ઞાનની સાતમી ભુમિકાને પદ પામ્યું છે (પ્રાપ્ત કરી છે). કોઈ બીજી અથવા ત્રીજી ભુમિકાને પ્રાપ્ત થયું

છે, અને કેટલાએક છઠ્ઠી ભૂમિકાને પ્રાપ્ત થયા છે, અને કેટલાએક બધી ભૂમિકાને પ્રાપ્ત થયા છે, તે બધા ક્રમે કરીને મોક્ષ પામે છે." ॥ ૨૩૪ ॥ હે, રામચંદ્ર! કેટલાએક સનકાદિક જેવા એકજ જન્મમાં સાત ભૂમિકાને પ્રાપ્ત થયા છે અને જન્માંતર ક્રમે કરીને સઘળી સાત ભૂમિકાને પ્રાપ્ત થવાથી મોક્ષને પામે છે (મેળવે છે). ॥ ૨૩૫ ॥ હે, રામચંદ્ર! કોઈ ચાર ભૂમિકામાં સ્થિર છે અને કોઈ સાડાચાર ભૂમિકામાં સ્થિર છે વળી કોઈ છ ભૂમિકામાં સ્થિર છે, અને કોઇ સાડાછ ભૂમિકામાં સ્થિર છે. ॥ ૨૩૬ ॥ હે, રામચંદ્ર! જે વિવેકી પુરૂષ છે તે આ જ્ઞાન ભૂમિકામાં પ્રવેશ કરી શકે છે (બળી જાય છે.) અને દેહ અને ઘરના ઉદ્યમરૂપી સંતાપને દુર કરે છે. ॥ ૨૩૭॥ હે, રામચંદ્ર! જેણે જ્ઞાનને બળે કરીને ઇંદ્રિયો સહિત મનને જીતી લીધું છે તે પુરૂષ બહુ ધીરજવાન છે અને જ્ઞાનભૂમિકામાં સ્થિર છે, એવો પુરૂષ આત્મલાભની પદ્વીનો રાજા છે અને દુઃખવાળા આખા જગત્નો જય મેળવવો તે એક તૃણ (ઘાસના તણખલા) જેટલું વિકટ છે એમ સમજે છે. ॥ ૨૩૮ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ આ જ્ઞાનભૂમિકામાં સાવધાન થઇને મનની સાથે ઇંદ્રિયોને શત્રું ગણીને જીતી લે છે તે ત્રૈલોક્યમાં પણ વંદન કરવા લાયક ગણાય છે, અને મોટા પુરૂષ કે જેને રાજસુયજ્ઞ કરવાવાળા ચક્રવર્તિ રાજાની પદ્વી અને જગત્રૂપી સૃષ્ટિને બનાવનાર બ્રહ્માની પદ્વી તૃણ સમાન લાગે છે એવી મોટી પદ્વીને તે પ્રાપ્ત થાય છે. ॥ ઈતિ જ્ઞાનભૂમિકા ઉપદેશ સમાપ્ત ॥૨૩૯॥

હે, રામચંદ્ર! જેવી રીતે નટ લોકો બીજા દેશના લોકોને મોહ પમાડવા વાસ્તે ઔષધિના ચુર્ણને આકાશમાં ઉડાવે છે અને

તેથી કરીને જેવી રીતે લોકોને આકાશમાં નગરનો ભ્રમ થાય છે, તે સત્ય અથવા અસત્ય એમ કોઇ કહી શકતું નથી, તેવી રીતે આપણી અજ્ઞાનતાની લાગણીને સંસાર દેખાય છે, પણ તે અસત્યરૂપ છે એમ કહી શકાતું નથી. ॥ ૨૪૦ ॥ હે, રામચંદ્ર! જ્યાંસુધી વાસના સાથે અવિદ્યા (અશિક્ષણ, મૂર્ખતા) રૂપી આત્મવિચાર કરીને જ્ઞાનભૂમિકાના બળનો નાશ થતો નથી, અને જેવી રીતે મૂળ સાથેની ઝાડની ઘટા નાશ થતી નથી અને ફરીને પાંદડાં અને પુષ્પોના ફણગાને ઉત્પન્ન કરે છે તેવી રીતે અર્ધદગ્ધ અવિદ્યા અનેક પ્રકારે કરીને સુખદુઃખના બનાવને પ્રગટ કરે છે તે કારણથી જીવનમુક્ત પુરૂષોએ અવિદ્યાની મુળરૂપી વાસનાની જાળનો ક્ષય કરવા વાસ્તે આ જ્ઞાનભૂમિકાના અભ્યાસનું શિક્ષણ લેવા હમેશાં ભલામણ કરી છે. ॥ ૨૪૧ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે પથ્થરમાં જળ નથી તેવીજ રીતે જળમાં અગ્નિ નથી અને તેવી રીતે આત્મામાં જગતરૂપી ચિત્રનો ભાષ નથી તો પરમાત્મામાં ક્યાંથી ભાષ હોય! ॥ ૨૪૨ ॥ હે, રામચંદ્ર! આ જગતરૂપી ચિત્ર દેખાય છે તે કાંઈ સત્ય નથી એમાં જે કાંઇ કહ્યું છે તે સત્ય કહ્યું છે એવું માનીને ચિંતાને દૂર કરીને સુખી રહો. ॥ ૨૪૩ ॥ હે, રામચંદ્ર! ઘરબારી મનની વૃત્તિ આત્મભાવથી ઘણીજ જુદી છે, અને હલકી છે, જે એ પ્રમાણે વર્તે છે, તે પુરૂષ ચંડાળ છે તે અનુસારે ન વર્તે તે ચંડાળ સમાન થતો નથી તેવી રીતે ચિત્તની અનુસારે વર્ત્તવું યોગ્ય નથી. ॥ ૨૪૪ ॥ હે, રામચંદ્ર! તમે ચિત્તરૂપી ચંડાળને હમેશાં દુર કરીને આત્મરૂપી સ્વરૂપે કરીને હમેશાં સુખી થાઓ, અને તમને ચિત્તરૂપી ચંડાળે કાદવજેવા જડ

કરેલા છે. ॥ ૨૪૫ ॥ હે, રામચંદ્ર! આ અસત્યતારૂપી ચિત્તના જમને જે જે મુઢ પુરૂષો વશ થયા છે અને તેજ બુદ્ધિવાળા પુરૂષોને ચંદ્ર મંડળથી ઊલ્કાપાત (આકાશમાંથી અગ્નિનો વરસાદ પડે તેવો પાત) અને વજ્રપાત (સખત વજ્રના ઝાડ જેવો પાત) પ્રાપ્ત થાયછે. ॥ ૨૪૬ ॥ જે અસત્યરૂપને અને અસત્ય સંકલ્પવાળા ચિત્તને અનુસારે વર્તે છે તે પુરૂષ આકાશને અનુસરીને વર્તે છે. એવા પુરૂષો આકાશનું છેદન કરવાંની વાતો કરીને વખતનો ગુજારો કરે છે, તેને ધિક્કાર છે, જેવી રીતે આકાશના છેદન કરવાની વાત નકામી (ખોટી) છે, તેવી રીતે ચિત્તના સંકલ્પનો અનુસાર કરવો તે નકામો છે. ॥ ૨૪૭ ॥ હે, રામચંદ્ર! દેખવાવાળા પદાર્થની નજરમાં જે દેખવાવાળા સાક્ષીઓ ચૈતન્યનું જ્ઞાનરૂપી સ્વરૂપ છે તે દેખવાવાળી વસ્તુથી દેખવાવાળી ઇંદ્રિયોવડે જુદું પડે છે, તે તમારૂ પરમ સ્વરૂપ છે. ॥૨૪૮॥ હે, રામચંદ્ર! જયારે ચિત્ત એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે તે બંનેમાં જે જડતા વગરની ફક્ત લાગણીનું રૂપ છે તે માત્ર સત્તારૂપ છે, તે દ્રશ્ય તમેજ છો. ॥ ૨૪૯ ॥ હે, રામચંદ્ર! જાગૃત અવસ્થા જેને ઉદય થઇ નથી અને જેનો સ્વપ્નથી લય થયો નથી; જે જડ નથી, જે ચૈતન્ય નથી એવું જે માત્ર સત્તાનું સ્વરૂપ છે તે સ્વરૂપને પામવા તમે તત્પર થાઓ. ॥ ૫૦ ॥ હે, રામચંદ્ર! આ જીવ નાશ પામવાવાળા શરીરથી આપણા સ્થાનમાં હમેશાં રહી પછી દેહની વાસનાનો ત્યાગ કરીને બીજા દેહની વાસનાને સાથે લઇને ચાલ્યો જાય છે, જેવી રીતે ભમરો ફુલની વાસનાને લઇને પેહેલા ફુલને છોડીને બીજા ઉપર જઇ બેસે છે. ॥ ૨૫૧॥ હે, રામચંદ્ર! જો તમે એવું કહો કે જીવ છાંયા

રૂપ છે અને તે પોતાનો આધારરૂપી દેહનાશ થવાથી સઘળા અવયવોનો નાશ થાય છે,તોપણ તમારે શોક કરવો નહીં,જે આ દેહમાં નાશ થાય છે તે નવી દેહમાં નાશ થતો નથી અને જે દેહની સાથે તે નાશ થશે, તે આગલા દેહમાં કેમ નાશ થશે! એવું જાણીને તમે શું કરવા શોક કરો છો! ॥ ૨૫૨ ॥ હે, રામચંદ્ર! તમે સત્યભાવનાએ માનો કે આત્મા સત્યરૂપ છે, અને મોહની ભાવના કરશો નહી, કારણ કે મોહ તે અસત્યરૂપં છેં, ઉપાધિરૂપ છે, અને આત્મા તે ઇચ્છારૂપ હોવાથી જગત્‌ની ઉપાધિથી દૂર રહી મનને આત્મ વિચારરૂપી શીક્ષણ આપે છે, અને માત્ર શુદ્ધ સત્તારૂપ સ્વરૂપ છે.॥૨૫૩॥હે, રામચંદ્ર! આત્મા સાક્ષિરૂપ છે અને બધામાં સરખો છે, અને કલ્પનાથી દૂર છે, અને ચૈતન્યતાનું રૂપ છે, ઇચ્છાથી દૂર છે, અને શુદ્ધ છે, તેમાં દરેક જગત્‌ની માફક છાંયા જણાય છે. ॥ ૨૫૪ ॥ હે, રામચંદ્ર! તે આત્માની ચૈતન્ય સત્તા મનની કલ્પનાથી ને સંકલ્પ વિકલ્પનાથી જુદી છે, માટે હે, રામચંદ્ર! તે ચિત્તના સુખદુઃખે કરીને કેવી રીતે નાશ થશે તેનો તમે આત્મ જ્ઞાને કરીને વિચારકરો! ॥ ૨૫૫ ॥ હે, રામચંદ્ર! સંકલ્પનો નાશ થવાથી ચિત્ત ગળગળીત થાય છે, અને તેથી કરીને સઘળા સંસારની મોહરૂપી ધંટડીનો નાશ થાય છે, અને એક અદ્વિતીય ચૈતન્યમાત્ર આત્મા નિર્મળ દેખાય છે, તે આત્મા કેવો છે! જન્મ વિનાનો છે, જેનો છેડો કે અંત નથી; કેવી રીતે કે જેવી રીતે શરદરૂતુ શરૂ થઇ કે તરતજ સઘળા વરસાદની મોસમમાં થયેલાં વાંદળાં દૂર થાય છે અને સઘળું આકાશ સ્વચ્છ, ખુલ્લું અને નિર્મળ થાય છે. ॥૨૫૬॥ હે, રામચંદ્ર! આ ચિત્તની સાથેનું

જગત્ અસત્ય રૂપ છે તોપણ આગળ (નજરમાં) જોવામાં આવે છે ખરૂં તેમજ ફરીથી તેનો નાશ પણ થાય છે, અને વારંવાર ચૈતન્યતાનાં મન દ્વારે કરીને ઉદય થાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી મોહ રૂપી પાસમાં લપટ થાય છે તો લય પણ થાય છે જેવી રીતે સમુદ્રમાં જળનાં મોજાં વારંવાર પવન અને તોફાનને લીધે શાંતવન સ્વભાવ વડે શાંત પડવાથી ઉદયનો નાશ થાય છે તેવી રીતે તેનો લય પણ થાય છે. ॥ ૨૫૭ ॥

એ પ્રમાણે શ્રી યોગ વાસિષ્ઠસારે મોક્ષોપાયે ઉત્પત્તિ નામેનું ત્રીજું પ્રકરણ સમાપ્ત ॥ ૩ ॥



સ્થિતિ પ્રકરણ ૪ થું.

શ્રી વસિષ્ઠજી કહે છે—હે, રામચંદ્ર! આ જગત્‌રૂપ આકાર જે સ્થિર છે તેનું હું વર્ણન કરૂં છું તે તમે સાંભળો, તે કેવો છે? કર્તા (સરજનાર) સિવાયનો અને પ્રયોજન (કામ) રહિત છે અને સાધન ક્રિયાને તે સમજતો નથી, લખવાવાળો અથવા ચિતરવાવાળા ચિતારા વગરનો છે, અને ધોળાશ પડતા પીળા રંગે કરીને વિમુખ છે, મુલ્ય વગરનો છે (અમુલ્ય છે), કાગળથી લેખ વગરનો છે, આકાશમાં દેખાતા ગંધર્વ નગરના જેવો છે, અને જોવાવાળો ને સમક્ષમાં પ્રતીત થાય એવો છે, તોપણ તે હમેશાં દેખવામાં આવતો નથી, અને મોહરૂપી નિંદ્રા (ઉંઘ) ની સમાધિમાં તલ્લીન રહેવાવાળી ચૈતન્યતાને ધિક્કાર કરવાવાળો છે, છતાં ચૈતન્યતાના સાક્ષીનો તિરસ્કાર કરતો નથી, અને પોતાનો લય થવાથી ચૈતન્યતાનો લય કરતો નથી. ॥૧॥ હે, રામચંદ્ર! ત્યારે તે કેવો સ્થિર છે! જેવી રીતે વાંદરાંઓ ઠંડીની મોસમમાં ઠંડીને દૂર કરવાવાસ્તે લાકડાનો જથ્થો એકઠો કરે છે અને અગ્નિ જ્યાં હોય છે ત્યાં પેસે છે તેને લાવી પોતાના મુખ (મોઢા) વતી તેને સળગાવવા યત્ન કરે છે અને જેવીરીતે તે સળગતો નથી તેથી ઠંડી જતી નથી અને તેમનું કાર્ય થતું નથી તેવી રીતે જગત્ કાર્ય વિનાનું છે અને તેથી કરીને આ લોકમાં તેમજ પરલોકમાં (બીજી દુનિયાંમાં) પણ તેના કાર્યની સિદ્ધિ થતી નથી. ॥ ૨ ॥ હે, રામચંદ્ર! તમે સઘળી અર્થરૂપી યુક્તિઓ (પ્રપંચો) તેને સાંત કરો (ઠંડા પાડો) અને

વિકલ્પ (કલ્પના)રૂપી જે બિછાનું છે તેને તજીદો (છોડી દો), અને જે નીરંતર મોહરૂપી નિંદ્રામાં તમે તલ્લીન થયા છો તેને દૂર કરો, ભયને તજો, અને આત્મજ્ઞાને કરીને અંતઃકરણ સ્વચ્છ ફુલની માળાથી સુશોભિત અને સુગંધદાર કરો અને સ્વરૂપી જે આનંદ છે તેને મેળવવા ચાલાક બનો. ॥ ૩ ॥ હે, રામચંદ્ર! આ મન તે પિશાચ (ભૂત)નું રૂપ છે અને જે ચીજો દેખવાથી મોહ ઉત્પન્ન થાય છે તેવી વસ્તુઓની, ભાવનાનો ત્યાગ કર્યા સિવાય અને લાખો અને કરોડો ઉપાયો કરીને કલ્પના કર્યા સિવાય તે વૃત્તિ દૂર થઇ શકતી નથી. ॥ ૪ ॥ મન તે સઘળું જગત્ છે અને તેવું જગત્ તે પણ મન છે, એ બન્ને એક બીજાને મળેલાં છે, એ બન્નેમાં મનનો ક્ષય (નાશ, ભંગ) થવાથી જગત્નો લય થાય છે. ॥ ૫ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે લવણ રાજાએ મનથી ચંડાળનું સ્મરણ કર્યું અને તે કારણથી ચંડાળવૃત્તિ તેનામાં વ્યાપ્ત થઇ તેવી રીતે જગત્ મનમાં સ્થિરરૂપ છે. ॥ ૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે ભાર્ગવરૂષીને તપ કરતાં કરતાં ભોગ કરવાની વૃત્તિ થવાથી ભોગના સ્વામીત્વભાવને પામ્યા હતા અને તેથી કરીને સંસારની ભાવના પણ થઇ છે તેવી રીતે આ જગત્ મનમાં સ્થિર છે. ॥ ૭ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે ભૃગુમુનિનો છોકરો બાળક ભાવનામાં મૃગ થયો તેને મૃગ થયેલો જોઇને ભૃગુમુનિ જમરાજા ઉપર ક્રોધાયમાન થયા અને શ્રાપ દેવા લાગ્યા તે વખતે જમરાજા ભૃગુમુનિને કહેવા લાગ્યા, હે મુનિરાજ! તમે જેવી રીતે વિવેકી પુરૂષ છો અને લોક સ્થિતિને અસત્ય માનો છો અને જેની ઉત્પત્તિ છે તેનો લય પણ છે એવું સમજો છો તેથી મોહના અંશ

માત્રથી પણ મોહ પામતા નથી અને મોહના નિમિત સિવાય કેવી રીતે મોહ પામી શકે! ॥ ૮ ॥ હે, ભૃગુમુનિ! તમે વિવેક કરીને અનંત (અમર) થયા છો! અને અમે દેવની આજ્ઞા પાળવાવાળા છીએ અને તમારા વિવેકને લીધે તમો અમને પુજ્યમાન તરીકે દિસો છો અને ક્રોધ વિગેરેને લીધે પુજ્યમાન દિસતા નથી ॥ ૯ ॥ હે, મુનિરાજ! તમે દુરબુદ્ધિ વિનાના છો અને ક્રોધે કરીને તપનો ક્ષય કરો નહીં, શોકઆદિ મનને દગ્ધ કરનારા વિચારથી અમારે તમને દગ્ધ કરવાની જરૂર પડે છે અને શ્રાપ દઇને તમે અમને શું કરશો!॥૧૦॥ હે, મુનિરાજ! મેં બધી સંસાર રચનાને ગૃહણ કરી છે અને કોટી રૂદ્રને પણ ગૃહણ કર્યા છે, કોટી વિષ્ણુને પણ ગૃહણ કર્યા છે, અને અમે ગૃહણ કરવાને કયાં સમર્થવાન નથી! ॥ ૧૧ ॥ હે, મુનિરાજ! અમે તમારા ભોકતા છીએ અને જેવી રીતે તમે અમારૂં ભોજન છો તેવી રીતે બધા દેવની ઇચ્છાનો તે વિલાસ છે, હે, રૂષીજી! અમારી તમારી વાદ વિવાદની ચેષ્ટા તે શું છે! ॥ ૧૨ ॥ હે, મુનિરાજ! આ સંસારનો વ્યવહાર ઇશ્વરની ઇચ્છાએ કરીને ચાલુ છે અને વિવેકી પુરૂષ તે ચાલુ સમયને આધીન રહે છે તોપણ મોટા (માહાન્) પુરૂષો તેનું અભિમાન કરતા નથી. ॥ ૧૩ ॥ હે, મુનિરાજ! તમારી જ્ઞાનદષ્ટિ કયાં છે! અને મોટાઇ કયાં છે! અને ધૈર્યતા કયાં છે! સંસારનો માર્ગ બધાથી જાણીતો છે, એવી આંધળા પુરૂષ જેવી ક્રોધ અને મોહની વૃત્તિને તમે કેમ પ્રાપ્ત થયા છો! ॥ ૧૪ ॥ હે, મુનીરાજ! આ મરણની અવસ્થા આપણા કર્મના ફળની પરિપકવતાએ કરીને થાય છે એનો વિચાર કર્યા સિવાય સર્વ ઠેકાણે

વ્યાપેલા એવા જે તમે તે મુઢ પુરૂષોની માફક મને ફોકટ શ્રાપ દેવાને કેમ ઈચ્છા કરો છો! ॥ ૧૫ ॥ હે, મુનીરાજ! જેવી રીતે સંસાર વ્યવહારની અંદર મુઢ બનેલો છે તેવી રીતે અમે જ્ઞાનવાળા પંડિતોમાં છીએ અને મુઢ વાસનાથી બંધનમાં રહીને જ્ઞાનની વાસનાનો ત્યાગ કરીને જુદા થઈએ છીએ અને મૃત્યુની આગળ બધા સરખા છે. ॥ ૧૬ ॥ હે, મુનીરાજ! જ્ઞાની પુરૂષ, સુખી પુરૂષોથી હમેશાં સુખી થાય છે અને દુઃખી પુરૂષોવડે હમેશાં દુઃખી થાય છે, અને મોટા પુરૂષોને જેમ અજ્ઞાની પુરૂષ દેખવામાં સમાન છે તેમ તે અંતઃકરણથી પણ અલગ છે. ॥ ૧૭ ॥ હે, રામચંદ્ર! ભૃગુમુનિ જમરાજના આ વચનને સાંભળીને જમરાજને પ્રસન્ન થઇને વિદાય કરે છે અને આત્મજ્ઞાનનો વિચાર કરીને પુત્રના શોકનો ત્યાગ કરે છે. ॥ ૧૮ ॥ હે, રામચંદ્ર! તે કારણથી જે પુરૂષ જ્ઞાનની ઇંદ્રિઓને વાસનાથી દૂર કરે છે તે કર્મ ઇંદ્રિયોએ કરીને અને કર્મ બંધને કરીને મોક્ષ પામે છે, અને કર્મ ઇંદ્રિયોએ કરીને કર્મનો વ્યાપ્ત કરીને અને જ્ઞાનની ઇંદ્રિયોથી વાસના થાય તો સંસારરૂપી બંધનને પ્રાપ્ત કરે છે (થાય છે) તો તે સંસાર વાસનામાં સ્થિર થાય છે. ॥ ૧૯ ॥ હે, રામચંદ્ર! તેથી કરીને તમે મમતાને અહંકારરૂપી અંધકારથી દૂર થાઓ અને બધી વાસનાથી અલગ રહો અને તે કારણને લીધે તમે તમારી વૃત્તિએ કરીને આ લોક અને પરલોકની ભોગવાસનાની ઇચ્છાથી દૂર થશો એટલે તમો ચિત્તની મહાપદ્વીને પ્રાપ્ત થશો અને તમને સઘળી પ્રજા નમસ્કાર કરશે. ॥ ૨૦ ॥ હે, રામચંદ્ર! વાસના રહિત ચિત્ત તે અમૃત છે અને તેનાથી અધિક બીજું કોઇ અમૃત

નથી, વાસનાવાળું ચિત્ત તે અગ્નિ છે અને તેનાથી અધિક બીજો કાંઇ અગ્નિ નથી, ને ચિત્ત શાસ્ત્રની ભાવનાવાળું હોય તે બાહારથી સ્ત્રી વૃત્તિ હોતી નથી (મળતી નથી) એટલે સ્ત્રી વગરનો હોય છે તોપણ જો દુઃખ કે વિવેક અંતઃકરણથી લાગતું નથી તો મોઢેથી કહેલું વાક્ય શું કરવાનું હતું! અથવા મોઢેથી બોલેલા વાકયથી શું થવાનું હતું! ॥૨૧॥ હે, રામચંદ્ર! જેવી રીતે આરસપહાણમાં પડછાયો પડે છે પણ તે અંદર પેસી શકતો નથી તેવી રીતે લોક વ્યવહારે કરીને ભોગની આકાંક્ષા તમારા મનમાં દઢ થાય છે તોપણ અંતઃકરણથી તમને તેની લાગણી થતી નથી. ॥ ૨૨ ॥ હે, રામચંદ્ર! જે માણસ વિચાર બુદ્ધિએં કરીને ઉદય (સારી સ્થિતિ) ને પ્રાપ્ત થયો છે અને ચિંત્તના સ્વભાવને જાણવાવાંળો થયો છે અને આત્માના તત્વને જાણે છે, તે પુરૂષના બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિગેરે શિષ્ય થાય છે. ॥ ૨૩ ॥ હે, રામચંદ્ર! આ શરિર ફોગટ વાસનારૂપી ભારથી ઉત્પન્ન થયું છે, તે દુઃખનું ઘર છે, જે પુરૂષ તેને આત્મભાવનાએ કરીને જોતો નથી (દષ્ટિ ફેંકતો નથી) તે આત્માને જુએ છે. ॥ ૨૪ ॥ હે, રામચંદ્ર! મર્યાદાની બહારનો, દેશના કાળ પ્રમાણેની ક્રિયાથી વિરૂદ્ધ, એવા આકાશ જેવો હું છું, એવી રીતે સર્વત્ર આત્માને વ્યાપી ગયેલો જે હું દેખું છું તે ખરૂં છે! ॥૨૫॥ હે, રામચંદ્ર! દેશ અને કાળના વશ પણાથી સુખદુઃખ પેદા થાય છે. અને તેને જે પોતે દેખતો નથી તે પુરૂષ આત્માને જુએ છે! ॥ ૨૬ ॥ હે, રામચંદ્ર! બાળકના રૂંવાટાંનો આગલો ભાગ અને તેનો એક લાખમો ભાગ (લક્ષ ભાગ) છે તેના કરોડમા ભાગના અંશ જેટલો હું સુક્ષ્મરૂપે કરીને સર્વ

ઠેકાણે વ્યાપી રહેલો છે એવી રીતે આત્માને જે દેખે છે તેજ દેખતો છે. ॥ ૨૭ ॥ હે, રામચંદ્ર! પોતાના અથવા બીજાનાં સર્વ ઠેકાણે વ્યાપેલા ચૈતન્યરૂપને હમેશાં ભેદ દ્રષ્ટિવિના જે કોઈ પોતાનું આત્મસ્વરૂપ માને છે (દેખે છે) તેજ દેખતો છે. ॥ ૨૮ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ ,સર્વ શક્તિઓમાં જોડાએલો અખંડરૂપ જે બધી જાતની ભાવનામાં સ્થિર છે એવા અદ્વિતીય આત્માને દેખવાવાળો (જાણવાવાળો) તે દેખતો છે. ॥ ૨૯ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ દુઃખ અને પિડાના ભયે કરીને વ્યાકુળ છે અને જન્મ મરણઆદિ ધર્મવાળા દેહને જે આત્માનું રૂપ માનતો નથી અને જે પોતાને દેહથી જુદો છે એમ માને છે તે દેખતો છે. ॥ ૩૦ ॥ હે, રામચંદ્ર! આડકતરૂં અથવા સીધું અથવા નીચું છે એવી રીતે આત્મરૂપી મહિમા જેને પ્રાપ્ત થયો છે અને જે માને છે (દેખે છે), મારા જેવો કોઇ નથી એવી રીતે જે કોઇ આત્માને દેખે છે તેજ દેખતો છે. ॥ ૩૧ ॥ હે, રામચંદ્ર! જે કોઇ એવું દેખે છે કે સર્વ જગત્ મારામાં છે એવા. પુરૂષો જેવી રીતે સુતરની માળામાં મણકા આવેલા છે તેવા છે અને તેના ચિત્તમાં બધું જગત્ છે પણ ચિંત્ત જડ છે તેથી કરીને હું. ચિત્ત નથી એવું જે દેખે છે તેજ દેખતો છે. ॥ ૩૨ ॥ હે, રામચંદ્ર! હું દેહ નથી, બીજું કોઈ નથી પણ સર્વત્ર વ્યાપેલો હું પરમબ્રહ્મ છું, એવી રીતે સત્યજ્ઞાન અથવા અસત્યજ્ઞાનથી જે કોઇ દેખે છે તેજ દેખતો છે. ॥ ૩૩ ॥ હે, રામચંદ્ર! નામરૂપે કરીને ત્રૈલોક્ય છે તે મારો અંશ છે જેવી રીતે સમુદ્રમાં મોજાં આવે છે તેવી રીતે જે કોઈ દેખે છે તેજ દેખતો છે. ॥ ૩૪ ॥ હે, રામચંદ્ર! જે

કોઇ ભોગના પ્રમાણવાળા સ્વભાવને જાણીને ભોગ કર્ત્તા થાય છે તે ભોગનો પ્રાપ્ત થાય છે અને દુઃખને પોતે સહન કરતો નથી (પોતાને દુઃખ થવા દેતો નથી) જેવી રીતે ચોર જાણીને ચોરની સેવા કરે તો ચોર મિત્રભાવનાથી વશ થાય છે, પણ શત્રુભાવ કરતો નથી. ॥ ૩૫ ॥ હે રામચંદ્ર! જેવી રીતે રસ્તે ચાલનારને તિર્થની જાત્રા અકસ્માત થઈ જાય છે તેવી રીતે જ્ઞાની પુરૂષોને સંસારનો વ્યવહાર ચિંતવન કર્યા સિવાય અકસ્માત્ પ્રાપ્ત થાય છે. ॥ ૩૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે નજર આગળ જે અકસ્માત્ દેખાય છે, એમાં દૃષ્ટિની (નજરની) પ્રીતિ સિવાય વૃત્તિ થાય છે તેવી રીતે ધૈર્ય અને બુદ્ધિવાળા પુરૂષો જગત્‌ના વ્યવહારમાં પ્રીતિવીના પ્રવૃત્ત થાય છે. ॥ ૩૭ ॥ હે, રામચંદ્ર! ઉત્તમ બુદ્ધિવાળા પુરૂષો જે પ્રાપ્ત ન થાય એવા પદાર્થોની ચિંતા છે અને પ્રાપ્ત ન થાય એવા પદાર્થથી જે નુકશાન છે તે આપણા સંકલ્પથી ફેરવવાને આપણે સમર્થ (શક્તિવાન) થતા નથી, જેવી રીતે પંખીઓના પોકારોનો અવાજ પર્વતને ચળાયમાન કરી શકતો નથી. ॥ ૩૮ ॥ હે, રામચંદ્ર! જ્ઞાનિ પુરૂષો પદાર્થોની ચિત્તમાં દઢભાવનાના અંશને દુઃખની ખાણ માને છે, અને પદાર્થોની દઢભાવનાને છોડી દેવું (ત્યાગ કરવો) તે હમેશાં સુખની ખાણ માને છે. ॥ ૩૯ ॥ હે, રામચંદ્ર! સંસાર સમુદ્રને તરી જવાને સંત લોકોને એવું કર્યાસિવાય તપ, તીર્થ કે શાસ્ત્રના અધ્યયન (અભ્યાસ) સિવાય બીજો કોઇ પણ રસ્તો નથી. ॥ ૪૦ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ લોભ, મોહને ક્રોધે કરીને આંધળો થયો છે તે માણસ દરરોજ સુકાતો જાય છે (દેહને ક્ષીણ

કરે છે) અને જે સાચા પુરૂષો છે તે પુરૂષો લોભ, મોહ, અને ક્રોધથી દૂર રહીને શાસ્ત્રવિધિયે કરીને પોતાના ધર્મ અને કર્મમાં આનંદ માને છે. ॥ ૪૧ ॥ હે, રામચંદ્ર! જે નીચો માણસ છે તેની પાસે અહંકારરૂપી હલકો ભુત હોય છે તેને શાંત કરવાને શાસ્ત્ર અથવા મંત્ર પણ સમર્થ થતું નથી. ॥ ૪૨ ॥ હે, રામચંદ્ર! જે કોઇ એવો વિચાર કરે કે આ જગત્‌ની જુઠી ઈંદ્રજાળરૂપી માયા છે એમાં સ્નેહ કરવો અને વૈરાગ્ય કરવો મારે શું કામનો છે! એવું અંતઃકરણમાં વિચારવાથી અંહકાર પેદા થતો નથી. ॥ ૪૩ ॥ હે, રામચંદ્ર! જે એવી મનની દઢતા રાખે કે અહંકાર તે ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે અને આખું જગત્ હું છું, અને પરમાત્મા પણ હું છું, અને અવિનાશી પણ હું છું, અને મારાથી વધારે બીજી કોઈ પણ વસ્તુ નથી એવો જે ઉત્તમ પ્રકારનો અહંકાર છે તે મોક્ષને આપે છે અને બંધનમાં રાખતો નથી. ॥ ૪૪ ॥ હે, રામચંદ્ર! હું બધાથી જુદો છું, અને બાળકના રૂંવાટાંના આગલા ભાગનો સોમા અંશથી પણ ન્હાનો (સૂક્ષ્મ) છું. એવી જે અહંકારની કલ્પતા છે તે બીજો અહંકાર કહ્યો છે તેનાથી પણ બંધન થતું નથી, પણ જીવનમુક્તિરૂપી મોક્ષને પ્રાપ્ત કરવાવાળુ છે. ॥ ૪૫ ॥ હે, રામચંદ્ર! હાથ પગોએ કરીને જે કર્મ કરે છે અને તેને માને છે કે હું કરૂં છું તે ત્રીજું લૌકિક અહંકારનું રૂપ છે તે નીચ (હલકું) છે, છોડી દેવા જેવું છે, અને ખરાબ છે અથવા તો તે મોટો શત્રુ છે. ॥ ૪૬ ॥ હે, રામચંદ્ર! પેહેલા શિષ્ય, શાંતી, દમનતા, વિગેરે અનેક મનની ઇંદ્રિયોથી શુદ્ધ કરીને અને શુદ્ધ અંતઃકરણ જાણીને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ

કરે કે હે, શિષ્ય! તમે બ્રહ્મ છો! એવો બોધ કરે. ॥ ૪૭ ॥ હે, રામચંદ્ર! જે અજ્ઞાની છે, અને શુદ્ધ અંતઃકરણ વિનાનો છે, તત્વજ્ઞાન વગરનો છે, અને જે ઉપર કહેલા પુરૂષનેં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે છે તે સાંભળવાવાળાને અને ઉપદેશ કરવાવાળાને નરકની પ્રાપ્તી થાય છે. ॥૪૮॥ હે, રામચંદ્ર! જે ગુરૂ શિષ્યને પારખ્યાવિના ઉપદેશ કરે છે તે ગુરૂ અને શિષ્ય બંને નરકમાં જાય છે, અને જ્યાંસુધી પાંચ ભુત સૃષ્ટિનો પ્રલય (નાશ) થતો નથી ત્યાંસુધી બને જણ નરકમાં રહે છે. ॥ ૪૯ ॥ હે, રામચંદ્ર! આ માયા દૃઢ છે અને દૂરથી પીડા કરે છે એવો વિચાર તમને થતો નથી એવી માયાને હું કેવી રીતે મારૂં! જેવી રીત બતાવો તેવી રીતે મારૂં એવો દૃઢ વિચાર તમને જ્યારે થાય ત્યારે મોક્ષને પામવાનો રસ્તો મળે. ॥ ૫૦ ॥ હે, રામચંદ્ર! સારાં અથવા નઠારાં કર્મ કરીને જેને પોતાનું સ્વરૂપ માલમ પડતું નથી અને જેને મનમાં જન્મ મરણનો ખેદ થતો નથી અને સંસારના સુખદુઃખનો વૈરાગ્ય થતો નથી જેને મોક્ષની ઇચ્છા પણ થતી નથી તે માણસ રાક્ષસરૂપે જન્મે છે. ॥ ૫૧ ॥ હે, રામચંદ્ર! આ જગત્ મારા દેહાભિમાન વાળો છે તે જુઠો છે એવું જે જાણે છે તેમના મનમાં ખેદ ઉત્પન્ન થાય છે અને આ મારૂં સ્વરૂપ છે તે સત્યરૂપ છે એવું જે વિચાર કરીને જાણે છે તેનો ખેદ દૂર થાય છે. ॥ ૫૨ ॥ હે, રામચંદ્ર! સુંદર (અતિશય, પુષ્કળ) ધન, સ્ત્રી પુત્રઆદિમાં જ્ઞાની પુરૂષનો હર્ષ યા શોકનો સમાવેશ થયેલો છે, જેવી રીતે રેતીની ચમક (ચળકાટ)માં જળની તૃષ્ણા રહેલી છે અને તે જોવાથી સઘળા જળના ચાહનારાને કેટલો આનંદ પેદા થાય છે. ॥ ૫૩ ॥ હે,

રામચંદ્ર! જે ભોગોમાં અધિકતાના સમાવેશથી મૂર્ખ માણસોની પ્રીતિનું વલણ થાય છે અને તેજ ભોગોને જોવાથી વિચારવાળા જ્ઞાની પુરૂષોને જ્ઞાન પ્રાપ્ત થાય છે (વૈરાગ્ય થાય છે). ॥૫૪॥ હે, રામચંદ્ર! ભોગોની આગળ વૃદ્ધિ થયા વિના જે આકાંક્ષા થતી નથી અને ભોગ પ્રાપ્તીમાં ભોગનું સ્વભાવીકરીતે ભોગ કરવું એ પંડિતોનું લક્ષણ છે. ॥ ૫૫ ॥ હે, રામચંદ્ર! ભાવનાએ કરીને સ્વર્ગરૂપી નવીન આનંદને કદી ભુલી જાય તોપણ મોટા પુરૂષો તેનો શોક કે મોહ કરતા નથી, અને જે દૈવગતીએ પ્રાપ્ત થયેલું (મળેલું છે) તેનો ત્યાગ કરતા નથી, સુર્યનું તેજ મોહરૂપી અંધકારને દુર કરે છે અને ખરાબ સોબતથી મુક્ત કરાવે છે. ॥ ૫૬ ॥ હે રામચંદ્ર! આ જગત્‌ની સ્થિતિમાં બ્રહ્માના બહુ લક્ષ ચાલ્યાં ગયાં છે અને શિવ તથા ઈંદ્રનાં અનેક સેંકડાઓ ચાલ્યા ગયા છે, અને નારાયણના અનેક સહસ્રો ચાલ્યા ગયા છે. ॥ ૫૭ ॥ હે, રામચંદ્ર! જગત્‌ની સ્થિતિમાં કદાચિત શિવથી સૃષ્ટિ થઈ છે, કે કદાચિત બ્રહ્માથી થઇ છે, કે કદાચિત વિષ્ણુથી થઇ છે, કે કદાચિત મુનીશ્વરોથી થઇ છે, તે કોણ કહી શકે! ॥૫૮॥ હે, રામચંદ્ર! એવાં પુરૂષો જે પોતાની ચેષ્ટા કરીને પોતેજ રૂવે છે તે વાંદરાંઓ સુકાં લાકડા ઉપર બેસે છે અને તેથી કરીને તે લાકડાના વચલા ભાગની અંદર જ્યાં મજબુતાઇ વધારે માલુમ પડે ત્યાં ગોઠવાય છે અને તેઓ પછીથી લાકડાંના મધ્ય ભાગને ઝાલી રાખે છે અને બીજું લાકડું મળવાથી તેઓ પોતાનું ઝાલેલું લાકડું મુકી બીજાને ઝાલવા જાય છે અને તેથી કરીને તેઓ પોતાને હાથે ચેષ્ટા કરવાથી અથવા બીજું ઝાલવાની લાલચથી પોતાનું મૃત્યુ કરે છે,

(લાવે છે). ॥ ૫૯ ॥ હે, રામચંદ્ર! જો તમે હજાર વર્ષ સુધી તપ કરો અને જો પોતાના શરિરને પર્વતના શિખર સાથે અફાળીને (અથડાવીને) પથ્થરની સાથે છુંદી નાંખો, અથવા અગ્નિમાં અથવા યજ્ઞમાં બાળી નાંખો અથવા મોટા રાખના ઢગલામાં પડયા રહો અથવા તરવારની ધારથી શરીરને છેદીને ટુકડે ટુકડા કરો તોપણ તમને શિવ ઉપદેશ, કે વિષ્ણું ઉપદેશ, અથવા બ્રહ્મા ઉપદેશ કરે અને ત્રૈલોકયનાથ ઇશ્વરની કૃપાથી તમને પોતાને ઉપદેશ થાય અને તે ભાવનાથી પોતે (તમે) ત્રૈલોકયનો, સૃષ્ટિનો, પાલણનો લય કરો (નાશ કરો) પાતાળમાં રહો, કે સ્વર્ગમાં રહો, કે પૃથ્વિમાં રહો તોપણ પોતાના મનના સંકલ્પના લય સિવાય બીજી કોઈ પણ ચીજ મોક્ષનો ઉપાય કરે તેવી શક્તિવાન નથી. ॥ ૬૦ ॥ હે, રામચંદ્ર! આ મારો ગુરૂ છે, અને હું શિષ્ય છું અને મારો વિલાસ છે એવી ભ્રમણા તારા અંતઃકરણમાં થાય નહીં, અને હું અને તમે આ જગત્ છીએ અને તે સંપૂર્ણ આત્મતત્વના વિલાસને પેદા થયેલો છે.॥૬૧॥હે, રામચંદ્ર! આ હું છું તે હું પોતેજ છું આ હું કરૂં છું અને આ હું નથી કરતો અથવા આ પદાર્થ મારો છે એવા ભાવવાળી નજર સંતોષ પમાડતી નથી (આપતી નથી). ॥ ૬૨ ॥ હે, રામચંદ્ર! આ દેહ મારો છે એવી જે સ્થિતી થાય છે તે અસી પત્ર નામનું નરક છે,અને તે તરવેણી નદીના મોજાં જેવું છે અને તે કાળસુત્ર નામનુ નરક છે. ॥ ૬૩ ॥ હે, રામચંદ્ર! સઘળા પદાર્થનો નાશ થવાથી સઘળા દેહના અભિમાનની સ્થિતિ સઘળા યત્ને કરીને ત્યાગી પુરૂષની માફક ઉત્તમ પુરૂષે ચાંડાળ સ્ત્રી સાથે કદાપી સ્પર્શ કરવો નહીં. ॥ ૬૪ ॥ હે, રામચંદ્ર! કર્ત્તા કોઈ નથી અને હું

પણ કોઈ નથી, અને તે પણ કોઈ નથી એવા પ્રકારે જાણીને કર્તા (કરનાર, બનાવનાર, સૃજનાર) કોણ છે! હું કોણ છું! તે કોણ છે! એ સઘળા પરમબ્રહ્મ છે એવો નિશ્ચય કરીને ઉત્તમાં ઉત્તમ પદને સ્થિરતાથી મનની અંદર ધારણ કર, જેવી રીતે નિર્મળ બુદ્ધિવાળા શ્રેષ્ઠ સાધુજનો આત્મજ્ઞાને કરીને સ્થિર થાય છે. ॥ ૬૫ ॥ હે, રામચંદ્ર! પેહેલા તામસીપણાનો અને ખરાબ વાસનાનો ત્યાગ કરો અને શુદ્ધ મિત્રતા વિગેરેને ગૃહણ કરો તેથી મુક્તિ થશે. ॥ ૬૬ ॥ હે, રામચંદ્ર! જે વાસનાથી બંધાયેલો છે તે બંધનમાં છે પણ જેને વાસનાનો ક્ષય કીધો છે (લય કીધો છે) તે મોક્ષને પામે છે. વાસનાને તમે મુકી દઈને મોક્ષની આશાને પણ તમે તજી દો. ॥ ૬૭ ॥ હે, રામચંદ્ર! મિત્રતા કરવાથી બધા ભૂતમાં (પ્રેમીજનોમાં) પ્રીતિ થાય છે, તે પણ મોહને પ્રાપ્ત કરવાવાળી છે અને વ્યવહારે કરીને કેવળ ચૈતન્યતાની વાસનામાં તેનો પ્રવેશ કરાવો, તમે તે ચૈતન્યનીવાસનાનો મન અને બુદ્ધિથી શુદ્ધ અહંકારે કરીને ત્યાગ કરશો નહીં અને જે શુદ્ધ અહંકારે કરીને બધી વાસનાનો ત્યાગ કર્યો છે તેવી રીતે બાકી રહેલા અહંકારોનો પણ તમે ત્યાગ કરો અને અહંકારનો ત્યાગ કરવાથી તમે સ્વચ્છ (નિર્મળ) ચિદાનંદ પરમબ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત થશો. ॥ ૬૮ ॥ હે, રામચંદ્ર! જે હૃદયથી સર્વનો પરિત્યાગ કરવામાં આવે છે અને જે શેષ ચૈતન્યરૂપી સત્તામાં રહે છે તે મુક્તિ છે અને તેજ પરમેશ્વર છે. ॥ ૬૯ ॥ હે,

રામચંદ્ર! ઉપર વર્ણવેલા પુરૂષો મરજીમાં આવે તો સમાધિ ધરે, અને મરજીમાં આવે તો કર્મ કરે અથવા ન કરે, અને જો તેના હૃદયમાં સર્વ વાસનાનો ત્યાગ છે તો તે પુરૂષ મોક્ષ પદને પામે છે. ॥ ૭૦ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષનું મન વાસનાથી અલગું છે તે પુરૂષને કર્મ છોડી દેવામાં કંઈ પણ પાપ નથી અને કર્મને કરવાથી કંઇ પુન્ય નથી અને ધ્યાન ધરવાથી, જપ કરવાથી પણ કંઈ સિદ્ધિ થતી નથી, તેથી આત્મવિચારે કરીને પોતેજ સિધ્ધ થાય છે. ॥ ૭૧ ॥ હે, રામચંદ્ર! જેણે શાસ્ત્રનો સારી રીતે વિચાર કર્યો છે અને જેણે સાંભળવાવાળાને આવી રીતે સમજાવ્યા છે તોપણ વાસનાનો ત્યાગ કરીને મનરૂપી મૌન્યતા (મુંગાપણું) ને ધારણ કર્યા સિવાય કોઇપણ મનુષ્યને ઉત્તમ પદની પ્રાપ્તિ થતી નથી. ॥ ૭૨ ॥ હે, રામચંદ્ર! દશે દિશાઓએ કરીને જે જોવું તે જોયું કહેવાય છે તેવી રીતે જગત્‌માં યોગ્યતાથી ચીજને જોવાવાળા કોઇકજ બહાદૂર પુરૂષ છે. ॥ ૭૩ ॥ હે, રામચંદ્ર! બધી પાંચ ભૂતની માયા છે, છઠ્ઠી કંઈ પણ વસ્તુ જણાતી નથી અને પાતાળ સ્વર્ગ અને પૃથ્વી કંઈ નથી. ॥ ૭૪ ॥ હે, રામચંદ્ર! વિચારવાળા પુરૂષો યુક્તિએ કરીને ઉપદેશવાળા સંસારને ગાયના આંચળમાંથી નીકળતા પયના જેવો સુંદર અને મીષ્ઠ (મીઠું) માને છે અને જે યુક્તિને જાણતો નથી તેને સંસાર સમુદ્રના જળ જેવો ખારો લાગે છે. ॥૭૫॥ હે, રામચંદ્ર! જગત્‌નો કોઈ પણ ભાગ તત્વજ્ઞાનિની પ્રીત કરતો નથી, જેવી રીતે સ્રીના સ્તનરૂપી રત્ન કળશને જોવાથી જે કાંઇ પ્રીતિ અને ઉલ્લા-

સ પ્રાપ્ત થાય છે તે માટીના કળશને જોવાથી થતો નથી તેવી રીતે, પાર્વતીના નૃત્ય (નાચ) ને જોઈને શીવજીને જેવી મનની તૃપ્તી થાય છે તેવી વાંદરાના નાચથી પ્રીતિ થતી નથી. ॥ ૭૬ ॥ હે, રામચંદ્ર! અમે શું કરીએ! અને કયાં જઈએ! શું લઈએ (મેળવીએ)! અને શેનો ત્યાગ કરીએ! બધું જગત્ આત્માએ કરીને સંપૂર્ણ થયું છે જેવી રીતે નાશ થવાના વખતમાં સમુદ્રના પાણીએ કરીને બ્રહ્માંડ ભરેલું હોય છે. ॥ ૭૭ ॥

ઇતિ શ્રી યોગવાસિષ્ઠ સારે મોક્ષોપાયે ચોથું
સ્થિતિ પ્રકરણ સમાપ્ત.



ઉપશામ પ્રકરણ ૫ મું.

રાજા દશરથ શ્રી વસિષ્ઠજીની સ્તુતિ કરી રહે છે, કે હે, મુનિરાજ! જે સંજજન પુરૂષરૂપી ઝાડની યુક્તિથી કલ્પના પ્રગટ થાય છે તે સજજન પુરૂષરૂપી ઝાડને નીરંતર વંદન કરવું તે યોગ્ય છે, તે સજજન છે ને તે યુક્તિએ કરીને કલ્પનાને શોધવા વાસ્તે અને આત્મારૂપી રત્નને પારખવા વાસ્તે એક મોટી મશાલ છે (સાધન છે) તે આનંદરૂપી રસના તેલવડે પ્રકાશવાન દેખાય છે. ॥ ૧ ॥ હે, મુનિરાજ! તમારી વચન-યુક્તિએ કરીને સંસાર બંધનરૂપી ઝાંઝવાંવડે કામ, ક્રોધઆદિ સર્વે અમારી વસ્તુઓ ક્ષીણ થઇ ગઈ છે. જેવી રીતે શીયાળાની મોસમમાં ધોળાં વાદળાંઓ ક્ષીણ થઇ જાય છે (જતાં રહે છે). ॥ ૨ ॥ હે, મુનિરાજ! એવા આનંદને સ્વર્ગની મંદારવૃક્ષની મંજરી થતી નથી અને અમૃતરૂપી સમુદ્રના મોજાં એવા આનંદને પ્રાપ્ત કરતાં નથી પણ ઉદાર અને બુદ્ધિવાળા પુરૂષોની વાણી અંતઃકરણમાં આનંદ કરે છે. ॥ ૩ ॥

રાજા દશરથ શ્રી રામચંદ્રજીને કહે છે, હે, રામચંદ્ર! જે દિવસ મહાત્માની સેવા કરવામાં જાય છે તે દિવસ ઉત્તમ છે અને ઉત્તમ અજવાળાને પ્રાપ્ત કરવાવાળો છે અને બાકીના જે દિવસો છે તે અંધારારૂપી જાય છે. ॥ ૪ ॥ હે, રામચંદ્ર! હે, કમળનાં નેત્ર! જે વખતનું વર્ણન વસિષ્ઠરૂષી કહે છે તેને તમે વસિષ્ઠરૂષીને ફરીથી પૂછો. વસિષ્ઠરૂષી તમારા ઉપર કૃપા કરવાને ખુશી છે. ॥ ૫ ॥

શ્રી રામચંદ્રજી વસિષ્ઠરૂષીને પ્રશ્ન કરે છે. હે, ભગવાન્! તમે સર્વ ઠેકાણે વ્યાપેલા છો, એ તમારો પ્રસાદ છે જેને લીધે હું મોટી ઉદાર બુદ્ધિને પ્રાપ્ત થયો છું, અને તમારૂં વચન જેને હું સારી રીતે સમજ્યો છું તે તમારો પ્રસાદ છે. ॥ ૬ ॥ હે, મુનિરાજ! જે ઉપદેશ તમે કરો છો.તે તમારા ઉપદેશને મેં અંતઃકરણમાં ધારણ કર્યો છે (ઠસાવ્યો છે) અને મેં મોહરૂપી ઉંઘને અલગ કરી છે અને જે તમે કહો છો તે હું માનું છું અને તેથી કાંઇ જુદાઇ છે નહીં અને તેથી કરીને મેં હૃદયમાં સમજીને ઠસાવી દીધું છે (પુર્ણ રીતે સમજીને ધારણ કર્યું છે). ॥ ૭ ॥ હે, મુનિરાજ! તમારી આજ્ઞા હિતને કરવાવાળી (ભલું કરવાવાળી) છે, અને હૃદયમાં પ્રીતિ કરવાવાળી છે અને પવિત્ર છે અને આનંદને સિદ્ધિ આપવાવાળી છે અને સાધુ પુરૂષોએ પણ તેને મસ્તકે ચઢાવી છે (ગ્રહણ કરી છે). ॥ ૮ ॥

શ્રી વસિષ્ઠજી શ્રી રામચંદ્રજી પ્રત્યે કહે છે. કે હે, રામચંદ્ર! હે, સુંદર મુર્તિ!! આ ઉપશમ પ્રકરણ ઉત્તમ અને સિદ્ધ કરેલા વિચારોએ કરીને શોભીતું બનાવવામાં આવ્યું છે (સુશોભિત કીધું છે)અને તેને તમે સાવધાન થઈને સાંભળો. ॥૯ ॥ હે, રામચંદ્ર! આ માયા મોટું વિશાળ રૂપ છે અને તે રાજકીય, તામસી વાસનાવાળા પુરૂષોએ ધારણ કર્યું છે જેવી રીતે શોભાયમાન સ્થંભ (થાંભલા) વડે મંદીર ઉભું કરવામાં આવે છે. ॥ ૧૦ ॥ હે, રામચંદ્ર! આ માયા તમારા જેવા પુરૂષોએ તણખલા માફક ગણીને છોડી દીધી છે (તજી દીધી છે) અને તમે કેવા છો! જેનાં અંતઃકરણમાં જ્ઞાનવિચાર બુદ્ધિ રહેલી છે એવા તમે છો અને તમારા

ગુણોએ કરીને તમે વૃદ્ધ જેવા ડાહ્યા અને શાણાં દીસો છો તેથી તમે માયાને કેવી રીતે તજી દોછો! જેવી રીતે સાપ કાંચળીને તજે છે તેમ તમે માયાનો ત્યાગ કરો છો. ॥ ૧૧ ॥ હે, રામચંદ્ર! જે જે સદ્દગુણની વાસનાવાળા પુરૂષો છે અને રાજસિ સાત્વિક વૃત્તિ જેનામાં છે તે પણ જગત્‌નો પેહેલેથી છેડા સુધી વિચાર કરે છે. ॥ ૧૨ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષોને શાસ્ત્રજ્ઞાન અને સત્સંગ થાય છે અને સતકર્મોએ કરીને જેની પાપરૂપી વાસના લય પામે છે તેની બુદ્ધિ સારી વસ્તુનો વિચાર કરવાને વળે છે તે બુદ્ધિ કેવી છે! મશાલની માફક અજવાળુ કરવાવાળી છે. ॥ ૧૩ ॥ હે, રામચંદ્ર! પોતે વિચાર કરીને પોતાના આત્માને પોતે જ્યાંસુધી બરોબર વિચાર પ્રવૃર્ત કીધો નથી ત્યાંસુધી શાસ્ત્રનું તત્વ પેદા થતું નથી. ॥ ૧૪ ॥ હે, રામચંદ્ર! જેનું મન શરૂઆતથી છેડાસુધી અસત્ય જગત્ વસ્તુ વીષે અત્યંત પ્રીતિને વશ થયેલું છે તે મુઢ બુદ્ધિરૂપી પશુ સમાન પુરૂષને વિવેકબુદ્ધિ કેવી રીતે પેદા થનાર છે! ॥ ૧૫ ॥ હે, રામચંદ્ર! પેહેલાં પોતાના મનને શાસ્ત્રે કરીને, વૈરાગ્યે કરીને, સત્સંગે કરીને પુન્યના કામમાં પ્રવીણ કરવું. ॥ ૧૬ ॥ હે, રામચંદ્ર! જ્યારે મન સજ્જનતાને પેદા કરે (જ્યારે સજ્જનતા આવે) અને વૈરાગ્યને ધારણ કરે ત્યારે સાચા પુરૂષોએ જ્ઞાનિ પુરૂષને પ્રશ્ન કરવો, ને સેવા પણ કરવી. ॥ ૧૭ ॥ હે, રામચંદ્ર! તે વખતે સાચો ગુરૂ ઉપદેશ કરીને ધ્યાન, પુજા, જપ કરાવીને એક પછી એક પરમ પવિત્ર પદને પ્રાપ્ત કરે છે. ॥ ૧૮ ॥ હે, રામચંદ્ર! શુદ્ધ વિચાર કરીને આ પુરૂષ પોતાના નિર્મળ મને કરીને આત્માને જુએ છે જેવી રીતે ચંદ્રમાની શીળી (શાંત)

છાયાંએ બધું આકાશ જણાય છે. ॥ ૧૯ ॥ હે, રામચંદ્ર! આ લોક સંસારસમુદ્રમાં તણખલાની માફક ઘસડાયા જાય છે અને ચિત્તમાં વિચારરૂપી કિનારાપર વિશ્રાંતિ લેવાને યોગ્યતા માને છે. ॥ ૨૦ ॥ હે, રામચંદ્ર! જ્યારે પુરૂષ વિચાર કરીને આત્મની વસ્તુને જાણે છે ત્યારે બધી માનસીક (મનથી માનેલી) ચિંતાને દબાવી દેછે, અને જેવી રીતે સ્વચ્છ પાણી રેતીને નીચે બેસાડી દે છે તેવી રીતે જ્ઞાનની પ્રાપ્તીને વશ તે થાય છે. ॥ ૨૧ ॥ હે, રામચંદ્ર! હું નિખાલસ મને કરીને બોલું છું પણ કોઇ તેને બરોબર સાંભળતું નથી, અને જયાંસુધી મન જડતાને વશ થયું છે જેવી રીતે ખાડામાં મન પડયું છે અને ભોગવાસનામાં મન મૂઢ થયું છે અને આત્મવિચારને મન વિસ્રરી ગયું છે ત્યાંસુધી આ સંસારના અંધકારરૂપી ચંદ્રમાને લીધે ભડકા કરવાથી (અગ્નિથી અજવાળું કરવાથી) અથવા ગમે તેટલા સૂર્યના અજવાળીરૂપી પ્રકાશને પેદા કરવાથી પણ ભેદ પામવાના નથી. ॥ ૨૨ ॥ હે, રામચંદ્ર! તમે મનને જીતીને રાગ દ્વેષવિના સુખને છોડીને હમેશાં આત્મવિચારને કરો અને નુકશાન તથા ફાયદાથી દુર થાઓ આત્માના નિશ્ચયવાળા થાઓ અને અદ્વૈત્ય ભાવનાંને દૃઢ કરો અને શોકને ચિંતારૂપી તાપથી દુર થાઓ. ॥ ૨૩ ॥ હે, રામચંદ્ર! જગત્‌થી જે અલગ છે તેવા પરમપદને પ્રાપ્ત થાઓ અને સંપૂર્ણતાને આપવાવાળી વસ્તુઓને ગૃહણ કરી સંપૂર્ણ થાઓ અને ભરેલા સમુદ્રજેવા ઉછાળા મારતા વિચારોથી દુર થાઓ અને ચિંતારૂપી તાપથી દુર થાઓ. ॥ ૨૪ ॥ હે, રામચંદ્ર! તમે અનંત થાઓ, અને અપાર થાઓ, અને અપ્રમેય થાઓ, આત્મવેત્તા પુરૂષોમાં

શ્રેષ્ઠ થાઓ, અને પર્વતની માફક ધૈર્યવાન થાઓ અને ચિંતારૂપી તાપથી દુર થાઓ. ॥ ૨૫ ॥ હે, રામચંદ્ર! પ્રભુને સંપૂર્ણ ઇચ્છાએ કરીને પેદા થએલી વસ્તુથી સંતોષ માનો અને બીજી વસ્તુનો પરિત્યાગ કરો તેમજ છોડી દીધેલી વસ્તુને ગૃહણ કરવાથી દુર રહી ચિંતારૂપી તાપથી પણ દુર થાઓ. ॥ ૨૬ ॥

વસિષ્ઠજી શ્રીરામચંદ્રજીને રાજા જનકના પ્રતિ કહેલા સિદ્ધ પુરૂષોના સંવાદને સંભળાવે છે. ॥ હે, રામચંદ્ર! સિદ્ધ પુરૂષ આકાશને છીપ કરીને કહે છે અને જે દેખાયછે તે બીજા પુરૂષને નેત્રની ઇંદ્રિયદ્વારાએ કરીને રૂપઆદિ વિષયને બતાવાવાળું છે અને તેનું રૂપઆદિ વિષયોની સાથે સંબંધ કરીને વિષયોથી ભરેલો, આનંદ, ને નિશ્ચય જેને થાય છે તે ચૈતન્ય આત્મતત્વનો વિચાર કરવાથી પ્રાપ્તી થાય છે અકલ્પના વિનાની ચૈતન્યતાને અમે હમેશાં સ્તુતિ કરીએ છીએ. ॥ ૨૭ ॥ હે, રામચંદ્ર! દેખવાવાળા પુરૂષો છે જોવાનું સાધન ઇંદ્રિયો છે, તે જોવું તે વિષય છે એ ત્રણનો વાસના સાથે ત્યાગ કરીને કેવળ પ્રકાશરૂપે કરીને જે દેખાય છે તે સ્વયંપ્રકાશ આત્માની અમે હમેશાં ઉપાસના કરીએ છીએ, ॥ ૨૮ ॥ જે આધાર સ્થાનમાં આ જગત્ છે અને જેનું આ જગત્ એક અંશરૂપ છે જેનાથી કારણ રૂપ પેદા થયું છે અને જે કાર્ય વાસ્તે ને જે સાધનાએ કરીને જે ક્રિયા ને કરે છે અને જે એનુંરૂપ છે તે સંપૂર્ણ આત્મા છે અને તેની અમે હમેશાં ઉપાસના કરીએ છીએ. ॥ ૨૯ ॥ અકાર છે કે જેનું સ્થાન મસ્તકરૂપઆદિ જેનો હકાર થયો છે જેને છેડે જેણે એવાં સઘળાં શાસ્ત્રોમાં બધા જગત્માં અક્ષર વર્ણમાત્રારૂપે કરીને

પાંચ ભૂતોને લઈને નામરૂપે કરીને સર્વ ઠેકાણે વ્યાપીક થઇને સ્થિર થયો છે જેને કર્મકાંડવાળા ઉપાસનાકાંડ વાળા, અને જ્ઞાન કાંડવાળા (જ્ઞાનરૂપી કર્મનું કાંડ કરવાવાળા), વેદવાકયે કરીને અથવા મંત્રશાસ્ત્રે કરીને કે વેદાંતશાસ્ત્રે કરીને નિત્ય ઉચારણ કરેછે, તે મંત્રે કરીને જપને યોગ્ય નહીં એવા જપ ને જાપ કરવાવાળા પોતાની મરજી પ્રમાણે જે તત્વને જાણે છે તે આત્માની અમે નીરંતર (હમેશાં) ઉપાસના કરીએ છીએ. ॥ ૩૧ ॥ જે પુરૂષ પોતાના અંતઃકરણને સ્થિર રાખીને, ઈશ્વરનો ત્યાગ કરીને, દેવતાની સાધના કરવાને તૈયાર થાય છે, તે શું કરે છે! તે પોતાના હાથમાં આવેલા કૌસ્તુભના મણિને તજીને રત્નને ખોળવાને જેવી રીતે દેશદેશાંતરમાં કોઇ ભમે તેવી રીતે ભમે છે ॥ ૩૧ ॥ વૈરાગ્યે કરીને અંતઃકરણથી સ્થિર થનાર બધી વાસનાનો ત્યાગ કરીને જેવી રીતે સ્વરૂપ જાણવાથી સંસારની મૂળરૂપી જાળને અજ્ઞાનરૂપી અવિવેકનો છેદ થાય છે, તેવી સ્થિર બુદ્ધિની અમે હમેશાં ઉપાસના કરીએ છીએ ॥ ૩૨ ॥ જે પુરૂષ પદાર્થોને (મૂકલી સંસાર વાસના વિગેરેને) ફરીથી જાણીને વળગે છે અને ખરાબ બુદ્ધિએ કરીને તે ભાવનાને ગ્રહણ કરે છે (વળગેછે) તે માણસ નથી પણ માણસરૂપે કરીને ગધેડા છે એમ સમજવું. ॥ ૩૩ ॥ આ જ્ઞાની પુરૂષો પોતાની શત્રુ સમાન ઈંદ્રિયોને વારંવાર. જોસમાં આવવાથી વિવેકરૂપી દંડે કરી સમાવી દેછે, જેવી રીતે ઈંદ્ર પોતાના વજ્ર દંડવડે પર્વતનો ઘાણવાળે છે. ॥ ૩૪ ॥ આ મનતે સોમલ જેવું ઝેરી છે તે ખાવાવાળાને મારી નાંખે છે એવા ઝેરનો યુક્તિએ કરીને શોધ કરે તો તે અમૃત સમાન થાય છે તેવી રીતે મન જો શુદ્ધ થઈ

જાય તો મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥ ૩૫ ॥ ઉપશમ સુખ તે પરમ પવિત્રતાવાળું છે તેને યત્ન કરીને સિદ્ધ કરે તો ઉપશમવાળાનું ચિત્ત નિર્મળતારૂપી શુદ્ધતાને પામે છે અને જેનું મન શુદ્ધ થાય છે, તેને આત્મારૂપી સ્વરૂપના સુખની સ્થિતિ ઘણી જલદીથી પેદા થાય છે. ॥ ૩૬ ॥ ઈતિ સિદ્ધ ગીતા ॥

રાજા જનક આવા વચન સાંભળીને વિલાપ કરવા લાગ્યા આ મારૂં રાજ્ય શું પ્રમાણરૂપ છે! તે તુચ્છ માત્ર છે! અને તેમાં અમારૂં જીવવું તે શા હિસાબમાં છે! તે પણ તુચ્છ છે! અને મને તેના વિના શું દુઃખ છે! હું એમાં મોહ પામીને નાશ પામવાવાળી બુદ્ધિએ કરીને દુઃખસાગરમાં સ્થિર થયો છું. ॥ ૩૭ ॥ મને વર્ષે વર્ષે, મહિને મહિને, દિવસે દિવસે, ક્ષણે ક્ષણે જે સુખ મળે છે તે દુઃખરૂપી પીડા છે અને તે વારંવાર મને દુઃખ આપનારૂં છે. ॥ ૩૮ ॥ આ જગત્માં બ્રહ્માના કોટી વરસ ચાલ્યાં ગયાં છે અને કેટલી એક દુનિયાઓ થઈ ગઈ છે, અને રેતી સમાન કેટલાક રાજાઓ ચાલ્યા ગયા છે, અને મને આ જીવતરમાં શું ધૈર્ય આપનાર બીજી ચીજ છે! ॥ ૩૯ ॥ આ સંસારની રચના ખરાબ સ્વપ્નના જેવી છે, અને જે આ દેહની સ્થિતિ તે ભ્રમણા સમાન છે એવા દેહની હું સ્થિરતા માનું છું તો મને ધિઃકાર છે. ॥ ૪૦ ॥ આ સંસારની જડબુદ્ધિવાળા લોકો દિવસે દિવસે પાપમાંને પાપમાં અત્યંત પાપની દશાને પામે છે. અને દિવસે દિવસે ક્રુરતાને પામે છે અને તેથી કરીને દિવસે દિવસે ખેદવાળી સ્થિતિને પ્રાપ્ત થાય છે. ॥ ૪૧ ॥ આ લોક બાળક અવસ્થામાં અજ્ઞાને કરીને નાશ થાય છે અને જુવાનીમાં વિષયનો ભોગ કરીને

નાશ થાય છે, અને ઘડપણમાં સ્ત્રી પુત્ર વિગેરેની ચિંતા કરીને નાશ થાય છે ત્યારે આ દુષ્ટ જીવનું કયા વખતમાં ભલું થશે! ॥ ૪૨ ॥ જેની દૃષ્ટિમાં અથવા જેની સમજમાં જગત્‌ની ઉત્પત્તિ અને પ્રલય થાય છે અને જે સમજે છે કે આ જગત્‌માં કેટલાક બ્રહ્મા વિષ્ણુ વિગેરે થઈ ગયા છે તો અમે શું ગણતરીમાં છીએ! ॥ ૪૩ ॥ આવા પુરૂષો શરીરને એકાંત વાસનાથી બાળે છે અને એવી રીતે રૌરવઆદિ નરકના અગ્નિમાં આળોટવાને ખુશી માને છે પણ જેમાં જન્મ મરણ વિગેરેનો નાશ કરવાવાળું ચક્રરૂપી સાધન મળે છે એવી સંસારરૂપી સ્થિતિમાં રહેવાને ખુશી માનતા નથી. ॥ ૪૪ ॥ આ સંસારરૂપી ઝાડને હજારો ફણગા ફુટી નીકળેલા છે, અને તેની હજારો ડાળીઓ બનેલી છે અને તેને હજારો પાંદડાં આવેલાં છે અને તેમાં હજારો ફળ લાગેલાં છે એવું જ આ મન ફણગાથી ફુટેલું મૂળવાળું ઝાડ છે. ॥ ૪૫ ॥ તે મનને હું સંકલ્પરૂપ જાણું છું (માનું છું), અને તેવા સંકલ્પવાળા મનને પણ વિચારરૂપી આત્મજ્ઞાનની દૃષ્ટિએ કરીને ત્યાગ કરૂં છું જેથી કરીને આ મનની કીંચીત માત્ર પણ શેષ રહેતી નથી. ॥ ૪૬ ॥ અને પછી જે મારૂં મનરૂપી મોતી વીંધ્યા સિવાયનું રહે છે, તેને ઉપદેશ કરીને વીંધી નાંખું છું જેથી વિવેકઆદિ ગુણરૂપી વાક્ય ગ્રહણ કરવાને તે શક્તિવાન થાય છે. ॥ ૪૭ ॥ મનરૂપી લોટની કણેક તે, વિવેકરૂપી સૂર્યના તાપે કરીને હમેશ મજબૂતાઇથી વળગી રહે છે. ॥ ૪૮ ॥ મને ઘણા સાધુ પુરૂષોએ અને સિદ્ધ લોકોએ બોધ કર્યો છે કે જેથી હવે હું પરમ આનંદને આપવાવાળા આત્માને સમજી શકું છું. ॥ ૪૯ ॥ આ હું જનકરાજા છું અને આ મારૂં રાજ્ય વિસ્તાર

પામ્યું છે એવી અંતઃકરણની સ્ફુરતાને દુર કરીને મેં મનરૂપી શત્રુઓને માર્યા છે, હે, વિવેક! તે તારો શાંતી પ્રસાદ છે એવું હું માનું છું તેથી તને નમસ્કાર કરૂં છું. ॥ ૫૦ ॥ હે, મન! એવો અહીં બીજો કોઇ પણ ઉત્તમ પદાર્થ નથી કે જેણે કરીને તું પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત થાય તેથી કરીને હે, મૂર્ખ! અને હે, મન! તું ધીરજ રાખીને ચંચંળતાને તજી દે. ॥ ૫૧ ॥ ॥ ઈતિ રાજન વાકય. ॥

શ્રી વસિષ્ટરૂષી શ્રી રામચંદ્રજી પ્રત્યે કહે છે. હે, રામચંદ્ર! જેની બુદ્ધિ તિક્ષણ છે અને આદિ અંતનો વિચાર કરે છે અને દીવાની માફક પ્રકાશમાન છે તેવા પુરૂષને જડતારૂપી અંધકારનો કાંઈપણ બાધ નડતો નથી. ॥ ૫૨ ॥ હે, રામચંદ્ર! જેણે યત્ન ભોગ પદાર્થને સિદ્ધ કરવાને ઉત્પન્ન કર્યો છે તે યત્ન બુદ્ધિનો વધારો કરવાને લાયક છે. ॥ ૫૩ ॥ હે, રામચંદ્ર! જડબુદ્ધિ તે સંપૂર્ણ દુઃખની સીમાં છે (દુઃખરૂપ છે) અને સંપૂર્ણતા સંકટનો ભંડાર છે અને સંસારરૂપી ઝાડનું બી છે અને તેથી કરીને તે તેનો નાશ કરે છે. ॥ ૫૪ ॥ હે, રામચંદ્ર! આ નિર્મળ બુદ્ધિ વિવેકી પુરૂષના હૃદયમાં સ્થિરતા કરીને રહી છે અને ચિંતામણિની માફક કલ્પરૂપી લતાની ચિંત્વન કરેલી વસ્તુના ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે. ॥ ૫૫ ॥ હે, રામચંદ્ર! જે કોઈ ઉત્તમમાં ઉત્તમ ફળની આકાંક્ષા રાખે છે તેને પેહેલાં પોતાની બુદ્ધિ સુધારનારો જાણવો જેવી રીતે ઉત્તમ પાકની આશા રાખનાર ખેડુત પ્રથમ જમીન સારી રીતે સુધારે છે. ॥ ૫૬ ॥ હે, રામચંદ્ર! વિવેકી પુરૂષને આટલા ગુણો વગર ઇચ્છાએ પ્રાપ્ત થાય છે અને આશાથી દુર રહેવું નિર્મળ થવું, નિત્ય સુખમાં પ્રીતિ થવી અને સમાંતર જોવાની બુદ્ધિને

પ્રાપ્ત થવું, અને જ્ઞાનિ થવું, અને ઇચ્છા વિનાનું થવું, અને ક્રિયા-વિનાના થવું, કરકસરતા આવવી, કલ્પનાથી દુર થવું, ધીરજ આ-વવી, સર્જન મંત્રી થવો, બધી ચીજને માનવી અને સંતોષ-વૃત્તિ થવી, કોમળ ચિત્ત થવું, મધુરવાણી થવી, અનાર્થે વસ્તુને ગૃહણ કરવી અને દુર કરવી તેનાથી વિમુખ થવું એટલા ઉત્તમ ગુણ વાસના વિનાના પુરૂષમાં આવે છે. ॥ ૫૭ ॥ હે, રામચંદ્ર! આશારૂપી ચંડાળવૃત્તિ પેદા થઇને શું કરે છે, અશુભ કાર્ય કરે છે તે કારણથી વિષ્ણુ ભગવાને બળીને માગવા વાસ્તે વામનરૂપ ધારણ કર્યું હતું. ॥ ૫૮ ॥ હે, રામચંદ્ર! જો તું રાગને મૂકી દે, અને પદાર્થને વળગવાની વાસનારૂપી વૃત્તિથી દુર થાય તો તારા ચિત્તની આશારૂપી સત્તા ઢીલી પડીને તું દુઃખથી અળગો થાય છે અને ઉત્તમ પદને પામે છે તેથી કરીને હે, રામચંદ્ર! તમે અંતઃકરણની શાંતિને મેળવો. ॥ ૫૯ ॥ હે, રામચંદ્ર! આ અહંકારરૂપી ભાવના તે પાપી છે તેને અહંકાર ત્યાગ કરવાની ભાવનારૂપી શસ્ત્રની અણીવડે છેદી નાંખીને આત્મતત્વરૂપી ભાવનાને ગૃહણ કરો જેથી કલ્યાણરૂપી સંપૂર્ણ ભૂતોએ કરીને ગીતા સમાનના ગુણને ગવાઓ એવી શાંતિરૂપ ગુણવૃત્તિને પ્રાપ્ત થશો. ॥ ૬૦ ॥ હે, રામચંદ્ર! હે કમળના જેવાં નેત્રવાળા! વાસનાનો ત્યાગ બે પ્રકારનો છે એમ તત્વજ્ઞાની પુરૂષોએ કહ્યું છે એક જાણવા લાયક છે અને બીજો ધ્યાન ધરવા લાયક છે. ॥ ૬૧ ॥ હે રામચંદ્ર! હું પદાર્થ-વાળો નથી, મારામાં કોઇ પદાર્થ નથી, એવા પ્રકારે અંતઃકરણમાં શાંત બુદ્ધિએ કરીને ક્રિયા થાય છે અને અંતઃકરણનો નિશ્ચય કરીને જે વાસના ત્યાગ કરી છે. હે, રામચંદ્ર! તે ન ધ્યાન ધરવા-

વાળી વાસનાનો ત્યાગ કહ્યો છે. ॥ ૬૨ ॥ હે, રામચંદ્ર! અહં-કારવાળી વાસનાનો ક્રિડાએ કરીને જે ત્યાગ કરીને ધ્યાન ખેંચવા-વાળી વસ્તુનો પણ ત્યાગ કરે છે તેને જીવનમુક્ત કહ્યો છે. ॥ ૬૩ ॥ હે, રામચંદ્ર! સમાન બુદ્ધિ કરીને, તત્વજ્ઞાને કરીને, વાસનાનો ક્ષય કરીને, અને મમતાથી નીચો થઈને વાસનાનો ત્યાગ જે કરે છે તેને જ્ઞેય વાસનાનો ત્યાગ કહે છે. ॥ ૬૪ ॥ હે, રામચંદ્ર! જે વાસનાનો કલ્પના સાથે મુળથી ત્યાગ કરીને શાંતીને પેદા થાય છે, જ્ઞેયનો ત્યાગ કરીને જે જોડાઇ જાય છે તેને તમે મોક્ષ પામેલો જાણજો. ॥ ૬૫ ॥ હે રામચંદ્ર! જે પુરૂષને સુષુપ્તીની શાંતવૃત્તિ-વાળી સ્થિતિ ચિત્તે કરીને સ્થીર થઈ છે તે પુરૂષ સઘળી કળા સાથે ચંદ્રમાની માફક બધા જીવોને સેવા કરવા લાયક છે તે મોક્ષ પામ્યો છે. ॥ ૬૬ ॥ હે, રામચંદ્ર! વિચાર કરવાવાળા પુરૂષના મનમાં ચાર પ્રકારનો નિશ્ચય પ્રગટ થાય છે. ॥ ૬૭ ॥ હે, રામચંદ્ર! મેં માતા પિતાને પેટે જન્મ લઇને દુઃખના શિરોમણી કર્યા છે એવો જે નિશ્ચય છે તે એકજ છે! તે અસત્ય દૃષ્ટિવાળો છે કે બંધન કરવાવાળો છે. ॥ ૬૮ ॥ હું બધી ભાવનાથી વિમુખ છું, અને બાળકનાં રૂંવાટાંના આગળા ભાગથી પણ સુક્ષ્મરૂપ છું એવો બીજો નિશ્ચ-ય થયો છે તે મોક્ષ સિદ્ધિને આપનારો છે. ॥ ૬૯ ॥ જેટલી આ જગત્‌ની જાળ છે અને જેટલા પદાર્થ છે તેટલા બધા અક્ષયરૂપ હું છું એવો જે ત્રીજો નિશ્ચય છે તે પણ મોક્ષરૂપ છે. ॥ ૭૦ ॥ હું જે છું અથવા આ સંપૂર્ણ જગત્ જે છે તે બધું આકાશની માફક શૂન્ય (ઉજડ) છે અને તે અસત્ય છે એવો જે ૬૦ નિશ્ચય છે, તેને ચોથો નિશ્ચય કહે છે, તે પણ મોક્ષ સિદ્ધિ

આપવાવાળો છે અને એવું જે નિમિત્ત (બાનું) તે ઉત્તમમાં ઉત્તમ છે ॥ ૭૧ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ બોધવાળા ઉત્તમ પદને પામે છે તે પુનમના ચંદ્રમાની માફક થંડી છાયારૂપ છે અને તેને દુઃખમાં ખેદ થતો નથી અને સુખમાં સંતોષ થતો નથી. ॥ ૭૨ ॥ હે, રામચંદ્ર! જો કોઈ પ્રશ્ન પુછે છે તો વખતને અનુસરીને શાસ્ત્રોચારવડે આત્મજ્ઞાનની વાર્તાને ઉપાડે છે, નહીં તો એવી વાર્તાની આશામાં રહે છે, ઈચ્છા અને બીન ઈચ્છાથી દુર છે તે સંસારમાં પીડા પામતો નથી ॥ ૭૩ ॥ હે, રામચંદ્ર! ભાવવાળા વિષયમાં અદ્વૈત ભાવના આશ્રયી સત્તાએ કરીને અદ્વૈતના સ્વરૂપને પ્રાપ્ત થાય છે અને ધર્મશાસ્ત્રની મર્યાદાવડે નિમિત્તરૂપી કર્મના મારગમાં એ શુભ કામ છે અથવા તે અશુભ કામ છે તે કરવું કે તે નહીં કરવું એ પ્રકારની બે ભાવનાનો વિચાર કરવો એવા કામ વિષે અદ્વૈત ભાવનાને દુર કરીને દ્વૈત-અદ્વૈત ભાવનાના વિચારમાં તત્પરરહો ॥૭૪॥ હે, રામચંદ્ર! તમે બ્રહ્મ છો અને બ્રહ્મવેત્તા છો તેમજ પરમાર્થ વિચારથી બધા લોકમાં દેવતાના ભાવની પ્રાપ્તિ થાય છે ॥ ૭૫ ॥ હે, રામચંદ્ર! આ ભાઈ મારો છે અથવા આ હું છું આ મારો શત્રુ છે એવી બુદ્ધિ હલકીવૃત્તિવાળાને થાય છે અને ઉદાર બુદ્ધિવાળાને બધે ઠેકાણે આત્મ બુદ્ધિ થાય છે. ॥ ૭૬ ॥ હે, રામચંદ્ર! એવી બુદ્ધિ જેની નથી તેનામાં મારો પ્રવેશ નથી એવો જે નથી તેનામાં હું પણ નથી એવો નિર્ણય કરીને ધીરા પુરૂષોની ભેદ કરીને બુદ્ધિ જુદી પડે છે. ॥૭૭॥ હે, રામચંદ્ર! માતા અને પિતાના મરણે કરીને સંતાપને પ્રાપ્ત થવાથી પાવમાનજ રૂષી, જે પુન્યવાળો માણસ છે તે કહે છે અને

જે તારી મા મરી ગઈ છે તે તારી માતા નથી અને જે મરી ગયેલો બાપ તે તારો બાપ નથી અને તું એ બંન્નેનો છોકરો નથી તેના છોકરા ઘણા છે, અને તેને ઘણા ઘણા માબાપ થઈ ગયા છે જેવી રીતે પાણીના વેહનમાં ઘણી ઘણી જાતનાં મોજાં આવે છે અને ઘણા કીનારા અને માર્ગ થાય છે. ॥ ૭૮ ॥ હે, રામચંદ્ર! નદીના મોજાંની માફક તારા અનેક માબાપ થયા છે તેથી કરીને તારે મા બાપ અને પુત્ર વિગેરેનો સ્નેહે કરીને શોક કરવો વાજબી નથી. ॥ ૭૯ ॥ હે, રામચંદ્ર! અજ્ઞાને કરીને મૃગરૂપી આશાની નદી પેદા થઈ છે અને તેથી અશિક્ષણ પેદા થયેલું છે, સારૂં અથવા નઠારૂં વાસનારૂપી મોજાં સાથે જોડાયેલું છે અને પોતાની વાસનારૂપી જળની અભિલાષાની અત્યંત સ્ફુરણા શક્તિ પેદા થઈ છે. ॥ ॥ ૮૦ ॥ હે, રામચંદ્ર! તમે આત્માના ભાવથી અને અભાવથી દુર રહીને સ્મરણ કરો, જન્મ મરણથી અલગ રહીને જીંદગીનો જે આત્મા તેને જાણીને મૂર્ખ મનવાળો થઈશ નહીં. ॥ ૮૧ ॥ હે, રામચંદ્ર! પુન્યવાળા પુરૂષે એવો સમજાવ્યો કે પાવમાનજરૂષિ આત્મબોધના જ્ઞાનરૂપી પ્રકાશને પેદા કરવાથી (મેળવવાથી) સવારના સમયે જેમ મનુષ્ય લોકો જાગૃત થવાથી નવા પ્રકાશમાન દીસે છે તેમ તે પણ દીસવા લાગ્યા. ॥ ૮૨ ॥ હે, રામચંદ્ર! આ પ્રમાણે પછી તજી દીધેલી દરેક શરીરની, ધનની, પુત્રઆદિની આશા અને તેથી ઉત્પન્ન થતી વાસના જ્યારે પેદા થાય છે ત્યારે તેમાંથી શું ગૃહણ કરવા જેવું મળે છે! અને શેનો ત્યાગ થાય છે! ॥ ૮૩ ॥ હે, રામચંદ્ર! તેથી કરીને હમેશની વાસનાનો ત્યાગ કરવો તે મોક્ષનો ઉપાય છે જેની સાથે

આકાશ નામ પણ મળેલું છે. ॥ ૮૪ ॥ હે, રામચંદ્ર! ચિંતવન કરવાથી ચિંતા વધે છે જેવી રીતે કાષ્ટથી અગ્નિ પ્રદિપ્ત થાય છે અને જેમ કાષ્ટવિના અગ્નિ શાંત થાય છે તેમ ચિંતવન વિના ચિંતા શાન્ત થાય છે. ॥ ૮૫ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે ચર્ણમાં જોડા પહેરવાથી સમગ્ર પૃથ્વી ચર્મમય જણાય છે તેવી રીતે મન પૂર્ણ હોવાથી જગત્ સઘળું અમૃતથી પરિપૂર્ણ જણાય છે. ॥ ૮૬ ॥ હે, રામજી! વાસના રહિત પુરૂષને; આખું જગત્ એક કમળનાં બીજ જેવું તુચ્છ, અનેક. યોજનનો માર્ગ ગાયની ખરી સમાન અને બ્રહ્મા જીનો દિવસ એક ક્ષણ સદૃશ થાય છે. ॥ ૮૭ ॥ હે, રામચંદ્ર! જેવો વાસના રહિત પુરૂષને શીતળતાનો આનંદ થાય છે તેવો (આનંદ) ચંદ્રમાથી, હિમાલયની ગુફાથી, કેળના સ્થંભથી અથવા ચંદનથી પણ થતો નથી. ॥ ૮૮ ॥ હે, રામચંદ્ર! જેવું વાસના રહિત (પુરૂષનું) મન શોભે છે તેવું પૂર્ણીમાના ચંદ્રનાં ક્ષીરથી પૂર્ણ થએલ ક્ષીર સાગર અથવા વિષ્ણુનું મુખ પણ સુશોભિત જણાતું નથી. ॥ ૮૯ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે વાદળાંની રીખા પૂર્ણચંદ્રને કલંક્તિ કરે છે, જેવી રીતે સફેદીને કાળું બુંદ કલંકયુક્ત કરે છે, તેવી રીતે ઉત્તમ પુરૂષને આશારૂપી પિશાચ્ચિની ખરાબ કરે છે. ॥ ૯૦ ॥ હે, રામચંદ્ર! અથવા હે રઘુવંશરૂપ આકાશના પૂર્ણચંદ્ર હે રામ! રાજા બળીની માફક બુદ્ધિભેદથી તમે નિર્મળ જ્ઞાન સિદ્ધ કરો. ॥ ૯૧ ॥ હે, રામજી! તે બળિરાજાએ લીલાથી સંપૂર્ણ જગત્ જીતી દશક્રોડ વર્ષ સુધી રાજ્ય કર્યું. ॥ ૯૨ ॥ હે, રામચંદ્ર! તે ત્રૈલોકમાંના ઉત્તમ ભોગ નિરંતર ભોગવતો હતો. તેમા ઉદાસીનતા આવતાં એક વખત તે પોતેજ

સંસારની સ્થિતિનું ચિંતવન કરવા લાગ્યો તે સાંભળ ॥ ૯૩ ॥ હે, ચંદ્ર! સ્ત્રીઓને વારંવાર આલિંગન કરવું, વારંવાર ભોગવવી એ સઘળું બાળકોની ક્રીડારૂપ છે. તેથી મહાત્મા પુરૂષોને લાજ કેમ થતી નહીં હોય? ॥ ૯૪ ॥ હે, રામચંદ્ર! દિવસ ઉગે છે અને વળી રાત થાય છે. એમ વખતો વખત જગતનું કાર્ય થયા કરે છે. એ જ્ઞાની પુરૂષોને હર વખતે ભુલાવાનું કારણ છે. ॥ ૯૫ ॥ હે, રામચંદ્ર! સંસાર કાર્યના સમૂહોને વારંવાર દિન પ્રતિદિન કરવાવાળા લોકોને શર્મ કેમ નહિ આવતી હોય? ॥ ૯૬ ॥ હે, રામજી! પૂર્વ કાળમાં મ્હેં જ્ઞાનવાન્ અને આત્મતત્વ જાણવાવાળા લોકોને અધ્યાત્મનો વિચાર કરી જોવાવાળા એવા પિતા વિરોચનને પુછ્યું હતું કે:-॥ ૯૭ ॥ હે, પિતાજી! તમે મ્હા બુદ્ધિમાન છો માટે સમ્પૂર્ણ સુખ દુઃખના ભ્રમ જેનાથી શાન્ત થાય છે એવા ઉપાય તમે કહો. ॥ ૯૮ ॥ હે, પિતાજી! મનના મોહ ક્યાં શાન્ત થાય છે, સમ્પૂર્ણ વાસના ક્યાં શાન્ત થાય છે? અને આનંદ સહિત સદાકાળ વિશ્રામ ક્યાં મળે છે? ॥ ૯૯ ॥ હે, પિતાજી! જેનાથી તમને નિરંતર આનંદ છે અથવા ક્યાં (અમુક જગાએ) વિશ્રામનું સુખ છે. એ ઉપાયનું જ્ઞાન કૃપા કરી મને કહો. ॥ ૧૦૦ ॥ એટલું સાંભળીને, સ્વર્ગલોકને જીતીને [1]કલ્પવૃક્ષના ન્યાયરૂપ પોતાનું શરીર કરીને [2]અને કલ્પવૃક્ષની પાસે બેશીને પિતા વિરોચને કહ્યું કે:-હે પુત્ર! એક દેશ છે જે ઘણો વિશાળ અને જેમાં હજારો ત્રૈલોક્ય પૂર્ણ થતાં નથી. ॥ ૧૦૧ ॥ વળી જેમાં સમ્પૂર્ણ

૧ અર્થાત સ્વર્ગસમ સુખઆપીને અથવા જીતેન્દ્રિય બનીને. ૨ બીજાને ચિંતવેલી બાબત આપવા રૂપ બનીને.

સમુદ્ર, અનેક પર્વત, અનેક વન, અનેક તીર્થ, અનેક નદીઓ, અનેક સરોવર, પૃથ્વી, આકાશ, સ્વર્ગ, પવન, સૂર્ય, ચંદ્રમા, લોકપાળ, સુર અને અસુર; આ સર્વે તેમાં પૂર્ણ નહિ થતાં એક કિનારાપરજ સ્થિર છે. એવું તેનું વિશાળત્વ છે. ॥ ૧૦૨ ॥ હે, પુત્ર! એ દેશમાં મહા બળિષ્ઠ રાજા છે. તે રાજા ઉગ્ર તેજવાળો, સર્વ કાર્ય કરવાવાળો, સર્વ વ્યાપક અને સર્વ જગાએ ગતિવાળો છે. તે રાજા પોતે સુમંજ રહે છે. ॥ ૧૦૩ ॥ વળી તેણે પોતાના સંકલ્પથી એક મંત્રીની કલ્પના કરી છે. તે મંત્રી સર્વ મંત્ર કરવાવાળો છે અને જે કાંઇ સંકલ્પની ઘટનામાં આવતું નથી તેને પણ બાંધી લે છે. (સાધ્ય કરી શકે છે.) ॥ ૧૦૪ ॥ બળિરાજાએ પુછ્યું હે પિતાજી! ચિંતા અને રોગથી રહિત તે દેશ ક્યાં છે? તે કેવી રીતે પ્રાપ્ત થઇ શકે? કોનાથી તે પ્રકાશિત છે? એવો મંત્રી કોણ છે? અને એવો મહા બળિષ્ઠરાજા ક્યાં છે? મ્હેં મારી લીલાથી ત્રૈલોક્ય જીતેલું છે પરન્તુ તે રાજા મ્હેં જીતેલો નથી. ॥ ૧૦૫ ॥ ત્યારે વિરોચને કહ્યું કે:-હે પુત્ર! જે દેશમાં મંત્રી ઘણો બળવાન્ છે અને દેવ દાનવોની લાખો સેનાથી પણ જીતાઇ શકવા સમર્થ નથી તે (દેશ) ની જીત ક્યાંઇ બની શકે છે? ॥ ૧૦૬ ॥ હે, પુત્ર! તે ઇન્દ્ર કે યમ નથી, કુબેર કે દેવતા નથી તેમ અસુર કે મનુષ્ય પણ નથી જે તારાથી જીતી શકાય. ॥ ૧૦૭ ॥ વળી તે મંત્રી શસ્ત્ર અસ્ત્રથી અથવા પરાક્રમથી કોઇ પણ યુદ્ધાર્થી જીતાતો નથી પરન્તુ ઊલટું તે મંત્રીએ તમામ દેવતા, દાનવો અને દૈત્યો પોતાને વશ કરેલા છે. ॥ ૧૦૮ ॥ તે મંત્રી; જેમ પ્રલયકાળનો પવન મેરૂપર્વતનાં કલ્પવૃક્ષોને પાડી

નાંખે છે છતાં હિરણ્યાક્ષ–હિરણ્કશ્યપુ આદિ તમામ દૈત્યોના કાળ રૂપ વિષ્ણુ પણ નથી. ॥ ૧૦૯ ॥ હે પુત્ર! તે મંત્રી પોતાના રાજાનાં દર્શનથી જીતાઇ જાય તો સુખથી જીતાઇ શકાય, નહિ તો તે પર્વતથી પણ અચળ છે. ॥ ૧૧૦ ॥ હે, પુત્ર! ત્રૈલોક્યમાં જે બળવાન્ છે તેનાથી પણ તે બળવાન્ છે* એવા મંત્રીને જીતવાની શક્તિ તારામાં હોય તો તું ખરેખરો પરાક્રમી કહેવાય. ॥ ૧૧૧ ॥ હે, પુત્ર! તે મંત્રી યુક્તિસર ગ્રહણ કરાય તો ક્ષણમાત્રમાં વશ થાઈ જાય પરન્તુ યુક્તિવિના સર્પની માફક બાળી નાંખે છે. ॥ ૧૧૨ ॥ હે, પુત્ર! જ્યાં સુધી તે રાજાને જોએલો નથી ત્યાં સુધી જીતાઇ શકાતો નથી અને જ્યાં સુધી મંત્રી જીતાયો નથી ત્યાં સુધી તે રાજા દેખાઇ શકાતો નથી. ॥ ૧૧૩ ॥ હે, પુત્ર! પુરૂષાર્થથી, પ્રયત્નથી, અભ્યાસથી, ક્રમથી તેમજ મંત્રીના જય અને રાજાનાં દર્શનથી તે દેશને તું પણ પ્રાપ્ત થઈ શકીશ. ॥ ૧૧૪ ॥ હે, પુત્ર! તે દેશ કયો! રાજા કોણ! અને મંત્રી કોણ? એ સઘળું હું તુને પ્રગટ કરીને સંભળાવું છું તે તું સાવધાનતાથી સાંભળ. ॥ ૧૧૫ ॥ તે દેશનું નામ મોક્ષ છે, તેમાં સર્વની ઉપર એવોં આત્મા નામનો રાજા છે અને તે રાજાએ મનને મંત્રી કરેલો છે. ॥ ૧૧૬ ॥ તે મનરૂપી મંત્રીની જીતથી સર્વ આપણા વશ થાય છે અને તે (મન) ને જીતવો મહા મુશ્કેલ છે પણ યુક્તિથી તે જીતી શકાય છે. ॥ ૧૧૭ ॥ હે, પુત્ર! સર્વ વિષયોમાં સર્વ પ્રકારની આશાનું નહોવાપણું એ મનને જીતવાની યુક્તિ છે. ॥ ૧૧૮ ॥ હે, પુત્ર! જેવી રીતે દેહધારી–પુરૂષ ગમે તેવો બળિષ્ટ હોય તથાપિ ચાલવાના ઉદ્યમવિના દેશાંતર જવાઈ શકાય નહિં

તેવી રીતે અભ્યાસ કર્યા વિના વિષયોમાં વિરક્તતા થઇ શકતી નથી. ॥ ૧૧૯ ॥ હે, પુત્ર! જેમ કમળના મધ્યમાં લક્ષ્મી રહે છે તેમ આત્મતત્વ જાણવાના વિચારથી વિષયો વિષેની વિરક્તિ હૃદયમાં સ્થિર થાય છે. ॥ ૧૨૦ ॥ તેનાથી બુદ્ધિનું ઉદયપણું થાય છે અને તેથી સુંદર વિચારના આત્માને જોવાતાં ભોગોમાં વિરક્તિ આવે છે. ॥ ૧૨૧ ॥ હે, પુત્ર! ચિત્તને જીતવા વાસ્તે તેના ચાર ભાગ કરતાં બે ભાગ ભોગોથી, ત્રીજો ભાગ શાસ્ત્ર વિચારથી અને ચોથો ભાગ ગુરૂ સેવાથી પુર્ણ કરવો જોઇએ. ॥ ૧૨૨ ॥ અને જે વખતે ચિત્ત, શાસ્ત્રના અર્થ સમજે તે વખતે ચિત્તના બે ભાગ જ્ઞાન તથા વૈરાગ્યથી પુર્ણ કરતાં બે ભાગને ધ્યાન તથા ગુરૂ પુજાથી પૂર્ણ કરવા જોઈએ, ॥ ૧૨૩ ॥ હે, પુત્ર! ભોગત્યાગથી અને ધર્માર્થ વિચાર વિના બ્રહ્મપદમાં વિશ્રાન્તિ, સુખથી થતી નથી. ॥ ૧૨૪ ॥ હે, પુત્ર! પુરૂસત્વનો પ્રયત્નથી આશ્રય કરી અને પ્રારબ્ધ—દૈવને દુર કરી વિચારવાન્ પુરૂષ ભોગોનો ત્યાગ કરે છે; કે જે ભોગ મોક્ષદ્વારને પ્રતિબંધ કર્ત્તા છે. ॥ ૧૨૫ ॥ જેવી રીતે સમુદ્રથી વાદળાં અને વાદળાંથી સમુદ્ર પોતપોતાથી પૂર્ણતા પામે છે તેવી રીતે ભોગનિંદાથી વિચાર થાય છે અને વિચારથી ભોગનિંદા થાય છે. એ બન્ને પરસ્પર સંપૂર્ણપણાને પ્રાપ્ત થાય છે. ॥ ૧૨૬ ॥ હે પુત્ર! જેમ પ્રીતિયુક્ત મિત્રો અંદર અંદર મળી પોતપોતાના અર્થને સિદ્ધ કરે છે, તેમ ભોગનિંદા વિચાર અને આત્મદર્શન આ ત્રણે પરસ્પર મળી મોક્ષ અર્થને સિદ્ધ કરે છે. ॥ ૧૨૭ ॥ હે, પુત્ર! દેશાંતર ગમનથી, તુચ્છ ધનની નિંદાથી, સાધુજનોનાં માનપુર્વક પુજનથી, સત્સંગથી, ભોગનિંદાથી અને ઉત્તમ પ્રકારના વિચા-

રોના ઉદયથી તુને આત્મસ્વરૂપનો લાભ થવાનો છે. ॥ ૧૨૮ ॥ બળિરાજા કહે છે કેઃ— પુર્વકાળમાં ઉત્તમ વિચારવાળા પિતાએ મને આ જ્ઞાન કહેલું હતું તે હું વિસરી ગયો હતો પરન્તુ તેનું પાછું સ્મરણ થયું છે હવે તે જ્ઞાનને હું પ્રાપ્ત થયો છું. ॥ ૧૨૯ ॥ અહો! મહા આનંદ થયો!! શમની દશા મહા રમણીય છે, શીતળતાથી યુક્ત છે અને સુખ—દુઃખની સંપૂર્ણ દશા શમ વિશે શાન્ત થાય છે. ॥ ૧૩૦ ॥ જે મ્હેં પ્રથમ મારાં પોતાનાં શરીરનાં માંસથી સ્ત્રીનાં શરીરનાં માંસને પીડિત કરેલું છે અને અંગથી અંકને પીડિત કરીને પ્રસન્ન થયો છું. એ સઘળું મોહનો ઉદય છે. ॥ ૧૩૧ ॥ એટલો વખત હું મુઢ થઇને તુચ્છ એવાં જગતનાં રાજ્યની ઇચ્છાથી દેવતાના ગણની સાથે વેર કરતો હતો. ॥ ૧૩૨ ॥ "પ્રથમ હું કોણ છું? આ કોણ છે! અને જગત્ શું છે?" એ પ્રકારનાં અજ્ઞાનની શાંતિ વાસ્તે અને આત્મજ્ઞાન વાસ્તે હું મ્હારા પોતાના ગુરૂ શુક્રાચાર્યજીને પ્રશ્ન કરૂં છું. એટલે સ્મરણ માત્ર કરવાથી પ્રગટ થએલ શુક્રાચાર્યજીને બળિરાજાએ કહ્યું કેઃ— ॥ ૧૩૩ ॥ હે ગુરૂજી! હું ભોગ પ્રતિ વિરકત થયો છું, તે ભોગ કેવા છે કેઃ—જે મહામોહને દેવાવાળા છે. એટલા વાસ્તે હું તે તત્વને જાણવા ચાહું છું કે જેથી મહામોહ દુર થાય. ॥ ૧૩૪ ॥ "આ ભોગ જાળનું પ્રમાણ શું છે? સ્વરૂપ શું છે? હું કોણ છું? તું કોણ છે! અને આ લોક કોણ છે?" એ સર્વે તમે મને કહો. ॥ ૧૩૫ ॥ ત્યારે શુક્રાચાર્યજી કહે છે કેઃ—હે દૈત્યરાજ!. ઘણું કહેવાથી શું ફાયદો છે! તું આત્મરૂપને પ્રાપ્ત થવાનું યત્ન કર અને મ્હારાથી જ્ઞાનના સારને સંક્ષેપથી શ્રવણ કર. ॥ ૧૩૬ ॥

આંઇ સર્વત્ર ચૈતન્ય છે અને ચૈતન્ય માત્રજ દેખવામાં આવે છે. અર્થાત સર્વે ચૈતન્ય રૂપજ છે, તું ચૈતન્ય રૂપ છો, હું પણ ચૈતન્યી છું અને સંપુર્ણ લોક પણ ચૈતન્ય રૂપ છે. ॥ ૧૩૭ ॥ હે દૈત્યરાજ! તું ઉત્તમ બુદ્ધિમાન છો માટે તું જો નિશ્ચય કરીશ તો સર્વમાં સાર એવું જ્ઞાનને પ્રાપ્ત કરીશ પરન્તુ જો નિશ્ચય કરીશ નહિતો તુંને ઘણું કહેલું પણ ભસ્મમાં હવન કર્યા જેવું વૃથા છે. ॥ ૧૩૮ ॥ હે, દૈત્યરાજ! "ચૈતન્યનો ચિત્તમાં સંકલ્પથી સંબંધ થવો પણ બંધન રૂપ છે, ચિત્તના સંકલ્પથી મુક્ત થવું એનેજ મુક્તિ કહેલ છે અને ચૈતન્યતાથી ચિત્તને પણ ચૈતન્ય માત્ર જાણવાથી સર્વે આત્મારૂપજ થાય છે." આ મેં નિશ્ચય કરી સંક્ષેપથી સિદ્ધાંત કહ્યો છે. ॥ ૧૩૯ ॥ 'ચિતિ' એ ચિત્તના ધર્મથી મુક્ત છે તેજ હું છું, ચૈતન્યતારૂપી જ્યોતિ યુક્ત હું છું અને સર્વને પ્રકાશ કરવાનો દીપક હું છું. એ વાક્યને નમસ્કાર હો. ॥ ૧૪૦ ॥

વસિષ્ઠજી કહેવા લાગ્યાઃ—બળિ રાજાએ એ પ્રમાણે ચિંતવન કર્યું, તેથી પરમજ્ઞાનને પ્રાપ્ત થયો અને ૐકારના અર્થને ધારણ કરી મૌનવૃત્તિ ધારણ કરી. ॥ ૧૪૧ ॥ વળી સર્વ સંકલ્પોથી રહિત થયો, નિર્મળ અંતઃકરણ યુક્ત થયો, તેની સમ્પૂર્ણ વાસના શાન્ત થઈ, સર્વ સંકલ્પતા વિનાશ થઇ, શંકા તથા સંદેહથી મુક્ત થયો, ચિત્તને ચૈતન્યમાં એકરૂપ કરવા લાગ્યો, ધ્યાતા—ધ્યાન કરવું તથા ધ્યાન કરવા યોગ્ય—એ ત્રણેથી રહિત થયો, સર્વ ભોગ ઇચ્છા રહિત થયો, આનંદથી પૂર્ણ થયો અને મનના દોષોથી મુક્ત થયો. એવો થઇને શરદઋતુના નિર્મળ આકાશની માફક શોભવા લાગ્યો અને દશ હજાર વર્ષ ધ્યાનમાં ને ધ્યાનમાં એકાગ્ર

થયો. ॥ ૧૪૨ ॥ હે રામચંદ્ર! પછી તે બળિરાજા દશ હજાર વર્ષથી ઉપરાંત (તેથી પણ વધારે વર્ષે) ધ્યાનથી જાગ્રત થઈ આત્મતત્વ ચિંતન કરવા લાગ્યો કેઃ—હું ને બંધન નથી, મોક્ષ નથી મારી મૂઢતાક્ષીણ થઈ છે, ધ્યાન-વિચારથી મ્હને શું છે? અને ધ્યાન કરવાથી શું ફળ છે? ॥ ૧૪૩ ॥ કેમકે મ્હને પરમ તત્વની વાંછના નથી, જગતની સ્થિતિની મ્હને વાંછના નથી, જ્ઞાનદૃષ્ટિ થએ મારૂં કાર્ય નથી અને રાજ્યનું મ્હને કાંઈ જરૂર નથી. ॥ ૧૪૪ ॥ હે રામચંદ્ર! જેવી રીતે બળિરાજાને જ્ઞાન પ્રાપ્ત થયું તે સઘળું મેં તુને કહેલું છે. માટે એવી જ્ઞાન દૃષ્ટીને કારણ કરી તું પણ મોક્ષનો ઉદ્યમ કર. ॥ ૧૪૫ ॥ હે રામચંદ્ર! એ પ્રમાણે બળિરાજા અસુરોનો રાજા પણ થયો અનેઃ દશ હજાર (૧૦૦૦૦) વર્ષ કોટિ ત્રૈલોકયનું રાજ્ય કરી અંતકાળે તમામ ભોગોથી વિરક્ત થયો. ॥ ૧૪૬ ॥ એટલા માટે હે રામજી! તું પણ ભોગ ભાગને અવશ્ય રસવિનાના સમજી ત્યાગ કરી સત્ય પરમાનંદને જાણીને અને વિરસતાથી રહિત થઇ સદ એક રસ પદને પ્રાપ્ત થા. ॥ ॥ ૧૪૭ ॥ પ્રથમ ઇષ્ટ વસ્તુને અનિષ્ટ જાણ, અને પછી અનિષ્ટને ઈષ્ટથી સમજવાનો અભ્યાસ કર અનેત્યારબાદ બન્નેનો ત્યાગકર. ॥ ॥ ૧૪૮ ॥ આ દેખાતા તમામ પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ દૃષ્ટિનો ત્યાગ થવાથી નિરંતર સમદૃષ્ટિ હૃદયમાં ઉદય થાય છે અને તેનાથી ફરી જન્મ થતો નથી. ॥ ૧૪૯ ॥ હે રામચંદ્ર! જે; સ-રીરના આત્માનેમાને છે, જૂઠી જ્ઞાનદૃષ્ટિથી જેની બુદ્ધિ હણાઈ ગઇ છે, જે સંકલ્પ-વિકલ્પને આધિન થએલ છે અને ધુર્ત છે એવા મૂંઢ નરોની બરાબરના મત ધારણ કર. ॥ ૧૫૦ ॥ હે રા-

મજી! જે પુરૂષ; સ્વાત્મનિર્ણયના જ્ઞાનથી રહિત છે અને પરાયાના કહેવામાં ફસીપડેલા છે એવા મૂઢ પુરૂષો, પોતાની મૂર્ખતાથી અધિક દુઃખ દેવાવાળા બીજા કોઈ નથી. ॥ ૧૫૧ ॥ હે રામજી! જ્યાં સુધી પોતાનો આત્માને પોતાના જોવામાં અનુગ્રહ યત્નથી નથી કરેલ ત્યાં સુધી આત્મવિચારનો ઉદય નથી થતો. ॥ ૧૫૨ ॥ હે રામચંદ્ર! જ્યારે વિષ્ણુ ભગવાને હિરણ્યકશ્યપુને માર્યો ત્યાંરે તેનો પુત્ર પ્રલ્હાદ, વિષ્ણુને જીતવા ચાહતો હતો અને તેના ઉપાયનું ચિંતવન કરવા લાગ્યો કે:—વિષ્ણુને જીતવાનો એક એવો મુખ્ય પ્રગટ ઉપાય છે કે:—સર્વ પ્રકારની સર્વ બુદ્ધિ બળે વિચારના વેગથી સર્વત્ર વિષ્ણુનું વિસ્મરણ કરવું નહિ. કેમકે વિષ્ણુનાં સ્મરણ વિના તેને પ્રાપ્ત કરવાનો અન્ય ઉપાય નથી. ॥ ૧૫૩ ॥ હવેથી હું જન્માદિકથી રહિત શ્રી નારાયણનું સર્વત્ર ધ્યાન કર્યા કરૂં છું. ત્યારે હું શ્રી નારાયણના શરણને પ્રાપ્ત થઇ 'નારાયણ' પદને પ્રાપ્ત થઇશ. ॥ ૧૫૪ ॥ **ॐ नमो नारायणाय** આ મંત્ર સર્વ અર્થને સિદ્ધ કરવા વાળો છે. તે મારા હૃદય કમળથી દુર થતો નથી તે જેમ આકાશમાંથી પવન દુર થતો નથી તેમ. ॥ ૧૫૫ ॥ કેમકે દિશાઓમાં સર્વત્ર નારાયણ છે, આકાશમાં નારાયણ છે, પૃથ્વીમાં નારાયણ છે, સર્વ જગત્ નારાયણ છે અને હું પણ નારાયણ છું. વળી તે નારાયણ કે જેનું પરિમાણ નથી. અને હવે હું વિષ્ણુરૂપ થયો છું. ॥ ૧૫૬ ॥ જે પોતે વિષ્ણુરૂપ નથી થયો અને વિષ્ણુની પૂજા કરે છે તે વિષ્ણુની પૂજાનું ફળ પામતો નથી પરન્તુ જે કોઇ વિષ્ણુરૂપ થઇને વિષ્ણુનું પુજન કરે છે તે વિષ્ણુરૂપ થાય છે. તેજ

પ્રમાણે હું પણ વિષ્ણુરૂપ થયો છું. ॥ ૧૫૭ ॥ આ પ્રમાણે પ્રલ્હાદજીની ભક્તિથી પ્રસન્ન થએલા વિષ્ણુએ પ્રલ્હાદજીને વર-દાન આપવાનું કહેતાં પ્રલ્હાદજીયે કહ્યું કેઃ—હે મહારાજ! તમે સમ્પૂર્ણ સંકલ્પોના ફળને દેવાવાળા છો અને સર્વ લોકના હૃદયમાં અંતર્યામી રૂપ થઈને સ્થિર રહો છો માટે જે કાંઇ અત્યંત ઉદાર વસ્તુ છે તે તમે જાણતા હશો વાસ્તે તેમને કહો. ॥ ૧૫૮ ॥

ત્યારે શ્રી નારાયણ ભગવાન્ પ્રલ્હાદજીને કહેવા લાગ્યા કેઃ-હે પ્રલ્હાદજી! સમ્પૂર્ણ સંકલ્પની શાન્તિ નિમિત્ત ઉત્તમ ફળને વાસ્તે બ્રહ્મ વિશ્રાન્તિ પર્યંતનો વિચારજ ઉત્તમ કહેલો છે. ॥ ૧૫૯ ॥ ત્યારે પ્રલ્હાદજી વિચાર કરવા લાગ્યા કેઃ-શ્રી ભગવાને મ્હને વિચાર કરવાનુંજ કહેલું છે વાસ્તે આત્મવિચાર કરૂં છું. ॥ ૧૬૦ ॥ હવે મ્હને પંચભૂતોથી ભૂતોના વિચાર ભૂત-શરીરથી ભિન્ન આત્માના વિવેકથી અનુભવ થએલ છે, હું ચિત્તથી પરસત્તા માત્ર સ્વરૂપ-સર્વને પ્રકાશ કરવાવાળો છું, હું સર્વ વિશ્વની બહાર અને અંદર પ્રાપ્ત છું અને નિષ્કલંક-નિર્મળ રૂપ છું. ॥ ૧૬૧ ॥ હું વિશાળ ચૈતન્યનાં દર્પણરૂપ છું માટે એવી કોઇ વસ્તુ નથી કે જે મ્હારા વિશે પ્રતિ બિમ્બિત નહિ હોય. ટુંકામાં મ્હારાથી કાંઇ પણ ભિન્ન નથી. ॥ ૧૬૨ ॥ જે કાંઈ આ સ્થાવર-જંગમ જગત્ દેખવામાં આવે છે તે સમ્પૂર્ણ સંકલ્પ-વિકલ્પ રહિત ચૈતન્ય માત્ર તત્વ હું છું. ॥ ૧૬૩ ॥ તું, હું, આ, જગત્ એ સઘળું મિથ્યા ભ્રમ મય છે. દેહધારી કોણ છે, દેહ રહિત કોણ છે? મુએલું કોણ છે? અને જીવતું કોણ છે? ॥ ૧૬૪ ॥ લાકડાં, જળ અને પથ્થરનો કિલ્લો બનાવી પૃથ્વીનો રાજા થઇ દેહાભિ-

માન કરૂં છું; એવા નીચ બુદ્ધિ દૈત્યરૂપમાં કીડારૂપ મ્હને ધિક્કાર છે. લાકડામાં, જળમાં અને પત્થરમાં તો જીવજંતુ પણ રહે છે, તો તે ઉત્તમ ક્યાં કહેવાય છે? આત્મવિચારવિના ઉત્તમતા થતી નથી. ॥ ૧૬૫ ॥ હિરણ્યકશ્યપુએ ત્રૈલોક્યનું રાજ્ય કર્યું અને જે કર્યું તે સઘળું વિચાર્યાવિના કર્યું, તેથી તે કઇ ઉત્તમતાને પ્રાપ્ત થયો? મ્હારા પિતા આદિને લઈને જેટલા દૈત્યો થએલા છે તે સર્વે નીચ બુદ્ધિ થયા અને જે કારણથી આ આત્મવિચારની ઉત્તમ રાજ્ય-પદવીનો ત્યાગ કરી જગતની જન્મ-મરણાદિ પદવીમાં પ્રાપ્ત થએલ અહંકારથી નષ્ઠ થતા ગયા તેમજ તુચ્છ પદાર્થોમાં આનંદ માનવા લાગ્યા. ॥ ૧૬૬ ॥ આ આત્મવિચારથી થએલી ચૈતન્ય દૃષ્ટિ, સમ-દૃષ્ટિમાં ઉત્તમ છે કે જે અંતથી રહિત છે, અનંત અખંડ આનંદના ભોગવાળી છે, ઉત્તમ ઉપશમ શાન્તિથી શોભાયમાન છે અને સંકલ્પ-વિકલ્પથી રહિત થવાથી શુદ્ધ થાય છે. ॥ ૧૬૭ ॥ હું સમ્પૂર્ણ ભાવોની અંદર સ્થિર છું, ચિત્તના ધર્મથી ચૈતન્યરૂપ છું અને સર્વવ્યાપી ચૈતન્યરૂપથી વર્તમાન છું એવા મ્હને મ્હારા પોતાનાજ નમસ્કાર હો. ॥ ૧૬૮ ॥ આત્મવિચારના આનંદનો સ્વાદ લીધાવિના જગતનાં સેંકડો રાજ્ય-સુખોનો સ્વાદ લેવામાં કાંઈ પણ સ્વાદ આવતો નથી. ॥ ૧૬૯ ॥ જેવી રીતે સ્વાદિષ્ટ સાકરનાં શરબતને છોડી ઘણા કડવા લીંબડાનાં જળને કોણ પીએ છે? કોઈ નથી પીતું. તેવી રીતે આત્મવિચારની દૃષ્ટિનો ત્યાગ કરી દગ્ધ થએલ ઘર જેવાં રાજ્ય સુખમાં કોણ પ્રીતિ કરે છે? અર્થાત કોઈ કરતું નથી. ॥ ૧૭૦ ॥ હે, મ્હારા આત્મા! તુને મ્હારા નમસ્કાર છે, તું અખંડ ચૈતન્યરૂપ છો અને સમ્પૂર્ણ લોકોને

જોવાના મહામણિ છો. હે દેવ! હે દેવ! તું મ્હને પ્રાપ્ત થએલ છો. ॥ ૧૭૧ ॥ હે, દેવ! મ્હેં તુને વિચારેલ છે, પ્રાપ્ત પણ થએલ છો, બોધને જાણ્યો છે અને વિકલ્પોથી કહાડેલ છે. જે રૂપ તું છો તે રૂપજ છો તો તુને મ્હારા નમસ્કાર છે. ॥ ૧૭૨ ॥ હું તારા રૂપ છું, અંતર રહિત છું, એવા મ્હારે ત્યાં-તારે ત્યાં નમસ્કાર છે વળી તું શિવરૂપ છો અદ્વૈતરૂપ છો, દેવતાના પણ દેવતારૂપ છો, ઈંદ્રિઓની પ્રેરણા કરવાવાળા ઇંદ્રાદિક દેવતા છો એટલુંજ નહિ પરન્તુ તેને પણ પ્રેરણા-પ્રકાશ કરવારૂપ છો, સર્વથી ચર છો અને પરમાત્મા-રૂપ છો. ॥ ૧૭૩ ॥ હે, દેવ! વળી તું વાદળ દુર થએલા ચંદ્રમાની માફક, અવિદ્યાના સંકલ્પ-વિકલ્પરૂપી બંધન દૂર થવાથી સ્વાત્મા પ્રકાશરૂપ છો; પોતાના સ્વરૂપાન્તરમાં પ્રસન્ન છો, પોતેજ આપ રૂપમાં સ્થિર છો અને પોતેજ ઉદય થએલ પોતાને વશ છો તેથી તુને હું પોતેજ નમસ્કાર કરૂં છું. હે દેવ! વળી તું કેવો છો? જેનાથી અહંકારરૂપી કાદવ દુર થએલ છે, નિર્મળ છે અને જેની અંદરનો આત્મા આનંદનો સરોવર છે. એવા આત્મરૂપ તુને મ્હારા નમસ્કાર છે. ॥ ૧૭૪ ॥ હે, દેવ! હે આત્મા!! તું; શાન્ત અને ઈંદ્રિય તથા ચિત્તરૂપી વડવાગ્નિ શાન્ત થએલ છે એવા આનંદ સમુદ્રરૂપ છો એવાં મ્હારાં સ્વરૂપ તુને નમસ્કાર છે. ॥ ૧૭૫ ॥ હે, દેવ! હે આત્મા!! તું; લીલા માત્રથી અનેક વિશ્વનો ઇશ છો, પોતાના સ્વરૂપાનંદથી અનુગ્રહને પ્રાપ્ત કરવાવાળો છો અને તારા પ્રસાદથી મ્હને પરમશાન્તિ યુક્ત આ આત્માનંદની પ્રાપ્તિ થઈ છે. ॥ ૧૭૬ ॥ હે, દેવ! એ આત્મન્! હવે હું દેખું છું, મોહરૂપી વૈતાળ ચાલ્યો ગયો છે. અહંકારરૂપી રાક્ષસ ચાલ્યો ગયો છે અને

આશારૂપી પિશાચિણી પણ ચાલી ગઇ છે. હવે હું ચિંતા જ્વરથી મુક્ત થયો છું. ॥ ૧૭૭ ॥ હે, દેવ! હું હવે દેખતો થયો છું અને મ્હારો અંહકારરૂપી પોપટ તૃષ્ણારૂપી જાળીને છેદી જે શરીરરૂપી પિંજરાંમાથી નીકળી ગયો છે. ॥ ૧૭૮ ॥ હે, દેવ! હે આત્મા!! તું; તારી પોતાની સત્તાથી સમ્પૂર્ણ વિશ્વપૂર્ણ કરેલું છે, વિશ્વને પોતાથી ઉત્પન્ન કરવાવાળો છે અને સર્વત્ર લક્ષિત છો. હવે તું ક્યાં ભાગી જાય છે? ॥ ૧૭૯ ॥ હે, આત્મા! મ્હારો અને ત્હારો જન્મબંધનથી ઘણો અંતર થયો હતો પણ હવે સમીપતા થઇ છે જેથી અતિ આણંદ થયો કે મ્હેં તુંને હવે દેખ્યો. ॥ ૧૮૦ ॥ હે, આત્મા! ત્હારૂં મ્હારાવિશે સ્થિરપણું થવાંથી હું સર્વ દોષોથી રહિત થયો છું અને પોતાનાં સ્થાન વિશે આત્માની સ્થિતિ થયાથી રાગ-દ્રેષાદિકોનો રંગ. દુર થયો છે. હવે બંધન ક્યાં છે? આપત્તિ ક્યાં છે? સંપત્તિ ક્યાં છે? જન્મ મરણ ક્યાં છે? અને હવે અખંડ શાન્તિ પ્રાપ્ત થવાની ઇચ્છા ક્યાં છે? ॥ ૧૮૧ ॥

ત્યાર બાદ શ્રી વસિષ્ટજી કહેવા લાગ્યા કેઃ હે રામચંદ્ર! શત્રુગણને જીતવાળાછો! પ્રલ્હાદજીએ એ પ્રમાણે આત્મચિંતવન કર્યું અને નિર્વિકલ્પ-પરમાનંદ સમાધિને પ્રાપ્ત થયો. ॥ ૧૮૨ ॥ એવી રીતે હજાર વર્ષ આણંદથી પૂર્ણ થઇને એકાગ્ર દષ્ટિ કરી અસુરોના નગરમાં સ્થિર થયો અને જેમ સૂર્ય પત્થરમાં પ્રતિબિંમ્બિત નથી થતો તેમ તમામ કાર્યોની કલ્પનાથી રહિત થયો. ॥ ૧૮૩ ॥ તે ઉપરાંત ધ્યાનમાં એકાગ્ર થએલ પ્રલ્હાદજીને શ્રી વિષ્ણુભગવાને સંસારની મર્યાદા પાળવા વાસ્તે પાંચ જન્મ શંખની ધ્વજા કરી સમાધીથી જગાડયો. જેથી તેણે દૈત્યોતાં રાજ્યનું પાળન કર્યું ॥ ૧૮૪ ॥

શ્રી રામચંદ્રએ શ્રી વસિષ્ઠજીને પ્રશ્ન કર્યો કેઃ-હે ગુરૂજી! તમે કહો છો કે "પોતાનાં પુરૂસત્વનાં યત્નથી સર્વે કાર્ય સિદ્ધ થાય છે" તો પ્રલ્હાદજી, વિષ્ણુનાં વરદાન વિના બોધને પ્રાપ્ત કેમ થયો નહિ? એ મ્હને કહો. ॥ ૧૮૫ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ-હે રામજી! પ્રલ્હાદજીને જે જે પ્રાપ્ત થયું તે તે પોતાનાં પુરૂસત્વથી; બીજાં કોઈ પણ કાર્યથી નથી થયું. ॥ ૧૮૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે તેલ તથા તલ જુદાં નથી, શ્વેત રંગ તથા વસ્ત્ર અળગાં નથી અને પુષ્પ તથા સુગંધ નોખાં નથી તેવી રીતે આત્મા તથા નારાયણ પરસ્પર ભિન્ન નથી. ॥ ૧૮૭ ॥ કદાચિત આત્મા પોતાની વિચારશક્તિથી બોધને પામે છે અને કદાચિત વિષ્ણુરૂપે કરી પોતાની ભક્તિએ કરી પોતેજ વરપ્રધાનથી બોધને પ્રાપ્ત થાય છે. ॥ ૧૮૮ ॥ તે વિષ્ણુરૂપ આત્માનું ચિરકાળ આરાધન કરેલું છે તથાપિ આત્મવિચારવિના જાણી શકવા અથવા વર દેવાને સમર્થ થતો નથી. વાસ્તે પ્રલ્હાદજીને સર્વત્ર નારાયણ સ્વરૂપ આત્મજ્ઞાનનાં પુરૂસત્વથી વર પ્રાપ્ત થયો. ॥ ૧૮૯ ॥ હે, રામચંદ્ર! આત્મબોધનાં બે કારણો છે તેમાં પોતાનાં પ્રયત્નથી ઉપાર્જિત કરેલ આત્મવિચાર એ મુખ્ય અને દેવતાના વરપ્રદાની થવો એ ગૌણ કારણ છે. જેમાંથી તું મુખ્ય એટલે કે પોતાનાં પુરૂષાર્થનાં પ્રયત્નથી થતા આત્મવિચારમાં સાવધાન થા, ॥ ૧૯૦ ॥ હે, રામચંદ્ર! તું; પોતાનાં પુરૂષાર્થનાં યત્નનો આશ્રય કરી ઇંદ્રિય તથા મનરૂપી પર્વતને ઉલ્લંઘી અને સંસાર સમુદ્રને તરી પાર જઇ પરમપદને પ્રાપ્ત થા. ॥ ૧૯૧ ॥ હે, રામજી! જો પુરૂસત્વના યત્નવિના વિષ્ણુરૂપ આત્મા દેખ-

વામાં આવતો હોયતો જડયોનિ એટલે કે મૃગ-પક્ષી ગણનોજ પુરૂષાર્થ વગર ઉદ્ધાર થાય. ॥ ૧૯૨ ॥ હે, રામચંદ્ર! જેનું મન અજ્ઞાનથી યુક્ત છે તેને ગુરૂ સેવા અને વિષ્ણુ પુજન કાંઇ કરી શકતું નથી. જે કાંઇ પ્રાપ્ત થાય છે તે આત્મવિચારથીજ થાય છે. ॥ ૧૯૩ ॥ હે, રામચંદ્ર! જે શાસ્ત્રવિચારમાં પોતાનાં પુરૂષાર્થથી મુઢ છે અને પારકાના કહેવાપર પ્રવૃત્ત છે તેને શુભ કર્મની પ્રવૃત્તિ નિમિત્ત વિષ્ણુની ભક્તિ કહેલ છે. ॥ ૧૯૪ ॥ હે, રામચંદ્ર! વિચારવિના તથા ઉપશમ વગર વિષ્ણુ પણ પ્રાપ્ત થતા નથી અને વિચારથી તથા ઉપશમથી મુક્ત થાય તો વિષ્ણુની શું જરૂર છે? ॥ ૧૯૫ ॥ હે, રામચંદ્ર! વિચાર તથા ઉપશમથી યુક્ત પોતાનું ચિત્ત શુદ્ધ કર.અને ચિત્ત શુદ્ધ થવાથી તું મોક્ષ સિદ્ધિને પામીશ. જો ત્હારૂં વિચાર તથા ઉપશમથી ચિત્ત શુદ્ધ થશે નહિ તો તું વગડાના ગધેડા જેવો છે. ॥ ૧૯૬ ॥ હે, રામ! હૃદયરૂપી ગુફામાં ચિત્તનું સ્થાપન કરવું એજ આત્માનું સ્વાભાવિક તથા અવિનાશી સદા એકત્વ જેવું મુખ્યરૂપ છે અને શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધરવાવાળું આત્માનું ગૌણરૂપ છે. ॥ ૧૯૭ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ આત્માનાં મુખ્યરૂપનો ત્યાગ કરી ગૌણરૂપની સેવા કરે છે તે પોતાને હાથે સિદ્ધ રસાયનનો ત્યાગ કરી સાધન કરવા યોગ્ય અને રસાયનના પ્રયત્નપર દોડે છે એમ સમજવું. ॥ ૧૯૮ ॥ હે, રામચંદ્ર! આ માયા, સંસાર નામનાં રૂપવાળી છે, અંતથી હિન છે અને પોતાનાં ચિત્ત જીતવાથી ક્ષય પામે છે. ॥ ૧૯૯ ॥ હે, રામચંદ્ર! કૌશળ દેશમાં રહેવાવાળા એક ગાધિ નામના બ્રાહ્મણે વિષ્ણુની આરાધના કરી, માયા જોવા વાસ્તે

વર પામી અને સ્નાન કરવા સારૂં જળપ્રવેશ કર્યો જળ વચ્ચમાં અઘમર્ષણ મંત્ર ભણવા લાગ્યો અને મનમાં માયાની સૃષ્ટિ જોવાથી અને પછે પ્રત્યક્ષ જોઇ મન સાથે સંકલ્પ કર્યો કે માયા આજ છે વા નથી. ત્યારબાદ તેણે વિષ્ણુની આરાધના કરી પ્રત્યક્ષ અનુભવ લઇ વિષ્ણુને કહ્યું. ॥ ૨૦૦ ॥ હે. હે, દેવ! મેં છ મહીના માયાથી ભ્રમંતા ભૂતોના સ્થાનમાં કીર લોકાની પદવી પ્રાપ્ત કરી પણ ત્યાં જે મ્હારૂં વૃત્તાંત થયું છે તેની કથા હું જાણતો નથી. ॥ ૨૦૧ ॥ તારી માયાથી ભૂતોની ભૂમિ મ્હેં જોઇ હતી એજ ત્હારૂં વચન વૃથા થયું. હે ભગવાન્! મહાત્મા પુરૂષોનાં વચન મોહનાશ વાસ્તે થાય છે પરન્તુ મોહની વૃદ્ધિ થવા વાસ્તે નહિ. ॥૨૦૨॥

શ્રી ભગવાન્ કહે છે કેઃ—હે ગાધિ! જેવી રીતે કાગડો, તાડનાં ઝાડપર અકસ્માત્ આવીને બેસે છે, અકસ્માત્ રીતે તાડનું ફળ નીચે પડી ફુટી જાય છે અને તાડનાં ફળને કાગડો ખાઇજાય છે પણ તાડનાં ફળને કાગડો કાંઈ તોડી શકતો નથી તેવી રીતેજ સર્વ ભુતરૂપી કીડાના ચિત્તમાં ચંડાળ સ્થિતિ પ્રતિબિમ્બિત થાય છે અને તેથીજ તારા ચિત્તમાં અકસ્માત્ રીતે ચંડાળ સ્થિતિ પ્રતિબિમ્બિત થઇ છે ॥ ૨૦૩ ॥ એટલા વાસ્તે જેવી ચિત્તમાં સ્થિતિ થાય છે તેવું વૃત્તાંત કહેવાય છે અને જેવું ચિત્તમાં સ્ફુરણ થાય છે તેવુંજ માયાના વેગથી દૃઢ થાય છે. વાસ્તે તેનું જ્ઞાન વિના વિસ્મરણ થતું નથી. તેનું વૃત્તાંત કહુ છું. ॥ ૨૦૪ ॥ કોઇ એક ચંડાળે ગામમાં ઘર બંધાતું હતું તે તેણે જોયું પછે તેમાં પ્રવેશ કર્યો અને તેની ભીંતની ઇંટ ભાંગી. ॥ ૨૦૫ ॥ હે ગાધિ! એ પ્રમાણે કદાચિત્ એક જાતનું સ્ફુરણું

ઘણા જીવોને થાય છે. જેમ કે અકસ્માત્ રીતે કાગડાની તાડનાં ઝાડપર સ્થિતિ થાય છે તેમ અકસ્માતનું સ્ફુરણ પણ થાય છે ॥ ૨૦૬ ॥ હે ગાધિ! તેવી રીતે માણસો અકસ્માત્ એક જાતનાં સ્વમાને દેખે છે. તે સ્વમાંનો અમલ; શયન રૂપ ભ્રમ જોવાવાળાની માફક તથા મદિરાપાનથી ઘણાં માણસોની પેઠે થાય છે. ॥ ૨૦૭ ॥ હે ગાધિ! આ ભૂલોકમાં એક કટંજન નામનો ચંડાળ થએલ છે. તેનું જે વૃત્તાંત થયું છે તેવુંજ તુંને સ્ફુરણ થયું છે. એ ચંડાળ સ્ત્રી વિનાનો થયો, સ્ત્રી વિયોગથી દેશાંતરમાં ચાલ્યો ગયો, ત્યાં કીર દેશમાં આવ્યો, જ્યાં તે કીરદેશનો રાજા થયો, રાજકાજ કરવા લાગ્યો, પછે તેજ ચંડાળના પુત્રાદિક રાજા પાસે આવ્યાં જેથી તેને પોતાનાં પૂર્વ વૃત્તાંતનું સ્મરણ થયું અને પોતાને સ્ત્રીના મરણ સ્મરણથી વિયોગ દુઃખ થયું બાદ તેણે અગ્નિમાં પ્રવેશ કર્યો. ॥ ૨૦૮ ॥ હે ગાધિ! તેજ વૃત્તાંત તુંને જળની અંદર ચિત્તમાં સ્ફુરણ થયું ત્યારે તુંને ચંડાળ ભાવને લીધે અગ્નિ પ્રવેશ પર્યંત વૃત્તાંતના મોહથી ભ્રમ થયો છે. ॥ ૨૦૯ ॥ હે ગાધિ! માયાના વેગથી દૃષ્ટિ કરે અનુભવિત અર્થોને ભૂલી જાય છે. કદાચિત્ જોવા વગર પણ અર્થને ચિત્ત, જોવા જેવા પ્રત્યક્ષ અનુભવ કરે છે. ॥ ૨૧૦ ॥ હે ગાધિ! જેવી રીતે સ્વપ્ન થાય છે, તેવી રીતે મનોરથની કલ્પના પણ થાય છે, જેવી રીતે ધાતુ વિકારથી એક ચંદ્રમાં બે ચંદ્રની પ્રતીમા થાય છે અને ચંદ્રમાનો પીલો રંગ જોવામાં આવે છે તેવી રીતેજ પોતાના મનથી પોતાને જગત્નો ભ્રમ થાય છે. ॥ ૨૧૧ ॥ હે ગાધિ! જેવી રીતે ત્રિકાળ દર્શી પુરૂષને પર્વ વૃત્તાંત અને ભવિષ્ય વૃત્તાંત

પ્રતીત થાય છે તેવી રીતે તુને ચંડાળ વૃત્તાંત પ્રતિત થયુ છે. ॥ ૨૧૨ ॥ હે ગાધિ! "આ પુરૂષ છે તે હુ છુ" "આ પદાર્થ મ્હારો છે." આત્મવેત્તા પુરૂષ એવી કલ્પનામાં મગ્ન થતો નથી પણ જે પુરૂષ આત્મવેત્તા નથી તે એવી કલ્પનામાં મગ્ન થાય છે. હે ગાધિ! તત્વ વેત્તા પુરૂષ સર્વમાં આત્મરૂપ જાણી મોહને પ્રાપ્ત થતો નથી પદાર્થોમાં ભેદ—ભાવના પણ રાખતો નથી. ॥ ૨૧૪ ॥ એટલા વાસ્તે આત્મવેત્તા પુરૂષ, અનેક પ્રકારનાં સુખ દુઃખોના વિલાસ ભ્રમ વત્ સમજી મનમાં મગ્ન થતો નથી કે જેમ કે તેવી રીતે તુંબડું જળમાં ડુબતું નથી તેમ. ॥ ૨૧૫ ॥ હે, ગાધિ! જેવી રીતે યત્ન રહિત પુરૂષ કાંઇ પણ કાર્ય્ય કરવા સમર્થ થતો નથી તેવી રીતે જ્ઞાનની પુર્ણતા ન થવાથી તું મનના ભ્રમ કહાડી નાંખવા સમર્થ થતો નથી. ॥ ૨૧૮ ॥ હે, ગાધિ! આ માયા ચક્રનું ચિત્ત નાભિસ્થાન છે. જેવી રીતે નાભિ દબાવવાથી ચક્ર ભ્રમતું નથી તેવી રીતેજ ચિત્ત જીતવાથી માયા ચક્ર ભ્રમિત થતું નથી. ॥ ૨૧૯ ॥ હે, ગાધિ! હવે તું ઉઠ અને હૃદયરૂપી પર્વતની કુંજલીમાં ચિત્તની એકાગ્રતા નિમિત્ત દશ વર્ષ પર્યંત સાવધાન બુદ્ધિથી તપ કર કે જેથી તુને જ્ઞાનની પ્રાપ્તિ થશે. ॥ ૨૨૦ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ-હે રામચંદ્ર! એટલું કહી શ્રી ભગવાન્ અદશ્ય થયા અને **ગાધિ** બ્રાહ્મણ વિવેક વશ થઇ વૈરાગ્ય પદને પ્રાપ્ત થયો. ॥ ૨૨૧ ॥ વળી તે સર્વ સંકલ્પરહિત થઈ પર્વતના કુંજમાં દશ વર્ષ તપ કર્યું ત્યારે તે પુર્ણ જ્ઞાનને પામ્યો. ॥ ૨૨૨ ॥ ત્યાર બાદ તે ગાધિ બ્રાહ્મણ આત્મસત્તાનો પાર પામી આત્માનંદ વિશે રમણ કરવા લાગ્યો, યોગભાવનાથી ભય તથા

શોક રહિત થયો, સદા ઊમિત એવાં જીવનમુક્ત-શાંતરૂપ થયો અને જેવી રીતે ચંદ્રમા કળાઓથી સમ્પૂર્ણ થાય છે તેવી રીતે સ્વચિત્તમાં પૂર્ણ થયો. ॥ ૨૨૩ ॥ તેથી હે રામચંદ્ર! તીર્થો દાન અને તપની ક્રિયાનો ત્યાગ કરી કલ્યાણ વાસ્તે સાવધાનતા ધારણ કરી ચિત્તને વશ કર. ॥ ૨૨૪ ॥ હે રામજી! વર્ત્તમાન ભોગોને ગ્રાહ્ય બુદ્ધિથી ખેદ વિનાની અને ભૂત ભોગોની માફક ભવિષ્ય ભોગની ભાવનાનો ત્યાગ કર કે જેથી ચિત્ત ક્ષીણ થાય. ॥ ૨૨૫ ॥ હે, રામચંદ્ર! જે પુરૂષ તત્વજ્ઞાની નથી તેને, કીડાઓથી, ગધેડાંથી અને પશુ-પક્ષિઓથી પણ ઘણા નીચ સમજવા ॥ ૨૨૬ ॥ હે, રામચંદ્ર! જેવી રીતે વાદળાં ચડીઆવવાથી સૂર્ય પ્રકાશ બંધ થાય છે તેવી રીતે ચિત્ત વૃદ્ધ થવાથી આત્મજ્ઞાનત દૂર થાય છે. ॥ ૨૨૭ ॥. હે, રામજી! ભોગોને, ન ભોગવી અને આદર ન કરી થોડે થોડે ચિત્તને, કૃશ કરવું અને રસનો ત્યાગ કરવો. અર્થાત્ જેવી રીતે જુનું પાંદડું થોડું થોડું ક્ષીણ થઈ પડી જાય છે તેવી રીતે ચિત્તને પણ થોડે થોડે (ભોગોથી) ક્ષીણ કરવું. ॥ ૨૨૮ ॥ શરીરમાં આત્મભાવના કરવાથી, શરીર ભોગને આધિન કરવાથી અને સ્ત્રી-પુત્રાદિકના સ્નેહથી ચિત્ત વૃદ્ધ થાય છે. ॥ ૨૨૯ ॥ વળી અહંકારના વિકારે કરી મમતાની લીલાથી આ મ્હારૂં છે, એવી ભાવનાથી, આધિ-વ્યાધિના વિલાસથી, સંસારની સ્થિતિના વિશ્વાસથી, ત્યાગ કરવું-ગ્રહણ કરવું, એનાં પ્રયત્નથી, ધનથી, લોભથી, સ્ત્રીઓના સ્નેહથી દૃષ્ટ આશારૂપી ક્ષીરપાનથી અને ભોગ-વાસનારૂપી પવનના બળથી ચિત્ત વૃદ્ધ થાય છે. ॥ ૨૩૦ ॥

હે રામચંદ્ર! ગંધમાદન પર્વતમાં એક ઉદ્દાલક નામનો તપસ્વી બ્રાહ્મણ વિવેકને પ્રાપ્ત થઈ ચિંતવન કરવા લાગ્યો કેઃ— ॥ ૨૩૧ ॥ કયે વખતે હું મનને ત્યાગ કરીને-પરમ પવિત્ર પદમાં, સુમેરૂશ્રૃંગનાં વાદળની માફક વિશ્રામને પામીશ! ॥ ૨૩૨ ॥ જેવી રીતે સમુદ્રમાં ચંચળ તરંગમાળા શાંત થાય છે તેવી રીતે ભોગ-વાસના મ્હારાં અંતઃકરણમાં ક્યારે શાંત થશે? ॥ ૨૩૩ ॥ પરમ પદમાં વિશ્રામ થએલ બુદ્ધિથી આ કર્યું-આ કરવું છે, એવી કલ્પનાનો હું ક્યારે ત્યાગ કરીશ? ॥ ૨૩૪ ॥ જેવી રીતે કમળ-પત્રને જળનો પ્રસંગ થતો નથી તેવી રીતે સંકલ્પ-વિકલ્પની આ જંજાળ મ્હારા ચિત્તનો સંગ ક્યારે છોડશે? ॥ ૨૩૫ ॥ ઘણા મોજાંવાળી તૃષ્ણા નદીમાં, બુદ્ધિરૂપી વ્હાણથી હું ક્યારે પાર પામીશ? ॥ ૨૩૬ ॥ આ જગત્‌નાં પ્રાણિઓથી થતી જગત્‌ની જુદી ક્રિડાઓને, બાળકોની રમત માફક અનાદર કરી, હું તેનું હાસ્ય ક્યારે કરીશ? ॥ ૨૩૭ ॥ જેનો શાંત થએલ છે કમળરૂપી મનનો વ્યાપાર એવો હું પર્વતની ગુફામાં નિર્વિકલ્પ સમાધિ ચડાવીને પત્થરની સમાનતાને ક્યારે પ્રાપ્ત થઇશ! ॥ ૨૩૮ ॥ નિરાકાર વસ્તુના ધ્યાનમાં વિશ્રામને પ્રાપ્ત થએલ મ્હારાં માથાં ઊપર, વનનાં પક્ષીઓ તૃણ-ખડની પથારી (માળો) ક્યારે બનાવશે? ॥ ૨૩૯ ॥ અને ધ્યાનમાં એકગ્ર થએલો હું, તે મ્હારાં હૃદયમાં વનનાં પક્ષીઓ પર્વતની ગુફાની માફક નિર્ભયતાથી વિશ્રામ ક્યારે થશે? ॥ ૬૪૦ ॥

હે, રામચંદ્ર! તે ઉદ્દાલક બ્રાહ્મણ એવી રીતે ચિંતમાં મગ્ન થઈ, વારંવાર બેશી અને ધ્યાનનો અભ્યાસ કરવા લાગ્યો.

॥ ૨૪૧ ॥ વિષયોને લીધે ચિત્તરૂપી વાંદરો ચંચળ થવાથી ઉદ્દાલક મુનિ પ્રેમ આપવાવાળા સમાધાનની પ્રાપ્તિને પ્રાપ્ત થયો નહિ. ॥ ૨૪૨ ॥ કોઇ કાળે ઉદ્દાલકનો ચિત્તરૂપી વાંદરો, બાહેરના વિષય સંબંધનો ત્યાગ કરી અંતકરણમાં ઘણો ઉદ્વેગ પામતો હતો. ॥ ૨૪૩ ॥ કોઈ કાળે તેનો ચિત્તરૂપી વાંદરો અંતઃકરણના વિષય સંબંધનો ત્યાગ કરી ચંચળતાથી જેવી રીતે નિશો કરવાથી વ્યાકુળતા થાય છે તેવી રીતે વ્યાકુળ થતો હતો. ॥ ૨૪૪ ॥ કોઇ કાળે તેનું મન; પ્રચંડ સૂર્યનાં તેજ સમાન પ્રકાશિત અંદરના તેજને દેખવાથી વ્યાકુળ થઇ અને વિષયોને સન્મુખ થએલ મલીનતાથી ઠરતું નહિ હતું. ॥ ૨૪૫ ॥ કોઇ કાલે તેનું મન; અંદરની અજ્ઞાનતાના સંગથી વિષયવાસનામાં લંપટ થઈ જેવી રીતે ભયથી પક્ષી ઉડી જાય છે તેવી રીતે ધ્યાનથી ઉચ્ચાટન થતું હતું. ॥ ૨૪૬ ॥ અને કોઇ વખતે ધ્યાનના દૃઢ અભ્યાસથી તેનું મન; બ્હારના તથા અંદરના વિષય સંબંધનો ત્યાગ કરીને, અજ્ઞાનરૂપી અંધકારને હરવાવાળા આત્મજ્યોતિના પ્રકાશની સંધિમાં મગ્ન થઈ ચિરકાળની સ્થિતિને પ્રાપ્ત થતો હતો. ॥ ૨૪૭ ॥ હે રામચંદ્ર! ત્યાગબાદ ઉદ્દાલક મુનિમનની ચંચળતાથી વ્યાકુળ થઈ, જેવીરીતે સૂર્ય મેરૂપર્વતની ચારેબાજુ ભ્રમણ કરે છે તેવી રીતે પર્વતમાં ભમવા લાગ્યો. ॥ ૨૪૮ ॥ એક વખત, સર્વભૂતોનાં દુઃખથી પ્રાપ્ત થએલી અને જેનાથી શાંત થએલ છે સર્વના સંચાર એવી મોક્ષની દશા જેવી પર્વતી ગુફામાં ઉદ્દાલક ગયો. ॥ ૨૪૯ ॥ તે મુનિ ત્યાં બેઠા અને જેમ વાદળાં પર્વતમાં ખૂબ વર્ષીને શાંત થાય છે તેમ ચિત્તની વૃત્તિ શાંત કરી. ॥ ૨૫૦ ॥ પછે તે ત્યાં ઉત્તર

દિશા સન્મુખ થઈ, પદ્માસનવાળી, કરસંપુટ કરીને વેદનાં ઉપનિષદોનો પાઠ કરવા લાગ્યો. ॥ ૨૫૧ ॥ વળી વાસનારૂપી વનમાં મનરૂપી કરણને ભમતાં અટકાવીને નિર્વિકલ્પ સમાધિને એવી રીતે વિચાર કરવા લાગ્યો કેઃ—॥ ૨૫૨ ॥ હે મન! મૂર્ખતા ભરેલ સંસારની વૃત્તિઓનું તુંને શું જરૂર છે, કે જે (વૃત્તિઓ) અંત કાળમાં દુઃખ દેવાવાળી છે જેથી વિચારવાન પુરૂષ તેનું સેવન કરતા નથી. ॥ ૨૫૩ ॥ રે મન! જે પુરૂષ શમરૂપી અમૃતનો ત્યાગ કરી ભોગોને વાસ્તે (પુરૂષ) કલ્પવૃક્ષોનાં વનને છોડી કાંટાવાળાં વનનું સેવન કરે છે એમ સમજવું. ॥ ૨૫૪ ॥ રે મન! તું પાતાળનેતળે પ્હોંચીશ અથવા બ્રહ્મલોકની ઉપર જઈશ તથાપિ ચિત્તનાં ઉપશમવિના નિર્વાણના આનંદને પામીશ નહિ. ॥૨૫૫॥ રે મન! હે મૂઢ!! આ શબ્દાદિક વિષયોની વાસના નિરંતર ઘાત કરવાવાળી છે. જેવી રીતે વાદળાંને જોઈને દેડકાં વૃથા ભ્રમિત થાય છે તેવી રીતે (વાસના) તું ઈંદ્ર થઈ નિરંતર વૃથા કાંકર્યા કરે છે! ॥ ૨૫૬ ॥ હે મૂઢમન! જે કારણથી તુંને અમારા કહેવાનો શો અર્થ છે? અર્થાત્ અમારૂં કહેવું તુંને વ્યર્થ છે તેજ કારણથી વિચારવાન પુરૂષના ચિત્તનું સ્કુરવું થતું નથી. ॥૨૫૭॥ હે મન! મ્હેં ત્હારે વાસ્તે પગના અંગોઠાથી માથાંનાવાળ પર્યંત ઘણા ઝીણા ઝીણા ઉત્તમ વિચાર કર્યો તો પણ આ શરીરમાં લેશ પણ આણંદ પામ્યો નહિ તો પછે આમાં શીરીતે તું આ સક્ત થયો છે? ॥ ૨૫૮ ॥ આ શરીરનું ચાલવું પવનની શક્તિથી છે, જ્ઞાન તો ચૈતન્યના અંશથી છે અને વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ એનાં ધર્મ છે તો પછે, હું એમાં કયા અર્થથી સ્થિર થયો પછે એમાં (શરીરમાં)

નેત્ર ઇંદ્રિયરૂપનો સન્મુખ થઈતે પોતાનારૂપ વિષયને દેખે છે, એટલા માટે 'હું આમાં કોણ છું? એવાંરૂપને જોઈને શીરીતે મોહિત થઈને દુઃખી થયો છું? ॥ ૨૬૦ ॥ એમાં ત્વચા ઈંદ્રીય પોતાનાં સ્પર્શ તત્વને ગ્રહણ કરવાવાસ્તે સન્મુખ રહે છે. હું એની પાછળ પારકાંના મનને પિશાચની માફક કેમ ઉધત થયો છું. ॥ ૨૬૧ ॥ એમાં જિંહ્વા ઈંદ્રિય પોતાનાં રસ તત્વને ગ્રહણ કરવા ઉદય થઈ છે. 'હું ઈષ્ટ ભોગને ભોગવું છું. એવો દુષ્ટ ભ્રમ મ્હને ક્યાંથી થયો છે? ॥ ૨૬૨॥ એમાં નીચ શ્રોત્રેંદ્રીય પોતાના શબ્દ તત્વને ગ્રહણ કરવા વાસ્તે પીડા કરે છે. હું શબ્દનાં દુઃખથી કેમ દુઃખી થયો છું. ॥ ૨૬૩ ॥ અને એમાં નાસિકા ઈંદ્રી પોતાનાં સુગંધ તત્વમાં મગ્ન થઈ છે. 'સુગંધને સુંઘું છું' એવા ચોરની માફક સુંઘવાને પ્રમાણ કરતો હું કોણ છું? ॥ ૨૬૪ ॥ હે મન! તું વાસનાથીજ મુક્તથા નેત્રાદિ ઈંદ્રીઓની બહાર પોતાનાં તત્વો માં પ્રવૃત્ત થાય છે તેમાં તું તેઓની સાથે વાસનાથી કેમ પ્રવૃત્ત થાય છે; આ વાસના આનંદનું કારણ નથી. ॥ ૨૬૫ ॥ એટલા માટે હે મન! તું પણ મૂર્ખ છો અને ઈંદ્રીઓ પણ મૂર્ખ છે. વાસ્તે તમે સઘળાં બહારના ભોગો ભોગવવાની વાસનાનો અંતઃકરણથી ત્યાગ કરી આત્મસ્વરૂપ પ્રાપ્તિનો પ્રયત્ન કરો કે જેથી, ફરીને દુઃખ ન પામો. ॥ ૨૬૬ ॥ હે ઈંદ્રીરૂપી બાળકો! તમો તમારા પોતાથીજ પ્રગટ થએલ તૃષ્ણાથી, જેમ પોલાણમાં ઊત્પન્ન થએલ જીવડો, પોતેજ ઊત્પન્ન કરલ પોલાણમાં બંધાઈ, જાય છે તેમ તમે પોતેજ નષ્ટ થએલ છો. ॥ ૨૬૭ ॥ વિષનો માફક વિષય વાસનાની વિસુપિકા અનંત દુઃખ દેવાં વાળા

છે માટે ચતુરાઈથી જેમ બને તેમ વિષયવાસનાને દૂર કરી અને ઇષ્ટ આત્મચિંતવન મંત્રની યુક્તિથી આત્મસ્વરૂપમાં સાવધાન થાઓ ॥ ૨૬૮ ॥ જે સંસારની વિષય વાસનાનો ત્યાગ કરવો છે તે સમ્પૂર્ણ ભયને દૂર કરવાનું સ્થાંન છે. ॥ ૨૬૯ ॥ આ અહંકારનો ભ્રમ આકાશના નીલવર્ણની માફક મીથ્યાજ ઊદય થયો છે કે જેનું ફરીને નહિ સ્ફુરણ થવું એવું જે વિસ્મરણ તેને હું સર્વથી ઊત્તમ માનું છું ॥ ૨૭૦ ॥ આ અહંકારના ભ્રમનો ચિરકાળ સમૂળ ત્યાગથી શાંતરૂપ થઈને હું આત્મસ્વરૂપમાં સ્થિર થાઊં છું ॥ ૨૭૧ ॥ કે જેવી રીતે શરદ રૂતુમાં આકાશ પોતેજ નિર્મળ થઇને પોતાની શોભાંથી પોતેજ નિર્મળ શોભે છે તેમ. ॥ ૨૭૨ ॥ આ ચિત્ત પરમાત્મારૂપી અગ્નિમાં પ્રાપ્ત થઇને પોતાના સંકલ્પ વિકલ્પરૂપી અંગોને બાળીને સોનાંની પેઠે શુદ્ધતા ધારણ કરે છે. ॥ ૨૭૩ ॥ આ મનરૂપી ગહન વન છે તેમાં સકલ્પ વિકલ્પ એ બે વૃક્ષ છે અને તૃષ્ણારૂપી મેદાન—પૃથ્વી વિશે સુખ થી વિકાર કરે છે. ॥ ૨૭૩ ॥ જેને લીધે ભોગ—સંપત્તિ જોઈ એ તે શરીર મ્હારૂંનથી અને 'હું' પણ એનો નથી. એટલા માટે શરીર સુખના લેશનું મ્હારે શું જરૂર છે ॥ ૨૭૫ ॥ જેવી રીતે જ્યાં રાજા પાસે રહે છે ત્યાં ગરીબ લોકો રહી શકતાં નથી તેવીરીતે જ્યાં આત્મા પ્રકાશમાન છે ત્યાં મન, ઇંદ્રીય અને વાસના રહી શકતા નથી. ॥ ૨૭૬ ॥ તે પોતાના આત્માના સ્થાનથી હું નિશ્ચળ થયો છું અને મ્હારી બુદ્ધિ ભિન્ન થઈ ગઇ છે. અને આ ઇંદ્રીય, મન, શરીર અને તેનો પરિવાર એ કાંઇપણ મ્હારૂં સારૂં કરતા નથી. ॥ ૨૭૭ ॥ હવે

મને નિર્મળતા પ્રગટ થઈ છે, આત્મ સત્તાનો ઉદય થયો છે અને હૃદયમાં સત્યતા તથા સર્વજ્ઞતા પ્રાપ્ત થઈ છે. અર્થાત્ સર્વને એકરૂપતા તથા નિર્ભયતા પ્રાપ્ત થએલ છે તેમજ દ્વૈત કલ્પના ક્ષીણ થઇ છે. ॥ ૨૭૮ ॥ આ શાન્તિ આદિ સર્વે સુંદર સ્ત્રીઓ મ્હારા હૃદય મંદિરમાં પ્રકાશ થઈ સ્વસ્થ થઈ છે અને તે પોત પોતાનાં સૌભાગ્યથી મુક્ત છે. તેથી હું કેવો છું કેઃ—સર્વમાં એક આત્મ બુદ્ધિવાળો છું અને આ સર્વે સ્ત્રીઓ મ્હારા હૃદયની પ્યારી—પ્રાણેશ્વરી છે. ॥ ૨૭૯ ॥ એ ઉપરાંત ઉદાલક મુનિ, ઓંકારનાં ધ્યાન અને પ્રાણાયામથી પવિત્ર થઇને સમાધિનાં વિઘ્ન તથા મનની ચંચળતાને દુર કરી આત્મસ્વરૂપનાં સ્ફુરવાથી આત્મસત્તામાં મગ્ન થયો અને જેવી રીતે સુવર્ણનાં બનેલ કડાં આખર સુવર્ણજ બને છે તેવી રીતે સવિકલ્પ સમાધિથી આત્મસ્વરૂપને પ્રાપ્ત થયો. ॥ ૨૮૦ ॥ અને જેવી રીતે સમુદ્રમાં મોજા આદિની શાંતિ થવાથી કેવળ એક સમુદ્રજ સમાન રૂપ થાય છે તેવી રીતે આવા પ્રકારની સવિકલ્પ સમાધિને પ્રાપ્ત થએલ મુનિ, ચિત્તભાવનો ત્યાગ કરી ચૈતન્ય ભાવને પ્રાપ્ત થયો. ॥ ૨૮૧ ॥ એવી રીતે સમાધિના અભ્યાસથી તે મુનિ; પછે નિરવિકલ્પ સમાધિમાં સ્થિત થયો, એક બ્રહ્મ ભાવને પામ્યો અને જેટલી પંચભૂતોની મન—બુદ્ધિ—અહંકારની કલ્પના તથા આત્મા—પરમાત્માના ભેદની કલ્પનાથી તે દુર થયો અને જેમ મહાકાશ થાય છે તેમ શુદ્ધ બોધન પ્રાપ્ત થઈ બ્રહ્મરૂપ થયો. ॥ ૨૮૨ ॥ એ બ્રહ્મ ભાવમાં મુનિ અખંડ આનંદને પામીને જોવાવાળા પુરૂષ અને દૃશ્ય તથા દૃષ્ટિ—એ ભેદથી રહિત અદ્વૈત ભાવને પ્રાપ્ત થયો અને જેમ

અમૃતપૂર્ણ સમુદ્ર થાય છે તેમ બ્રહ્માનંદમાં મગ્ન થયો. ॥ ૨૮૩ ॥ એ મુનિ; સિદ્ધ કરવું અને સાધના, તેથી રહિત આનંદનાં મંદિર રૂપી નિરવિકલ્પ સમાધિમાં, જેમ સૂર્ય ઉત્તરાયણમાં રહે છે તેમ. છ મહીના સુધી સ્થિર રહ્યો. ॥ ૨૮૪ ॥ વળી તે મુનિ, આનંદથી પણ પર એવા આનંદ અને નિરાનંદ, એ બન્નેનું સ્ફુરવું નથી એવાં કેવળ સત્તા માત્ર આત્મરૂપ થયો. ॥ ૨૮૫ ॥ ત્યાર બાદ જેવી રીતે સ્વર્ગ જોવાવાળાના પૃથ્વીના પદાર્થ જોવાને મનમાં ઉદય થતો નથી તેવી રીતે ત્યાં તે દિવ્ય હજાર વર્ષ લગી સ્થિતિ પામીને તે મુનિનું મન ફરી ભોગ વાસનામાં ઉદય થયું નહિ ॥ ૨૮૬ ॥ તે મુનિ ને વખતથી લઇને વ્યવહાર પણ કરે છે તથાપિ ચિત્તથી ચૈતન્ય સત્તામાં સાવધાન રહેવા લાગ્યો. ॥૨૮૭॥ જેવી રીતે સૂર્યનું તેજ તમામ પૃથ્વીમાં એક સમાન થાય છે તેવી રીતે ચૈતન્ય તત્વના એક અભ્યાસથી મહા ચૈતન્યરૂપ થયું છે. ॥ ૨૮૮ ॥ ત્યારે તે મુનિ ક્યાંય પણ આશક્ત થયો નહિ એવી પાંચમી ભૂમિકાથી પદાર્થ કાંઇ પણ ભાસતો નથી. એમ કરતાં તે છઠ્ઠી જ્ઞાન ભૂમિકાને પ્રાપ્ત થયો. ચૈતન્યતત્વની સામાન્ય સત્તાના અભ્યાસથી જેવી રીતે મેરૂપર્વતમાં સુર્યનો અસ્ત–ઉદય થતો નથી તેવી રીતે સત્તાની સામાન્યતાને તે પ્રાપ્ત થયો. ॥ ૨૮૯ ॥

હે રામચંદ્ર! જ્યારે ઉદ્દાલક મુનિની એવી અવસ્થા થઇ ત્યારે હું (વસિષ્ઠ), નારદાદિ મુનિગણ બ્રાહ્મણ, વિષ્ણુ અને ઈશ્વરાદિ તમામ દેવતા ત્યાં ગયા. ॥ ૨૯૦ ॥ હે, રામચંદ્ર! ઉદ્દાલક મુનિ એવી સમ્પૂર્ણ ભયને વિનાશ કરનારી પદવીને પામી જીવનમુક્તિને પ્રાપ્ત થયો. ॥ ૨૯૧ ॥ હે, રામજી! વૈરાગ્યના અભ્યા-

સથી, વેદાંતશાસ્ત્રના અર્થના અભ્યાસથી, શુદ્ધ-બુદ્ધિથી અને ગુરૂ સેવાથી માણસ ઊત્તમપદ પામે છે અથવા એક શુદ્ધ એકાગ્ર બુદ્ધિથીજ ઊત્તમપદ પામે છે. ॥ ૨૯૨ ॥ હે, રામચંદ્ર! વળી બોધથી મુક્ત અને એકાગ્ર તથા નિર્મળ એવી શુદ્ધ-બુદ્ધિ થાયતો વૈરાગ્યાદિ સાધનવિના પણ ઊત્તમપદ પામે છે. ॥૨૯૩ ॥ હે, રામચંદ્ર! એક સમાધિ અને બીજું ચિત્ત, ચંચળ વૃત્તિથી મુક્ત કરવું. એ બન્ને યત્નથી સિદ્ધ કરવા યોગ્ય છે. કેમકે તેથી અંતઃ-કરણમાં શીળતા થાય છે.અને તેથી તપનું ફળ પણ પમાય છે. ॥ ૨૯૪ ॥ હે, રામજી! જેમ ઊન્મત્ત પુરૂષનું નાચવું ઉન્મત્ત પુરૂષ અને લોકોને કાંઇ ચમત્કાર કરતું નથી તેવીજ રીતે વાસના ક્ષિણ થવાથી ચિત્ત પણ વિકારકરતું નથી. ॥ ૨૯૫ ॥ હે, રામચંદ્ર! સમ્પૂર્ણ જીવોને જેમ અંતઃકરણમાં સ્ફુરણ થાય છે તેમ બહાર પણ સ્ફુરણ થાય છે જો અંતઃકરણ તૃષ્ણાના દાહથી તપેલ હોયતો તેને જગત પણ વનની અગ્નિના દાહ માફક થાય છે. ॥ ૨૯૬ ॥ હે, રામ-ચંદ્ર! નક્ષત્રમંડળ, પૃથ્વી, પવન, આકાશ, પર્વત, નદીઓ અને દિશા એ સર્વે અંતઃકરણ તત્વના સ્ફુરવાથી બહાર પણ સ્ફુર્ણાય-માન થાય છે. ॥૨૯૭॥ હે, રામચંદ્ર! સ્વર્ણજટ નામના દેશનો ભીલ જાતીનો એક **સુરઘ** નામનો રાજા હતો તે માંડવ્યરૂષિના પ્રસા-દથી ઘણો જ્ઞાતા હતો. તે રાજાને, તેના એક પ્રીતિપાત્ર **પરિઘ** નામના મુનિ ઘણે વખતે એક દિવસે આવીને મળ્યા અને રાજાને કહેવા લાગ્યા કેઃ—॥ ૨૯૮ ॥ હે, રાજન્! આ સંસારની જાળ, ભારતખંડ ભૂમિમાં જે જે કર્મ કરેલાં હોય તે તે કર્મ સાવધાન ચિત્તવાળા પુરૂષને સુખ કરે છે અને વ્યાકુળ ચિત્તવાળાને દુઃખદે

છે. ॥ ૨૯૯ ॥ હે, રાજન! હું તુંને એક પ્રશ્ન કરૂં છું કેઃ-તું, સંકલ્પથી રહિત. પરમ ઊપશમનાં કલ્યાણને આપવાવાળી અને પરમ વિશ્રામનાં સ્થાનરૂપ એવી સમાધિ હવે તું કરે છે કે નથી કરતો? ॥ ૩૦૦ ॥

ત્યારે રાજાએ કહ્યું કેઃ-હે ભગવાન હું તમને પૂછું છું કેઃ-સર્વ સંકલ્પથી રહિત થવું એ કલ્યાણ કર્ત્તા છે કે સમાધિ ચડાવવી, એ કલ્યાણકારી છે? ॥ ૩૦૧ ॥ કેમકે માર્ગમાં ચાલવાની તથા વ્યવહાર કરવાની સાથે સંકલ્પથી રહિત થવું એ કલ્યાણકારી છે પરન્તુ જો ચિત્ત સાવધાન થાય નહિતો સમાધિ થવું બનતું નથી. એ મ્હારો મત છે. ॥ ૩૦૨ ॥ હે, મુનિ! જેનું ચિત્ત સંકલ્પ રહિત થવાથી સાવધાન છે તે પુરૂષ જગતનાં કાર્યો કરતાં પણ આત્મતત્વમાં નિષ્ઠાવાળા છે અને તે પુરૂષો સદા સમાધિસ્થજ છે. ॥ ૩૦૩ ॥ હે, મહારાજ! જે પુરૂષ પદ્માસન પણ બાંધે, બન્ને હાથોની અંજળી પણ બનાવી રાખે અને પ્રાણ પણ ચડાવે પરન્તુ જેનું ચિત્ત સંકલ્પ રહિત નથી થયું તેની સમાધિ શું કરવાની છે? ॥ ૩૦૪ ॥ હે, મુનિરાજ! જે તત્વનો બોધ છે તેજ સમ્પૂર્ણ વાસનારૂપી તૃણને અગ્નિની માફક નાશ કર્ત્તા છે અને તેનેજ સમાધિ, એવું નામ આપેલું છે બાકી પ્રાણ ચડાવી ચુપ રહેવું એ કાંઈ સમાધિ નથી. ॥ ૩૦૫ ॥ હે, મુને! બુદ્ધિનું સાવધાનપણું વિષયવાસનાથી રહિત થવું અને યથા યોગ્ય તત્વને દેખવાવાળી બુદ્ધિનેજ પંડિત લોકાએ સમાધિ, એવું નામ આપેલું છે. ॥ ૩૦૬ ॥

ત્યાર બાદ પરિઘ મુનિએ કહ્યું કેઃ-હે રાજન! તું, નિશ્ચય

પૂર્વક તત્વજ્ઞાનથી પ્રબોધને પ્રાપ્ત થયો છે, આત્મપદને પામેલો છો અને અંતઃકરણમાં શીતળ થયો છે હવે પૂર્ણિમાના ચંદ્રની માફક તું શોભે છે. ॥ ૩૯૭ ॥

વસિષ્ઠ શ્રી રામચંદ્ર પ્રત્યે કહેવા લાગ્યા કે:-હે, રામચંદ્ર! જેના એજ દીવસ છે, આનંદ આપવાવાળી એજ ક્રીયા છે, જેમાં તત્વવિચાર થાય છે અને હૃદયરૂપી આકાશમાં ચૈતન્યરૂપી ચંદ્રમાની ચાંદની પ્રકાશમાન થાય છે. ॥ ૩૦૮ ॥ હે, રામચંદ્ર! તે પુરૂષ હર હમેશ શોચ કરે છે અને જેનાં જન્મ-મરણરૂપી વનનાં, આત્મારૂપી ઝાડ છે તેને જોઇને અનાદર થાય છે વળી તેવા પુરૂષો મહાપાપથી મુક્ત સમજવા. ॥ ૩૦૯ ॥ હે, રામજી! જેવી રીતે ઉત્તમ વ્હાણની મદદથી અને સારા સુખાણીથી નદી તરી પાર હવા થાય છે તેવી રીતે મહાત્મા પુરૂષોના સત્સંગ એ સંસાર સમુદ્ર તરવાનો મ્હોટી યુક્તિ છે. ॥ ૩૧૦ ॥ હે, રામચંદ્ર! જે દેશમાં; જ્ઞાનરૂપી ફળથી યુક્ત અને આનંદકારી શીતળ છાયા યુક્ત સત્પુરૂષરૂપી મહા વૃક્ષ નથી અર્થાત સત્પુરૂષનો મિલાપ થાય નહિ ત્યાં એક દીવસ પણ રહેવું ઉચિત નથી. ॥ ૩૧૧ ॥ હે, રામચંદ્ર! સંસારમાં મગ્ન થએલ આત્માનો ઉદ્ધાર કરવામાં ધન-મિત્ર, શત્રુ અને બાંધવપણ ઉપકાર કરી શકતા નથી. ॥ ૩૧૨ ॥ હે, રામજી! એક શુદ્ધ થએલ મનરૂપી મિત્ર સદા સહચારી છે તેથી વિચાર કરવાથી આત્માનો ઉદ્ધાર થાય છે. ॥ ૩૧૩ ॥ હે, રામચંદ્ર! આત્મા સર્વ દેવોના ઇશ્વર છે. એટલો માત્ર વિચાર કરવાથી પ્રાપ્ત થાય છે, કેમકે આ શરીર, કાષ્ઠ-લોઢાંના સમાન જડ જાણવું અને આત્મા શરીરથી ભિન્ન ચૈતન્ય-

રૂપ જાણવો. ॥ ૩૧૪ ॥ હે, રામચંદ્ર! એક **ભાસ** નામનો તપસ્વી થએલ છે. તેનો **વિલાસ** નામનો તપસ્વી એક મિત્ર હતો. **વિલાસ** હર હમેશ **ભાસ** તપસ્વીથી મળીને રહેતાં એક વખતે **વિલાસે** કહ્યું કેઃ—॥ ૩૧૫ ॥ હે, ભાસ! તુંને આ જગતમાં આનંદ છે કે નહિ? તારી બુદ્ધિ ચિંતા-જ્વરથી રહિત છે કે નહિ? તું હવે આત્માને જાણે છે કે નહિ? તારી ભણેલી તેમજ અભ્યાસ કરેલી વિદ્યા હવે ફળ આપે છે કે નહિ? અને હવે તું કુશળ છે કે નહિ? ॥ ૩૧૬ ॥

ત્યારે **ભાસે** કહ્યું કેઃ—હે, વિલાસ! હે, સાધો!! આજતલક આવવું મ્હને આનંદદાતા છે, આજ તું મ્હને આનંદથી જોય છે, તું મ્હને માન આપે છે અને તું મ્હારૂં કુશળ-ક્ષેમ પુછે છે પરન્તુ આ સંસારમાં સ્થિર રહેલ મ્હને તું કુશળ કહે છે? ॥ ૩૧૭ ॥ જ્યાં સુધી આત્મા જાણ્યો નહિ અને જ્યાં સુધી ચિત્તની ભૂમિકા ક્ષીણ થએલ નથી ત્યાં સુધી સંસાર તર્યો નથી અને ત્યાં સુધી મ્હને કુશળ કેમ કહે છે? ॥ ૩૧૮ ॥ જેવી રીતે દાતરડાંથી ઝાડ છેદાય છે તેવી રીતે જ્યાં સુધી ચિત્તમાં પ્રગટ થએલ આશા સંપૂર્ણ છેદાય નહિ ત્યાં સુધી મ્હને તું કુશળ શું કહે છે! ॥ ૩૧૯ ॥ જ્યાં સુધી જ્ઞાનનો ઉદય થયો નથી, જ્યાં સુધી સમતા પ્રગટ થઇ નથી અને જ્યાં સુધી આત્મબોધ થયો નથી ત્યાં સુધી મ્હને કુશળ કેમ કહે છે? ॥ ૩૨૦ ॥ હે, રામચંદ્ર! તે બન્ને જણ એ પ્રકારે પરસ્પર કુશળ પ્રશ્ન કરતા હતા અને વખત જતાં તેઓ નિર્મળ જ્ઞાન પામીને મોક્ષને પ્રાપ્ત થયા. ॥ ૩૨૧ ॥ હે, રામચંદ્ર! સંગતિ બે પ્રકારની છે. તેમાં એક મૂઢોથી

મળતી સંગતિ બંધન કરનારી છે અને તત્વવેત્તા પુરૂષોથી પમાતી સંગતિ મોક્ષ આપવાવાળી છે. ॥ ૩૨૨ ॥ હે, રામચંદ્ર! જેનો અંતઃકરણથી પ્રસંગ છે તેનો સંગમ અગ્નિ સમાન દાહ કરવા વાળો છે અને જેનો અંતઃકરણથી પ્રસંગ નથી તેનો સંગમ અમૃતની માફક મોક્ષદાય છે. ॥ ૩૨૩ ॥ હે, રામજી! સર્વે પુરૂષોએ સર્વેની સાથે સર્વત્ર રહેવું અને સર્વ કામ-ભોગ વિશે પ્રીતિવાળું પણ રહેવું પરન્તું મન સર્વથી અસંગ કરવું. ॥ ૩૨૪ ॥ હે, રામચંદ્ર! આ મન ક્યાંય પણ સ્થિર રહેતું નથી. નહિ ચેષ્ટામાં, નહિ ચિંતામાં, નહિ વસ્તુમાં, નહિ આકાશમાં, નહિ પાતાળમાં, નહિ આગળ, નહિ પાછળ, નહિ દિશામાં, નહિ બહારના વિશાળ ભોગોમાં, નહિ ઇંદ્રીઓની વૃત્તિમાં, નહિ બહાર પ્રાણામાં, નહિ કપાળમાં, નહિ તાળુસ્થાનમાં, નહિ ભ્રમધ્યમાં, નહિ નાસાગ્રમાં, નહિ આંખની કીકીમાં, નહિ તારામંડળમાં, નહિ અંધકારમાં, નહિ પ્રકાશમાં, નહિ હૃદયા કાશમાં, નહિ જાગ્રતિમાં, નહિ સ્વપ્નામાં, નહિ સુષુપ્તિમાં, નહિ નિર્મળમાં, નહિ ભોજનમાં, નહિ જળ પાનમાં, નહિ રક્ત--પિત્તાદિકમાં, નહિ ચંચળતામાં, નહિ સ્થિરતામાં, નહિ આદિમાં-મધ્યમાં કે અંતમાં, નહિ દુરમાં, નહિ સમીપમાં, નહિ પદાર્થમાં નહિ બુદ્ધિમાં નહિ શબ્દ—સ્પર્શ—રસ રૂપ ગંધ કે મોહમાં, નહિ આનંદ વૃત્તિમાં, નહિ આગમન ચેષ્ટામાં અને નહિ કલ્પનામાં ક્યાંય પણ સ્થિર રહેતું નથી. ॥ ૩૨૫ ॥ હે, રામચંદ્ર! આ મનનું બળ ચૈતન્ય સત્તામાં આલંબન કરે તો સર્વત્ર રસથી રહિત થતાં આત્માવિશે પ્રીતિવાન થઈને સ્થિર થાય છે. ॥ ૩૨૬ ॥ હે, રામજી! અગંતનું સત્યરૂપ

અને અસત્યરૂપ અંતઃકરણ—ચૈતન્યમાં જણાય છે તેમજ જેવી રીતે સુર્યનો પ્રકાશ થવાથી સર્વત્ર પ્રકાશજ થાય છે તેવી રીતે આત્માનું કેવળ એકરૂપ જ્ઞાન થવાથી સમ્પૂર્ણ આત્મારૂપ જણાય છે. ॥ ૩૨૭ ॥ હે, રામચંદ્ર! અનેક પ્રકારનાં ભૂતોના ભેદનું કારણ અંતઃકરણજ છે અને આત્મા સર્વ વ્યાપી હોવાથી તેનું કારણ છે તથાપિ કારણ નથી કેમકે આત્મા સર્વત્ર સમાન સત્તાવાળો છે. ॥ ૩૨૮ ॥ હે, રામજી! જેનું અંતઃકરણ, ઉપશમ પામેલ છે અને નિરાશતા, ભૂષણ કરી પોતાનું સ્વરૂપ સુશોભિત કરેલ છે તે પુરૂષને સપ્તદ્વિપવાળી પૃથ્વી ગાયની ખરી-સમાન તુચ્છ થાય છે, મેરૂપર્વત માટીના પીંડા તુલ્ય તુચ્છ થાય છે અને દશે દિશાનું મંડળ સંપુટ સદૃશ્ય તુચ્છ થાય છે. ॥ ૩૨૯ ॥ હે, રામચંદ્ર! નિરાશાવાળા ઉત્તમ પુરૂષો; લેવું, દેવું, વિહાર, ઐશ્વર્યાદિક જગત્‌ની ક્રિયાનો પોતાનાં શરીરથી ત્યાગ નથી કરતા. ॥ ૩૩૦ ॥ હે, રામચંદ્ર! આત્મજ્ઞાની પુરૂષ, મુગ્ધા સ્ત્રીનું આલિંગન કરે છે તથાપિ આત્મજ્ઞાનની ઉદારતાથી તેના મનથી ભસ્મની માફક કામદેવનાં બાણ પોતેજ શિથિળ થાય છે. ॥ ૩૩૧ ॥ હે, રામજી! જેવી રીતે વ્યભિચારિણી સ્ત્રી, પરપુરૂષનાં વ્યસનને મનમાં ધારણ કરે છે અને ઘરનાં કામમાં તમામ દીવસ લાગી રહે છે પરન્તુ મનમાં પરપુરૂષથી સંગનો ત્યાગ કરતી નથી તેવી રીતેજ જે પુરૂષ પરમ તત્વમાં વિશ્રામને પ્રાપ્ત થયા છે તે વ્યવહાર કરે છે તથાપિ તેને ઇંદ્રાદિક દેવતા પણ પરમતત્વથી ચલાવવાને સમર્થ થતા નથી. ॥ ૩૩૨ ॥ હે, રામચંદ્ર! કેટલાક પુરૂષ વ્યવહારમાં સ્થિર હોતાં સુંદર વસ્ત્ર પણ પ્હેરેછે પરન્તુ જેનું અંતઃ

કરણ ઉપસમથી શીતળ થએલ છે તે પુરૂષ, લોકોને છીપ્પરૂ સમાન જડ અને મૂઢ જાણે છે. ॥ ૩૩૩ ॥ હે, રામચંદ્ર! તત્વ જાણવાથી જેનો ભોગ–સંપત્તિ સેવન કરેલી છે તે અંતકાલમાં પણ સુખ આપે છે અને તત્વવિચાર વગર સેવેલી ભોગ–સંપત્તિ અંતમાં દુઃખ આપે છે. ॥ ૩૩૪ ॥ હે, રામચંદ્ર! આ સંસાર, સંતજનોની સાથે વિચાર કરવા યોગ્ય છે અને વિચાર કરી જોવા યોગ્ય છે. આ સંસારની વ્યવહાર--ક્રિયાનાં વિચાર કરવાથી સોભા આવે છે અને વિચાર વગર દુઃખ આપે છે. ॥ ૩૩૫ ॥ હે, રામચંદ્ર! આ સંસારના ભોગો, સર્પોની માફક ભય અને મૃત્યુને આપવા વાળા છે અને વિચારથી ભોગવે તો આનંદ આપે છે. જેમ સર્પ, જીવોને ભય આપે છે પરન્તુ ગરૂડ, સર્પોનું ભક્ષણ કરે છે તથાપિ ગરૂડને કાંઇપણ કરી શકતા નથી. ॥ ૩૩૬ ॥ હે રામજી! જો કે સુર્યનું તેજ શીતળ થઈ જાય અને ચંદ્રમાનું મંડળ તપ્ત થઈ જાય તથાપિ ઉપશમવાળા જીવન્મુક્ત પુરૂષને તે, કાંઇપણ આશ્ચર્યમય જ્ઞાન થતું નથી ॥ ૩૩૭ ॥ હે, રામચંદ્ર! જગત્માં જેટલી આશ્ચર્યરૂપ અથવા સાધારણ લીલા થાય છે તે સર્વે પરમાત્માની શક્તિથી સ્ફુરે છે. તત્વ વિચારી પુરૂષ એવું જાણવાથી જોવામાં ઇચ્છા કરતા નથી. ॥ ૩૩૮ ॥

શ્રી રામચંદ્ર, વસિષ્ઠજી પ્રત્યે પ્રશ્ન કર્યો કેઃ–હે ભગવાન્! જેવી રીતે પક્ષીઓ આકાશમાં ઉડે છે તેવી રીતે આ પ્રાણ તથા ઇંદ્રીઓ, શરીરમાં નિરંતર ચાલે છે. તે પ્રાણોનું તથા ઈંદ્રીઆદિકોનું રોકવું કેવી રીતે બને છે? તે તમે, મને કૃપા કરીને કહો. ॥ ૩૩૯ ॥

શ્રી વસિષ્ઠઋષી રામચંદ્રજીને કહે છે કે:—હે રામચંદ્ર! શાસ્ત્રનો વિચાર કરવાથી, તથા સંતજનોનો શતસંગ કરવાથી, તથા વૈરાગ્યના અભ્યાસથી, તથા યોગની યુક્તિથી તથા સંસારની વૃત્તિયોનો વિશ્વાસ ત્યાગ કરવા વિષે અને ઇષ્ટદેવના ધ્યાનથી, અને સર્વત્ર એક આત્માના તત્વને જાણવાથી અને, "પ્રાણાયામના દ્દઢ અભ્યાસથી, પ્રાણનું રોકવું તથા ચાલવું થાય છે. ॥ ૩૪૦ ॥ હે રામ! ઓંકારને સોલ વખત મનમાં બોલવા અને અને ડાબી નાશીકાએ જમણા હાથના અંગુઠાથી બંધ કરવી અને વાયુને ઉંચો ચઢાવવો, એને પુરક પ્રાણાયામ કહે છે અને ઓંકારને ચોસઠ વાર બોલી બન્ને નાશીકાને હાથની આંગળી તથા અંગુઠાથી બંધ કરીને વાયુને ઊંચો ચઢાવી રોકવો એને કુંભક પ્રાણાયામ કહે છે, અને ઓંકારને બત્રીશ વાર મુખથી બોલતા ધીમે ધીમે વાયુને જમણી નાશીકાએથી નીચે ઉતારવો, એનું નામ રેચક પ્રાણાયામ કહેવાય છે એને બમણા ત્રમણા કરીને વધારવા એ પ્રમાણે કરી પ્રાણનું ચાલવું રોકવું થાય છે તેનું નામ શમાધી કહેવાય છે. ॥ ૩૪૧ ॥ છે તેઓના દેવતા બ્રહ્મા—વિષ્ણુ અને રૂદ્ર એ ત્રણ છે. તેજ અવસ્થાં, જાગૃત—સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે. તેમજ ત્રણ પ્રકારનો અભિમાની જીવ છે. વિશ્વ—તૈજસ અને પ્રાજ્ઞ. એ આદિ તેના બીજા પણ ઘણા અર્થ વિચાર—શાસ્ત્રોમાં આચાર્યે લોકોએ કહેલા છે. તેનો યોગ કરવાવાળા પુરૂષે ગુરૂ મુખથી અભ્યાસ કરવો જોઇએ કેમકે વિસ્તારના ભયથી તથા કઠણ બાબત હોવાથી આ વાર્તિક ગ્રંથમાં લખલો નથી. ॥ ૩૪૨ ॥ હે રામચંદ્ર! એવી રીતે પ્રાણને રોકવાના અનેક ઊપાય છે અને તે અનેક આચાર્યોના મુખથી

પ્રગટ થએલા છે. તેનો પોત પોતાની બુદ્ધિબળથી ઉપયોગ કરવાથી પ્રાણનાં મળનનું રૂંધન થાય છે. ॥ ૩૪૩ ॥ હે રામચંદ્ર! યોગની યુક્તિઓ, અભ્યાસથી દૃઢ થઇ તો સંસારને જીતવાનો ઉપાય ઉપલબ્ધ થઇ જાય છે ॥ ૩૪૪ ॥ હે રામજી! તે યુક્તિઓ; અભ્યાસથી દૃઢ થાય, વૈરાગ્યથી મુક્ત થાય અને વાસનાનું રૂંધન થાય તો તેનાં પ્રાણાયામ સુફળ થાય છે. ॥ ૩૪૫ ॥ હે રામચંદ્ર! પ્રાણાયામના અભ્યાસથી પ્રાણના ચાલવાનો ક્ષય થાય છે અને તેમ થવાથી મન પણ શાંત થાય છે. તેથી કેવળ નિર્વાણ માત્ર શેષ રહે છે. ॥ ૩૪૬ ॥ હે રામચંદ્ર! જેણે વિશાળ વિચાર કરેલ છે તેનો, જેમ મંદ મંદ પવન પર્વતોને ચળાયમાન કરી શકતો નથી તેમ, મન તથા ભોગાદિક જે શત્રુઓ છે તે અલ્પ પ્રમાણ પણ ભેદી શકતા નથી. ॥ ૩૪૭ ॥ હે રામજી! સંવર્ત્ત ગીતામાં સંવર્ત્તે કહેલું છે કે:—હે વિશયરૂપી મન! તું તૃષ્ણારૂપી પિશાચચણી તથા કામક્રોધાદિ યક્ષોથી સંયુક્ત છે તેથી મારા આ શરીરરૂપી ઘરથી બહાર નીકળ. ॥ ૩૪૮ ॥ હે મન! તું મોટો ઠગ છે, જડ છે અને પ્રેતરૂપ છે કેમ તુંને મારા શરીરમાંથી બહાર કહાડવાથી મારૂં શરીર રૂપી ઘર હવે વિવેક—સંતોષ અને ધર્માદિક સંત જનોને સેવન કરવા યોગ્ય થએલ છે. ॥ ૩૪૯ ॥ હવે મારૂં મન મરી ગયું છે, ચિંતા પણ વિચાર મંત્રથી મરી ગઇ છે અને અહંકારરૂપી રાક્ષસ પણ મરી ગયો છે હવે હું શમતાને પામ્યો છું તથા હવે હું કેવળ બળથી સ્વસ્થ થઇને રહું છું. ॥ ૩૫૦ ॥ હવે હું એક અદ્વિતીય તથા કૃત કૃત્ય થયો છું, નિત્ય તથા નિર્મળરૂપ થયો છું અને નિર્વિકલ્પ ચૈતન્ય મારૂં નામ છે. એવો જે હું છું તેને

મારા નમસ્કાર છે. ॥ ૩૫૧ ॥ નથી મને આશા, નથી મારે કાંઇ કર્મ, નથી મને સંસાર, નથી મને કર્તભાવ, નથી મને સંદેહ અને નથી મારૂં શરીર; એવો જે હું તેને મારા પોતાનાજ નમસ્કાર છે ॥ ૩૫૨ ॥ હું આ જગત્‌નો આદિ છું, જગતની રચના કરવાવાળો છું, ચૈતન્યરૂપ છું, ચૌદ ભુવન હું છું, મારો અંત ક્યાંય પણ નથી અને હું સર્વત્ર પૂર્ણ થયો છું. એવો જે હું, તેને મારા પોતાનાજ નમસ્કાર છે. ॥ ૩૫૩ ॥ એ પ્રમાણે સંવર્ત્ત ગીતામાં કહેલું છે. હે રામચંદ્ર! વિંધ્યાચળ પર્વત-ના કુંજમાં **વીતહવ્ય** મુનિને વિચાર રહિત ત્રણ સો વર્ષ નિર્વિકલ્પ સમાધિ થઈ તે ઉપરાંત પ્રારબ્ધનાં શેષે કરીને જીવ-ચૈતન્યનો રૂપ થઇને તથા જીવન્મુક્ત દશાએ કરીને કૈલાસ પર્વતમાં કદંબ વૃક્ષને હેઠે સો વર્ષ મુનિ ભાવને પામ્યો. તે પછે સો વર્ષ વિદ્યાધર ભાવ થયો અને તે પછે સત્ય-ત્રેતા-દ્વાપર અને કળિયુગ એ ચારે યુગોનો એક યુગ થયો. ॥ ૩૫૪ ॥ તે મુનિ પાંચ યુગ સુધી ઈંદ્ર ભાવને પ્રાપ્ત થયો. ત્યાર બાદ એક કલ્પ (બ્રહ્માના દિન) સુધી શિવનો ગણ થયો. બાદ સૂર્ય મંડળમાં પ્રવેશ કર્યો અને સૂર્યની આજ્ઞાથી સૂર્યના પિંગળ નામના ગણમાં પ્રવેશ કર્યો એટલે વિલ્લાસ પ્રારબ્ધ શેષથી તથા મનનાં સ્ફુરણથી સમાધિનો અનુભવ કર્યો. ત્યાર બાદ પોતાના નખથી દેહને પીડિત કરવાથી વલી શરીરમાં પ્રવેશ કરી વિંધ્યાચળ પર્વતમાં એક દિનમાત્ર આવી સંપૂર્ણ વિલાસનો અનુભવ કરવા લાગ્યો. ॥ ૩૫૫ ॥ તે મુનિએ ફરીને દીવસના અંતમાં મનનું સમાધાન કરવા એક વિંધ્યાચળ પર્વતની વિશાળ ગુફામાં પ્રવેશ કર્યો. ॥ ૩૫૬ ॥ વળી તે મુનિ, પોતાનાં સ-

માધાનનો ત્યાગ ન કરવાથી ઇંદ્રીય તથા મનથી જે કાંઈ પૂર્વકાળમાં તથા ઉત્તરકાળમાં જોવા લાગ્યો અને પોતાના ચિત્તમાં કલ્પના કરવા લાગ્યો કે: ॥ ૩૫૭ ॥ મેં, ઇંદ્રિના ગણને પહેલેજ હરાવેલ હતો અને હવે તેનો વિસ્તાર થયો તથા ચિંતાથી ફરી ઉદય થયો. તેનો હું હવે પાછો પરિહાર કરૂં છું. ॥ ૩૫૮ ॥ "આ જગત્ છે અથવા નથી" એવી કલ્પનાને કોમળ લતાની માફક તોડવાથી શેષ રહેલ આત્માની સત્તામાત્રમાં સ્થિર થાઉં છું. જેમ અચળ પર્વતનાં શિખ્ખરપર ચડી નિર્ભય થઇને નિવાસ કરાય છે તેમ. ॥ ૩૫૯ ॥ ઉદય થએલમાં અસ્ત થયા જેવી અને અસ્ત થએલમાં ઉદય થયા જેવી સમદૃષ્ટિ થવાથી સમરસના આભાસ યુક્ત સ્વચ્છતાને પ્રાપ્ત થઇ સ્થિર થયો છું ॥ ૩૬૦ ॥ અને જાગૃતિ થવામાં સુષુપ્તિની માફક અને. સુષપ્ત થવામાં જાગૃતિની પેઠે તુરીય પદવીને આલંબન કરીને અચળ થઈ સ્થિર થાઉં છું. ॥ ૩૬૧ ॥ પર્વતની માફક એકાંત સ્થાનમાં અચળ થઈને સ્થિર થાઉં છું, અંતઃકરણથી સર્વત્ર અચળ-સ્થિર થાઉં છું, અને આત્મસત્તાથી સર્વત્ર સમાન સ્થિર થઇને સંદેહ—રોગથી મુક્ત થઇ સ્થિર થાઉં છું. ॥ ૩૬૨ ॥ હે રામચંદ્ર! તે **વીતહવ્ય** મુનિ, એવી રીતે આત્માનાં સમાધાનમાં છ દિવસ રહ્યો અને ત્યાર બાદ ફરી આત્મબોધને પ્રાપ્ત થયો. ॥ ૩૬૩ ॥ વળી તે ફરી જીવન્મુક્ત દશાથી હરહમેશ સ્થિર થયો. પ્રથમની માફક ફરીને ઉદ્વેગને ન પ્રાપ્ત થતાં હર્ષમાં પણ મગ્ન થયો નહિ. ॥ ૩૬૪ ॥ તે **વીતહવ્ય** મુનિને ચાલવાની, બેસવાની અને સ્થિર થવાની, હૃદયની અંદર મન સાથે ચિત્તની કથા થવા લાગી કે:— ॥ ૩૬૫ ॥ હે મન! હે

દુષ્ટ ઇંદ્રીઓના સ્વામિ!! તું હવે જો કે, તું સમ ઉપાયથી આનંદનું વિશાળ સુખ કેવી રીતે પામેલ છો? ॥ ૩૬૬ ॥ હે મન! તે વાસ્તે રાગ રહિત દશાને આલંબી તું પોતેજ તારી ચંચળતાનો ત્યાગ કર. કેમકે ચાલવાવાળી (ઇન્દ્રિ)ઓમાઁ તારો વેગ ઘણો છે. ॥ ૩૬૭॥ અરે આ ઇંદ્રિરૂપી ચોરો! હવે તમારી આશા હણાઈ ગઇ છે અને તમારૂં નામનિશાન પણ રહ્યું નથી. આ આત્મા તમારો હતો નહિ અને તમે પણ આત્માના ન હતા. પરંતુ તમે માત્ર આત્માની ચોરી કરતા હતા પણ હવે આત્માની સાવધાનતાથી તમે વિનાશ પામ્યા છો. ॥ ૩૬૮॥ હે ઈન્દ્રિય ચોરો! હવે તમે ચાલ્યા જાઓ કેમકે તમારી આશા મેં નિષ્ફળ કરેલી છે. તમે ઘણા પાકા આશ્રય વાળો છો પરંતુ હવે આત્માનું ગ્રહણ કરવાને સમર્થ નથી. ॥૩૬૯॥ હે ઇન્દ્રિય ચોરો! પ્રથમ તમને એવી વાસના હતી કે:– "**અમેજ આત્મા છીએ**" પરંતુ 'સીંદરીજ છે' એમ સમજતાં સર્પની ભ્રાન્તિ નાશ થાય છે તેની માફક હવે તમારી તે ભુલ જતી રહી છે. ॥ ૩૭૦ ॥ જેવી રીતે અનિત્ય વસ્તુમાં આત્માની ભાવના થાય છે તેજ અવસ્તુમાં વસ્તુની ભાવના છે. એ સઘળું વિચાર વગર બને છે. હવે તે વિચારથી ક્ષીણ થએલ છે. ॥ ૩૭૧ ॥ હે ઇન્દ્રિય ચોરો! તમારો સ્વભાવ જૂદો છે મારો સ્વભાવ તેથી અળગો છે, બ્રહ્માની પ્રકૃતી વળી ઈલાયદી છે, કર્ત્તાનો ભાવ બીજી રીતનો છે, ભોક્તાની વૃત્તિ વળી તેથી નિરાળી છે અને ગ્રહણ કરવા વાળાના વિચાર તેથી પણ અન્ય માર્ગી છે. આમાં દોષ શું છે? કેવો છે?. કોનો છે? આ સઘળું અજ્ઞાનથી થાય છે. તે તમામ ભ્રમિતાવસ્થા જ્ઞાનથી હવે નષ્ટ થઇ છે. ॥ ૩૭૨ ॥ જેવી રીતે લાકડાં

વનમાં જૂદાં થાય છે, દોરડું-વાંસ અથવા ચાંબડાંનાં થાય છે, વાવ જળની થાય છે પરંતુ તેનું ફળ વૃક્ષોને થાય છે. આ સર્વે સામગ્રી ભિન્ન ભિન્ન છે અને જે ગુણજ્ઞ છે તે તમામ ગુણ-રસને ભોગવે છે. ॥ ૩૭૩ ॥ એવી આ સર્વે સામગ્રી દૈવયોગે મળી જવાથી કાર્ય સિદ્ધ કરે છે તે પ્રમાણેજ 'હું' 'તું' સર્વે જૂદાં જૂદાં છીએ, અજ્ઞાનતાથી 'મારો' 'તારો' સંબંધ થએલો છે. (પણ) તે અજ્ઞાન હવે નાશ પામ્યું છે. ॥ ૩૭૪ ॥ પ્રથમ જે મને સ્વરૂપની વિસ્મૃતિ થઇ હતી તે વિસ્મૃતિ હવે સ્મરણ થઈ છે. સ્વરૂપની સ્મૃતિ હવે પ્રગટ સ્મરણ થઇ છે. ॥ ૩૭૫ ॥ હવે મને જે કાંઇ સત્ય છે તે સત્ય લાગે છે અને જે અસત્ય છે તે સત્ય જણાય છે. અર્થાત્ અસત્ય ભ્રમ ક્ષીણ થઇ સત્ય સ્વરૂપનું સ્મરણ થયું છે. ॥ ૩૭૬ ॥

હે રામચંદ્ર! એવી રીતે તે **વીતહવ્ય** મુનિ, વિચાર કરી ઘણાં વર્ષો સુધી મોક્ષચિંતનમાં રહેવા લાગ્યો. ॥ ૩૭૭ ॥ હે રામજી! **વીતહવ્ય** મુનિની મૂઢતા દુર થઈ, યથાર્થ પદાર્થોમાં દૃષ્ટિ થઇ અને ધ્યાનને અવલંબી, સુખી થઇ નિવાસ કરવા લાગ્યો. ॥ ૩૭૮ ॥ પછે તે મુનિ સર્વનો મનથી ત્યાગ કરી ગ્રહણ કરવાની દૃષ્ટિથી રહિત થયો. ॥ ૩૭૯ ॥ ત્યારબાદ તે મુનિનો વિદેહ મુક્તિના ભાવને પ્રાપ્ત થવાથી જન્મ-કર્મોનો અંત થયો અને સંસારના સંગનો ત્યાગ કરવાની ઇચ્છા થઇ. ॥ ૩૮૦ ॥

હે રામચંદ્ર! એટલું થવાથી તે **વીતહવ્ય** પર્વતની ગુફામાં પદ્માસન બાંધી સ્થિત થઇ પોતાના આત્માને પોતેજ કહેવા લાગ્યો કે:- ॥ ૩૮૧ ॥ હે રામ! હવે તું પોતાના રાગમાત્રનો ત્યાગ

કરી ચાલ્યો જા; હે દ્વેષ ! હવે દ્વેષનો ત્યાગ કરી જા, કેમકે તારાથી મેં સંસારમાં ઘણી ક્રિડાઓ કરી છે; હે ભોગો ! તમને મારા નમસ્કાર છે, કેમકે તમારાથી મેં સંસારમાં ઘણું સુખ ભોગવ્યું છે; હે કર્મ ભોગ સુખ ! તુંને મારા દંડવત્ પ્રણામ છે, કેમકે તારાથી સો ક્રોડ જન્મ સુધી હું પોતાનું સ્વરૂપ ભુલ્યો છું; ॥ ૩૮૩ ॥ હે સંસારનાં દુઃખ ! તુંને તો મારા રામ રામ છે; કેમકે તારાથી મેં સંતાપ પામી આત્માનું સ્વરૂપ ગોતી લીધું છે, એટલા માટે હે દુઃખ ! તેં મને મોક્ષ માર્ગનો ઉપદેશ કર્યો છે, તારૂં નામ દુઃખ છે તેથી તું મારો મિત્ર છે, હે દેહ ! તુંને મારા નમસ્કાર છે, કેમકે જે કારણથી સંસારમાં તારૂં જીવવું સાર રહિત છે જેથીજ પોતાની આત્મા પદવી પામ્યો છું. ॥ ૩૮૩ ॥ હે. શરીરની સ્થિતિ ! તને પણ મારા નમસ્કાર છે, કેમકે હવે હું તારા પ્રસાદથી આત્માની પદવી પામું છું; ॥ ૩૮૪ ॥ પ્રયોજનને આધીન જીવોની ઘણી વિષમ ગતિ છે, સેંકડો વખત જન્મ પામીને પણ શરીરની સાથે તેનો વિયોગ થાય છે. હે મિત્ર ! હે શરીર !! જે કારણને વાસ્તે મેં તારો પણ ત્યાગ કર્યો છે. તું મારો સદાકાળનો બંધુ છે, તેંજ આત્મજ્ઞાનનાં વશીકરણથી પોંતામાં ક્ષીણતા ધારી છે, આત્મજ્ઞાન પામી તેં પોતાનો નાશ કર્યો છે, બીજું શરીર ધારણ કરી તું નષ્ટ થએલ છે, અને તેં. એવું માન રાખી પોતાના નાશનો અંગીકાર કર્યો છે. એટલાવાસ્તેજ તુંને નમસ્કાર છે. ॥ ૩૮૫ ॥ હે તૃષ્ણે ! હું હવે શાંતિને પામ્યો છું, હવે તું એકલી સુકાવા લાગી છે,. હવે તું મને દુઃખ ન આપ, મારા તુંને દંડવત્ પ્રણામ છે, કેમકે હવે હું આત્મપદ પામું છું. ॥ ૩૮૬ ॥ હે કામ ! હે મહારાજ !! હવે

હું તારો પ્રતિપક્ષી થયો છું. એ મારો અપરાધ ક્ષમા કરવા યોગ્ય છે. મારાથી ઉપશમ દોષ થએલ છે. તું મને આજ્ઞા કર, કેમકે હવે હું મંગળપદને પ્રાપ્ત થાઉં છું. ॥ ૩૮૭ ॥ હે તૃષ્ણે! હે માતા!! હવે ચિરકાળથી ચિરંકાળ સુધી આત્મ યોગના દોષથી નિશ્ચય કરી મને તારો નિયોગ થયો છે માટે હવે પાછળના વખતના તુંને પ્રણામ છે. ॥ ૩૮૮ ॥ હે સુકૃત! હે પુણ્ય!! હે દેવ!!! મારા તુંને દંડવત્ પ્રણામ છે કેમકે મને તેં નર્કોમાંથી કહાડી સ્વર્ગયુક્ત કરેલો છે. ॥ ૩૮૯ ॥ હે પાપવૃક્ષ! તુંને પણ મારા નમસ્કાર છે. કારણકે દુષ્ટ-કર્મરૂપી ક્ષેત્રમાં ઉત્પન્ન થએલ છે, નર્કજ તારી ડાળીઓ છે અને નર્ક-પીડા એજ તારા ફલ છે. ॥ ૩૯૦ ॥ હે મોહ!હે મોહ!! તુંને પણ મારા પ્રણામ છે. કેમકે તું આજથી અદૃશ્ય થઈશ, વળી તારાથી મેં ઘણા ઘણા મૂઢમતિઓને ભોગવેલ છે. ॥ ૩૯૧ ॥ હે પથારી! તુંને પણ મારા નમસ્કાર છે કે તેં અંધારી ગુફામાં મને સાય કરી છે. હે ગુરૂ! તુંને પણ મારા દંડવત્ પ્રણામ છે કેમકે તું સમાધિમાં સાહ્યકારી થએલ છે. હે શાંતિ! તુંને પણ નમસ્કાર છે, કારણ કે તું, મને સંસારના માર્ગમાં ખેદયુક્ત અવસ્થામાં વિશ્રામ દેવાવાળી તથા સર્વત્ર સાહ્યકારી થએલ છે. હે ક્ષમા! તુંને પણ મારા પ્રણામ છે, કેમકે તું લોભાદિક દોષોને હરવાવાળી છે તથા સર્વ સંકટોનેલીધે ખેદને પ્રાપ્ત થયો છું, દોષોથી ભાગતો ફરૂં છું અને શોક-નાશને સારૂં તુંનેજ મેં સહાયકારી ગણેલ છે. ॥ ૩૯૨ ॥ હે દંડ-કાષ્ટ! તું, સંકટમાં, ઉંચી નીચી પૃથ્વીમાં અને કુંજોમાં હાથને અવલમ્બ દેવાવાળો છે, તેમજ વૃદ્ધાવસ્થામાં મિત્ર સહાયતા કરવાવાળો છે! વાસ્તે તુંને પણ હું

નમસ્કાર કરૂં છું. ॥ ૩૯૩ ॥ હે શરીર ! તું પણ પોતાનાં હાડ-પિંજર, લોહી, માંસના પીંડા અને આંતરડાંની જાળને લઇને ચાલ્યું જા. ॥ ૩૯૪ ॥ જેનાથી જળને ક્ષોભ થાય છે એવાં ત્રિકાળ સ્નાનને હું નમસ્કાર કરૂં છું તેમજ સંસારના અનેક વ્યવહારોને તથા અગણિત પ્રકારનાં મરણોને પણ હું પ્રણામ કરૂં છું કેમકે તમે સઘળા મારા જુના મિત્ર છો. ॥ ૩૯૫ ॥ હવે પ્રાણ પણ પ્રયાણ કરશે વાસ્તે પ્રાણને પણ પ્રણામ છે કારણ કે તમારી સાથે મેં પણ ઘણી યોનિઓમાં ભ્રમણ કરેલું છે તેમજ પર્વતોના કુંજોમાં લોકાંતરોમાં, દેશાંતરોમાં, નગરોમાં અને અનેક તરેહની માર્ગયાત્રામાં વિશ્રામ કર્યો છે, સ્થિતિ કરેલી છે અને મુસાફરી કરેલ છે. ॥ ૩૯૬ ॥ આ બ્રહ્માંડમાં એવું કાંઇ નથી કે જે મેં તારી સાથે નહિ કરેલું હશે અથવા કરવું બાકી રહ્યું હશે. જવું અથવા ન જવું, દેવું અથવા ન દેવું, આલંબન અથવા નાલંબન, એ સઘળુ મેં તારી સાથે રહી કરેલું છે. હવે તું તારી પોતાની દિશા તરફ જા હું મારી પોતાની દિશા તરફ જાઊં છું કેમકે હવે મારો અને તારો સંબંધ થઇ રહ્યો છે. ॥ ૩૯૭ ॥ જે કાંઇ સંગ્રહ કરેલું છે તેનો ક્ષય થવાંથી અન્તને પ્રાપ્ત થાય છે, ઊંચ પદવી, સંપત્તીની ચડાઇ ઉતરવાથી પાત થઈ અન્તને પામે છે, સંયોગ—ઈષ્ટ મનુષ્યનો સમાગમ—વિયોગે કરી અન્યસ્થ થાય છે. એવી રીતનો આ સંસારનો માર્ગ ક્રમ છે. ૩૯૮ ॥ આ નેત્રોનો પ્રકાશ સૂર્યમંડળમાં ચાલ્યો જાય, નાસિકાની ગંધ લેવાની શક્તિ બની પુષ્પોમાં ચાલી જાય, પ્રાણ-પવનનું ચાલવું વાયુમાં લીન થઇ જાય, કાનના શબ્દો અર્થાત્ શ્રવણશક્તિ આકાશમંડળમાં

ચાલી જાય. ॥ ૩૯૯ ॥ અને મારી જીભની રસ, ગ્રહણ કરવાની શક્તિ ચંદ્રમંડળમાં ભલે ચાલી જાય.

હે રામચંદ્ર! તે ઉપરાંત વીતહવ્ય મુનિ અજ્ઞાનમાત્રનો ત્યાગ કરી સવારના પહોરના આકાશ જેવા નિર્મળ થવા લાગ્યા. ॥ ૪૦૦ ॥ ત્યારે તેને કેવળ પ્રકાશમાન તેજ ભાસવા લાગ્યું. વળી તે મુની ક્ષણવાર તેજને વિચારી તે તેજનાં સ્ફુરણને પણ ત્યાગવા લાગ્યા. ॥ ૪૦૧ ॥ પછે તે મનથી તે અવસ્થાને ઉલ્લંધી ક્ષણમાત્રમાં કાળના કલ્પને પણ ઉલ્લંઘવા લાગ્યા. ત્યાર બાદ માત્ર ચૈતન્યનું સ્ફુરણજ કેવળ રહ્યું. વળી તે શબ્દની પશ્યંતી પદને પ્રાપ્ત કરી સુષુપ્તિની વિદ્વાન. અવસ્થાને પામીને પર્વતની માફક અચળ થયા. ॥ ૪૦૨ ॥ પછે તે તુરીય પદને પામીને આનંદથી રહિત અને આનંદમય થયા, સત્તાથી રહિત અને સત્તામય થયા, કિંચિન્માત્રથી હીન અને કિંચિંમાત્ર થયા, ન પ્રકાશરૂપ કે ન તમોરૂપ થયા, નહિ ચૈતન્યરૂપ અને નહિ અચૈતન્યરૂપ થયા અને વળી વિવિધ પ્રકારજ છે એવી શ્રુતિની નિષેધ પદવી પામીને વાણી અને મનથી અગોચર થયા. ॥ ૪૦૩ ॥ ત્યારે તે સર્વત્ર સમાન, સર્વ વ્યાપી, પરમ પવિત્ર અને સર્વ ભાવોના અંતર્ગત સર્વથી રહિત થયા. ॥ ૪૦૪ ॥ જે શૂન્ય વાદિઓના શૂન્ય છે, બ્રહ્મવેત્તા પુરૂષોનાં બ્રહ્મ છે, વિજ્ઞાન વાદિઓના વિજ્ઞાન છે, સાંખ્ય દૃષ્ટિવાળાઓના પુરૂષ છે, યોગ વાદિઓના ઇશ્વર છે, શિવાદ્વૈત વાદિઓના કાળ, અદ્વૈત શિવ છે, કાળ વાદિઓના કાળ છે, આત્મા વાદિઓના આત્મા છે, અનાત્મ વાદિઓના અનાત્મા છે અને મધ્યમ વાદિઓના મધ્યમ છે. ॥ ૪૦૫ ॥ વળી જે સમચિત્તોના સમરૂપ

છે, જે સર્વ શાસ્ત્રોના સિદ્ધાંત છે, જે સર્વના રૂદયમાં વિરાજમાન છે, જે સર્વ રૂપ છે, સર્વ જગત્ છે, અને જે કાંઇ કહેવામાં તેમજ સાંભળવામાં આવે છે તે સર્વે વીતહવ્ય મુનિ થયા. ॥ ૪૦૬ ॥ વળી જેનાથી કાંઇ પણ ઉત્તમ નથી તેવાં તેજને પણ જે પ્રકાશ કરે છે, અનુભવ માત્રથી જે એક છે અને અનેક રૂપ છે, સર્વ જનોનાં રંજનં કરવાથી અને રંજન નહિ કરવાથી જે રહિત છે, જે સર્વ રૂપ છે અને સર્વ રૂપથી રહિત છે, અર્થાત્ જે જે કાંઈ છે તે તે કાંઇ નથી એવા તે વીતહવ્ય મુનિ થઇ ગયા. ॥ ૪૦૭ ॥ વળી જે જન્મથી અને જગત્‌થી રહિત છે, જે એક છે અને અનેક છે, જે નિર્મળ છે, જે કળા સહિત છે તેમજ આકાશથી પણ નિર્મળ રૂપ છે એવા ઇશ્વરરૂપ ક્ષણમાત્ર કરીને સ્થિર થયા ॥ ૪૦૮ ॥

હે રામચંદ્ર! જે આ સંપૂર્ણ મેં તારે પાસે પહેલું વર્ણન કરેલું છે, હમણાં પણ વર્ણન કરૂં છું અને આગળ પણ વર્ણન કરીશ તે સર્વે; હું જે ત્રિકાળ દર્શી છું તથા ચિરકાળ જીવવાવાળો છું તેથી તેમજ મેં જે કાંઈ વિચારેલું છે જે કાંઈ સર્વે કહેલું છે, કહું છું અને કહીશ. ॥૪૦૯ ॥ હે મહામતે! હે રામજી !! તું આ નિર્મળ દૃષ્ટિ ધારણ કરી જ્ઞાનને પ્રાપ્ત થા કેમકે જ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે, જ્ઞાનથી અજ્ઞાનનો ક્ષય થાય છે, જ્ઞાનથી પરમ સિદ્ધ પમાય છે અને જ્ઞાનથી દુઃખ નષ્ટ થાય છે. બીજી કોઈ રીતે સિદ્ધિ થતી નથી. ॥ ૪૧૦ ॥ હે રામજી! વીતહવ્ય મુનિ જ્ઞાનથી સંપૂર્ણ અજ્ઞાન દશાને દૂર કરી સિદ્ધિને પ્રાપ્ત થયા. ॥૪૧૧॥

ત્યારે શ્રી રામચંદ્રજીએ એવો પ્રશ્ન કર્યો કેઃ—હે બ્રહ્મ વિદાંબર! જીવન્મુક્ત દેહ ધારીઓને આકાશમાં ઉડવા આદિની શક્તિ જોવામાં કેમ નથી આવતી? તે મને કહો. ॥ ૪૧૨ ॥

એટલે **શ્રી વસિષ્ઠજી** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! જે આકાશ ગમનાદિક સિદ્ધિનો સમૂહ છે તે સંપૂર્ણ ક્રિયાનો તથા વસ્તુનો સ્વભાવ છે. વાસ્તે તેને આત્મવેત્તા પુરૂષોએ માનેલ નથી. ॥ ૪૧૩ ॥ હે રામજી! જે આત્મવેત્તા પણ નથી અને મુક્ત પણ થએલ નથી તેવા પુરૂષો દ્રવ્યશક્તિ, કર્મશકિત, ક્રિયાશક્તિ અને કાળશક્તિથી આકાશ ગમનાદિક સિદ્ધિને પ્રાપ્ત થાય છે પરંતુ આત્મવેત્તા પુરૂષ એ સિદ્ધિનો આદર પણ કરતા નથી. ॥ ૪૧૪ ॥ હે રામજી! આત્મવેત્તા પુરૂષોમાં એ વિષય—ભોગ નથી પણ તે આત્મા વિષેજ પ્રીતિવાન રહે છે અને આત્મવિચારથી આત્મજ્ઞાનના સુખમાંજ તૃપ્ત રહે છે. અર્થાત્ તેઓ અવિદ્યાના વિલાસમાં પ્રવૃત્ત થતા નથી. ॥ ૪૧૫ ॥ જેટલા જગત્‌માં યોગ સિદ્ધિ આદિક ભાવો છે તેને તત્વવેત્તા પુરૂષો, અવિદ્યાથી પ્રગટ થએલા સમજે છે. એટલે કે જેણે અવિદ્યાનો ત્યાગ કર્યો છે તથા આત્મવેત્તા છે તેવા પુરૂષો તેમાં પ્રીતિ કેમ કરે? ન કરે. ॥ ૪૧૬ ॥ હે રામચંદ્ર! જો કે; દ્રવ્યની યુક્તિ, દેશની યુક્તિ, ક્રિયાની યુક્તિ આ કાળની યુકિત; એ સર્વ યુકિતઓ ઉત્તમ છે તથાપિ તે પરમ પદની પ્રાપ્તિમાં ઉપયોગી થતી નથી. ॥ ૪૧૭ ॥

વળી **શ્રી રામચંદ્રજી** પૂછવા લાગ્યા કેઃ—હે બ્રહ્મન્! ચિત્તનો અસ્ત થવાથી મૈત્રી-કરૂણાદિક ઉત્તમ ગુણોને અને તેનું સ્ફુરણ કયે પ્રકારે થાય? કેમકે તે સઘળા ચિત્તના ધર્મ છે અને ચિત્ત વિના તેનું સ્ફુરણ શી રીતે થઇ શકે? ॥ ૪૧૮ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજી** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! ચિત્તનો નાશ બે રીતથી થાય છે. એક સ્વરૂપ સહિતથી તથા એક

સ્વરૂપ રહિતથી. તેમાં જીવન્મુક્તને સ્વરૂપ સહિતથી થાય છે અને વિદેહ મુક્તને સ્વરૂપરહિતથી થાય છે. ॥ ૪૧૯ ॥ હે રામજી! જેવી રીતે શ્વાસનો પવન, પર્વતને વિચળિત કરવા સમર્થ નથી તેવીજ રીતે સંસારની સુખ-દુઃખોની દૃષ્ટિ, જે ધીર પુરૂષો સમદષ્ટિથી તથા આત્મચિંતનથી અચળ છે તેને ચળાયમાન કરવા શકતી નથી; અને તેવાજ પુરૂષનાં ચિત્તને અમે લોક નષ્ટ થએલ સમજીએ છીએ. ॥ ૪૨૦ ॥ તે એ છે. એમાં એવા પ્રકારની ચિંતા જે પુરૂષને વ્યાકુળ કરતી નથી તેનાં ચિત્તને અમે નષ્ટ થએલું સમજીએ છીએ. ॥ ૪૨૧ ॥ જે પુરૂષને; આત્માની કૃપણતા, ઉદ્યમ, મદ, ઇર્ષ્યા, હર્ષ, એ સઘળાં ભિન્ન વૃત્તિમય કરી શકતાં નથી તેવા પુરૂષોનાં ચિત્તને અમે નષ્ટ થએલ જાણીએ છીએ. ॥ ૪૨૨ ॥ હે રામચંદ્ર! જીવન્મુક્ત પુરૂષોનો મનોનાશ થવાથી અંતઃકરણરૂપી હિમાળયમાં મૈત્રી આદિ ગુણોની સંપત્તી રૂપી વસંત રૂતુમાં વૃક્ષોનાં નવાં દળોની માફક પોતાની મેળેજ પ્રગટ થાય છે. ॥૪૨૩॥

વળી **શ્રી રામચંદ્ર** કહેવા લાગ્યા કેઃ—હે બ્રહ્મન્! આ સંસાર નામની દુઃખરૂપી લતા, અત્યંત વિસ્તાર સ્વરૂપવાળી છે, એનાં મુળ દૃઢ પ્રગટ થએલ છે, મોહરૂપી જળથી તેનું સિંચન થએલું છે અને તે વૃદ્ધ છે. તેનું બીજ શું છે! તે બીજનું પણ બીજ શું છે! અને બીજનાં બીજનું પણ બીજ શું છે! તે હું ને કહો. ॥ ૪૨૪ ॥

ત્યારે વળી **શ્રી વસિષ્ઠજી** એ ઉત્તર આપ્યો કેઃ—હે રામચંદ્ર! અંતઃકરણમાં લીન થયેલ છે ઉત્પત્તિનો મહારંભ જેને તથા શુભ—અશુભ કર્મ મહા અંકુર છે જેને એવું શરીરજ સંસાર

લતાનું બીજ છે. ॥ ૪૨૫ હે રામજી ! ઊત્તપન્ન થવું તેમજ નાશ થવાની દશાનો ભંડાર છે, દુઃખરૂપી રત્નોનુ સંપુટ છે અને આશાનાં વશપણાંથી પ્રવૃત્ત થાય છે એવું ચિત્ત તે આ શરીરનું બીજ છે. ॥ ૪૨૬ ॥ હે રામજી! આ ચિત્તરૂપી વૃક્ષ કેવું છે કે નાના પ્રકારની વૃત્તિરૂપી લતાને ધરવાવાળું છે અને તેનાં બે બીજ છે. તેમાં એક પ્રાણોનું ચાલવું તથા બીજું દૃઢ ભાવના ॥૪૨૭॥ હે રામચંદ્ર! જે કાળમાં નાડીમાર્ગમાં પ્રાણ નહિ ચાલવાથી સ્ફુરણ થવાનો અભાવ થાય છે અને તેથી ચિત્ત અંદર નથી રહેતું હે રામચંદ્ર ! દૃઢ ભાવનાથી કરીને આદિ-અંતના વિચારના ત્યાગથી પદાર્થનું જે ગ્રહણ કરવું તેને વાસના કહેવાય છે. ॥૪૨૯॥ હે રામજી ! પદાર્થની ભાવનાના તીવ્ર વેગથી વાસનાનો નિરંતર પ્રવાહ થાય છે અને તેથી તેનું સંપૂર્ણ જ્ઞાન ભૂલી જાય છે.॥૪૩૦॥ હે રામજી! આ ચિત્તનાં બે બીજ છે. તેમાં એક પ્રાણોનું ચાલવું અને બીજું વાસના. એ બેમાંથી એક ક્ષીણ થવાથી બન્ને જલદી નષ્ટ થાય છે. ॥ ૪૩૧ ॥ હે રામજી ! વાસનાનાં વશીકરણથી પ્રાણ ચાલે છે અને પ્રાણનાં વશી ભૂતપણાથી વાસના ચાલે છે. એ બન્ને ચિત્તવૃક્ષનાં બીજ તેમજ અંકુર છે. ॥૪૩૨॥ હે રામચંદ્ર! હૃદયમાં અનુભવપણાંના સ્ફુરણને પામીને પ્રાણનું ચાલવું અને વાસના એ બન્ને ઊદય થાય છે. અનુભવપણાંનું સ્ફુરણ એજ એ બન્નેનાં બીજ છે. ॥ ૪૩૩ ॥ અહંભાવનાં સ્ફુરણનો ત્યાગ કરવાથી પ્રાણનું ચાલવું અને વાસના, એ બન્ને મૂળ સહિત નષ્ટ થાય છે. ॥ ૪૩૪ ॥ હે રામજી! અહંભાવંજ સ્ફુરણનું બીજ છે. વાસ્તે જેમ તેલવિના તલ રહી શક્તા નથી તેમ અહંભાવ

વગર સ્ફુરણ થતું નથી. ॥ ૪૩૫ ॥ હે રામચંદ્ર! અહંભાવરૂપી વસ્તુનું અવલંબન જેને નથી તે પુરૂષ સ્ફુરણપણાથી રહિત થએલ છે. તે ગમેતો હજારો કાર્ય કરે તથાપિ તે નિર્વિકારપણાને પામે છે. ॥ ૪૩૬ ॥ હે રામજી! જેનું હૃદય અહંભાવથી કિંચિતમાત્ર પણ લીપાયલું નથી તેનું સ્ફુરવું સત્ય જ્ઞાનરૂપ છે અને તેનેજ જીવનમુક્ત કહેવાય છે. ॥ ૪૩૭ ॥ હે રામચંદ્ર! એ જ્ઞાનનાં સ્ફુરણનું બીજ સત્તામાત્ર ચૈતન્ય કહેલ છે અને જેવી રીતે તેજથી પ્રકાશ થાય છે તેવી રીતે સત્તામાત્ર ચૈતન્યથી જ્ઞાનનું સ્ફુરણ થાય છે. ॥ ૪૩૮ ॥

ફરી શ્રી **રામચંદ્રજીએ** સ્વાલ કર્યો કેઃ-હે બ્રહ્મન! હે મારૂં માન રાખવાવાળા!! આપે મને આજે સર્વે બીજ કહ્યા છે.તેમાં કયા પ્રયોગથી આત્મપદ તુરત પમાય છે? તે હુંને કહો. ॥ ૪૩૯ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** પ્રતિ ઉત્તર આપ્યો કેઃ-હે રામચંદ્ર! કેવળ સત્તામાત્રની કોઠીમાં સ્થિર થવાથી પુરૂષ પ્રયત્ને તથા બળથી વાસનાનો ત્યાગ કરવાથી આત્મપદ જલદી પ્રાપ્ત થાય છે. ॥ ૪૪૦ ॥ હે રામજી! તું જે ક્ષણમાં તત્વજ્ઞાન જાણીને સત્તામાત્રમાં સ્થિતી કરીશ એજ ક્ષણમાં ઉત્તમ પ્રકારથી આત્મપદ પામીશ. ॥ ૪૪૧ ॥ અને સત્તામાત્રનું સ્વરૂપ ઇશ્વરાદિક સવિકલ્પ ચૈતન્યમાં સ્થિતી કરીશ તો ઘણા યત્ન કરેથી પણ આત્મપદને પ્રાપ્ત થઇશ. ॥ ૪૪૨ ॥ હે રામ! સત્તામાત્ર ચૈતન્યનું ધ્યાન કરી રહીશ તો ઘણા યત્નથી ઊંચી આત્મપદવી પામીશ. ॥ ૪૪૩ ॥ હે રામચંદ્ર! વાસનાનો ત્યાગ કરવામાં તું યત્ન કરીશ તો તારી સંપૂર્ણ ચિંતા અને રોગ ક્ષણમાં શિથિળ થઇ જશે. ॥ ૪૪૪ ॥


હે રામજી! પ્રથમ જે યત્ન કહેલ છે તેનાથી આ યત્ન ઘણું મુશ્કીલ છે, કેમકે વાસનાનો ત્યાગ, મેરૂપર્વત ઉપાડવાથી પણ અતિ કઠણ છે. ॥ ૪૪૫ ॥ હે રામજી! જ્યાંસુધી મન લીન થએલું નથી ત્યાંસુધી વાસનાનો ક્ષય થતો નથી અને જ્યાંસુધી વાસના ક્ષીણ થએલ નથી ત્યાંસુધી ચિત્ત ક્ષીણ થતું નથી. ॥ ૪૪૬ ॥ હે રામચંદ્ર! તેમજ જ્યાં સુધી તત્વજ્ઞાન થએલ નથી ત્યાં સુધી ચિત્તની શાંતિ શી રીતે થાય? અને જ્યાં સુધી તત્વજ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી વાસનાનો ક્ષય થતો નથી. ॥ ૪૪૭ ॥ હે રામજી! તત્વજ્ઞાન, મનનો નાશ અને વાસનાનો નાશ; એ ત્રણે પરસ્પર એક બીજાનાં કારણ ભૂત છે અને એ ત્રણે અસાધ્ય એટલે સાધી શકાય તેમ નથી. ॥ ૪૪૮ ॥ હે રામચંદ્ર! તેટલા વાસ્તે વિવેક સહિત પુરૂષ પ્રયત્ન કરીને અને ભોગોની ઈચ્છાનો દૂરથીજ પરિત્યાગ કરીને એ ત્રણેજ સેવવાં યોગ્ય છે. ॥ ૪૪૯ ॥ હે રામજી! એ ત્રણેનો ઉત્તમ પ્રકારથી વારંવાર અભ્યાસ ન કર્યો હોય તો; ઘણાં ઘણાં પ્રયત્નોથી અને અનેક વર્ષોથી પણ પરમ પદની પ્રાપ્તિ થઈ શકતી નથી. ॥ ૪૫૦ ॥ હે રામચંદ્ર! વાસનાનો પરિત્યાગ કરવાથી તત્વવેત્તા પુરૂષ પ્રાણાયામે પણ જાણી શકે છે. એટલે તેનાથી તે પ્રાણાયામ કરે. ॥ ૪૫૧ ॥ હે રામ! વાસનાના પરિત્યાગથી ચિત્ત પોતાના ચિત્તભાવનો ત્યાગ કરે છે તેમજ પ્રાણાયામથી પણ ચિત્ત નાશ થાય છે. વાસ્તે એ બન્નેમાંથી ગમે તે તું કર. ॥ ૪૫૨ ॥ હે રામજી! વ્યવહારમાં અસંગ કરવાથી, સંસારના ભાવનો ત્યાગ કરવાથી અને શરીર નાશવંત છે એમ સમજવાથી વાસનાની પ્રવૃત્તિ થતી નથી. ॥ ૪૫૩ ॥ હે

રામચંદ્ર! જેવી રીતે પવન નહિ ચાલવાથી આકાશમાં ધૂળ ઊડી શકતી નથી તેવીજ રીતે વાસનાનો નાશ થવાથી ચિત્ત પ્રવૃત્ત થતું નથી. ॥ ૪૫૪ ॥ હે રામચંદ્ર! પ્રાણાયામના દૃઢ અભ્યાસની યુક્તિથી, સદ્‌ગુરૂની કૃપાથી અને યુક્તિથી પ્રાણાયામ થાય છે. ॥ ૪૫૫ ॥ હે રામજી! પ્રાણની ચાલ જીતવામાં; બુદ્ધિમાન પુરૂષે અવશ્ય કરી યત્ન કરવું તથા એકાગ્ર ચિત્તથી વારંવાર યત્ન કર્યા કરવું. ॥ ૪૫૬ ॥ અથવા પ્રાણ રોકવાના ક્રમનો ત્યાગ કરીને—જો તુંને રૂચે તો—ગમે તો ચિત્તનેજ રોકી શકે તો તું ઘણા કાળે કરીને ઊચ્ચપદને પ્રાપ્ત થઇશ. ॥ ૪૫૭ ॥ હે રામજી! જેવી રીતે અંકુશ વિના મતવાળો—દુષ્ટ હાથી જીતાઈ શકાતો નથી તેવી રીતે ઉત્તમ યુક્તિ વગર મન જીતાઈ શકાતું નથી. ॥ ૪૫૮ ॥ હે રામચંદ્ર! આત્મજ્ઞાનની પ્રાપ્તિ, સત્પુરૂષોની સંગતિ, વાસનાનો ત્યાગ અને પ્રાણોનું રૂંધન; એ સર્વે યુકિતઓ ચિત્તને જીતવામાં બળવાન છે. જેવી રીતે વરસાદની ધારાથી પૃથ્વીપરની ધૂળ દૂર થાય છે તેવીજ રીતે એ યુકિતથી ચિત્ત જીતી શકાય છે. ॥ ૫૫૯ ॥ હે રામજી! એ યુક્તિઓથી હઠે કરીને તે યુક્તિઓનો ફરી ત્યાગ કરીને તથા અંજનની મુઠીએ કરીને અંધારૂં દુર કરવાની ચાહતા થાય છે. ॥ ૪૬૦ ॥ હે રામજી! જે પુરૂષો, ચિત્તને જીતતા નથી તે પુરૂષો;-યજ્ઞોથી, તપોથી, દાનોથી, તીર્થયાત્રાથી, દેવ પૂજનથી અને એવી એવી અનેક ઊપાધિ-ચિંતાથી વન-મૃગોની માફક વૃથા કાળક્ષેપ કરે છે. ॥ ૪૬૧ ॥ હે રામ! ચાલવામાં, સ્થિરથવામાં જાગવામાં, નિદ્રા કરવામાં જે પુરૂષનું ચિત્ત વિચાર યુક્ત નથી તે પુરૂષને મરી ગયા સમા-

ન સમજવો ॥ ૪૬૨ ॥ હે રામજી! આ જગત શું છે? આ શરીર શું છે! એવી જ્ઞાન દૃષ્ટિ કરીને નિરંતર વિચાર કરવાથી, તું પોતે વિચાર કર અને સંતજનોની સાથે પણ વિચાર કરી જો. ॥ ૪૬૩ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ જ્ઞાનવાન છે તે આનંદે કરીને વીંટાયલો રહે છે, સંસારની મોહ જાળમાં ક્યાંય પણ મગ્ન રહેતો નથી, સદા અસંગ છે અને પોતાના આત્મથી ચક્રવર્તી રાજાની પેઠે સર્વથી ઉપર વિરાજમાન રહે છે. ॥ ૪૬૪ ॥ હે રામજી! જે કોઈ આત્મજ્ઞાની આત્મના પ્રાણ હરવાવાળા છે તેમજ જે કોઇ ધન અને સુખ દેવાવાળો છે તે બન્ને આત્મવેત્તા પુરૂષ પ્રીતીથી મધુર—સમદૃષ્ટિથી જુએ છે. ॥ ૪૬૫ ॥ હે રામજી! તે આત્મવેત્તા પુરૂષ, સંપુર્ણ શુભ અને અશુભ વસ્તુના સમૂહ વિશે સમદર્શી થાય છે, અતઃકરણમાં ઉદારચિત્ત થાય છે અને વ્યાપાર કરવામાં સંસારના ક્રમે કરીને યુક્ત છે પરંતુ અંતદષ્ટિથી કાંઈ પણ કરતો નથી. ॥ ૪૬૬ ॥ હે રામચંદ્ર! જેવી રીતે ક્ષીર સમુદ્ર મંદરાચળ પર્વતથી મથાયલો છે તથાપિ તેણે પોતાની ઊજવળતા અને શ્વેત વર્ણનો ત્યાગ કરેલો નથી તેવી રીતે સંપત્તિ પામે અથવા વિપત્તિ પ્રાપ્ત થાય પરંતુ ઊદાર બુદ્ધિવાળા પુરૂષ સર્વને સ્વપ્ન સમાન જાણીને પોતાના સ્વભાવનો ત્યાગ કરતો નથી. ॥૪૬૭॥ હે રામચંદ્ર! તે પુરૂષ; જેવી રીતે ચંદ્રમા, કળા વધવા અથવા ઘટવાથી નાશ પામતો નથી તેવી રીતે ચક્રવર્ત્તી રાજ્ય પામવાથી, મોટી આપત્તિ પામવાથી, સર્પયોનિ પામવાથી અથવા ઈંદ્ર પદવી પ્રાપ્ત થવાથી પણ હર્ષ રહિત અથવા ખેદ રહિત થતા નથી. ॥૪૬૮॥ હે રામજી! તું પોતાના આત્માને સંપૂર્ણ રીતે શરૂઆતથી રહિત

જાણ, અનેક ભેદોથી રહિત જાણ, શાંતરૂપ સમજ, નાના પ્રકારના કર્મ ફળો સહિત સમજ, વિવિધ પ્રકારના રૂપ—વેસથી રહિત જાણ અને ઉદાર ચિત્ત થા. તેથી કરીને ઉત્તમ દશા કે જે મોક્ષ છે તેને તું પ્રાપ્ત થઈશ. ॥ ૪૬૯ ॥ હે રામચંદ્ર ! જે મેં તુને ઉપશમ રહિત આત્મજ્ઞાન કહ્યું છે તેનાની, કામાદિકાથી રહિત થએલી એવી પ્રકાશમાન બુદ્ધિથી નિર્મળ આત્મા પદને પામીને, શુદ્ધ આત્મા દષ્ટિથી આ સંસારમાં અનેક જન્મ બંધનોથી-તું-બંધાઇશ નહિ. ॥ ૪૭૦ ॥

એવી રીતે શ્રી મોક્ષના ઉપાયવાળું વાસિષ્ટ સારનું વસિષ્ટ અને રામચંદ્રજીના સંવાદરૂપે ઉપશમ નામનું પાંચમું પ્રકરણ સમાપ્ત.



નિર્વાણ પ્રકરણ ૬ ઠું.

શ્રી વાલ્મીક શ્રી ભારદ્વાજ પ્રતિ કહેવા લાગ્યા કેઃ—હે ભારદ્વાજ! ઉપશમ પ્રકરણને ઉપરાન્ત તું છઠું નિર્વાણ પ્રકરણ સાંભળ કેમકે તે જ્ઞાને કરીને નિર્વાણ પદવીને આપવાવાળું છે. ॥ ૧ ॥

ચૌદમે દિવસે સહવારના પહોરમાં સભામાં પ્રાપ્ત થએલા શ્રી રામચંદ્રજીને શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્રજી! હવે તત્વ બોધ વાસ્તે હું, તુંને નિર્વાણ પ્રકરણ કહું છું; હે દુષ્ટ શત્રુઓનો નાશ કરવાવાળા!! તું તે નિર્વાણ પ્રકરણને મન સાવધાન રાખીને શ્રવણ કર. ॥ ૨ ॥ હે રામચંદ્ર! વૈરાગ્યના અભ્યાસને વસ થવાથી, વાસનાનો ત્યાગ કરવાથી તેમજ આત્મ તત્વના બોધથી સંસારરૂપી સમુદ્ર તરી શકાય છે વાસ્તે તું તે ત્રણેનો અભ્યાસ કર. ॥ ૩ ॥ હે રામજી! શરીરમાં; જ્યાં સુધી અહંકાર તથા દશ્ય પદાર્થ—સ્ત્રી—પુત્ર—ધનાદિકમાં, જ્યાં સુધી આત્મ ભાવના છે અને જ્યાં સુધી એ સઘળા પદાર્થોમાં મમતા રહેલી છે ત્યાં સુધી ચિત્તાદિકોનું ભ્રમણ ક્ષીણ થતું નથી. ॥ ૪ ॥ હે રામજી! જ્યાં સુધી તું સર્વથી અધિક આત્મતત્વને પ્રાપ્ત થએલ નથી અને જ્યાં સુધી સત્સંગથી તારી મુર્ખતા નૃષ્ટ થયેલ નથી ત્યાં સુધી ચિત્તાદિકોથી તુંને દીનતા થઇ રહેલ છે. ॥ ૫ ॥ હે રામચંદ્ર! જયાં સુધી આશારૂપી સર્પિણીનાં વિષનો મોહ, હૃદયરૂપી મંદિરમાં છે ત્યાં સુધી વિચારરૂપી ચકોર-પક્ષી-હૃદય

મંદિરમાં પ્રવેશ કરતું નથી. ॥ ૬ ॥ હે રામજી! જે પુરૂષ શરીરાદિકાની સ્તુતિ કરતાં નથી અને વિશ્વાસ પણ કરતાં નથી તેમજ તત્વ વસ્તુને જોતા નથી અને બીજું--સઘળું પણ દૂર—અસત્ય જુએ છે તેનું ચિત્ત લીન થઈ જાય છે. ॥ ૭ ॥ હે રામજી! જે પુરૂષ અંતઃકરણમાં આત્મપરાયણ થાય, છે તથા ચૈત્તન્યરૂપી અગ્નિમાં ત્રૈલોક્યરૂપી તૃણનો હોમ કરે છે એવા મુનિ વૃત્તિવાળા પુરૂષનાં ચિત્તાદિકાનો ભ્રમ નિવૃત્ત થઈ જાય છે. ॥ ૮ ॥ હે રામચંદ્ર! લાકડાં અને ખડ આદિ જે છે તેને કુવાડે કાપીને વારંવાર અગ્નિમાં નાંખવાથી બળતાં છતાં પણ ફરી ઉત્પન્ન થાય છે પરંતુ જ્ઞાનરૂપી અગ્નિમાં દગ્ધ થએલ મન ફરી ઉદય થતું નથી. ॥ ૯ ॥ હે રામચંદ્ર! જે સંસારના વ્યવહારમાં આપણા સાથે શત્રુ ભાવ કરે છે તે આપણાં પાપ હરીને નરકમાંથી તારે છે એમ સમજવું જે પુરૂષ તેવાઓને ઇષ્ટ—મિત્ર જેવા સમજે છે તે ઉત્તમજ કરે છે. ॥ ૧૦ ॥ હે રામજી! જેવી રીતે નદી પોતાના તટપરનાં વૃક્ષોને નિર્મૂળ કરે છે તેવી રીતે જે પુરૂષ સંસારી લોકોની પ્રીતી તથા વેર ને અંતઃકરણથી નીર્મુળ કરે છે, પુરૂષને સર્વ દોષોનો નાશ કરવાવાળો સમજવો ॥ ૧૧ ॥ હે રામજી! જેના શરીરમાં અહંકાર નથી તેની બુદ્ધિ કર્મ કરવામાં લિપ્ત થતી નથી તે પુરૂષ એ સર્વ લોકોને મારે તોપણ હત્યા દોષથી બંધાતો નથી. ॥ ૧૨ ॥ હે રામચંદ્ર! આત્મજ્ઞાનરૂપી શાસ્ત્રના મંત્રને અંતઃકરણમાં ભાવનાથી ધારણ કરવાથી તૃષ્ણારૂપી વિષનો વિષૂચીકા રોગ—જેમ શરદઋતુમાં ઝાકળ ગળી જાય છે તેમ—ક્ષીણ થઇ જાય છે. ॥ ૧૩ ॥ હે રામજી! જે નિરંતર આપત્તિ તથા વિપત્તિ છે; જે બાળકઅવસ્થા, યુવા

વસ્થા, વૃદ્ધાવસ્થા અને મરણની અવસ્થા આદિ જે સંતાપ છે, અને જે અનેક સુખ–દુઃખોની પરંપરાથી મગ્ન થવું એ સર્વેજ અઘોર અજ્ઞાનાનાં અંધારાની વિભૂતિ છે. ॥ ૧૪ હે રામચંદ્ર! એ સર્વેનું મૂળ કારણ અવિદ્યા છે કે જેને પ્રકૃતિ કહેલી છે તે પ્રકૃતિને તું ત્રણ ગુણવાળી સમજ–તે ત્રણ ગુણ હું તુંને. કહું છું તે એ કેઃ– એક સત્વગુણ, બીજો રજોગુણ અને ત્રીજો તમોગુણ એ ત્રણ પ્રકારના ગુણોના ભેદ છે. ॥ ૧૫ ॥ હે રામચંદ્ર! આ અવિદ્યા ગુણ ભેદથી નવ પ્રકારના ભેદવાળી છે. જે કાંઇ આ જોવામાં અને સાંભળવામાં જગત્ છે. તે સર્વે આ અવિદ્યાનોજ વિસ્તાર કરેલો છે. ॥ ૧૬ ॥ હે રામજી! રૂષિ, મુનિ, સિદ્ધ, નાગ, વિદ્યાધર અને દેવતાઓએ સઘળું આ અવિદ્યાના સાત્વિક ભાગ છે. ॥ ૧૭ ॥ હે રામ! અવિદ્યાના સાત્વિક ભાગમાં પણ નાગ અને વિદ્યાધર એ તમો ગુણમાં છે, મુનિ અને સિદ્ધ રજોગુણમાં છે અને શંકરને આદિ લઈને સર્વે દેવતા સત્વ ગુણમાં છે. ॥ ૧૮ ॥ હે રામજી! આ આત્માજ પોતાના સ્વરૂપને જાણવા વગર સંસારમાં ભ્રમણ કર્યા કરે છે અને તેજ આત્મા પોતાનાં સ્વરૂપને જાણે તો સંપૂર્ણ જ્ઞાનની અવધિને પ્રાપ્ત થાય છે. ॥ ૧૯ ॥ હે રામજી! સ્થાવર યોનિ અને પશુ–પક્ષી જે છે તે સર્વે; જડ ધર્મવાળાં છે, સદા સુષુપ્તિપદમાં આરૂઢ થએલ છે, જ્ઞાનથી રહીત છે અને વારંવાર જન્મ પામવાવાળા છે. ॥ ૨૦ ॥ આંહી વાસનાનું બીજ રહેલું છે તેને શુષુપ્તિ સમજવું તથા તે જ્ઞાન અને મોક્ષથી રહિત છે. એજ વાસના નિર્બીજ થાય તો તેને તુરીય કહેવાય છે અને તે મોક્ષની સિદ્ધિને આપે છે. ॥ ૨૧ ॥ હે

રામચંદ્ર! વાસના, અગ્નિ, સ્નેહ શત્રુ અને વિષ એ સર્વે જ્ઞાન તૃણને, અસંગતાને સુજનતાને અને જીવનને સાથે વિરોધ કરે છે વાસ્તે તેનું અલ્પ પ્રમાણ પણ બાકી રહે તોપણ તે બાધા કરે છે માટે તેનો બાકી થોડો ભાગ પણ ન રાખવો. ॥૨૨॥ હે રામજી! જેની વાસનાનું બીજ દગ્ધ થએલ છે તથા સામાન્ય સત્તામાત્ર રૂપ થએલ છે તે પુરૂષ શરીર સહિત હોય યાને શરીર રહિત હોય પરંતુ તે ફરી જન્માદિક દુઃખોનો ભાગીઓ થતો નથી. ॥ ૨૩ ॥ હે રામચંદ્ર! જેવી રીતે બર્ફનો પીંડો સૂર્યના તડકામાં ગળી જાય છે તેવીજ રીતે જ્યારે અવિદ્યા રૂપથી રહિત દેખાય છે ત્યારેજ જલદી તે ગળી જાય છે અર્થાત્ લય પામે છે. ॥૨૪॥ હે રામચંદ્ર! આ શરીર લોહી, માંસ અને હાડકાઓનું યંત્ર બનેલ છે એમાં 'હું' કોણ છું? એવો જ્યારે પોતેજ વિચાર કરે ત્યારે અવિદ્યા તત્ક્ષણજ સર્વ પ્રકારથી ક્ષય પામે છે. ॥ ૨૫ ॥ હે રામજી! આ પ્રપંચ; આદિમાં અને અંતમાં અસત્યરૂપ છે. એવી રીતે સર્વે પ્રપંચોને અસત્ય જાણવાથી જે સત્યરૂપ બાકી રહે તે અવિદ્યા ક્ષય થવાની સાક્ષી ભુત છે. ॥ ૨૬ ॥ હે રામ! એ અવિદ્યાનુ સ્વરૂપ પોત પોતાનાં નામથી તેમજ સ્વભાવથી રહિત સમજે છે જેમકે હે રામજી! જીભના સ્વાદની જીભ વગર બીજા કોઇને તેની પ્રતીત થતી નથી. ॥ ૨૭ ॥ હે રામચંદ્ર! અવિદ્યા તો કાંઇ નથી પણ એ સર્વે એક અખંડ પરબ્રહ્મ છે. જેનાથી સત્ય અને અસત્ય સઘળું વિસ્તાર યુક્ત પ્રકાશ પામે છે. ॥૨૮॥ હે રામજી! ઘટ, પટ, ગાડી, વ્હાણ તેમજ જે કાંઇ જોવામાં આવે છે તે આત્મા નથી પરંતુ સર્વે ભિન્ન ભિન્ન છે. એવું કહેવાથી અવિદ્યા ઊદિત

થાય છે. પણ એવો વિચાર કરે કે આ ઘટપટાદિ સર્વે પરબ્રહ્મ છે છે તો તેથી અવિદ્યાનો નાશ થાય છે. ॥ ૨૯ ॥ હે રામજી! હું તારા પ્રતિ આત્મજ્ઞાન વાસે વારંવાર કહ્યા કરૂં છું કે હે રામ! અભ્યાસ વિના આત્મભાવનાનો ઉદય થતો નથી. ॥ ૩૦ ॥ હે રામચંદ્ર! એ અવિદ્યારૂપી લતા તારા હૃદયરૂપી વૃક્ષમાં આરૂઢ થએલી છે તેને જ્ઞાન તથા અભ્યાસથી વિલાસરૂપી ખડ્ગે પ્રહાર કરી મોક્ષ સિદ્ધિ વાસ્તે છેદન કર. ॥ ૩૧ ॥ હે રામચંદ્ર! જનક રાજા કાંઇ વસ્તુને જાણીને આત્મજ્ઞાનના અભ્યાસમાં તત્પર થઈ જેમ વિહાર કરે છે તેમ તું પણ આત્મજ્ઞાનનાં વિલાસથી વિહાર કર. ॥ ૩૨ ॥ હે રામજી! જે આત્મજ્ઞાનનો નિશ્ચય કરીને વિષ્ણુ અનેક અવતાર લઇ પૃથ્વીમાં વિહાર કરે છે, શ્રી શંકર ગૌરીરૂપી અર્ધાંગનાને ધારણ કરીને આત્મનિશ્ચય કરી વિહાર કરે છે અને જે નિશ્ચય બ્રહ્માને સૃષ્ટિ કરવામાં પણ સ્થિર રાખવો પડે છે તેને તું પણ ધારણ કર. ॥ ૩૩ ॥ જે નિશ્ચય; વિદ્યાવાન બૃહસ્પત્તિને છે, જે દૈત્યગુરૂ શુક્રને છે, જે સદા ભ્રમણ કરતા સુર્યને છે, જે ચંદ્રમાને છે, જે પવન તેમજ અગ્નિને છે, જે નારદ તેમજ પુલસ્ત્ય મુનિને છે, જે મને તેમજ અંગિરા મુનિને છે, જે પ્રચેતા તેમજ ભૃગુને છે, જે ક્રતુ તેમજ અત્રિ તથા સુકજીને છે. ॥ ૩૪ ॥ અને હે રામચંદ્ર! જે નિશ્ચય બીજા રાજ્ય કરતા રાજ ૠષિઓને તથા તપ કરતા બ્રહ્મ ૠષિઓને જીવન્મુક્તનો છે તે નિશ્ચય તું પણ ધારણ કર. ॥ ૩૫ ॥ હે રામજી! જે બ્રહ્મવેત્તા છે તે પણ બ્રહ્મ છે, સર્વ લોક પણ બ્રહ્મ છે, સર્વ ભૂત પણ બ્રહ્મ છે; હું પણ બ્રહ્મ છું, તું પણ બ્રહ્મ છે, અને મારા શત્રુ, મિત્ર અને બાંધવ પણ બ્રહ્મ છે.

॥ ૩૬ ॥ હે રામજી! જેવી રીતે આ જગત્ અંધા માણસને અંધકાર યુક્ત છે અને નેત્રવાળા માણસને સદા પ્રકાશ યુક્ત છે તેવીજ રીતે સર્વે આ જગત્ અજ્ઞાનીને દુઃખમય અને આત્માજ્ઞાનીને સર્વ બ્રહ્માંડ આનંદ મય છે. ॥ ૩૭ ॥ હે રામજી! જેવી રીતે બર્ફ બિંદુ, ઝાકળ, ટીપું, મોજા, લ્હેર અને ફીણ; એ સઘળાં જળથી પ્રગટ થયાં છે તેમજ જળ રૂપ છે તથા જળમાંજ છે, તેવી રીતે જે શરીર છે અને જે ઈંદ્રિઓ છે, જે દેખે છે બાળકપણ આદિ અવસ્થા છે, જે જાગ્રતાદિ અવસ્થા છે, જે ક્ષય તથા વૃદ્ધિ છે, જે જન્મ—મરણ છે, જે જ્ઞાન તથા અજ્ઞાન છે, જે બંધન મોક્ષ છે તે સર્વે બ્રહ્મ રૂપજ અને બ્રહ્મજ છે. ॥ ૩૮ ॥ હે રામજી! જે બ્રહ્મવેત્તા પુરૂષ છે બ્રહ્માને; કર્મથી, કર્ત્તાથી, કરવાથી અને કારણથી સહિત તેમજ નિર્વિકાર અને સ્વયંપ્રકાશ પોતાના આત્માને જાણે છે. ॥ ૩૯ ॥ હે રામજી! લોહી પણ હું છું, માંસ પણ હું છું. હાડકાં પણ હું છું, શરીર પણ હું છું, ચૈતન્યતા પણ હું છું અને બ્રહ્મ પણ હું છું. એજ સત્ય ભાવના છે. ॥ ૪૦ ॥ હે રામચંદ્ર! આકાશ પણ હું છું, સ્વર્ગ પણ હું છું, સૂર્ય—ચંદ્ર—તારાગણ પણ હું છું, દિશા-પૃથ્વી પણ હું છું, અને ઘટપટ સ્વરૂપને આદિ લઇને સર્વે હું—બ્રહ્મ—છું. અને સત્ય ભાવના છે. ॥ ૪૧ ॥ હે રામચંદ્ર! સર્વ સંકલ્પનાં ફળને આપવા વાળો, સર્વ જગતને પ્રકાશ મય કરવાવાળો અને સર્વ ગ્રહણ કરવા યોગ્ય પદાર્થના અવધીના અંતરૂપ એવા ચતન્યરૂપ આત્માની હું ઊપાસના કરૂંછું. ॥ ૪૨ ॥ હે રામજી! વળી તે આત્મા કેવો છે કે:—ચીદાત્મા, સર્વ અવયવોમાં વિશ્રાંત છે, સર્વ અવયવોથી જૂદો છે અને નિરંતર ચૈતન્યરૂપ છે. ॥ ૪૩ ॥ હે

રામજી! ઘટમાં અને પટમાં, તીરમાં અને કૂવામાં સરખો વર્તમાન છે તેમજ જાગ્રતમાં પણ સુષુપ્તિની માફક અચળ છે. ॥ ૪૪ ॥ વળી તે અગ્નિમાં ઉષ્ણ રૂપ છે, બર્ફમાં શીતળ રૂપ છે, અન્નમાં સ્વાદરૂપ છે, અંધારામાં કૃષ્ણરૂપ છે અને ચંદ્રમામાં શ્વેતરૂપ છે. ॥ ૪૫ ॥ હે રામજી! સૂર્યમાં તેજરૂપ છે, અંદર અને બહાર સમાન પ્રકાશરૂપ છે અને જોકે સમીપ છે તો પણ દૂર છે. ॥ ૪૬ ॥ હે રામજી! મધુર આદિક રસોમાં મધુરરૂપ છે અને તીક્ષણ આદિ રસોમાં તીક્ષણ રૂપ છે. અર્થાત્ સર્વે પદાર્થોના સમુહોમાં વ્યાપ્ત છે. ॥ ૪૭ ॥ હે રામજી! જાગ્રતમાં છે, સ્વપ્નમાં સ્થિર છે, તુરીયામાં પણ છે અને તુરીયાથી ઉત્તમ પદમાં પણ છે ટુંકામાં સદા સત્તા રૂપેથી કરીને વ્યાપ્ત છે. ॥ ૪૮ ॥ વળી તે કેવો છે કેઃ- ચીદાત્મા હે જેના સર્વ સંકલ્પ શાંત થયા છે, સર્વ કૌતુકોથી રહીત છે અને સંપૂર્ણ ઉત્પત્તી જેની ગત થએલી છે. ॥ ૪૯ ॥ એટલુંજ નહિ પણ ચીદાત્મા નિષ્કૌતુક છે, નિરારંભ છે, નિશ્ચેષ્ટ છે, નિસ્પૃહ છે, સર્વ ગત છે, નિરાંકાર છે, સર્વ જગત્ના અંતર્ગત છે, અપાર છે, એક રૂપ છે, અમર્યાદ છે, અને ચૈતન્યતાના આરંભ રૂપ છે. ॥ ૫૦ ॥ હે રામચંદ્ર! "આ સર્વ જગત્ હું છું અને એ મારૂં છે. સર્વે એકજરૂપ હું અને તું છીએ વળી આ સર્વ કલ્પના માત્ર છે." એવા વિચાર કરવાવળા મને કૃતકૃત્ય કરે છે. જગત્ ભાવે સ્થિર થઈ નષ્ટ થઇ જાય છે. હું હવે ચિંતાજ્વરથી મુક્ત થયો છું. ॥ ૫૧ ॥ હે રામચંદ્ર! મહાત્મા પુરૂષો જે થયા છે તે એવાજ નિશ્ચયવાન હોઇ મુક્ત થઇ સર્વ વ્યસનોથી મુક્ત થયા છે, સત્ય અને અસત્યરૂપ પદમાં સંશય રહિત થયાં છે તેમજ સમ

સુખમાં સ્થિર થઈ શાંતિ પદને પ્રાપ્ત થયા છે. ॥ ૫૨ ॥ હે રામચંદ્ર ! એ પ્રકારે કરીને પૂર્ણ બુધ્ધિવાળા ધીર પુરૂષ સમદૃષ્ટિ યુક્ત થયા છે, રાગ દ્વેષથી રહિત થયા છે અને જીવિતમાં તથા મરણમાં ભય અને પ્રીતિ તેઓ રાખતા નથી. ॥ ૫૩ ॥ મોહસ્થાનમાં મોહિત થતા નથી, સંપત્તિમાં મગન થતા નથી, શોકમાં રોતા નથી. અને શુભ પ્રાપ્તિમાં હર્ષ કરતા નથી જેમ તું પૂર્ણ ચિત્ત થવાથી પૂર્ણ ચિત્ત થયો છે. ॥૫૪ ॥ હે રામ ! પ્રસંગાનુસાર પ્રાપ્ત થએલે કર્મનેજ કેવળ કરે છે પરન્તુ તેમાં આસક્ત થતા નથી અને આરંભથી રહિત થાય છે તે બીજો જાણે મેરૂપર્વત હોય તેમ દૃઢ અને અચળ ચિત્તવાળા હોય છે. ॥ ૫૫ ॥ હે રામચંદ્ર ! જેવી જ્ઞાનદૃષ્ટિ જનકાદિકાને થએલી છે તેવી જ્ઞાન દૃષ્ટિને તું પામીને, અંહકારથી રહિત થઇને જેવીરીતે વ્યવહારનો ક્રમ હોય તેવી રીતના કર્મને કર અને સુખથી વિહાર કર ॥ ૫૬ ॥

ત્યારે **શ્રીરામચંદ્રજીએ** પ્રશ્ન કર્યો કે:—હે બ્રહ્મન્ ! ઉત્તમ પ્રકારના જ્ઞાન । વિલાસથી અને વાસનાનો લય થવાથી હું હવે જીવન્મુક્ત પદમાં નિશ્ચય રીતે વિશ્રામ થયો છું ॥ ૫૭ ॥ હે ગુરૂજી ! મને એવો સંશય છે કે:—પ્રાણાયામથી વાસનાનો લય થાય છે તેથી જીવન્મુક્ત પદમાં વિશ્રામ કેવી રીતે થાય છે ? તે મને કહો. ॥ ૫૮ ॥

ત્યારે **શ્રીવસિષ્ઠજી** કહેવા લાગ્યા કે:--હે રામચંદ્ર ! કોઇને યોગ અસાધ્ય છે અને કોઇને જ્ઞાનનો નિશ્ચય અસાધ્ય છે. હે સાધુ ! મારો એવો મત છે કે:—પ્રાણાયામના યોગથી નિશ્ચય જ્ઞાન સુખેથી સાધ્ય થઈ શકે છે. ॥ ૫૯ ॥ હે રામજી ! પ્રાણવાયુના અને અપાન-

વાયુના રોકાવાથી, શરીરની દૃઢતાથી તથા અંતઃકરણની એકાગ્રતાથી જે પ્રકારે યોગ પણ અનંત સિદ્ધિ આપે છે તે પ્રકારને પણ તું સાંભળ. ॥ ૬૦ ॥ હે રામચંદ્ર ! મેરૂપર્વતના લાલ મણિનાં શિખરની ઇશાન કોણમાં આમ્ર નામનું કલ્પ વૃક્ષ છે તેને નીચે સુવર્ણમય પૃથ્વી છે તેની દક્ષિણ દિશાની ડાળની કોટરમાં ભુશુંડ નામના કાગડા જાતિમાં ચિરંજીવી પક્ષી ઉત્પન્ન થયા અને તે ત્યાંજ નિવાસ કરવા લાગ્યાં. એવો પક્ષી ભવિષ્યમાં થવાનો પણ નથી. એવા ચિરંજીવીઓનો કથા પ્રસંગ ઈન્દ્ર સભાની અંદર **શાંતવ** મુનિથી સાંભળી હું **કાકભુશુંડ**ના સ્થાનમાં ગયો હુંને **કાકભુશુંડ** ઊઠીને સામો આવ્યો પછે પોતાના સંકલ્પથી પ્રગટ થએલાં બન્ને હાથે કરીને પાદ્ય, અર્ઘ્ય, આસન, ગંધ પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, નીરાજન, પુષ્પાંજળિ, પ્રણામ અને પ્રદક્ષિણાથી પૂજા કરી પોતે દંડવત પ્રણામ કર્યો. બાદ મને કલ્પવૃક્ષનાં દળોપર આસન આપી બેસારી અત્યંત પ્રેમે કરીને મધુર અક્ષરયુક્ત વચન કહેવા લાગ્યો. કાક **ભુશુંડે** કહ્યું કેઃ—હે ભગવન્ ! અહો આનંદ થયો છે. તમે ઘણેજ કાળે મારાપર ઘણો અનુગ્રહ કર્યો છે. દર્શનરૂપી અમૃતનું સિંચન કરીને કલ્પવૃક્ષ સહિત મારાપર અભિષેક કર્યો છે.॥ ૬૧ ॥ પછે તેણે કહ્યું કેઃ—હે **મુને**! મારાં જુના વખતનાં કરેલાં પુણ્યને લીધે તમે અત્રે પધાર્યા છો તો કહો કે આપનું આગમ ક્યાંહાથી થયું છે? ॥ ૬૨ ॥ હે **મુને** ! તમે માનવાલાયક પુરૂષોને માનવા યોગ્ય છો, મહા મોહરૂપી સંસારસાગરમાં ચિરકાળથી વિહાર કરો છો અને તમારાં ચિત્તના સ્વભાવની સ્થિતિ અખંડિત છે. ॥ ૬૩ ॥ **હે મુને!** તમે અત્રે આવવાના કલેશથી શરીરને શા

સારૂં ખેદ આપ્યો છે? હું તમારાં વચન સાંભળવા ચાહું છું અને તમે મને આજ્ઞા કરવા યોગ્ય છો. ॥ ૬૪ ॥ હે મુને! હવે મને તમારાં દર્શનથીજ સર્વજ્ઞતા થઇ છે. તમારાં આવવાનાં પુણ્યથી તમે મને સાવધાન કરેલ છે. ॥ ૬૫ ॥ હે મુને! તમારૂં આવવાનું કારણ હું સમજી ગયો છું, ચિરંજીવિઓની કથા–વાર્ત્તામાં ઘણા વખતથી તમને મારૂં સ્મરણ થએલ છે અને તેજ કારણથી આ મારૂં સ્થાન તમારાં ચરણથી તમે પવિત્ર કર્યું છે. ॥ ૬૬ ॥ હે મુને! જો કે તમારૂં આવવાનું કારણ મેં જાણ્યું છે પરંતુ હવે તમારાં વચનરૂપી અમૃતપાનની વાંછના ઘણી પ્રગટ થઇ છે. ॥ ૬૭ ॥ હે રામચંદ્ર! તે ભુશુંડ કાક ચિરંજીવી ત્રિકાળ–નિર્મળ જ્ઞાનસંયુક્ત મને એવું કહેવા લાગ્યો તેથી મેં ભુશુંડ કાકને વચન કહ્યાં કેઃ– ॥ ૬૮ ॥ હે પક્ષિઓનાં મહારાજ! તમે સત્ય વચન કહેલાં છે, હું તમને આજ જોવા આવ્યો છું, તમે ચિરંજીવી છો. અંતઃકરણના શાંત છો, મને આનંદ થાય છે કે તમને હું કુશળ જોઉં છું, તમે આ સંસારની માયામાં મગ્ન થયા નથી અને સદા સાવધાન છો સંસારની માયા અત્યંત ભયાનક છે અને જન્મ–મરણાદિ ખેદોએ કરીને ખંડિત કરવાવાળી છે. ॥ ૬૯ ॥ હે ભગવન્! તમે મારા આ શંસયનું સત્ય રીતે છેદન કરો કેઃ–તમે કયા કુળમાં જન્મેલા છો અને આવા પૂર્ણ જ્ઞાની કેવી રીતે થયા છો? ॥ ૭૦ ॥ હે ભગવન્! વળી તમારૂં આયુષ્ય કેટલું છે! તમે કેટલાં વૃત્તાંતનાં સ્મરણ કરો છે? કેમકે તમે એવા ચિરંજીવી છે અને તમને આ નિવાસસ્થાન કોણે બતાવ્યું છે? ॥ ૭૧ ॥

ત્યારે ભુશુંડજી કહેવા લાગ્યા કે:—હે મુનિરાજ ! તમે જે પુછો છો તે હું કહું છું. તમે મારી આ કથા સાવધાન થઇ સાંભળો. ॥ ૭૨ ॥ હે મુને ! તમારા જેવા પુરૂષનાં ચરણવિંદ ત્રિ-લોકમાં પુજવાલાયક છે તેનાથી જેમ વાદળાંની ઘટાથી સુર્યનાં કિરણોનો સંતાપ દૂર થાય છે તેમ જે કથા પ્રસંગ શ્રવણ કરે છે તેનાથી સંપૂર્ણ પાપ અને દુઃખનો નાશ થાય છે. હવે મારો જન્મ કહું છું. ॥૭૩॥હે મુનિ મહારાજ ! વિજયા, જયંતી, અપરાજીતા, સિદ્ધા, રક્તા, ઉત્પલા અને અલંબુસાએ શંકરની આઠ યોગીની છે. તે યોગીનીઓ પરમાનંદ સમાધિને વાસ્તે વામમાર્ગથી તુંબરૂ નામના ભૈરવની પૂજા.કરતી 'હતી. પોતાથી થએલ શિવજીના અનાદરનું જે ફલ તેનાથી તેની જ્ઞાનદૃષ્ટિનો પ્રતિબંધ થયા તે અષ્ટ માતૃકા પોતાનો પ્રભાવ બતાવવા વાસ્તે ભોજનાર્થે શંકરને યજ્ઞના બળિપ્રદાનમાં પશુની માફક પાર્વતીને મારીને દેવા લાગી અને વળી ફરી પાર્વતીને સંજીવન કરીને શંકર સાથે તેનો વિવાહ કરવા લાગી. એમ કરીને શિવજીને પ્રસન્ન કરતી હતી તેમાં અલંબુસા નામની યોગિનીનું વાહન જે ચંડકાક તે મદ્યપાન કરવાથી ઊન્મત્ત થઈ જે તેમાં આવેલી સપ્ત બ્રહ્માના રથની હંસની સાથે તેણે સંગ ક્રીડા કરી જેથી તેને એકવીશ (૨૧) પુત્ર ઉત્પન્ન થયા. તે બ્રહ્માણીની આરાધ નાના પ્રસાદથી સર્વે આત્મજ્ઞાનને પ્રાપ્ત થયા. તેઓને તેના પિતા ચંડકાકે સર્વને નિવાસસ્થાન બતાવ્યું ને સર્વે ચિરંજીવી થયા તેમજ પરમ પદને પામ્યા. તે એકવીશ ભાઇઓમાં હું ભુશુંડ કાક નામે છું, પરમેશ્વરની કૃપાથી અત્યંત ચિરંજીવી છું, જીવન્મુક્ત છું, ભયનો

નિમિત્ત પ્રાપ્ત થવાથી હું પણ ભય રહિત છું, જગત્‌ની માયાને દેખું પણ છું, પિતાએ બતાવેલ કલ્પવૃક્ષની લતામંદીરમાં નિવાસ કરૂં છું. અને કાલક્ષેપ કરી આનંદથી રહુ છું. ॥ ૭૪ ॥ હે મુને! આ જેવી રીતે મંદરાચળ પર્વતના ભ્રમણથી ક્ષીરસાગર ક્ષીરની લ્હેરોથી પૂર્ણ થએલ છે તેવી રીતે તમારા આવવાથી હવે હું આનંદથી પૂર્ણ મગ્ન થયો છું. ॥ ૭૫ ॥ હે મુને! આનાથી વધારે હું મારૂં પોતાનું કુશળ બીજા કોઇથી માનતો નથી. સંપૂર્ણ ભોગ વાસનાનો ત્યાગ કરવાવાળા સંતજનોનો સમાગમ જે છે તેજ પરમ લાભ છે. ॥ ૭૬ ॥ હે મુને મહારાજ! આ સંસારના ભોગ ક્ષણભંગુર છે. તેનાથી શું પ્રાપ્ત થાય છે? કાંઇજ નહી. પરંતુ સત્સંગરૂપી ચિંતામણિથી સર્વના સંસારરૂપ પરમાનંદ પ્રાપ્ત થાય છે. ॥ ૭૭ ॥ હે મુને! તમે; સ્નેહયુક્ત, ગંભીર, મનને હરવાવાળા, મધુર ઉદાર, ધીર અને ત્રૈલોક્યરૂપી કમળમાં એક ભ્રમરની માફક વિહાર કરવાવાળા છો. ॥ ૭૮ ॥ હે બ્રહ્મન્! જો કે મને પરમાત્માનું તત્વ પ્રાપ્ત થયું છે તથાપિ તમારા દર્શનથી મારાં અશુભ કર્મ શાન્ત થયાં છે અને આજ મારો જન્મ સફળ થયો છે. હે સાધો! સંતજનોનો સમાગમ સંસારના સંપૂર્ણ ભયને શાન્ત કરે છે. ॥ ૭૯ ॥ હવે હું મારૂં વૃત્તાંત કહુ છું. હે બ્રહ્મન્! અનેક ઘોર યુગોનો ઉલટપુલટ થાય છે તેમજ પવન પણ ઘોર પ્રચલ કરવાવાળા ઘણા છે તોપણ આ મારા નિવાસ સ્થાનનું કલ્પ વૃક્ષ સ્થિર રહે છે અને ક્યારે પણ કંપાયમાન થતું નથી. ॥ ૮૦ ॥ આ જે કલ્પ વૃક્ષ છે તે બીજા લોકોમાં રહેવાવાળા સર્વ પ્રાણિઓને અગમ્ય છે તે કારણથી હુંજ ઇહાં એકાંતમાં સુખથી નિવાસ

કરૂ છું. ॥ ૮૧ ॥ આવા ઊત્તમ કલ્પ વૃક્ષમાં નિવાસ કરવાથી મને સંસારની આપત્તિ બિલકુલ નથી–હે મુને! શ્રેષ્ટ ચિત્તની વ્યાકુળતાથી આપત્તિ પ્રાપ્ત થાય છે. ॥ ૮૨ ॥ હે મુનિરાજ! જ્યારે બ્રહ્માજીનો દિવસ સમાપ્ત થાય છે ત્યારે કલ્પના અંતમાં ત્રિલોકનો પ્રલય થાય છે ત્યારેજ જેવી રીતે કૃતઘ્ન પુરૂષ ઊત્તમ મિત્રનો ત્યાગ કરે છે તેવી રીતે હું આ કલ્પ વૃક્ષનો ત્યાગ કરૂં છું. ॥૮૩॥ ત્યારે હું; સંપૂર્ણ કલ્પનાનો ત્યાગ કરી કેવળ આકાશમાં રહું છું, માયાના સંપૂર્ણ ધર્મોને જીતી લઊં છું અને વાસના રહિત થઈ મન અચળ રાખું છું. ॥ ૮૪ ॥ હે મુને! જ્યારે પ્રલય કરવા વાસ્તે બારે સૂર્ય પ્રચંડ ઊદય થાય છે ત્યારે હું યોગ સાધનાથી વારૂણી જળની ધ્યાન-ધારણાથી શીતળ થઈ રહું છું. ॥ ૮૫ ॥ હે મુને! જ્યારે જગત્‌ને ઊલટપાલટ કરવાં વાસ્તે પ્રલય કાળનો પવન પ્રચંડ વાય છે ત્યારે હું પર્વતોની ધારણા કરીને અચળ રહું છું. ॥ ૮૬ ॥ હે મુને! જ્યારે મેરૂપર્વત આદિ જગત્ સાત સમુદ્રનાં એકત્ર થએલ જળમાં ગળિ જાય છે ત્યારે હું પવનની ધ્યાન–ધારણા કરીને પવનરૂપ થઇ જાઊં છું ॥ ૮૭ ॥ હે મુને! જ્યારે બ્રહ્માના દિનાંતમાં બ્રહ્માંડનો પ્રલય થાય છે ત્યારે હું સુષુપ્તિ અવસ્થાની અચળ ધારણાએ કરીને આનંદમય થાઊં છું ॥૮૮॥ હે મુનિરાજ! અને જ્યારે બ્રહ્મા બીજા કલ્પની આદિમાં ફરીથી સૃષ્ટિ કરે છે ત્યારે મારા સંકલ્પથી આ પર્વતનાં શિખરમાં ફરી આજ કલ્પવૃક્ષ મારા નિવાસ વાસ્તે પ્રગટ થાય છે. ॥ ૮૯ ॥ હે મુને! જગત્‌નું જે વૃત્તાંત મને સ્મરણમાં છે તે મારાથી તમે સાંભળો. આ પૃથ્વીમાં કેવળ હું મોટાં ભારે વૃક્ષો અને મોટી શિલાથી

પૂર્ણ તૃણ—વૃક્ષોવાળાં વન—પર્વતથી રહિત પૃથ્વીનું સ્મરણ કરૂં છું. ॥ ૯૦ ॥ હે મુને ! દસ હજાર અને દસ સો વર્ષ સુધી કેવળ ભસ્મથી પૂર્ણ આ પૃથ્વીનું હું સ્મરણ કરૂં છું. ॥ ૯૧ ॥ દશ હજાર વર્ષસુધી મૃત થએલ દૈત્યોનાં હાડકાંથી પૂર્ણ થએલ પૃથ્વીનું સ્મરણ કરૂં છું. ॥ ૯૨ ॥ એ રીતે ચાર યુગનાં વર્ષ સુધી ઘણા પર્વતોથી પૂર્ણ થએલ પણ લોકોના સંચારથી રહિત આ પૃથ્વીનું સ્મરણ કરૂં છું. ॥ ૯૩ ॥ હે મુને ! દક્ષિણ દિશાનું અગસ્ત્ય મુનિ વિના સ્મરણ કરૂં છું તથા એક વિંધ્યાચળ પર્વતથી નક્ષત્ર મંડળ સુધી પૂર્ણ થએલ જગતૂનું સ્મરણ કરૂં છું. ॥૯૪॥ હે મુનિ મહારાજ! એક જગત્‌ની સૃષ્ટિને પુરૂષોથી અને અસુરોથી રહિત પણ કેવળ દેવતા મયીનુંજ સ્મરણ કરૂં છું. ॥ ૯૫ ॥ હે મુને! એક જગત્‌ના સર્ગને સુરાપાન કરવાવાળા મદોન્મત્ત તેમજ શુદ્રોથી પણ નિષિદ્ધ એવા બ્રાહ્મણોથી પણ સંયુક્ત તથા ઘણા નાથ (મુખી) વાળા અને ધર્મ મર્યાદાથી રહિતનું સ્મરણ કરૂં છું. ॥ ૯૬ ॥ હે મુને ! એક જગત્‌ના સર્ગને વૃક્ષોથી નિરંતર પૂર્ણ થએલ પૃથ્વીવાળાને અને સમુદ્રની કલ્પનાથી રહિતને તથા જેમાં પોતે પોતાની મેળે ઉત્પન્ન થએલ પુરૂષો છે એવી પૃથ્વીનું સ્મરણ કરૂં છું. ॥ ૯૭ ॥ હે મુને! કોઈક સર્ગમાં પર્વત અને પૃથ્વીથી રહિત તથા આકાશમાંજ દેવતા અને મનુષ્ય સ્થિર રહે છે તથા ચંદ્રમા સૂર્યના પ્રકાશથી રહિત તેમજ પોતે પોતાની મેળે પ્રકાશ થએલાનું સ્મરણ કરૂં છું. ॥ ૯૮॥ હે મુને ! કોઇક સર્ગ; ઇંદ્ર વિના, રાજા લોક વગર અને ઉત્તમ-મધ્યમ ભેદ વિના સ્મરણ કરૂં છું. ॥ ૯૯ ॥ હે બ્રહ્મન્ ! વિષ્ણુના હંસ વાહનને યાદ કરૂં છું, બ્રહ્માના ગરૂડ વાહનને યાદ કરૂં છું, શંકરના

ગરૂડ અને હંસ વાહનને પણ યાદ કરૂં છું અને બ્રહ્મા—વિષ્ણુના વૃષભ વાહનને યાદ કરૂં છું. ॥ ૧૦૦ ॥ હે મુને! હે વસિષ્ઠજી!! હવે તમે બ્રહ્માના પુત્ર છો. પૂર્વ કાળમાં અષ્ટમ સર્ગમાં તમે મને મળેલા છો. હવે હું તમારા આઠ જન્મને યાદ કરૂં છું. કોઇ સર્ગમાં તમે આકાશથી ઉત્પન્ન થાઓ છો, કોઈમાં જળથી ઉત્પન્ન થાઓ છો, કોઇમાં પવનથી ઉત્પન્ન થાઓ છો, કોઇમાં પર્વતથી ઉત્પન્ન થાઓ છો અને કોઈમાં અગ્નિથી ઉત્પન્ન થાઓ છો. ॥ ૧૦૧ ॥ હે મુને! આ પૃથ્વિ, પાંચ પૂર્વ સૃષ્ટિમાં સમુદ્રમાંથી કૂર્મરૂપા ભગવાનજીએ પાંચ વાર કાડી છે. તે મેં જોઇ છે. ॥ ૧૦૨ ॥ હે મુને! આ સમુદ્રને, સંપૂર્ણ ઔષધીનો રસ પામીને દેવતા તથા અસુરોને પાંચ વાર મંથન કરતાં મેં જોયા છે. ॥૧૦૩॥ હે મુને! હિરણ્યાક્ષ અસુરને આ પૃથ્વિ ત્રણવાર પાતાળમાં લઇ જતાં મેં જોયો છે. ॥ ૧૦૪ ॥ હે મુનિ માહારાજ! શ્રી વિષ્ણુ ભગવાન્, જમદગ્નિથી રેણુકાના પુત્ર થઇને મારા દેખતાંજ છઠ્ઠીવાર ક્ષત્રિઓનો ક્ષય કરેલ છે. ॥ ૧૦૫ ॥ હે મુને! એકસો કળિયુગોમાં વિષ્ણુના બૌદ્ધાવતાર સો વાર મેં જોયા છે. ॥ ૧૦૬ ॥ હે મુને! ત્રીસ વાર ત્રિપુરાસુરોનો ક્ષય, બે વાર દક્ષના યજ્ઞનો નાશ. અને દશ વાર શંકરથી ઇંદ્રનો વિનાશ થતાં મેં જોએલ છે. ॥ ૧૦૭ ॥ હે મુને! જેમાં પરસ્પર જ્વરોનું યુદ્ધ થએલ છે, એવો શંકર અને વિષ્ણુનો અંદર અંદર બાણાસુર માટે સંગ્રામ થતાં મેં આઠવાર દેખેલ છે. ॥ ૧૦૮ ॥ હે મુને! યુગોના પ્રલયથી ઉલટપાલટ થએલ છે અને તેથી પુરૂષોની બુદ્ધિ ન્યુન—અધિક થવાથી ક્રિયા કાંડના અનેક ભેદોએ કરીને વેદોની ઉલટાપલટી મેં જોઇછે. ॥૧૦૯॥

હે મુને ! આ રામાયણ નામનો ઇતિહાસ; સો લાખ વાર જ્ઞાન શાસ્ત્રનું હું સ્મરણ કરૂં છું કે જેની અંદર જ્ઞાન, હાથમાં ફળની માફક અર્પણ કરેલું છે તેમાં રામચંદ્રજીની માફક વ્યવહાર કરવો અને રાવણની પેઠે વ્યવહાર ન કરવો એ સઘળું વાલ્મીકિ મુનિએ પ્રથમ રચી મુકયું છે, આગળ પાછું પણ રચસે અને વળી ફરી બનાવશે. તેને તમે તત્વ કરી જાણશો. ॥ ૧૧૦ ॥ હે મુને ! વાલ્મીકિ નામનો જીવ અથવા બીજો કોઇ વાલ્મીકિય રામાયણ હવે વારંવાર કરે છે, તે ભૂલી જાય છે વળી ફરી તે રચાવે છે. જાણે કે કદાચ આગળનોજ બનાવેલો મળી જાતો હોયની. ॥ ૧૧૧ ॥ હે મુનિરાજ ! આ મહા રામાયણની તુલ્ય બીજો મહાભારત નામનો ઇતિહાસ વ્યાસ નામના જીવને અથવા બીજા કોઈ જીવને પ્રથમનો વિસ્મરણ થએલો સાતમી વાર ફરી રચે છે. ॥ ૧૧૨ ॥ હે મુને ! શ્રી રામચંદ્ર નામનો વિષ્ણુનો અવતાર રાક્ષસોના ક્ષયને વાસ્તે હવે અગીઆરમી વાર જન્મ લેશે. ॥ ૧૧૩ ॥ હે બ્રહ્મન્ ! વિષ્ણુ ભગવાન્ નૃસિંહરૂપ ધારણ કરીને ત્રૈલોક્યને પીડા કરવાવાળો હિરણ્ય કશ્યપુ દૈત્યને જેમ સિંહ મદવાળા હથીને મારે છે તેમ આ ત્રીજીવાર મારવા લાગ્યા. ॥ ૧૧૪ ॥ હે મુને ! પૃથ્વિનો ભાર હરવા વાસ્તે વસુદેવને ઘેર વિષ્ણુનો હવે સોળ (૧૬) મો જન્મ થાશે. ॥ ૧૧૫ ॥ હે મુને ! આ જગત્‌ની ભ્રાંતી સાચી કદાચિત્ પણ નથી ને જે કદાચિત્ દેખાય છે તે પણ જળના પરપોટાની માફક મિથ્યાજ જણાય છે. ॥ ૧૧૬ ॥ હે બ્રહ્મન્ ! સો વાર સ્ત્રી ભાવને પ્રાપ્ત થએલા પુરૂષોને યાદ કરૂં છું, કળિયુગમાં સત્યયુગના આચારને યાદ કરૂં છું અને સત્ય યુગમાં કળિયુગના

આચારને યાદ કરૂં છું. ॥ ૧૧૭ ॥ હે બ્રહ્મન્! કેટલાક સર્ગ વેદોથી રહિત અને વેદોના અર્થોથી રહિત પોતાની ઇચ્છાથી વર્તમાન થએલાને યાદ કરૂં છું. ॥ ૧૧૮ ॥ હે બ્રહ્મન્! કેટલાક સર્ગ મનના મનન વ્યાપારથી ઉત્પન્ન થએલાને યાદ કરૂં છું અને પૃથ્વિના વિકારથી રહિત થઈ પવનરૂપ થએલા એવા દશ સર્ગોને યાદ કરૂં છું. ॥ ૧૧૯ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** પ્રશ્ન કર્યો કે:—હે પક્ષિરાજ! તમારા જેવા પુરૂષ ત્રૈલોક્યમાં વિચર્યા કરે છે અને લોક વ્યવહાર પણ કરે છે છતાં તમને મૃત્યુ બાધા કેમ કરી શકતું નથી? ॥ ૧૨૦ ॥

ભુશંડ કાંક પ્રતિઉત્તર આપ્યો કે:—હે મુનિ મહારાજ! તમે સર્વજ્ઞ છો, જાણો પણ છો અને જીજ્ઞાસુ જેવા થઈ મને પૂછો પણ છો. આ સર્વે હું સમજું છું. શું સ્વામી થાય છે તે પોતાના સેવકોને જાણી કરીને પણ બોલવામાં પ્રીતિ યુક્તથી બાળક સમજે છે? ॥ ૧૨૧ ॥ તો હે મહાપ્રભો! જે તમે પૂછો છો તે હું તમને પ્રગટ કહું છું કેમકે સત્તપુરૂષોની આજ્ઞા પાળવી એજ તેની આરાધના છે. ॥ ૧૨૨ ॥ હે પ્રભો! વાસનારૂપી સૂત્રની દોરી દોષરૂપી મુક્તા-મણિયુક્ત છે તે જેના હૃદયમાં ગ્રથિત થએલી નથી તેને મૃત્યુ બાધા કરતું નથી. ॥ ૧૨૩ ॥ હે બ્રહ્મન્! જે માનસીક ચિંતા છે તે શ્વાસરૂપી વૃક્ષ છેદવાનું શસ્ત્ર છે અને શરીર બંધનની લતાની દોરી છે તે જેનો ભેદ કરી શક્તી નથી તેને મૃત્યુ બાધ કરી શકતું નથી. ॥ ૧૨૪ ॥ હે પ્રભો! આ આશા કેવી છે કે શરીરરૂપી વૃક્ષ ઉપર સર્પના સમુહ પેઠે ચડેલી છે અને તે ચિંતારૂપી ચિર-ફણાવાળી છે તે જેનાં ચિત્તનો દાહ કરતી નથી તેને

મૃત્યુ બાધ કરી શકતું નથી. ॥ ૧૨૫ ॥ હે મુનિ મહારાજ ! આ લોભરૂપી અજગર કે જેનાં રાગ અને દ્વેષ એવાં બે વિષ છે તેમજ પોતાનાં મનરૂપી છિદ્ર જેનું મંદીર છે તે જેનું ભક્ષણ કરતો નથી તેને મૃત્યુ બાધ કરી શકતું નથી. ॥ ૧૨૬ ॥ હે વિભો ! આ લોભ-રૂપી અગ્નિ કેવો છે કે વિવેકરૂપી સંપૂર્ણ જળનું પાન કરે છે અને શરીર સમુદ્રનો વડવાનળ છે તે જેનો દાહ નથી કરતો તેને મૃત્યુ બાધ કરી શકતું નથી. ॥ ૧૨૭ ॥ હે મુને ! અને જેનું ચિત્ત એક નિર્મળ અને પરમપવિત્ર આત્મપદમાં વિશ્રાંત થએલ છે તેને મૃત્યુ બાધ કરતું નથી. ॥ ૧૨૮ ॥ હે પ્રભો ! આ જગત્; સુર—અસુર સહિત, ગંધર્વ—વિદ્યાધર—કિન્નર સહિત અને મનુષ્ય—સ્ત્રી ગણ સહિત છે એમાં શુભ કર્મ કરવાવાળા તેમજ સ્થિર કાંઇ નથી. ॥ ૧૨૯ ॥ વૃક્ષ સહિત પર્વત અને નગર સહિત રાજા છે તે તથા—॥ ૧૩૦ ॥ નાગ અને અસુર સમૂહ તેની સ્ત્રી સહિત છે તે વળી પાતાળ સહિત આ પ્રપંચમાં સુંદર તેમજ સ્થિર કાંઇ નથી. ॥ ૧૩૧ ॥ હે મુને ! આ જગત્, ક્રિયા—ચિંતા—રોગ સહિત છે, દુઃખ સમૂહ સંયુક્ત છે અને નિત્ય તુચ્છ છે એમાં શુભ અને સ્થિર કાંઇ પણ નથી. ॥ ૧૩૨ ॥ હે મુને ! પૃથ્વીનું એક ચક્રવર્તી રાજ્ય શ્રેષ્ઠ નથી, પારકી કથા પ્રસં-ગનું વર્ણન પણ શ્રેષ્ઠ નથી અને પારકાં કાર્યના વિવેકનું વર્ણન પણ શ્રેષ્ઠ નથી. હે મુને ! એટલામાટે ચિરંજીવી થવું એ પણ શ્રેષ્ઠ નથી. ॥ ૧૩૩ ॥ હે મુનિરાજ ! માનસી ચિંતા તથા રોગયુક્ત ચિરંજીવીતા સારી નથી, મરણ પણ સારૂં નથી, દૃઢ મૂઢતા "પણ સારી નથી અને નરકની વિષમ સ્થિતિ પણ સારી નથી. ॥૧૩૪॥ હે બ્રહ્મન્ ! એવી રીતે જગત્‌ની અનેક સમસ્ત રચના મૂઢતા યુક્ત

છે તેથી સારી નથી તેમજ આ પદાર્થ સર્વેજ ઘણી કલ્પનાકરતાં દુઃખ દેવાવાળા છે. માટે તેમાં મહાત્મા પુરૂષ સ્થિરતા કેવી રીતે માને ? ॥ ૧૩૫ ॥ હે મુને ! આત્મચિંતા; તમામ દુઃખોનો અંત કરવાવાળી છે અને ચિરકાળથી ધારણ કરેલ સંસારરૂપી દુષ્ટ સ્વપ્નાના ભ્રમને હરવાવાળી છે. ॥ ૧૩૬ ॥ હે મહાત્મન્! જેવી રીતે આત્મચિંતા સંસારનાં દુઃખોને હરવાવાળી છે તેવીજ રીતે આત્મચિંતાને સમાન પ્રાણચિંતા પણ સંસારસ્વપ્નના ભ્રમને દૂર કરવાવાળી મેં માનેલી છે. એ પ્રાણચિંતાનું અનેક યોગી લોકોએ મોક્ષ મેળવવા માટે સેવન કરેલું છે. ॥ ૧૩૭ ॥

શ્રી વસિષ્ઠજીએ પક્ષિરાજ પ્રતિ વળી પ્રશ્ન કર્યો કેઃ—હે પક્ષિરાજ! તમે સર્વ સંશયને છેદવાવાળા છો, તત્વ જ્ઞાની છો અને ચિરંજીવી છો માટે મારે પાસે તે યથાયોગ્ય કહો કે પ્રાણચિંતા કોને કહેવાય છે ? ॥ ૧૩૮ ॥

ભુશુંડ કાકે ઉત્તર આપ્યો કેઃ—હે મુનિ મહારાજ ! તમે ભુશુંડ કાકને દર્શન દઈ જીવતદાન આપો છો, ભુશુંડ કાકને આત્મ દૃષ્ટિનો લાભ દેવાવાળા છો, પૂર્ણ વેદાંતના વેત્તા છો, અને સર્વ સંશયનો નાશ કરવાવાળા છો. તો મારી મશ્કરી કરવા વાસ્તે મને પ્રશ્ન કેમ કરો છો ? કેમકે તમે બ્રહ્મવેત્તા તથા બ્રહ્માના પુત્ર છો. અને હું કાગડા જાતનો મહા મલીન જીવ છું. જેથી મારા પ્રતિ તમારો પ્રશ્ન એ મારો ઉપહાસ (મશ્કરી) જ છે. ॥ ૧૩૯ ॥ અથવા મને, એ કહેવામાં પણ ઘણી અર્થ પ્રાપ્તિ થશે કેમકે મેં સર્વ જ્ઞાન તમારાથીજ શિક્ષિત કરેલું છે તો તમારા પ્રશ્નનો ઉત્તર આપવાથી ફરી પણ અભ્યાસ થશે અને તેથી હું સંશય રહિત થઈશ. ॥ ૧૪૦ ॥

હે મુને ! પ્રાણચિંતાનું સમાધાન હું કરૂં છું તે તમે સાવધાન થઇ સાંભળો. ઇડા અને પિંગળા આ બન્ને નાડિઓ આ શરીરમાં નાસિકાને ડાબે પડખે સ્થિર છે. ॥ ૧૪૧ ॥ હે મુને! આ શરીરમાં છ ચક્ર કમળરૂપ છે તે હાડકાં તથા માંસનાં બનેલાં છે વળી તે કોમળ છે અને તેને નીચે પણ નાળ છે તથા ઊપર પણ નાળ છે તેમજ એનાં દળ પોત પોતામાં મળેલાં છે. ॥ ૧૪૨ ॥ હે બ્રહ્મન્! એ છ ચક્ર—કમળોનાં નામ—સ્વરૂપ અને સ્થાન તમને સંભળાવું છું. પ્રથમ કમળ **મૂળાધાર** ચક્ર છે તે ગુદાસ્થાનમાં છે અને व श ष स એ ચાર અક્ષરો તેના ચાર દળમાં છે. બીજું કમળ **સ્વાધિષ્ઠાન** ચક્ર છે તે લિંગ સ્થાનમાં છે અને ब भ म य र ल એ છ અક્ષરો તેના છ દળમાં છે ત્રીજું કમળ **મણિપૂરક** ચક્ર છે તે નાભીસ્થાનમાં છે અને ड ढ ण त थ द ध न प फ એ દશ અક્ષરો તેના દશ દળમાં છે. ચોથું કમળ **અનાહત** ચક્ર છે તે હૃદયમાં છે અને क ख ग घ ङ च छ ज झ ञ ट ठ એ બાર અક્ષર તેના બાર દળમાં છે. પાંચમું કમળ **વિશુદ્ધ** ચક્ર છે તે કંઠમાં છે અને अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः એ સોળ અક્ષર તેના સોળ દળમાં છે. અને છઠું કમળ **આજ્ઞા** ચક્ર છે તે લલાટમાં છે અને ह क्ष એ બે ક્ષર તેના બે દળમાં છે. એ છ ચક્રોનાં છ કમળ છે તે સંપૂર્ણ શરીરમાં ચાલવાવાળા પવનના સ્પર્શથી પ્રકાશમાન થાય છે. ॥ ૧૪૩ ॥ હે મુને! આ છ કમળોનાં પાંદડાં મંદ પવનના સ્પર્શથી ચાલે છે, તે પાંદડાંના ચાલવાથી પવન વૃદ્ધિ પામે છે અને એ પવન આ શરીરની બોંતેર હજાર એકસો એક (૭૨૧૦૧) નાડીમાં ભ્રમણ કરે છે. તેમાં હૃદય—ગુદા—નાભિ—કંઠ

અને સર્વે અંગ એ પવનના પ્રગટ થવાથી મુખ્ય સ્થાનરૂપ છે. ॥ ૧૪૪ ॥ હે મુનિરાજ! આ સ્થાનોને, કલ્પનાએ કરીને કેટલીક નાડિઓ નીચે ચાલે છે અને કેટલીક નાડિઓ ઉપર ચાલે છે. તેમાં પ્રવેશ કરીને શરીરમાં પવન પ્રસરે છે. ॥ ૧૪૫ ॥ હે બ્રહ્મન્! તે પવન; પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન ઇત્યાદિ નામોથી વર્ત્તમાન છે. હૃદયમાં પ્રાણ પવન છે, ગુદામાં અપાન પવન છે, સમાન પવન નાભિમાં છે, ઉદાન પવન કંઠસ્થાનમાં છે અને વ્યાન પવન સર્વ શરીરમાં છે. એ પવનો અનેક ચેષ્ટા કરે છે અને તેનાં અનેક નામો છે. વળી પાંચ પવન બીજા પણ છે તેનાં નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એવાં નામ છે. ॥ ૧૪૬ ॥ હે મુને! તેમાં પ્રાણ અને અપાન એ બે પવન પ્રધાન છે તે પૈકી પ્રાણ ઉપર ચાલે છે અને અપાન નીચે ચાલે છે. ॥ ૧૪૭ ॥ હે મુને! પ્રાણ અને અપાન એ બન્ને પવન પ્રગટ છે ને તે પ્રધાન કહેવાય છે. શરીરરૂપી નગરને પાળવાવાળો જે પવન છે તેના મનરૂપી રથનાં એ બે પવન ચક્રો એટલે કે પૈડાં રૂપ છે. ॥ ૧૪૮ ॥ હે મહારાજ! એ બન્નેની મર્માનુસાર ગતિ છે. એ પ્રાણ અને અપાન પવનો શરીરની સ્થિતિ સુધી પ્રતિબંધ પામતા નથી. ॥ ૧૪૯ ॥ હે મુને! આ પવન આ શરીરની સુષુપ્તિ અવસ્થામાં પણ નિરંતર ચાલ્યા કરે છે. વાસ્તે પ્રાણ પવન બ્રહ્મરૂપ પણ કહેવાય છે. ॥ ૧૫૦ ॥ હે બ્રહ્મન્! કમળની નાળનાં સૂત્રના હજારમા અંશમાં પણ પ્રાણ—અપાન પવનની સૂક્ષ્મ ગતિ છે, તે શરીરમાં વિદ્યમાન છે તથાપિ અલક્ષ્ય છે અને તેની પ્રાણાયામના અભ્યાસથી વધારે સૂક્ષ્મ નાડીઓમાં ચાલવાથી

સૂક્ષ્મ ગતિ કહેવાય છે. ॥ ૧૫૧ ॥ હે મુને! જાગ્રતાવસ્થા તથા નિદ્રાવસ્થામાં પણ આ પ્રાણાયામ ઉત્તમ છે કે જે પ્રાણાયામ જાણવાથી હરેક પ્રકારે તે કલ્યાણકારી કહેવાય છે વાસ્તે તમે તેનું શ્રવણ કરો. ॥ ૧૫૨ ॥ હે મુનિરાજ! આ પ્રાણ પવન, ગુદાસ્થાનનાં મૂળાધાર ચક્રથી ઉપર ચડે છે તે ક્રમે કરીને છ ચક્રોને ભેદીને કપાળસ્થાન—બ્રહ્મરંધ્ર ચક્ર પર્યંત ચડે છે. કપાળ સ્થાનમાં એક હજાર (૧૦૦૦) દળવાળું કમળ છે તેમાં યોગીજનો પ્રાણાયામ ચડાવે છે પણ બીજા લોકોને એવી રીતનું જ્ઞાન નથી. ॥ ૧૫૩ ॥ હે મહારાજ! એ પ્રકારના પ્રાણની રેચક—પૂરક અને કુંભક એવી ત્રણ ગતિ છે. તેમાં પ્રાણનું ચાલવું એ રેચક, ચડાવવું એ પૂરક અને સ્થિર થવું એ કુંભક છે. એના ભેદ તમને સંભળાવું છું. ॥ ૧૫૪ ॥ હે મુને! હૃદય કમળની અંદરથી પ્રાણ પવન સ્વભાવથી તથા યત્ન વગર બહાર નીકળી સન્મુખ થાય છે તેને ધીર પુરૂષો રેચક સમજે છે. ॥ ૧૫૫ ॥ હે મુને! બહાર ચાલેલો પ્રાણ પવન છે તેની શિર સુધીની ગતિને અર્ધ પૂરક કહેવાય છે અને શિરથી નાસિકાદ્વારાએ અથવા મુખદ્વારાએ બાર આંગળ જેટલો બહાર પ્રગટ થાય છે તેને અર્ધ રેચક કહેવાય છે. ॥ ૧૫૬ ॥ અને હે મહારાજ! બહારથી, નાસિકાથી અથવા મુખથી પ્રવેશ કરીને અંદર, અપાન પવનનાં ગુદાસ્થાન સુધી જે ગતિ છે તેને પણ ધીર પુરૂષ પૂરક કહે છે. ॥ ૧૫૭ ॥ હે મુને! બહાર સન્મુખ થએલો જે પ્રાણ પવન તેની નાસિકાથી માથાં સુધીની ગતિને બાહ્ય પૂરક કહેવાય છે. ॥ ૧૫૮ ॥ તેમજ બહારથી અંદર પ્રવૃત્ત થએલ જે પવન તેની નાસિકાથી માથાં સુધી જે ગતિ છે તેને તથા

માંથાથી હૃદય સુધીની જે પવનની ગતિ છે તેને પણ બીજું આંતર પૂરક કહેવાય છે. એટલે આંતરપૂરક એવી રીતે બે પ્રકારના થયા. ॥ ૧૫૯ ॥ હે મુને! બહાર સન્મુખ થએલ પ્રાણ પવનની હૃદયથી નાસિકા સુધીની ગતિને યોગીજન બાહ્ય પૂરક કહે છે. ॥ ૧૬૦ ॥ હે મહારાજ! નાસિકાથી પણ બહાર નીકળેલ બાર આંગળના પ્રમાણને પણ બીજા લોકો બાહ્ય પૂરક કહે છે. ॥૧૬૧॥ હે મુને! બહાર નીકળેલ જે પ્રાણ પવન તે જ્યાં સુધી અંદર અપાનસ્થાનમાં પ્રાપ્ત થયો નથી ત્યાં સુધીના પ્રાણ પવનની જે પૂર્ણ સ્થિતિ થાય છે તેને બહારનો કુંભક કહે છે. ॥ ૧૬૨.॥ હે બ્રહ્મન્! જે પ્રાણ પવન અંદર સન્મુખ થાય છે તે જ્યાંસુધી અપાન વાયુનો ઉદય થયો નથી ત્યાં સુધી પ્રાણ પવનની ગતિને બહારનો રેચક કહે છે. ॥ ૧૬૩ ॥ હે મહારાજ! દ્વાદશાંત એટલે મૂળાધાર ચક્રથી ઉદય થઇને સ્થૂળરૂપને પ્રાપ્ત થએલ અપાન પવનની જે સ્થિતિ તેને બીજાઓ પૂરક કહે છે. ॥૧૬૪॥ હે મુને! બહારના અને અંદરના આ કુંભક-રેચક અને પૂરક જે પ્રાણ તથા અપાનની ગતિનો જે સ્વભાવ છે તેને જાણવાથી પુરૂષ ફરી જન્મ પામતો નથી. ॥ ૧૬૫ ॥ હે મુનિરાજ! આ પૂરક અને રેચક આઠ (૮) પ્રકારના તથા કુંભકના બે પ્રકાર મળી એ દશ (૧૦) પ્રકારની પ્રાણની ગતિ છે. તે પવન શરીરમાં સ્વાભાવિક રીતે રહે છે. તેનું સ્મરણ કરવાથીજ મુક્તિને તે આપે છે તેહું તમોને કહું છું. ॥ ૧૬૬ ॥ હે મુને! જેનું મન આ પ્રાણાયામના વ્યાપારમાં લાગી રહ્યું છે અને બહારના વ્યાપારનો ત્યાગ કરેલો છે તેનું મન થોડાં દિવસમાં નિર્મળ પદને પ્રાપ્ત થાય છે. ॥ ૧૬૧ ॥ હે મુને! આ પ્રાણાયામ-

ને અભ્યાસ કરવાવાળા પુરૂષનું ચિત્ત, જેમ કૂતરાની ચામડી-માં બ્રાહ્મણ કદાપિ પ્રીતિ કરતા નથી તેમ બહારની ઈંદ્રિઓના વિષયની વૃત્તિઓમાં પ્રીતિથી બંધાતા નથી. ॥ ૧૬૮ ॥ હે બ્રહ્મન્! અપાન પવન ચંદ્રમાની કળાયુક્ત છે. કેમકે અપાન પવનની અંદરની ગતિ નિચી છે. તેથી અપાન પવમનો વિધિ પ્રાણાયામ-થી અંદરની સ્થિતિમાં રહે તો તેથી શોક કરવો બની શકતો નથી એવી પદવીને પમાય છે. ॥ ૧૬૯ ॥ હે મુને! પ્રાણ પવન સૂર્યની કળા યુક્ત છે એ કારણથી તેની ઊર્ધ્વ ગતિ છે. એ પ્રાણ પવન પ્રાણાયામની ગતિએ કરી અંદરની સ્થિતિથી પુરૂષ ફરી જન્મ પામતો નથી. ॥ ૧૭૦ ॥ હે બ્રહ્મન્! આ પ્રાણાયામની દૃષ્ટિને ધારણ કરીને હું અચળપદમાં સ્થિર થયો છું. તે એટલે સુધી કે મેરૂપર્વત ચળાયમાન થાય તથાપિ હું ચળાયમાન થતો નથી. ॥ ૧૭૧ ॥ હે મુને! ચાલવા છતાં, સ્થિર થવા છતાં, જાગ્રતાવસ્થા છતાં અને નિદ્રા યુક્ત થયા છતાં પણ આત્માવિશે સ્થિર થયેલી મારી સમાધિ સ્વપ્નમાં પણ ચળિત થતી નથી. ॥ ૧૭૨ ॥ હે બ્રહ્મન્! હું, આ યોગ દૃષ્ટિમાં સ્થિર થએલ છું અને ભૂત—ભવિષ્ય તથા વર્ત્તમાનનું ચિંતવન કરતો નથી ચિરંજીવી થયો છું.॥૧૭૩॥ હે મુનિરાજ! હું, ભાવની ચિંતાને, અભાવની ચિંતાને, ઇષ્ટની ચિંતાને અને અનિષ્ટની ચિંતાને એક સમાન જાણું છું તેવાસ્તે નિર્વિકાર થઇને ચિરકાળથી જીવતો છું. ॥ ૧૭૪ ॥ હે મુને! હું પ્રાણના અને અપાનના સંયોગની યુક્તિનું ચિંત્વન કરૂં છું. તેમ-જ હું પોતેજપોતાના આત્માવિશે સંતુષ્ટ થાઊં છું તેથીજ ઘણા લાંબા વખતથી જીવતો છું. ॥ ૧૭૫ ॥ હે બ્રહ્મન્! આ આજ

મને પ્રાપ્ત થયું છે, આ આગળ પર પ્રાપ્ત થશે એવી ચિંતા મ્હને નથી તેમજ હું પોતાની અથાવા બીજા કોઈની નિંદા અથવા સ્તુતિ કરતો નથી તેથીજ હું ચિરંજીવી થયો છું. ॥ ૧૭૬ ॥ હે મુને! હું સર્વ ત્યાગને ધારણ કરૂં છું, મ્હેં જીવવાના ઉદ્યમનો પણ ત્યાગ કરેલો છે, મારૂં મન ચંચળતાથી તથા શોકથી રહિત થયું છે, સ્વસ્થ થયું છે અને સાવધાન થયું છે તેથી ચિરંજીવી છું. ॥ ૧૭૭ ॥ હે મુને! હું; કાષ્ઠને, સુંદર સ્ત્રીને, તૃણને, અગ્નિને, બર્ફને, આકાશને એ સઘળાંને સમ રીતે જોઉં છું. આજ મને શું સિધ્ધ થયું છે અને પ્રાતઃકાળમાં શું સિધ્ધ થશે? એવી ચિંતા મને નથી તેથી હુ ચિરંજીવી છું. ॥ ૧૭૮ ॥ હે મુને! જન્મ-મરણ દુઃખોથી અને રાજ્ય-લાભાદિ સુખોથી હું ભયક હર્ષવાળો થતો નથી. અને આ મને પોતાથી બંધ છે તથા આ મને પરાયાથી બંધ છે એવું પણ હું જાણું છું. તેથી હું ચિરંજીવી છું. ॥ ૧૭૯ ॥ હે મુને! હું અચળ દૃષ્ટિ કરીને તથા આસક્તિ રહિત દૃષ્ટિ કરીને તેમજ પ્રીતિવાળી સુંદર દૃષ્ટિ કરીને સર્વત્ર એક સત્યરૂપ આત્માને દેખું છું. તેથી હું ચિરંજીવ છું. ॥૧૮૦॥ હે મુનિરાજ! મસ્તકથી લઇને પગ પર્યંત આ શરીરમાં. મારો અર્થ કાંઇ નથી એવીરીતે અહંકારરૂપી કલંકથી રહિત થયો છું. અને હું જે કર્મ કરૂં છું--જે ભોજન કરૂં છું. તે સર્વે મને પ્રીતિ અને નિંદાથી વિમુખ છે. એથીજ હું ચિરંજીવી થયો છું. ॥ ૧૮૧ ॥ હે બ્રહ્મન્! જે વખતે હું કાંઇ જાણું છું તે વખતમાં મારી બુધ્ધિ-જ્ઞાન તથા ગર્વને ધારણ કરતી નથી, વળી હું બળથી સમર્થ થાઉં છું તો પણ કોઇને દબાવી લેતો નથી, સંતાપ

થવાથી ખેદયુક્ત થતો નથી અને દરિદ્રી થવાથી કોઈની યાચના કરતો નથી. તેથી હું ચિરંજીવી થયો છું. ॥ ૧૮૨ ॥ હે મુને ! જે જે પદાર્થ જૂના છે, ભિન્ન છે, બીજાના છે, ક્ષોભ યુક્ત છે, ઘસી પડેલા છે અને ઘટી ગયેલ છે તે સર્વેને હું નવા અને ઉત્તમ સમજું છું; સુખી લોકોનું સુખ જોઇને હું સુખી થાઊં છું; દુઃખી લોકોનાં દુઃખ દેખીને હું દુખી થાઊં છું; સર્વ લોકોનો હું મિત્ર છું અને સર્વે જનોનો હું પ્રિય છું. તેથીજ હું ચિરજીવી થયો છું. ॥ ૧૮૩ ॥ હે મુને ! આપત્તિમાં હું પર્વતની માફક અચળ રહું છું, સંપત્તિમાં હું જગત્‌નો મિત્ર થાઊં છું અને ભાવમાં તથા અભાવમાં હું પોતાને તુચ્છ માનું છું. એથી હું ચિરંજીવી થયો છું. ॥ ૧૮૪ ॥ હે બ્રહ્મન્ ! નથી હું કોઈનો અને નથી કોઈ મારૂં તેમજ નથી હું પોતાનો અને નથી હું પારકો એવી ભાવનામાં મારૂં ચિત્ત મગ્ન છે. તેથી હું ચિરંજીવી થયો છું. ॥ ૧૮૫ ॥ હે મુને ! ઘડો પણ ચૈતન્ય છે, વસ્ત્ર પણ ચૈતન્ય છે, વન--વૃક્ષ પણ ચૈતન્ય છે અને વ્હાણો તથા ગાડીઓ પણ ચૈતન્ય છે. એવી ભાવના મને છે તેથી હું ચિરંજીવી થયો છું. ॥ ૧૮૬ ॥ હે મુનિ મહારાજ ! એવાં એવાં કારણથી હું ત્રૈલોક્ય રૂપી કમળમાં ભમરાની માફક વિચર્યા કરૂં છું, ભુશુંડ નામનો કાગડો છું અને ચિરંજીવી કહેવાઊં છું. ॥ ૧૮૭ ॥ હે બ્રહ્મન્ ! જેવો હું છું, જેવી રીતે હું વર્ત્તમાન છું અને જે મારૂં છે એ સર્વે મેં કહ્યું તથા તમે પણ જાણો છો કેમકે સર્વજ્ઞ છો. આ મારૂં કહેવું તમારી આજ્ઞાથી માત્ર થયું છે. ॥ ૧૮૮ ॥

ત્યારે શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કેઃ—હે પક્ષિરાજ ! ભુશું-

ડજી "અહો ઈતિ આનંદે" આ તમે મને જે પોતાનું વૃત્તાંત કહ્યું છે તે અદ્દભૂત છે, તમારાં વચન વેદ–શાસ્ત્રનાં ભૂષણરૂપ છે અને પરમ વિસ્મયનાં કારણ ભૂત છે. ॥ ૧૮૯ ॥ હે ભુશંડજી! તમે મહાત્મા છો અને અત્યંત ચિરંજીવી છો. જે તમારાં–સાક્ષાત્ બીજા બ્રહ્મા જેવાનાં–દર્શન કરે છે તે પુરૂષને ધન્ય છે. ॥ ૧૯૦ ॥

હે રામચંદ્ર! તે ઉપરાંત જ્યારે હું **ભુશંડ** કાક પાસેથી વિદાયગીરી લઇને ચાલવાની આજ્ઞા લેવા લાગ્યો ત્યારે **ભુશંડ** કાક સુવર્ણકમળ–સુવર્ણપુષ્પો તથા મોતીઓ યુક્ત અર્ઘ્યથી પૂજા કરી રજા આપતાં પોતે આકાશમાં ત્રણ યોજન સુધી મારા પાછળ–સાથે સાથે–આવવા લાગ્યા ત્યારે મેં પ્રાર્થના કરીને **ભુશંડ** કાકને પાછા પોતાને સ્થાન પ્રતિ જવા સમજાવ્યાથી તે પાછા ગયા. ત્યારબાદ હું પોતાનાં–સપ્તરૂષીનાં–મંડળમાં ચાલ્યો આવ્યો. ॥ ૧૯૧ ॥ હે રામજી! આ **ભુશુંડ** કાકનું વૃત્તાંત મેં તારા પ્રત્યે કહેલું છે તેને તું અંતઃકરણથી વિચારીને તારે જે કાંઇ કાર્ય કરવું ઉચિત જણાય તે કર. ॥ ૧૯૨ ॥

વળી **વાલ્મીકિ ભરદ્વાજ** પ્રતિ કહેવા લાગ્યા કેઃ– હે ભરદ્વાજ! જે નિર્મળ બુદ્ધિ પુરૂષ આ **ભુશુંડ** કાકની કથાનું શ્રવણ કરે છે તે પુરૂષ અનેક ભય ભરેલી મોટી દુસ્તર એવી સંસાર નદીને તરી જાય છે. ॥ ૧૯૩ ॥ હે ભરદ્વાજજી! વળી **રામચંદ્રજીએ વસિષ્ટજીને** પ્રશ્ન કર્યો કેઃ–આ શરીરરૂપી ઘર કોણે રચેલું છે? ત્યારે, **વસિષ્ઠજી** કહેવા લાગ્યા કેઃ– ॥ ૧૯૪ ॥ હે રામચંદ્રજી! આ શરીર–ગ્રહ કેવું છે કે હાડકાં તેના સ્થંભના ખીલારૂપ છે અને રક્ત–માંસથી તે લીંપાયલું છે તથા તેનાં નવ (૯) દ્વાર છે. એ

કોઈએ રચેલું નથી. ॥ ૧૯૫ ॥ હે રામજી ! જે રક્ત—માંસ તથા હાડકાંથી રચાયલું આ શરીર છે તે હજારો છે તેની સંખ્યાની કલ્પના કાંઇ થઈ શક્તી નથી. ॥ ૧૯૬ ॥ હે રામ! તું રાત્રે સુખેથી શયનમાં સુએ છે તેમાં સ્વપ્નુ આવે છે, તેની અંદર જે શરીરથી દેશાંતરમાં ભ્રમણ કરો છો તે તારાં સ્વપ્નાનું શરીર હવે ક્યાં છે? અને તે કોણે રચેલું છે? ॥ ૧૯૭ ॥ હે રામજી ! વળી જાગ્રતાવસ્થામાં પણ મનોરથોનું સ્ફુરણ થવાથી જે શરીરથી સ્વર્ગાદિ લોકોમાં તથા દેશાંતરોમાં ભ્રમણ કરો છો તે તારૂં શરીર પ્રત્યક્ષ કયાં છે? ॥ ૧૯૮ ॥ હે રામચંદ્ર ! સ્વપ્નાંતરમાં સ્વપ્ન આવે છે તે સ્વપ્નાતરના સ્વપ્નામાં જે શરીરથી તું દેશાંતરમાં વિચરે છે તે સ્વપ્નાંતર સ્વપ્નનું તારૂં શરીર હવે કયાં છે? તે તું કહે. ॥૧૯૯॥ હે રામ! આ સંસારને તું મોટું સ્વપ્ન જાણ અથવા મોટો ચિત્ત ભ્રમ જાણ અથવા મોટા મનના મનોરથો જાણ. ॥ ૨૦૦ ॥ હે રામચંદ્ર! જેવી રીતે ભયભીત સ્વભાવવાળા પુરૂષો છે તે પોતાના સંકલ્પની રચનામાં ભય પ્રાપ્ત થતા નથી તેવી રીતે નિર્મળ બુદ્ધિવાળા પુરૂષો પોતાના સંકલ્પની રચના ઉત્પન્ન થયે સંસારમાં ભય પ્રાપ્ત થતા નથી. ॥ ૨૦૧ ॥ હે રામ! જેવી રીતે શુદ્ધ સૂવર્ણને તપાવવાથી ફરી મેલ ગ્રહણ કરતું નથી તેવી રીતે તત્વનો ઉત્તમ રીતે વિચાર કરવાથી પોતાના આત્માનો સ્વભાવ નિર્મળ થાય છે. ॥ ૨૦૨ ॥ હે રામજી! આ જગત્ કેવળ આભાસ માત્ર છે. નથી એ સત્ય કે નથી એ અસત્ય એવી રીતે બીજી કલ્પનાનો પણ ત્યાગ કરવો. એવી ઉત્તમ રીતનો વિચાર જ્ઞાની લોકો કરે છે. ॥ ૨૦૩ ॥ હે રામચંદ્ર ! હું; દેહાદિક નથી, આ ભોગ મને નથી, બીજું કાંઇ

સત્ય નથી, આ સર્વ સંકલ્પની રચના માત્ર છે, સઘળું વ્યર્થ છે, અનર્થને લીધે સઘળું ભાસે છે. એવી એવી ભાવનાથી સઘળું જગત્ વૃથા થાય છે. ॥ ૨૦૪ ॥ હે રામજી! તત્વવેત્તા પુરૂષો, બે પ્રકારની દૃષ્ટિ કરવા યોગ્ય છે. 'એક તો આ સંપૂર્ણ જગત્ હું છું અથવા ચૈતન્યજ છે. અને બીજું સર્વે આ આડંબર માત્ર છે. એવી દૃષ્ટિથી આ પ્રપંચ અનર્થ કરવાને લીધે ભાસતું નથી. ॥૨૦૫॥ હે રામ! સર્વેને આત્મસ્વરૂપ જાણવું અથવા સર્વેને ચૈતન્યરૂપ સમજવું. આ બન્ને પ્રકારની જ્ઞાન દૃષ્ટિ સત્ય છે અને ઘણું કરીને સિદ્ધિને આપે છે. એ બન્નેમાંથી જેને તું સરસ જાણ તેનું તું સેવન કર. ॥ ૨૦૬ ॥ હે રામચંદ્ર! હે નિર્મળ બુદ્ધિવાળા!! એ બે પ્રકારની જ્ઞાની દૃષ્ટિથી યુક્ત થઈને તું નિર્વાહ કરતાં રાગ-દ્વેષનો ક્ષય કર અને પોતાનાં કલ્યાણને સિદ્ધ કર. ॥ ૨૦૭ ॥ હે રામજી! આ લોકમાં જે કાંઇ પુરૂષાર્થ સર્વથી ઉત્તમ કહેલ છે તે આકાશમાં, પૃથ્વિમાં અને સ્વર્ગમાં સર્વના રાગ—દ્વેષનો ક્ષય થવાથી સિદ્ધિ થાય છે. ॥ ૨૦૮ ॥ હે રામ! રાગ—દ્વેષજ મનને મલીન કરવાવાળા છે. જેના રાગ—દ્વેષરૂપી સર્પ નષ્ટ થએલ નથી તે પુરૂષ કલ્પ વૃક્ષને પાસે રહે તોપણું તેને કાંઈ પ્રાપ્ત થતું નથી. ॥ ૨૦૯ ॥ હે રામચંદ્ર! જે લોકો જ્ઞાનવાન—વિનયવાન—ચતુર અને શાસ્ત્રના ભણવાવાળા થઇને કોઇના રાગ—દ્વેષને આધિન છે તેને શિયાળ જેવા સમજવા, તેને ધિઃક્કાર છે અને તેનું સર્વે વૃથા સમજવું. ॥૨૧૦॥ "આ મારૂં ધન પારકા માણસે ખાધું છે" "આ ધન મને આપેલું છે." એવી રીતનો વ્યહાર છે તેજ રાગ—દ્વેષનું સ્વરૂપ છે. ॥ ૨૧૧ ॥ હે રામજી! ધન, બંધુ, મિત્ર ઇત્યાદિ આ સંસારમાં

વારંવાર આવે છે અને પાછા ચાલ્યા જાય છે. વિચારવાન પુરૂષ એમાં વિરાગ ન રાખતાં રાગ કેમ રાખે છે? જેથી એમાં રાગ–દ્વેષથી કાંઇ સિદ્ધિ નથી. ॥ ૨૧૨ ॥ હે રામ! તમે સાવધાન છો–જ્ઞાનવાન છો. મેં તમને આ જ્ઞાન સમજાવી દીધું છે. હું સૂર્ય લોક સુધી નિર્વિકાર આનંદમય દેખું છું. ॥ ૨૧૨ ॥ હે રામચંદ્ર! બોધ પ્રાપ્ત કર, આજ તુંને બોધનો સમય છે, સત્ય વસ્તુનો વિચાર કરીજો અને આ વ્યર્થ ભ્રમનો ત્યાગ કર જેથી તું ફરી જન્મ પામીશ નહિ તેમજ દુઃખ, દોષ, અને ભ્રમ પણ થશે નહિ. તું સર્વ સંકલ્પનો ત્યાગ કરી આત્મ સુખમાં સાવધાન થઇ સ્થિર થા. ॥ ૨૧૪ ॥ હે રામજી! તું; મહાત્મા છો, તારા વિકલ્પ સઘળા ગળિત થયા છે, સંપૂર્ણ દોષ જાળ તારી નષ્ટ થઇ છે, તારી જ્ઞાનદૃષ્ટિ સુખને અને સારને પ્રાપ્ત થઇ છે, સુષુપ્તિની માફક અચળ થઇ છે અને તું શાંત પણ થએલ છો. હવે તું ચિત્તને સુદ્ધ કરવા વાસ્તે ઉપશમને ધારણ કર તથા આત્માના સ્વરૂપમાં સાવધાન થઇ સ્થિર થા. ॥ ૨૧૫ ॥

શ્રી વાલ્મીકિજી ભરદ્વાજ પ્રતિ કહે છે કેઃ–હે ભરદ્વાજ! **રામચંદ્ર** એટલાં **વસિષ્ઠજીનાં** વચન સાંભળવાથી સ્વસ્થ, સમ-ચિત્ત અને આત્મસ્વરૂપમાં વિશ્રાંત તેમજ પરમાનંદમાં પોતાની ઇચ્છા પૂર્વક પ્રાપ્ત થયા તથા બીજા પણ ત્યાં સભામાં આવેલા સર્વ દેવતા, રૂષિઓ, રાજા, નગરનાં લોકો અને દેશ–દેશાંતરનાં લોકો આનંદિત થયા એટલુંજ નહિ પણ ખેતીથી શુદ્ધ થએલ ખેતરોમાં વર્ષાદ થવાથી જેમ વિશ્રાંત થાય તેવી રીતે **વસિષ્ઠજીનાં** વચન જે કે **રામચંદ્રનો** મનની સ્થિતિ વાસ્તે પ્રગટ થએલ તેથી

તે વચનરૂપી અમૃતથી વિશ્રાંત થયા. ॥ ૨૧૬ ॥ એ ઉપરાંત અર્ધ મૂહુર્ત ગયા બાદ **શ્રી રામચંદ્ર** પ્રતિ ફરીથી આત્મબોધ થવાને વાસ્તે કહેવાવાળાઓમાં શ્રેષ્ઠ એવા **શ્રી વસિષ્ઠજી** વળી એના એજ અર્થને કહેવા લાગ્યા. ॥ ૨૧૭ ॥ હે રામજી! તું ઉત્તમ રીતના બોધને તથા આત્મતત્વને પણ પ્રાપ્ત થયો છો. હવે એવી રીતના અર્થને પામીને સ્થિર થા કેમકે જેમ ત્રૈલોક્યમાં મેરૂપર્વત સાર છે તેમ તું પણ સર્વનો સાર છે. ॥ ૨૧૮ ॥ હે રામજી! આ સંસાર ચક્ર સદા ભ્રમણ કર્યા કરે છે અને તે ચક્રની મધ્ય ધરી એ સંકલ્પ છે. જેમ ચક્રની મધ્ય ધરી રોકવાથી ચક્ર ફરતું નથી તેમ સંસાર ચક્રની પણ મધ્ય ધરી જે સંકલ્પ તેને રોકવાથી ચક્ર ભમતું બંધ થાય છે. ॥ ૨૧૯ ॥ હે રામ! તે મનના સંકલ્પરૂપી ક્ષોભને પ્રાપ્ત થાય તો સંસાર ચક્રનો ભાંવ કેટલોક રોકે તથાપિ સંકલ્પના વેગથી કરીને નિરંતર ભમ્યા કરે છે. ॥ ૨૨૦ ॥ તેથી હે રામજી! નિર્મળ બુદ્ધિ યુક્ત, સુજનતા યુક્ત અને શાસ્ત્ર જ્ઞાન યુક્ત, એવાં પોતાનાં પ્રયત્નથી જો પ્રાપ્ત થાય નહિ તો ક્યારે પણ પ્રાપ્ત થતું નથી. ॥ ૨૨૧ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ ચિત્રમાં આળેખેલો છે તેથી શરીરધારી પુરૂષ ઘણો તુચ્છ છે કેમકે ચિત્રેલો પુરૂષ સદા પ્રસન્ન મુખવાળો તથા ક્લેશ રહિત છે અને શરીરધારી પુરૂષ દુઃખને લીધે મલીન મુખવાળો તથા શરીર પડવાના અને શરીરનું છેદન થવાના ભય યુક્ત છે. ॥ ૨૨૨ ॥ હે રામજી! એટલા માટે આ માંસ—રક્તમય શરીર છે તે ચિત્રેલાં શરીરથી પણ તુચ્છ છે. એવાં માંસ—રક્તનાં તુચ્છ શરીરમાં તારા જેવા વિવેકી જનો કેમ પ્રીતિ અને વિશ્વાસ રાખે? ॥ ૨૨૩ ॥ હે રામજી! આ

શરીર મોટાં સ્વમાનું છે અથવા ચિત્ત સંકલ્પથી કલ્પિત કરેલું છે. એ ભૂષણ યુક્ત અથવા દૂષણ યુક્ત કરવાથી ચૈતન્યરૂપ આત્માને લાભ અથવા હાની કાંઇ નથી. ॥ ૨૨૪ ॥ હે રામ! આ અહંકાર નામનો વૈતાળ એવો છે કે તે નિઃસાર છે તથા સંપૂર્ણ સંતજનોથી નિંદિત થએલો છે. તે ક્યાંહીંથી આવીને અકસ્માત્ રીતે આ ચિત્તરૂપી આવી બેઠો છે. ॥ ૨૨૫ ॥ હે રામચંદ્ર! એ અહંકાર નામના વૈતાળને આધીન થવાથી પુરૂષ નરક ફળને પામે છે જેથી તું પણ આ દુર્મતિ અહંકારના ચાકરભાવને પ્રાપ્ત થા નહિ. ॥ ૨૨૬ ॥ હે રામજી! આ શૂન્ય જેવાં શરીરમાં ચિત્રરૂપી યક્ષે પ્રવેશ કરીને જે કાંઇ કરેલું છે તે વર્ણવી શકાય તેમ નથી. તેટલાજ માટે મહાત્મા પુરૂષો તે ભયને લીધે સમાધિ કરવામાં પ્રીતિ રાખે છે. ॥ ૨૨૭ ॥ હે રામ! જે પુરૂષ અહંકાર રૂપી પિશાચને પોતે વશ થએલો છે તેજ પુરૂષ નરકરૂપી અગ્નિને પ્રજ્વળિત કરવા વાસ્તે કાષ્ટ ભાવને પામેલો છે. ॥ ૨૨૮ ॥ હે રામચંદ્ર! જેને ચિત્તરૂપી યક્ષે જીતિ લીધેલ છે તેને જે આપત્તિ થાય છે તે આપત્તિનો હિસાબ સેંકડો વર્ષે પણ થઇ શકતો નથી. ॥ ૨૨૯ ॥ હે રામજી! જે પુરૂષ ચિત્તરૂપી યક્ષથી દઢ દબાયલો છે તેને ગુરૂ તથા બાંધવ રક્ષા કરવા વાસ્તે સમર્થ થઇ શકતા નથી. ॥ ૨૩૦ ॥ હે રામ! જેનો ચિત્તરૂપી વૈતાળ શાંત થએલો છે તે પુરૂષને ગુરૂ—શાસ્ત્ર—બાંધવ—એ સર્વે રક્ષા કરવાને સમર્થ થાય છે. ॥ ૨૩૧ ॥ હે રામચંદ્ર! ભોગોથી વિમુક્ત થવું, સંતજનોનાં ચરણોનો આશ્રય કરવો, પોતાના ઉત્તમ અર્થનો વિચાર કરવો અને એક આત્માનું સેવન કરવું એ તહારા જેવા યોગ્ય પુરૂષનું

કામ છે. ॥ ૨૩૨ ॥ હે રામજી! આ શરીર અપવિત્ર છે, તુચ્છ છે, દુઃખને પાત્ર છે અને પાપનું મૂળ છે. એવાં શરીરથી અર્થ કાંઈ પણ માનવો નહિ કેમકે શરીરની ચિંત્તારૂપી ચંડી મહા ભયાનક છે. ॥ ૨૩૩ ॥ હે રામચંદ્ર! આ શરીરરૂપી યક્ષ બીજા કોઇએ રચેલ છે, કલ્પાંત બીજું કોઈ કરે છે, દુઃખ બીજા કોઇને છે અને દુઃખ ભોગવનાર વળી બીજો કોઈ છે. આવી રીતની ચિંતા મૂર્ખતારૂપી ચક્રને ભ્રમણ કરાવનાર છે. ॥ ૨૩૪ ॥ હે રામજી! આમાં જે પરમ જ્ઞાનદૃષ્ટિ છે તે મહામોહનો વિનાશ કરવાવાળી છે, તે તમે સાંભળો. કે જે જ્ઞાનદૃષ્ટિ પૂર્વકાળમાં **શ્રી શંકરે** મને કહેલ છે. ॥ ૨૩૫ ॥ હે રામ! એક વખત હું કૈલાસ પર્વતમાંના ગંગા–તટકુંજમાં નિવાસ કરતાં **શ્રી શંકરને** પ્રસન્ન કરવા વાસ્તે તપ કરવા લાગ્યો. ત્યારે પાદ્ય–અર્ઘાદિકે પૂજન કરી વળી પ્રદક્ષિણા–પ્રણામથી **શ્રી શંકરને** પ્રસન્ન કર્યા, તેથી ખુશી થએલા–અનુગ્રહ વાસ્તે **શ્રી સદાશિવ, પાર્વતી** સહિત આવીને મારા પ્રતિ વચન કહેવા લાગ્યા. ॥ ૨૩૬ ॥

શ્રી શંકર કહેવા લાગ્યા કેઃ–હે બ્રહ્મન્! તારા અંતઃકરણની વૃત્તિઓ ઉપશમથી કરીને શોભાયમાન તથા કલ્યાણ કરવાવાળી છે અને પરમાત્મા વિશે વિશ્રામ થએલી છે. ॥ ૨૩૭ ॥ હે મુને! હું તુંને કુશળ પ્રશ્ન કરૂં છું. તારૂં તપ વિઘ્ન રહિત થાય છે? કે ના. વળી નથી તુંને કલ્યાણ અને નથી તુંને પ્રાપ્ત થવા યોગ્ય સાર પદાર્થ તેમજ નથી તુંને સંસારનો ભય કે સંપત્તિ. કેમકે તારી વૃત્તિઓ શાંત થએલ છે. ॥ ૨૩૮ ॥ હે રામજી! એવાં વચન **સદાશિવે** મને કહ્યાં એટલે મેં ઘણી વિનંતી યુક્ત વાણીથી શિવજી

પ્રતિ વચન કહ્યાં તેને તમે શ્રવણ કરો. ॥ ૨૩૯ ॥ હે ત્રિનેત્ર ! જે તમારૂં સ્મરણ કરવાવાળા છે તે પુરૂષ કલ્યાણ યુક્ત છે, તેને કાંઈ દુર્લભ નથી અને તેને કોઇ પણ રીતે સંસારનો ભય નથી. ॥૨૪૦॥ હે ઈશ્વર ! જે પુરૂષ તમારા સ્મરણના આણંદથી પરિપૂર્ણ ચિત્ત-વાળા છે તેને જે પુરૂષ પ્રણામ કરતા નથી એવા આ જગત્ મંડ-ળમાં કોઇ નથી. ॥ ૨૪૧ ॥ હે સ્વામિન્ ! તે દેશ ઊત્તમ છે, તે નગર—ગામ ઊત્તમ છે, તે દેશ તથા પર્વત ઊત્તમ છે કે જ્યાં તમારૂં સ્મરણ કરવામાં એકાગ્ર બુદ્ધિવાળા પુરૂષો નિવાસ કરે છે. ॥૨૪૨॥ હે વિશ્વંભર ! જે જીવનું પુણ્ય, ફળ આપવાને પ્રગટ થાય છે; જેનાથી શુભ કર્મ વર્ત્તમાન થાય છે અને જેનું કલ્યાણ ભવિષ્યમાં થયા કરે છે તેને તમારૂં સ્મરણ થાય છે એમ જાણવું. ॥ ૨૪૩ ॥ હે જગત્પતે ! તમારૂં સ્મરણ; જ્ઞાનરૂપી અમૃતનો કળશ છે, ધૃતિ-રૂપી ચાંદનીનો ચંદ્રમા છે અને મોક્ષરૂપી નગરનું દ્વાર છે. ॥૨૪૪॥ હે કલ્યાણકારી ! તમારાં સ્મરણરૂપી ઊદાર ચિંતામણિને પ્રાપ્ત થવાથી મેં સમ્પૂર્ણ આપત્તિના શિરપર પગ મૂકેલો છે. ॥૨૪૫॥ હે રામચંદ્ર ! પ્રસન્ન થએલા શંકરને એટલું કહીને મેં ફરી પ્રણામ કરીને જે વચન કહ્યાં તે તમે સાંભળો. ॥ ૨૪૬ ॥ હે ભગવન્ ! તમારા પ્રસાદથી મારી સંપૂર્ણ દિશા આનંદથી પરિપૂર્ણ થઇ છે, પરંતુ એક સંદેહ હું તમોને પૂછું છું તેનો નિર્ણય તમે મને કહો. ॥ ૨૪૭ ॥ હે દેવ ! આપ પ્રસન્ન બુદ્ધિ કરીને મને કહો કે જે સર્વ પાપનો ક્ષય કરે અને સર્વે કલ્યાણ વધારનાર હોય એવું જે તમારૂં પૂજન—વિધાન છે તે કેવી રીતે થાય છે? તે કૃપા કરી કહો. ॥૨૪૮॥

શ્રી શંકર કહેવા લાગ્યા કેઃ—હે બ્રહ્મન્ ! તમે બ્રહ્મવેત્તા પુરૂ-

ષોમાં શ્રેષ્ઠ છો. માટે દેવ પૂજાનું ઊત્તમ વિધાન તમે સાંભળો કે જે સાંભળવાથી સંસારમાંથી મુક્તિ થાય છે. ॥ ૨૪૯ ॥ હે બ્રહ્મન્! હું તમને પ્રશ્ન કરૂં છું અને તમે પણ જાણો છો કે દેવતા કોણ છે? હે મુને! નથી વિષ્ણુ દેવ, નથી શિવ દેવ, નથી બ્રહ્મા, નથી ઈંદ્ર, નથી વાયુ, નથી સૂર્ય, નથી ચંદ્રમા, નથી બ્રાહ્મણ, નથી ક્ષત્રિય, નથી શરીરરૂપ, નથી ચિત્તરૂપ, નથી તું, નથી હું અને નથી દેવ લક્ષ્મી રૂપ. ॥ ૨૫૦ ॥ હે મુને! જે કોઈ પણ રીતે સિદ્ધ થએલ નથી અને આદિ—અંતથી રહિત એવો જે પ્રકાશ થવો તેજ દેવ કહેવાય છે અને તે સ્વરૂપથી રહિત છે. હે બ્રહ્મન્! એવા પ્રકાશ સ્વરૂપવાળા દેવનું આદિ—અંત સહિત અને પાંચ ભૂતોથી બનેલ દેહાદિકમાં કેમ થવું સંભવે? ॥ ૨૫૧ ॥ હે બ્રહ્મન્! એવા સ્વભાવથીજ સ્વયં-પ્રકાશમાન આત્માને દેવ કહેવાય છે. અને બીજા જે પ્રકાશ છે તે ઊપાધિથી ઊત્પન્ન થએલા છે. બ્રહ્મા—વિષ્ણુ—રૂદ્ર ઈત્યાદિક તમામ ઉપાધિથી બનેલા છે. ॥ ૨૫૨ ॥ હે મહાત્મન્! જે સદા સર્વદા એક જેવો પ્રકાશ છે તે કેવળ આત્મામાં છે, તે પોતેજ પ્રકાશમાન છે, તેને સ્વયંપ્રકાશ કહેલ છે. એવો જે પ્રકાશરૂપ દેવ છે તે નામ-રૂપ સહિત, ગુણ—ક્રિયા સહિત, ઉત્પત્તિ વિનાશ સહિત અને ક્ષય—વૃદ્ધિ સહિત નથી એવું બ્રહ્માદિકમાં કયાં છે? જેમાં આદિ-અંતથી રહિત તથા કોઈએ બનાવેલ નહિ એવા પોતાના સ્વભાવથી અખંડ પ્રકાશમાન હોય તેને દેવ કહેવાય છે, ચૈતન્ય કહેવાય છે, શિવ કહેવાય છે અને તેજ આત્મા મહાદેવ છે. તેનેજ તું મારાં સ્વરૂપ-વાળો દેવ સમજ. ॥ ૨૫૩ ॥ હે મુને! તેજ આત્મા દેવતા નામથી પ્રસિદ્ધ છે, તેનુંજ પૂજન કરવા યોગ્ય છે, તેજ આત્મા પરમ

દેવતા છે અને તેનાથીજ આ સત્તાવાળું તથા સત્તા રહિત સંપૂર્ણ જગત્ ભાસે છે તેમજ ઉત્પન્ન પણ થયું છે. ॥ ૨૫૪ ॥ હે બ્રહ્મન્! જેઓએ સ્વયં પ્રકાશ આત્મા દેવતાનું તત્વ જાણેલું નથી તેને મૂર્તિવાળા દેવતાની પૂજા ગંધ—પુષ્પાદિકે કરીને કરવી કહી છે. કેમકે જે પુરૂષથી એક જોજન જેટલો માર્ગ ચાલી શકાય નહિ તેને એક ગાઉ પ્રમાણે માર્ગ ચાલવાનું કહેલ છે. ॥ ૨૫૫ ॥ હે બ્રહ્મન્! રૂદ્રાદિકોની પૂજાથી ઘણું થોડું ફળ પ્રાપ્ત થાય છે અને તે ભોગવવાથી ક્ષય પામે છે અને આત્માની પૂજાથી અખંડ તેમજ પ્રમાણ રહિત ફળ પ્રાપ્ત થાય છે. ॥ ૨૫૬ ॥ હે મુને! જે પુરૂષ અખંડ તથા સ્વાભાવિક ફળનો ત્યાગ કરીને અને નાશ થવાવાળાં ફળને ચાહે છે તે પુરૂષ કલ્પવૃક્ષનાં વનનો ત્યાગ કરીને કેરડાનાં વૃક્ષોનાં વનનાં ફળોની ઈચ્છા કરતા જાય છે. ॥ ૨૫૭ ॥ હે મુને! આત્મા દેવની પૂજામાં; જ્ઞાન—સમદૃષ્ટિ અને શાંતિ એ ત્રણ ઉત્તમ પુષ્પ કહેવાય છે. તેજ એક આત્મા શિવ છે—ચૈતન્ય માત્ર છે—નિર્મળ છે અને તેજ દેવતા છે. તેને સર્વત્ર વ્યાપ્ત થએલા જોવા તેજ તે દેવતાનું ધ્યાન છે. જે તે દેવતાની પૂજાને જાણે છે તે એવી રીતની પૂજા કરે છે. ॥ ૨૫૮ ॥ હે મહારાજ! શમ—બોધાદિ પુષ્પોથી આત્માની જે પુજા કરવાવાળા છે તેજ દેવને જાણે છે બાકી કાષ્ટ—પાષણની મૂર્તિઓની જે પૂજા છે તે કાંઇ દેવપૂજા નથી. ॥ ૨૫૯ ॥ હે મુનિરાજ! આત્માજ દેવતા છે અને જ્ઞાનજ તેની પૂજા વિધિ છે. એ પૂજાનો ત્યાગ કરીને જે પુરૂષ નામધારી, મૂર્તિવાળા દેવતાનું પૂજન કરે છે તે પુરૂષ ચિરકાળ પર્યંત ક્લેશને પાત્ર થાય છે. ॥ ૨૬૦ ॥ હે બ્રહ્મન્! જેઓએ પરમાત્માનું તત્વ

જાણેલું છે એવા જે સંતજનો છે તે પરમાત્મા વિના બીજા દેવતાનું પૂજન કરતા નથી અને કદાપિ કરે તોપણ તે બાળક છોકરાની રમત જેવું કરે છે. ॥ ૨૬૧ ॥ હે મુને! આત્માજ દેવતા છે, તેજ ભગવાન્—શિવ છે અને જગત્નું પરમ કારણ પણ તેજ છે. માટે તે જ્ઞાને કરીને પુજવા યોગ્ય છે. વળી તે સર્વદા જાણવા-સમજવા યોગ્ય છે. ॥ ૨૬૨ ॥ હે મહારાજ! તું; આ. આત્માને ચૈતન્યતાના આકાશ રૂપ જાણ, અવિનાશી જાણ, જીવ જાણ અને પોતાના સ્વભાવને સમજ. તેજ પુજન કરવા લાયક છે. તેમને જાણવું એજ તેમનું પુજન છે. ॥ ૨૬૩ ॥ હે બ્રહ્મન્! આ શરીર દેવતાનું મંદિર છે અને જીવજ **શિવ** રૂપી દેવતા છે. અજ્ઞાનરૂપી મળનો ત્યાગ કરીને **સોઽહં**ભાવથી પુજન કરવું. તે **સોઽહં**ભાવ એટલે "સः शिवः अहं" અર્થાત્ **તે શિવ હું છું**. ॥ ૨૬૪ ॥

ત્યારે **શ્રીવસિષ્ઠજી**એ પ્રશ્ન કર્યો કે:—હે મહારાજ! ચૈતન્યાકાશ એટલે શું? માયાનાં સ્વરૂપ મય આ જગત્ કેમ ભાસે છે? અને આત્માના પૂજનમાં આત્માને જીવાદિભાવ કેમ થાય છે? એ તમે મને કહો. તથા ચૈતન્ય અને ચૈતન્યનો આકાશ, આત્મા અને જીવ તેમજ ચૈતન્યની સત્તા અને જગત્ એ એક છે અથવા ભિન્ન છે? એ પણ કહો. ॥ ૨૬૫ ॥

શ્રીશંકર કહે છે કે:—હે બ્રહ્મન્! સર્વત્ર ચૈતન્યરૂપ આકાશ ભાસે છે તે પારાવારની મર્યાદાથી રહિત છે કે જેની ચૈતન્યતા પ્રલય કાળમાં શેષ રહે છે તથા આકાશ એટલે કે જેવી રીતે ઘરમાંથી સર્વ વસ્તુ કાડવાથી બાકી તેમાં આકાશજ રહે છે. તેવીજ રીતે માયા સહિત જગત્નો લય થવાથી આકાશની માફક એક ચૈતન્ય-

જ બાકી રહે છે. ॥ ૨૬૬ ॥ હે મુને ! જે જે સૂર્ય—ચંદ્રાદિ પોતેજ પ્રકાશમાન થાય છે તેનાં પ્રતિબિંબ, આકાશ પોતામાં થતાં નથી પણ જળાદિ ઉપાધિમાંથી પ્રતિબિંબ થાય છે. ॥ ૨૬૭ ॥ હે મુને ! આત્મા સ્વયંપ્રકાશ છે, માયા સંકલ્પરૂપ છે અને પ્રતિબિંબ જીવ છે. તેની આત્માના પ્રકાશથી જગતમાં સત્તા છે. ॥ ૨૬૮ ॥ હે મુને! એવીરીતે જગત્, સ્વપ્નનાં તથા સંકલ્પનાં નગર જેવું જણાય છે, તે ચૈતન્યના પ્રકાશથી જણાય છે અને એટલાજ માટે જગત્ ચૈતન્ય છે; પણ ચિત્રને જેમ દીવાલનો આધાર છે તેમ ભિન્ન નથી. ॥ ૨૬૯ ॥ હે મુનિ મહારાજ ! તે આત્મા ચૈતન્યવિકાર રહિત થવાથી તથા પ્રતિબંધ રહિત થવાથી તેમજ સંકલ્પદ્વારનાં સ્ફુરણે કરીને આકાશની માફક દેખાય છે તે ચિદાકાશ પોતાના ચેતવાથી સૃષ્ટિ આદિમાં પ્રકાશ થાય છે તેને જગત્ કહેવાય છે. ॥ ૨૭૦ ॥ હે મુને ! તે વાસ્તે સ્વપ્નનાં નગરની પેઠે અથવા સંકલ્પનાં નગરની પેઠે જે આ જગત્ આંહીં જણાય છે તેમાં ચિદાકાશથી બીજું કાંઇ નથી. ॥ ૨૭૧ ॥ હે મુને ! સૃષ્ટિ આદિથી જે કોઇ સ્વર્ગ-પાતાળાદિક સર્વે છે તે ચિદાકાશથી બિલકૂલ ભિન્ન નથી. જાણવાવાળા તત્વવેતાઓ કહે છે કે દેવતાઓ શીખે સર્વત્ર ચૈતન્ય માત્રજ છે. ॥ ૨૭૨ ॥ હે બ્રહ્મન્ ! એમાં ભેદ કાંઇ નથી. આકાશ છે, પરમાકાશ છે, બ્રહ્માકાશ છે, જગત્ છે, ચિત્ છે. એ સર્વે નામ ભેદ છે પણ વસ્તુ એકજ છે જેમકે એકજ બીજમાંથી સર્વે અંકુર—વૃક્ષ—બીજ—ફળ થાય છે. તેમ આ બીજ તેમાં એકરૂપજ છે. સર્વમાં એક છે—બે છે ઈત્યાદિક ભેદ કેવળ નામ માત્ર છે.॥૨૭૩॥હે મુને! જેવી રીતે અંતઃકરણનું જ્ઞાનરૂપી સ્ફુરણ આકાશ સ્વપ્નમાં જગ-

દ્રૂપે કરીને ભાસે છે તેવીજ રીતે જાગ્રત વિવિધ સ્વપ્નમાં તે સંવિ-
દનાં સ્ફુરણ રૂપી આકાશ જગત્ રૂપ જણાય છે. ॥ ૨૭૪ ॥ હે
મુને! એવીજ રીતે આ સંપૂર્ણ વિશ્વ કેવળ પરમાત્મા છે—બ્રહ્મ
છે—પરમાકાશ છે અને એજ સનાતન દેવ છે. ॥૨૭૫॥ હે મુને! તે
આત્મારૂપી દેવને જાણવો એજ તેનું પૂજન છે, એજ પરમ કલ્યાણ
છે અને એનાથીજ સર્વ શુભ પ્રાપ્ત થાય છે. તે આત્માજ સ્વર્ગા-
દિકનો મૂળ આધાર છેં તેમાં આ નાનાપ્રકારનું વિશ્વ સ્થિર છે.
॥ ૨૭૬ ॥ હે મુને! તે. પરમાત્મારૂપ દેવનાં પુજનથીજ અ-
ખંડ સુખ પ્રાપ્ત થાય છે. વળી તે દેવ કેવો છે કે:—કોઈ પણ
સાધન—સામગ્રીથી બની શકતો નથી, આદિ-અંતથી રહિતં છે
અને બહારનાં સાધન. જે કર્મ-ક્રિયાદિક છે તેથી સિધ્ધ થવા
વાળો નથી. ॥ ૨૭૭ ॥ હે બ્રહ્મન્! તું આત્મતત્વ જાણવામાં
સાવધાન છો તેટલા માટે તુંને આ સઘળું પ્રગટ કરીને કહ્યું છે.
તું મૂઢ લોકો જેવો નામધારી દેવતાનું પૂજન કરવા યોગ્ય નથી
કે જે પુષ્પ—ધૂપાદિકોની સામગ્રીનો સંગ્રહ કરવાથી (પૂજન)
બને છે તે વૃથા છે. ॥ ૨૭૮ ॥ હે મુને! જે પુરૂષ મૂઢ બુધ્ધિ-
વાળા છે તથા જેનું ચિત્ત બાળકોના જેવું છે તેને પુષ્પ-ધૂપા-
દિકથી નામધારી દેવતાની કૃત્રિમ પૂજા કરવી કહી છે. ॥૨૭૯॥
હે મુને! પોતાના સંકલ્પથી કરેલ જે પદાર્થ અને વિધાન—ક્રમ
છે તેથી નામધારી કૃત્રિમ દેવતાની પૂજાથી બાળક બુદ્ધિવાળા
પુરૂષો સંતોષ પામે છે. ॥ ૨૮૦ ॥ હે બ્રહ્મન્! તે મૂઢ પુરૂષો
પોતાના સંકલ્પથી રચેલ દ્રવ્યોથી દેવતાનું પૂજન કરે છે. પરન્તુ
જે દેવતાથી જે ફળ પામે છે તે મિથ્યા ફળ પામે છે પણ તેને

અખંડ સુખ મળતું નથી. ॥ ૨૮૧ ॥ હે મુને ! હાથ–પગ વિગેરેવાળા જે દેવતા, પૂજા કરવાને કલ્પેલા છે ત્યાં પોતાનાં ચૈતન્યના સંકલ્પનાં સ્ફુરણ વગર બીજો સાર શું છે? તે તમે કહો. ॥ ૨૮૨ ॥ હે મહારાજ ! સંસાર કેવળ ચૈતન્ય માત્ર છે, એનો સાર ચૈતન્યજ છે અને તેજ ચૈતન્આત્મા દેવ છે. તે સર્વરૂપ છે તેનાથીજ સર્વદા સુખ પ્રાપ્ત થાય છે. ॥ ૨૮૩ ॥ હે બ્રહ્મન્ ! તે દેવ દૂર નથી તેમજ કોઇને દુર્લભ પણ નથી. જેવી રીતે આકાશ સર્વ બ્રહ્માંડમાં વ્યાપ્ત છે તેવી રીતે તે દેવ સદા સંપૂર્ણ શરીરમાં ચૈતન્ય સત્તાથી વ્યાપેલ છે. ॥ ૨૮૪ ॥ હે મુને ! તે આત્માજ કર્મ કરે છે, તેજ ભોજન કરે છે, તેજ ધારણ કરે છે, તેજ ચાલે છે, તેજ શ્વાસ લે છે, તેજ અંતઃકરણથી સર્વે જાણે છે અને તેજ ત્વચાથી તમામ શરીરને સમજે છે. ॥ ૨૮૫ ॥ હે મુને ! જેવી રીતે વસંતરૂતુ, પુષ્પાંકુરાદિકોની ઇચ્છાથી રહિત છે તથાપિ સ્વભાવથી અંકુરોને પ્રગટ કરે છે તેવીજ રીતે ચિદાત્માની ઇચ્છા રહિતજ જગત્‌ની સંપત્તિ સ્વભાવિક પ્રગટ થાય છે. ॥ ૨૮૬ ॥ હે બ્રહ્મન્ ! કેટલાક એમ કહે છે કે આત્માની ઇચ્છાથી ભોગોને વાસ્તે સૃષ્ટિ થાય છે અને કેટલાક એમ કહે છે કે ચિદાત્માની ક્રિડાની ઇચ્છાથી સંકલ્પે કરીને સૃષ્ટિ થાય છે; પરન્તુ એ વિચાર અસત્ય છે. કારણ કે આત્મા ઇચ્છા રહિત છે, એને ભોગની તેમજ લીલાની કાંઈ પણ ઇચ્છા નથી. જેવી રીતે સૂર્યના ઊદય થવાથી સ્વાભાવિક પ્રકાશ થાય છે તેવીજ રીતે આત્માની સત્તાથી જગત્‌ની સૃષ્ટિ થાય છે. ॥ ૨૮૭ ॥ હે મુને !, જેવી રીતે શરદ્ રૂતુમાં નિર્મળ ચંદ્રમાનો સંગમ પામીને જગત્‌ના પદાર્થોની સોભા સર્વત્ર લક્ષિત થાય છે

તેવી રીતે ચૈતન્યરૂપી ચંદ્રમાનાં બિંબની સત્તાનો સંગમ પામીને જગત્‌ના પદાર્થોની સંપત્તિ ચૈતન્ય સત્તા વિશે સર્વત્ર લક્ષિત થાય છે તથા જગત્‌ના સંપૂર્ણ પદાર્થોની સંપત્તિ લક્ષિત થવાની ચૈતન્ય સત્તાજ આધાર બનેલી છે. ॥ ૨૮૮ ॥ હે મુને! જેમ રસાયનનાં જળ સિંચનથી લોઢાંના અનેક ભાર સુવર્ણ થાય છે તેમ ચૈતન્ય સત્તારૂપી રસાયનની વ્યાપ્તિથી જગત્‌નો પદાર્થ સમૂહ માળા સ્વરૂપથી જણાય છે અને આનંદ—પ્રેમ આદિ ફળને પ્રાપ્ત થાય છે. ॥ ૨૮૯ ॥ હે બ્રહ્મન્! જો તુને એવો સંદેહ થાય કે ચૈતન્ય સત્તા રસાયનની પેઠે વ્યાપ્ત થઇને પદાર્થ રૂપથી સ્ફુરે છે તો જડતા કેવી રીતે થઇ છે? કે જેમ જળમાં ડૂબેલ પદાર્થનું સૂકાવું થઈ શકતું નથી તેમ. એમાં સમાધાન કરવા વાસ્તે એવું દૃષ્ટાંત છે કેઃ- હે મુને! ચૈતન્યની છાયાથીજ જડતા પણ ઊદય થાય છે. જેમ મંદિરાદિક જે છે તે સૂર્યનાં તેજથી પ્રકાશમાન થાય છે તેની અંદર સ્તંભાદિક પણ સૂર્યનાં તેજથી પ્રકાશિત થાય છે પરન્તુ બાર સૂર્યનો પ્રકાશ પ્રગટ છે અને અંદર કાષ્ઠ--મૃતિકા--પાષાણાદિકોના પ્રતિબંધથી સૂર્યનું છાપરાંથી અંધારૂં થાય છે તેવી રીતે ચૈતન્ય સત્તાની વ્યાપ્તિથી શરીર—ઈંદ્રિયાદિક જણાય છે પરન્તુ દેહ—ઈંદ્રિયાદિક તથા ઘટ—પટાદિકોમાં ચૈતન્ય સત્તા, સ્પષ્ટ અનુભવમાં આવતી નથી. તેના અભ્યાસથી અંતઃકરણમાં જડતા થાય છે ॥ ૨૯૦ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજી** એ ફરી પ્રશ્ન કર્યો કેઃ— હે મહારાજ! તમે કહ્યું કેઃ—ચૈતન્ય સર્વ વ્યાપી છે તથા ચૈતન્ય સર્વગત છે અને ચૈતન્ય એક સરખું છે તો પછે ફરી આ શરીર ચૈતન્યમય છે તે

મૂર્છા–નિદ્રા અને મરણાદિકમાં જડ કેમ થાય છે? અને નેત્ર--શ્રવણાદિક થવાથી અંધા-બ્હેરાપણું કેમ થાય છે? ॥ ૨૯૧ ॥ વળી આ શરીરનો લોકો પ્રત્યક્ષ અનુભવ કરીને કહે છે કેઃ--આ શરીર આગળ ચૈતન્યવાળું હતું અને હવે જડથઈ ગયું છે. એવું કહેવું યોગ્ય નથી. કેમકે ચૈતન્ય સત્તાની વ્યાપ્તિથી જણાય છે કે તે ચૈતન્ય અવિનાશી છે અને નિર્વિકાર છે તેમજ સદા એક રસ છે. ॥ ૨૯૨ ॥

શ્રી શંકરે પ્રતિ ઊત્તર આપ્યો કેઃ—હે બ્રહ્મન્! તેં જે આ પ્રશ્ન કર્યો છે તેનો હું ઊત્તર આપું છું તે સર્વે તું સાંભળ. તેં આ ઘણો મોટો પ્રશ્ન કર્યો છે કેમકે બ્રહ્મવેત્તા પુરૂષોમાં તું શ્રેષ્ઠ છો. ॥ ૨૯૩ ॥ હે મુને! આ શરીરમાં ચૈતન્યસત્તા વ્યાપેલ છે તેમજ સર્વ ભૂતોમાં પણ વ્યાપેલ છે, તેના બે પ્રકાર કહ્યા છે. એક ચળાયમાન કહેલ છે તથા એક પરા કહેલ છે તે અચળ છે. જે ચળાયમાન છે તે શરીર-ઈંદ્રિયાદિક પદાર્થોમાં આસક્ત થએલ છે, જેવી તેની ઊપાધિથી જ્ઞાતા, જ્ઞાનકર્ત્તા અને ભોક્તા ઈત્યાદિ સ્વભાવવાળી કહેલ છે. તથા જે પરાચિત્ છે. તે નિર્વિકાર છે. એવીરીતે ચિત્તના ઊપાધિક ભેદથી ચળ સ્વભાવ કહેલ છે.॥૨૯૪॥ હે બ્રહ્મન્! જેવીરીતે સુંદરશીળવાળી સ્ત્રી પોતાના મનના સંકલ્પથી પરપુરૂષના સંયોગનું ધ્યાન કરીને સ્વપ્નાદિકમાં વ્યભિચારિણીના સ્વભાવનો અનુભવ કરે છે. તેવીરીતે તે ચળસ્વભાવ ચૈતન્યસત્તા બુદ્ધિમાં પોતના મનના સંકલ્પથી પોતેજ રૂપાંતર પામે છે ને સ્થિર થાય છે. ॥ ૨૯૫ ॥ જેમ કોઈ પુરૂષ ક્રોધે કરીને ક્ષણમાં બીજાના જેવો થાય છે તેમ આ ચૈતન્યસત્તા પોતાના સંકલ્પ-વિકલ્પથી બીજાના

સ્વભાવ જેવી થાય છે પરન્તુ પોતાના ખાસ સ્વભાવનો ત્યાગ કરતી નથી. ॥ ૨૯૬ ॥ હે મુને! તે ચૈતન્યસત્તાજ પોતાનાં મનના સંકલ્પથી. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચભૂત, દેશ, કાળ, ચૌદભુવન અને સપ્ત દ્વીપ તેમજ એક ક્ષણથી લઇને વર્ષ, યુગ, કલ્પાદિ પ્રમાણ વાળી થઈને પોતેજ જીવવાળી બનીને બુદ્ધિ, મન, ચિત્ત તથા ઈંદ્રિય—શરીરરૂપ થાય છે. ॥ ૨૯૭ ॥ હે મુને ! જેમ ઊત્તમ બ્રાહ્મણ, પોત્તાને ચંડાળ માનવાથી ચંડાળરૂપને પ્રાપ્ત થાય છે તેમ તે ચળસ્વભાવ ચૈતન્યસત્તા મનથી થઈ ને સંસારનું અવલંબન કરે છે. ॥ ૨૯૮ ॥ હે બ્રહ્મન્ ! તે ચળસ્વભાવ ચૈતન્યસત્તા અનંત સંકલ્પવાળી છે, પોતાની જડતાના સંકલ્પોથી સ્થૂળરૂપ થાય છે અને તે જડ સંકલ્પથી મોહમાં પ્રાપ્ત થાય છે કે જેમ જળ ઘણાં શીતળતાથી પત્થર ભાવને પામે છે તેમ. ॥૨૯૯॥ હે મુને ! જેવીરીતે કોઈ પુરૂષ નિર્જળસ્થાનમાં, વનમાં તથા અંધારાંમાં પોતાના સંકલ્પથી કલ્પેલ ભૂતના ભયથી ભાગીજાય છે તેવીરીતે તેજ ચૈતન્યસત્તા પોતાના સંકલ્પથી થએલ ભયદૃષ્ટિથી બ્હીને ભાગી જાય છે. ॥ ૩૦૦ ॥ હે બ્રહ્મન્ ! જેમ ઊંટડી કાંટાવાળાં તથા કડવાં પાંદડાં ચાવે છે અને તેને ઘણાં મીઠાં સમજે છે તેમ તે ચૈતન્યસત્તા દુઃખમય વિષયોને સુખરૂપ સમજે છે. ॥૩૦૧॥ હે મુને! જેવીરીતે ગધેડી પોતાનાજ શબ્દથી ભયભીત થઈને ભાગી જાય છે તેવીરીતે તેજ ચૈતન્યસત્તા પોતાના સંકલ્પોથી ભયભીતથાય છે. હે મુને! તેના જેવું બીજું મુઢત્વ કોઇ નથી, બાળ સ્વભાવ પણ કોઇ નથી, ચંચળતા પણ કોઇ નથી અને નિર્બળતા પણ કાંઈ નથી. ॥ ૩૦૨ ॥ હે મુને ! વળી તેજ પોતાને

દુઃખી માનીને જૂઠા વિષયસુખોનો સંગ્રહ કરે છે, જાણે તે સ્વપ્નામાં છે, જાણે મદોન્મત્ત છે તથા જાણે મોહથી મૂર્છિત થઇ છે. ॥ ૩૦૩ ॥ હે મુને! જેવી રીતે પત્થરમાં તેલ નથી. કર્ત્તા-કર્મ કે ક્રિયા પણ નથી, જેવી રીતે ચંદ્રમાંમાં શ્યામતા નથી, પ્રમાણ કરવાવાળા પ્રમાણ યોગ્ય અને પ્રમાણ ભેદ પણ નથી, અને જેવી રીતે આકાશમાં અંકુર ઊગતાં નથી તેવી રીતે આ ચૈતન્યસત્તા પોતાના મનના સંકલ્પની ઉપાધિથી એવી રીતના ચંચળ સ્વભાવવાળી થએલ છે અને ખરેખર વિચાર કરીએ તો એમાં દશ્ય-દર્શન અને દષ્ટા એવા કાઇ પણ પ્રકારના ભેદ નથી. ॥ ૩૦૪ ॥ જેવી રીતે સ્વર્ગના નંદન બાગમાં ખેરનું ઝાડ થતું નથી, હું-તું એવા ભેદો બીજા પુરૂષોમાં નથી, અંબરમાં પર્વત ભાવ થતો નથી, શરીર રહિત તથા શરીર સહિત એવા ભેદ પણ નથી અને જેમ કાજળમાં શંખના જેવી શ્વેતતા થતી નથી તેવી રીતે ચેતના-ચેતવા યોગ્ય અને ચેતન કરવાવાળાના ચૈતન્યસત્તામાં ભેદ પણ નથી. ॥ ૩૦૫ ॥ જેવી રીતે અણુમાં મેરૂપર્વતતા નથી તેમજ શબ્દ તથા શબ્દના અર્થનો ભેદ નથી, રેતીમાં લતા થતી નથી તેમજ અસ્તિ-નાસ્તિનો ભેદ નથી, સૂર્ય મંડળમાં રાત્રિ થતી નથી તેમજ અન્ય વસ્તુ-અનહી વસ્તુનો ભેદ પણ નથી, ઝાકળમાં ઉષ્ણતા નથી તેમજ શૂન્યતા તથા અશૂન્યતાનો ભેદ પણ નથી અને આકાશમાં મહાકાશ નથી તેવી રીતે ચૈતન્યસત્તામાં અનેક રૂપતા તથા એક રૂપતાનો ભેદ નથી. ॥૩૦૬॥ હે બ્રહ્મન્! જે નિર્વિકલ્પ ચૈતન્યસત્તા છે તે સર્વગત છે, એક સ્વભાવ છે, નિર્મળ છે, સર્વને પ્રકાશ કરે છે અને સર્વ તેજોને

મશાલની માફક તેજ કરવાવાળી છે. ॥ ૩૦૭ ॥ જે નિર્વિકલ્પ ચૈતન્યસત્તા છે તે પોતેજ ચેતવાથી ચિદ્દભાવ પામે છે અને જેમ સાધુ પુરૂષ દુષ્ટ જનોના સંગથી અસાધુ જેવા થાય છે તેમ તેજ ચળ સ્વભાવવાળી ચૈતન્યસત્તા ચિત્ત થએલ છે. ॥ ૩૦૮ ॥ જેવી રીતે સુવર્ણ તપાવવાથી ત્રાંબાની માફક મળ રહિત થઇ શુદ્ધ થાય છે તેવી રીતે તે નિર્વિકાર ચિત્સત્તા ઊપાધિથી વિકાર યુક્ત જણાય છે અર્થાત્ ઊપાધિ વિના તે શુદ્ધ ચિત્સત્તાનો અભાવ જાણવાથી સંસાર પ્રતીત થાય છે અને કેવળ શુદ્ધ ચિત્સત્તા જાણવાથી અસત્ય રૂપ સંસાર શાંત થાય છે. ॥ ૩૧૦ ॥ હે બ્રહ્મન્! આ ચિત્સત્તાને સંસાર દશામાં ચલાવવાનો જીવભાવ રથરૂપ છે, જીવને સંસારમાં પ્રાપ્ત કરવાનો અહંકાર રથરૂપ છે, અહંકારને બુદ્ધિ રથરૂપ છે, બુદ્ધિને મન રથરૂપ છે, મનને ઈંદ્રિઓના ગણ રથરૂપ છે, ઈંદ્રિય ગણને પ્રાણ રથરૂપ છે અને પ્રાણને સ્થૂળ દેહનો અશ્વ–વૃષભાદિકોથી ચલાવવાવાળો કાષ્ટ રચિત રથ છે. ॥ ૩૧૧ ॥ હે મુને! આ રથની ગતિ કર્મ છે અને જરા તથા મૃત્યુ તેનાં પિંજરાંરૂપ છે. એવી રીતે આ ચક્ર પ્રવૃત્ત થાય છે. ॥ ૩૧૨ ॥ હે મુને! આ સંસાર ચક્રનો મુખ્ય રથ પ્રાણજ કહેલ છે. તથા મનના સંકલ્પ–વિકલ્પનો મૂળ રથ પ્રાણ છે તેમજ પ્રાણથી પ્રવૃત્ત થાય છે. જ્યાં પ્રાણ પવન છે ત્યાંજ મન પ્રવૃત્ત થાય છે. આ જીવરૂપી પક્ષીને જરા–મરણમાં ભમાવવાવાળું ચક્ર છે. ॥૩૧૩॥ હે મુને! પવન સંકલ્પ વિના આકાશમાં લીન તથા સંકલ્પ રહિત થવાથી પ્રાણ પણ પ્રવૃત્ત થતા નથી. જેમ તેજનો અભાવ થવાથી રૂપ જોવાઈ શકાતું નથી. ॥ ૩૧૪ ॥ હે મુને! ચિત્તનાં સ્ફુરણથી તથા

પ્રાણની નાડિઓમાં પ્રવૃત્ત થવાથી મન દ્વિગુણપણાને પામીને પ્રાણમાર્ગમાં પ્રવૃત્ત થાય છે. ॥૩૧૫॥ હે બ્રહ્મન્ ! તે ચિત્સત્તા ચિત્તમાં જ્ઞાન રૂપથી સ્ફુરણ થાય છે વળી તે આ શરીરમાં સર્વત્ર છે. પ્રાણ પ્રવૃત્ત થવાથી ક્ષોભને પ્રાપ્ત થવાનો અનુભવ થાય છે. ॥ ૩૧૬ ॥ હે બ્રહ્મન્ ! પરમાત્માને શરીરરૂપી ગાડિઓ ખેંચવા નિમિત્તે મન અને પ્રાણ દૃઢકામ કરવાવાળા જોતરવાના બળદના સ્થાનમાં અધિકારી કરેલ છે. ॥ ૩૧૭ ॥ હે મુને ! સૂક્ષ્મ શરીર પવનરૂપ થઇને ઉઠાવે છે, હૃદયમાં સ્થિર છે અને ભૂતની માફક ભમાવે છે ત્યારે શરીરને જીવતું કહે છે. ॥ ૩૧૮ ॥ હે મુને ! જ્યારે સૂક્ષ્મ શરીર ક્ષીણ થાય છે અને ચિત્ત શૂન્ય થઇ જાય છે ત્યારે આ શરીરને મરી ગયું એમ કહે છે. ॥ ૩૧૯ ॥ હે મુને ! એવી રીતથી અનેક દેહધારીનાં દેહ જન્મ—મરણ પાંમે છે તેમાં શોક અને આશ્ચર્ય માનવાનું કાંઇ કારણ નથી. ॥ ૩૨૦ ॥ હે બ્રહ્મન્ ! ચૈતન્ય સત્તારૂપ સમુદ્રમાં આ અનેક શરીરરૂપી પરપોટા સ્ફુરે છે, તે એવા તથા આ શરીરથી વિલક્ષણ થાય છે. તેમાં વિચારવાન્ પુરૂષો અહંતા તથા મમતા કરીને શોક—હર્ષ કરતા નથી. ॥ ૩૨૧ ॥ હે મુને ! જેમ મનના મનોરથોની રચના છે અને જેમ ગંધર્વ નગર સ્ફુરાયમાન થાય છે પણ વાસ્તવિક રીતે જાણવાથી તેનો લય થઈ જાય છે તેમ જે પદાર્થ પોતાના સંકલ્પથી રચેલો છે તે સંકલ્પનો ત્યાગ કરવાથી તેનો ક્ષય થઈ જાય છે. ॥ ૩૨૨ ॥ હે મુનિરાજ ! જેવી રીતે સંકલ્પ કરવામાં ખેદ થાય છે તેવી રીતે સંકલ્પનો ત્યાગ કરવામાં ખેદ થતો નથી. સંકલ્પથી કરેલ યક્ષ તથા ગંધર્વ નગર એ બન્ને સંકલ્પથી ઉદય થાય છે અને સંકલ્પનો ક્ષય

થવાથી તે રહેતાં નથી. ॥ ૩૨૩ ॥ હે મુને! મનનો સંકલ્પ કેવળ પુષ્ટ થવાથી આ સંસાર દુઃખ રૂપ જણાય છે. પરંતુ તે સંકલ્પનો ક્ષય કરવામાં શું દુઃખ છે? કાંઇ પણ નહિ. ॥ ૩૨૪ ॥ હે મુને! મનુષ્ય થોડોજ સંકલ્પ કરવાથી દુઃખમાં મગ્ન થઇ જાય છે અને કિંચિત્ માત્ર પણ સંકલ્પ કરે નહિ તો અખંડ સુખ પામે છે. ॥ ૩૨૫ ॥ હે મુને! જ્યાં સુધી તારી બુદ્ધિ સંકલ્પરૂપી અજગર-સર્પથી છુટી નથી ત્યાં સુધી તુને કલ્પવૃક્ષોના બગીચામાં પણ આનંદ થશે નહિ. ॥ ૩૨૬ ॥ હે બ્રહ્મન્! જેવી રીતે પવનના વેગથી વર્ષાઋતુનાં વાદળાં ઊડી જાય છે અને શરદૃઋતુમાં આકાશ નિર્મળ થાય છે તેવી રીતે તું પણ વિવેકરૂપી પવનવેગથી પોતાના સંકલ્પરૂપી વાદળાંને ઊડાવીને પરમ નિર્મળતાને ધારણ કર. ॥ ૩૨૭ ॥ હે મુને! સંકલ્પોની નદી ઘણા પ્રચંડ પ્રવાહવાળી છે તેને વિવેક વાળું મન કરીને સુકાવી તેમાં વહી જતા પોતાના આત્માને સાવધાન કરી મનના સંકલ્પોથી રહિત થા. ॥ ૩૨૮ ॥ હે બ્રહ્મન્! આ તારૂં મન સંકલ્પરૂપી પવ નથી સૂકાં તથા જૂનાં પાંદડાં તથા તૃણ સમાન ઊડે છે તેનો ત્યાગ કરીને અને ચૈતન્યરૂપ આત્માનો આશ્રય કરીને સ્વસ્થ થા. ॥ ૩૨૯ ॥ હે મુને! જેવી રીતે સંકલ્પનો ઊદય થવાથી ગંધર્વ નગર સ્ફુરાયમાન થાય છે, અને સંકલ્પનો આભાસ ક્ષય થવાથી ક્ષીણ થાય છે તેવી રીતે સંસારનો ભ્રમ સંકલ્પના ઊદયથી સ્ફુરાયમાન થાય છે અને સંકલ્પનો લય થવાથી લીન થઇ જાય છે. ॥ ૩૩૦ ॥ હે મુને! તમે એવી ભાવના કરો કે "હું એક અદ્વિતીય આત્મા છું" અને એવી ભાવના યુક્ત થાઓ તો પછે તમે કેવળ આત્માજ છો.

॥ ૩૩૧ ॥ હે મુનિરાજ ! જે કાંઇ સ્થૂળસૂક્ષ્મ—જડ—ચૈતન્ય આદિ પ્રત્યક્ષ તથા પરોક્ષ દેખાય છે—સાંભળવામાં આવે છે તેમજ મન—વચન તથા કહેવા--ચિંતવવામાં આવે છે તે સંપૂર્ણ એક અદ્વિતીય શિવરૂપ છે. વળી તે શાંત છે, વાણીથી કહેવામાં પર છે, ૐકારની ચોથી માત્રા છે અને તેજ પરમ ગતિ છે. ॥ ૩૩૨ ॥

શ્રી વાલ્મીકિજી ભરદ્વાજ પ્રતિ કહેવા લાગ્યા કે:—હે ભરદ્વાજ ! **શ્રી શંકર** એટલાં વચન કહીને તે પછે પરમ પદમાં વિશ્રાંતિ પામીને મૌન ધારણ કરવા લાગ્યા. **શંકર** કેવા છે કે ? નિર્મળ જ્ઞાન દષ્ટિ યુક્ત છે અને પરમપદ સર્વ વિકારના પરિણામથી પર છે. ત્યારબાદ શાંત શબ્દ છે નામ જેનું એવા જે **સદાશિવજી** તે **વસિષ્ઠજી** સહિત સ્થિર થયા. ॥ ૩૩૩ ॥

શ્રી રામચંદ્રને વસિષ્ઠજીએ કહ્યું કે:--હે રામચંદ્ર ! પછે **સદાશિવજી** ક્ષણ માત્ર ધ્યાનમાં મગન થઇને નેત્ર કમળોનું નિમીલન કરવા લાગ્યા અને પરમપદના આનંદમાં સ્થિર થઇને મારા તરફ દૃષ્ટિ કરીને જોવા લાગ્યા ત્યાર બાદ મને વચન કહેવા લાગ્યા. ॥ ૩૩૪ ॥

શ્રી શંકર કહે છે કે:—હે બ્રહ્મન્ ! જેવી રીતે પવન પોતાના વેગથી પુષ્પોની સુગંધ લે છે તેવી રીતે તું પોતાના સંકલ્પાદિકાનો ત્યાગ કરીને આત્મસત્તાનું મનમાં પ્રમાણ કરતાં આત્મસત્તાનો અર્થ જાણીને ધારણ કર અને અનર્થરૂપી સંકલ્પોનો ત્યાગ કર. ॥ ૩૩૫ ॥ હે મુને ! પરમાત્મા; વિચાર કરીને શાંત થએલા સંકલ્પો તથા અશાંત થએલા સંકલ્પોનો પરિત્યાગ કરે છે. તેથી તું બુદ્ધિવાળો થઇશ અને આત્મસ્વરૂપને જોવાવાળો થઇશ. એમાં

કાંઇ સંશય નથી. ॥ ૩૩૬ ॥ હે મુને! જેવી રીતે સમુદ્રમાંથી જળનાં બિંદુ પ્રગટે છે તેવી રીતે બ્રહ્મા-વિષ્ણુ અને હરથી લઇને જે જે દેવતાદિકો છે તે તે સર્વે પરમાત્માથીજ પ્રગટ થએલા છે. ॥ ૩૩૭ ॥ હે મુને! તે સર્વેજ ભ્રમ માત્ર સ્વરૂપ છે અને પરમાત્માથી પ્રગટ થએલા છે તથા સ્થિર છે તથાપિ ભ્રમનાં બીજ તેમજ સંસારરૂપી કલ્પનાની જાળના કર્ત્તા છે. ॥ ૩૩૮ ॥ હે મુને! એ અવિદ્યા પરમાકાશમાં હજારો તરેહથી ઊદય થાય છે. વળી તે વેદ અને વેદના અર્થના ભેદવાળી છે તથા યથાર્થ અને અયથાર્થની ભેદ બુદ્ધિથી જીવોને બંધન કરવાવાળી મોહ જાળના જડોની માળા છે. ॥ ૩૩૯ ॥ તેટલા માટે એ અવિદ્યા અંત વગરની છે, વારંવાર ઊદય થાય છે અને પોતાના દેશ કાળને સિદ્ધ કરે છે. એનો ક્રમ કેવળ નામ માત્રથી કહેલ છે. ॥ ૩૪૦ ॥ હે બ્રહ્મન્! જેમ પાંદડાંઓનું મૂળ કારણ મહા વૃક્ષ છે તેમ પરમાત્મા પરમેશ્વર જે છે તે બ્રહ્મા-વિષ્ણુ અને રૂદ્રાદિકોના પ્રગટ કરનાર પિતા છે, તત્વવેત્તા પુરૂષોએ માનેલ છે અને તેજ મૂળનું બીજ છે. ॥ ૩૪૧ ॥ તે પરમાત્મા સૂર્યની માફક સ્વયંપ્રકાશ છે, સર્વને સત્તા આપવાવાળો છે, તત્વવેત્તા પુરૂષોને તે વંદન કરવા યોગ્ય છે તથા પૂજવા યોગ્ય છે, તત્વવેત્તાને સદૈવ પ્રત્યક્ષ છે, ટુંકામાં વાસ્તવિક વિષય તેજ છે અને સર્વકાળમાં સર્વત્ર ઉદય થએલ છે. ॥ ૩૪૨ ॥ હે મુને! નથી તેનું આવાહન કે નથી તેનો કોઇ મંત્ર અને નથી તેની કોઇ પણ પુજાની યોગ્ય વિધિ. પરમાત્માનું સદૈવ આવાહનજ બનેલું છે જે કારણથી તે સર્વવ્યાપી છે, સર્વાંતરયામી છે, સર્વત્ર પ્રાપ્ત થવાવાળો છે અને પોતેજ ચૈતન્ય

રૂપ છે. ॥ ૩૪૩ ॥ હે મુને! તત્વવેત્તા પુરૂષ જે જે દશાને પામે છે તે તે દશામાં આનંદરૂપ આત્માનાં સ્વરૂપને પ્રાપ્ત થાય છે. જે કાંઇ રૂપેથી કરીને જોવામાં આવે છે, સાંભળવામાં આવે છે તથા મનના સંકલ્પમાં આવે છે તે સર્વે પરમાત્મા સ્વરૂપ છે. ॥૩૪૪॥ હે બ્રહ્મન્! તત્વવેત્તા પુરૂષ આ પરમાત્માનાં સ્વરૂપને સર્વત્ર દેખીને સદા સુખી થાય છે. તે સ્વરૂપ જન્મ—જરા—મરણ—શોક—ભયને દૂર કરવાવાળું છે. તે પુરૂષને બીજની માફક અગ્નિમાં ભુંજે તો ફરી જન્મનો અંકુર પામતો નથી. ॥ ૩૪૫ ॥ હે મુને! તે પરમાત્મા દેવ તત્વવેત્તા પુરૂષને સદા પોતાનો આત્મા જાણે છે અને બહાર તથા બ્રહ્માંડની અંદર પોતાના હૃદયમાં સર્વકાળ અનેક પ્રકારના ક્રમથી પુજાય છે. ॥ ૩૪૬ ॥ હે મુને! હે મહાબુધ્ધે! બહાર સ્થૂળ મૂર્તિમાં જ્યાં સુધી અને જે પ્રકારથી તે દેવ પુજાય છે તેને પણ તું મ્હારાથી સાંભળ ॥ ૩૪૭ ॥ હે મુને! તે જે પુજાનો ક્રમ છે તે વાસ્તે તે સર્વેનાં દેહરૂપી મંદિર પવિત્ર જોઇએ. તે માટે શરીરમાંથી મમતા—અહંકારનો ત્યાગ કરીને તે પરમાત્માદેવ પુજવા યોગ્ય છે. ॥ ૩૪૮ ॥ હે મુને! તે આત્માનું ધ્યાન કરવું એજ તેનું પુજન છે બીજો કોઇ પણ પુજન કરવાનો ક્રમ નથી. માટેજ ત્રૈલોક્યના આધારરૂપી આત્માનું નિત્યજ ધ્યાન કરી પુજન કરવું. ॥ ૩૪૯ ॥ હે મુને! તે દેવ સર્વત્ર ચૈતન્યરૂપ છે, સર્વત્ર લક્ષિત કરવા યોગ્ય પ્રકાશ સ્વરૂપ છે, સર્વને પ્રકાશ કરવાવાળો છે અને સર્વના અંતઃકરણમાં અંતર્યામી રૂપથી ચિદાત્મા પ્રકાશે છે. જેથી તે ચિદાત્મા અહંકાર શરીરાદિકમાં સર્વના સારરૂપ બનેલ છે, તેની સત્તાથી અહંકારાદિક શરીરાદિકમાં વર્ત્તમાન

છે અને તેજ સર્વનો સાર છે. ॥ ૩૫૦ ॥ હે બ્રહ્મન્! તે મર્યાદા રહિત પરમ આકાશરૂપ છે, અતિ વિસ્તારથી પૃથ્વી આકાશમાં પરિપૂર્ણ છે અને સર્વને નીચે પાતાળરૂપી આકાશમાં જેનાં ચરણ-કમળ છે. ॥ ૩૫૧ ॥ હે મુને! અંતથી રહિત છે, દશ દિશા મંડળમાં પરિપૂર્ણ થએલ છે અને જેનું ભુજામંડળ નાના પ્રકારથી જોતાં મોટા પ્રમાણવાળું છે તેમજ જેણે મહાતેજવાળાં શસ્ત્ર ગ્રહણ કરેલાં છે. ॥ ૩૫૨ ॥ હે મુને! જેના હૃદયકમળના એક ખુણામાં અનેક બ્રહ્માંડોનો સમૂહ પોતાથીજ સ્થિર છે, પ્રકાશ કરવાનું પરમ કારણ છે, આકાશની માફક મર્યાદાથી રહિત છે અને જેનું સ્વરૂપ ઉદાર છે. ॥ ૩૫૩ ॥ હે મુને! જેને નીચે--ઉપર --ચારે દિશામાં અને ચારે વિદિશામાં નિરંતર બ્રહ્મા—ઈંદ્ર—વિષ્ણુ અને શિવાદિક દેવતાના ગણથી શોભાયમાન છે. ॥ ૩૫૪ ॥ આ જેટલી બ્રહ્માંડમાં ભૂતોની મંડળી છે તે સર્વે તેની રોમમાળા છે અને નાના પ્રકારનાં સ્વરૂપ કરવાવાળી તેમજ ત્રૈલોક્યને બંધન કરવાવાળી તેની અનેક ઈચ્છાશક્તિ—ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિથી લઇને સર્વે શક્તિઓ જાણવી. ॥ ૩૫૫ ॥ હે મુને! એ સર્વનો પરમ દેવ છે, સંતજનોને એ સદા પુજનીય છે, ચૈતન્ય સત્તા-માત્રથી અનુભવ સ્વરૂપ છે, સર્વ ગત છે, સર્વનો આધાર છે અને ઘડામાં, વસ્ત્રમાં, ખાડામાં, ગુફામાં, ગાડીમાં અને મનુષ્યમાં સત્તાએ કરીને સ્થિર છે. ॥ ૩૫૬ ॥ એજ શિવ છે, એજ રૂદ્ર છે, એજ બ્રહ્મા છે, એજ વિષ્ણુ છે, એજ ઈંદ્ર છે, એજ કુબેર છે, એજ યમ છે અને એજ ટુંકામાં અનેક પ્રકારની નામ—સંજ્ઞાનો આધાર છે તથા આ શરીર કેવળ સત્તા માત્ર છે. ॥ ૩૫૭ ॥ હે

મુને! સંપૂર્ણ જગત્‌ની જાળને વિવર્જિત કરવાવાળો છે, કાળ ભગવાન્ એના દ્વારપાળ છે અને આ પર્વતોથી માંડીને ચૌદ ભુવનોથી યુક્ત સંપૂર્ણ બ્રહ્માંડ મંડળ એના શરીરના એક કિનારામાં સ્થિર છે અને તેના એક અંગના અંશ માત્રને પ્રાપ્ત થએલ છે. ॥ ૩૫૮ ॥ હે મુને! તે દેવનું એવા પ્રકારે ચિંતવન કરતાં અનેક કર્ણ—નેત્ર યુક્ત છે, અનેક શિર યુક્ત છે, અનેક ભુજાથી શોભિત છે, સર્વત્ર જોવાની શક્તિ યુક્ત છે, સર્વત્ર સુંઘવાની શક્તિ યુક્ત છે, સર્વત્ર સ્પર્શની શક્તિ યુક્ત છે, સર્વત્ર રસગ્રહણની શક્તિ યુક્ત છે, સર્વત્ર શાસ્ત્રની શક્તિ યુક્ત છે, સર્વત્ર શાસ્ત્ર શ્રવણની શક્તિ યુક્ત છે અને સર્વત્ર મનન શક્તિ યુક્ત છે. ॥ ૩૫૯ ॥ સર્વ પ્રકારની મનની મનનક્રિયાથી પર છે, સર્વ પ્રકારના મનના પરમાનંદરૂપ છે, સદૈવ સર્વનો કર્તા છે, સંપુર્ણ સંકલ્પનાં ફળને આપવાવાળો છે, સર્વ ભૂતોની અંતઃકરણની અવસ્થામાં સ્થિર છે અને સર્વને સર્વ પ્રકારનાં સાધન કરવાવાળો છે. ॥ ૩૬૦ ॥ હે બ્રહ્મન્! એવી રીતના તે દેવનું ધ્યાન કરીને ત્યારબાદ વિધિથી પુજન કરવું. તેની પુજાનું વિધાન; બ્રહ્મવેત્તા પુરૂષોમાં શ્રેષ્ટ એવા તમે મહારાથી સાંભળો: આ દેવ પોતાનાં સ્વરૂપને જાણવા માત્ર સ્વરૂપ છે, તે પુષ્પ—ધૂપાદિકોથી પુજાતો નથી તેમજ દીપથી, અન્નદાનાદિકોથી તથા ચંદન—કેશર—કસ્તૂરી આદી લેપનથી પણ પુજાતો નથી. ॥ ૩૬૧ ॥ હે મુને! નિત્ય ક્લેશરહિત થઈને અમૃતરૂપ પોતાનાં આત્મસ્વરૂપના લાભથી પુજાય છે, એજ એનું પરમ ધ્યાન છે અને એજ એની પુજા કહેલ છે કે જે નિરંતર અંતઃકરણમાં ચૈતન્યમાત્રને જાણવું. ॥ ૩૬૨ ॥ હે મુને! તત્વવેત્તા પુરૂષ દેખે

છે, સાંભળે છે, સ્પર્શ કરે છે, સુંઘે છે, ભોજન કરે છે, ચાલે છે, શયન કરે છે, શ્વાસ લે છે, બોલે છે, ત્યાગ કરે છે, ગ્રહણ કરે છે, સંપૂર્ણ કર્મ કરતાં શુદ્ધ ચૈતન્ય માત્ર થાય છે, એવાં ધ્યાનરૂપી અમૃતથી પૂર્ણ થાય છે અને પોતાના આત્માને ઇશ્વર સમજે છે. ॥ ૩૬૩ ॥ હે મુને! એવાં ધ્યાનરૂપી અમૃતના સ્વાદ યુક્ત થવાથી અને પુષ્પો—ધૂપાદિકથી રહિત થવાથી આત્માસ્વરૂપની પુજા થાય છે. ॥ ૩૬૪ ॥ હે મુને! ધ્યાન કરવું, અર્ધ્ય દેવા, પાદ્ય દેવું એ સર્વે શુધ્ધ ચૈતન્યને સમજવું. ધ્યાન કરવું એ આ પુજાનું પુષ્પ છે, એજ આ સંપૂર્ણ ધ્યાનોથી પર એવું ધ્યાન છે અને સમસ્ત ક્રિયા તે દેવને અર્પણ કરવી એજ પુજન છે. ॥ ૩૬૫ ॥ હે બ્રહ્મન્! એવાં પુજન વગર તે દેવ કદાચિત્ પણ પ્રાપ્ત થતો નથી, તેનાં ધ્યાનથી પુરૂષ પરમાનંદરૂપી પ્રસાદ પામે છે અને સંપૂર્ણ ભોગ—સુખોની સંપત્તિને પ્રાપ્ત થાય છે. ॥ ૩૬૬ ॥ હે મુને! આ જીવરૂપી દેવતા શરીરરૂપી ઘરમાં એવા ધ્યાનથી આનંદ ભોગવે છે, એવીરીતે ક્ષણમાત્ર પણ આત્માનું પુજન કરવાથી તે મૂઢ પુરૂષ પણ ગૌદાનનું ફળ પામે છે અને જો બેઘડી સુધી પુજન કરે તો અશ્વમેધ યજ્ઞનાં ફળને ભોગવે છે. ॥ ૩૬૭ ॥ હે મુને! તેમજ જો તેની ધ્યાનથી કરીને પુષ્પાદિકથી માનસિક પુજા એક ઘડી માત્ર કરે તો રાજસૂય યજ્ઞનું ફળ પામે છે, મધ્યાન્હ કાળ સુધી પુજન કરેતો લક્ષ રાજસૂય યજ્ઞનાં ફળને ભોગવે છે અને આખો દિવસ પુજા કરે તો પરમપદ પામે છે. એજ પરમ યોગ છે અને એજ પરમ ક્રિયા છે. ॥ ૩૬૮ ॥ હે મહારાજ! એ સર્વે તમામ બાહ્ય પુજનનો વિધિ ઊત્તમ રીતે કહ્યો છે તે પરમ પવિત્ર છે અને અવિદ્યાનો

અંત લાવવાનું તે પરમ કારણ છે. એમ કરીને જે પુરૂષ અવિદ્યાને તરી જાય તે પુરૂષને; સંપૂર્ણ દેવતા, અસુર, યક્ષ, ગંધર્વ અને મનુષ્યોના સમૂહને મ્હારૂં સ્વરૂપ જાણીને પુજન કરવું. ને તેમ કરનાર પુરૂષને પરમદને પામેલો સમજવો. ॥ ૩૬૯ ॥ હે મુનિમાં ઊત્તમ! જે પવિત્ર પુજન કરવાવાળા છે તેથી પણ આ પૂજન પવિત્ર સમજવું પરન્તુ જે સંપૂર્ણ પાપ તથા અવિદ્યાના અંધકારનો ક્ષય કરવાવાળુ પુજન છે તે અંદરનું પુજન છે. હવે હું તુંને તે સંભળાવું છું ॥ ૩૭૦ ॥ હે મુને! આ આત્મચિંતનરૂપી પુજા સંત જનોને ચાલતાં–સ્થિરથતાં–જાગતાં–સૂતાં ઇત્યાદિ ગમે તે સ્થિતિમાં કરવાની છે. તેમાં અંતઃકરણની અંદર સ્થિર થએલ શિવરૂપ પરમેશ્વરને સર્વની પ્રતીતિ કરવાવાળા એ પોતાના આત્માનું પોતાએજ ધ્યાન કરવું. ॥ ૩૭૧ ॥ હે બ્રહ્મન્! દેહ લક્ષણવાળા લિંગોમાં શાંતરૂપ સ્થિર છે, મૃત્તિકાદિક લિંગોથી રહિત છે અને પ્રતિમા--મૂર્તિથી વર્જિત છે એવા ઈશ્વરના જેવા પોતાને શુધ્ધ બોધ થાય તો તેજ જેનું લિંગરૂપ છે; ધ્યાનમાં લીન થવાથી રહિત છે અને ધ્યાનથી ચિત્તવૃત્તિનાં ઊચ્ચાટન રહિત છે. એવા પોતાના આત્માને દેવતારૂપ જાણીને પૂજા કરવી. ॥ ૩૭૨ ॥ હે મુને! પોતાનાં શરીરમાં જ્ઞાનરૂપી આત્માનો પ્રકાશ છે તેજ દેવતા છે. એવી ભાવના કરીને મને અનેક પ્રકારનાં મનથી–નેત્રોથી ચિંતન કરી અને દેખે તો જે શક્તિઓ છે તે વિવિધ પ્રકારવાળા પુરૂષો નિરંતર સેવન કરે છે. જેમકે સુંદર તથા અનેક પ્રકારનાં ભૂષણ યુક્ત ભામિની સુંદર પુરૂષોને સેવે છે. ॥ ૩૭૩ ॥ હે મુને! મન તો મારો દ્વારપાળ છે, વળી ત્રૈલોક્ય

મને નિવેદન કરે છે, પરમાર્થની શુધ્ધ ચિંતા મારા દ્વારપાળની સ્ત્રી છે, બુધ્ધિ મારી શક્તિ છે, ક્રિયાશક્તિ મારી બીજી સ્ત્રી છે, નાના પ્રકારનું જ્ઞાન મારાં અંગનાં ભૂષણ છે અને પંચ જ્ઞાનેંદ્રિય તથા પંચ કર્મેંદ્રિય સહિત મારાં શરીરરૂપી મંદિરનું દ્વાર છે. ॥ ૩૭૪ ॥ આ હું છું-આ તે પુરૂષ છે. એવી રીતનાં અનંત રૂપ છે, ભેદ રહિત સ્વરૂપ છે અને જે એક આણંદથી પૂર્ણ થએલ છે સ્વરૂપ જેનું અને પોતાની સત્તાથી સર્વને સંપૂર્ણ કરવાવાળી છે તેમાં હું સ્થિર છું. ॥ ૩૭૫ ॥ હે બ્રહ્મન્! તે દેવ એવી રીતની આત્મસત્તામાં. સ્થિર છે; પોતાનાં સ્વરૂપનાં સ્ફુરણરૂપી દૈવી શક્તિના આશ્રયથી, દેવતા ભાવથી તથા પરિપૂર્ણપણાથી સ્થિર છે અને દુઃખ-દીનતાથી રહિત સ્વરૂપે કરીને સ્થિર છે. ॥ ૩૭૬ ॥ તે દેવ; અસ્ત થતો નથી, ઊદય થતો નથી, સંતુષ્ટ થતો નથી, ક્રોધ પણ કરતો નથી, તૃપ્ત થતો નથી, ક્ષુધાને જાણતો નથી, ચાલતો પણ નથી, વાંસના પણ કરતો નથી અને ત્યાગ પણ કરતો નથી. ॥ ૩૭૭ ॥ હે મુને! વળી તે સર્વમાં એક સમાન છે, સર્વના સમાન આચાર યુક્ત છે, સર્વના સમાન નિવાસ યુક્ત છે, સર્વના સમાન આકાર યુક્ત છે, નિર્મળતાથી સૌમ્યતા યુક્ત છે અને સર્વ રીતે સર્વત્ર-સદૈવ-સુંદર આશય યુક્ત છે. ॥ ૩૭૮ ॥ કીડથી કરીને બ્રહ્માંડ સુધી સર્વ જીવોમાં એક તેજ રહેલો છે. એટલુંજ નહિ પરન્તુ સર્વ બ્રહ્માંડમાં જેની જ્ઞાન વિચારવાળી મતિ; ક્યાંહી પણ-કોઇરીતે પણ અને કદાચિત્ પણ વિચ્છેદને પામતી નથી. ॥ ૩૭૯ ॥ અને મોટાથી પણ મોટા દેવતા તેનું નિરંતર પૂજન કર્યા કરે છે તેમજ પોતાનાં ચૈતન્યતા યુક્ત શરીર

તેનો દેવતા છે. તે શરીરરૂપી દેવતાને જે ભોગ્ય વસ્તુ પ્રાપ્ત થાય તે વસ્તુથી તથા સર્વ પ્રકારથી પુજન કરે છે. ॥ ૩૮૦ ॥ હે બ્રહ્મન્! તેટલા માટે તે દેવતાનું; સર્વ પ્રકારની સમબુદ્ધિથી ચૈતન્ય માત્ર દેવતાનુ દેવતાની માફક જે પ્રાપ્ત થાય તે ક્રમથી અને સર્વ પ્રકારના અર્થથી પુજન કરવું. ॥ ૩૮૧ ॥ હે મુને! એ પુજનમાં નવીન વસ્તુ નિમિત્ત સંગ્રહનો થોડો પણ યત્ન કરવો નહિ. જેવું ભક્ષ્ય—ભોજન—અન્ન—પાન-અનેક પ્રકારનાં ઐશ્વર્ય યુક્ત-શયન-સ્વારી જેવી મળે તેવી—સુંદર અન્ન પાનના ભોગની સામગ્રીના વિલાસથી પુજન કરવું. ॥ ૩૮૨ ॥ હે મુને! સુખ પ્રાપ્તિથી, પીડા પ્રાપ્તિથી, ચિંતા—રોગથી, મોહ—ભયથી, સંપૂર્ણ ઉપદ્રવ—દુઃખથી અર્થાત્ જેમ હોય તેવી રીતથી આત્મને સંબોધીને પુજન કરવું. ॥ ૩૮૩ ॥ હે મહારાજ! જેવી રીતની મરણ—જીવન—સ્વપ્નાદિક ચેષ્ટા પ્રાપ્ત થાય તેવી રીતે તથા જેવી રીતે દરિદ્રાવસ્થા અથવા રાજ્ય-માયાનો પ્રવાહ પ્રાપ્ત થાય તેવી રીતે સંપૂર્ણતાથી આત્માનું પુજન કરવું. ॥ ૩૮૪ ॥ હે મહાબુદ્ધે! નાના પ્રકારનાં શરીર-મન-ઈંદ્રિઓની ચેષ્ટારૂપી પુષ્પોથી શુદ્ધ ચૈતન્યરૂપ આત્માની પુજા કરવી. વળી નાના પ્રકારના કલહ તથા નાના પ્રકારના વિલાસ યુક્ત સ્ત્રિઓના વિહારોથી અને શત્રુ—મિત્રોના રાગ—દ્વેષોથી સૌમ્યરૂપ આત્માનું પૂજન કરવું. ॥ ૩૮૫ ॥ હે બ્રહ્મન્! સંતજનોના હૃદયમાં પ્રાપ્ત થએલ ચંદ્ર કિરણના જેવું શીતળ છે અને મધુર બોલવું એ જેનો ધર્મ છે એવી સર્વ ભૂતોની મૈત્રીથી સર્વાંતર્યામી આત્માનું પૂજન કરવું. ॥ ૩૮૬ ॥ હે મુને! પાપ કર્મ તથા પાપી જનોમાં ત્યાગરૂપી ઉપેક્ષાથી, દીન—દુઃખી જનોમાં દયારૂપી કરૂણાથી, પુણ્યવાન્ જનોમાં

હર્ષરૂપી મુદિતાથી, શુદ્ધ થએલ શુદ્ધ આચાર વૃત્તિથી અને આત્મ-સ્વરૂપના બોધથી આત્માની પુજા કરવી. ॥૩૮૭॥ હે મુને ! નિષેધ રહિત જે ભોગ છે તેનું સેવન કરીને અને નિષેધવાળા ભોગોનો ત્યાગ કરીને સદા બોધ યુક્ત આત્માનું પૂજન કરવું. ॥ ૩૮૮ ॥ હે મુનિમાં ઉત્તમ ! જે જે ભોગ પદાર્થ નષ્ટ થઇ ગએલ હોય તેનો ત્યાગ કરીને અને જે જે ભોગ પ્રાપ્ત થાય તે તે ગ્રહણ કરીને તેમજ સદા સર્વદા એક રસથી આત્માનું પુજન કરવું કહેલું છે. ॥ ૩૮૯ ॥ હે મુને ! સદૈવ ઈષ્ટ ચેષ્ટામાં અને અનિષ્ટ ચેષ્ટામાં એક સમાન દૃષ્ટિ ધારણ કરવી એ આત્મ પુજાનું વ્રત છે તે રાખવું. ॥ ૩૯૦ ॥ હે બ્રહ્મન્ ! જે જે એને શુભ પ્રાપ્ત થાય તથા જે જે અશુભ પ્રાપ્ત થાય તે તે સર્વ, કેવળ આત્માને આધીન કરવું. ॥ ૩૯૧ ॥ હે મુને ! જેવી રીતના વિષય ભોગ અંત પર્યંત શુભ હોય અને જે અંતકાળ પર્યંત દુઃખદાયી છે તે તમામને સમજવું. એવા પ્રકારનુ આત્માની પુજાનું વ્રત ધારણ કરવું. ॥ ૩૯૨ ॥ આ હું છું, તે હું છું, આ હું નહિ, એવી રીતના વિભાગનો ત્યાગ કરતાં તમામ બ્રહ્મજ છે એવો નિશ્ચય કરીને આત્માની પુજાનું વ્રત ધારણ કરવું. ॥ ૩૯૩ ॥ હે બ્રહ્મન્ ! ગમે તે પદાર્થનો ત્યાગ કરવો તથા અણગમતા પદાર્થનો પણ ત્યાગ કરવો વળી એ બન્નેને એક સમાન કરવું એવી રીતે આત્માની પુજા કરવી. ॥ ૩૯૪ ॥ હે મુને ! જેવી રીતે નદીઓનું ગમે તેવું જળ સમુદ્ર પોતામાં મળાવી લે છે તેવી રીતે નહિ કોઇની વાંસના કરવી કે નહિ કોઇનો ત્યાગ કરવો પરંતુ સર્વે દૈવીગતિથી સ્વભાવિક રીતે પ્રાપ્ત થયું જાણવું. તેમાં તુચ્છ વસ્તુ વિશે ઉદાસીનતા રાખવી

નહિ. ॥ ૩૯૫ ॥ હે મુનિવર ! જગત્માં અનેક પદાર્થ ઉદય થાય છે અને પતિત પણ થાય છે, દેશ—કાળ—ક્રિયાયોગથી જે કાંઈ શુભ—અશુભ પ્રાપ્ત થાય છે અને નષ્ટ થાય છે અને જેમ આકાશ નાશ તથા વૃદ્ધિને પામતું નથી તેમ: અસંગ રહેલ રાગ—દ્વેષથી અસંગ રહેલ આત્મ પુજાનાં વ્રતને ધારણ કરવું. ॥ ૩૯૬ ॥ હે મુને ! એવી રીતે આત્માનાં પુજનનું વિધાન કહેલું છે. એમાં જેવો આત્મા કહેલ છે તેવી રીતની વિધિથી આત્માની પુજા કરવી અને એક આત્મસ્વરૂપના આનંદ રસથી એકરસ ભાવના કરવી તેમજ ખાટું—કડવું—તીખું—કસાયલું—મીઠું અને ખારૂં તથા રસ રહિત અને રસ સહિત આ: ઇંદ્રિઓને જાણવા યોગ્ય રસોની ભાવના કરવી પણ એક જ્ઞાનામૃતથી એકરસ થવું. ॥ ૩૯૭ ॥ હે મહા બુદ્ધે ! તે ચૈતન્ય સ્વરૂપના જ્ઞાનામૃતની એકરસતાથી સર્વેજ ક્ષણ અમૃતમય થઇ જાય છે. એમાં મન લીન થાય તો વિકાર રહિત થાય છે અને ક્લેશ—દુઃખથી રહિત થાય છે. એજ આત્માનું પુજન કહેલ છે. ॥ ૨૯૮ ॥ હે મુને ! જેમ સમદૃષ્ટિ પુરૂષ, પૂર્ણ ચંદ્રમાની માફક આત્મજ્ઞાનથી પૂર્ણ થવા યોગ્ય છે, તે નિર્મળ થવા યોગ્ય છે, તે સ્વરૂપાનંદથી પૂર્ણ થવા યોગ્ય છે, સર્વજ્ઞ છતાં પણ પાષાણની માફક સંસાર દશામાં જડ થવા યોગ્ય છે, અંતઃકરણમાં નિર્મળ થવા યોગ્ય અને બહાર મૂઢોની માફક સંસાર કાર્યમાં આસક્ત થવા યોગ્ય છે. ॥૩૯૯ ॥ હે મુનિશ્રેષ્ઠ ! તે પૂર્ણ જ્ઞાની; લોક વ્યવહારની રંજનારૂપી મળથી મુક્ત થાય છે, જ્ઞાનથી પૂર્ણ થાય છે અને આત્માની ઉપાસના કરે છે. ॥ ૪૦૦ ॥ હે મુને ! તું; દેશ—કાળની ક્રિયા—કરણ-કર્મ કરવાથી ઉદય થએલ સંપુર્ણ વસ્તુ સમુહનાં સુખ-દુઃખોના.

ભ્રમથી રહિત થઈને પોતાનાં શરીરને ચેતાવવાવાળા સર્વાત્મા ઇશ્વરની નિત્ય પ્રતિ પુજા કરવી અને સદા શાંત થએલ સમસ્ત આશાં જેમાં છે એવી બુદ્ધિથી સાવધાન રહેવું. ॥ ૪૦૧ ॥ હે મુનિવર ! આત્મા; તમામ કાર્ય—કારણના ભેદથી રહિત છે, ઈંદ્રિય—મનના વ્યવહારથી પર છે અને અંતઃકરણમાં ચિત્કળાથી વ્યાપ્ત છે તેને પુજ્ય—પુજના ભાવ ક્યાંથી ? પરંતુ આ ભ્રમ તેમાં કંયાંથી ઉદય થાય છે? એ કથન માત્રજ છે. ॥ ૪૦૨ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજી શ્રી શંકર** પ્રતિ પ્રશ્ન પૂછવા લાગ્યા કેઃ—હે મહારાજ ! હે ઈશાન !! હે ત્રિલોચન !!! જે આત્માને તમે બુદ્ધિ સંયુક્ત ઇંદ્રિયોની અદ્રૃશ્યતા કહેલ છે તો પછે હે મહારાજ! પુરૂષ તેને કેવી રીતે પ્રાપ્ત થાય છે? એ તમે કહો. ॥૪૦૩॥

વળી **શ્રી શંકર વસિષ્ઠજીનેં** કહેવા લાગ્યા કેઃ—હે બ્રહ્મન્ ! તે જે મુમુક્ષુજન, ગુરૂ શાસ્ત્રની યુક્તિથી થાય છે, તે યુક્તિનું તું શ્રવણ કર. જે મુમુક્ષુ પુરૂષ થાય છે તેમાં અવિદ્યાનો સાત્વિક અંશ રહે છે, તે કેવળ સાત્વિક વિદ્યાનાં ભાગવાળાં શાસ્ત્રોથી તથા નામોથી અને શ્રેષ્ઠ સાત્વિક વિદ્યાથી અશ્રેષ્ટ અવિદ્યાને દૂર કરે છે કે જેમ ધોબી મલીન જળથી વસ્ત્રોને પહેલાં મલીન કરીને વસ્ત્રોની મલીનતા દૂર કરે છે. ॥ ૪૦૪ ॥ વળી જેવી રીતે તાડ વૃક્ષનું ફળ પ્રથમ કઠણ હોય છે, કાગડા આદિ પક્ષિઓથી તે ભેદાઇ શકાતું નથી પણ જ્યારે પાકીને પોતેજ પડે છે ત્યારે ભિન્ન ભિન્ન થઇ જાય છે. ત્યાં કાગડા આદિપક્ષિ આવે અગર ન આવે પરંતુ અકસ્માત્ પાકેલું તાડફળ વૃક્ષથી પડતાં અકસ્માત્ તત્કાળ કાગડો આવી જાયને તેના રસનો ભોક્તા થાય છે. હવે એ. દૃષ્ટાંતને પ્રથ-

મની યુક્તિથી દાર્ષ્ટાંતની સાથે મળાવું છું. ॥ ૪૦૫ ॥ હે મુને! મહાવાક્યના પ્રમાણથી શુદ્ધ સત્વગુણના ભાગ કરતાં થએલી બ્રહ્માકાર વૃત્તિથી અવિદ્યાનું પટળ દૂર થાય છે અને તેનું સાધન શામ–દામાદિક છે. અંતઃકરણને શુદ્ધ કરવાથી કેવળ શુદ્ધ સત્વગુણનો અવિદ્યા અંશ છે. સચ્છાસ્ત્ર, સદ્‍ગુરૂ, સત્સંગ અને ઈશ્વરના નામગુણ એ પણ અવિદ્યાનો સત્વગુણી અંશ છે. એનું શ્રવણ–મનન તથા નિદિધ્યાસન થઇને શ્રેષ્ઠ અવિદ્યાના અંશ–ભાગોથી અંતઃકરણને પટની માફક આચ્છાદન કરવાવાળી તામસી વૃત્તિ અશ્રેષ્ઠ અવિદ્યાને દૂર કરવા વાસ્તે મુમુક્ષુ પુરૂષ અનેક જન્મોથી નિષ્કામ યજ્ઞ–દાન–તપ–ઇશ્વરાધનથી પુણ્ય સંચય કરતાં પવિત્ર અંતઃકરણવાળો થઇને ગુરૂ–શાસ્ત્રોપદેશની યુક્તિ સાંભળવાથી (ઉપર કહેલ દૃષ્ટાંતનું દાર્ષ્ટાંત છે.) કાગડા અને તાડ વૃક્ષની માફક અકસ્માત્ અવિદ્યા દૂર થવાથી બ્રહ્મમાં સાક્ષાત્કાર થઈને ચિરકાળ સ્થિર રહે છે. ॥ ૪૦૬ ॥ હે મુને! ચિરકાળ અભ્યાસ કરવાથી, અંતઃકરણ શુદ્ધ થવાથી અને અવિદ્યા પટળ દૂર થવાથી સ્વભાવે કરીનેજ શુદ્ધ ચૈતન્યના કેવળ આત્મવિચારથી પોતામાંજ સર્વગત, એકરસ, અદ્વિતીય, અખંડ, સત્, ચિત્, અને આનંદમય પરમાત્મા પરબ્રહ્મ જોવામાં આવે છે. ॥ ૪૦૭ ॥ હે મુનિવર! તે આત્મા, કેવળ શાસ્ત્રાર્થથી અથવા ગુરૂઓનાં વચનોથી જાણવામાં આવતો નથી પરંતુ આત્મબોધથી જાણવામાં આવે છે. વળી સાધનોના હરહમેશ અભ્યાસથી, સદ્‍ગુરૂઓની સેવાથી, સચ્છાસ્ત્રોના વિચારથી, સચ્છિષ્યોના ઉપદેશથી, સત્પુરૂષોના સત્સંગથી અને આચારવાળું અંતઃકરણ થવાથી અવિદ્યાની

નિવૃત્તિ થાય છે તથા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને બ્રહ્મ-સાક્ષાત્કાર થાય છે. પણ કેવળ નામમાત્ર કથાથી થતું નથી. જેવી રીતે દિવસે લોકોનો સંચાર સ્વાભાવિક રીતે પોતેજ થાય છે તેવી રીતે આત્મવિચારવાળાને આત્મજ્ઞાન અને આત્મસ્વરૂપનો લાભ પોતેજ સ્વાભાવિક રીતે થાય છે. ॥ ૪૦૮ ॥ હે મુને! એ આત્માનું પુજન છે. તેને સમજીને જે પુરૂષ કરે તે પુરૂષને આંહીં પરમાત્માની આજ્ઞાને વશ થએલા એવા અમે લોક પ્રાપ્ત થઇએ છીએ અને ત્યાં પરમ પદને તે પ્રાપ્ત થાય છે. ॥ ૪૦૯ ॥

શ્રી શંકર પ્રતિ વળી **શ્રી વસિષ્ઠજીએ** પ્રશ્ન કર્યો કેઃ—હે મહારાજ! આ જગતને ગંધર્વનગરની માફક અથવા સ્વપ્નાંના નગરની માફક જાણવું એ ખરૂં તથાપિ મહાદુઃખથી પણ મહાદુઃખ આવવાવાળું સમર્થ છે. માટે એ દુઃખની નિવૃત્તિ થાય એવી કોઇ યુક્તિ કહો. ॥ ૪૧૦ ॥

ત્યારે **શ્રી શંકરે** ઉત્તર આપ્યો કેઃ—હે મુને! આ જગતનું દુઃખ; વાસનાને વશ થવાથી છે, જો જગત્ વાસનામાં પડે તો તે વાસના નષ્ટ થતી નથી અને જગતનું દુઃખ પણ નિવૃત્ત થતું નથી પણ જો જગત્ વાસનાથી દૂર જાય તો જગતનું દુઃખ મૃગ-તૃષ્ણાનાં જળની માફક ત્રણકાળમાં પણ અસત્ય પ્રતીત થતું નથી. ॥ ૪૧૧ ॥ હે મુને! એ કારણથી વાસના શું છે? કોને છે? અને વાસનામાં શું તત્વ છે? હે મહા બુદ્ધે! જેવી રીતે સ્વપ્નામાં પુરૂષને મૃગ-તૃષ્ણાનું જળપાન કેમે કરીને પણ સત્ય પ્રતીત થતું નથી તેવી રીતે જગતની પ્રતીતિ વાસનામાત્રથી સમજવી. ॥ ૪૧૨ ॥ હે મુને! જગતની સત્યતામાં, દેહ—ગેહાદિકોની

અહંતા-મમતામાં અને મૃગ-તૃષ્ણાના જળમાં, જે પુરૂષ સત્ય પ્રતીતિ કરે તે પુરૂષને ઉપદેશ કરવાવાળાને ધિક્કાર છે. ॥ ૪૧૩ ॥ હે મુનિવર! તત્વજ્ઞાની પુરૂષ વિવેકી પુરૂષને ઉપદેશ કરે છે પરંતુ બાળકને, વિક્ષિપ્ત પુરૂષને, ભ્રાંતિયુક્ત પુરૂષને, દુષ્ટને અને દુર્જન સંગતિવાળાને ઉપદેશ કરતા નથી. અને જો કોઈ મૂઢ પુરૂષને ઉપદેશ કરે તો તે પુરૂષ સુવર્ણના રંગના જેવી પોતાની કન્યાને સ્વપ્નામાં જોએલા પુરૂષને આપી દેવા જેવું કરે છે. ॥૪૧૪॥

શ્રી રામચંદ્ર પ્રતિ **વસિષ્ઠજી** કહેવા લાગ્યા કે:-હે રામચંદ્ર! ત્યાર બાદ **નીલકંઠ** એવા જે મહાદેવ તે મને પુષ્પાંજળિ દઈને પોતાના ગણોથી સંયુક્ત આકાશમાં ચડી ગયા. ॥ ૪૧૫ ॥ હે રામજી! તે ત્રિલોકનાથના જવા પછે હું પણ ક્ષણમાત્ર તેનું સ્મરણ કરીને જેમ શાંતવૃત્તિવાળા પુરૂષો લોક વ્યવહારનો ત્યાગ કરે છે અને આત્મવિચારનો અંગિકાર કરે છે તેમ તેણે કહેલાં દેવ પુજનને અંગિકાર કરવા લાગ્યો અને લૌકિક પુજનનો ત્યાગ કરવા લાગ્યો. ॥ ૪૧૬ ॥

એવી રીતે શિવગીતા સંપૂર્ણ કરીને ફરી **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કે:-હે રામચંદ્ર! પછે ત્યારથી તે આજસુધી એવાજ ક્રમથી એકાગ્ર થઇને આત્માનું પુજન હું કરતોજ રહ્યો છું. ॥ ૪૧૭ ॥ હે રામચંદ્ર! ગ્રહણ કરવું અને ગ્રહણ યોગ્ય પદાર્થનો સંબંધ, સંપૂર્ણ શરીરધારી જીવોને એક સરખો છે પરંતુ યોગી જનને આત્મસ્વરૂપમાં સાવધાન રહેવું એજ આત્મપુજન કહેલ છે. ॥ ૪૧૮ ॥ હે રામ! ધન અને બાંધવોના વિયોગથી ઘણું દુઃખ થાય તો પણ તું આત્મવિચારની દૃષ્ટિને ધારણ કરી હે શુભ વ્રત

કરવાવાળા! તું પણ વિચારને દૃઢ કર. ॥ ૪૧૯ ॥ હે તાત! તું શુદ્ધ ચિન્માત્રરૂપ છો તથા તારાથી જગત્ ભિન્ન નથી એથી તુને ત્યાગ કરવાની અને ગ્રહણ કરવાની કલ્પના કહેલ છે. ॥ ૪૨૦ ॥ હે રામચંદ્ર! તમામ ચૈતન્ય છે. એવું જ્ઞાન પામીને સુષુપ્તિ અવસ્થાની માફક આત્મસ્વરૂપમાં મગ્ન થવાની સ્થિતિને તું પામેલો છે પરંતુ હવેથી સ્વરૂપાનંદની આસક્તિથી પણ પર શુદ્ધ ચિન્માત્ર તુરિયાવસ્થાસ્વરૂપ થઇ જવું શ્રેષ્ઠ છે. ॥ ૪૨૧ ॥

શ્રી રામચંદ્રજીએ કહ્યું કેઃ—હે ગુરૂજી! આજથી હવે સ્વર્ગની વાંચ્છના હું કરીશ નહિ અને નરકનો દ્રેષ કરીશ નહિ તથા જેવી રીતે મંદરાચળપર્વત સમુદ્ર મંથનકરવાથી પણ અચળ રહ્યો છે તેવી રીતે હું એકાગ્ર થઇ સ્થિર રહીશ.॥૪૨૨॥હે ગુરૂ મહારાજ! તમારી કૃપાથી હવે મારૂં મન સંપૂર્ણ કલ્પનાથી ગળી ગયું છે અને સંકલ્પ રહિત થયું છે તેમ વાંચ્છના પણ ગળી ગઈ છે વળી ઉદાર નિશ્ચય યુક્ત થયું છે તથા ત્રૈલોક્યમાં જેટલી ઐશ્વર્ય આનંદ પ્રાપ્તિની પ્રસન્નતા થઈ છે તેથી પણ અતિ પ્રસન્નરૂપ થએલ છે, અંતઃકરણમાંજ આનંદ પૂર્ણ થએલ છે અને ઉત્તમથી પણ અતિ ઉત્તમ થએલ છે. ॥ ૪૨૩ ॥

શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! જો તું કેવળ શરીરથી અથવા ઇંદ્રિઓથી યુક્ત ચાલે છે તેવા અર્થમાં વર્તનકરવાવાળા અસંગ મનથી જે કર્મ કરે છે તે ન કરવા સમાન છે, તે કર્મથી તું અસંગ છો. ॥ ૪૨૪ ॥ હે રામજી! જેમ પ્રાપ્ત થવાના ક્ષણમાં વસ્તુ તુષ્ટિ કરે છે તેમજ અપ્રાપ્ત થવાના ક્ષણમાં તુષ્ટિ નથી કરતી. આ જગત્માં એવી રીતે પદાર્થ કોણ નથી ભોગવતું? સર્વે ભોગવે

છે. પરંતુ વસ્તુની પ્રાપ્તિ–અપ્રાપ્તિમાં મનને અસંગ કરવાથી પદાર્થ ભોગવવામાં કાંઇ પણ દોષ નથી. ॥ ૪૨૫ ॥ હે રામ ! લોક વ્યવહાર એવો છે કે પદાર્થ લેવામાં જેવી તુષ્ટિ થાય છે તેવી પદાર્થની હાનીમાં તુષ્ટિ થતી નથી તેમજ ક્ષણ સુખવાળી વસ્તુમાં અજ્ઞાન બાળક પ્રેમ કરે છે પણ વિવેકી જન તેમાં પ્રીતિ કરતા નથી. ॥૪૨૬॥ જેની વાંચ્છના કાળેકરીને તુષ્ટિ થાય છે તેનું સુખ–દુઃખનું કારણ વાંચ્છનાજ છે બીજી તેની તુષ્ટિ જે છે તે તુષ્ટિના અંતમાં પ્રાપ્ત થાય છે, તેથી ભોગ પદાર્થોની વાંચ્છનાનો પરિત્યાગ કર. ॥ ૪૨૭ ॥ હે રામચંદ્ર ! તું હવે આત્મજ્ઞાન રૂપી પર્વત ઊપર ચડેલો છે માટે ફરી અહંભાવરૂપી મોટા ખાડામાં પડવા યોગ્ય નથી. ॥ ૪૨૮ ॥ હે રામજી ! આંહીં કાંઇ પદાર્થનું સ્ફુરણ નથી અને સ્ફુરણ છે તોપણ જેવું સ્ફુરણ છે તેવું ચાલ્યું જાય છે, ચિત્તનું સ્ફુરણ તથા અસ્ફુરણની પ્રીતિથી રહિત થઇ જાય છે, તેને તું વાંચ્છના રહિત સમજ અને તેજ સમતા અને કામળતા કહી છે. ॥ ૪૨૯॥ હે રામ ! જેવી રીતે આકાશ, પર્વતાદિક; પ્રાણિઓની ઊત્પત્તિ–નાશમાં ક્ષોભ પામતાં નથી તેવી રીતે જે પુરૂષ વાંચ્છના રહિત ઇંદ્રિઓથી કર્મ કરે છે તે વિકાર પામતો નથી. ॥ ૪૩૦ ॥ હે રામચંદ્ર ! જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ ત્રણેનો પોતાની શાંત વૃત્તિના અનુભવમાં અભાવ કરે તો ફરી જન્મ પામતો નથી. ॥ ૪૨૧ ॥ હે રામજી ! ચિત્તના સ્ફુરવામાં અને ન સ્ફુરવામાં સંસારનો ઊદય અને ક્ષય થાય છે તેથી વાંચ્છના રોકવાથી અને પ્રાણોના સંયમથી ચિત્તનાં સ્ફુરણને રહિત કર. ॥૪૩૨॥ હે રામ ! પ્રાણનો ઊદય તથા લય થવાથી સંસારનો ઊદય તથા પ્રલય થાય

છે માટે તે પ્રાણના સંયમના અભ્યાસથી ઊદય રહિત કર. ॥૪૩૩॥ હે રામચંદ્ર! મૂઢતાના ઊદય—પ્રલયથી કર્મોનો ઊદય—ક્ષય થાય છે તેથી ગુરૂ—શાસ્ત્ર અને સંયમથી કરીને મૂઢતાને પણ દૂર કર. ॥ ૪૩૪ ॥ હે રામજી! અહીં ચિત્ત ઊદય ન થાય તો અખંડ સ્વભાવિક સુખ છે અને જેમ મારવાડના સ્થળમાં શીતળ ગૃહ થતું નથી તેમ તેવું સુખ સ્વર્ગાદિકમાં પણ નથી. ॥૪૩૫॥ હે રામ! ચિત્તને ઊપદેશ થવો એજ અખંડ સુખ છે તે મન અને વચનથી પણ કહી શકાય તેમ નથી, તે ક્ષય—વૃદ્ધિથી રહિત છે અને તે નહિ ઊદય થાય છે, તેમજ નહિ શાંત પણ થાય છે. ॥ ૪૩૬ ॥ હે રામચંદ્ર! તત્વજ્ઞાનીનું ચિત્ત; ચિત્ત નામથી નથી, તે ચિત્તનું બળ ચૈતન્યમાત્ર છે, નામથીજ ચિત્ત છે, અજ્ઞાનથી ચિત્ત થએલ છે, જ્ઞાનથી ચૈતન્યમાત્ર છે, મળ સહિત સુવર્ણ, ત્રાંબુ જણાય છે અને મળ રહિત થવાથી શુદ્ધ સુવર્ણમાત્ર થાય છે. ॥ ૪૩૭ ॥ હે રામજી! જેમ શિલાઓમાં કમળનાં વનો થતાં નથી અને જેમ મારવાડની રેતીમાં જળનો પ્રવાહ બનતો નથી તેમ શુદ્ધ ચૈતન્યમાં પ્રપંચ બનતો નથી. ॥૪૩૮॥ હે રામજી! જેમ ચિંતામણિ પાષાણમાં માણસોના મનોરથોની કોટી, સેંકડો રહે છે તેમ, પરમાત્મા ચૈતન્યમણિમાં જગતની કોટી, સેંકડો છે. ॥ ૪૩૯ ॥ હે રામ! પરમાત્મા ચૈતન્યરૂપી આકાશમાં, કોટી શરીરરૂપી ઘડા ઊત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ થાય છે તેથી બહાર અને અંદર પણ ચૈતન્યાકાશ વ્યાપ્ત છે તોપણ તેની સાથે ઊત્પત્તિ તથા નાશ કાંઈ પણ પ્રાપ્ત થતું નથી. જેમકે આકાશમાં અનેક ઘડા ઊત્પન્ન અને નષ્ટ થાય છે તેને સાથે આકાશ ઊત્પન્ન અને નષ્ટ થતું નથી.

॥ ૪૪૦ ॥ જે કાંઇ છે તે સંપૂર્ણ બ્રહ્મજ છે, સર્વ ધર્મ-કર્મોથી રહિત છે, નિર્ગુણ છે, નિર્મળ છે, નિર્વિકાર છે, આદિ-અંતથી રહિત છે, નિત્ય છે, શાંત છે અને સર્વત્ર સમરૂપ છે. ॥ ૪૪૧ ॥

ત્યારે **શ્રી રામચંદ્રજીએ** પ્રશ્ન કર્યો કે:-હે મહારાજ ! બ્રહ્મ સર્વત્ર વ્યાપ્ત થએલ છે. હવે જો તેમાં વિકાર-ઉત્પત્તિ-નાશાદિક ધર્મ નથી તો આ જગત્ ઉત્પત્તિ-નાશવાળું કેમ ભાસે છે? અને તે જગત્‌માં વિકાર કેમ છે ? ॥ ૪૪૨ ॥

શ્રી વસિષ્ઠજી પ્રતિ ઉત્તર આપે છે કે:-હે રામચંદ્ર! જેની પ્રથમથી સ્થિતિ નથી અને જેમ દુગ્ધાદિકાનું દધિઆદિક થઈ જાય છે તેમ જે સ્વરૂપથીજ થઈ જાય છે તેજ વિકારાદિ નામે કરીને કહેલ છે. ॥ ૪૪૩ ॥ હે રામજી! જે દુગ્ધાદિકાનુ દહીં આદિક થઇ જાય છે તેને વિકાર કહેવાય છે. કારણ કે તેનું ફરી દૂધ આદિ કાંઈ બના શકતું નથી તેવી રીતના વિકાર પણ આમાં થઈ શકતા નથી કેમકે આ જગત્‌માં આદિ-અંત-મધ્યમાં સર્વે બ્રહ્મજ છે. તે દૂધની માફક બગડવાથી દહીં સમાન બ્રહ્મથી જગત્ થયું નથી, કારણ કે બ્રહ્મ તો સદા નિર્વિકાર છે. ॥ ૪૪૪ ॥ જો પરમાણુના સમાન બ્રહ્મ નિત્ય અને નિર્વિકાર પરમાણુઓના સંયોગથી જગત્‌ની ઉત્પત્તિ માનીએ તો એમ પણ થઇ શકતું નથી, કેમકે આદિ-અંત વિભાગથી રહિત બ્રહ્મમાં અંગ-અવયવોના વિકાર નથી. ॥ ૪૪૫ ॥ હે રામ ! બ્રહ્મ, આદિ-અંતમાં સમ છે. જો જગત્‌રૂપી વિકારતા તેમાં ગણિએ તો માત્ર ભ્રમનું સ્ફુરણજ કેવળ છે. કેમકે દોરડાંમાં સર્પના ભ્રમની માફક નિર્વિકાર બ્રહ્મમાં જગત્ ભ્રમ માત્ર છે. જેમ દોરડાંના વિકારથી સર્પ નથી તેમ બ્રહ્મના વિકા-

રથી જગત્ પણ થયું નથી. ॥ ૪૪૬ ॥ હે રામચંદ્ર! જે વસ્તુ, આદિ—અંતમાં એક સરખી જણાય તો મધ્ય વિશે પણ તેવીજ હોય છે અને જો આદિમાં તેમજ અંતમાં જણાય નહિ તો કેવળ મધ્યનાં રૂપે કરીને દોરડાં વિશે સર્પની માફક પ્રતીત થાય છે તે અજ્ઞાનનો વિલાસ છે તથા ભ્રમ માત્ર છે તે વાસ્તે આ જગત્ બ્રહ્મમાં કેવળ ભ્રમ માત્ર પ્રતીત થાય છે અર્થાત્ ખરી રીતે તે જૂઠું છે. ॥ ૪૪૭ ॥

વળી **શ્રી રામચંદ્રજીએ** પ્રશ્ન કર્યો કે:—હે મહારાજ! સદા સર્વદા એક અદ્વિતીય નિર્મળ પરબ્રહ્મ વિદ્યમાન છે છતાં તેમાં કેવળ સ્ફુરણ માત્ર સ્વરૂપથી ભ્રમ માત્ર પ્રતીત થયું તો અવિદ્યાનો ઊદય ક્યાંથી થયો? કે જેથી આ જગત્ પ્રતીત થાય છે. ॥૪૪૮॥

એટલે **શ્રી વસિષ્ઠજી** ઊત્તર આપવા લાગ્યા કે:—હે રામચંદ્ર! આ તમામજ પૂર્વ કાળમાં તત્વ વિચારમાં બ્રહ્મજ હતું, હમણાં પણ બ્રહ્મ છે અને આગળ--ભવિષ્યમાં પણ બ્રહ્મજ થશે. પણ અવિદ્યા તો છેજ નહિ એવો મારો નિશ્ચય છે. ॥ ૪૪૯ ॥ હે રામજી! તત્વવેત્તાને તો નામ માત્રજ અવિદ્યા પ્રતીત થાય છે તે કેવળ બ્રહ્મ માત્ર—અસત્ય છે. જે કદાપિ સત્યજ નથી તેનું નામ પણ બ્રહ્મ માત્રજ છે.॥ ૪૫૦ ॥ હે રામ! જ્યાં સુધી મન પ્રબોધ યુક્ત થતું નથી ત્યાં સુધી સર્વે ભ્રમ છે. ભ્રમ ગયા વિના ઊંચો પ્રબોધ સરસ શબ્દોમાં કહ્યા છતાં પણ મન બોધક થતું નથી. ॥૪૫૧॥ હે રામચંદ્ર! આ જીવ યુક્તિથી બોધવાળો થાય છે અને તેથી આત્મ સ્વરૂપમાં યુક્ત કરાય છે. અર્થાત્ યુક્તિ વગર કોઇ પણ કાર્ય થઇ શકતું નથી. જે કાર્ય યુક્તિથી સિદ્ધ થાય છે તે સેંકડો

યત્નોથી સિદ્ધ થતું નથી. ॥ ૪૫૨ ॥ હે રામજી! જેને આત્મ તત્વનો બોધ થએલો નથી એવા દુષ્ટ બુદ્ધિ પુરૂષને જે કોઇ "સર્વે બ્રહ્મજ છે" એવું સંભળાવે છે તે પુરૂષ જાણે પોતાનું દુઃખ કાષ્ટના સ્થંભને પોતાનો મિત્ર સમજી સંભળાવતો હોય તેવું સમજવું. ॥ ૪૫૩ ॥ હે રામ! જે તત્વવેત્તા પુરૂષોએ મૂઢ બુદ્ધિઓને સમજાંવવાને નિમિત્તે; આ અવિદ્યા છે, આ જીવ છે, આ સંસાર છે ઇત્યાદિ કલ્પનાના ક્રમ કરેલ છે તે વાસ્તવિક કલ્પના ક્રમ નથી. ॥ ૪૫૪ ॥ હે રામજી! એટલા વખત સુધી તું આત્મ તત્વથી અજાણુ હતો તેથીજ મેં યુક્તિથી તુને બોધ યુક્ત કરેલો છે. હવે તું આત્મતત્વથી જાણીતો થયો છે.તેથી જે સમજાવવાનું છે તે હું કહું છું. ॥ ૪૫૫ ॥ હું પણ બ્રહ્મજ છું, તું પણ બ્રહ્મજ છો, ત્રૈલોક્ય પણ બ્રહ્મજ છે અને તમામ જે જે કાંઇ જોવામાં આવે છે તે પણ બ્રહ્મજ છે, બીજી કોઇ પણ કલ્પના નથી. હવે તુને જે ગમે તે કર. ॥ ૪૫૬ ॥

શ્રી રામચંદ્ર પોતાનો અનુભવ વર્ણવે છે કેઃ—હે ગુરૂ મહારાજ! તમારી કૃપાથી જે જાણવા યોગ્ય છે તે સર્વે મેં જાણ્યું છે અને જે જોવા યોગ્ય છે તે સર્વે મેં જોએલું પણ છે. હવે પરમ તત્વથી હું પૂર્ણ થયો છું અને તમારાં કહેલાં બ્રહ્મજ્ઞાનનાં અમૃતથી હું પરિપૂર્ણ થયો છું. ॥ ૪૫૭ ॥ હે ગુરૂજી! તમારૂં કહેવું હવે પૂર્ણ થયું છે, આ મારૂં અંતઃકરણ પણ પૂર્ણ થયું છે, તત્વની પૂર્ણતા થવાથી આનંદ પણ પૂર્ણ થયો છે અને બ્રહ્મ સત્તાથી પૂર્ણ થએલ વિશ્વની પૂર્ણતાથી પૂર્ણતા લઇને ફરી પૂર્ણતા શેષ રહે છે. ॥ ૪૫૮ ॥ હે મહારાજ! સર્વત્ર પૂર્ણ થએલ પરબ્રહ્મને નીચે અને

ઊપર—શિરથી નખાગ્ર પર્યંત પૂર્ણ થતા જીવરૂપને પરમાર્થથી પૂર્ણ થએલ બ્રહ્મથી—આકાશથી લઈને તમામ જગત્ પ્રગટ થાય છે. તે પણ એક સંગ્રહરૂપે કરીને તથા ભિન્ન ભિન્ન વ્યષ્ટિ-રૂપે કરીને પણ પ્રગટ થાય છે. ॥ ૪૫૯ ॥ 'सोयं देवदत्तः' એનો અર્થ જે પ્રથમ આગલી સાલમાં જોએલો હતો તેજ આ દેવદત્ત આજ જોવામાં આવે છે. 'तत्त्वमसि' નો અર્થ 'तत्'-સર્વ વ્યાપી તત્—ચિત્—આનંદરૂપ, જગત્—સૃષ્ટિ—સ્થિતિ—સંહારનો કર્ત્તા અને અવિનાશી પરબ્રહ્મ; 'त्वं' તું જીવાત્મા, તથા 'असि' સદા વર્ત્તમાન છે. ॥ ૪૬૦ ॥ તત્વમસિ ઈત્યાદિ મહા વાક્યોથી થએલ અહંબ્રહ્મ એવા જ્ઞાનથી મૂળ સહિત ઊપાધિ દૂર કરવાવાળી તથા સર્વત્ર પૂર્ણ થએલ બ્રહ્મથી પૂર્ણ થએલ જે જીવભાવ તેમાં કલ્પના કરી પૂર્ણતાનો લય થવાથી જીવભાવની સંપૂર્ણતાથી પહેલાં જે સ્થિર થએલ બ્રહ્મની સંપૂર્ણતા તેજ બાકી રહે છે. ॥ ૪૬૧ ॥

શ્રી વસિષ્ઠજી રામચંદ્ર પ્રતિ કહેવા લાગ્યા કે:—હે રામચંદ્ર! **શ્રી** કૃષ્ણ ભગવાનના કહેવાથી અસંગતાવાળી મતિ ધારણ કરીને પાંડુ રાજાને પુત્ર અર્જુન નામનો પાંડવ, મહામુનિ નરનો અવતાર જીવનને માટે જેવી રીતે ચલાવશે તેવી રીતે તું પણ પોતાનાં જીવનને સુખથી જીવન્મુક્ત થઇને વર્તમાન ચલાવ.॥૪૬૨॥

શ્રી રામચંદ્રે વસિષ્ઠજી પ્રતિ પ્રશ્ન કર્યો કે:—હે મહારાજ! તે પાંડુરાજાનો પુત્ર અર્જુન ક્યારે થશે અને **શ્રી** કૃષ્ણ ભગવાન્ તેને અસંગતા કેવી રીતે કહેશે? તે મને કહો. ॥ ૪૬૩ ॥

શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કે:—હે રામચંદ્ર! આ પ્રપંચ નામથી કલ્પિત થએલ છે, કેવળ સત્તા માત્ર આત્માજ આત્મા

વિશે સ્થિર થએલ છે વળી તે આત્મા આદિ—અંતથી રહિત છે અને જેમ આકાશમાં મહાકાશ નામથી સ્થિર રહે છે તેમ તે નિર્મળ આત્મામાં આ સંસારનો ભ્રમ સ્થિર રહેલ છે. તથા જેમ સુવર્ણ તેમજ જળમાં કંકણાદિ ભૂષણ અને તરંગ—પરપોટા નામ માત્રથી સ્થિર રહેલ છે તેમજ સંસારનો ભ્રમ સ્થિર છે.॥૪૬૪॥ જેમ જાળમાં પક્ષી સપડાય છે તેમ તે સંસારરૂપી જાળમાં દેવતા, રૂષિ, યક્ષ, ગંધર્વ, ભૂત, પ્રેત, રાક્ષસ, મનુષ્ય, પક્ષી, પશુ, સર્પ, કીટ, તૃણ, વૃક્ષાદિક પ્રાણિઓની ચૌદ પ્રકારની જાતિઓ વર્ત્તમાન છે. ॥૪૬૫॥ તેમાં યમ, ચંદ્રમા, સૂર્ય, ઈંદ્રાદિક દેવતા; પંચભૂતોથી બનેલ સંસારની મર્યાદા વર્તાવવા વાસ્તે પરમેશ્વરની નિયતિથી લોકપાળ થએલા છે.॥૪૬૬॥ હે રામજી! તે દેવતાઓની; આ જગત્માં આ પુણ્ય છે તેનું ગ્રહણ કરવું અને આ પાપ છે તેનો ત્યાગ કરવો, એવી રીતની લોક મર્યાદા, વેદ મર્યાદા અને ધર્મ રક્ષા વાસ્તે કલ્પના કરી છે.॥ ૪૬૭ ॥ હે રામ! તે ધર્મ મર્યાદામાં હજી સુધી સર્વનું ચિત્ત, હાથીના કાનના અગ્ર ભાગની માફક ચંચળ છે તથાપિ જળ પ્રવાહના વહેવાની પેઠે યથાયોગ્ય વર્ત્તમાન છે.॥૪૬૮॥ હે રામચંદ્ર! તેમાં ભગવાન્ ધર્મરાજા પ્રાણિઓનો સંહાર કરવાના અધિકારી છે, ચાર યુગનો વખત ગયા પછે પાછળ બનાવેલા પ્રાણિઓના સંહારનું પાપ દૂર કરવા વાસ્તે કોઇ વખત આઠ વર્ષ, અથવા દશ વર્ષ, અથવા બાર વર્ષ, અથવા પાંચ વર્ષ, અથવા સાત વર્ષ, અથવા સોળ વર્ષ નિયમ ધારણ કરીને તપ—યજ્ઞ કરે છે તેમજ પ્રજાના સંહારથી ઊદાસ થઇ જાય છે. તે વખતે મૃત્યુ પ્રજાનો સંહાર કરતું નથી. ॥ ૪૬૯. ॥ તે વખતે; જેવી રીતે વર્ષાઋતુના સમયમાં

તૃણ–ઝાડવાંથી પૃથ્વિ પૂર્ણ થઇ જાય છે અથવા હાથી માખિ-
ઓથી ઘેરાઇ જાય છે તેવી રીતે આ પૃથ્વી પ્રાણિઓના સમૂ-
હથી પૂર્ણ થઇ જાય છે. ॥ ૪૭૦ ॥ તેથી દેવતાઓ પૃથ્વિનો
ભાર ઊતારવા વાસ્તે અનેક યુક્તિઓ કરીને વધી ગએલ પ્રજાનો
ક્ષય કરે છે. ॥ ૪૭૧ ॥ હે રામજી ! એવી રીતે અનેક સહસ્ર-
યુગ પાછળ થઈ ગયા છે, અનેક જગત્ સેંકડો વખંત થઇ ગયું
છે, અનંત ભૂતો થઇ ગયાં છે અને અનેક પ્રાણિ વ્યતીત થઈ
ગયાં છે. ॥ ૪૭૨ ॥ હે રામ ! હમણાં પણ જે યમ–ધર્મરાજ
સંપૂર્ણ પીતૃઓનો સ્વામી છે તેથી કેટલાંક પ્રાણીઓ ક્ષયને
પ્રાપ્ત થયાં છે તેથી ચાલતા યુગમાં બાર વર્ષ સુધી યજ્ઞને માટે
બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું છે અને લોકોના સંહારરૂપી પોતાનાં
કર્મનો ત્યાગ કરવો છે. ॥ ૪૭૩ ॥ તેટલા માટે, જેવી રીતે ઘણાં
વૃક્ષ–તૃણથી પૃથ્વી ભારે થઈ જાય છે તેવી રીતે આ પૃથ્વી પ્રા-
ણીઓનાં મરણ વગર ભારે થઇ જશે ત્યારે તેવી રીતે ભારથી
પીડિત થએલી પૃથ્વી, જેમ ચોરોથી પીડિત થએલી સ્ત્રી પોતાના
પતિને શરણે જાય છે તેમ વિષ્ણુને શરણે જશે. ॥ ૪૭૪ ॥ હે
રામચંદ્ર ! ત્યારે વિષ્ણુ ભગવાન્ બે સ્વરૂપથી પૃથ્વીપર ઉતરશે.
તેમાં એક નરરૂપથી અને બીજું એક નારાયણરૂપથી. એટલે તેની સાથે
તમામ દેવતા પણ પૃથ્વીપર ઉતરશે. ॥ ૪૭૫ ॥ એકરૂપથી વસુ-
દેવને ઘેર કૃષ્ણરૂપી ભગવાન્ થશે અને બીજું શરીર અર્જુન નામે
પાંડુને ઘેર થશે. ॥ ૪૭૬ ॥ હે રામજી ! પાંડુનો મોટો પુત્ર યુધિ-
ષ્ઠિર રાજા ધર્મના અંશથી થશે તે યુધિષ્ઠિર પાંડવ ચક્રવર્તી રાજા
થશે અને ધર્મ મર્યાદાનું પાળન કરવાવાળો થશે. ॥ ૪૭૭ ॥ હે

રામ! પાંડુનો મોટો ભાઈ **ધૃતરાષ્ટ્ર** રાજા થશે અને તે રાજાનો પુત્ર **દુર્યોધન**, યુધિષ્ઠિરનો ભાઇ થશે અને યુધિષ્ઠિરનો બીજો ભાઇ પવનનો પુત્ર **ભીમસેન** થશે તે જેમ નોળિઊં સર્પનો શત્રુ છે તેમ **દુર્યોધનનો** મોટો શત્રુ થશે. ॥ ૪૭૮ ॥ તે **યુધિષ્ઠિર ભીમાદિક** અને **દુર્યોધન** પરસ્પર આ પૃથ્વીનું રાજ્ય પોતપોતાનું કરવા ચાહના રાખશે તથા તે વાસ્તે મોટું યુદ્ધ કરશે. તે યુદ્ધને સહાય નિમિત્ત અઢાર અક્ષૌહિણી યુદ્ધ કરવા વાસ્તે આવી તૈયાર થશે. ॥૪૭૯॥ હે રામચંદ્ર! વિષ્ણુ ભગવાન્ કૃષ્ણ અવતાર થઈને **અર્જુન** નામનાં પોતાનાં સ્વરૂપ નરના અવતારથી તે સેનાનો ક્ષય કરી પૃથ્વીનો ભાર ઉતારશે. ॥ ૪૮૦ ॥ હે રામજી! વિષ્ણુ ભગવાન્ **અર્જુન**માં માયા અંશથી મનુષ્ય ભાવ પામીને તે માયાને આધીન થઇને પોતાના બાંધવોનાં સ્વરૂપ નિમિત્ત હર્ષ–શોક યુક્ત થશે. ॥ ૪૮૧ ॥ અને યુદ્ધરૂપી પોતાના ધર્મનો ત્યાગ કરશે ત્યારે વિષ્ણુ ભગવાન્ **અર્જુન** નામથી પોતાનાં શરીરને સર્વ જ્ઞાતા કૃષ્ણ નામનાં શરીરથી, પૃથ્વીનો ભાર ઉતારવારૂપી પોતાનો અવતાર થવાનાં કાર્યં વાસ્તે **અર્જુનને** તત્વજ્ઞાનનો ઉપદેશ કરશે. ॥ ૪૮૨ ॥

શ્રી કૃષ્ણ ભગવાન્ **અર્જુનને** ઉપદેશ કરતાં કહેવા લાગ્યા કે:–હે અર્જુન! આ આત્મા; જન્મ ધારણ કરતો નથી, મરતો પણ નથી અને ફરી ઉત્પન્ન પણ થતો નથી. એ જન્મ રહિત છે, નિત્યઅનાદિ છે, સર્વથી પ્રથમ–જૂનો છેઅને શરીર મરવાથી પણ તે મરતો નથી. ॥૪૮૩॥ **હે અર્જુન**! જે કોઇ તેના મારવાવાળાને જાણે છે અથવા જે કોઇ તેના મરવાને જાણે છે, તે બન્ને કાંઇપણ

નથી જાણતા એમ સમજવું. કારણ કે તે કોઇને મારતો નથી અથવા કોઇ રીતે મરતો નથી. ॥ ૪૮૪ ॥ હે અર્જુન! આ આત્મા અંતરહિત છે, સદા એકરૂપ છે, સત્તામાત્ર રૂપ છે, આકાશથી પણ સૂક્ષ્મ છે અને પરમેશ્વર છે. તે કોઇ રીતે કેમ નષ્ટ થાય? ॥ ૪૮૫ ॥ તેથી હે અર્જુન! તે આત્મા; અનંત છે, ઈંદ્રિ-ઓથી પ્રત્યક્ષ જોવામાં આવતો નથી તેથી તે અવ્યક્ત છે અને આદિ—ઊત્પત્તિ તથા મધ્યથી પણ રહિત છે, તેથી તે આત્માને તું અંતઃકરણની વૃત્તિથી જો. તું પણ જ્ઞાનસ્વરૂપ છો, જન્મ-રહિત છો, નિત્ય છો અને નિર્વિકાર છો. ॥ ૪૮૬ ॥ હે અર્જુન! તું મારૂં સ્વરૂપ છો માટે વૃથાજ ધારણ કરેલાં અભિમાનનો ત્યાગ કર. વળી તું જન્મ—મરણથી રહિત છો તથા પોતે અવિનાશી આત્મા છો. ॥ ૪૮૭ ॥ હે અર્જુન! જેને શરીરાદિકમાં અહંકાર નથી અને કર્મોથી જેની બુદ્ધિ લીંપાયલી નથી તે પુરૂષ તમામ આ લોકોને મારવાથી પણ મારવાવાળો નથી તેમ તે હત્યા દોષથી પણ બંધાતો નથી. ॥ ૪૮૮ ॥ હે અર્જુન! જે સ્ફુરણ મનમાં પ્રગટ થાય છે તેજ અનુભવમાં આવે છે તેથી "આ મારો શત્રુ છે, હું એને મારવાવાળો છું અને આ પદાર્થ મારો નથી." એવાં મનનાં સ્ફુરણનો ત્યાગ કર. તું પોતાના—પરાયા ભેદવાળી દૃષ્ટિથી થયો છો તેથી તું પોતે પોતાથી નષ્ટ થયો છો એવું માને છે. તેથીજ તું પરાધીન છો અને સુખ—દુઃખોથી પીડિત થયો છો. ॥ ૪૮૯ ॥ હે અર્જુન! નેત્ર પોતાના રૂપ વિષયને દેખે છે, કાન પોતાના શબ્દ વિષયને સાંભળે છે, ત્વચા પોતાના સ્પર્શ વિષયને જાણે છે અને જીંહા પોતાના રસ વિષયને લે છે. 'હું કોણ છું?'

એવી ભ્રમ દષ્ટિની સ્થિતિ ક્યાં છે? તું પોતેજ સર્વથી અસંગ છો. ॥ ૪૯૦ ॥ હે અર્જુન! મન પણ પોતાના સંકલ્પની રચનામાં લાગ્યું રહે છે. એમાં 'હું કરૂં છું' એવી એક કલ્પનાજ આત્માને ક્લેશ કરે છે. ॥૪૯૧॥ હે અર્જુન! દેહ, ઈંદ્રિઓ, મન, એ સઘળાં ઘણી રીતે પોતપોતામાં મળીને પોતપોતાનાં કાર્યો કરે છે અને એક આત્મા કેવળ અભિમાનથી લોકમાં ઉપહાસ્ય–મશ્કરી માટે પકડાઇ જાય છે. ॥ ૪૯૨ ॥ હે અર્જુન! યોગી પુરૂષ અંતઃકરણને શુદ્ધ કરવા વાસ્તે; શરીરથી, મનથી, બુદ્ધિથી, કેવળ ઈંદ્રિઓથી અને કર્મફળના સંગનો ત્યાગ કરવાથી પણ કર્મો કરે જાય છે. ॥ ૪૯૩ ॥ હે અર્જુન! પુરૂષ; ઉત્તમ બુદ્ધિવાળો હોય તોપણ અને ઘણાં શાસ્ત્રને જાણવાવાળો હોય તોપણ જો દેહ–ગેહાદિકમાં મમતા તથા અહંકારરૂપી મળથી યુક્ત હોય તો કુબુદ્ધિ પુરૂષની માફક શોભતો નથી. ॥ ૪૯૪ ॥ હે અર્જુન! જે પુરૂષ મમતા રહિત હોય, અહંકાર રહિત હોય, સુખ–દુઃખોને સમાન સમજવાવાળો હોય અને ક્ષમા યુક્ત હોય તો તે પુરૂષનું ગમે તો શુભ કાર્ય કરો અથવા દુષ્ટ કાર્ય કરો તથાપિ તે ગુણ–દોષથી મુક્ત થતો નથી. ॥ ૪૯૫ ॥ હે પાંડુ પુત્ર! આ રણ મંડળ; તુંને પોતાનાં કર્મનું અને ક્ષત્રી ધર્મનું ઉત્તમ ક્ષેત્ર મોટાં તીર્થની માફક પ્રાપ્ત થએલું છે તેમાં ક્રુર મતિથી પણ તું યુદ્ધ રૂપી પોતાના ધર્મનો ત્યાગ કરીશ તોપણ આ ક્ષત્રી ધર્મનો યુદ્ધ પણ તુંને પરમ કલ્યાણ, પરમ સુખ, પરમ ઐશ્વર્ય અને ઉદય આપશે. ॥૪૯૬॥ હે અર્જુન! પોતાના ધર્મનું કર્મ મૂર્ખ પુરૂષને પણ કલ્યાણ આપે છે તો શ્રેષ્ટ બુદ્ધિવાળા પુરૂષને પોતાના ધર્મનાં કર્મથી કલ્યાણ કાં ન થાય તેમાં

પણ જો અહંકારથી રહિત હોય તો તે પુરૂષ પોતાનાં કર્મથી પતિત હોય તથાપિ દોષથી લીંપાતો નથી. ॥ ૪૯૭ ॥ હે અર્જુન! તું પોતાના ધર્મનાં કર્મ યોગમાં સ્થિર થઇને કર્મો કર અને અહંકારની તથા કર્મ ફળની વાંચ્છનાના સંગનો ત્યાગ કર. કેમકે જે પુરૂષ કર્મ ફળની અસંગતાને પામેલો છે તે કર્મ કરે છે તથાપિ કર્મ ફળથી બદ્ધ થતો નથી. ॥ ૪૯૮ ॥ હે અર્જુન! તું શાંત પરબ્રહ્મ સ્વરૂપ થઇને પોતાનાં કરેલાં કર્મને બ્રહ્મરૂપ કર અને પોતાના આચાર બ્રહ્મને અર્પણ કર કેમકે એવી રીતથી ક્ષણ માત્રમાં તુ બ્રહ્મજ થઇશ. ॥ ૪૯૯ ॥ હે અર્જુન! સંપૂર્ણ અર્થો ઇશ્વરને અર્પણ કર, ઇશ્વરરૂપ થા, ઉપાધિ રહિત થા, પોતે પણ ઇશ્વરતાથી સર્વ ભૂતોનો આત્મા થા અને પોતાનાં સ્વરૂપથી પૃથ્વિને શોભાયમાન કર. ॥ ૫૦૦ ॥ સર્વ સંકલ્પોનો સંન્યાસ કર, સમ દષ્ટિવાળો થા, મનથી શાંતિ ધારણ કર, અંતઃકરણમાં કર્મ સંન્યાસથી યુક્ત થા, કર્મને કરતોજ રહે અને ફળની આશા વિશે મુક્ત મતિવાળો થા. ॥ ૫૦૧ ॥

ત્યારે અર્જુને વચ્ચે પ્રશ્ન કર્યો કેઃ—હે કૃષ્ણ! સંન્યાસના, બ્રહ્માર્પણના, ઇશ્વરાર્પણના, કર્મ સંન્યાસના, જ્ઞાનના અને યોગના ભિન્ન ભિન્ન વિભાગો જે છે તે મારા મોહની નિવૃત્તિ વાસ્તે ક્રમથી કહો. ॥ ૫૦૨ ॥

એટલે શ્રી કૃષ્ણ કહેવા લાગ્યા કેઃ—હે અર્જુન! સંપૂર્ણ સંકલ્પોની શાંતિ થવાથી વિશેષે કરીને તમામ વાસના શાંત થઇ જાય છે. અને બ્રહ્મસ્વરૂપ ભાવનાનો કોઇ આકાર ઉદય થાય છે તેને બ્રહ્મપરતા કહે છે. ॥ ૫૦૩ ॥ તેનો ઉદ્યોગ કરવાને જ્ઞાન કહે

છે તથા કુશળ બુદ્ધિ પુરૂષો યોગ પણ કહે છે તેમજ તમામ જગત્ બ્રહ્મ છે તથા હું પણ બ્રહ્મ છું તેને બ્રહ્માર્પણ કહે છે. ॥ ૫૦૪ ॥ અને કર્મનાં ફળોનો તો ત્યાગ છે તેને બ્રહ્મવેત્તા પુરૂષો સંન્યાસ કહે છે. વળી તમામ સંકલ્પોનો જે ત્યાગ છે તેને અસંગતા કહે છે. ॥ ૫૦૫ ॥ હે અર્જુન! બધાં કર્મોની કલ્પનાજાળ એક ઇશ્વરને અર્પણ કરવાની ભાવના કર અને કર્મ કરવાના સમયમાં કર્ત્તા—કર્મ કરવાની સામગ્રીમાં ઇશ્વર વિના બીજાની ભાવના ગળી જાય છે જેથી તે ઇશ્વરાર્પણ કહેવાય છે. ॥૫૦૬॥ હે અર્જુન! તું મારે વિશે મનને કર, મારો ભક્ત થા, મારે નિમિત્તે યજ્ઞ કરવાવાળો થા અને મને નમસ્કાર કર. કેમકે એમ કરેથી તું મનેજ પ્રાપ્ત થઈશ તથા પોતે પોતાનેજ મારે વિશે પરાયણ કર. ॥ ૫૦૭ ॥

ત્યારે અર્જુને પ્રશ્ન કર્યો કેઃ—હે શ્રીકૃષ્ણ! તમારાં બે રૂપ છે. એક પરરૂપ કે જે સનાતન છે તથા બીજું અપર છે કે જે જોવામાં તેમજ સાંભળવામાં નથી આવતું. તે પરરૂપ તમારૂં કેવું છે? તેને કયા કાળમાં હું આશ્રિત થઈ રહું? અને મોક્ષની સિદ્ધિ વાસ્તે તેનો ક્યારે આશ્રય કરૂં? ॥ ૫૦૮ ॥

વળી શ્રી કૃષ્ણે પ્રતિઉત્તર આપ્યો કેઃ—હે અર્જુન! પ્રથમ તુંને કહેલ છે તોપણ ફરી હું તારાં હિતની કામના માટે કહું છું તેનું તું શ્રવણ કર. કેમકે તું મારાં વચનમાં પ્રીતિ ધરવાવાળો છો. ॥ ૫૦૯ ॥ મારાં બેજ રૂપ છે. એક સર્વના સમાન દૃશ્ય છે અને એક પર છે કે જે મન, વાણી અને ઇંદ્રિઓથી ગોચર નથી. તેમાં જે હસ્ત—પાદાદિ યુક્ત અને શંખ, ચક્ર, ગદા,

પદ્માદિ ધરવાવાળું છે તે અપર છે તથા સગુણ છે. ॥ ૫૧૦ ॥ જે મારૂં પરરૂપ છે તે આદિ-અંતથી રહિત છે, નિર્ગુણ છે, તે બ્રહ્મ કહેવાય છે અને પરમાત્મા એવાં નામોથી પ્રસિદ્ધ છે. ॥ ૫૧૧ ॥ હે અર્જુન ! જ્યાં સુધી તું બોધ પામેલો નથી અને દેહાદિકોએ કરી આત્મજ્ઞાનથી રહિત છો ત્યાંસુધી મારાં ચતુર્ભુજ રૂપની પુજામાં રહે. ॥ ૫૧૨ ॥ હે અર્જુન ! તું તેવા ક્રમથી જ્ઞાન પામીશ તો તે રૂપને જાણીશ. તે મારૂં રૂપ આદિ-અંતથી રહિત છે કે જે જાણવાથી ફરી જન્મ પ્રાપ્ત થતો નથી. ॥ ૫૧૩ ॥ તેથી તું સર્વ ભૂતો વિશે સ્થિર રહેલ આત્માને જાણશે, સર્વ ભૂતોના આત્મા વિશે જાણવા જેવી બુદ્ધિને યુક્ત કરીશ અને સર્વત્ર સમદૃષ્ટિવાળો થઇશ. ॥ ૫૧૪ ॥ હે અર્જુન ! જે પુરૂષ સર્વ ભૂતોમાં સ્થિર રહેલ આત્મામાં એક રૂપતા ધારીને ભજે છે તે પુરૂષ સર્વ પ્રકારની સંસાર દશામાં વર્ત્તમાન છે તથાપિ ફરી જન્મ પામતો નથી. ॥ ૫૧૫ ॥ હે અર્જુન ! જેવી રીતે ઘડા અનેક સહસ્ર છે પરંતુ તેને બહાર તથા અંદર આકાશ એક જેવો વ્યાપ્ત છે તેવી રીતે ત્રૈલોક્ય અનેક સહસ્ર છે તેમાં હું આત્મસ્વરૂપે કરીને બહાર તથા અંદર એકજ વ્યાપ્ત થએલ છું. ॥ ૫૧૬ ॥ હે અર્જુન ! અનેક પ્રતિબિંબોમાં દર્પણની સમાન સાક્ષી રૂપવાળા આત્માને પ્રતિબિંબનો નાશ થવાથી પણ નષ્ટ થએલ મન્ને દેખે છે તેજ દેખતો કહેવાય છે. ॥ ૫૧૭ ॥ હે અર્જુન ! જે પુરૂષ; માન તથા મોહથી રહિત થએલ છે, જેણે ઇંદ્રિયસંગોના દોષો જીતેલ છે, જે આત્મજ્ઞાનમાં નિત્ય સ્થિર થએલ છે અને જે સુખ-દુઃખોના દ્વંદસંગોથી મુક્ત થએલ છે તે પુરૂષ મૂઢ નથી, તત્ત્વવેત્તા છે અને

એવા બ્રહ્મજ્ઞ તે અવિનાશી પરમપદને પ્રાપ્ત થાય છે. ॥ ૫૧૮ ॥ હે અર્જુન ! જે ઇંદ્રિઓની શબ્દ—સ્પર્શાદિક માત્રા છે તેનો જે સ્પર્શસંગ છે તે શીત—ઉષ્ણને તથા સુખ—દુ:ખોને આપવાવાળો છે અને આગમ—નિગમવાળો છે. તેને તું દૃઢ થઈને સહન કર પણ તેને આધીન થઇશ નહિ. ॥ ૫૧૯ ॥ હે અર્જુન ! અસત્ય પદાર્થને સત્તારૂપી ભાવનાજ થતી નથી અને સત્ય પદાર્થને અસત્યરૂપી ભાવના થતી નથી તેથી સુખ—દુ:ખાદિ સત્ય નથી પણ આત્માજ સદા સત્ય છે તથા સર્વ વ્યાપી છે. ॥ ૫૨૦ ॥ હે અર્જુન ! તું; માનનો, મદનો, શોકનો, ભયનો અને સુખ—દુ:ખોનો ત્યાગ કર. કેમકે એ દ્વૈતનાં રૂપ છે અને અસત્ય છે. તું એક સત્યરૂપ થા. ॥ ૫૨૧ ॥ આ પુરૂષોની અક્ષૌહિણીનો ક્ષય કરીને પોતના અનુભવનાં સ્વરૂપને બ્રહ્મનો વિસ્તાર થવાનું સમજ. ટુંકામાં કેવળ શુદ્ધ બ્રહ્મનેજ બ્રહ્મમાં એક કર. ॥ ૫૨૨ ॥ હે અર્જુન ! તું; સુખ—દુ:ખને ન જાણતાં અને લાભ—ખર્ચને તથા જીત-હારને એક સમાન ગણતાં યુદ્ધ કર અને બ્રહ્મની એકતાને પ્રાપ્ત થા. કેમકે તુંજ બ્રહ્મતાનો એક સમુદ્ર છો. ॥ ૫૨૩ ॥ હે અર્જુન ! જે તું કાંઈ પણ કરે છે, જે તું ભોજન કરે છે, જે હોમ કરે છે, જે દે છે અને જે ભવિષ્યમાં તું કરીશ તે સર્વને આત્મા સમજીને યુદ્ધમાં સ્થિર થા. ॥ ૫૨૪ ॥ હે અર્જુન ! સર્વ પોતાના અંતમાં જેવી ભાવનાવાળો થાય છે તેવી ભાવનાને તે પામે છે. "તું બ્રહ્મ સત્ય છો" એવી ભાવનાને પ્રાપ્ત થા. એથી તું બ્રહ્મની સત્યતાવાળો થઈને બ્રહ્મનેજ પ્રાપ્ત થઇશ. ॥ ૫૨૫ ॥ હે અર્જુન ! જે કોઇ કર્મ કરવામાં, પોતાનાં કર્મ કરવાના અહંકારનો ત્યાગ કરે

છે તેને અકર્મના કર્મસંગ રહિત સમજવો અને અકર્મમાં અથવા ન કરવા યોગ્ય કર્મમાં કર્મને શું ? પણ જે પોતાના વર્ણાશ્રમનું કર્મ છે તે તો અવશ્ય કરવું. એમ જે સમજે છે તે મનુષ્યમાં બુદ્ધિમાન્ કહેવાય છે અને તેને તમામ કર્મ કરવામાં યુક્ત સમજવો. ॥ ૫૨૬ ॥ હે અર્જુન ! "મને કર્મનું ફળ મળે" એવી રીતે કર્મફળના નિમિત્તનાં કારણરૂપ તું થા નહિ, કર્મ ત્યાગવામાં તારી બુદ્ધિનો સંગ થશે નહિ માટે કર્મ અવશ્ય કર. એવી રીતે કર્મ યોગમાં સ્થિર થઇને કર્મ કરતો રહે અને કર્મ ફળના સંગનો ત્યાગ કર. ॥ ૫૨૭ ॥ હે અર્જુન ! અહંકાર દ્વારા ફળથી, કર્મ કરવામાં આસક્તિના ત્યાગથી, કર્મ નહિ કરવાની બુદ્ધિના ત્યાગથી, સમતા ધારણ કરવાથી, પોતાની રૂચીથી અને સુખથી તું વર્ત્તમાન રહે. ॥ ૫૨૮ ॥ હે અર્જુન ! જે પુરૂષ કર્મ ફળના પ્રસંગનો ત્યાગ કરીને નિત્ય સંતોષથીજ તૃપ્ત રહે છે અને મમતાથી રહિત છે તે ગમે તો અનેક કર્મ જાળમાં પ્રવૃત્ત હોય તથાપિ તે કાંઈ પણ નથી કરતો. ટુંકામાં તે બંધનથી રહિત છે. ॥ ૫૨૯ ॥ હે અર્જુન ! આસક્તિ કોને કહેવાય છે ? "હું કર્ત્તા છું" તે કર્મ ન કરવાવાળાને પણ થાય. એમ ક્યારે થાય ? કે જ્યારે મન સંકલ્પ—વાસનાથી મૂઢતા યુક્ત હોય છે તેમાંથી મનની મૂઢતાનો ત્યાગ કરે ત્યારે. ॥ ૫૩૦ ॥ હે અર્જુન ! કર્મ કરવામાં; પોતાને કર્ત્તા ન માનવાથી તથા ભોક્તા ન થવાથી સમતા એકરૂપ થાય છે, સમતા એકરૂપ થવાથી અનંતતા થાય છે અને અનંતા થવાથી સવિસ્તર બ્રહ્મતા થાય છે. ॥ ૫૩૧ ॥ હે અર્જુન ! તેથી તું પણ અનેક ચિત્તતારૂપી મળનો ત્યાગ કરીને પરમાત્માની એકતાને

પ્રાપ્ત કર અને તેથી ગમે તો શુભ કર્મ કર અથવા અશુભ કાર્ય કર તથાપિ તું કાંઇ કરતો નથી. ॥ ૫૩૨ ॥ હે અર્જુન! જે પુરૂષના તમામ કાર્યારંભ, ફળ કામનાના સંકલ્પથી રહિત થયા છે તેનાં કર્મ બંધન, જ્ઞાનરૂપી અગ્નિથી દગ્ધ થઈ જાય છે. તેને તત્વવેત્તા પુરૂષ પંડિત કહે છે. ॥ ૫૩૩ ॥ હે અર્જુન! તું; સુખ—દુઃખાદિથી રહિત થા, હમેશ આત્મતત્વમાંજ સ્થિર થા, પદાર્થની પ્રાપ્તિના ઊદ્યમથી રહિત થા અને જેવી પ્રાપ્તિ થાય તેવીમાં વર્ત્તમાન થા. એમ થવાથી સંસારના જીવોનાં ભૂષણની માફક શોભા કરવાવાળો થઈશ. ॥ ૫૩૪ ॥ હે અર્જુન! જે કર્મ કરવાવાળી ઇંદ્રિઓ છે તેનું કર્મ નહિં કરવામાં સંયમ કરે છે અને મનથી તેના ભોગોને ચાહે છે તે તપસ્વીને મૂઢ સમજવો, તેનું તપ એ જુઠો આચાર છે અને તે પાખંડી છે. ॥ ૫૩૫ ॥ હે અર્જુન! જે પુરૂષ પોતાનાં મનને ઇંદ્રિઓના ભોગ પદાર્થોથી રોકે છે અને કર્મેંદ્રિઓથી કર્મ યોગનાં ફળની આસક્તિ રહિત કરે છે તેને વિશેષે કરીને ઊત્તમ પુરૂષ સમજવો. ॥ ૫૩૬ ॥ હે અર્જુન! જેમ સમુદ્ર, તમામ નદીઓનાં જળથી ભરાઈ જાય છે તથા તમામ જળ તેમાં પ્રવેશ કરે છે તથાપિ તે પોતાની મર્યાદાનાં સ્થાનથી બહાર ચડતો નથી તેમજ જે પુરૂષને તમામ કામ—ભોગ પ્રાપ્ત થાય છે અથવા નથી પણ પ્રાપ્ત થતા તેઓ તેની પ્રાપ્તિ—અપ્રાપ્તિથી હર્ષ—શોક પામતા નથી તથા તે પુરૂષને શાંતિ મળે છે અને જે પુરૂષ કામ-ભોગોની કામના કરે છે તેને શાંતિ મળતી નથી. ॥ ૫૩૭ ॥ હે અર્જુન! તત્વવેત્તા પુરૂષ, કામ—ભોગોનો ત્યાગ પણ ન કરતાં અથવા અંતઃકરણમાં ભોગોની ભાવના પણ ન કરતાં ભોગોની

પ્રાપ્તિમાં સમવૃત્તિ રહે છે. એટલે કે જેવો ભોગ મળે તેવી રીતે વર્ત્તે છે. ॥ ૫૩૮ ॥ હે મહા બાહો! શરીર નાશ થયા છતાં આત્મામાં કાંઇ પણ નષ્ટતા થતી નથી. આત્માનો નાશ એજ ખરો નાશ છે, પણ તે આત્મા નષ્ટજ થતો નથી. કેવળ સ્વરૂપનું વિસ્મરણ એજ આત્મા"કહેલ છે. ॥૫૩૯॥ હે અર્જુન ! અસત્ય પદાર્થેનો સત્તારૂપી ભાવ થતો નથી અને સત્ય પદાર્થનો અસત્યતા-રૂપી અભાવ થતો નથી. તત્વવેત્તા પુરૂષો એ બન્નેનો અંતર જાણે છે. ॥ ૫૪૦ ॥ હે અર્જુન !.અવિનાશી એને સમજ કે જેથી આ સંપૂર્ણ વિશ્વ વ્યાપ્ત થએલું છે. તે અવિનાશીનો નાશ કરવાને કોઇ પણ સમર્થ નથી.' ॥ ૫૪૧ ॥ હે અર્જુન ! આ શરીર સદા અવિનાશી શરીર ધારણ કરવાવાળા આત્માનું છે, તે અંતવાળું છે. વળી તે આત્મા કેવો છે કે અવિનાશી છે, સ્થૂળ- સૂક્ષ્મ આદિ પ્રમાણ રહિત છે અને નિત્ય છે. તેથી તું પોતાનો યુદ્ધરૂપી ક્ષત્રીધર્મ નિઃશંક કરી લે. ॥ ૫૪૨ ॥

વળી અર્જુને પ્રશ્ન કર્યો કેઃ—હે મહારાજ ! જો આ શરીર અનિત્ય છે અને આત્મા નિત્ય છે તો "હું નષ્ટ થયો છું" એવી સ્થિતિ—મર્યાદા મનુષ્યોની કેમ કરી ? અને લોકોને સ્વર્ગ તથા નર્ક એ કેમ કરીને સ્થિર થયાં છે ? ॥ ૫૪૩ ॥

એટલે શ્રી કૃષ્ણે ઉત્તર આપ્યો કેઃ—હે અર્જુન ! પૃથ્વી, જળ, તેજ, પવન, આકાશ, મન અને બુદ્ધિ, આ સઘળાં સૂક્ષ્મ અંશોં સહિત સૂક્ષ્મ શરીરથી જીવ શરીરોમાં સ્થિર રહે છે. ॥૫૪૪॥ તે જીવ; જેમ દોરડાંથી ગાયનું વાછડું ખેંચાય છે તેમ સૂક્ષ્મ શરીર સહિત વાસના ખેંચાઇ જાય છે અને જેમ પિંજરાંમાં પક્ષી રહે છે

તેમ તે શરીરમાંજ રહે છે. ॥ ૫૪૫ ॥ હે અર્જુન ! કર્ણ, નેત્ર, ત્વચા, જીહ્વા અને નાસિકા એઓને આ જીવ; શરીરમાંથી લઇ જાય છે કે જેમ પવન; પુષ્પમાંથી સુગંધી લઇ જાય છે. તેથી સ્થૂળ શરીરજ પ્રાણ ચેષ્ટાથી રહિત થાય છે. એટલા માટે તેને "મરી ગયો" એમ કહે છે. ॥ ૫૪૬ ॥ હે અર્જુન! વાસના સહિત થવું એજ એનું શરીર છે બીજું કાઇ શરીર નથી. જો વાસના સહિત શરીર યુક્તિ વિચારથી ક્ષીણ થાય છે તેનો ક્ષય થવાથી પરમપદ પ્રાપ્ત થાય છે. ॥ ૫૪૭ ॥ હે અર્જુન ! જેમ મૂળ ખોદવાથી વૃક્ષ પડી જાય છે તેમ પાછળના કાળમાં થએલી વાસનાનું મૂળ હમણાનાં યત્નથી તથા પુરૂષાર્થથી જીતાય છે. ॥ ૫૪૮ ॥ હે અર્જુન ! ગમે તો પર્વતો ફાટીને પડી જાય અથવા પ્રલય કાળનો પવન ચાલે તોપણ શાસ્ત્રમાં કહેલ પોતાનાં પુરૂસત્વનો ત્યાગ કરવો નહિ એવા વિચારવાળા બુદ્ધિથી યુક્ત થએલ પુરૂષે પોતાનું પુરૂસત્વજ કરવું. ॥ ૫૪૯ ॥ હે અર્જુન ! જે પુરૂષ વાસના રહિત થયો નથી અને પાપ કર્મ પણ કરે છે તે પુરૂષ; જેમ પાંઝરામાં રહેલ પક્ષી ચારે બાજુએથી ઘેરાઇ જાય છે તેમ તે સર્વ રીતે બંધાઇ જાય છે. "આ કર્મનો હું ત્યાગ કરૂં છું અને આ કર્મનો આશ્રય કરૂં છું." એજ નિર્ણય મૂઢ મનનો છે અને જ્ઞાની પુરૂષની સદા એક સમાન સ્થિતિ છે. ॥ ૫૫૦ ॥ હે અર્જુન ! જે પુરૂષ માયાથી સંસારના પ્રવાહમાં આવી પડતાં તેજ કર્મ કરે છે અને સિદ્ધ થાઓ અગર ન થાઓ તોપણ તેમાં સમચિત રહે છે તે જીવન્મુક્ત થાય છે, અંતઃકરણથી તે સુષુપ્તિ અવસ્થામાં રહે છે, લોકોને પણ સુષુપ્તિ અવસ્થાની માફક જણાય છે અને હઠ તથા દઢ કોઇમાં ન કરતાં

આત્મતત્વમાં મગ્ન રહે છે. ॥ ૫૫૧ ॥ હે અર્જુન! તે પુરૂષ પોતાનાં અંતઃકરણથી અચળ સ્થિતિ પામે છે અને જેમ કાચબો પોતાનાં અંગોનો સંકોચ કરી લે છે તેમ સર્વ વિષયોથી ઈંદ્રિઓને સ્વભાવથી ખેંચી લે છે. ॥ ૫૫૨ ॥ હે અર્જુન! જેવી રીતે સુંદર ચિત્ર રૂપથી તથા સારા રંગથી પૂર્ણ હોય તે જ્યારે ચિત્તમાં સ્થિર થાય છે ત્યારે આકાશમાં પણ શૂન્ય જણાય છે અને કાંઈ પણ કાર્ય થઇ શકતું નથી તેવીજં રીતે તત્વવેત્તા પુરૂષને તતામ જગત્ આકાશમાં પણ શૂન્ય પ્રતીત થાય છે અને તે કાંઇ પણ કરી શકતો નથી. ॥ ૫૫૩ ॥ હે અર્જુન! જેમ મન અસત્ય પદાર્થોને પણ સંકલ્પ કરીને મનોરથ દ્વારા રચી લે છે તેમજ એક ક્ષણને એક કલ્પ બરાબર કરી લે છે. ॥ ૫૫૪ ॥ હે અર્જુન! જેને વાસનાનું બીજ પણ અત્યંત તુચ્છ છે અને ચૈતન્ય, સત્તારૂપી પૃથ્વીમાં પ્રાપ્ત થયું તો તે તુચ્છ વાસના બીજજ સંસારનું મોટું કારણ થાય છે. ॥ ૫૫૫ ॥ હે અર્જુન! સત્યરૂપ પરમાત્માનાં તત્વજ્ઞાન-રૂપી અગ્નિ હૃદયમાં આરૂઢ થવાથી વાસનાનું બીજ એક વખત દગ્ધ થાય છે અને તે ફરી ઉદય થતું નથી. ॥ ૫૫૬ ॥ હે અર્જુન! તે વાસનાનું બીજ દગ્ધ થએલ પુરૂષ ફરી પદાર્થોમાં મગ્ન થતો નથી તથા જેમ કમળપત્ર જળથી લીંપાતું નથી તેમ તે સુખ-દુઃખોથી લીંપાતો નથી. ॥ ૫૫૭ ॥ હે અર્જુન! તું; શાંત અંતઃકરણવાળો થા, ભયથી રહિત થા, તમામ આશાનો ત્યાગ કર, વાસના રહિત થા, નિર્વાણ બોધથી મનના મહા મોહને ગળિત કર અને મેં જે કાંઈ તુને પવિત્ર આત્મતત્વ કહેલ છે તેનો ઊત્તમ પ્રકારે વિચાર કરીને—સર્વાત્મા એક શાંતરૂપ થઇને સ્થિર બુદ્ધિ-વાળો થા. ॥ ૫૫૮ ॥

એટલું સાંભળી **અર્જુન** કહેવા લાગ્યો કે:—હે કૃષ્ણ! તમારા પ્રસાદથી મારો તમામ મોહ નષ્ટ થયો છે અને આત્માનાં સ્વરૂપનું સ્મરણ હવે દૃઢ થયું છે તથા હું સંદેહ રહિત થયો છું અને હવે તમારાં વચન પ્રમાણે કરૂં છું. ॥ ૫૫૯ ॥

એટલે **શ્રી કૃષ્ણે** કહ્યું કે:—હે અર્જુન! જે આત્મસ્વરૂપ જાણવાથી અંતઃકરણની શાંત વૃત્તિ થઈ જાય તથા તેનું ચિત્ત પણ શાંત થઇ જાય તો જાણવું કે અંતઃકરણમાં તત્વજ્ઞાન વધેલું છે. ॥ ૫૬૦ ॥ હે અર્જુન! જેની પ્રાપ્તિમાં આ સર્વ ઘટ—પટાદિકોનું જ્ઞાન તુચ્છ થઈ જાય છે તો વસના મહા નીચ પણ છે અને પદ પદ મોક્ષ ક્ષણ ક્ષણમાં ઉદય પણ થાય છે તથાપિ તે શું કરી શકે એમ છે? ॥ ૫૬૧ ॥ હે અર્જુન! જેવી રીતે અગ્નિ પર્વતને પામતાં બરફના કટકા ક્ષણમાં લીન થઈ જાય છે તેવી રીતે શુધ્ધ ચૈતન્યતત્વને પ્રાપ્ત થવાથી અવિદ્યા લીન થઇ જાય છે. ॥ ૫૬૨ ॥ હે અર્જુન! મહા તુચ્છ રજોગુણથી થએલ એવી વાસના ભોગોથી બંધન કરવાવાળી ક્યાં છે? અને જેથી તમામ વિશ્વની જાળ અખંડ વ્યાપ્ત થઇ રહેલ છે એવો ચૈતન્યતત્વરૂપી મહા અગ્નિ ક્યાં છે? કે જેનાં તત્વનાં કિંચિન્માત્ર સ્મરણથી વાસના સહિત અવિદ્યા—જેમ અગ્નિ આગળ તૃણ સમૂહ બળી જાય છે તેમ—પોતાનાં કાર્ય--કારણ સમૂહની જાળ સહિત બળી જાય છે. ॥૫૬૩॥ હે અર્જુન! એટલાં માટે તું; અહંકારથી છે સ્થિતિ જેની એવી વાસનાથી વધેલ વિષયરૂપી વિષને વધારવાવાળી ભોગાશારૂપી 'વિષૂચિકાના સંકલ્પ—વિકલ્પના ત્યાગ રૂપી મંત્રથી દૂર થઈ કેવળ પરમાત્મારૂપ થા.' કેમકે તે તમામ ભય નિવૃત્તિનું સ્થાન છે. ॥૫૬૪॥

ફરી **અર્જુને** કહ્યું કે:—હે ભગવન્! મારી બુદ્ધિ; સર્વ પ્રકારથી—તમામ્ મળોથી રહિત થઈ છે, ધીર થઇ છે, પરમ ઉદયને પામી છે અને જેમ સૂર્યપ્રકાશથી કમળિની પ્રકાશિત થાય છે તેમ તમારાં વચનથી સાવધાન થઈ છે. ॥ ૫૬૫ ॥

ત્યાર બાદ **શ્રી વસિષ્ઠજી રામચંદ્રને** કહેવા લાગ્યા કે:—હે રામચંદ્ર! **અર્જુન** એટલું કહીને, ગાંડીવ ધનુષ હાથમાં લઇને, **શ્રી કૃષ્ણ** મહારાજ છે સારથી જેના એવા રથપર બેસી જઇને અને સંદેહથી રહીત થઇને યુધ્ધની લીલા કરશે. ॥ ૫૬૬ ॥

શ્રી વસિષ્ઠજી એ પ્રમાણે **શ્રી ભગવદ્ગીતા** પૂર્ણ કરીને **શ્રી રામચંદ્રજીને** ફરી કહેવાં લાગ્યા કે:—હે રામચંદ્ર! એવી જે જ્ઞાનદૃષ્ટિ છે તે પાપનો નાશ કરવાવાળી છે. તેને તું ધારણ કરીને, નિઃસંગ થઇને અને સંન્યાસ યોગથી તમામ કર્મને બ્રહ્માર્પણ કર તથા બ્રહ્મરૂપમાં સ્થિર થા. ॥ ૫૬૭ ॥ હે રામજી! આ જગતમાં જેટલા ભાવ છે તે વિચાર કરવા વગર સુંદર જણાય છે. વળી તે કેવા છે કે જેના સત્તારૂપી ભાવ નથી અને વિચારથી નષ્ટ થવાવાળા છે. ॥ ૫૬૮ ॥ હે રામ! જેના હૃદયમાં લેશ પણ આત્મવિચાર નથી તે સુંદર વ્યવહાર કરે તો પણ તે દર્પણમાં પ્રતિબિંબિત થએલા પુરૂષની માફક જડ છે તથા તેને મુક્તિનું નામ પણ નથી. ॥ ૫૬૯ ॥ હે રામચંદ્ર! આત્મસ્વરૂપના કેવળ બોધ માત્રથી ભોગવાસના ક્ષીણ થાય છે. ભોગોની ભાવના કરવી નહિ એજ પરમ તત્વજ્ઞાનનું લક્ષણ છે. ॥ ૫૭૦ ॥ હે રામજી! એટલા માટે તત્વવેત્તા પુરૂષોને ભોગ અભિમત (માન્ય) નથી, તત્વવેત્તા સર્વ સંસારના ભોગોથી પર જે સ્વરૂપાનંદ તેથી તૃપ્ત

થએલ છે અને જેના અંતમાં મહા દુઃખ છે તેવા ભોગોની તત્વવેત્તા કેવી રીતે ઇચ્છા કરે? અર્થાત્ કરે નહિ. ॥૫૭૧॥ હે રામ! તત્વવેત્તા પુરૂષોનું એજ પરમ લક્ષણ છે કે સ્વાભાવિક રીતે ભોગોની ઈચ્છાજ કરવી નહિ. ॥ ૫૭૨ ॥ હે રામચંદ્ર! જે વખતે આ જગતની સૃષ્ટિ સંપત્તિ--સ્વપ્નાંની સૃષ્ટિ સંપત્તિ સમાન ખરી રીતે જણાય નહિ ત્યારે બ્રહ્મલોક પણ અસત્ય થઇ જાય છે. ટુંકામાં તત્વવેત્તાને ઇચ્છાજ રહેતી નથી. ॥૫૭૩॥ હે રામજી! જગતની; વિરોધ પણ જણાય નહિ, ઉત્પત્તિ પણ જણાય નહિ, બંધન પણ જણાય નહિ, મુક્તિ પણ જણાય નહિ, મુક્તિનાં સાધન પણ જણાય નહિ અને મુક્તિની ચાહનાવાળા પણ જણાય નહિ એજ ખરી પરમાર્થતા છે. ॥ ૫૭૪ ॥ જે જે ભાવ જેવા જોવામાં આવે છે તે તે ભાવ તેવાજ વિદ્યમાન હોય છે. તે વ્યવહારમાં સત્ય પણ જણાય છે તથાપિ સ્વપ્નની રીતિ માફક સત્ય નથી મનાતા વળી તે કહેવામાં પણ અસત્ય છે. ॥ ૫૭૫ ॥ હે રામચંદ્ર! આ જગતમાં તે નથી કે જેમાં ભ્રમ નહિ હોય. ત્રૈલોક્યમાં વિચિત્ર રૂપની વસ્તુઓ જોવામાં આવે છે. ॥ ૫૭૬ ॥ હે રામજી! જળના મધ્યમાં અગ્નિ પ્રજ્વળિત થાય છે, જેવી રીતે કે સમુદ્રમાં વડવાગ્નિ; આકાશમાં નગર જોવામાં આવે છે, જેવી રીતે કે દેવતાઓનાં વિમાન; શિલામાં કમળ જોવામાં આવે છે, જેવી રીતે કે હિમાળયમાં વૃક્ષ અને એક સ્થાનમાં સંપૂર્ણ પુણ્યફળ પ્રાપ્ત થાય છે, જેવી રીતે કે કલ્પવૃક્ષમાં. ॥ ૫૭૭ ॥ શિલાઓ, વૃક્ષોની માફક ફળે છે જેમ કે રત્ન સમૂહ છે; શિલાઓની અંદર પ્રાણી પણ થાય છે, જેમ કે દેડકાં શિલામાંજ થાય છે; પત્થરોમાંથી જળ પણ નીકળે છે, જેમ

કે ચંદ્રકાંત મણિ; અસત્ય પણ ભોગવવામાં આવે છે, જેમ કે સ્વપ્નામાં પોતાનું મરણ ભોગવવું. અકસ્માત્-વગર આધારે જળ પણ ધારણ કરે છે, જેમ કે વાદળામાં જળ છે અને વસ્ત્રની ચાંદનીના આકાશમાં જળ રહે છે, જેમ કે દેવગંગા છે. ॥૫૭૮॥ ઘણા વજનવાળી શિલા આકાશમાં ઊડે છે, જેમકે પાંખવાળા પર્વતો; પત્થરથી સંપૂર્ણ પદાર્થ મન ચાહે તે મુજબ મળે છે, જેમકે ચિંતામણિ પત્થરથી; કેવળ જોત જોતાંમાંજ મનોરથો ફળે છે, જેમ કે સ્વર્ગનો બગીચો અને વળી ક્યારે ક્યારે કોઇક ચિંત્વન કરેલા મનોરથો પણ સિદ્ધ થતા નથી, જેમ કે મોક્ષ ઉત્પન્ન થતાં, બ્રહ્મ નષ્ટ થતાં, પ્રપંચ સત્ય થતાં, ભોગ નિત્ય હોતાં, ઇશ્વની મર્યાદા નષ્ટ થતાં, વેદ અપ્રમાણ થતાં, ઈત્યાદિ ચિંત્વન કરે પણ ફળ આપતાં નથી. ॥ ૫૭૯ ॥ હે રામજી ! આ બાબતનો તુને એક જૂનો ઇતિહાસ કહું છું કેઃ—મનને ધારવાવાળો એક **ભિક્ષુ** હતો. ॥ ૫૮૦ ॥ તે **ભિક્ષુનું** મન, સમાધિના અભ્યાસથી સૂક્ષ્મ તમામ સ્વરૂપ ધારણ કરવા સમર્થ થયો. તેને; કોઇક કાળમાં લીલા વાસ્તે કલ્પિત કરેલો **જીવટ** નામનો સામાન્ય બ્રાહ્મણ રાજલોકમાં હરિણી—વલ્લી—ભ્રમર—હંસથી લઇ ને બ્રહ્મા—પરમહંસ નારાયણ અને રૂદ્ર પર્યંત ક્રમથી સ્વપ્નામાં પ્રાપ્ત થતાં સો રીતે થવા લાગ્યો. ॥ ૫૮૧ ॥ તે સ્વપ્નમાં રૂદ્ર થતાં અજ્ઞાનથી જે કાંઇ વિલાસ કાર્યો તેને તમામ રીતે પોતાની બુદ્ધિથી વિચારવા લાગ્યો. ॥ ૫૮૨ ॥ હે રામચંદ્ર! રૂદ્રરૂપ થતાં તે અખંડ જ્ઞાનરૂપ થઇને પોતાનાં સેંકડો સ્વપ્નથી વિસ્મિત થયો અને પોતેજ એકાંતમાં બેસીને પોતાનેજ વચન કહેવા લાગ્યો

કે:— ॥ ૫૮૩ ॥ અહો આશ્ચર્ય છે, આ માયા આશ્ચર્યરૂપ છે, વળી તે વિશ્વને મોહિત કરવાવાળી છે અને જેમ મારવાડ દેશની રેતીમાં જળ જોવામાં આવે છે તેમ તે જો કે અસંત્યરૂપ છે પરંતુ સત્ય રૂપજ જણાય છે. ॥ ૫૮૪ ॥ આ માયામાં હજારો વર્ષ થઈ ગયાં છે, ચાર યુગોના સેકડા વ્યતીત થયા છે અને દિવસ તથા રૂતુઓનાં અનેક ચરિત્રો થઇ ગયાં છે. આ જગત્ આકાશની નીલતા સમાન થએલ છે તેનું કેવળ નહિ સ્ફુરણ થવું, અને દૂર કરવાનો સમર્થ ઉપાય મને થઈ જાય. ॥ ૫૮૫ ॥ આ માયા અસત્ય પણ છે તથાપિ રૂપવાળી છે, ચૈતન્ય સત્તામાં સર્વ ગત છે અને તે પરમાત્માના વિલાસ વાસ્તે છે. ॥ ૫૮૬ ॥ તે વાસ્તે જે સંસારમાં મને સ્વપ્ન થયું છે તે સર્વને ઊઠીને હું જોઊં છું તેમજ ઉત્તમ પ્રકારનાં પોતાનાં સ્વરૂપનાં દર્શન કડીને પોતાના અંશરૂપને એક કરી લઊં છું. ॥ ૫૮૭ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કે:—હે રામચંદ્ર! તે રૂદ્રરૂપ **ભિક્ષુ** એવું ચિંત્વન કરીને જે સૃષ્ટિમાં તે **ભિક્ષુ** થયો છે તે સૃષ્ટિમાં ગયો. જ્યાં તે **ભિક્ષુ** શરીરથી મરેલા મનુષ્ય જેવો શયન કરીને પડેલો હતો. ॥ ૫૮૮ ॥ ત્યાં જઇને તે **ભિક્ષુ**નાં ચિત્તને ચૈતન્ય યુક્ત કરીને જગાડયો. પછે તે **ભિક્ષુ** સાવધાન થઇને પોતાનાં સ્વપ્ન ભ્રમનું સ્મરણ કરવા લાગ્યો. ॥ ૫૮૯ ॥ વળી તે **ભિક્ષુ** પોતાને રૂદ્રરૂપ જોઇને જીવભાવથી લઈને પરમહંસ નારાયણ-રૂદ્રભાવ સુધી પોતાની લીલાની ચેષ્ટાનો વિચાર કરીને વિસ્મય પામવા લાગ્યો. ॥ ૫૯૦ ॥ હે રામજી! એવી રીતે જેટલાં સ્વ-પ્નનાં જે જે સ્વરૂપ છે તે સર્વેને પોતાના રૂદ્રરૂપ અંશ આપીને

બોધ કરવા લાગ્યો. અને તેનાં એકસો સ્વપ્ન શરીર સર્વે રૂદ્રરૂપ થવા લાગ્યાં. તે સો રૂદ્ર નામે કરીને રૂદ્રરૂપ શોભિત થયા. ॥ ૫૯૧ ॥ વળી એવી રીતે દશ શત (૧૦૦૦) મહાતેજસ્વી થતાં પીળા થઈ ગયા. હવેના સંસારમાં અગિઆરમા રૂદ્રનું શતક સ્થિર છે. ॥૫૯૨॥ હે રામજી ! તેથી જે જીવ સમૂહ બોધ રહિત છે તે પોત પોતામાં પોતાના આત્માને દેખતા નથી અને મનથી બોધ પામતાં—પ્રેરણા કરતાં છતાં જેમ સમુદ્રમાં તરંગ મળી જાય છે તેમ તે પરસ્પર મળી જાય છે. ॥ ૫૯૩ ॥

શ્રી રૂદ્ર પોતાના અંશ રૂપ રૂદ્રોને કહે છે કેઃ—હવે તમે તમારાં સ્થાનોની સત્તામાં જાઓ અને પોતાનાં સ્ત્રી—પુત્રાદિકોથી પોત પોતાનાં પ્રારબ્ધના ભોગો ભોગવો અને પછે મારે પાસે પાછા ચાલ્યા આવજો. તમે સર્વે મારા અંશ છો તેમજ મારા ગણ થશો તથા મારાં પુરના ભૂષણરૂપ થશો. અને વળી તે ઉપરાંત મહા પ્રલય થશે ત્યારે આપણે સર્વે પરમપદને પ્રાપ્ત થશું. ॥ ૫૯૪ ॥

વળી **શ્રી વસિષ્ઠજી**, **શ્રી રામચંદ્રને** કહેવા લાગ્યા કેઃ—તે રૂદ્ર ભગવાન્ તેને એવું કહીને અંતરધ્યાન થઈ ગયા. અને તે રૂદ્ર રૂપો પણ સર્વે **જીવટ** નામ છે જેનું એવા **ભિક્ષુ** બ્રાહ્મણથી લઇને પોત પોતાનાં સ્થાનમાં જઇને, પોતાના સ્ત્રી—પુત્રાદિકોથી પ્રારબ્ધ ભોગો ભોગવીને, પોત પોતાનાં શરીરનો ત્યાગ કરીને, રૂદ્રલોક પામીને, રૂદ્રના ગણ થશે અને કોઇક વખતે આકાશમાં તારાઓનાં સ્વરૂપથી દેખવામાં આવશે. ॥૫૯૫॥ હે રામજી ! બે રીતના તપસ્વીઓને શ્રેષ્ઠ મુનીશ્વરો કહેવાય છે. એક કાષ્ટ તપસ્વી થાય

છે અને બીજા જીવન્મુક્ત કહેવાય છે. ॥૫૯૬॥ શુધ્ધ ભાવનાથી રહિત, શાસ્ત્ર વિધિથી રહિત, શાંતિ–શીળાદિકોથી રહિત એવી શુષ્ક ક્રિયાઓમાં દૃઢ નિશ્ચયવાળા, હઠથી ઈંદ્રિઓને જીતવાવાળા અને પંચાગ્નિ–જળશય્યા–ઊર્ધ્વબાહુ એવી રીતની ઘોર તપશ્ચર્યા કરવાવાળા જે મુનિઓ છે તે કાષ્ઠ તપસ્વી કહેવાય છે. ॥ ૫૯૭ ॥ અને જે વ્યાવહારમાં સંસારી લોક જેવા વર્તે છે તથાપિ સાધનોથી ઈંદ્રિઓને જીતવાવાળા છે તથા અંતઃકરણમાં આણંદથી પૂર્ણ છે તે મુનિ જીવનમુક્ત કહેવાય છે. વળી જેની તત્વ નિશ્ચયમાં દૃઢ ભાવના થઇ નથી અને આનંદપ્રાપ્તિ વિના શીતળતા રહિત છે તે કારણથી શુષ્ક છે ભાવના જેની તથા તત્વજ્ઞાનની સાધન ક્રિયામાં દૃઢ નિશ્ચયવાળા તેમજ તત્વ જાણવા વાસ્તે ઈંદ્રિઓને હઠથી જીતી લે છે તેને પણ કાષ્ઠ તપસ્વી કહેવાય છે. ॥૫૯૮॥ એ બન્ને રીતના મુનિઓના નાથોનો જે મૌન ભાવ છે તે કેવો છે કે ચિત્તનો જે નિશ્ચય છે તેજ છે સ્વરૂપ જેનું એવો ભાવ મૌન શબ્દથી કહેલ છે. એવા ભાવથી તે મુનિ કહેવાય છે. ॥ ૫૯૯ ॥ તે મૌનનાં સ્વરૂપને જાણવાવાળાઓ છે તે તેના ચાર પ્રકાર કહે છે. એક ઈંદ્રિઓનું મૌન, બીજું વાણીનું મૌન, ત્રીજું કાષ્ઠ મૌન અને ચોથું સૌષુપ્ત મૌન છે. ॥ ૬૦૦ ॥ હે રામચંદ્ર ! વાણીનું જે સંયમ કરવું તેને વાગ્મૌન કહે છે, બળથી ઈંદ્રિઓનો સંયમ કરવો તેને અક્ષમૌન કહે છે, શરીર–ઈંદ્રિઓ તથા મનની ચેષ્ટાનો ત્યાગ કરવો તેને કાષ્ઠમૌન કહે છે અને સુષુપ્ત અવસ્થાની સમાન સંપૂર્ણ વિશ્વનું સ્ફુરણ જે ન થવું તેજ સૌષુપ્તમૌન કહેવાય છે તેમજ-તેનેજ જીવન્મુક્તિ કહે છે. ॥ ૬૦૧ ॥ હે રામજી!

તેનાં સ્વરૂપને તું મારાથી શ્રવણ કર. તે કેવું છે કેઃ—સાંભળવાથી ભૂષણની સમાન આનંદ કરે છે, તેમાં પૂરક—રેચક તથા કુંભક એવાં ત્રણ પ્રકારનાં પ્રાણાયામ પણ કરવાનું થતું નથી, એમાં ઇંદ્રિય ભોગ—વિષયોની વાસના ઉદય થતી નથી—નષ્ટ પણ થતી નથી તથા જાણવામાં આવે છે, એના સ્થૂળ—સૂક્ષ્માદિ વિભાગ પણ થતા નથી, અભ્યાસ પણ કરવો પડતો નથી અને આદિ—અંતના ભેદથી રહિત છે. ॥ ૬૦૨ ॥ એનું ધ્યાન કરવાથી પણ આત્માની એકાગ્રતા સ્વરૂપાનંદમાં જેવી સ્થિર થાય છે. ॥ ૬૦૩ ॥ હે રામ ! આ સૌષુપ્તમૌન કહેલું છે તેનો અંત નથી તથા સદા આત્મબોધ સહિત આ તુરીયા પદ છે અથવા તેને તુરીયાથી પણ પર જાણ. ॥ ૬૦૪ ॥

ત્યારે **શ્રી રામચંદ્રે** પ્રશ્ન કર્યો કેઃ—હે ગુરૂજી ! મને એક સંદેહ ઉત્પન્ન થયો છે તેને તમે કૃપાકરી દૂર કરો કેઃ—શ્રી સદા-શિવજી ઈશ્વર છે તથા પોતાના ભક્તોને ઐશ્વર્ય ભોગ દેવાવાળા છે; તે શિવજી મનુષ્યોનાં કપાળોની માળાને ભૂષણ કરી ધારણ કરે છે, સદૈવ ભસ્મ ધારણ કરે છે, નગ્ન રહે છે અને શ્મશાનમાં નિવાસ કરે છે. એવાં જગત્‌થી વિરૂધ્ધ કાર્ય કઇ કામના માટે કરે છે ? ॥ ૬૦૫ ॥

એટલે **શ્રી વસિષ્ઠજીએ** ઉત્તર આપ્યો કેઃ—હે મહાન્ ! જે જગત્‌ના ઈશ્વર છે તે સ્વભાવથીજ સિધ્ધ હોય છે, તેને કામ—સંકલ્પ હોતાં નથી, તે જીવન્મુક્ત સ્વરૂપ હોય છે અને તેને કર્મ—ક્રિયા કરવાનો નિયમ હોતો નથી. ક્રિયાનો નિયમ જ્ઞાની પુરૂષોએજ કલ્પિત કરેલો છે. ॥ ૬૦૬ ॥ હે રામચંદ્ર! અજ્ઞાની પુરૂષનું ચિત્ત

જ્ઞાન વિના તથા સ્વરૂપના પ્રકાશ વિના જડ હોય છે તેથી તે ક્રિયાના નિયમ વગર કુમાર્ગમાં પ્રવૃત્ત થવાથી પરમ દુ:ખને પામે છે. ॥ ૬૦૭ ॥ હે રામજી! આ સંસાર રૂપ સ્વપ્ન છે એમાંના એક વૈતાળે, એક રાજા પ્રતિ પ્રશ્ન કરેલ છે તે પ્રસંગને લીધે મને સ્મરણ થયું છે તે તું સાંભળ. ॥૬૦૮ ॥ હે રામ! વિંધ્યાચળની ઝાડીમાં એક વૈતાળ હતો તેનું સ્વરૂપ ઘણું વિશાળ હતું. તે વૈતાળ મહા ગર્વથી યુક્ત થઈને પ્રાણિઓને મારવાની ઇચ્છાથી કોઈ એક દેશમાં ચાલ્યો આવ્યો. ॥ ૬૦૯ ॥ તેનો એવો નિયમ હતો કે જે પ્રાણિ પોતાનો અપરાધ કરે નહિ તે પ્રાણી ગમેતો પોતાની પાસે આવે અથવા તે ક્ષુધાથી પીડિત હોય તથાપિ તેને તેનું ભક્ષણ કરવું નહિ. ॥ ૬૧૦ ॥ હે રામચંદ્ર! ત્યાં એક રાજા રાત્રિએ નગરની રક્ષા કરવા વાસ્તે ભમતો હતો તેને તે વૈતાળ મળતા કહેવાલાગ્યો. ॥ ૬૧૧ ॥

વૈતાળ કહે છે કે:–હે રાજન્! હું વૈતાળ છું, મહા ભયાનક છું અને તું મને મળેલો છો માટે હવે ત્યાં ક્યાં જાય છે? હવે તું નષ્ટ થયો એમ જાણ અને મારૂં ભોજન થા. ॥ ૬૧૨ ॥

ત્યારે **રાજા** તે **વૈતાળ**ને કહેવા લાગ્યો કે:–હે વૈતાળ! રાત્રિમાં ચાલવાવાળો તું મને વિના અપરાધે બળથી ખાઇશ તો તારાં માથાના સો કટકા થઇ ફૂટી જશે. ॥ ૬૧૩ ॥

વૈતાળ કહે છે કે:–હું તારૂં ભક્ષણ કરીશ નહિ, મને ન્યાય રૂચે છે, હું તુંને સામાન્ય વાર્ત્તાજ પુછું છું, હું તારા ન્યાયનો અર્થી છું અને મને ન્યાયના પ્રશ્નથી પૂર્ણ કર. ॥ ૬૧૪ ॥ મારી સંભાવનાનાં પ્રશ્નને તું ઉત્તમ રીતે કહી દે. રાજા લોક ન્યાય કરે

છે અને અર્થી જનોના અર્થ પૂરા કરે છે. તેથી તું ન્યાય કહે. ॥ ૬૧૫ ॥ હે રાજન્! એવો સૂર્ય કેવો છે કે જેનાં કિરણો બ્રહ્માંડનાં સહસ્ર સૂક્ષ્મ કિરણોની માફક પ્રકાશમાન છે, એવો પવન કયો છે કેઃ— ॥ ૬૧૬ ॥ જેમાં મહાકાશની રેણુ ઊડે છે, એવો પુરૂષ કોણ છે કે જે એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નાંતરમાં—બીજાંથી ત્રીજામાં—ત્રીજાંથી ચોથામાં—એવી રીતે સેંકડો સ્વપ્નાંતરમાં જાય છે અને ફરી પોતાનાં સ્વરૂપનો ત્યાગ કરે છે તોપણ ત્યાગ થતો નથી. ॥ ૬૧૭ ॥ એવું કયું ઈંડું છે કે જેમાં કેળના સ્થંભની બહારની ત્વચા ઊતારવાથી તેની અંદરથી બીજી ત્વચા નીકળે છે—તેની અંદરથી વળી ત્રીજી નીકળે છે—તેની અંદરથી પાછી ચોથી નીકળે છે—તેમાંથી પણ વળી પાંચમી—એવી રીતે અનેક ત્વચા નીકળે છે. ॥ ૬૧૮ ॥ તેવી રીતે એક બ્રહ્માંડની અંદરથી બીજું—બીજામાંથી ત્રીજું—ત્રીજામાંથી વળી ચોથું—એમ અનેક બ્રહ્માંડ જેની અંદરથી પણ અંદર વર્ત્તમાન છે એવું બ્રહ્માંડ કયું છે? જેમાં બ્રહ્માંડ, આકાશાદિક, ભૂતોનો સમૂહ અને સૂર્ય મંડળ—મેરૂ આદિ પર્વતાદિક વર્ત્તમાન છે, એવું કયું અણુ છે કે જે પરમાણુરૂપ છે અને પોતાના અંડ ભાવનો ત્યાગ કરતું નથી. ॥ ૬૧૯ ॥ અને એવો કયો પર્વત છે કે જેના એક પરમાણુમાં એકત્ર થઈને અનેક ત્રૈલોક્ય, સકેત મનઃશિલા ધાતુરૂપ સ્થિર છે. ॥ ૬૨૦ ॥ હે રાજન્! આ મારાં પ્રશ્નો તું પુરાં કરીશ નહિ તો હે દુર્બુદ્ધે! હું તુને ખાઇ જઈશ, તુને આત્મહત્યાનો દોષ પડશે અને તારાં રાજ્યમંડળને એક ફળની સમાન ખાઈ જઇશ. ॥ ૬૨૧ ॥

હંસ રાજા કહે છે કે:—હે વૈતાળ ! કોઇક કાળમાં આ બ્રહ્માંડ ચૈતન્ય પરિપક્વ ફળ જેવું થાય છે જેની ઊપર; દશ ગણી પૃથ્વી, પૃથ્વીથી દશ ગણું જળ, જળથી દશ ગણું તેજ, તેજથી દશ ગણો પવન, પવનથી દશ ગણો આકાશ અને આકાશથી દશ ગણો અહંકાર. એવી રીતે વસ્ત્રનાં આચ્છાદનની સમાન લપેટેલ છે. ॥ ૬૨૨ ॥ તેવાં ફળો જેમાં લાગેલાં છે તેવી એક શાખા છે, તે શાખા કેવી છે કે જેમાં મોટાં પાંદડાં છે, એવી અનેક સહસ્ત્ર શાખા છે જેમાં એવું એક મોટું વૃક્ષ છે અને તે મોટા વિસ્તારવાળી છાયા મંડળવાળું છે, તેવાં હજારો વૃક્ષો છે જેમાં એવું એક વન છે અને તે અનેક વૃક્ષ—તૃણથી ભરેલું છે. ॥ ૬૨૩ ॥ તેવાં હજારો વનો છે જેમાં એવું એક પર્વતનું મોટું શિખર છે તે અત્યંત ઊંચું અને વિશાળ વિસ્તારવાળું છે, એવાં હજારો શિખરોથી ભરેલો મોટા વિસ્તાર યુક્ત એક દેશ છે, એવા હજારો દેશવાળો એક દ્વીપ છે તે મોટી નદિઓ તથા સરોવરોથી ભરપૂર છે, તેવા હજારો દ્વીપોવાળો એક ચોતરો છે તે વિવિધ પ્રકારની રચના વાળો છે, એવા હજારો ચોતરા છે જેમાં એવું એક મોટું ઈંડું છે અને એવાં હજારો ઈંડાંથી યુક્ત તથા ઘણાં જળથી ભરેલ એક સમુદ્ર છે. ॥ ૬૨૪ ॥ તેવા લાખો સમુદ્રથી ભરેલ એક તરંગ છે કે તેવા ક્રોડો તરંગોવાળો એક મહાસાગર છે. અને એવા હજારો મહાસાગર જેના ઊદરમાં સમાયલા છે તેવો એક મહાપુરૂષ છે તે મહાવિશાળ સ્વરૂપવાળો છે, તેવા લાખો મહાપુરૂષોની માળા જેના હ્રદયમાં શોભે છે એવો એક સંપૂર્ણ જીવોનો પ્રધાન પુરૂષ છે, એવા હજારો પ્રધાન પુરૂષનું મંડળ, એક રૂવાડાં જેવું જણાય છે તેવો એક

મહાસૂર્ય છે કે જેના પ્રકાશમાં એવાં સેંકડો રૂપો જોવામાં આવે છે. ॥ ૬૨૫ ॥ હે વૈતાળ! જેવી કલ્પના મેં તારા પ્રતિ પાછળ કહેલ છે તે સંપૂર્ણ તેની પ્રકાશ શક્તિ છે અને જેના પ્રકાશની છાયાના બ્રહ્માંડ, ત્રસરેણુ સરખું મહા અણુ રૂપ છે. ॥ ૬૨૬ ॥ માયા છે કિરણ જેનાં એવા પરમાત્મા સૂર્ય છે તે સર્વને પ્રકાશમાન કરે છે. કાળની સત્તા, આકાશની સત્તા, તેનાં પ્રવાહની સત્તા, સંપૂર્ણ ચૈતન્ય સત્તા અને શુદ્ધ ચૈતન્ય સત્તા. એ સંપૂર્ણ પવિત્ર છે. ॥ ૬૨૭ ॥ હે વૈતાળ! પરમાત્મારૂપી મહા પવન છે તેમાં મહાકાશાદિક રેણુ, ચંચળ થઈને ચાલે છે અને જગત્ નામનું સ્વપ્નું છે તેમાં અનેક સ્વપ્નાંતર છે તે જાણવામાં આવે છે તથાપિ પોતાનાં સચ્ચિદાનંદ સ્વરૂપનો ત્યાગ થતો નથી. તે પરબ્રહ્મ છે તથા સદા શાંત છે. વળી પ્રગટ થવું, લય થવું, વૃદ્ધિ પામવું, ક્ષય થવું, એઓનાથી તે રહિત છે. ॥ ૬૨૮ ॥ જેમ કેળના સ્થંભ ઊપરથી ત્વચા ઊતારવાથી અંદરથી બીજી બીજી ત્વચા પ્રગટ થાય છે અને એકનાંજ અનેક બને છે તેમ બહારથી આ વિશ્વ એક બ્રહ્મનુંજ અનેક થએલું છે અને અસાર ભ્રમરૂપ સ્ફુરવાના પદાર્થ ત્યાગવાથી અંદર અંદરથી સારથી સાર પદાર્થ પ્રતીત થાય છે. ॥ ૬૨૯ ॥ હે વૈતાળ! આ ચૈતન્ય; અણુથી પણ સૂક્ષ્મરૂપ છે, અનંત છે, તેના એક અંશના અણુમાં બ્રહ્માંડ—આકાશ—સમસ્ત ભૂત સમૂહ—સૂર્ય મંડળ અને મેરૂપર્વત વિગેરેની સમાન પ્રતીત થાય છે અને જેમ સ્વપ્નામાં બ્રહ્માંડ જોવામાં આવે છે તેમ તે રૂપ રહિત છે. ॥ ૬૩૦ ॥ હે વૈતાળ! નહિ પ્રાપ્ત થવાથી આ પુરૂષ પરમ અણુરૂપ છે, સર્વને સત્તા દેવામાં સત્તાનો મહા-

પર્વત છે, તમામ વિશ્વ તેનાં અવયવ—અંગ રૂપ છે તથાપિ તેનો નાશ થતાં નષ્ટ થવાથી નિરવયવ છે અને તેની આ ત્રિલોકી કેવળ નામ માત્રથી સત્તા માત્ર છે માટે તેને કેવળ જ્ઞાન માત્રજ સમજ. ॥ ૬૩૧ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—તે વૈતાળ તે રાજાના મુખથી એવાં વચન સાંભળીને શાંત થયો, અચળ ધ્યાનમાં સ્થિર થયો અને જો કે અત્યંત ક્ષુધાતુર હતો તોપણ તેને વિસરી ગયો. ॥ ૬૩૨ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હવે **ભગીરથ** રાજાનો પ્રસંગ સંભળાવું છું તે હે રામચંદ્ર! તું સાંભળ. તે **ભગીરથ** રાજા સંતજનોની સેવા વાસ્તે નિરંતર ધન આપતો હતો પરંતુ પોતે કોઇ પાસેથી તૃણ પણ લેતો નહિ. જેમ ચિંતામણિ રત્ન જે ચાહે તેને આપે છે પણ લે નહિ તેમ તે પોતે ગ્રહણનાં સ્ફુરણથી રહિત હતો. ॥ ૬૩૩ ॥ તે રાજા યૌવન યુક્ત હતો તથાપિ આ લોકની ઊલટ પાલટ વ્યવસ્થા જોઇને-વિચારીને જેમ મારવાડ દેશમાં લતા પ્રગટ થાય તેમ યૌવનમાંજ વૈરાગ્યવાન થયો. ॥ ૬૩૪ ॥ તેથી તે **ભગીરથ** રાજા એક વખતે ઉદાસ મનવાળો થઇને પોતાના **તિતલ** નામના ગુરૂને એકાંતમાં સંસારથી ભયભીત થતાં પૂછવા લાગ્યો. ॥ ૬૩૫ ॥ હે ગુરૂજી! સંસારને પ્રાપ્ત કરવાવાળાં જરા—મૃત્યુ અને મોહરૂપી સર્વ દુઃખોનો અંત કેવી રીતે આવે છે? ॥ ૬૩૬ ॥

ત્યારે **તિતલ** ગુરૂ કહે છે કેઃ—હે રાજન્! સ્ત્રી—પુત્ર—ગૃહ અને ધનાદિકનો સંગ તથા પ્રીતિ કરવી નહિ, સુખ—દુઃખની

પ્રાપ્તિમાં સમચિત્ત રહેવું, આત્મજ્ઞાનમાંજ નિત્ય નિષ્ઠા કરવી, તત્વજ્ઞાનનો અર્થ-વિચાર તથા આત્માની એકાંત ભાવના કરવી, નિર્જન-પવિત્ર દેશમાં રહેવું અને સંસારિ લોકોની સંગતિનો ત્યાગ કરવો એ જ્ઞાન કહેવાય છે અને તેથી વિરૂદ્ધ તે અજ્ઞાન છે. ॥ ૬૩૮ ॥ હે રાજન્! તે જ્ઞાન, રાગ-દ્વેષનો ક્ષય કરવાવાળું છે અને સંસારરૂપી રોગને દૂર કરવાનાં ઐાષધ રૂપ છે. વળી તે જ્ઞાન દેહાદિકમાં અહંભાવની શાંતિ થવાથી થાય છે. ॥ ૬૩૯ ॥ હે રાજન્! આપણાં પુરૂષાર્થ પણાંના યત્નથી, ભોગ સમૂહની ભાવનાનો ત્યાગ કરવાથી અને આત્માની સત્તાનો સદા પ્રકાશ પામવાથી અહંકાર લયં થાય છે. ॥૬૪૦॥ હે રાજન્! જ્યાં સુધી લજ્જા તથા સ્નેહ-મોહાદિકોનાં બંધનરૂપી યંત્ર તૂટેલ નથી અને જેથી પર કાંઈ નથી એવી બ્રહ્મ ચૈતન્યની સત્તા માત્ર જગત્‌ના અભાવથી શેષ થએલ નથી ત્યાં સુધી અહંકાર છે એમ સમવું. ॥૬૪૧॥ હે રાજન્! તું; સંસારનાં તમામ સુખ-દુ:ખ-હર્ષ-શોક ઇત્યાદિ વિશેષણોને શાંત કર, જરા-મરણાદિ ભયથી રહિત થા, લોકૈષણા-પુત્રૈષણા તથા વિત્તૈષણાથી રહિત થા, નિષ્કિંચન પુરૂષની માફક સર્વથી મમતાનો ત્યાગ કર, સંપૂર્ણ સંપત્તિનો પણ ત્યાગ કર, અહંકારને પણ શાંત કર અને શરીરની રક્ષાથી રહિત થઈ લોકમાં ભિક્ષાટન કરીને સર્વ ત્યાગને ધારણ કર જેથી ઊંચાંથી પણ ઊંચાં પદને પામીશ. ॥ ૬૪૨ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કે:-હે રામચંદ્ર! તિતક્ષ ગુરૂએ રાજા ભગીરથને એટલું કહ્યું તેથી તે રાજા કેટલાક દિવસ ગયા પછે સર્વ ત્યાગની સિદ્ધિને વાસ્તે અગ્નિષ્ટોમ યજ્ઞ કરવા લાગ્યો, વગ્રમાં

માત્ર ધોતીયું બાકી,રાખીને પોતાનાં નગરથી તથા રાજ્યથી નીકળી ગયો અને જ્યાં પોતાને કોઇ નામથી પણ બોલાવે નહિ તેમ કોઇ જાણે પણ નહિ ત્યાં જઈને રહ્યો. ॥ ૬૪૩ ॥ ત્યાં જઇને ગામો વિશે, વનો વિશે, નદિનાં તીરો વિશે, આશ્રમો વિશે તથા પર્વતોની ગુફાઓ વિશે નિવાસ કરવા લાગ્યો; આત્મવિચારમાં ધૈર્યવાન્ થઇને સાવધાન થયો અને તેની ત્રણે પ્રકારની ઇષણા—પુત્ર—લોક તથા દ્રવ્ય વિશેની તેની શાંત થઈ. ॥ ૬૪૪ ॥ હે રામજી! તે **ભગીરથ** રાજા પરમ ઉપશમથી આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ પામ્યો અને પછે પૃથ્વીનાં અનેક નગરો તથા દેશોમાં કેટલોક કાળ વ્યતીત કરીને પોતાના નગરમાં આવ્યો. તે નગર કેવું છે કેઃ—પોતાના વશમાં નથી અને શત્રુ જનોથી પીડાયલું છે. ॥૬૪૫॥ તે નગરમાં જઈને જે મંદિર; આગળ આવે તેમાં જવા લાગ્યો તેમજ નગરના અનેક લોકોના ઘરોમાં તથા મંત્રિઓના ઘરમાં ભિક્ષાટન કરવા લાગ્યો. ॥ ૬૪૬ ॥

ભગીરથ રાજાને, તે શત્રુ રાજા કે જેણે રાજ્ય લઈ લીધું છે તે કહેવા લાગ્યો કેઃ—હે મહારાજા! તમે તમારાં રાજ્યને ગ્રહણ કરો. એવું કહેતાં પણ તેણે રાજ્ય ગ્રહણ કર્યું નહિ અને જે કારણથી તેણે સર્વ ત્યાગ કરેલો છે તેથી ભોજન માત્રથી અધિક કાંઈ પણ લીધું નહિ. ॥ ૬૪૭ ॥ એમ કરતાં કોઈક વખતે પ્રશાંત મન થતાં સર્વ પ્રકારથી પ્રશાંત થએલ બુદ્ધિ છે જેની એવો તે રાજા પરમ સુખ પામ્યો. એવી રીતે એક વખતે તે, આત્માનંદમાં મગ્ન થએલ **તિતલ** ગુરૂની પાસે આવ્યો. ॥ ૬૪૮ ॥ તે **તિતલ** ગુરૂ અને **ભગીરથ** રાજા, એ બન્ને મુનિઓની સભામાં જાતા હતા,

પરસ્પર બ્રહ્મ વિચારથી કાળ વ્યતીત કરતા હતા અને અયાચિત અન્ન–પાન કરી દેહ યાત્રા કરતા હતા. ॥ ૬૪૯ ॥ વળી તે બન્ને ધનને, હાથી–ઘોડાને અને અષ્ટ પ્રકારનાં ઐશ્વર્યને કે જે સિદ્ધ જનોથી સેવાયલાં છે તેને પણ તૃણ સમાન સમજવા લાગ્યા. ॥ ૬૫૦ ॥ અને તે બન્ને મુનિ થયા. એટલુંજ નહિ પણ કાળ-યોગથી જે કાંઇ સુખ અથવા દુઃખ પ્રાપ્ત થાય તેનો આનંદથી અંગિકાર કરતા હતા. વળી તે ચાહના રહિત થઇ સમરસ અવ-સ્થામાં બન્ને સમાન થતા હતા.. ॥ ૬૫૧ ॥ તે **ભગીરથ** રાજા કેટલોક કાળ ગયા પછે, કોઇક દેશનો કોઇક રાજા નષ્ટ થવાથી તેના મંત્રિઓની તથા પ્રજાની વિનંતીથી, લોકાપકાર વાસ્તે પોતાનાં પરાયાં રાજ્યમાં રાજ કરતાં સપ્તદ્રીપ પૃથ્વીનો એક ચક્ર-વર્તી રાજા થયો. પછે મોટી તપશ્ચર્યા કરીને બ્રહ્મલોકથી ગંગાના પૃથ્વીલોકમાં ઊતરવા લાગ્યો. વળી તે ઉપરાંત મનરૂપી હંસને ઉપશમ કરી પરમ ગતિ પામ્યો. ॥ ૬૫૨ ॥

એ પ્રમાણે **ભગીરથ** રાજાનો પ્રસંગ પૂર્ણ કરીને **શ્રી વસિષ્ઠજી, રામચંદ્રજીને** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! તું પણ મનથી આ તમામ સંસારજાળનો ત્યાગ કરીને, મનરૂપી પક્ષી પોતાને વશ કરીને, **શિખિધ્વજ** રાજાની સમાન શાંતવૃત્તિવાળો થઇને સુખમાં અચળ સ્થિતિને પ્રાપ્ત થા. ॥ ૬૫૩ ॥ હે રામજી! એક **શિખિધ્વજ** નામનો માળવા દેશનો રાજા હતો કે જેને **ચૂડાલા** નામની એક રાણી હતી. તે બન્ને ઉત્તમ ગુણોથી સંયુક્ત થઇને ઘણા વખત સુધી પોતાની ઇચ્છાનુસાર રાજ્ય ભોગ ભોગવીને પછે વિચાર કરવા લાગ્યાં. ॥ ૬૫૪ ॥ 'આ સંસારમાં

એવું કયું સ્થિર અને સુંદર પદાર્થ છે કે જે પામવાથી ચિત્ત દુઃખ દશાથી સંતાપવાળું થાય નહિ ?' ॥ ૬૫૫ ॥ તે રાજા તથા રાણી મનમાં એવો વિચાર કરીને સંસારરોગની ઔષધીરૂપ વેદાંત શાસ્ત્રનો ચિરકાળ વિચાર કરી મનમાં નિશ્ચય કરવા લાગ્યાં કે "સંસારરૂપી વિષૂચિકા આત્મજ્ઞાનથી શાંત થાય છે." એવો નિશ્ચય કરીને આત્મજ્ઞાનમાં પરાયણ થયાં. ॥ ૬૫૬ ॥ હે રામ ! તેમાંથી ચૂડાલા રાણી; તત્વજ્ઞ પુરૂષોના મુખથી સુંદર પદોવાળાં શાસ્ત્રોનો અર્થ કે જે સંસાર તારનાવાળો છે તે સાંભળીને પોતે પોતાના મનમાં વિચાર કરતી હતી. ॥ ૬૫૭ ॥ અને સંસારનાં કાર્યો કરતાં અથવા ન કરતાં પણ નિરંતર પોતે વિચાર કરતી હતી કેઃ—"હું કોણ છું ? આ મોહ કોને પ્રાપ્ત થયો છે તથા ક્યાંથી આવ્યો છે ? ॥ ૬૫૮ ॥ જો હું શરીરને આત્મા સમજું તો તે જડ તથા મૂઢ છે, માટે તે આત્મા નથી, કેમકે બાળકપણાંથીજ મેં તેનો અનુભવ કરેલ છે, અને આ કર્મેંદ્રિયોથી કર્મ કરાય છે, તેથી તે પણ આત્મા નથી, કેમકે તે શરીરના એક અંગ ભાગ છે વળી તે જ્ઞાનેંદ્રિયોની પ્રેરણા થવાથી કર્મ કરવામાં પ્રવૃત્ત થાય છે. ॥ ૬૫૯ ॥ તો જ્ઞાનેંદ્રિયો પણ આત્મા નથી, કેમકે તે પણ જડ છે. વળી તે મનની પ્રેરણાથી પ્રવૃત્ત થાય છે માટે તે પણ શરીરના અવયવ છે અને જેમ લાકડીનાં બળથી માણસ કામ કરે છે તેમ તે પ્રવૃત્ત થાય છે. તો પછે મન આત્મા છે ? ના. તે પણ નહિ કેમકે તે પણ જડ છે, કારણ કે જેમ કમાનથી પત્થર ફેંકાય છે તેમ મન, બુદ્ધિની પ્રેરણાથી સંકલ્પ કરે છે. ॥ ૬૬૦ ॥ તેથી શું બુદ્ધિ નિશ્ચયરૂપ છે ? તેજ શું આત્મા છે ? નહિ. તે પણ જડ

છે કેમકે જેમ પૃથ્વી ખોદવાથી માર્ગ થતાં નદી ચાલે છે તેમ બુદ્ધિ, અહંકારના પ્રેરવાથી નિશ્ચય કરે છે. ॥ ૬૬૧ ॥ તો શું અહંકાર આત્મા છે ? ના, તેપણ નથી. કેમકે તેપણ જડ છે. જેમ બાળક પોતાની કલ્પનાથી મુડદાંને યક્ષ ઠરાવે છે અને મુડદું પછે તેને ડરાવે છે તેમ અહંકારને પણ જીવે કલ્પેલો છે. તો શું જીવ આત્મા છે ? ના તેમ પણ નથી કેમકે તે ચૈતન્યનાં અંશ રૂપ થઇને હૃદયમાં સ્થિર રહેલો છે તેમ અનાત્મ પદાર્થમાં પણ સ્થિર રહેલો છે. વળી તે ઘણો સૂક્ષ્મ છે અને તે કોઈ પરમાત્મા ચૈતન્યથી જીવભાવને પામેલ છે. ॥ ૬૬૨ ॥ અહો ઘણો આનંદ થયો! હવે મારા જાણવામાં આવ્યું છે. જેથી દેહાદિકો ચેતલ છે અને જડ પદાર્થોમાં જીવભાવને કરે છે. પરંતુ જડ પદાર્થોના નાશથી તે નાશ પામતો નથી તથા જે ચૈતન્ય રૂપથી પ્રકાશે છે કે જેની ચેતના વગર જડ પદાર્થોથી મુક્તિ પમાતી નથી. તે પરમાત્મા ચૈતન્ય મેં હવે જાણ્યો છે. ॥ ૬૬૩ ॥ આ જીવ જે છે તે; અસત્ય તથા જડ જે દેહાદિક છે તે ચિદાભાસના સંબંધથી પોતાનું જે ચૈતન્ય સ્વરૂપ છે તેનો ત્યાગ કરીને જડરૂપ થઇ જાય છે. કે જેમ મોટાં સરોવરમાં પ્રાપ્ત થએલ અગ્નિ પોતાનાં પ્રકાશરૂપને તથા ઉષ્ણતાના ગુણનો ત્યાગ કરે છે. ॥ ૬૬૪ ॥ આ જે મન-બુદ્ધિ આદિ છે તે ચિદાભાસથી સર્વે અસત્યજ છે, ભ્રમથી સિદ્ધ થએલ છે અને જેમ ભ્રમથી એક ચંદ્રમામાં બે ચંદ્રમાની પ્રતીત થાય છે તેમ બીજા ચંદ્રમાનાં સ્થાન રૂપ છે. ॥ ૬૬૫ ॥ સત્યરૂપ એક મહા ચૈતન્ય પરમાત્મા છે કે જે મહાસત્તા કહેવાય છે. તે સદા અજ્ઞાનાદિ કલંકથી રહિત છે, સર્વત્ર સદા સમાન છે અને અહંકારથી રહિત સ્વરૂપ યુક્ત છે." ॥ ૬૬૬ ॥

. **શ્રી વસિષ્ઠજી** કહે છે કેઃ–હે રામચંદ્ર! તે **ચૂડાલા;** જેમ નવી પ્રગટ થએલી લતા નવાં દળો તથા ફૂળોનાં ઉદય પણાંથી સુશોભિત થાય તેમ તે પોતાના વિવેકના ઘણા અભ્યાસથી અને ઘણા આત્મસ્વરૂપના ઉદયથી કાંતિવાન્ થઇ અત્યંત શોભવા લાગી. ॥ ૬૬૭ ॥ હે રામજી! **શિખિધ્વજ** રાજા તે **ચૂડલાને** જોવા લાગ્યો અને ઉત્તમ છે અંગ જેનાં એવાં અપૂર્વ શોભા યુક્ત થએલ તે રાણીને જોઇને મંદહાસ્યથી યુક્ત વચન કહેવા લાગ્યો કેઃ–"હે પ્રિયા! તું હવે જાણે ફરી નવું યોવન આવ્યું હોય તેવી શોભે છે, વારંવાર ઉત્તમ શૃંગારની રચના કરી હોય તેવી શોભે છે અને તારી શોભાથી તમામ જગતને શોભાય માન કરે છે. ॥ ૬૫૮ ॥ હે પ્રિયા! જાણે તેં અમૃતપાન કર્યું છે, જાણે તું ઉત્તમ વસ્તુને પામી છો અથવા જાણે તું આનંદ સરોવરામાં મગ્ન થઇ છો. ॥ ૬૬૯ ॥ હે પ્રિયે! ચક્રવર્તી રાજ્યથી, ચિંતામણિથી અને ત્રૈલોક્યની ઈંદ્ર પદવીથી પણ તુને એવું અધીક શું પ્રાપ્ત થયું છે કે એવા આણંદથી તું અત્યંત શોભા પામી છો. આવા તારા આણંદનું કારણ તું મને કહે." ॥ ૬૭૦ ॥

ત્યારે **ચૂડાલા** રાણી કહે છે કેઃ–"હે રાજન્! હે મારા સ્વામિન્!! હું જગત્‌ને કાંઇક સ્વરૂપથી યુક્ત થએલ અથવા કાંઈક સ્વરૂપ રહિત થએલને કાંઇ પણ લેખામાં લેખતી નથી. તેટલા માટે હું અત્યંત શોભા પામી છું. ॥ ૬૭૧ ॥ હે સ્વામિન્! હું; ભોગોને ભોગવવાથી અથવા નહિ ભોગવવાથી હર્ષ અથવા શોક કાંઇ પણ કરતી નથી અને મને ભોગો પાસે આવે તોપણ દૂર ગયા સમાન છે તેથી આનંદ યુક્ત થઇ છું. ॥ ૬૭૨ ॥ હે નાથ! 'આ હું છું, આહું

નથી, સત્ય હું છું, અસત્ય હું છું, સંપૂર્ણ હું છું, હું કાંઇ પણ નથી.' એવા એવા સંકલ્પોથી રહિત થવાથી હું આનંદ યુક્ત થઇ છું. ॥૬૭૩॥ હે નાથ! નિશ્ચયથી, ઉત્તમ શાસ્ત્રોની વિચાર દૃષ્ટિથી અને ઉત્તમ બુદ્ધિથી રાગ-દ્વેષથી રહિત થઇ છું તેમજ સખી જનોની સાથે ક્રીડા પણ કરૂં છું તેથી હું સુખી છું. ॥ ૬૭૪ ॥ હે નાથ! જે કાંઈ હું નેત્રોથી દેખું છું તે આ જગત્‌માં સત્ય કાંઇ દેખાતું નથી તેથી તે પરમાત્મા ચૈતન્યને હું ઉત્તમ રીતે જોઉં છું જેથી હું ચિરકાળ પરમ ઉદયને પામેલી છું." ॥ ૬૭૫ ॥

શ્રી વસિષ્ઠજીએ રામચંદ્રને કહ્યું કેઃ-હે રામચંદ્ર! તે **ચૂડાલા** રાણી આત્મસ્વરૂપમાં વિશ્રાંત થઈને **શિખિધ્વજ** રાજાને આત્મજ્ઞાનનો માર્ગ કહેવાલાગી. રાજા તેનો અર્થ નહિ સમજવાથી બોલ્યો કેઃ-॥ ૬૭૬ ॥ "હે પ્રિયે! તું સંબંધ વગરનાં વચનો કેમ કહે છે? તું અજ્ઞાન છો, બાળબુદ્ધિ છો, રાજ્ય ભોગોને ભોગવવા યોગ્ય છો, રાજ્ય કન્યા છો અને 'ભોગોને ભોગવ' એવાં વચનો કહેવાને તું યોગ્યછો. ॥ ૬૭૭ ॥ હે પ્રિયા! જે કોઈ; પ્રત્યક્ષ પદાર્થોનો ત્યાગ કરે, જોવામાં તથા ભોગવવામાં આવે નહિ તેનો વિચાર કરે અને પ્રત્યક્ષ ભોગોને અસત્ય કહે તે શોભા કેમ પામે? ॥ ૬૭૮ ॥ હે પ્રિયા! જે કોઈ; ભોગોનો વિના ભોગવે ત્યાગ કરે, જે કાંઈ નહિ તેની પ્રીતિ કરે, સર્વનો ત્યાગ કરે અને પોતે એકાંતમાં રહે તે કેમ શોભા પામે? ॥ ૬૭૯ ॥ હે પ્રિયા! જે એમ કહે કેઃ-"હું શરીરરૂપ નથી-શરીરથી જૂદો છું" આ સર્વે કાંઈ પણ નથી એવું છે. તે કેમ શોભા પામે? ॥ ૬૮૦ ॥ "જે હું દેખું છું તેને હું નથી દેખતો" "જેને હું જોઉં છું

તે કાંઇ બીજું છે." એવું કહેવાનો જેણે ત્યાગ કરેલો નથી તે કેમ શોભાયમાન ગણાય? ॥ ૬૮૧ ॥ તેથી હે પ્રિયા! તું; બાળા છો, મૂઢ છો, ચંચળ છો, એવું કાંઈ બોલ નહિ, તું; વિલાસ ભોગવવા યોગ્ય છો, અનેક વિલાસિક વચનો બોલ અને વિલાસ યુક્ત ભોગ–ક્રીડાકર. ॥ ૬૮૨ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ–તે **ચૂડાલા** રાણી, રાજાને આત્મજ્ઞાનથી રહિત જોઈને દયાથી તેનો ઉધ્ધાર કરવા વાસ્તે આધિ–વ્યાધિથી મુક્ત થઇને આત્મજ્ઞાનની યોગ્ય સિધ્ધિથી જોકે આકાશમાં ઉડી જવાને સમર્થ હતી તો પણ તેના ઉધ્ધાર માટે યોગાભ્યાસ કરવા લાગી. ॥ ૬૮૩ ॥

વળી **શ્રીરામચંદ્રે** પ્રશ્ન કર્યો કેઃ–હે મહારાજ! આ શરીરમાં વિનાશ એ શું છે? ઉત્પાત એ શું છે? અને આધિ તથા વ્યાધિ એ શું છે? એ સર્વે તમે મને ક્રમથી કહો. ॥ ૬૮૪ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કેઃ–હે રામચંદ્ર! આધિ તથા વ્યાધિ એ બન્ને દુઃખનાં કારણ છે, તેની નિવૃત્તિને તું સુખ સમજ અને તેના ક્ષયને તું મોક્ષ જાણ. ॥ ૬૮૫ ॥ હે રામજી! એ બન્ને આધિ–વ્યાધિ; કોઇક વખતે શરીરમાં એકઠાં થાય છે, કોઇક વખતે ક્રમસર થાય છે અને કોઇક વખતે આગળ–પાછળ થાય છે. ॥ ૬૮૬ ॥ હે રામ! શરીરનાં દુઃખને વ્યાધિ કહેવાય છે અને વાસનાનાં દુઃખને આધિ કહેવાય છે. અને બન્નેનું મૂળ એ આપણી મૂર્ખતાજ છે અને તે બન્નેનો ક્ષય તત્વજ્ઞાનથી થાય છે. ॥ ૬૮૭ ॥ હે રામ! તત્વજ્ઞાન નહિ થવાથી, ઇંદ્રિઓને જીતવા વગર અને હૃદયથી રાગ–દ્વેષનો ત્યાગ કરવા વગર જેમ વર્ષા ર-

તુમાં જળ ધારા થાય છે તેમ જડતાથી ઘણા મોહને આપવાવાળી આધિ પ્રવૃત્ત થાય છે. ॥ ૬૮૮ ॥ હે રામચંદ્ર ! ભોગોની હૃદયમાં નિરંતર વાંચ્છના કરવાથી, મૂઢતાથી ચિત્તને નહિ જીતવાથી, દુઃખ કરવાવાળા ક્રૂર વ્યવહાર કરીને દુષ્ટ દેશોમાં ભમવાથી, ક્રૂર કાળમાં વ્યવહાર કરવાથી, ક્રૂર ક્રિયા કરવાથી દુર્જનોના સંગતિ દોષે કરીને દુર્જનોની સેવા કરવાથી, નાડિઓના માર્ગમાં પવનના વધવા ઘટવાથી અને શરીરમાં વ્યાકુળતા કરવાવાળી, અત્યંત દુઃખ ઊત્પન્ન કરવાવાળી અને ચિત્તને વ્યાકુળ કરનારી શરીરમાં વ્યાધિ થાય છે. ॥ ૬૮૯ ॥ હે રામ ! જેમ નદીનાં સ્વરૂપની વર્ષારૂતુમાં તથા ગ્રીષ્મરૂતુમાં વૃદ્ધિ તથા ક્ષીણતા થાય છે તેમ આધિ–વ્યાધિ એ બનેલ શરીરમાં ઊદય થાય છે. ॥ ૬૯૦ ॥ હે રઘુ કુળના ધુરંધર ! જેનાથી આધિ–વ્યાધિ નાશ પામે છે તે તમે મારાથી શ્રવણ કરો. વ્યાધિ બે પ્રકારની છે. એક સાધારણ વ્યાધિ તથા એક સાર વ્યાધિ છે. તેમાં વ્યવહારની વ્યાધિ સામાન્ય તથા જન્મની વ્યાધિ સાર છે. જે પ્રાપ્ત થઇ ગએલ ભોગ પદાર્થ છે તેથી શરીરનું પ્રયોજન કરવાથી વ્યવહારની વ્યાધિ નષ્ટ થાય છે. ॥ ૬૯૧ ॥ હે રામજી ! જે વ્યાધિ માનસિક ચિંતાથી થાય છે તે માનસિક ચિંતાનો નાશ થવાથી નષ્ટ થાય છે. અને જન્મ-રૂપી સાર વ્યાધિ જે છે તે આત્મજ્ઞાન વિના નષ્ટ થતી નથી. ॥ ૬૯૨ ॥ હે રામ ! માનસી દુઃખજ આધિ કહેવાય છે. તે સંકલ્પ-રૂપ છે, વાસના મય છે અને જેમ દોરડાનાં જ્ઞાનથી દોરડાનો સર્પ નષ્ટ થાય છે તેમજ સર્વના અધિષ્ઠાન આત્માને જાણવાથી વાસના સહિત માનસિક આધિ નષ્ટ થાય છે. ॥ ૬૯૩ ॥ હે રામ-

ચંદ્ર ! જેમ વર્ષા ઋતુમાં બધી નદીઓ પોતાનાં તટપરનાં વૃક્ષોને મૂળથી ઊખેડી નાંખે છે તેમ આત્મજ્ઞાન; સંપૂર્ણ આધિ—વ્યાધિનું જે મૂળ કારણ અવિદ્યા છે તેને દૂર કરે છે. ॥ ૬૯૪ ॥ અને માનસિક ચિંતાની વ્યાધિ છે તે મંત્ર--ઔષધિના ક્રમથી યુક્ત જે ચિકિત્સા શાસ્ત્ર તેમાં કહેલા ઊપાય કરવાથી અને આહાર વ્યવહારના ઊપાયથી નષ્ટ થઇ જાય છે. ॥ ૬૯૫ ॥

એટલું કહેવાથી **રામચંદ્રે, વસિષ્ઠજીને** પૂછ્યું કેઃ—હે ગુરૂજી ! આધિથી વ્યાધિ કેમ થાય છે? તે ઔષધિ દ્રવ્યોથી, મંત્રની યુક્તિથી અને પથ્ય કરવાથી નષ્ટ થાય છે. તે તમે મને કહો. ॥૬૯૬॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** પ્રતિઉત્તર આપ્યો કેઃ—હે રામચંદ્ર ! ચિત્ત વ્યાકુળ થવાથી શરીર પણ ક્ષોભ પામે છે ત્યારે આ પ્રાણી ક્રોધને પ્રાપ્ત થતાં પોતાની પાસેના માર્ગ—કુમાર્ગને દેખતો નથી. વેગથી યુક્ત થએલ બાણથી જેમ પીડિત થએલ મૃગ વેગથી જલદી ચાલ્યો જાય છે તેમ ઘણા વેગની ગતિથી વ્યાકુળ થાય છે ત્યારે તેનાં શરીરનો પ્રાણ પવન ક્ષોભને પ્રાપ્ત થાય છે તેથી જેમ હાથીનો પ્રવેશ થવાથી નદીનું જળ કિનારે ચડી આવે છે તેમ પોતાના સમાન ચાલવાના માર્ગનો ત્યાગ કરીને ઊલટો ચાલે છે. ॥ ૬૯૭ ॥ પ્રાણ ઊલટો ચાલવાથી શરીરની નાડિઓ ઊલટી જાય છે કે જેમ રાજાની વ્યાકુળતાથી લોકમાં જાતિધર્મ ઉલટા થઇ જાય છે. ॥૬૯૮॥ હે રામજી ! આ શરીરની કોઇ નાડિઓ પ્રાણ પવનથી પૂર્ણ થાય છે અને કોઈ ખાલી થાય છે. અને જેમ વર્ષાઋતુમાં નદીઓ બગડી જાય છે તેમ પ્રાણ બગડવાથી નાડિઓ બગડી જાય છે. ॥ ૬૯૯ ॥ હે રામચંદ્ર ! પ્રાણનો સંચાર બગડવાથી અન્નવિકારને લીધે ક્યારેક કમ

પચે છે, ક્યારે નથી પચતું અને ક્યારેક બહુ પચે છે. એવી રીતે ખાધેલું અન્ન શરીરમાં દોષ ઉત્પન્ન કરે છે. ॥૭૦૦॥ હે રામજી ! એ પ્રકારની માનસિક ચિંતારૂપી આધિથી વ્યાધિ થાય છે. માટે તે આધિના નાશથી વ્યાધિનો નાશ થાય છે અને જે મંત્રોથી વ્યાધિ નષ્ટ થાય તેનો ક્રમ તું સાંભળ. ॥૭૦૧॥ હે રામ! જેવી રીતે હરડે ભક્ષણ કરવાથી સ્વાભાવિક રીતે મળનો પચાવ થઈ ઉદરથી બહાર નીકળી જાય છે તેવી રીતે પ્રાણાયામથી લવપલ ઘડી આદિક મંત્રોનાં આવર્ત્તન કરવાથી શરીરમાંથી વ્યાધિ નીકળી જાય છે. ॥ ૭૦૨ ॥ હે રામ! ભાવનાને વશ થવાથી, શ્રધ્ધાથી, ઉત્તમ ક્રિયાથી અને સાધુ જનોની સેવા કરવાથી જેમ કસોટીથી સોનું શુદ્ધ જણાય છે તેમ મન નિર્મળ—શુદ્ધ જણાય છે. ॥ ૭૦૩ ॥ હે રામચંદ્ર ! જેમ પૂર્ણચંદ્ર ઉદય થવાથી મંદિરમાં નિર્મળતા શોભે છે તેમ મન શુદ્ધ થવાથી શરીરમાં આનંદ વધે છે. ॥ ૭૦૪ ॥ હે રામજી ! મનની શુદ્ધિથી મંત્ર ક્રમે કરીને પ્રાણ પવન શરીરમાં યથાયોગ્ય ચાલે છે તથા ભોજન કરેલાં સઘળાં અન્નોને પચાવી દે છે અને તેથી વ્યાધિ નષ્ટ થાય છે. ॥ ૭૦૫ ॥ હે રામ! આ શરીરાદિક આત્મા નથી. એમાં જે આત્મ ભાવના છે તેનેજ હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકાર સમજવો. તે અંધકાર સૂર્ય—ચંદ્ર તથા અગ્નિના પ્રકાશથી મહાદુઃખે કરીને પણ દૂર થતો નથી. ॥૭૦૬॥ હે રામચંદ્ર! સત્તારૂપ આત્માની જે દૃઢ ભાવના છે તે મૂઢ પણ આનંદ આપે છે અને તેમ ન હોય તો તત્વવેતાને પણ મૂઢની સમાન દુઃખ આપ્યા કરે છે. આ પોતાની ભાવના વિષને અમૃત તથા અમૃતને વિષ કરે છે. ॥ ૭૦૭ ॥ હે રામજી! સત્ય ભાવ-

નાથી જો આ શરીર જોયું હોય તો ફરી શરીરને તે ઉત્પન્ન કરે છે અને અસત્ય ભાવનાથી જોયું હોય તો આકાશની માફક શૂન્ય થઇ જાય છે. ॥ ૭૦૮ ॥ હે રામ! તે **ચૂડાલા** રાણી પોતાના ભર્ત્તાર **શિખિધ્વજ** રાજાને સંપૂર્ણ યત્નોથી ઘણી ઘણી તરફથી આત્મજ્ઞાનરૂપી અમૃત પ્રાપ્ત કરવાનો બોધ કરતી હતી તથાપિ તે રાજાને કાંઈ-પણ બોધ થયો નહિ. ॥ ૭૦૯ ॥ તે રાજા; **ચૂડાલા** રાણી જે આત્મજ્ઞાનનો બોધ કરતી હતી તેને ન જાણી એમ સમજતો હતો કે 'મારી રાણી કામ-ભોગની કળામાં ઘણી ચતુર છે, જે કહે છે તે જ્ઞાનમાં મૂઢ છે, બાળા છે, સ્ત્રીઓને જ્ઞાન થતું નથી.' અને આત્મજ્ઞાનમાં સિદ્ધ થએલી તે રાણીને જાણતો ન હતો. ॥ ૭૧૦ ॥ હે રામચંદ્ર! તે રાણી જો કે પોતે સિદ્ધ થએલી છે તો પણ રાજાને આત્મજ્ઞાનની સિદ્ધિ ન થવાથી મનમાં વિશ્રાંત પામતી ન હોતી અને જેમ શૂદ્રોને વેદોક્ત યજ્ઞક્રિયા બતાવવામાં આવતી નથી તેમ અધિકાર વિના તે રાજાને વિશેષ્ય આત્મજ્ઞાનની સિદ્ધિ બતાવતી ન હતી. ॥ ૭૧૧ ॥

શ્રી રામચંદ્રે, વસિષ્ઠજીને પ્રશ્ન કર્યો કે:—હે ગુરૂજી! તે **ચૂડાલા** રાણી આત્મજ્ઞાનની મહા સિદ્ધ યોગિની છે તે છતાં તેનો બોધ રાજાને પ્રાપ્ત ન થયો તો પછી કોનો અને કેવી રીતનો બોધ પ્રાપ્ત થયો? ॥ ૭૧૨ ॥

શ્રી વસિષ્ઠજીએ પ્રતિ ઉત્તર આપ્યો કે:—હે રામજી! ઉપદેશ કરવાનો ક્રમ એવો છે કે:—જે વ્યવસ્થા કહેવી હોય, તે શાસ્ત્રાધાર કહેવી, આત્મજ્ઞાનનો માર્ગ કહેવો અને જ્ઞાન થવાનું કારણ શિષ્યની કેવળ શુદ્ધ બુદ્ધિ હોય તો કહેવું. કેમકે નિર્મળ

બુદ્ધિ ન હોય તો જ્ઞાન થતું નથી. ॥ ૭૧૩ ॥ હે રામચંદ્ર! વિંધ્યાચળ પર્વતની છાયામાં કોઇ એક મહા કૃપણ કિરાડ નામનો માણસ રહેતો હતો. તેની એક કોડી માર્ગમાં પડી જવાથી તે કોડીને તે ત્રણ દિવસ સુધી ગોતતો હતો. ત્યાં તે માર્ગમાંથી તેને એક ચિંતામણિ નામનું રત્ન પ્રાપ્ત થયું. તેથી તેની તમામ કૃપણતા દૂર થઇ. તેવી રીતે ગુરૂમુખથી શાસ્ત્રના ઉપદેશથી શ્રવણ કરવાની ભાવનાંથી એકાગ્ર ચિત્ત કર્યાથી આત્મજ્ઞાન પણ પમાય છે. ॥ ૭૧૪ ॥ હે રામજી! જેમ કિરાડને એક કોડી ગોતતાં ચિંતામણિ પ્રાપ્ત થયું તેમ સદ્ગુરૂની કૃપા અને સેવાથી જે પદાર્થ ગોતીએ તે ન મળતાં બીજાજ પદાર્થનો લાભ થાય છે. હે રામ! તે શિખિધ્વજ રાજા પણ તપ—તીર્થ—દાન કરવાથી સુખ ન પામતાં એક વખતે પાસે બેઠેલી ચૂડાલાને કહેવા લાગ્યો. ॥ ૭૧૫ ॥

શિખિધ્વજ રાજાએ ચૂડાલા રાણી પ્રતિ કહ્યું કેઃ—હે પ્રિયે! મેં ચિરકાળ રાજ્ય ભોગવ્યું છે અને ઐશ્વર્ય સંપત્તિ પણ લાંબા વખત સુધી ભોગવી છે. હવે હું વૈરાગ્ય યુક્ત થયો છું, હું વનમાં જાઊં છું. ॥ ૭૧૬ ॥ હે સુંદરી! જો કે વનમાં ગએલા મુનિજનોને; ભોગ સુખ પણ વશ નથી કરતાં, દુઃખ પણ વશ નથી કરતું, સંપત્તિ પણ વશ નથી કરતી અને દેશ ભંગ—પદર્થોની હાનીનો મોહ તથા યુદ્ધમાં પ્રાણિઓનો ક્ષય એ સઘળાં વનવાસીઓને દુઃખ દેતાં નથી. તેથી રાજ્યથી પણ વનવાસીઓને અધિક સુખ છે એમ હું સમજું છું. ॥ ૭૧૭ ॥ હે કામિની! જેવું સુખ, એકાંત વનમાં રહેવાવાળાઓને થાય છે તેવું સુખ; સ્વર્ગમાં,

ચંદ્રમંડળમાં અને બ્રહ્મા–વિષ્ણુ તથા રૂદ્રલોકમાં પણ મળતું નથી. ॥ ૭૧૮ ॥ હે પ્રિયે! જો તું મારૂં પ્રિય ચાહતી હો તો મને વન જવામાં વિઘ્નરૂપ થઇશ નહિ. કારણ કે ઊત્તમ કુળની સ્ત્રીઓ પોતાના ભરથારના મનોરથોમાં સ્વપ્ને પણ વિઘ્ન કર્ત્તા થતી નથી. ॥ ૭૧૯ ॥

ચુડાલા રાણી પોતાના સ્વામિ પ્રતિ કહેવા લાગી કેઃ–હે સ્વામિન્! જેવી રીતે વૃક્ષોને વસંત રૂતુમાં ફૂલ તથા શરદ્ રૂતુમાં ફળ શોભા આપે છે તેવી રીતે યોગ્ય કાળમાં થએલું કાર્ય શોભા આપે છે પણ અયોગ્ય કાળમાં થતું કાર્ય શોભા આપતું નથી. ॥ ૭૨૦ ॥ તેથી હે રાજન્! વૃદ્ધાવસ્થાથી જર્જરિત થએલાં શરીર-વાળા પુરૂષોને વનવાસ શોભા આપે છે પરંતુ તમારા જેવા યુવાન પુરૂષોએ વનવાસ ભોગવવો તે યોગ્યતા વિના મને રૂચતો નથી. ॥ ૭૨૧ ॥ હે રાજન્! હમણાં તારો પ્રજાનું પાળન કરવાનો વખત છે પણ વનમાં જવાનો સમય નથી. હમણાં તું, રાજા થઇને પ્રજાનું પાળન છોડીને વનમાં જઈશ તો રાજ્યમાં રાજા વગર ઘણું પાપ થશે અને તે પાપ તુને પ્રાપ્ત થશે. ॥ ૭૨૨ ॥ હે નાથ! જે રાજા સમયની મર્યાદાનું ઊલ્લંઘન કરીને વર્તે છે તેના મંત્રી વર્ગ, પ્રજા તથા સેવક લોક રોકે છે અને તેને અયોગ્ય કાર્ય કરવા દેતા નથી. ॥ ૭૨૩ ॥

ત્યારે **શિખિધ્વજ** રાજાએ કહ્યું કેઃ–હે પ્રિયા! હવે તારૂં કહેવું થઇ રહ્યું, હવે મારાં મનગમતાં કાર્યમાં વિઘ્નરૂપ થા, નહિ અને હવે મને દૂર એકાંત વનમાં જવા દે. ॥ ૭૨૪ ॥

તે પછે **શ્રી વસિષ્ઠજી, શ્રીરામચંદ્રને** કહેવા લાગ્યા કેઃ–હે

રામચંદ્ર! એક દિવસ અર્ધે રાત્રિને વખતે શય્યા પર સુતેલી **ચુડાલા** રાણીનો ત્યાગ કરીને, "હું ચોરોને મારવા જાઉં છું" એમ પહેરાવાળાને કહીને અને "હે રાજ્યલક્ષ્મી તુને નમસ્કાર છે" એવી રીતે રાજ્ય લક્ષ્મીનો પણ ત્યાગ કરીને તે **શિખિધ્વજ** રાજા વનમાં ચાલ્યો ગયો. ॥ ૭૨૫ ॥ ત્યારબાદ **ચુડાલા** રાણી જાગ્રત થઈને રાજાને ન જોવાથી તથા ચાકરોથી પણ ખબર ન પડવાથી યોગસિદ્ધિના પ્રવાહથી આકાશમાં ચડીને વનમાં જતા રાજાને ધ્યાનથી જોવા લાગી અને પોતે ત્યાં ગઇ નહિ. ॥ ૭૨૬ ॥ તે રાજા પણ પોતાનાં દ્વાદશ રાજ્યમંડળનો ત્યાગ કરીને જ્યાં પોતાને કોઇ ઓળખે નહિ ત્યાં જઇને એક પર્ણકુટિમાં નિવાસ કરવા લાગ્યો. ॥ ૭૨૭ ॥ હે રામજી! તે રાજા ત્યાં જઇને એવો નિયમ પાળવા લાગ્યો કે:—પહેલા પ્રહરમાં સંધ્યા તથા જપ કરતો હતો, બીજામાં પુષ્પોનો સંગ્રહ કરી દેવપૂજા કરતો હતો, ત્રીજામાં ફળ તથા મૂળનો આહાર કરતો હતો અને ચોથા પ્રહરમાં સત્સંગ—શાસ્ત્ર શ્રવણ કરતો હતો તેમજ સાયંકાળે સંધ્યા તથા જપ કરતો હતો. એવી રીતે સાત્વિક તપ કરતાં તે રાજાને અઢાર વર્ષ થઈ ગયાં. અને રાજ્યનું પાળન **ચુડાલા** રાણી કરતી હતી. ॥ ૭૨૮ ॥ હે રામ! ત્યારબાદ **ચુડાલા** રાણી; નિષ્કામ—સાત્વિક તપ કરવાથી નિર્વિકાર—શુદ્ધ અંતઃકરણ યુક્ત થએલ પોતાના પતિને ધ્યાન કરવાથી જાણતી હતી. ॥૭૨૯॥ તે પછે તે **ચુડાલા** રાણી પોતાના પતિને આત્મજ્ઞાનનો ઉપદેશ કરવા વાસ્તે મુનિપુત્રનું સ્વરૂપ ધારણ કરીને **શિખિધ્વજ** રાજાના આશ્રમમાં ગઈ. રાજા તેને જોઈને આદર—સત્કાર કરવા લાગ્યો. ॥ ૭૩૦ ॥ પછે

તે રાજા તેને પૂછવા લાગ્યો કે:–હે મુનિપુત્ર! તમારૂં; નામ, જન્મ તથા ગોત્ર શું છે? એવું સાંભળીને મુનિપુત્ર સ્વરૂપ **ચુડાલા** પોતાનું નામ–ગોત્ર–જન્મ કહેવા લાગી. ॥ ૭૩૧ ॥ હે રાજન્! એક વખતે મેરૂપર્વતમાં **નારદ** મુનિ જતા હતા ત્યાં દેવતાઓની ગંગામાં **રંભા–તિલોત્તમા** આદિ અપ્સરા સ્નાન કરતી હતી. તેઓને વસ્ત્ર રહિત શરીર જોઇને **નારદજી**નું વીર્યપાત થયું. તે વીર્યને **નારદજી**એ સ્ફાટિકના કમંડળમાં ગુપ્ત કરવાથી મારો જન્મ થયો છે. તેથી મારા પિતા **નારદજી** અને પિતામહ **બ્રહ્માજી** છે. એ બન્નેની કૃપાથી મને વેદશાસ્ત્ર સહિત સંપૂર્ણ જ્ઞાન થયું છે અને **કુંભ** મારૂં નામ છે. ॥ ૭૩૨ ॥ તે તમે પૂછો છો તે **નારદજી** સદા બ્રહ્મચારી છે, તેનું વીર્યપાત કેમ થયું તે તમે સાંભળો. પરમાત્માનું સ્વરૂપ સદા નિર્મળ છે, સદા સત્ય છે અને તેનું લેશ માત્ર પણ વિસ્મરણ થાય તો તેમાંથી વિકાર સહિત વિશ્વ, જેમ વર્ષા ઋતુમાં વાદળાં ઉદય થાય છે તેમ ઉદય થયું જણાય છે. ॥૭૩૩॥

શિખિધ્વજ કહે છે કે:–હે મુનિપુત્ર! આજથી હું મહાત્મા સજ્જનોની ગણત્રીમાં આવ્યો છું કેમકે અમૃતના પ્રવાહ જેવાં વચન કહેવાવાળા જે તમો તેનાથી મારો સમાગમ થયો છે. ॥ ૭૩૪ ॥ હે મુનિપુત્ર! આ જગત્‌માં જેટલા રાજ્ય લાભાદિક ઉત્તમ ભાવ છે તે જેટલો આણંદ કરતા નથી તેટલો આણંદ સજ્જન સમાગમથી થાય છે. ॥ ૭૩૫ ॥ ત્યારબાદ મુનિપુત્રનાં સ્વરૂપવાળી **ચુડાલા**એ પ્રશ્ન કર્યો કે:–તું કોણ છો? તથા શા વાસ્તે તપ કરે છે? એવાં પ્રશ્ન સાંભળીને **શિખિધ્વજ** રાજાએ કહ્યું કે:– ॥ ૭૩૬ ॥ હે મુનિપુત્ર! તું સર્વજ્ઞ છો અને સંપૂર્ણ તુંને

વિદિત છે તોપણ તારી આજ્ઞાથી હું મારૂં વૃત્તાંત કહું છું. હું **શિખિધ્વજ** નામનો રાજા છું અને રાજ્યનો ત્યાગ કરીને આંહી વનમાં ચાલ્યો આવ્યો છું. હે તત્વવેત્તાજી! તારાં દર્શનથી હું ઘણો પ્રસન્ન થયો છું તથા જન્મથી કરીને આજજ કૃતાર્થ થયો છું. ॥ ૭૩૭ ॥ હે તત્વજ્ઞ! આ સંસારમાં વારે વારે સુખ થાય છે અને વારે વારે જન્મ-મરણ થાય છે તે વાસ્તે હું ઘણો સંતાપ પામું છું માટે વનમાં આવ્યો છું. ॥ ૭૩૮ ॥ હે બ્રહ્મન્! જેમ નિર્ધન પુરૂષ, નિધિ પ્રાપ્ત થયા વગર ચારે દિશામાં ભ્રમણ કરવું બંધ કરતો નથી તેમ હું ચારે દિશામાં ખૂબ ભમેલો છું તોપણ મારા ચિત્તને વિશ્રાંત પ્રાપ્ત થતું નથી. ॥ ૭૩૯ ॥ હે મુનિ-પુત્ર! ચિત્તની વિશ્રાંતિ વાસ્તે હું આ વનમાં આવીને આ અખંડ નિયમ ક્રિયા કરૂં પણ છું તથાપિ દુઃખ સમૂહને પ્રાપ્ત થાઉં છું અને મને અમૃત પણ વિષરૂપ થયું છે. ॥ ૭૪૦ ॥

ચુડાલા કહે છે કેઃ—હે રાજન્! મેં પ્રથમ મારા પિતામહ **બ્રહ્માજી**ને પૂછ્યું હતું કેઃ—હે પિતામહ! ક્રિયા અને જ્ઞાનમાં જે મુખ્ય કલ્યાણ કરવાવાળું હોય તેમાંથી એક મને નિશ્ચય કરીને કહો. ॥ ૭૪૧ ॥

ત્યારે **બ્રહ્માજી**એ કહ્યું કેઃ—હે પુત્ર! જ્ઞાનજ પરમ કલ્યા-ણનું સાધન છે તથા તેથી મોક્ષ થાય છે અને કર્મ તો વૃથા છે. કર્મ કરવાનું જે કહ્યું છે તેનું કારણ એવું છે કે જ્ઞાન રહિત પુરૂષોને કાળક્ષેપ કરવાનું એક સાધન છે. ॥ ૭૪૨ ॥ હે પુત્ર! જેને જ્ઞાન દૃષ્ટિ થઇ નથી તેને કર્મજ આશ્રય કર્ત્તા છે. જેમ જે પુરૂષને પાસે શાલ-દુશાલા નથી તે પોતાનાં કંબળવસ્ત્ર (ધાબ-

ળા) નો ત્યાગ કરતા નથી તેના મનથી કંબળજ દુશાલા સમાન છે તેમ જેને જ્ઞાન થયું નથી તેને કર્મજ કલ્યાણ કર્ત્તા છે. ॥ ૭૪૩ ॥ જેમ ચતુર પુરૂષને મારવાડ દેશમાં જળ–સમુદ્રની ભાવના થતી નથી તેમ જેની સર્વત્ર બ્રહ્મ ભાવનાથી મૂઢતા દૂર થઈ છે તેને વાસના ઉદય થતી નથી. ॥ ૭૪૪ ॥

ચુડાલા રાણી કહે છે કેઃ—હે રાજન્ ! જ્ઞાનજ પરમ કલ્યાણ આપનાર છે એમ મહાત્મા બ્રહ્માદિક કહે છે પરંતુ તું અજ્ઞાનવાન્ કેમ રહ્યો છો ? તું કહે છે કે "આ મારૂં કમંડળ છે, આ મારો દંડ છે અને આ મારૂં આસન છે." એવી રીતના અનર્થ વિલાસોમાં તું કેમ આસક્ત થયો છો ? ॥ ૭૪૫ ॥ હે રાજન્ ! તું એવો વિચાર કેમ નથી કરતો કે "હું કોણ છું ? આ સંસારદુઃખ કેમ થયું છે ? અને સઘળું શાંત કેમ થશે ?" એવા એવા વિચાર વગર મૂઢ કેમ રહ્યો છો ? ॥ ૭૪૬ ॥ "આ બંધન કેમ છે ? મોક્ષ કેમ મળે છે ?" એવાં પ્રશ્નો કરતાં તું તત્વવેત્તા પુરૂષોનાં ચરણોની સેવા કરી શોભા યુક્ત કેમ થતો નથી ? ॥ ૭૪૭ ॥ હે રાજન્ ! જે યુક્તિથી મુક્તિ મળે છે તે યુક્તિ સમદૃષ્ટિવાળા સંત જનોની સેવા કરવાથી તથા પ્રશ્નો કરવાથી પ્રાપ્ત થાય છે. ॥ ૭૪૮ ॥

ત્યારે **શિખિધ્વજ** રાજા આનંદાશ્રુથી ભીંજાઇને કહેવા લાગ્યો કેઃ—હે મુનિપુત્ર ! આજ મહા આનંદ થયો છે. તેં મને આજે ઘણા વખત સુધી જેવો બોધ કરેલો છે તેવોજ બોધ મને મારે ઘેર **ચૂડાલા** રાણીએ કહ્યો છે પરંતુ મેં તેને સ્ત્રી સમજીને તેનું કહ્યું માન્યું નહિ અને તેનો પણ મૂર્ખતાથી ત્યાગ કરીને ચાલ્યો આવ્યો છું. ॥ ૭૪૯ ॥ હે મુનિપુત્ર ! તું મારો ગુરૂ છો, તું મારો

પિતા છો અને તું મારો મિત્ર છો. હે સુંદર મુખવાળા! હું તારો શિષ્ય છું, સેવક છું અને તારાં ચરણોને નમસ્કાર કરૂં છું. માટે કૃપા કરીને જે કાંઇ તું જાણે છે કે જે જાણવાથી ફરી શોચ કરવો પડતો નથી અને જેથી હું આનંદને પ્રાપ્ત થાઉં તેવો બ્રહ્મ ઉપદેશ મને કર. ॥ ૭૫૦ ॥ હે મુનિપુત્ર! ઘટાદિકોનાં જ્ઞાન અનેક છે, પરસ્પર ભિન્ન છે, જે જ્ઞાનમાં પરમજ્ઞાન છે અને જે સંસારથી તારવાવાળું છે તે કયું જ્ઞાન છે? તે મને કહે. ॥ ૭૫૧ ॥

એટલે **ચુડાલાએ** કહ્યું કે:—હે રાજન્! જો તારે મારાં વચન માનવાં હોય તો કહું: જેટલું જ્ઞાન મને છે તેટલું કહું છું. વળી જેમ વૃક્ષ ઉપર બેઠેલો કાગડો બોલે તેથી કાંઇ વૃક્ષને કાગભાષાનું જ્ઞાન થતું નથી તેમ મારૂં કહેવું વૃથા થાય નહિ તો હું કહું. ॥ ૭૫૨ ॥ હે રાજન્! આપણે પ્રશ્ન કર્યો ને કહેવાવાળે ઉત્તર આપ્યો તે શ્રવણ કરવાવાળે શ્રવણ કર્યું તો, જેમ અંધારામાં આંખની દૃષ્ટિ નિષ્ફળ થાય છે તેમ કહેવાવાળાની ઉત્તમ વાતો નિષ્ફળ થાય છે. ॥ ૭૫૩ ॥

શિખિધ્વજ રાજાએ કહ્યું કે:—હે બ્રહ્મન્! જે તું કહીશ તે હું વેદનાં વિધિ વાક્ય માફક વિચાર વગરજ તુરત ગ્રહણ કરીશ. એ મારૂં કહેવું સત્ય સમજ. ॥ ૭૫૪ ॥

ચુડાલા કહે છે કે:—હે રાજન્! જેમ પિતાનાં વચન નિમિત્ત, કારણનો વિચાર કરવા વિનાજ બાળક ગ્રહણ કરે છે તેમ તું પણ મારાં વચન ગ્રહણ કર. ॥ ૭૫૫ ॥ શ્રવણ કરવા ઉપરાંત બુદ્ધિથી શુભ ભાવના કર. જેમ સંગીતનાં શ્રવણનો ત્યાગ

કરી હિતકારી મિત્રનાં વચન શ્રવણ કરે છે તેમ તું બીજા પ્રસંગની વાર્તાનો ત્યાગ કરી હું કહું તે સાંભળ. ॥ ૭૫૬ ॥ હે રાજન્! હું તુને કથાના ક્રમે કરીને વચન કહું છું તે વચન કેવાં છે કે:—મારાં ચરિત્રમાં હું તેનો બોધ પામેલ છું, ઊદય થતી બુદ્ધિવાળાને વિચાર કરતાં ઘણો જૂનો દૃઢ બોધ કરવાવાળાં છે, સંસાર સમુદ્રથી તુરત તારવાંવાળાં છે અને મહા બોધવાળી બુદ્ધિને આનંદ કરવાવાળાં છે. ॥ ૭૫૭ ॥ હે રાજન્! કોઇ એક પુરૂષ દ્રવ્ય ઊપાર્જન કરવામાં ઘણો ચતુર હતો અને આત્મજ્ઞાનથી રહિત હતો. તે પુરૂષ ચિંતામણિ સિદ્ધ કરવામાં પ્રવૃત થવાથી કોઇક સિધ્ધે તેને ચિંતામણિ આપી કહ્યું કે ભાઇ! આ ચિંતામણિ પ્રાણાંત કષ્ટથી તથા મહા પ્રયત્નથી. સિદ્ધ થવા વાળું છે. પછે તે પુરૂષે તેને લઈને વિશ્વાસ ન કરતાં વિચાર કર્યો કે "કોણ જાણે ચિંતામણિ સિદ્ધ થશે કે નહિ?" આવો કમ વિશ્વાસનો વિચાર કરવાથી તે મણિ તેના હાથથી ઊડી ગયું. ત્યારબાદ તે મણિ માટે તે મહાપ્રયત્ન કરવા લાગ્યો ત્યારે લોકોએ હસીને કાચનું મણિ આપી કહ્યું કે "આ ચિંતામણિ છે." તેને તે પુરૂષ લઇને પોતાનાં તમામ દ્રવ્યાદિક લુટાવી દઇને જૂઠું મણિ પામ્યો, અને પોતાનાં દ્રવ્યનો નાશ થવાથી તેને મોટી આપત્તિ પ્રાપ્ત થઇ. ॥ ૭૫૮ ॥ હે રાજન્! જેવી પોતાની મૂર્ખતાથી આપત્તિ થાય છે તેના જેવું જરા—મરણાદિકથી પણ દુઃખ થતું નથી. તેથી જેમ તમામ મનુષ્યનાં માથાંપર કેશોનો ભાર સદા ચડેલો રહે છે તેમ તમામ આપત્તિઓની શિરોમણિ જે પોતાની મૂખર્તા સર્વના શિરપર ચડી રહે છે. ॥ ૭૫૯ ॥ હે રાજન્! હવે બીજું એક વૃત્તાંત હું

કહું છું તે તું સાંભળ. તે વૃત્તાંત ઘણું રમણીક છે, બુદ્ધિને ઊત્તમ બોધ આપવાવાળું છે અને તેને મેં મારાં પોતાનાં વૃત્તાંતની સમાન અનુભવેલું છે. ॥ ૭૬૦ ॥ વિંધ્યાચળની ઝાડીમાં એક એક મોટો ગજરાજ હતો. તેને પકડવાને વાસ્તે એક મહાવત ઘણો યત્ન કરતાં સાંકળોની જાળ પસારીને એક તાડ વૃક્ષ પર ચડી બેઠો હતો. તે પછે હાથી તે જાળને ત્રોડીને, તાડ વૃક્ષને દાંતોથી ફગાવીને અને મહાવતને મારવા લાગ્યો. પછે તે ગજરાજ દયાને લીધે મહાવતને પોતાનાં માથાં પર ચડાવીને તેને જ્યાં લઇ જવાની ઇચ્છા હતી ત્યાં લઈ ગયો તેથી તે મહાવતે તેને મોટા ખીલા સાથે બાંધી કેદ કરી મારવા લાગ્યો ને ઘણું દુઃખ દીધું. ત્યારબાદ તે હાથી પોતાની મૂઢતાથી ઘણું દુઃખ સહન કરતો હતો. ॥ ૭૬૧ ॥ તેથી હે રાજન્! જે સંપૂર્ણ શાસ્ત્રોમાં કુશળ પુરૂષ હતો અને ધનનું ઊપાર્જન કરતો હતો તે તું છો તથા તેં જે સર્વ ત્યાગ કરેલો છે તે તમામ દુઃખોનો અંત કરવાવાળુ ચિંતામણિ છે. હવે તું શુદ્ધ બુદ્ધિવાળો થયો છો. ॥ ૭૬૨ ॥ હે રાજન્! જે શુદ્ધ પુરૂષ સર્વ ત્યાગી થતાં સર્વ સારરૂપ જે મોક્ષ તેને સિદ્ધ કરતો નથી તે સર્વ ત્યાગ કરીને તથા ચિંતામણિ પામીને બીજું શું પ્રાપ્ત કરી શકવાનો છે? ॥ ૭૬૩ ॥ હે રાજન્! તેં; પુત્ર, સ્ત્રી, ધન અને બાંધવ યુક્ત રાજ્યનો ત્યાગ કરેલો છે. અર્થાત્ તેં સર્વ ત્યાગ કરેલો છે પરંતુ અહંકારનો ત્યાગ કરવો બાકી રહી ગયો છે. માટે તું અહંમતિનો પણ ત્યાગ કર. ॥ ૭૬૪ ॥ જે કોઈ સુખથી સિદ્ધ થવાવાળા અને પ્રમાણથી રહિત એવા અખંડ આત્માનંદનો ત્યાગ કરીને દુઃખથી સાધવા યોગ્ય તુચ્છ સુખને સાધવા

ચાહે છે તે આત્મઘાતી તથા મહા દુષ્ટ કહેવાય છે. ॥ ૭૬૫ ॥ હે રાજન્! તું મહા દુઃખથી ભરેલ એવાં રાજ્યબંધનથી મુક્ત થયો છો અને હવે પોતાની અહંમતિથી વનવાસરૂપી દૃઢ બંધનથી બદ્ધ થયો છો. ॥ ૭૬૬ ॥ હે રાજન્! હવે તુંને શીત–વાતાદિ સહન કરવાની બમણી ચિંતા થઇ છે તેથી જે જ્ઞાન રહિત પુરૂષ છે તેને સંસાર દુઃખોનાં બંધનથી પણ વનવાસ મોટું દુઃખ દેવાવાળો છે. ॥ ૭૬૭ ॥ હે રાજન્! તું વનવાસથી પોતાના મનમાં એવું સમજે છે કે મને ચિંતામણિ પ્રાપ્ત થયું છે, પરંતુ મારા જાણવા પ્રમાણે તો તુંને એ સ્ફાટિકનો કકડો પણ મળેલો નથી. ॥ ૭૬૮ ॥ હે રાજન્! જે વિંધ્યાચળની ઝાડીમાં હાથી હતો તે આ સંસારમાં તું છો, તેના બે દાંત છે તે તારાં જ્ઞાન તથા વૈરાગ્ય છે, હાથીને પકડવાની ચાહનાવાળો મહાવત છે તે તારૂં અજ્ઞાન છે, જે મહાવતે હાથી ઊપર આરોહણ કરેલું છે તે અજ્ઞાને તુંને આક્રાંત કરેલ છે, તે હાથીએ કૂગાવીને મોટી પીડા કરી છે તેજ તુંને અજ્ઞાનથી સંસાર દુઃખ થયું છે, તે હાથી બલવાન્ છે તથાપિ નિર્બળ મહાવતે તેને ખેંચીને દુઃખથી પણ દુઃખની દશાએ પહોંચાડયો છે તે તુંને મૂર્ખત્વે મહા દુઃખ પમાડેલ છે અને જે મહાવતે હાથીને વજ્ર સમાન દૃઢ સાંકળોથી બાંધેલો છે તે તુંનેજ અજ્ઞાને આશાપાશથી બાંધી લીધો છે એમ સમજ. ॥ ૭૬૯ ॥ હે રાજન્! આશા જે છે તે લોઢાંની સાંકળથી પણ ઘણી દૃઢ છે. કેમકે લોઢાંની સાંકળ કોઈક વખતે ઘસાઇને ત્રૂટી જાય પણ આશારૂપી સાંકળ તૃષ્ણાથી દૃઢ બંધાયલી છે. ॥ ૭૭૦ ॥ હે રાજન્! જેમ હાથીએ સાંકળ ત્રોડી નાંખી તેમ તેં ભોગોની

પ્રાણરૂપ નિષ્કંટક રાજ્યબંધનનો ત્યાગ કરેલ છે, જેમ હાથીએ સુખથી સાંકળો ત્રોડી છે તેમ તેં ભોગોની આશાનો ત્યાગ કર્યો છે, જેમ હાથીએ મહાવતને પગથી પકડીને પૃથ્વી પર અફાળ્યો છે તેમ તેં રાજ્યનો ત્યાગ કરી અજ્ઞાન દૂર કર્યું છે અને જેમ હાથીએ તાડ વૃક્ષને જોરથી કંપાયમાન કર્યું છે તેમ તેં ભોગાશાનો ત્યાગ કરીને અજ્ઞાનને શિથળ કર્યું છે. ॥ ૭૭૧ ॥ હે રાજન્ ! જેવી રીતે વૃક્ષને છેદવાથી તે કંપાયમાન થાય છે તેવી રીતે જ્યારે વિવેકી પુરૂષ ભોગોનો ત્યાગ કરીને સ્થિર થાય છે ત્યારે અજ્ઞાન કંપાયમાન થાય છે. ॥ ૭૭૨ ॥ જ્યારે તું વનમાં આવ્યો, ત્યારે તેં અજ્ઞાનને જીતી લીધું હતું પણ ફરીને આ વનવાસનાં અભિમાનનો ઉદય થયો છે તેનું તું ત્યાગરૂપી ખડગથી છેદન કર. ॥ ૭૭૩ ॥ જ્યારથી તું વનવાસની સાધનામાં આસક્ત થયો છો ત્યારથી તું અહંકારરૂપી મોહકૂપમાં પડેલો છો. ॥ ૭૭૪ ॥ હે રાજન્ ! તારી **ચુડાલા** રાણી; રાજનીતિને જાણવાવાળી છે તથા પરમતત્વને સમજવાવાળી છે માટે એણે તુંને જે જ્ઞાન કહ્યું હતું તેનો તેં અંગિકાર કેમ કર્યો નહિ ? ॥ ૭૭૫ ॥ તે **ચૂડાલા**, તત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ટ છે. તે જે કાંઇ કરે છે તથા જે કાંઇ કહે છે તે સઘળું સત્ય છે તથા આદર કરવા યોગ્ય છે. ॥ ૭૭૬ ॥ વાસ્તે તેં જે તેનાં વચનનું ઉલ્લંઘન કર્યું તેથી તારો સર્વ ત્યાગ કરવો વ્યર્થ છે અને તારૂં સઘળું કરેલું જૂઠું છે. ॥ ૭૭૭ ॥

રાજાએ કહ્યું કે:—મેં; રાજ્ય ત્યાગ્યું છે, ઘર ત્યાગ્યું છે, દેશ ત્યાગ્યો છે, સ્ત્રીઓ ત્યાગી છે અને ભોગ ત્યાગ્યો છે; છતાં મારો સર્વ ત્યાગ શી રીતે વૃથા છે? ॥ ૭૭૮ ॥

ચૂડાલા કહે છે કેઃ–હે રાજન્! ધન, ઘર, રાજ્ય, પૃથ્વી, રાજ્યછત્ર અને બાંધવ એ તારે સાથે નથી તેથી તે તારાં શી રીતે કહેવાય? તારૂં તો જે કાંઇ છે તેનો તેં ત્યાગ કરેલો છે પણ તેથી તું સર્વ ત્યાગી કહેવાય નહિ. ॥ ૭૭૯ ॥ હે રાજન્! જે ત્યાગવાનું છે તેનો તેં ત્યાગ કરેલો નથી, પણ જ્યારે તેનો તું ત્યાગ કરીશ ત્યારે તું એકલોજ બાકી રહીશ અને તું શોક રહિત થઈશ. ॥ ૭૮૦ ॥

રાજાએ કહ્યું કેઃ–રાજ્ય તો મારૂં નથી કેમકે મને તે વનમાં નથી. હવે વનમાં તો પર્વત–વૃક્ષાદિક મારે પાસે છે તેનો પણ હું ત્યાગ કરૂં છું. ॥ ૭૮૧ ॥

ચૂડાલા કહે છે કેઃ–પર્વતની છાયા, વન, ગુફા, વૃક્ષ અને સ્થાન, એ તારાં નથી. કેમકે એ તારાથી પ્રથમ થએલાં છે તેથી તે તારે સાથે નથી. પછી તે સર્વ ત્યાગ ક્યાંથી કર્યો? ॥ ૭૮૨ ॥

રાજાએ કહ્યું કેઃ–જો વન–પર્વતાદિક મારાં નથી અને વાવડી-સ્થાન–પર્ણકુટિ સંયુક્ત આ આશ્રમજ મારૂં છે તો તેનો પણ હું ત્યાગકરૂં છું. ॥ ૭૮૩ ॥

રાણી કહે છે કેઃ–હે રાજન! વૃક્ષ–વાવડી–સ્થાન–પર્ણકુટિ આદિ પણ તારાં નથી. કેમકે તે તારે સાથે નથી તેથી તે તારાં નથી. જેથી સર્વ ત્યાગ તેં શું કર્યો છે? ॥ ૭૮૪ ॥

રાજાએ કહ્યું કેઃ–જો; પર્ણકુટિ પણ મારી નહિ તો કમંડળ, પૂજાપાત્રો, ગોદડી, ભૂર્જવસ્ત્ર વિગેરે મારાં કેમ કહેવાય? વાસ્તે તે તમામનો ત્યાગ કરૂં છું. ॥ ૭૮૫ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ–શિખિધ્વજ રાજા એટલું કહીને

જે કાંઈ કમંડળ–ગોદડી–વિગેરે વનવાસની જે સામગ્રી હતી તે સર્વને અગ્નિમાં બાળવા લાગ્યો. ॥ ૬૮૬ ॥

રાજાએ કહ્યું કેઃ–હવે હું વનવાસની વાસનાનો ત્યાગ કરીને સર્વ ત્યાગી થયો છું. હે દેવપુત્ર! હવે મને આનંદ થયો છે. તેં આ ઘણા વખત સુધી બોધ કર્યો છે. ॥ ૭૮૭ ॥ જેમ જેમ આ બંધનનાં પદાર્થો ઘટતાં જાય છે તેમ તેમ મારા મનમાં પરમ આનંદ થાય છે. હવે શાંત મનવાળો થયો છું, નિવાર્ણને પામ્યો છું, મારૂં સર્વ બંધન ક્ષયને પ્રાપ્ત થયું છે અને હવે મેં સર્વ ત્યાગ કરેલો છે. ॥ ૭૮૮ ॥

કુંભ **નામના મુનિપુત્રરૂપ ચુડાલા** કહે છે કેઃ–હે રાજન્! હે શિખિધ્વજ!! તું કહે છે કે "મેં સર્વ ત્યાગ કરેલો છે." એવું કહે નહિ. કેમકે કાંઈ પણ તેં ત્યાગેલું નથી. જે તેં ત્યાગેલું છે તે ન ત્યાગવા બરાબર છે જેથી સર્વ ત્યાગના આણંદનું સ્વરૂપ તું બતાવ નહિ. ॥ ૭૮૯ ॥

રાજાએ કહ્યું કેઃ–હે મુનિપુત્ર! આ શરીર ઈંદ્રિયરૂપી સર્વ સમૂહનો નિવાસ છે તથા રક્ત--માંસ–અસ્થિઓના સ્વરૂપનું બનેલું છે અને સર્વ ત્યાગમાં હવે બાકી તેજ રહેલું છે. તેથી ઊઠીને, નિશંક થઈને, ઘણા ગંભીર ખાડામાં પડીને સર્વ ત્યાગી થાઊં છું. ॥ ૭૯૦ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ–હે રામચંદ્ર! એમ કહીને ઊઠીને મોટા ખાડામાં પડવા વાસ્તે વેગથી જ્યારે પર્વત તરફ જવા ધસ્યો ત્યારેઃ– ॥ ૭૯૧ ॥

કુંભે કહ્યું કેઃ–હે રાજન્! શરીરે તારો કાંઈ પણ અપરાધ

કર્યો નથી તેને તું જેમ મોટો બળધ નિરપરાધી બચ્ચાંને મારે છે તેમ વગર અપરાધે કેમ ફગાવી દેછે? તું અજ્ઞાની છો કેમકે દેહત્યાગથી સર્વ ત્યાગ થતો નથી. ॥ ૭૯૨ ॥ જેમ મતવાલો હાથી વૃક્ષને કંપિત કરે છે તેમ તેં આ શરીરને ક્ષોભ યુક્ત કરેલું છે તેનાથી જો તું તારાં પાપી મનનો ત્યાગ કરીશ તો દેહાદિકાનો પોતેજ ત્યાગ થઇ જશે પરંતુ મનનો ત્યાગ ન કરવાથી શરીર નષ્ટ થતાં ફરી ઉત્પન્ન થશે. ॥ ૭૯૩ ॥

રાજાએ કહ્યું કે:—હે કુંભ! આ કેવી રીતે ચળાયમાન થાય છે અને જન્મ—કર્મોનું બીજ શું છે? તે તું કહે. ॥ ૭૯૪ ॥ જે સર્વ દુઃખોનું મૂળ છે, જે સર્વ રીતે બંધનરૂપ બનેલ છે, જેનો સર્વ સંસારનાં કારણરૂપ થવાથી ત્યાગ થતો નથી, જે સર્વસ્વ છે અને જેના ત્યાગથી સર્વ ત્યાગ થાય છે તે તું મને કહે. ॥ ૭૯૫ ॥ સર્વ શું છે? સર્વ ગત શું છે? સર્વ સર્વદા પ્રકારથી ત્યાગવા યોગ્ય શું છે? અને તે સર્વથી શું કહેલ છે? હે તત્વજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ! તું મને તે સઘળું કહે ॥ ૭૯૬ ॥

કુંભ કહે છે કે:—હે રાજન્! જે સર્વગતરૂપ છે, જીવ—પ્રાણાદિ નામથી પ્રસિદ્ધ છે અને નથી તે જડ કે નથી અજડ એવું તે ચિત્તસ્વરૂપ કહેવાય છે. ॥ ૭૯૭ ॥ હે રાજન્! જેમ વૃક્ષનું બીજ થાય છે તેમ સર્વનું બીજ મન છે. તે બીજનો ત્યાગ થવાથી સર્વ ત્યાગ થાય છે. ॥ ૭૯૮ ॥ હે રાજન્! ચિત્તના ત્યાગથી એકવાર સંપૂર્ણ દ્વૈતનો ત્યાગ થાય છે તેથી બાકી શાંતરૂપ એક નિર્મળ ચૈતન્ય રહે છે. ॥ ૭૯૯ ॥ હે રાજન્! સર્વ ત્યાગ કરવો એ પરમાનંદનું કારણ છે તે વિના તમામ દારૂણ

દુઃખ છે. એવું મારૂં વચન છે તો તારે ગમેતો તેનો અંગિકાર કર. ॥ ૮૦૦ ॥ હે મહારાજ ! સર્વ ત્યાગ એ તમામ સંપત્તિનો આશ્રય છે એવું આ લોકમાં પ્રસિધ્ધ છે. જે કાંઈ પણ માગે નહિ તેને લોક સર્વસ્વ આપે છે. ॥ ૮૦૧ ॥ હે મહારાજ ! ચિત્તનું સ્વરૂપ વાસનાનેજ જાણ તથા ચિત્ત શબ્દને વાસના નામ ભેદથી સમજ. તેનો ત્યાગ અત્યંત સુખ કરવાવાળો છે, નેત્ર વીંચવાથી પણ તેમાં સુખ છે, રાજ્યથી પણ અધિક આનંદ કરે છે અને પુષ્પથી પણ ઘણો સુંદર છે. ॥ ૮૦૨ ॥ હે રાજન્ ! જેવી રીતે નિર્ધનને ચક્રવર્તી રાજ્ય અસાધ્ય છે અને તૃણને મેરૂપર્વત થવું અશક્ય છે તેવી રીતે મુર્ખને મનનો ત્યાગ કરવો એ ઘણો અસાધ્ય છે. ॥ ૮૦૩ ॥ હે રાજન્ ! જે પુરૂષ મનને ક્યાંહી પણ આસક્ત કરતો નથી તથા અનેક પ્રકારના કુતર્ક વાદમાં શાંતિથી સ્થિર રહે છે તે પુરૂષ શરીર યુક્ત છે તથાપિ તેની ચિત્તરૂપી લતા છિન્ન ભિન્ન થઈ જાય છે. ॥ ૮૦૪ ॥ હે રાજન્ ! "હું કોણ છું ?" "મારૂં સ્વરૂપ શું છે ?" એવી રીતનાં પોતાનાં સ્વરૂપના જે વિચાર છે તે ચિત્તરૂપી દુષ્ટ વૃક્ષને બાળવાના અગ્નિરૂપ છે. ॥ ૮૦૫ ॥

રાજા કહે છે કેઃ—હે કુંભ ! ચિત્તરૂપી વૃક્ષનું મૂળ અહંભાવ છે એમ હું સમજેલો છું પણ તેનો ત્યાગ કેમ કરવો ? તે હું જાણતો નથી. જેમ જેમ હું તેનો ત્યાગ કરૂં છું તેમ તેમ તે ફરીથી આવીને પ્રાપ્ત થાય છે. ॥ ૮૦૬ ॥

કુંભે કહ્યું કેઃ—હે રાજન્ ! કારણથી કાર્ય થાય છે અને અહંભાવથી સંસારના અંકુર થાય છે. માટે કારણ ગોતીને તું મને કહે. ॥ ૮૦૭ ॥

રાજા કહે છે કે:-હે મુને! અહંભાવ એ મોટો દોષ છે, તેનાં કારણને હું જાણું છું કે સંવેદનજ તેનું કરણ છે, પરંતુ જેવી રીતે તે અહંભાવ શાંત થાય તેવી રીતનો ઉપાય તું મને કહે. ॥ ૮૦૮ ॥

કુંભે કહ્યું કે:—હે રાજન્! તું કારણને જાણતો હો તો મને અહંભાવનું સ્થાન કહે. ત્યારે હું કારણ તથા અકારણ સર્વે કહીશ. ॥ ૮૦૯ ॥

રાજાએ કહ્યું કે:— ચેતના યોગ્ય, ચેતન કરવાનું સ્વરૂપ જાણવા યોગ્ય અને તે જાણવાનું સ્વરૂપ. એઓનું કારણ પદાર્થ-સત્તા છે, તેમાં દેહાદિક કારણ છે. કેમકે દેહાદિકથી અહંભાવ સંવેદન છે. ॥ ૮૧૦ ॥

કુંભ કહે છે કે:—હે રાજન્! અહંભાવના સંવેદનનું કારણ દેહાદિક પદાર્થોની સત્તા છે તો તે દેહાદિક પદાની વસ્તુસત્તાને અસત્ય કરીને પછે તારૂં અહંભાવનું સંવેદન કયાં સ્થિત થયું છે? ॥ ૮૧૧ ॥

રાજાએ કહ્યું કે:—હે મુને! જેમ સૂર્યાદિકોનો પ્રકાશ પ્રત્યક્ષ છે તેમાં અંધારાનું કહેવું બની શકતું નથી તેમ જેનું સ્વરૂપ તથા ક્રિયા-કલ્પના પ્રત્યક્ષ દેખાય છે તે દેહાદિક અસત્યરૂપ કેમ કહે-વાય? વળી જેનાં હસ્ત-પાદાદિ અંગ પ્રત્યક્ષ છે, ક્રિયા-ફળના વિલાસ યુક્ત છે અને જેનો સદા અનુભવ થાય છે તે શરીર સત્ય-રૂપ કેમ ન કહેવાય? ॥ ૮૧૨ ॥

કુંભ કહે છે કે:—હે રાજન્! જે કાર્યનું કારણ નથી તેવું કાર્ય આંહી કોઈ નથી. તેથી અહંભાવનું સંવેદન એ ભ્રમ માત્ર છે. ॥ ૮૧૩ ॥

રાજાએ કહ્યું કેઃ—હે મુનીશ્વર ! આ શરીર; હસ્ત—પાદાદિ સંયુક્ત છે, નિત્ય પ્રત્યક્ષજ લક્ષ થાય છે અને પિતા તેનું કારણ છે. તો તેવાં શરીરને તું કારણ રહિત કેમ કહે છે? ॥ ૮૧૪ ॥

કુંભ કહે છે કેઃ—હે રાજન્! કારણના અભાવથી કાર્ય રહેતું નથી. તો તારા શરીરનું કારણ જે તારો પિતા, તે રહેલો નથી તો તારૂં શરીર અસત્ય કેમ કહેવાય નહિ ? તે તું કહે. ॥ ૮૧૫ ॥

રાજાએ કહ્યું કેઃ—હે મુનીશ્વર! પુત્ર, પિતા અને પિતામહ ઇત્યાદિકોનું કારણ સૃષ્ટિકર્ત્તા બ્રહ્મા છે તે સર્વ શરીરોનું કારણ કેમ કહેવાય નહિ? ॥ ૮૧૬ ॥

કુંભ કહે છે કેઃ—હે રાજન્ ! જો તેં સર્વ શરીરોનું કારણ બ્રહ્મા કહ્યું તો તે પણ હવે પ્રત્યક્ષ નથી. વાસ્તે તે ન હોવાને લીધે શરીરનો અભાવ કેમ કહેવાય નહિ? તે તું કહે. ॥ ૮૧૭ ॥ હે રાજન્! જેમ ઘટાદિકોનું મૃત્તિકાદિક કારણ છે તે તેને સાથેજ રહેછે તેમજ કારણ જે છે તે કાર્યનું બીજજ છે તે કાર્યને સાથે રહે છે. માટે જે શરીરનું કારણ છે તે અનિત્ય છે તેથીજ તેનું કાર્ય જે શરરાદિક છે તે અનિત્ય છે. કેમકે સર્વનાં કારણ રૂપ જે બ્રહ્મા છે તે પણ કથન માત્ર છે. શરીરના જેવુંજ અનિત્ય, શરીરનું કારણ બીજુંજ છે તે કોણ છે? અવિદ્યા, જ્ઞાનથી નિવૃત્ત થાય છે. તેથી તે નિવૃત્ત થવાથી દેહાદિ સર્વે બંધ નિવૃત્ત થાય છે. ॥ ૮૧૮ ॥

રાજાએ કહ્યું કેઃ—હે ભગવન્ ! હું હવે બોધ પામ્યો છું. યુક્તિથી યુક્ત વચન કહેલાં છે. કારણના અભાવથી કર્ત્તા પણ નથી અને સર્વે બ્રહ્મમયજ છે. ॥ ૮૧૯ ॥ કર્ત્તાના અભાવથી જગત્ નથી. તે જગત્ કેવી રીતે ભાસે છે ?' અને પદાર્થોને જોવા-

વાળા કોણ છે ? એટલા વાસ્તે ચિત્તાદિક પણ તેનું બીજ નથી અને અહંતાદિક પણ કાંઈ નથી. ॥ ૮૨૦ ॥ તેમ થવાથી હું; શુદ્ધ રૂપ થયો છું, બોધ પામ્યો છું અને શિવરૂપ થયો છું, તેથી મારા આત્માને મારા પ્રણામ છે. મારાથી પર કોઇ નથી. ॥ ૮૨૧ ॥ એવી રીતે વસ્તુ--પદાર્થ જાણવાથી આ સર્વ અસત્ય ભાસે છે, આદિ—અંતમાં હું છું અને આકાશની સમાન શાંત થયો છું. ॥ ૮૨૨ ॥ આ જગતના પદાર્થોની વિભાગ દષ્ટિ અને દેશ, કાળ, દિશા તથા તમામ કળાના સમૂહ એ સર્વે ઘણા વખતે કરીને શાંત થઇ જાય છે અને એક શાંતસ્વરૂપ બ્રહ્મજ અવિનાશી છે તે રૂપ થાય છે. ॥ ૮૨૩ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હે રામજી ! તે શિખિધ્વજ રાજા, જેમ પવનથી રહિત દીપક અચળ પ્રકાશમાન થાય છે તેમ તે વિશ્રાંતી પામતાં ક્ષણમાત્ર શાંત મનવાળો થયો. ॥૮૨૪॥

કુંભે કહ્યું કેઃ—હે રાજન્ ! હવે તું અજ્ઞાનરૂપી નિદ્રાથી જાગ્રત થયો છો, શાંત શિવરૂપ થઇ સ્થિર થયો છો અને તુને—જગત્ અસ્ત થવાથી અથવા ઊદય થવાથી—કાંઈ કાર્ય નથી. ॥ ૮૨૫ ॥ હવે તુને; આત્મ સ્વરૂપનો પ્રકાશ થયો છે, અનિષ્ટ પદાર્થ સર્વે નષ્ટ થયા છે, ચિત્તની સંકલ્પ રચનાથી મુક્ત થયો છો અને હવે તું જીવન્મુક્ત થયો છો. ॥ ૮૨૬ ॥

રાજા કહે છે કેઃ—હે મુનીશ્વર ! મારો મોહ નષ્ટ થયો છે, મને આત્મસ્વરૂપની સ્મૃતિ થઈ છે અને તારા પ્રસાદથી હું સંદેહ રહિત થયો છું. ॥ ૮૨૭ ॥

કુંભે કહ્યું કેઃ—હે રાજન્ ! જ્યાં જગત્જ નથી ત્યાં અહં

અને તત્વ એવી ભાવનાવાળો સંસાર ક્યાં છે? ક્યાંથી ઉદય થયો છે? કેવો છે? અને કેવી રીતનો છે? ॥ ૮૨૮ ॥ જેવી રીતે આકાશ નીલ–વર્ણવાળો ભ્રમથી જણાય છે તેવી રીતે આ સંસાર નામથી સર્વે સ્થિતિ રહિત કેવળ ચિંતવન માત્ર રૂપ છે. ॥૮૨૯॥ "હું રાજા છું" એવો જે સંકલ્પ છે તે અખંડ બંધન માટે છે અને "હું કાંઇ નથી" એવો જે સંકલ્પ છે તે નિર્મળ મોક્ષને માટે છે. ॥ ૮૩૦ ॥ આ વિચાર કેવળ નામ માત્રે કરીને કહેલ છે અને કેવળ અસત્યરૂપ છે. તે સત્યરૂપ કેમ થાય? તેથીજ આ સઘળું ભ્રમ માત્ર છે. ॥ ૮૩૧ ॥ જે પુરૂષ બન્ને હાથ જોડીને પોતેજ કહે કે "હું શૂદ્ર છું" તો તે બ્રાહ્મણ કેમ થાય? તેથી પોતાના સંકલ્પની કલ્પનાથી પોતાને બંધનવાળો માને છે તે પણ તે સંકલ્પ ત્યાગવાથી નિવૃત્ત થાય છે. ॥ ૮૩૨ ॥ હે રાજન્! જેવી રીતે ચંદ્રમા પોતાનાં કિરણોના પ્રકાશ વિના દેખી શકાતો નહિ તેવી રીતે ઇચ્છા અને અનિચ્છા એ બન્ને બંધ–મોક્ષની શક્તિ છે તેથી બંધ–મોક્ષ થાય છે. ॥ ૮૩૩ ॥ તેથી હે મિત્ર! તારૂં કાંઇ પણ નષ્ટ થતું નથી તથા કાંઇ પણ વધતું નથી. તું આકાશની સમાન નિર્મળ રૂપ છો અને કેવળ અનંત રૂપ છો. ॥ ૮૩૪ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હે રામચંદ્ર!. તે **શિખિધ્વજ** રાજા! એવાં **કુંભનાં** વચનને સત્ય સમજીને પોતામાં આત્મ-તત્વની ભાવના કરવા લાગ્યો અને પોતેજ તેમાં ક્ષણમાત્ર ગમન કરવા લાગ્યો. ॥ ૮૩૫ ॥ અને ક્ષણમાત્ર નિશ્ચળ મન કરી, નેત્રો મીંચી, વાણી શાંત કરી મૌન ધરી રહ્યો તથા જેમ પ્રત્થરમાં

અળેખેલી અંગ–પ્રત્યંગવાળી પુતળી નિશ્ચળ હોય છે તેમ નિશ્ચળ થયો. ॥ ૮૩૬ ॥ હે રામજી! ત્યારબાદ ક્ષણમાત્રમાં ધ્યાનથી જાગ્રત થએલા રાજાને કુંભ કહેવા લાગ્યો કેઃ–હે રાજન્! હું તુંને પૂછું છું કે તું આ શુદ્ધ, વિશાળ અને પ્રકાશમાન એવાં આત્મપદમાં વિશ્રાંત થયો છો કે નહિ? ॥ ૮૩૭ ॥

ત્યારે રાજાએ પ્રતિ ઉત્તર આપ્યો કેઃ–હે ભગવન્! તારા પ્રસાદથી મેં મહતી ઐશ્વર્ય ભૂમિકા રૂપી મહાપદવી જોઇ છે, તે સર્વથી ઉપર વિરાજે છે. ॥ ૮૩૮ ॥ હે ભગવન્! જેણે જાણવા યોગ્ય તત્વવસ્તુ જાણી છે એવા મહાત્માં સંત જનોનો સત્સંગ મહા આનંદકારી છે, અમૃતરૂપ છે, પ્રમાણુ રહિત છે, મોક્ષ ફળ દેવાવાળો છે, તે ક્યાંહી પણ મળતો નથી અને મહા દુર્લભ છે. તે હવે મને થયો છે. ॥ ૮૩૯ ॥ જે હું જન્મથી નિશ્ચય કરીને તથા નામે કરીને પણ પામ્યો નથી તે અમૃત આજ હું તારા સમાગમથી પોતેજ પામ્યો છું. ॥ ૮૪૦ ॥ હવે હું પૂછું છું કે આ જ્ઞાનરૂપી અમૃત જેમ હવે હું પામ્યો તેમ પ્રથમજ કેમ ન પામ્યો અને જેમ આત્મસ્વરૂપનાં આણંદનો સ્વાદ હવે મને આવ્યો તેમ તે સ્વાદ પ્રથમજ કેમ આવ્યો નહિ? ॥ ૮૪૧ ॥

કુંભ કહે છે કેઃ–હે રાજન્! જેવી રીતે મળ રહિત નિર્મળ શ્વેત વસ્ત્રમાં કેશરનાં જળનાં રંગવાળાં છાંટડાં શોભે છે તેવી રીતે જ્યારે મન; ઉપશમને પ્રાપ્ત થાય, ભોગોની ઇચ્છાનો ત્યાગ કરે અને સંપૂર્ણ ઇંદ્રિઓની વાસના રૂપી મળ નષ્ટ થઇ જાય ત્યારે સદ્ગુરૂના ઉપદેશની ઉક્તિઓ ચિત્તમાં સ્થિત થાય છે. ॥ ૮૪૨ ॥ હે રાજન્! આજજ તું દોષથી નષ્ટ થયો છો, આજજ

જ્ઞાનની કથાનો શ્રોતા થયો છો, આજજ ઉપદેશને યોગ્ય થયો છો અને આજજ મેં તુંને બોધને પ્રાપ્ત કર્યો છે. ॥ ૮૪૩ ॥ હે રાજન્! આજ તારાં શુભ તથા અશુભ કર્મોનો સંપૂર્ણ ક્ષય થયો છે. તેથીજ સત્સંગના સંગથી જ્ઞાનના ઉપદેશની સિદ્ધિ તુંને થઈ છે. ॥ ૮૪૪ ॥ હે રાજન્! મને; આજ પર્વતમાં જઈને, ઈંદ્રની સભામાંથી આવેલા મારા પિતાજી નારદજીને જોવા છે માટે હું ત્યાં જાઊં છું, એટલું કહીને કુંભ ચાલ્યો ગયો. ત્યારબાદ ત્રણ દિવસે આવી, સિંહનાદ કરીને સમાધિથી ઉઠેલા રાજાની પાસે અંદર પ્રવેશ કરીને, રાજાને ઊઠાડી, સાથે લઈ અને વનમાં ચાલ્યો ગયો. ॥ ૮૪૫ ॥ તે રાજા અને કુંભ બન્ને મિત્રો વનમાં વિચરણ કરવા લાગ્યા. તે કોઇક વખતે વિભૂતિ લગાવીને દિગંબર રહેતા હતા, કોઈક વખતે ચંદનનું લેપન કરતા હતા, કોઇક વખતે નગ્ન રહેતા હતા, કોઈક વખતે દિવ્યવસ્ત્ર ધારણ કરતા હતા, કોઈક વખતે અનેક રંગનાં વસ્ત્ર પેહેરતા હતા, કોઇક વખતે ભૂર્જપત્ર ધરતા હતા અને કોઈક વખતે પુષ્પમાળા પણ પેહેરતા હતા. ॥૮૪૬ ॥

એમ કરતાં એક વખતે કુંભ, રાજાને કહેવા લાગ્યો કેઃ—હે રાજન્! મને દુર્વાસા મુનિનો શ્રાપ છે જેથી મારે સ્ત્રી ભાવને પામવું પડશે. એમ કહી સ્ત્રીરૂપ ધારણ કરી રાજાને સાથે વિવાહ કર્યો. ત્યારબાદ કેટલોક સમય વીત્યા બાદ ઈશ્રરૂપ ધારણ કરીને રાજાને કહ્યું કેઃ—હે રાજન્! સ્વર્ગમાં ચાલ. ॥ ૮૪૭ ॥ ત્યારે રાજાએ કહ્યું કે હે દેવરાજ! હું સ્વર્ગના સંપૂર્ણ સમાચાર જાણુ છું, મને સર્વત્ર સ્વર્ગ છે, આ સ્વર્ગાદિ ભોગ અનિત્ય છે, હું આત્મ વિચારના આનંદથી સર્વત્ર સ્વર્ગથી પણ અધિક આનંદ

ભોગવું છું અને મારૂં મન ભોગ વાંત્સનાથી રહિત થયું છે. વાસ્તેજ હું સર્વત્ર આનંદ યુક્ત રહું છું. ॥ ૮૪૮ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હે રામચંદ્ર ! ત્યાર બાદ **ચૂડાલા** રાણી સર્વ શૃંગાર યુક્ત પોતાનું સ્વરૂપ પ્રત્યક્ષ દેખાડવા લાગી. તે એવું રૂપ બતાવતી હતી કેઃ—પોતાની માયાના સંકલ્પથી સુંદર પુરૂષોને રચીને તે પુરૂષોની સાથે વ્યભિચાર કરતી હતી. અર્થાત્ તે પુરૂષો સાથે સંભોગ કરતી હતી. તેવી રીતથી જ્યારે રાજાએ તેને જોઇ ત્યારે તે ભયભીત થઇને કહેવા લાગી કેઃ— ॥ ૮૪૯ ॥ હે રાજન્ ! તેં વનમાં આવીને મારો ત્યાગ કર્યો છે તેથી હું યુવાન કામિની કામરૂપ અગ્નિ સહન નહિ કરી શકવાથી આ વ્યભિચાર કર્યો છે. ॥ ૮૫૦ ॥ હે રાજન્ ! હું; અબળા છું, ધૈર્ય—વિચારથી રહિત છું, સ્ત્રી છું, સ્ત્રીઓ પોતાના પતિના વિયોગથી હર હમેશ રહી શકતી નથી અને બાળકની માફક મૂઢ બુધ્ધિવાળી છું તેથી મેં આ વ્યભિચારરૂપી અપરાધ કર્યો છે તેને તું માફ કર. તું ક્ષમા કરવા યોગ્ય છો અને હું તારી સ્ત્રી છું. મહાત્મા લોકોમાં મહત્વનાં સારરૂપ ક્ષમા થાય છે. ॥ ૮૫૧ ॥

ત્યારે રાજાએ કહ્યું કેઃ—હે બાળે ! જેમ આકાશમાં વૃક્ષ થતું નથી તેમ મને ક્રોધ નથી. પરન્તુ વ્યભિચાર કરવાવાળી સ્ત્રીનો અંગિકાર કરવાથી સાધુ લોકો નિંદા કરે છે તેથી હું તારો અંગિકાર હવે કરીશ નહિ. ॥ ૮૫૨ ॥ પણ પ્રથમની માફક મિત્રતા કરીને, રાગ—દ્વેષ રહિત થઈને, એકઠા મળીને આનંદથી રમણ કરતાં વનમાં રહી શું. ॥ ૮૫૩ ॥ એવો વિચાર કર્યો ત્યારે ચૂડાલા મનમાં વિચાર કરવા લાગી કેઃ—અહો ! આજ ઘણો આનંદ

થયો છે. કેમકે હવે રાજા; સમદૃષ્ટિને પ્રાપ્ત થયો છે, જ્ઞાનવાન્ થયો છે, રાગ–દ્વેષથી રહિત થયો છે, ક્રોધથી પણ રહિત થયો છે અને જીવન્મુક્ત થયો છે. ॥ ૮૫૪ ॥ હવે એ રાજાને; રાજ્યભોગ પણ પોતાને વશ કરશે નહિ, મહા સિધ્ધિ પણ વશ કરશે નહિ અને સુખ–દુઃખ–આપત્તિ–સંપત્તિ પણ વશ કરી શકશે નહિ. ॥ ૮૫૫ ॥

ત્યાર બાદ **ચૂડાલા** રાણી પોતાનાં શુધ્ધ સ્વરૂપને બતાવતાં કહેવા લાગી કે:–હે રાજન્! તું તારાં પ્રથમનાં વૃત્તાંતને ધ્યાન કરીને જો. ત્યારે રાજા પોતાનાં પ્રથમનાં વૃત્તાંતને ધ્યાનથી જોવા લાગ્યો. ॥ ૮૫૬ ॥ રાજા, **ચુડાલા**ના પ્રસંગથી તત્વજ્ઞાની થયો તેથી તેને તત્વજ્ઞાન સંયુક્ત શુધ્ધ સ્વરૂપ સમજીને આનંદથી આલિંગન કરવા લાગ્યો. ॥ ૮૫૭ ॥

શ્રી વસિષ્ઠજીએ કહ્યું કે:–હે રામચંદ્ર! તે રાજા આનંદાશ્રુનાં જળથી ભીંજાઈને સ્નેહ પ્રગટ કરવા લાગ્યો અને સમાગમની ઇચ્છા પણ કરવા લાગ્યો તેમજ જેમ નોળિઓ પોતાની માદાને આલિંગન કરે છે તેમ **ચુડાલા**ની સાથે ઘણા વખત સુધી આલિંગન કરવા લાગ્યો. ॥ ૮૫૮ ॥ હે રામજી! તે રાજા તથા રાણી પરસ્પર હર્ષથી આલિંગન કરતાં જે આનંદ પામ્યાં તેનું વર્ણન કરવા હજાર (૧૦૦૦) જીગ્હાવાળો **વાસુકી** પણ સમર્થ નથી. ॥૮૫૯॥

રાજા કહે છે કે:–હે કલ્યાણી! અરૂંધતી, ઈદ્રાણી, પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતી; એ સર્વે તારાં શીળને, ગુણ–સંપત્તિને અને સુંદરતાને તુલ્ય યત્ન કરતાં પણ થઇ શકે તેમ નથી. ॥ ૮૬૦ ॥ જેવી રીતે પોતાના પતિને પ્રેમથી તારવામાં કુળવાન્

સ્ત્રીઓ સમર્થ થાય છે તેવી રીતે શાસ્ત્રોના અર્થ, ગુરૂસેવા અને મંત્ર-દેવતાદિક તારવામાં સમર્થ થતા નથી. ॥ ૮૯૧ ॥ હે કલ્યાણી! તેં જે મારા ઊપર ઊપકાર કરેલો છે તેના પ્રત્યુપકારના ઊત્તરરૂપ ઊપકાર કરવા હું કેમ સમર્થ થઇશ? તું તો ઇચ્છાથી રહિત થઇ સંસાર સમુદ્રને પાર તરી ગઈ છો. ॥ ૮૯૨ ॥

ચૂડાલાએ કહ્યું કે:-હે મહારાજ! તું ફળ રહિત શુષ્ક કર્મજાળમાં વ્યાકુળ હતો તેથી તુને જોઇને હું તારે વાસ્તે વારંવાર દુ:ખી થતી હતી. ॥ ૮૯૩ ॥ હે મહારાજ! મેં તુંને બોધ કરવાનાં સ્વરૂપથી પોતાનાં આત્મજ્ઞાનને દૃઢ કરવા સારૂં પોતાનો અર્થ સિદ્ધ કરેલો છે તેમાં તું મારી આટલી સ્તુતિ કેમ કરે છે? તથા ગૌરવ કેમ પ્રકાશ કરે છે? ॥ ૮૯૪ ॥ હે પ્રાણનાથ! હે મહા બુદ્ધે!! એવી રીતે મેં તારૂં આત્મજ્ઞાન દૃઢ કરેલું છે હવે તું કહે કે તુને શું રૂચે છે? ॥ ૮૯૫ ॥

રાજા કહે છે કે:-હે પ્રિયે! હું વિધિને જાણતો નથી તથા નિષેધને પણ સમજતો નથી. હવે તો તું જે કહીશ તે જાણીશ. ॥ ૮૯૬ ॥

ચૂડાલાએ કહ્યું કે:-હે રાજન્! અમે; પૃથ્વીના આદિ-અંત તથા મધ્યમાં એક રાજ છે. હવે એક મોહનો ત્યાગ કરીને પછે તેનાં રાજા થઇશું. ॥૮૯૭॥ હે રાજન્! તું તે નગરમાં પોતાનાં આસન ઉપર સ્થિત થઈને રાજ્ય કરીશ અને તમામ સ્ત્રીઓમાં શિરોમણિ એવી હુંજ તારી રાણી થઈશ. ॥ ૮૯૮ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કે:-તે રાજા ચૂડાલાનાં એવાં વચન સાંભળીને હસીને મધુર વચન કહેવા લાગ્યો. ॥ ૮૯૯ ॥

રાજાએ કહ્યું કે:— હે વિશાળ નેત્રે! જો તુને ભોગોની ઈચ્છા છે તો, યોગસિદ્ધિએ કરીને સ્વર્ગના ભોગોની સંપત્તિ મારે આધીન નથી કે શું? અને હું ફરી રાજ્ય ભોગવવાને વાસ્તે સ્વર્ગમાં શું નિવાસ નહિ કરૂં? ॥ ૮૭૦ ॥

ચૂડાલા કહે છે કે:—હે રાજન્! હવે રાજ્ય ભોગોની ઇચ્છા નથી અને સંપત્તિમાં પણ વાંચ્છના નથી પરંતુ કાળની સ્વભાવથી આવી જાય તોજ મનની સ્થિતિ કરવા હું ચહાઊં છુ. ॥ ૮૭૧ ॥

રાજાએ કહ્યું કે:—હે વિશાળ નયને! તેં સમાન બુદ્ધિથી મને યોગ્ય વચન કહેલાં છે તેથી હવે મને રાજ્ય કરવાથી શો અર્થ છે? અને ઘર ત્યાગવાથી પણ શો અર્થ છે? ॥ ૮૭૨ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કે:—હે રામચંદ્ર! ત્યાર બાદ રાજા અને રાણી પોતાના સંકલ્પથી કલ્પના કરીને સાત સમુદ્રના જળથી પૂર્ણ રત્ન કળશોથી પૂર્ણ પરસ્પર અભિષેક—રાજ્ય તિલકને ધારણ કરીને, મદોન્મત્ત મોટા હાથી ઉપર ચડીને મોટી સેના સાથે લઈને, પોતાની નગરીમાં પ્રાપ્ત થઈને અને સાત દિવસ સુધી નગરમાં મહા ઊત્સવ કરવા લાગ્યાં. ॥ ૮૭૩ ॥ તે પછે દશહજાર વર્ષ રાજ્ય કરીને શિખિધ્વજ રાજા, ચૂડાલા રાણી સમેત દેહ ધારણાથી વિરક્ત થવા લાગ્યો. ॥ ૮૭૪ ॥ તે શિખિ-ધ્વજ રાજા, ચૂડાલા રાણી સંયુક્ત ભયથી તથા ચિંતાથી રહિત થઈ અભિમાન તથા રાગ-દ્વેષથી રહિત થઈ, પોતાના વર્ણાશ્રમ-ધર્મ પાળતો હતો અને ભોગોપભોગ ભોગવતો હતો તથાપિ આ-સક્તિથી રહિત હતો. એવી રીતની સમદૃષ્ટિવાળો થઇને મૃત્યુને પણ વશકર્ત્તા થયો અને દશહજાર વર્ષ રાજ્ય કરતો હતો.

॥ ૮૭૫ ॥ હે રામજી! તે શિખિધ્વજ રાજા એવી રીતે સંપૂર્ણ રાજ્યોનો ચક્રવર્ત્તિ રાજા થઈને ઘણાકાળ સુધી રાજ્યનું પાળન કરીને આત્મસ્વરૂપમાં મગ્ન થયો અને પરમપદને પ્રાપ્ત થયો. તેવી રીતે હે રામચંદ્ર! તું પણ સમર્થને પ્રાપ્ત થઇને, તે કાર્યને કરતાં શોકાદિકથી રહિત થઇને અને પોતેજ સાવધાન થઇને ભોગ તથા મોક્ષ સંપત્તિને ભોગવ. ॥ ૮૭૬ ॥

એ પ્રમાણે **શિખિધ્વજનું** આખ્યાંન કહીને ફરી **શ્રી વસિષ્ઠજી** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! જેવી રીતે રાજા **શિખિધ્વજ**, બોધને પ્રાપ્ત થયો અને જેવી રીતે **બૃહસ્પતિને** પુત્ર **કચ** પણ તત્વજ્ઞાનથી આત્મસ્વરૂપનો બોધ પામ્યો હતો તેવી રીતે તે ક્રમનો તું પણ બોધ પ્રાપ્ત કર. ॥ ૮૭૭ ॥ હે રામજી! તે **કચની** બાલ્યાવસ્થા જ્યારે ગઈ ત્યારેજ, વિદ્યા ભણીને પદોના પદાર્થને જાણવાવાળા અને સંસાર તરવામાં સમર્થ થએલા એવા **બૃહસ્પતિને** વચન કહેવા લાગ્યો. ॥ ૮૭૮ ॥

કચ પૂછે છે કેઃ—હે ભગવાન્! હે પિતાજી!! તમે સમગ્ર ધર્મોને જાણવાવાળા છો તેથી મને કહો કે આ સંસાર નામનાં પીંઝરાંમાંથી જીવરૂપી પક્ષીનું નીકળવું કેમ થાય છે? ॥ ૮૭૯ ॥

બૃહસ્પતિએ કહ્યું કેઃ—હે પુત્ર! આ સંસાર સમુદ્ર છે તેમાં મહામોહ નામનું મોટું મકર છે તે જીવોને સંસારરૂપી સમુદ્રમાં ડૂબાવી દેછે તેથી જીવરૂપી પક્ષી સર્વત્યાગ કરી ઊડી જઈ સુખથી રહે છે. ॥ ૮૮૦ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—તે **કચ** પોતાના પિતાનાં વચન સાંભળીને સર્વસ્વનો ત્યાગ કરી એકાંત વનમાં ચાલ્યો ગયો.

॥ ૮૮૧ ॥ હે રામચંદ્ર ! તે કચ વનમાં ગયો તેથી બૃહસ્પતિને પુત્રશોક થયો નહિ કારણકે, મહાત્મા પુરૂષનાં—સંયોગ અથવા વિયોગમાં—સમાન ચિત્ત રહે છે. પછે એકવર્ષ વીત્યા બાદ બૃહસ્પતિ, કચને જોવા વાસ્તે વનમાં ગયા ત્યારે કચે પિતાને પ્રશ્ન કર્યો કે:—॥ ૮૮૨ ॥ હે પિતાજી ! સર્વ ત્યાગ કરતાં છતાં પણ મારૂં મન વિશ્રાંત થયું નથી. ત્યારે બૃહસ્પતિએ કહ્યું કે આંહીં પણ તું સર્વસ્વનો ત્યાગ કર. એટલે કચે; ગોદડી—કમંડળ—દંડાદિનો પણ ત્યાગ કર્યો. ત્યાર બાદ ત્રણ વર્ષે ફરી બૃહસ્પતિ, કચને પાસે ગયા તો ફરી પણ કચે તેને કહ્યું કે હે મહારાજ ! ચિત્ત વિશ્રાંતને પ્રાપ્ત થયું નથી. તેથી બૃહસ્પતિએ ફરી કહ્યું. ॥૮૮૩॥

બૃહસ્પતિ કહે છે કે:—હે. પુત્ર ! ચિત્તજ સર્વસ્વ છે તેથી તેનો ત્યાગ કરવાથી વિશ્રાંત પ્રાપ્ત થાય છે. તેથી ચિત્તના ત્યાગનેજ ત્યાગી પુરૂષ સર્વ ત્યાગ કહે છે. ॥ ૮૮૪ ॥

શ્રી વસિષ્ઠજી એ કહ્યું કે:—હે રામચંદ્ર ! એવું કહીને બૃહસ્પતિ ચાલ્યા ગયા ત્યારે કચે ચિત્તનું સ્વરૂપ નહિ જાણવાથી તે જાણવાવાસ્તે સ્વર્ગમાં જઇને પોતાના પિતાજીને પૂછ્યું. ॥૮૮૫॥

ત્યારે બૃહસ્પતિએ કહ્યું કે:—હે પુત્ર ! આ ચિત્ત પોતાનાં ઘરના સમાન સ્વરૂપવાળું છે. ચિત્તને જાણવાવાળા લોક કહે છે કે:—અંતઃકરણની અનેક વાસનાજાળનો જે સૂક્ષ્મ સ્વભાવ છે તેને ચિત્ત કહેવાય છે. ॥ ૮૮૬ ॥ "એનો ત્યાગ કઠણ છે ?" એવો પ્રશ્ન કરવાથી પિતાજીએ કહ્યું કે, હે પુત્ર ! પુષ્પને ત્રોડવાથી અને નેત્રને વીંચવાથી અહંકારનો ત્યાગ કરવો સુખવાળો છે એમાં કાંઇપણ ખેદ જેવું નથી. ॥ ૮૮૭ ॥ આ ચિત્તનો ભાવ,

અહંકારના બળનાં અજ્ઞાનથી થયો છે તે તત્વવસ્તુ જાણવાથી નષ્ટ થાય છે અને જેમ દોરડાંનાં જ્ઞાનથી સર્પનો ભ્રમ રહેતો નથી તેમ વસ્તુ–ચૈતન્યમાત્ર જાણવાથી અહંકાર રહેતો નથી. ॥૮૮૮॥ હે પુત્ર! ચૈતન્ય વસ્તુ એકજ છે, આદિ–અંતથી રહિત છે, નિર્મળતાથી પૂર્ણ છે, આકાશથી પણ અસંગ છે અને કેવળ સત્તામાત્ર છે. ॥ ૮૮૯ ॥ હે પુત્ર! "આ પુરૂષ છે" "આ હું છુ" "આ તું છો" એવી જૂઠી પ્રતીતિનો ત્યાગ કર અને "આ મારૂં છે" "આ તારૂં છે" "એવું છે" "આ અમે છીએ" "આ તમે છો" એવું જે ભેદવાળું જ્ઞાન છે તે તુચ્છ છે, તુચ્છ સ્વરૂપવાળું છે અને દેશ કાળથી નષ્ટ થવાવાળું છે. ॥ ૮૯૦ ॥ જે દેશ–કાળ–વસ્તુના ભેદથી રહિત છે, નિર્મળ છે, સદા પ્રકાશમાન છે અને સર્વ પદાર્થોમાં એક રૂપ છે તે ચિન્માત્ર રૂપ તું છો. ॥ ૮૯૧ ॥

શ્રી વસિષ્ઠજી, રામચંદ્ર પ્રતિ કહે છે કેઃ–હે રામચંદ્ર! તે કચ એવી રીતે પિતાથી ઊત્તમ ઊપદેશ પામીને તે બૃહસ્પતિનો પુત્ર તે ઊપદેશને ધારણ કરીને જીવન્મુક્ત થયો. ॥ ૮૯૨ ॥ હે રામજી! જેવી રીતે કચ મમતાથી રહિત થયો, અહંકારથી રહિત થયો, સંદેહ ગ્રંથિથી રહિત થયો અને શાંત બુધ્ધિવાળો થયો તેવી રીતે તું પણ નિર્વિકાર થઇને સ્થિત થા. ॥ ૮૯૩ ॥ હે રામ! અહંકારને અસત્ય સમજ, આત્મ વિચારથી સર્વ ભૂતોમાં મિત્ર ભાવને ધારણ કર અને અહંકાર સસલાંનાં શીંગડાંની માફક અસત્ય છે તેનો ત્યાગ કર કેમકે તેનું ગ્રહણ થતું નથી. ॥ ૮૯૪ ॥ હે રામચંદ્ર! દ્વૈતની તથા અદ્વૈતની એ બન્ને ભાવનાનો ત્યાગ કરીને જે એમાં બાકી શુધ્ધ ચૈતન્યસત્તા

માત્ર રહે તેમાં સ્થિર થઇને અખંડ સુખમાં મગ્ન રહે અને માયા પુરૂષની સમાન વૃથા દુઃખી થા નહિ. ॥ ૮૯૫ ॥ હે રામજી ! તું જો એમ કહીશ કે તે માયા પુરૂષ કોણ છે? તો તું સાંભળ કે એક પુરૂષ માયાના યંત્રનો બનેલો છે તે બાળકની સમાન તુચ્છ બુદ્ધિવાળો છે, મૂઢ છે અને કેવળ મૂર્ખતા યુક્ત છે. ॥ ૮૯૬ ॥ તે પુરૂષ એકાંતમાં ગયો તથા તે શૂન્ય સ્થાનમાં રહ્યો. ત્યાં તે ઉપરાંત બીજું કોઇ ન હતું: કાંઈ પણ જો ત્યાં હતું તો પોતેજ હતો. ॥ ૮૯૭ ॥ તેને ત્યાં પોતાને વૃદ્ધિ પ્રાપ્ત થવાનો સંકલ્પ થયો અને એવું ચિંતવન કરતો હતો કે હું આકાશનો છું, આકાશ રૂપ છું અને આકાશ મારૂં છે વળી એકાગ્ર થઇને 'હું આકાશની રક્ષા કરૂં છું' એવું ચિંતવન કરવા લાગ્યો. તેમજ આકાશની રક્ષા વાસ્તે એક ઘર કરી એવી દૃઢ બુદ્ધિ કરવા લાગ્યો કે 'મેં આકાશની રક્ષા કરી છે.' ॥ ૮૯૮ ॥ ત્યારબાદ કેટલાક કાળ પછે તેનું આકાશ રૂપી ઘર નષ્ટ થયું ત્યારે તે માયા પુરૂષ વિલાપ કરવા લાગ્યો કે 'હે મારાં આકાશનાં ઘર તું કેમ નષ્ટ થયું?' 'મેં તારી રક્ષા કરી અને તું મારો ત્યાગ કરીને ક્ષણ માત્રમાં ક્યાં ગયું?' એવા સર્વ પ્રકારના વિલાપ કરવા લાગ્યો. ॥ ૮૯૯ ॥ ફરી તે દુર્બુદ્ધિ પુરૂષે આકાશની રક્ષા વાસ્તે એક કૂવો કર્યો, તેનો પણ નાશ થવાથી ફરી વિલાપ કરવા લાગ્યો; વળી એક કુંડ બનાવ્યો, અને તેનો પણ નાશ થવાથી વિલાપ કરતો હતો; ત્યારબાદ માટીનું એક ભોંયરૂં બનાવ્યું, અને તેનો પણ નાશ થવાથી વિલાપ કરતાં છેવટ એક ચાર દ્વારવાળો કોટ બનાવ્યો; તેનોએ નાશ થવાથી કલ્પાંત કરવા લાગ્યો. એવી રીતે આકાશની રક્ષા વાસ્તે

અનેક ઉપાય કરતો હતો અને તે ઉપાયના વિનાશથી ફરી ફરી વિલાપ કરતો હતો. ॥ ૯૦૦ ॥ હે રામચંદ્ર! તે માયાનો પુરૂષ તે આ અહંકાર છે. તે આધાર વિના આકાશની સમાન શૂન્યજ રહે છે અને અનાત્મા પદાર્થોને આત્મા જાણીને તેની રક્ષાને વાસ્તે નાના પ્રકારનાં શરીરોને ઉત્પન્ન કરે છે વળી તેના નાશમાં વ્યાકુળ થઈને શોક કરે છે. ॥ ૯૦૧ ॥ હે રામજી! જેમ માયાનો પુરૂષ અહંકાર જે છે તે અજ્ઞાનરૂપી અનાત્મ પદાર્થની રક્ષા કરતાં, તેની રક્ષાના ઉપાય રૂપી મંદિરાદિક સ્થાન જે દેહાદિકો છે તેનો નાશ થવામાં કલેશ પામે છે તેમ તું કલેશોને પ્રાપ્ત થા નહિ. ॥ ૯૦૨ ॥ હે રામ! જે આકાશથી પણ વિશાળ સ્વરૂપવાળો છે, શુદ્ધ છે, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, અખંડ છે અને આનંદ રૂપ છે. એવો આત્મા નષ્ટ કેમ થાય? તેનું ગ્રહણ કેમ થાય? અને તેની રક્ષા કરવામાં શક્ય કેમ થાય? ॥ ૯૦૩ ॥ હે રામચંદ્ર! શરીરનો ક્ષય થવાથી કેવળ હૃદયાકાશ નષ્ટ થાય છે. તેમાં પ્રાણિ વૃથા શોક કરે છે અને કહે છે કે હું મરી ગયો તથા મારો આત્મા નષ્ટ થઇ ગયો. ॥૯૦૪॥ હે રામજી! જેમ ઘટાદિકોનો નાશ થવાથી આત્મા અખંડ રહે છે તેમ દેહાદિકોનો નાશ થવાથી આત્મા નિર્લેપ રહે છે. ॥ ૯૦૫ ॥ આત્મા; મરતો નથી, જન્મ લેતો નથી અને કોઈ પણ રીતે તે ક્ષય કે વૃદ્ધિ પામતો નથી. પણ આ કેવળ બ્રહ્મજ જગત્‌નાં રૂપથી ભાસે છે. ॥ ૯૦૬ ॥ તે બ્રહ્મ સત્ય છે, કેવળ સત્તા માત્ર છે, શાંત રૂપ છે, આદિ—અંત કે મધ્ય રહિત છે, ભાવ કે અભાવનાં રૂપથી રહિત છે અને અદ્વૈત માત્ર રૂપ છે એવું સમજીને સુખી રહે. ॥ ૯૦૭ ॥ હે રામ! આ અહંકાર; સઘળી આપત્તિની

ખાણ છે, અસત્ય છે, પરાધીન છે, જલદી નાશ થવાવાળો છે, અવિવેકના નિધિ તુલ્ય છે, મહા દુષ્ટ છે અને અજ્ઞાનરૂપ છે. એનો આત્મસ્વરૂપના બોધથી ત્યાગ કરીને બાકી રહેલ જે આત્મસત્તા તેમાં સાવધાન થઇને ઊત્તમ પદને પ્રાપ્ત થા. ॥૯૦૮॥

ફરી **શ્રી વસિષ્ઠજી** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! તું; મહા કર્ત્તા છો, મહા ભોક્તા છો અને મહા ત્યાગી છો. વાસ્તે મનની તમામ શંકાનો પરિત્યાગ કરી અખંડ ધૈર્યને ધારણ કર. ॥ ૯૦૯ ॥ હે રામજી! આ ત્રણે વ્રતો, પહેલા વખતમાં **શ્રી શંકરે** પોતાના **ભૃંગી** નામના ગણને કહ્યું હતું તેથી તે વ્રતોએ કરીને **ભૃંગી** પણ ચિંતાજ્વરથી રહિત થયો હતો. ॥૯૧૦॥ જે મનુષ્યની બુદ્ધિ, શુભ અને અશુભ કાર્યોમાં પાપ અને પુણ્યની શંકા કરીને લિપ્ત થતી નથી તે મનુષ્ય મહા કર્ત્તા કહેવાય છે. ॥ ૯૧૧ ॥ તેમજ જે પુરૂષ સર્વત્ર સ્નેહ બંધનથી રહિત છે તથા કાર્ય કરવામાં ઈચ્છા રહિત વર્તે છે તેપણ મહા કર્ત્તા કહેવાય છે અને તે સાક્ષીની સમાન અસંગ છે. ॥ ૯૧૨ ॥ જે પુરૂષ; કડવા રસવાળાં, ખારાં, તીખાં, શુદ્ધ, અશુદ્ધ, ગમે તેવાં અને ન ગમે તેવાં અન્ન—પાનોમાં સમાન વૃત્તિ રાખી ભોજન કરે છે તેને મહા ભોક્તા કહેવાય છે. ॥ ૯૧૩ ॥ તેમજ જે પુરૂષ; આપત્તિને તથા સંપત્તિને, મોહને તથા આનંદને અને શ્રેષ્ઠને અને અશ્રેષ્ઠને સમ-બુદ્ધિથી ભોગવે છે તેને પણ મહા ભોક્તા કહેવાય છે. ॥ ૯૧૪॥ અને જે પુરૂષ એવા નિશ્ચયવાળો છે કે; નથી મારૂં શરીર કે નથી મારો જન્મ તેમજ યોગ્ય અથવા અયોગ્ય કર્મ પણ મને નથી. એવા વિચારવાળાને મહા ત્યાગી કહેવાય છે. ॥ ૯૧૫ ॥ તેમજ જેણે

ધર્મ તથા અધર્મ વિશેના મનના ગમે તે સંકલ્પનો અંતઃકરણથી ત્યાગ કરેલો છે તે પણ મહા ત્યાગી કહેવાય છે. ॥ ૯૧૬ ॥ હે રામચંદ્ર! જે પુરૂષની; "હું કોણ છું? આ જગત્ શું છે? તેનો કેવી રીતે ઊદય થયો છે? અને ભોગોનું મારે શું પ્રયોજન છે?" એવી મતિ છે તે મતિથી; જે પુરૂષ, ઊત્તમ વિશ્રાંતિ ચાહે છે અને દુઃખ રૂપી રત્નોની ખાણ એવા જન્મ મરણરૂપી સમુદ્ર તરવા ચાહે છે તેને તરી જવના ઊપાયરૂપ છે. ॥ ૯૧૭ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કે:--હે રામચંદ્ર! **ઇક્ષ્વાકુ** રાજાએ પોતાના પિતા **વૈવસ્વત** મનુને પ્રશ્ન કર્યો કે:--હે પિતાજી "આ જગત્ શું છે?" ત્યારે મનુએ કહ્યું કે "આ જે કાંઈ જગત્ જોવામાં આવે છે તે હે રાજન્! જેમ ગંધર્વ નગર અસત્ય છે અને જેમ મારવાડ દેશની રેતીમાં જળની અસત્ય પ્રતીતિ થાય છે તેમ તેમાં સત્ય કાંઈ પણ નથી. ॥ ૯૧૮ ॥ હે રાજન્! જ્યાં કાંઇ પણ સત્ય જોવામાં આવતું નથી ત્યાં જે કાંઇ શેષમાત્ર જેવું પ્રતીત જણાય છે તે અવિનાશી છે તથા તે સત્યરૂપ આત્મા છે. ॥૯૧૯॥ હે રાજન્! જેવી રીતે રાહુ જોવામાં આવતો નથી પરંતુ ચંદ્રમંડળમાં ગ્રહણ થવાથી દેખવામાં આવે છે તેવી રીતે અસત્યરૂપ દેખાવાથી સત્યરૂપ અદૃષ્ટ આત્મા પ્રતીત થાય છે. ॥ ૯૨૦ ॥ હે રાજન્! આત્મા; કેવળ ગુરૂથી પણ પ્રતીત થતો નથી અને કેવળ શાસ્ત્રોથી પણ પ્રતીત થતો નથી પણ તે આત્મા કેવળ પોતાની નિર્મળ બુદ્ધિથી પ્રતીત થાય છે. ॥ ૯૨૧ ॥ હે રાજન્! જેમ માર્ગમાં મુસાફર; રાગ--દ્વેષથી મુક્ત થએલ બુદ્ધિથી જોવામાં આવે છે તેમ આ ઇંદ્રિય-દેહાદિક; રાગ-દ્વેષથી રહિત બુદ્ધિથી જોવા યોગ્ય

છે. ॥ ૯૨૨ ॥ હે પુત્ર! એમાં આદર કરવો નહિ અને સત્તાનો નિશ્ચય કરવો નહિ, પણ તેને કેવળ પદાર્થભાવના માત્રથી દેખતાં કેવળ નામ માત્ર રહે છે અને સુખરૂપ થઇ જાય છે. ॥ ૯૨૩॥ હે પુત્ર ! આ શરીરાદિક કેવળ નામ માત્ર પદાર્થ છે તથા સત્ય નથી. માટે એની ભાવનાનો દૂરથી ત્યાગ કરીને તથા શીતળ અંતઃકરણ વાળા થઈને કેવળ આત્મ વિચારમાં સ્થિત રહે. ॥૯૨૪॥ હે પુત્ર ! જેવી રીતે નિર્મળ થએલ જળાશયોમાં સર્વત્ર શીતળતા તથા નિર્મળતા છે તેવી રીતેજ આત્મા સર્વત્ર પદાર્થોમાં સત્તામાત્રતાથી વ્યાપ્ત છે. ॥૯૨૫॥ હે પુત્ર ! જેવી રીતે માતા; પોતાનાં સ્તનને નીચે પોતાના ખોળામાં સુતેલ બાળકનું વિસ્મરણ થવાથી 'મારો પુત્ર ક્યાં ગયો ?' એમ કહી રૂએ છે તેવી રીતે આલોક; સત્તામાત્ર--સર્વવ્યાપી આત્માને વારંતે અજ્ઞાનને લીધે મોહથી ભ્રાંતીવાળા થઈને દુઃખ પામે છે. ॥ ૯૨૬ ॥ હે પુત્ર! આ માયા મહા આશ્ચર્યરૂપ છે તથા સર્વ જગત્‌ને મોહિત કરવાવાળી છે કે જે માયા એ કરીને પોતાનાં અંગોમાં સર્વવ્યાપક થએલ આત્માને જાણવામાં આવતો નથી. ॥૯૨૭ ॥ હે પુત્ર! 'આ જગત્ ચૈતન્યનું દર્પણ છે' એવી ભાવના જે પુરૂષ કરે છે તેને બ્રહ્મકવચથી આચ્છાદિત થએલો સમજવો. ॥ ૯૨૮ ॥ હે પુત્ર! જગતના સર્વ ભાવોની ભાવનાનો ત્યાગ કરીને, કર્મજાળનાં વનને છેદીને અને પરમસૂક્ષ્મરૂપ આત્મભાવનાને ધારણ કરીને શોક રહિત સ્થિત થા. ॥૯૨૯॥ હે પુત્ર ! શાસ્ત્રોથી તથા સત્સંગોથી પ્રથમ બુદ્ધિને વિશાળ કર કેમકે જે પુરૂષ યોગ સાધનામાં નવો છે તેને એમ કરવું એ પ્રથમની ભૂમિકા છે. ॥ ૯૩૦ ॥ બીજી તત્વવિચારણા છે, ત્રીજી

અસંભાવના છે, ચોથી પદાર્થોના વિલાપની ભાવના છે અને પાંચમો શુધ્ધ જ્ઞાન સ્વરૂપ છે. જેમાં અર્ધ નિદ્રાયુક્ત તથા અર્ધ જાગતા પુરૂષની માફક જીવન્મુક્ત સ્થિર થાય છે અને એમાં કિંચિત્ પ્રપંચનું ભાન પણ હોય છે તથા શુદ્ધ ચૈતન્યનો બોધ પણ પ્રત્યક્ષ પ્રતીત થાય છે. ॥ ૯૩૧ ॥ વળી છઠ્ઠી સ્વસંવેદન રૂપ ભૂમિકા થાય છે--એ કેવળ ઘણા આનંદના સ્વરૂપવાળી હોય છે. એમાં જીવન્મુક્તને સુષુપ્તિના જેવી ગાઢ આનંદિત સ્થિતિ થાય છે. ॥ ૯૩૨ ॥ અને જેમાં તુરીયાવસ્થાએ કરીને ઉપશમ થાય છે તે કેવળ મુક્તિરૂપ છે. એવી તે સાતમી ભૂમિકા થાય છે. તેમાં કેવળ સમતા અને સૌમ્યતાજ હોય છે. ॥ ૯૩૩ ॥ પ્રથમની ત્રણ ભૂમિકા જાગ્રતાવસ્થા જેવી છે, જેમાં પ્રપંચ ભાવના પ્રતીત થાય છે અને ચોથી ભૂમિકા સ્વપ્નાવસ્થા જેવી છે, જેમાં વાસનાનો લય થાય છે પરંતુ તે પ્રપંચ સ્વપ્ન જેવો જણાય છે. ॥ ૯૩૪ ॥ જેમાં કેવળ ગાઢ આનંદની ભાવના થાય છે એ સુષુપ્તિની સમાન પાંચમી ભૂમિકા છે. જેમાં આનંદની સંવેદના પણ થતી નથી અને પોતાનું તથા પારકું કાંઈપણ પ્રતીત થતું નથી એવી છઠ્ઠી ભૂમિકા તુરીયાવસ્થા જેવી હોય છે. ॥ ૯૩૫ ॥ અને સાતમી ભૂમિકા કેવળ ચૈતન્યમય હોય છે, જે મન-વાણીથી ચિંતવવા-કહેવામાં આવતી નથી. ॥ ૯૩૬ ॥ હે પુત્ર! એ સાતમી ભૂમિકામાં તત્વજ્ઞ પુરૂષ; નિર્લેપ થાય છે, રજોગુણના ભાવથી મંદ થાય છે, રાગાદિકથી રહિત થાય છે, વાસના સમૂળી શાંત થાય છે અને પોતાને નિર્મળ ચિદાકાશ માનીને શોક રહિત થાય છે. ॥ ૯૩૭ ॥ હે રાજન્! જીવને, સંપૂર્ણ કળા-અભ્યાસ વગર શાંતિ થાય છે અને આ જ્ઞાનની

કળા એક વખત થાય તો પ્રતિદિન તે ઊદય થતી જાય છે. ॥૯૩૮॥ હે રાજન્! જે કરી ગએલ સંપત્તિ છે તથા જે કરવાની સંપત્તિ છે તે સંપત્તિ, દેહરૂપી શીંગવાળાં ઝાડથી રૂની પૂણીની માફક જ્ઞાનરૂપી પવનથી ઊડી જાય છે. એટલુંજ નહિ પણ તે ક્યાં ગઇ તે પણ લક્ષમાં આવતું નથી. ॥ ૯૩૯ ॥ હે રાજન્! આ સંસારરૂપી અરેટ છે તેમાં ચિંતારૂપી દોરડું છે તેમાં જીવરૂપી ઘડાઓ છે તે ક્યારેક નીચે જાય છે અને ક્યારેક ઊપર આવે છે. તેથી તું પણ સંસારરૂપી અરેટમાં ચિંતારૂપી દોરડે ઘડાની માફક બંધાય નહિ. ॥ ૯૪૦ ॥ તું; એવી ભાવના ધારણ કર કે બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, વરૂણ, એ કોણ છે? એ જે કાંઈ કરવા ચાહે છે તે સર્વે હુંજ કરૂં છું અને હુંજ ચૈતન્યરૂપ છું. ॥ ૯૪૧ ॥ હે પુત્ર! જે પુરૂષ; ચૈતન્યમાત્રતાને પ્રાપ્ત થએલ છે અને મૃત્ય—સંસારને ઓળંગી ગએલ છે તેને જે પરમાનંદ થાય છે તે કોની બરાબર કહેવાય? અર્થાત્ તે આનંદની બરોબરી કરવા કાંઇ પણ સમર્થ નથી. ॥ ૯૪૨ ॥ હે રાજન્! જે શુદ્ધ ચૈતન્યનું સ્વરૂપ છે તે સર્વ વ્યાપક છે તથા અખંડ છે. તે જ્યારે જાણે ત્યારે સંસાર સમુદ્ર તરી જાય છે અને પરમેશ્વર રૂપ થાય છે. ॥ ૯૪૩ ॥ જે પુરૂષ; જેવાં તેવાં વસ્ત્રથી પોતાનું આચ્છાદન કરે, જે કાંઇ મળે તેથી અર્થાત્ જેવું તેવું ભોજન કરે અને જ્યાં હોય ત્યાંજ નિદ્રા કરે તે પુરૂષ ચક્રવર્તીથી પણ અધીક આનંદ ભોગવે છે. ॥ ૯૪૪ ॥ હે પુત્ર! જે પુરૂષ; તમામ શાસ્ત્રોના અર્થ વિચારીને શાંત થએલ છે, ચંચળતાથી રહિત થએલ છે, અનેક પ્રકારનાં કાવ્ય શાસ્ત્રોના રસથી નિવૃત્ત થએલ છે અને જેના સઘળા સંકલ્પ—વિકલ્પ—ઊપદ્રવ

શાંત થએલ છે તે સમદૃષ્ટિ તથા સમચિત્ત હોઇને અખંડ સુખમાં મગ્ન થાય છે." ॥ ૯૪૫ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હે રામચંદ્ર! તે ઇક્ષ્વાકુ રાજા પોતાના પિતા **વૈવસ્વત** મનુનાં વચનથી આત્મવિચારે કરીને પરમાનંદને પ્રાપ્ત થયો. ॥ ૯૪૬ ॥ હે રામ ! જે પુરૂષ; આત્મ-વિચાર કરીને વર્ણાશ્રમ ધર્મના આચારનાં બંધનથી મુક્ત થએલ છે તે પુરૂષ; જેમ પીંઝરાંમાંથી સિંહ ભાગી જાય છે તેમ સંસાર રૂપી જાળથી મુક્ત થાય છે. ॥ ૯૪૭ ॥ હે રામ! જેમ ચંદ્રમા આકાશમાં છે અને તે જળની સાથે પ્રતિબિંબિત થવાથી તથા જળમાં ગુપ્ત થઈ જવાથી પણ પોતાનાં ઉદય-અસ્તપણાંને છોડતા નથી તેમ તે પુરૂષ; બીજા લોકોની માફક વિહાર કરવો, શરીર છેદન કરવું અને પૂજન કરવું ઈત્યાદિ વિષયમાં લીન ન થતાં એક આત્મવિચારમાંજ મગ્ન રહે છે. ॥ ૯૪૮ ॥ હે રામચંદ્ર! વળી તે પુરૂષથી; લોકો દુઃખી થતાં નથી અને તે લોકોથી દુઃખી થતો નથી તથા તે રાગ, દ્વેષ, ભય, અને આનંદથી સંયુક્ત તથા વિયુક્ત પણ થતો નથી. ॥ ૯૪૯ ॥ હે રામચંદ્ર! જે તુચ્છબુદ્ધિ પુરૂષ છે તે બાળકોના પણ પ્રમાણમાં આવી જાય છે પરંતુ મુક્ત થએલ જે પુરૂષ છે તે કોઇના પણ પ્રમાણમાં આવતો નથી. ॥ ૯૫૦ ॥ તે પુરૂષ; ગમે તો મુક્તિ આપનારી કાશીપુરીમાં શરી-રનો ત્યાગ કરે અથવા ગમે તો દુષ્ટસ્થાન એવાં ચંડાળના ઘરમાં શરીરનો ત્યાગ કરે તોપણ તે મુક્તિજ પામે છે કેમકે જે વખતે તેને જ્ઞાન પ્રાપ્ત થયું તેજ વખતે તે મુક્ત થયો છે. જેથી તે નિર્મળ-ચિત્ત થયો છે એમ જાણવું. ॥ ૯૫૧ ॥ હે રામચંદ્ર! તે પુરૂષને

ઐશ્વર્યવિભૂતિ સમજીને તે પૂજનીય છે, વંદનીય છે અને યત્નથી દર્શન કરવા યોગ્ય છે. ॥ ૯૫૨ ॥ હે રામજી! જે ફળ, યજ્ઞો કરવાથી, તીર્થો કરવાથી, દાનો કરવાથી તથા તપો કરવાથી મળતું નથી તેવું પરમ પવિત્ર ફળ તત્વજ્ઞોની ભક્તિ કરવાથી મળે છે. વળી તે તત્વજ્ઞોનો સંસાર રોગ ક્ષય થયેલો છે તથા તે આત્મવેત્તા છે. ॥ ૯૫૩ ॥ હે રામ! તું; ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોની ભાવના કર નહિ અને 'હું ગ્રહણ કરૂં છું' એવી ભાવના પણ કર નહિ તથા સંપૂર્ણ ભાવનાનો ત્યાગ કરીને જે શેષ રહે તેમાં એકાગ્ર ચિત્ત રહે. ॥ ૯૫૪ ॥ હે રામચંદ્ર! તું; જે કર્મ કરે છે, ભોજન કરે છે, હોમ કરે છે અને દાન કરે છે તેમાં 'હું કર્ત્તા નથી તથા હું ભોક્તા નથી' એવી રીતની મુક્ત મતિવાળો થા. ॥ ૯૫૫ ॥ હે રામજી! સંત પુરૂષો; પાછળ થઇ જવાનો શોચ કરતા નથી, ભવિષ્યમાં થવાનું ચિંતવન કરતા નથી અને વર્ત્તમાન જે હોય તેને ગ્રહણ કરવાની પણ ઇચ્છા ન કરતાં સર્વને અખંડ સંસારના પ્રવાહમાં અનિત્ય માને છે. ॥ ૯૫૬ ॥ હે રામ! અમે જે મુનિ લોકો છીએ તે સમશીળ થએલા અને વનમાં નિવાસ કરવાવાળા છીએ. અમને અહંકાર કાંઈ પણ કરી શકતો નથી કે જે અહંકાર દેહાભિમાનવાળાને દુઃખ દેવાવાળો છે. ॥ ૯૫૭ ॥ હે રામચંદ્ર! જેટલાં ઈંદ્રિઓનાં કર્મ છે તેને અહંકારથી યુક્ત થઇને મનજ કરે છે. તે અહંકાર અને મન મારાં ગળિત થઇ ગયાં છે. ॥ ૯૫૮ ॥ હે રામજી! જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાને હું જાણતો નથી પણ તુરીઆમાંજ હું સ્થિત છું. કેમકે તેમાં આ દૃશ્યમાન જગત્ નથી. ॥ ૯૫૯ ॥

હે રામ! મનુ રાજાનાં બાણથી વીંધાયલું મૃગ એક મુનિના સામેનાં વનમાં ચાલ્યું જવાથી તે વાસ્તે તેને લેવા પાછળનો પારધી આવ્યો તે પારધીએ મુનિને પૂછયું કે 'હે મહારાજ! મૃગ તમે જોયું છે?' ત્યારે મુનિએ પારધીને કહ્યું કેઃ– ॥૯૬૦॥ 'હે પારધી! જે નેત્ર ઇંદ્રિય દેખે છે તે કહી શકતી નથી અને રસેંદ્રિય કહે છે તે દેખતી નથી.' એવું મુનિનું વચન નહિ સમજવાથી પારધી પાછો ચાલ્યો ગયો. ॥ ૯૬૧ ॥ હે રામચંદ્ર! જાગ્રતાવસ્થામાં ચિત્ત ઘોરરૂપ થાય છે, સ્વપ્નાવસ્થામાં શાંતરૂપ થાય છે અને સુષુપ્તિમાં મૂઢરૂપ થાય છે. એ ત્રણેથી રહિત થાય તો મૃતરૂપ થાય છે. ॥ ૯૬૨ ॥ હે રામજી! વેદાંત શાસ્ત્રોનો એ સિદ્ધાંત છે તે બીજાં સંપૂર્ણ શાસ્ત્રોથી ગુપ્ત છે, તે નથી કોઈ અવિદ્યા કે નથી કોઈ માયા પણ તે સંપૂર્ણ ક્રમથી રહિત શાંત બ્રહ્મ રૂપજ છે. ॥ ૯૬૩ ॥

શ્રી વસિષ્ઠજીએ કહ્યું કેઃ–એવાં વચન **વૈવસ્વત** મનુએ પોતાના પુત્ર **ઇક્ષ્વાકુને** કહેલાં છે તે મેં તુને કહ્યાં હવે જે તારી ઈચ્છામાં આવે તે કહે. ॥ ૯૬૪ ॥

વાલ્મીકિ મુનિ, ભરદ્વાજને કહેવા લાગ્યા કેઃ–હે ભરદ્વાજ! એવું સાંભળીને **શ્રી રામચંદ્રજી**, આત્મસ્વરૂપના આનંદની સમાધિમાં સ્થિત થવા લાગ્યા. ॥ ૯૬૫ ॥

ત્યારે **ભરદ્વાજજીએ** પ્રશ્ન કર્યો કેઃ–હે ગુરૂજી! જ્યારે **શ્રી રામચંદ્ર** સમાધિમાં સ્થિત થયા ત્યારે ફરીને **શ્રી વસિષ્ઠજીએ** તેને વ્યવહારમાં કેવી રીતે તત્પર કર્યા? એ તમે મને કહો. ॥ ૯૬૬ ॥

એટલે **શ્રી વાલ્મીકિજી** કહેવા લાગ્યા કેઃ—હે ભરદ્વાજ ! આ જેટલા સંસારના ભાવે છે તે તમામ અવિદ્યાથી ઉત્પન્ન થયા છે, ક્ષણમાત્રમાં ઉદય થાય છે અને જ્ઞાનરૂપી સમુદ્રમાં લય થઇ જાય છે. ॥ ૯૬૭ ॥ હે ભરદ્વાજ! તું પણ કેવળ જ્ઞાનરૂપી અમૃત સમુદ્રમાં મગ્ન થઇ જા. કેમકે તે જ્ઞાનામૃત સમુદ્ર પ્રશાંત થએલ છે તથા જેમાં અમૃતની લહેરો છે એવો નિશ્ચળ છે. તે છોડી દ્વૈતના ખારા સમુદ્રમાં તું કેમ મગ્ન થાય છે? ॥ ૯૬૮ ॥ હે ભરદ્વાજ! આ જગત્; બાળબુદ્ધિવાળાને બ્રહ્મજ રૂપાંતરને પ્રાપ્ત થએલ પ્રતીત થાય છે અને તત્વવિચારની બુદ્ધિવાળા એકરૂપ બ્રહ્મને દેખીને સુખ પામી સ્થિત થએલ છે. ॥ ૯૬૯ ॥ જે પુરૂષોનું ચિત્ત; દેવતાની તથા બ્રાહ્મણોની ભક્તિથી સંયુક્ત થએલ છે, ગુરૂની સેવામાં શ્રદ્ધા યુક્ત થએલ છે અને ઉત્તમ શાસ્ત્રોને પ્રમાણ યુક્ત માને છે તેના ઉપર ઈશ્વરની કૃપા થતાં તેનું આત્મજ્ઞાન દૃઢ થાય છે. ॥ ૯૭૦ ॥ હે ભરદ્વાજ ! જ્યાં સુધી તારૂં ચિત્ત શુદ્ધ થએલ નથી ત્યાં સુધી સગુણ ઈશ્વરને તું ભજ અને જ્યારે ચિત્ત શુદ્ધ થાય ત્યારે તારૂ ચિત્ત નિરાકારમાં સ્વાભાવિક રીતેજ સ્થિતિવાળું થશે. ॥ ૯૭૧ ॥

ભરદ્વાજે કહ્યું કેઃ—હે ગુરૂજી! તમારા પ્રસાદથી મેં આ સંપૂર્ણ જાણી લીધું છે, વૈરાગ્ય શિવાય મારો કોઇ મિત્ર નથી અને સંસાર શિવાય મારો કોઈ શત્રુ નથી. ॥ ૯૭૨ ॥

શ્રી વસિષ્ઠજીને, વિશ્વામિત્રે કહ્યું કેઃ—હે વસિષ્ઠજી! હે મહાભાગ!! તમે બ્રહ્માજીના પુત્ર છો તથા સર્વમાં તમે મહાત્મા છો કેમકે તમે પોતાની શક્તિ બતાવીને ગુરૂભાવ પ્રગટ કર્યો છે.

જે કોઈ દર્શનથી, સ્પર્શ કરવાથી, શબ્દ સંભળાવવાથી અને કૃપા કરીને શિષ્યના શરીરમાં જ્ઞાનના ચમત્કાર બતાવે તે ઉત્તમ ગુરૂ કહેવાય છે. ॥ ૯૭૩ ॥ હે વસિષ્ઠજી! આ **રામચંદ્ર** પોતે સ્વભાવથીજ વિરક્ત છે. તેની તો કેવળ ચિત્તની વિશ્રાંતિનીજ ચાહના હતી તે તમારા સાથે સંવાદ કરવાથી ચિત્ત વિશ્રાંત પામેલ છે. ॥ ૯૭૪ ॥ હે વસિષ્ઠજી! ગુરૂનાં વાક્યથી બોધ થાય છે તેનું કારણ શિષ્યની નિર્મળ બુદ્ધિ છે પણ જેનાં મન, વાણી અને શરીરના મળ પરિપક્વ થએલ નથી તે નિર્મળ બુદ્ધિની સમાન બોધને કેમ પ્રાપ્ત થાય? ॥ ૯૭૫ ॥ હે રામચંદ્રજી! હવે કથાનો પ્રસંગ સમાપ્ત કરીને વ્યવહાર કાર્યમાં તમે ઉઠવા યોગ્ય છો.

વળી **શ્રી વસિષ્ઠજીએ**, **વિશ્વામિત્રને** પ્રશ્ન કર્યો કેઃ—હે વિશ્વામિત્ર! આ **શ્રી રામચંદ્રજી** પ્રથમ દેવતા હતા કે મનુષ્ય હતા? ॥ ૯૭૬ ॥

ત્યારે **વિશ્વામિત્રે** કહ્યું કેઃ—હે વસિષ્ઠજી! આંહી એવોજ વિશ્વાસ કરો કે આ **રામચંદ્રજી** પરમ પુરૂષ છે, પૂર્ણ સ્વરૂપ છે, પરમાનંદ રૂપ છે, સર્વમાં સમાન સત્તારૂપ છે અને સાક્ષાત્ વિષ્ણુ છે. ॥ ૯૭૭ ॥

એટલે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કેઃ—હે રામચંદ્ર! આ વિશ્રાંતિનો સમય નથી વાસ્તે લોકોને આનંદ કરવા સારૂં સંસાર વ્યવહારમાં તત્પર રહે. ॥ ૯૭૮ ॥ એવું વચન સાંભળીને પણ શ્રી રામચંદ્રજી ઊઠયા નહિ ત્યારે વસિષ્ઠજીએ **હૃદયમાં પ્રવેશ** કરીને ઊઠાડયા. ॥ ૯૭૯ ॥

ત્યારે શ્રી **શ્રી રામચંદ્રજી** કહેવા લાગ્યા કેઃ—હે ગુરૂજી! હવે

મારે વિધિથી પણ કામ નથી અને નિષેધથી પણ કામ નથી. હું તમારા પ્રસાદથી પૂર્ણ થયો છું તથાપિ ગુરૂઓનાં વચન અવશ્ય પાળવા યોગ્ય છે. ॥ ૯૮૦ ॥ વેદ શાસ્ત્રમાં, આગમ શાસ્ત્રમાં અને પુરાણ શાસ્ત્રમાં તેમજ ધર્મ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'જે ગુરૂનું વચન છે તે વિધિ છે અને ગુરૂએ જેનો નિષેધ કર્યો છે તે નિષેધ છે.' ॥ ૯૮૧ ॥ એમ કહીને શ્રીરામચંદ્રજી ગુરૂઓનાં ચરણ શિરપર રાખીને સર્વને કહેવા લાગ્યા કે "હે સભામાં બેઠેલા સંપૂર્ણ લોકો! મારૂં વચન સાંભળો. હું નિશ્ચયથી કહું છું કેઃ—આત્મજ્ઞાનથી પર કોઈ જ્ઞાન નથી અને આત્મવેત્તા ગુરૂઓથીપર કોઈ બીજો ગુરૂ નથી." ॥ ૯૮૨ ॥

ત્યાર બાદ **સિદ્ધ; મુનિ, દેવતા,** અને સર્વે **રૂષિઓ** કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! અમારા સર્વના મનમાં એવોજ વિચાર હતો પરંતુ તમારા પ્રસાદથી તથા તમારા સંવાદથી હવે દૃઢ નિશ્ચય થયો છે. હે રામચંદ્ર! હે મહારાજ!! તમે સુખી રહો અને તમને નમસ્કાર છે. ॥ ૯૮૩ ॥ એવું કહીને સર્વે **વસિષ્ઠજી**-ની આજ્ઞા લઇને પોતાને ઘેર જવા લાગ્યા. ત્યારે **શ્રી રામચંદ્રજી**-નાં શિરપર પુષ્પોનો વરસાદ થતો હતો. ॥ ૯૮૪ ॥

વાલ્મીકિજી કહેવા લાગ્યા કેઃ—હે ભરદ્વાજ! આ **શ્રી રામચંદ્રજી**ની આત્મજ્ઞાનની સિદ્ધિ મેં તમારા પ્રતિ કહેલ છે કે જેવી રીતે **રઘુ** રાજાને તે સિદ્ધિ થઈ હતી. હવે તે સિદ્ધિ કેવી છે કેઃ—'વચન રચનાની રત્નમાળા છે, સંપૂર્ણ કવિકુળોને સેવન કરવા યોગ્ય છે અને યોગી જનોને પણ સેવન કરવા યોગ્ય છે. વળી તે સદ્ગુરૂઓની કૃપાકટાક્ષથી પ્રાપ્ત થાય છે તથા મુક્તિના

માર્ગને આપનાર છે.' ॥ ૯૮૫ ॥ જે પુરૂષ; આ **વસિષ્ઠજી** તથા **રામચંદ્રજી**ના સંવાદનું શ્રવણ કરે છે તે ગમેતેવો હોય તથાપિ શ્રવણ કરવાથીજ મુક્ત થાય છે અને પરમબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ॥ ૯૮૬ ॥ ગમે તો તે પુરૂષ; મોહથી મલિન બુધ્ધિવાળો હોય, રાગ--દ્વેષ યુક્ત હોય, મહા પાતક યુક્ત હોય અને સંપૂર્ણ દોષોથી યુક્ત હોય તથાપિ તે પુરૂષ આનાં શ્રવણ માંત્રથી સર્વ દોષથી મુક્ત થાય છે, શાંતિ પામે છે અને બ્રહ્મજ્ઞાનં પામે છે. તો પછે આનો જે અધિકારી હોય તે કેમ મુક્ત ન થઈ શકે ? ॥ ૯૮૭ ॥

એ રીતે શ્રી યોગ્ય વાસિષ્ઠસારનું મોક્ષદાયી નિર્વાણ નામનાં પ્રકરણનું પૂર્વાર્ધ સમાપ્ત થયું.



નિર્વાણ પ્રકરણ ઉત્તરાર્ધ.

શ્રી વસિષ્ઠજી ફરીને શ્રી રામચંદ્રજીને સર્વસાર ઉપદેશ કરતાં કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! સંસાર કલ્પનાને જાણવાવાળા જ્ઞાની પુરૂષો; પદાર્થના રસની ભાવનાનેજ સંસાર કલ્પના કહે છે. તે પદાર્થ રસની અભાવનાના સંકલ્પનો ત્યાગ કરવો એ તેનું કારણ છે. ॥ ૧ ॥ હું ઊંચો હાથ કરીને કહું છું કે 'સંકલ્પનો ત્યાગ એજ પરમ કલ્યાણનું મૂળ છે' માટે તેને અંતઃકરણથી કેમ સેવતા નથી? ॥ ૨ ॥ હે રામજી! મોહનું મહાત્મ્ય મહા આશ્ચર્યરૂપ છે કે જેને લીધે સંપૂર્ણ દુઃખોને હરવાવાળું તત્વવિચાર નામનું ચિંતામણિ આપણા હૃદયમાં પણ છે, તેનો લોક ત્યાગ કરે છે. ॥ ૩ ॥ હે રામજી! જે જૂઠા જ્ઞાનીઓ છે તે સંકલ્પના ત્યાગને જાણતા નથી ને કર્મનો ત્યાગ કરે છે. તે પશુ છે અને અજ્ઞાની છે, વળી તેનું કર્મ ત્યાગરૂપી પિશાચણી ભક્ષણ કરે છે. ॥ ૪ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ મોક્ષ લક્ષ્મીરૂપી સ્ત્રીને વશ થએલ છે, તે જેમ કામી પુરૂષ સુંદર સ્ત્રીને વશ થાય છે તેમ અર્ધ નિદ્રામાં તથા અર્ધ જાગ્રતાવસ્થામાં થઈને આનંદરૂપી નિદ્રાને વશ થએલ પોતાને પણ નથી જાણતા કે 'હું કોણ છું અને બીજા કોણ છે?' એવાં સ્વરૂપાનંદમાં મગ્ન થાય છે. ॥ ૫ ॥ હે રામજી! જેને ઊપશમની પ્રાપ્તિ થઇ છે તેને પોતાનું ઘર—કુટુંબ—ધન સહિત વન જેવું જણાય છે તથા તે પુરૂષ મમતા રહિત થાય છે. અને જેને ઊપશમની પ્રાપ્તિ થઇ નથી તેને મમતા સંકલ્પથી

નિર્જન વન પણ કુંટુંબ સહિત ઘર જેવું થાય છે. ॥૬ ॥ હે રામ! જેણે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર એ ૭ શત્રુઓ જીતેલા છે તથા સ્વભાવથીજ દૂર કરેલા છે એવા ઉત્તમ જ્ઞાની પુરૂષ જે છે તે જ્ઞાન–વૈરાગ્યાદિ ઉત્તમ ગુણોનું પાત્ર છે અને જેણે ઉપર કહેલા ૭ શત્રુઓ જીતેલા નથી તે મનુષ્યોમાં ગધેડા જેવા છે. તેને તત્વજ્ઞાન–વૈરાગ્યાદિ મહા ગુણકારી થતાં નથી. ॥ ૭ ॥ હે રામચંદ્ર! જેમ તેલમાં જળનું ટીપું નાંખવાથી વિસ્તાર પામે છે તેમ શુદ્ધ ચિત્તવાળાને અલ્પ ઉપદેશ પણ વિસ્તારથી લાગી જાય છે અને જેમ તપેલાં લોઢાં ઉપર જળનું ટીપું લાગતું નથી તેમ જેનું ચિત્ત મલીન છે તેને ઉપદેશ લાગતો નથી. ॥ ૮ ॥ હે રામજી! મેં ભુશુંડ કાકને પ્રશ્ન કર્યો હતો કે "હે મહારાજ તમે તત્વજ્ઞાનના વિચારથી ચિરંજીવી થયા છો પરંતુ જે તત્વજ્ઞાનથી રહિત છે અને મૂઢ બુદ્ધિવાળો છે એવો કોઈ ચિરંજીવી હોય એવું જાણતા હોતો કહો." ॥ ૯ ॥

એટલું સાંભળીને ભુશુંડ કાકે કહ્યું કે "હે મુને! કોઇ એક વિદ્યાધર હતો તે તત્વજ્ઞાનથી રહિત હતો, સંસાર સુખોથી વૃદ્ધ થયો હતો અને લોકાચળ પર્વતનાં શિખરમાં નિવાસ કરતો હતો. શુષ્ક વિચારવાળો તે વિદ્યાધર ઘણી રીતનાં તપ તથા યમ-નિયમથી ચાર કલ્પ પર્યંત સ્થિર આયુષ્યવાળો હતો. ॥ ૧૦ ॥ તે ચોથા કલ્પના અંતમાં વિવેક યુક્ત થઇને તથા સંસારને અસાર સમજીને મને પ્રશ્ન કરવાને આવ્યો." ॥ ૧૧ ॥ આવીને પૂછવા લાગ્યો કે:–"હે મહારાજ! જે સર્વનો આધાર છે, દુઃખ–કલેશથી રહિત છે, ક્ષય–વૃદ્ધિથી રહિત છે અને આદિ–અંત રહિત છે

એવું જે પદ છે તે તમે મને કહો. ॥ ૧૨ ॥ એટલા વખત સુધી હું જડતાથી નિદ્રાવશ જેવો હતો હવે હું આત્માની પ્રસન્નતાથી બોધ યુક્ત થયો છું. ॥ ૧૩ ॥ સંસારમાં અનેક પ્રાણી કેવળ જન્મ-મરણ ભોગવતાં જીર્ણ થઇ ગએલ છે. તે અધર્મને માટે કાંઇ પણ કરે છે પરંતુ જેમ કમળમાં મચ્છર રહે છે તેમ મોક્ષને માટે કાંઇ પણ કરતાં નથી. ॥ ૧૪ ॥ હે મહારાજ! મેં; કુબેરના બગીચાની ભૂમિકા જોઇ છે. તે ઘણી પ્રફુલ્લિત છે અને જેમાંનાં કલ્પવૃક્ષો ઊપર મનની ચાહના મુજબની ઐશ્વર્ય સંપત્તિ દેવાવાળી કલ્પલતા ચડેલી છે. ॥ ૧૫ ॥ મેં; મેરૂપર્વતના કુંજોમાં, વિદ્યાધરોનાં નગરોમાં, વિમાનોની સુંદર માળામાં અને મંદ-સુગંધ યુક્ત-શીતળ પવન જ્યાં ચાલે ત્યાં ઘણા વખત સુધી વિહાર કરેલો છે. વળી દેવતાઓની સેના જેને સાથે છે એવી દિવ્ય સ્ત્રીઓની ભુજારૂપી લતામાં વિહાર કરેલો છે એટલુંજ નહિ પરન્તુ મુક્તામણિના હારોથી યુક્ત, મન હરણ કરનારી તથા શીલથી સુશોભિત એવી અંગનાઓ સહિત લોકપાળોની પુરિઓમાં મેં વિહાર કરેલો છે. ॥ ૧૬ ॥ હે મહારાજ! તે સર્વેમાં મને સુંદર સુખ કરવાવાળો ક્યાંહી પણ અનુભવ થયો નથી અને સંપૂર્ણ મનનો વિનાશ થવો એજ-દગ્ધ અએલ ભસ્મની માફક-વૃથા હવે સમજ્યો છું. ॥ ૧૭ ॥ જે મેં કાંઇ સાંભળ્યું છે, સ્પર્શ કરેલ છે, સુંઘેલું છે તથા જોએલું છે તે સર્વેળું સ્વર્ગાદિકમાં રસ રહિત થયું છે. હવે હું શેનું સેવન કરૂં? તે મને જલદી કહો. ॥૧૮॥ કે જે પ્રાપ્ત થવાથી બાકી કાંઇ પણ વાંછના રહે નહિ. એટલે હું ઘણું કષ્ટ વેઠીને પણ યત્ન કરૂં કે જેથી તે પ્રાપ્ત થાય.

॥ ૧૯ ॥ જેણે સુંદર સ્ત્રીઓને ભોગ સહિત ભોગવેલી છે તેણે ત્રણ ભોગ ભોગવી લીધા છે તથાપિ તે ભોગવવાવાળાને મેં ઊપરની પદવીપર ચડતાં જોએલ નથી અને આકાશમાં ઊડતાં પણ દેખેલ નથી પણ સર્વેને નરક જતાં જોએલ છે. ॥ ૨૦ ॥ આ દુષ્ટ ઈંદ્રિઓની સેના છે તે શરીરના અંત પર્યંત જીવોને ભમાવે છે તેને જે જીતવાનો ઊધમ કરે છે તેજ મોટો શૂરવીર યુધ્ધો છે. ॥ ૨૧ ॥ જે જીતેંદ્રિય પુરૂષ છે તેજ મહાપુરૂષ છે બાકી તો સઘળા શરીરરૂપ માંસનાં પાંઝરાંના કાગડા બરાબર છે. જેમ મોટા વનમાં એકલો પ્રવાસી ચોરોને લીધે ડરી ડરી ભમી જાય છે તેમ હું આ ઇંદ્રિઓના ઊડાવવાથી ભમેલો છું. ॥ ૨૨ ॥ હે મહારાજ ! જેમ કોઇ મોટી આપત્તિમાં મગ્ન થાય છે એમ હું પણ આપત્તિમાં મગ્ન થયો છું અને સાધનોથી રહિત છું વાસ્તે મારાપર શીલ તથા દયાનો ઊદય કરીને મારો ઊધ્ધાર કરો કેમકે તમે ઊધ્ધાર કરવાવાળા છો. જે જગતમાં ઊત્તમ સંતજન થાય છે તે ત્રૈલોક્યને જીતવાવાળા છે માટે તેનો સમાગમ પરમ શોકને હરવાવાળો છે એમ કહેવાય છે." ॥ ૨૩ ॥

ત્યારે ભુશુંડ કાકે કહ્યું કે:—" હે વિદ્યાધરોમાં શ્રેષ્ઠ ! તું; ઊત્તમ શીલવાળો છો, દૈવયોગથી તુંને સંસાર દુઃખનો બોધ થયો છે, હવે તારાં કલ્યાણનો સમય આવ્યો છે અને તું સંસાર રૂપી કૂવામાંથી ઘણા વખતથી નીકળવા યોગ્ય છો. ॥ ૨૪ ॥ આ વિશ્વ; મારવાડની રેતીમાં જળની પ્રતીતિની સમાન વાસ્તવિક ન હોતાં દૃશ્યમાન છે, તથાપિ અસત્ય છે. જે કાંઈ આ છે તે ભાસે છે, તે સંપૂર્ણ બ્રહ્મજ છે અને કાંઇ નથી. ॥ ૨૫ ॥ જે પુરૂષ

ગુરૂઓનાં વચન સાંભળીને મૂળ સહિત સંકલ્પ ત્યાગનો યત્નથી ઉદ્યમ કરે છે તેણેજ સંસાર જીતેલો છે. ॥ ૨૬ ॥ હે વિદ્યાધર! સંકલ્પના ઉદયમાત્રથી જગત્ રૂપી ચિત્ર દેખાય છે અને સંકલ્પનો લય થવાથી લયને પ્રાપ્ત થાય છે. અર્થાત્ જેવો ચિત્ર રચવાવાળાનો સંકલ્પ છે. તેવું ચિત્ર થાય છે. ॥ ૨૭ ॥ જે પુરૂષ અન્ન--પાનાદિકમાં અનાદરને પ્રાપ્ત થાય છે તેના પાછળનો જન્મ છે, ફરી (મનુષ્ય જન્મ) થતો નથી. તે પુરૂષ કર્મનો ત્યાગ કરતો નથી પણ જેમ જૂનાં પાંદડાં ઝાડ પરથી પોતેજ ખરી પડે છે તેમ કર્મ પોતેજ તેનો ત્યાગ કરી જાય છે. ॥ ૨૮ ॥ આ જગત્ ચિત્તના સંકલ્પનો ચમત્કાર છે અને સંકલ્પ નહિ કરવાથી તે ક્ષય પામે છે તેમજ અતિશય કરવાથી. પોતાના હાથમાંની વસ્તુની માફક આધીન છે એટલે કે તેનો ગમે ત્યારે ત્યાગ થઇ શકે છે. ॥ ૨૯ ॥ સંપૂર્ણ શાસ્ત્રો બ્રહ્મને જાણવાનું એક અંગ છે અને વાસના રહિત પુરૂષના અંગમાં તે ગળે છે. જે એને વારંવાર જાણે છે તે ફરી સમબુધ્ધિવાન્ થાય છે તથા તે પરમ પદમાં સ્થિત થાય છે. ॥ ૩૦ ॥ હે વિદ્યાધર! જ્યાં સુધી પદાર્થોના ઉદય પ્રતિ સુષુપ્તિના જેવી વિસ્મૃતિ થઇ નથી ત્યાં સુધી પુરૂષ પોતાના યત્નથી અભ્યાસ કરે છે. ॥ ૩૧ ॥ હે વિદ્યાધર! અવિદ્યાનો અર્ધ ભાગ શાસ્ત્ર વિચારવાથી પોતેજ નિવૃત્ત થાય છે અને અર્ધ ભાગ આત્મજ્ઞાનના દૃઢ નિશ્ચયથી નિવૃત્ત થાય છે. ॥ ૩૨ ॥ તેથી શાસ્ત્ર વિચારવા વાસ્તે જ્યાં ત્યાંથી તે વૈરાગ્ય સહિત, વિરક્ત તથા આત્મવેત્તા એવા તત્વજ્ઞ પુરૂષને ગોતીને યત્નથી તેની આરાધના કરે છે. ॥ ૩૩ ॥ હે વિદ્યાધર! તે ઉપરાંત અવિદ્યાનો અર્ધ ભાગ

સત્સંગથી નિવૃત્ત થાય છે, અર્ધનો અર્ધ ભાગ (ચોથો ભાગ) શાસ્ત્ર વિચારવાથી નિવૃત્ત થાય છે અને ચોથો ભાગ પોતાના નિશ્ચયનો યત્ન કરવાથી નિવૃત્ત થાય છે. ॥ ૩૪ ॥ હે વિદ્યાધર ! સંતજનોની સંગતથી, શાસ્ત્રાર્થના વિચારથી અને પોતાના યત્ન પૂર્વક નિશ્ચયથી અવિદ્યારૂપી મૂળ ક્ષય થાય છે. તેટલા માટે ક્રમે કરીને એક એક અથવા એકજ વખતે સામટાનુંજ સેવન કરવું. ॥૩૫॥ હે વિદ્યાધર ! જગતને પસરવાનો; બીજો કોઈ દેશ નથી, બીજો કોઈ કાળ નથી અને બીજો કોઇ ધારવાનો આધાર પણ નથી પરંતુ જેમ અંધારૂં અને પ્રકાશ આકાશમાંજ થાય છે તેમ જગત્નો ઊદય તથા ક્ષય એક અંતઃકરણમાંજ છે. ॥ ૩૬ ॥ એ બાબતનો હું તુંને એક પુરાતન ઇતિહાસ કહું છું કે જે ત્રસરેણુંની અંદર પ્રથમ ઇન્દ્રનું વૃત્તાંત થયું છે. તેને તું સાંભળ. ॥૩૭ ॥ એક કલ્પાંતરમાં ઇન્દ્ર ત્રૈલોક્યનો રાજા થયો હતો તે ઇન્દ્ર ગુરૂઓના ઊપદેશથી તથા પોતાના અભ્યાસથી અજ્ઞાન રૂપી આવરણથી રહિત થયો હતો. ॥ ૩૮ ॥ નારાયણથી લઇને મોટા પરાક્રમી દેવતા તેને સાહ્ય કરવાવાળા હતા. તે ક્યાંઇક છપાઈ જવા લાગ્યા ત્યારે ઇન્દ્ર એકલો રહેતાં મોટાં શસ્ત્રો—અસ્ત્રો લઇને દૈત્યો સાથે યુદ્ધ કરવા લાગ્યો અને તે મહા પરાક્રમી દૈત્યોથી જીતાઈ ગયો તેથી જલદી ભાગી ગયો. ॥ ૩૯ ॥ તે દૈત્યોની જ્યારે દષ્ટિ ભ્રમ થઇ ગઈ ત્યારે વખત જોઈને તે ઇન્દ્ર સૂર્યનાં કિરણોમાં દૃઢ હોતાં એક ત્રસરેણુના કણમાં સુક્ષ્મરૂપ થઇને પ્રવેશ કરી છપાઈ ગયો. ॥ ૪૦ ॥ ત્યાર બાદ યુદ્ધને વીસારીને નિવૃત્ત થએલો ઇન્દ્ર તે ત્રસરેણુની અંદર મંદિરની કલ્પના કરીને તેમાં નિવાસ કરવા લાગ્યો. અને તે મંદિ-

રમાં રહેતો ઇન્દ્ર બહાર નગરની કલ્પના કરતો હતો, વળી તેથી પણ અનેક દેશોની કલ્પના કરતો હતો. ॥ ૪૧ ॥ હે વિદ્યાધર ! તે ઈંદ્ર, વળી ત્યાં રહીને સંપૂર્ણ ત્રૈલોક્યની કલ્પના કરીને પોતાનાં ઈંદ્રત્વનો અધિકાર કરતો હતો. એવી રીતે ઇન્દ્રના હજારો પુત્ર-પૌત્ર ત્યાં આજ સુધી તે ઈંદ્રના અંશથી રાજ્યમાં સ્થિત છે. ॥ ૪૨ ॥ તે ઇન્દ્રનો કુળના સર્વે ત્યાં ઇંદ્રનો અધિકાર ચલાવતા હતા. ત્યારબાદ તે ઈન્દ્રનાં પુત્ર-પૌત્ર-કુટુંબાદિક પરમપદને પામ્યા. ॥ ૪૩ ॥ હે વિદ્યાધર ! ઈન્દ્ર જે આ સૃષ્ટિના ત્રસરેણુમાં માયાથી છપાયો હતો, તેના કુળનો કોઇ ત્યાં પણ ઈંદ્રનું રાજ્ય કરતો હતો તેને પણ બૃહસ્પતિનાં વચનથી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ॥ ૪૪ ॥ તે પણ દૈત્યોને સાથે યુદ્ધ કરતો હતો, તમામ શત્રુઓને જીતી લેતા હતો, સો (૧૦૦) અશ્વમેધ યજ્ઞ કરતો હતો અને મને કરીને અજ્ઞાનને તરી જતો હતો. ॥ ૪૫ ॥ તે કોઇક કાર્યને વશ થઇને કમળની નાળના તંતુમાં ઘણા વખત સુધી નિવાસ કરવા લાગ્યો અને બીજા સેંકડો ઈંદ્ર ભાવનાં વૃત્તાંતનો અનુભવ કરતો હતો. ॥ ૪૬ ॥ માયાને જાણવાવાળો તે ઈંદ્ર એવી ઇચ્છા કરતો હતો કે:-"હું બ્રહ્મતત્વને જોઉં" તેથી તે બ્રહ્મને જોવા લાગ્યો. તે બ્રહ્મ; સર્વ શક્તિયુક્ત છે, સર્વ વસ્તુમાં વ્યાપેલ છે અને સર્વ કાળમાં સર્વ પ્રકારથી સર્વત્ર સર્વ જનોએ જોયેલ છે. ॥ ૪૭ ॥ વળી તે બ્રહ્મ; સર્વ દિશાઓમાં છે હાથ-પગ જેના તથા મુખ-નેત્ર-શિર છે જેનું અને સર્વત્ર શ્રવણ કરવાવાળો છે તેમજ સર્વમાં વ્યાપ્ત થઈને સ્થિત થએલ છે. ॥ ૪૮ ॥ વળી ધ્યાનથી સર્વત્ર એકરૂપને જોવા લાગ્યો. તે 'ઇન્દ્ર' ઉદાર બુદ્ધિ-

યુક્ત છે અને સંપૂર્ણ સૃષ્ટિને તેમાં વિશેષે અમારી આ સૃષ્ટિને પણ જોવા લાગ્યો. ત્યાર બાદ આંહીંના ઇંદ્રરાજ્યના અંતમાં ફરી ઇન્દ્ર થઇને જગતનું રાજ્ય કરતાં સંપૂર્ણ વૃત્તાંતોનો અનુભવ કરતો હતો. ॥ ૪૯॥ એવી રીતની માયાથી અનેક ઇન્દ્રોનાં વૃત્તાંત થયાં છે. આ માયા અનેક પ્રકારની પ્રતીતિ કરવાવાળી છે અને સત્ય પરમાબ્રહ્મના વિચારથી લીન થઈ જાય છે. ॥ ૫૦ ॥ હે વિદ્યાધર! જે પદાર્થ સત્ય નથી તેને કોઈપણ વખતે સત્ય સમજવા નહિ. તું કેવળ શાંતરૂપ છો, સર્વનો લય થવામાં પણ તું બાકી રેહવાવાળો છો. હવે તું બોધ પામેલો છો. હવે ફરી મૂળ રહિત ભ્રાંતિને ધારણ કર નહિ. ॥ ૫૧ ॥ હે વિદ્યાધર! તું સંપૂર્ણ કલ્પનાના કલંકથી રહિત છો, શુદ્ધરૂપ છો, આનંદરૂપ છો, શાંતરૂપ છો, ઈશ્વર છો અને શુધ્ધ ચૈતન્ય છો. માયાના વિલાસથી આકાશ શૂન્ય સ્વરૂપ છે, તે સ્વરૂપથી પર્વત પ્રમાણ દૃશ્યરૂપ થાય છે, સંપૂર્ણ જગત્ પરમાણુરૂપ થાય છે અને તે આત્મવિચાર વગર જીતી શકાય તેમ નથી." ॥ ૫૨ ॥

શ્રી વસિષ્ઠજી, રામચંદ્ર પ્રતિ કહેવા લાગ્યા કે:—હે રામચંદ્રજી! વળી તે **ભુશુંડ** કાક મને કહેવા લાગ્યો કે:—"હે વસિષ્ઠજી! એમ કહ્યું એટલે તે વિદ્યાધર; શાંત—જ્ઞાનરૂપ થવા લાગ્યો, સમાધિમાં સ્થિત થવા લાગ્યો અને આત્મસ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર થવા લાગ્યો. ॥ ૫૩ ॥ તે આત્મસ્વરૂપનું ધ્યાન મેં વારંવાર કરેલું છે તેથી જે જે મેં કહેલું છે તે તે સર્વેથી બોધની દઢતા પામીને ફરી દશ્ય પદાર્થમાં મગ્ન થયો નહિ અને પરમ નિર્વાણને પ્રાપ્ત થયો." ॥ ૫૪ ॥

વસિષ્ઠજી કહે છે કે:—ત્યારબાદ મેં કહ્યું કે નિર્મળ ચિત્ત-વાળા પુરૂષને કરેલો ઉપદેશ જળમાં નાંખેલ તેલનાં ટીપાંની માફક વિસ્તાર પામે છે. ॥ ૫૫ ॥ "આ ત્યાગ કરવા યોગ્ય છે" "આ ગ્રહણ કરવા યોગ્ય છે" એવી જેના ચિત્તમાં કલ્પના છે તે પુરૂષ સંસારથી મુક્ત થતો નથી અને તે સર્વજ્ઞ છે તથાપિ મૂઢ છે.॥૫૬॥ હે રામજી! પૂર્ણજ્ઞાની સદા યોગ્ય છે અને જ્ઞાનબંધું યોગ્ય થવા લાયક નથી તેથી હું જ્ઞાનીને ઉત્તમ ગણું છું અને જ્ઞાનબંધુને ઉત્તમ ગણતો નથી. ॥ ૫૭ ॥ હે રામ! જ્ઞાનબંધુ કોને કહેવો? કે જે પુરૂષ; લોકોને શાસ્ત્રો ભણાવે છે, પોતે પણ ભણે છે અને બંધીખાના જેવી ઉપજીવિકા વાસ્તે શાસ્ત્ર પ્રસંગ કરે છે પણ તે શાસ્ત્રના વિધિમાં પોતે વર્ત્તમાન થતો નથી તે જ્ઞાનબંધુ કહેવાય છે. ॥ ૫૮ ॥ વળી જે પુરૂષ અન્ન—વસ્ત્ર માત્ર પ્રાપ્ત થવાથીજ પ્રસન્ન થાય છે, શાસ્ત્રોનાં ફળને સમજે છે, "અમને શાસ્ત્ર આવડે છે" એવો ફાંકો ધરાવે છે અને મજુરી કરવાવાળાની સમાન અન્ન—વસ્ત્રના લાભ વાસ્તેજ શાસ્ત્રાર્થ જાણવાવાળો છે તે જ્ઞાન-બંધુ કહેવાય છે. ॥ ૫૯ ॥ એટલુંજ નહિ પણ જે પુરૂષ; શાસ્ત્રમાં કહેલ પ્રવૃત્તિમાર્ગને સિદ્ધ કરવાવાળા ધર્મમાં પ્રવૃત્ત થાય છે અને નિવૃત્તિયુક્ત જ્ઞાન આપવાવાળા શાસ્ત્રાર્થમાં પ્રવૃત્ત થતો નથી તેને જ્ઞાનબંધુ કહેવાય છે ॥ ૬૦ ॥ હે રામચંદ્ર! આહાર વાસ્તે ઉત્તમ કર્મ કરવાં, પ્રાણધારણ કરવા વાસ્તે આહાર પણ કરવો, તત્વ જાણવા વાસ્તે પ્રાણધારણા પણ કરવી અને જન્મ—મરણ—દુઃખ નિવૃત્ત કરવા વાસ્તે તત્વ જાણવાનો અભ્યાસ કરવો. એ સઘળું યોગ્ય છે. ॥ ૬૧ ॥ હે રામજી! જે પુરૂષ; માયાના પ્ર-

વાહમાં જેવું બને તેવું કાર્ય કરે છે, કામનાના સંકલ્પથી રહિત છે અને રાગ–દ્વેષમાં જેનું અંતઃકરણ શૂન્ય છે તે પંડિત કહેવાય છે. ॥ ૬૨ ॥ હે રામ! જીવને કેવળ અહંતા–મમતાનાં સ્ફુરણમાત્ર કહેવાય છે, તેનું પસરવું એ જગતનું રૂપ કહેવાય છે અને આત્મામાં નિષ્ઠા કરવી એજ જગતનો લય કહેવાય છે. આ સઘળી ઉપદેશની મુખ્ય ભૂમિકા છે. ॥ ૬૩ ॥ હે રામચંદ્ર! વૈરાગ્યની વાસનાથી, સંપૂર્ણ જગતના ત્યાગથી અને આ જગતની માયાની પ્રકૃતિથી ઉઠીને મંકિ બ્રાહ્મણની માફક કલંક રહિત થઈને પરમ પદવીમાં પહોંચી જાઓ. ॥ ૬૪ ॥ હે રામજી! એક મંકિ નામનો બ્રાહ્મણ હતો તે મારવાડ દેશમાં ચાલવાથી મહાગરમીને લીધે તપેલો હતો તેથી તે લોકોના ગામમાં પ્રવેશ કરતો હતો. તેને મે જોયો. ॥ ૬૫ ॥ હે રામ! તારા દાદા અજ રાજાને યજ્ઞ કરવાવા વાસ્તે હું મારા આશ્રમથી આકાશ માર્ગે જતો હતો ત્યારે મેં મંકિ બ્રાહ્મણને તડકાથી વ્યાકુળ થએલો દેખીને દયા આવવાથી કહ્યું કેઃ—॥ ૬૬ ॥ હે મારવાડની ઝાડીના મુસાફર! તારૂં કલ્યાણ થાઓ. આ ગામ નીચ લોકોથી વસાયલું છે તેમાં તારો વિશ્રામ થવો બનશે નહિ. જો કે ખારી રેતી પડવાથી તથા મહા ઉગ્ર તડકાથી તૃષાતો અત્યંત વધતી જાય છે. ॥ ૬૭ ॥ તથાપિ આ ગામમાં પ્રવેશ કરવો ઉત્તમ નથી. તેટલા માટે ઘણાં અંધારાંવાળી ગુફામાં સર્પ બનવું સારૂં છે, પત્થરોમાં કીડા થવું સારૂં છે અને મારવાડ દેશની ઝાડીમાં લંગડો મૃગ થવું ઉત્તમ છે પરન્તુ આ ગામના મૂઢ જનોની સંગતિ ઉત્તમ નથી. ॥ ૬૮ ॥

એટલે મંકિ બ્રાહ્મણે કહ્યું કેઃ—હે ભગવન્! તમે કોણ છો

અથવા કેવા છો? પૂર્ણ બુદ્ધિવાળા છો, મહાત્મા છો અને મહાધૈર્યવાન છો વાસ્તે વ્યાકુળ નથી. સંપૂર્ણ લોકનાં વૃત્તાંતને જાણતાં તે મુસાફર ગામનાં વૃત્તાંતને અસંગતાથી જોવા લાગ્યો. ॥ ૬૯ ॥ હે મહામુને! શું તમે અમૃતપાન કરેલું છે અથવા તમે મહાસિદ્ધ છો? કે આ સંસાર સંપૂર્ણ ઊત્તમ ગુણથી રહિત છે તેમાં તમે સર્વાર્થ પૂર્ણ જેવા વિરાજમાન છો. ॥ ૭૦ ॥ હે મુને! તમે દોષોથી શૂન્ય છો, આનંદથી પૂર્ણ અને તેથી પણ સ્થિરમતિવાળા છો. તમે સર્વથી અસંગ છો. તથાપિ સર્વરૂપ છો. તમને જગતની કાંઇ પણ પ્રતીત થતી નથી અને બીજાં કોઈ પણ તત્વની અંતઃકરણમાં પ્રતીત થાય છે.॥૭૧॥ હે મુને! તમારી વાણી તથા રૂપ; ઊપશમને પ્રાપ્ત થએલ છે, સુંદર છે અને પ્રગટ પ્રકાશમાન છે પરન્તુ વિરોધી કોઇનાં પણ નથી. તેમજ નિવૃત્તિ પામેલ છે તોપણ સર્વત્ર પ્રવૃત્ત છે. તે કયાં કારણથી છે? ॥ ૭૨ ॥ હે મહાત્મા! હું શાંડલ્યના કુળમાં પ્રગટ થયો છું, મંકિ મારૂં નામ છે, તીર્થ યાત્રાના પ્રસંગથી ઘણા દેશોમાં ફર્યો છું અને ઘણાં તીર્થોનાં દર્શન કરીને હવે ઘેર જવા વાસ્તે ઊદ્યત થયો છું. પરંતુ વિરક્ત મનવાળો થવાથી ઘેર જવામાં નિરૂદ્યત પણ થયો છું. આ સંસારમાં ભૂતોના સમાગમો મેં જોએલા છે. તે સમાગમ વિજળીના ચમત્કારની માફક ચંચળ છે. ॥ ૭૩ ॥ હે ભગવન્! તમે મને કૃપા કરીને આપોઆપ સત્યથી કહો કે આપ કોણ છો? સજ્જનોનાં મનરૂપી સરોવર ગંભીર થાય છે અને નિર્મળ પણ થાય છે. ॥ ૭૪ ॥ મહાત્મા લોક દર્શનથીજ ચિત્રના કરે છે તેથી કમળોની માફક સંપૂર્ણ પ્રાણિઓનાં મન તત્ક્ષણ પ્રકાશીમાન થાય છે

તથા પ્રસન્ન થાય છે. ॥ ૭૫ ॥ મારૂં મન સંસારના મોહથી મુક્ત થવાને સમર્થ થતું નથી તેને બોધયુક્ત કરીને મોહથી છોડવવા તમે કૃપા કરો. કેમકે તે યોગ્ય છે." ॥ ૭૬ ॥

શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કેઃ—હે મહા બુદ્ધે! હું **વસિષ્ઠ** મુનિ છું, આકાશમાં મારૂં ઘર છે, કોઇ રાજ્યરૂષિના કાર્યે માટે આ માર્ગે આવ્યો છું, તું હવે ચિંતા કર નહિ. તું તત્વવેત્તા જનોના માર્ગમાં આવી ગયો છો તથા નક્કી સંસાર સમુદ્રના તટમાં પ્રાપ્ત થયો છો. ॥ ૭૭ ॥ હે મંકિ! વૈરાગ્યાદિયુક્ત થએલ મતિ અને શાંતરૂપી આકૃત્તિ આ તુચ્છ બુદ્ધિવાળાઓને થતી નથી. ॥ ૭૮ ॥

ત્યારે **મંકિએ** કહ્યું કેઃ—"હે ભગવન્! હુ ઘણી રીતે દશે દિશામાં ભમેલો છું પરંતુ મારા સંશયનો નાશ કરવાવાળો ઊત્તમ જન ક્યાંય પણ મળેલો નથી. હવે મને સંસારમાના અનેક જન્મોનાં પુણ્ય કરવાનું ફળ પ્રાપ્ત થયું છે. ॥ ૭૯ ॥ હે મહાત્મન્! ઘણા દોષો દેવાવાળી આ સંસારની ઘણી દશા જોતાં ઘણો દુઃખી થયો છું. આ સંસારનાં સુખો ફરી ફરી ઊત્પન્ન થાય છે અને ફરી ફરી નષ્ટ થાય છે. તેથીજ અવશ્ય દુઃખ ઊત્પન્ન થાય છે અને એટલાજ માટે આ સઘળું દુઃખરૂપી ભાસે છે. ॥ ૮૦ ॥ આ સંસારમાનાં સુખજ દુઃખરૂપ છે તેથી હું દુઃખોને ઊત્તમ માનું છું, કેમકે તે દુઃખોથી ફરી દુઃખ થતું નથી અને સુખોના અંતમાં મેં દુઃખજ દેખેલું છે તે વાસ્તે સુખ મને દુંઃખ કરે છે, મારૂં ચિત્ત સુખ—દુઃખોના તરંગોથી વ્યાકુલ થયું છે અને સુખ ચિંતારૂપે વ્યાપ્ત થએલું છે. ॥ ૮૧ ॥ હું ઈંદ્રિય

સુખોમાં તત્પર થયો છું તથા વિવેકી જન મારો સ્પર્શ પણ કરતા નથી. જો વિવેકરૂપી સૂર્ય ઊદય થાય નહિ તો વાસનારૂપી રાત્રિનો ક્ષય પણ થાય નહિ અને આ ચિત્તરૂપી હાથી મદોન્મત્ત થયો છે તે—જેમ બાળક કાંચની માળા ગળામાં બાંધે છે—તેમ જે વસ્તુ સત્ય નથી તેને સત્યરૂપ સમજીને ગળામાં બાંધે છે. ॥ ૮૨ ॥ હે સાધુ! જેવી રીતે શરદ્ ૠતુમાં ઘનઘટાનો અંધકાર દૂર થાય છે અને દશે દિશા નિર્મળ થાય છે તેવી રીતે વિવેકનો ઊદય થવાથી મોહરૂપ અંધકાર નષ્ટ થાય છે અને ચિત્તની વૃત્તિ નિર્મળ થાય છે એ સત્ય સમજું છું. સાધુ જનોનાં કહેલાં વચન બોધ પ્રાપ્ત કરે છે તેથી તમે પણ મને સંસારની શાંતિને આપવાવાળો બોધ કરો જેથી મને સંસાર દુઃખની શાંતિ થાય કેમકે આપ તેમ કરવા યોગ્ય છો.” ॥ ૮૩ ॥

એટલે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કેઃ—હે મંકિ! પ્રથમ ઈંદ્રિઓથી વિષયોના ભોગો જે લક્ષિત કરવા તે સંવેદન કહેવાય છે, વિષય નષ્ટ થવાથી ફરી તેનો સંબંધ વિચારવો તે ભાવના કહેવાય છે અને વિષયાકાર ચિત્તની વૃત્તિ કરવી તેને વાસના કહેવાય છે. ॥ ૮૪ ॥ વળી મરણાદિકમાં પણ દૃઢ વાસનાથી બીજાં શરીરના આરંભમાં ભોગોની ચાહના કરવી તે કલ્પના કહેવાય છે. આ ચારે પોતાનાં નામના અર્થથી મહા અનર્થ કરે છે, વિચાર કરવાથી અર્થ રહિત થાય છે અને પોતાનો અર્થ કરતાં નથી. ॥ ૮૫ ॥ તેથી હે મંકિ! વિષયોના સંવેદનનેજ ભાવના જાણ. તે સંપૂર્ણ છે દોષોના આશ્રિત છે તથા જેમ વસંત ૠતુમાં લતા થાય છે તેમ તેમાંજ તમામ આપત્તિ રહે છે. ॥ ૮૬ ॥ જેમ વૈશાક માસની

અંતમાં—ગ્રીષ્મ ઋતુમાં પૃથ્વીનો રસ સૂકાઈ જાય છે તેમ વિવેકી પુરૂષનો સંસારનો ભ્રમ વાસના રહિત ક્ષીણ થાય છે. ॥ ૮૭ ॥ હે મંકિ ! જે બોધથી તત્વ વસ્તુનો બોધ થાય તેને બોધ કહેવાય છે, તત્વ વસ્તુનો બોધ થાય નહિ તો તે બોધ શું કામનો ? તથા જે તત્વના બોધ વગરનો જે બોધ છે તે બોધનો વિરોધી છે. ॥ ૮૮ ॥ હે મંકિ ! જોવાની ક્રિયા, જોવાવાળો અને જોવા યોગ્ય. એ ત્રણેમાં એક એક પ્રતિ કેવળ બોધ માત્રજ પ્રતીત થાય તો સારનો બોધ થાય છે તથા બોધનો અંત આવે છે. વળી જેમ આકાશપુષ્પનું નામ જાણવાથી આકાશપુષ્પની પ્રતીતિ કયારે પણ થતી નથી તેથી તે તત્વ જાણવાનેજ બોધ કહે છે. ॥ ૮૯ ॥ હે મંકિ ! જે જેના સમાન જાતીવાળું છે તે તેની સાથે એકરૂપ થઇ જાય છે. જેમકે જળ જળની સાથે, દૂધ દૂધની સાથે, આકાશ આકાશની સાથે મળી જાય છે તેમ બોધ સર્વત્ર એક જેવો છે તે પોતામાં મળી જવાથી એકરૂપ થાય છે. ॥ ૯૦ ॥ જો એમ કહો કે કાષ્ઠ—પાષાણાદિકમાં બોધ નથી અને બોધરૂપ આત્મા એક અદ્વિતીય છે, કાષ્ઠ—પાષાણાદિક જડ છે તેમાં બોધરૂપ સત્તારૂપ પરબ્રહ્મ નથી એટલા માટે એક અદ્વિયતાની હાની થાય છે એમ કહેવું નહિ. કેમકે જેમ બીજા પદાર્થ, જ્ઞાનથી અસત્ય ભાસે છે તેમ કાષ્ઠ—પાષાણાદિક બોધ વિના સ્વભાવથી જડ છે તથા અસત્ય છે. ॥ ૯૧ ॥ હે મંકિ ! 'अहं ब्राह्मणः' (હું બ્રાહ્મણ છું.) એવું સ્ફુરણ બંધન કરે છે અને 'હું દેહાદિક નથી' એવું સ્ફુરણ મુક્તિ આપે છે. એટલે કે આંહીંજ બંધન છે અને આંહીંજ મોક્ષ છે. એ સઘળું સ્વાધીન છે. એમાં અસામર્થ્ય શું છે. ॥૯૨॥

હે મંકિ! આ મનુષ્યરૂપી તૃણ છે તે વાસનારૂપા પવનથી ઊડે છે. તેના ઊપર જે દુઃખ આવી પડે છે તે કહેવાને કોઈ સમર્થ નથી. ॥ ૯૩ ॥ હે મંકિ! આ મનુષ્ય લોક ભ્રાંતીયુક્ત થઈને વિષયોપભોગોના રસમાં અસક્ત થાય છે. જેમ હાથથી પછાડેલ રમવાનો દડો ઊપર ચડીને નીચે પછડાય છે તેમ આંહી ભોગો ભોગવીને નરકમાં પડે છે વળી કલ્પાંતરે ફરી બીજું શરીર પામીને તેવુંજ થયા કરે છે. ॥ ૯૪ ॥ હે મંકિ! જેમ વનમાં પત્થર થાય છે તેને એકત્ર કરીને બંધન કરવાની ભાવના એજ સાંકળ છે તેમ સંપૂર્ણ જગત્‌ના ભાવ પણ પોત પોતામાં અસંગ છે તે એકત્ર નથી. ॥ ૯૫ ॥ હે મંકિ! જેમ અઘોચર માર્ગમાં ચાલવાવાળાના હાથમાં દીવો હોય તો તેનાં અજવાળાંથી માર્ગ સુગમ થાય છે તેમ વિચાર કરવા માત્રથી બંધનની તુચ્છ વાસના પણ નથી. ॥ ૯૬ ॥ હે મંકિ! આ જેટલાં શરીર, સ્ત્રી, ધન, પુત્રાદિક જગત્‌ના ભાવ છે તે વિચાર કરવાથી સૂકી રેતીની સમાન ક્ષણમાં શિથિળ થઈ જાય છે. ॥ ૯૭ ॥ હે મંકિ! જેમ સ્વપ્નના પર્વતોમાં મિથ્યાજ પદાર્થતા માની છે તેમ સંપૂણ ભાવોમાં મિથ્યાજ ચૈતન્યસ્વરૂપતા માની છે. ॥ ૯૮ ॥ હે મંકિ! પદાર્થોની અપેક્ષા (ઈચ્છા) છે તેજ બંધન છે અને જે ઊપેક્ષા (અનિચ્છા) છે તેજ મુક્તિ છે. તે ઊપેક્ષામાં જે વિશ્રાંત થયો છે તેને કયો પદાર્થ જોઈએ? તેને પૂર્ણ કામનાવાળો સમજવો. ॥ ૯૯ ॥

શ્રી વસિષ્ઠજીને કહે છે કેઃ—હે રામચંદ્ર! **મંકિએ** એવી રીતનું શ્રવણ કરીને જેમ સર્પ પોતાની કાંચળીનો ત્યાગ કરે છે તેમ ઘણા બળવાન મોહનો પણ બળાતકારે ત્યાગ કર્યો. ॥૧૦૦॥

હે રામજી! ત્યાર બાદ તે મંકિ જેવું કાર્ય સંસારના પ્રવાહમાં આવી જાય તે કરતો હતો અને સંપૂર્ણ વાસનાનો ત્યાગ કરીને સો વર્ષસુધી આત્મવિચારની સમાધિમાં સ્થિતિ કરી. ॥ ૧૦૧ ॥ તે મંકિ હમણાંસુધી પાષણના જેવી સ્થિરતા ધારણ કરીને અને અંતઃકરણ શાંત કરીને મહા યોગેશ્વર થયો છે. જ્યારે અમે લોકો તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને બોધ કરીએ છીએ ત્યારે તે પોતાના ધ્યાનથી સાવધાન થાય છે નહિ તો ધ્યાનમાંજ મગ્ન રહે છે. ॥ ૧૦૨ ॥

એ પ્રમાણે મંકિ બ્રાહ્મણનો પ્રસંગ સમાપ્ત કરીને વસિષ્ઠજીએ ફરી કહ્યું કેઃ– હે રામચંદ્ર! જેવી રીતે આકાશમાં વૃક્ષોનું વન નથી, જેવી રીતે રેતીમાં તેલ નથી અને જેવી રીતે ચંદ્રમંડળમાં વિજળી નથી તેવી રીતે ચિત્તમાં દેહાદિક નથી. ॥ ૧૦૩ ॥ હે રામજી! જેવી યુક્તિ બની શકે તેવી યુક્તિથી પોતાનાં પુરૂષાર્થના યત્ને કરીને વાસનાને નિર્મૂળ કર. એજ કલ્યાણનો ઉપાય છે. ॥ ૧૦૪ ॥ હે રામ! પોતાનાં પુરૂષાર્થના યત્નેથી જેમ જાણે છે તેવા અહંકારની ભાવનાને નિર્વાણ કર. એજ વાસનાના ક્ષયનું મૂળ છે.॥ ૧૦૫ ॥ હે રામચંદ્ર! અહંભાવના ત્યાગવારૂપી પુરૂષાર્થ યત્ન શિવાય બીજી કોઈ સંસાર તરવાની ગતિ નથી. અહંભાવ ત્યાગરૂપ એજ વાસના ક્ષયનું નામ છે. ॥ ૧૦૬ ॥ હે રામજી! ઘોર શોક પ્રાપ્ત થવામાં, ઘણા સંકટની પ્રાપ્તિમાં તથા દુર્ગમસ્થાનમાં; ક્રમથી જેવા સ્થાનનો સમાગમ થાય તેવાં લોકોને ઓળખવા વાસ્તે અંતઃકરણમાં દુઃખ રહિત થએલો તું પણ તે લોકોના સમાન દુઃખ માન. ॥ ૧૦૭ ॥ હે રામ! સ્ત્રીઓના સમાગમમાં,

સંસાર દશામાં અને ઊત્સવોના ઊદયમાં વાસના રહિત મૂઢ પુ-
રૂષોની માફક આનંદનું સેવન કર. ॥ ૧૦૮ ॥ હે રામચંદ્ર!
મૃત્યનાં કાર્યે યુદ્ધાદિકોમાં શત્રુરૂપી પ્રાણિ ગણોને—વનનો અગ્નિ જેમ
તૃણોને ભસ્મ કરે છે તેમ તું—દયાથી રહિત થઈને ક્રોધરૂપી અ-
ગ્નિથી—વાસનાવાળા. મૂઢ પુરૂષની માફક—ભસ્મ કરતો રહે.
॥ ૧૦૯ ॥ હે રામજી! દ્રવ્ય પ્રાપ્તિના કાર્યોમાં ક્રમથી ભય અને
ખેદથી રહિત થઇને તું—વાસના સહિત મૂઢ પુરૂષની સમાન—જેમ
બગલો માછલાં માટે ધ્યાનમાં સ્થિત થાય છે તેમ દ્રવ્યની પ્રા-
પ્તિનો વિચાર કર. ॥ ૧૧૦ ॥ હે રામ! દયા કરવા લાયક દીન
જનોપર દયા કર, મહાત્મા પુરૂષોમાં ધૈર્ય રાખ તથા આદરવાળો
થા અને અંતઃકરણમાં આત્મવિચારના આણંદવાળો તું બહારના
કાર્યોમાં વાસના સહિત મૂઢ પુરૂષની સદૃશ્ય વર્તવાવાળો થા.
॥૧૧૧॥ હે રામચંદ્ર! અંતઃકરણમાં નિત્ય ભાવનાવાળો થઈને
સ્થિર થઇશ તો તારા ઊપર વજ્રની ધારા પડશે તો તે પણ ખંડિત
થઇ જશે. ॥ ૧૧૨ ॥ હે રામજી! તારા ચિત્તની વૃત્તિ, સંકલ્પ ત્યા-
ગ કરીને લીન થઇ છે અને બહારના કાર્યમાં આસક્ત થઈ છે.
હવે તું બીજા અંતઃકરણમાં અત્યંત સુમ્રુષુ થયેલ ચિતવાળો થઈને
ચિંતાજ્વરથી રહિત થઇ સ્થિર થા. ॥ ૧૧૩ ॥ હે રામ! જો તું
સુષુપ્તિમાં હો તો જાગ્રત સમાન થા, જો જાગ્રત હો તો સુષુપ્તિની
સમાન થા અને જાગ્રત તથા સુષુપ્તિ એ બેઆં એક વૃત્તિવાળો હો-
તો નિર્વિકાર થઇશ. ॥ ૧૧૪ ॥ હે રામચંદ્ર! તું આ જગત્ને
દ્વૈત પણ જાણ નહિ અને એક અદ્વૈત પણ સમજ નહિ. એવો નિ-
શ્ચય કરીને પરમ વિશ્રાંતિ પામ અને આકાશની માફક નિર્મળ
ચિત્તવાળો થા. ॥ ૧૧૫ ॥

શ્રી રામચંદ્રજીએ, વસિષ્ઠજીને કહ્યું કેઃ—હે મુનિ શ્રેષ્ઠ! જો આ જગત્ દ્વૈત પણ નથી અને અદ્વૈત પણ નથી તો 'હું રામ છું' 'તમે વસિષ્ઠ છો' એવી પ્રતીત કેમ થાય છે? તે મને કહો. ॥ ૧૧૬ ॥

શ્રી વાલ્મીકિ, ભરદ્વાજ પ્રતિ કહેવા લાગ્યા કેઃ—હે ભરદ્વાજ! **શ્રીરામચંદ્રે** એવાં વચન કહ્યાથી પ્રશ્નના ઊત્તર કહેવાવાળામાં શ્રેષ્ઠ એવા **વસિષ્ઠજી** સર્વના દેખતાં ક્ષણમાત્ર મૌન રાખી ચુપચુપ થઇ રહ્યા. ॥૧૧૭॥ તે **વસિષ્ઠજીની** આવી સ્થિતિ થવાથી 'હવે શું ઊત્તર આપશે?' એવા સંશયસમુદ્રની અંદર સભાના સર્વ લોક મગ્ન થયા. ॥ ૧૧૮ ॥

ત્યારે **શ્રી રામચંદ્રે** કહ્યું કેઃ—હે મુનિ શ્રેષ્ઠ! તમે મારી માફક ચુપચુપ રહી કેમ સ્થિર થયા છો? આ જગતમાં એવો કોઇ પ્રશ્ન નથી કે જેના ઊત્તરનું તમારા મનમાં સ્ફુરણ નહિ હોય. ॥ ૧૧૯ ॥

એટલે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કેઃ—હે રામચંદ્ર! હું કાંઈ કહેવાની અશક્યતાથી યુક્તિ કરીને ચુપચુપ થયો નથી પરંતુ આ પ્રશ્નની કોટીનો ચુપચુપ થવું એજ ઊત્તર છે તથાપિ તારા સંશયની નિવૃત્તિ વાસ્તે કાંઇ ઊત્તર કહુ છું. ॥ ૧૨૦ ॥ હે રામજી! પ્રશ્ન કરવાવાળાના બે પ્રકાર હોય છે; એક તત્વજ્ઞાની અને એક અજ્ઞાની. તેમાં જે અજ્ઞાની છે તેને સમજાવવાનો ઊત્તર તે સમજે તેવો દેવો જોઇએ અને જ્ઞાનીને તેને લાયકનો ઊત્તર આપવો જોઈએ. ॥ ૧૨૧ ॥ હે રામ! એટલા વખત સુધી તું તત્વજ્ઞાનને જાણતો હતો નહિ તેટલા માટે વિકલ્પ સહિત ઊત્તરોનો અધિકારી

હતો. ॥ ૧૨૨ ॥ હવે તો તું તત્વજ્ઞાની થયો છો, પરમપદમાં વિશ્રાંત થયો છો જેથી સવિકલ્પ ઊત્તરો આપવાને પાત્ર નથી. ॥ ૧૨૩ ॥ હે રામચંદ્ર! જેવી વૃત્તિવાળો પુરૂષ હોય છે તેવાં વચન કહે છે, તેમાં હું તો વાણીથી પર જે પરમપદ તેમાં વિશ્રાંત થયો છું તો હવે તેમજ ઊત્તર આપવો યોગ્ય છે. ॥ ૧૨૪ ॥ હે રામજી! જે પુરૂષ જીવતાંજ શાંત વૃત્તિવાળો થએલ છે તે વ્યવહાર કરતાં પણ મૃત પુરૂષની સમાન જડ વૃત્તિવાળો છે તે પરમપદમાં પ્રાપ્ત થવાને જાણે છે. ॥ ૧૨૫ ॥ હે રામ! અહંતા એજ પરમ અવિદ્યા છે તથા તે નિર્વાણ પદનો વિરોધ કરવાવાળી છે અને તેથીજ મૂઢ પુરૂષ જણાય છે. તેજ વિક્ષિપ્ત પુરૂષથી ચેષ્ટા છે. ॥ ૧૨૬ ॥ હે રામચંદ્ર! એવો શરદ ઋતુનો આકાશ પણ શોભતો નથી, ગંભીર તથા નિશ્ચળ થએલો એવો ક્ષિરસાગર પણ શોભતો નથી અને પૂર્ણમાસીનો ચંદ્ર પણ એવો શોભતો નથી તેવો તત્વજ્ઞ પુરૂષ શોભે છે. અર્થાત્ ઊપર કહેલી બાબતો જો કે ઘણી મનોહર છે તથાપિ તેથી પણ વિશેષ તત્વજ્ઞ શોભે છે. ॥ ૧૨૭ ॥ હે રામજી! જેવી રીતે ચિત્રમાં ચિત્રેલી યુદ્ધ કરતી સેના યુદ્ધનો ક્ષોભ કરતી નથી તેવી રીતે તત્વજ્ઞાનાની પુરૂષ વ્યવહાર કરે છે તથાપિ ક્ષોભ પામતો નથી. ॥ ૧૨૮ ॥ જે પુરૂષ ઈષ્ટ પ્રાપ્તિમાં અથવા અનિષ્ટ પ્રાપ્તિમાં શાંત થઇને વ્યવહાર કરે છે તોપણ મૃત પુરૂષની માફક તેનાં અંતઃકરણમાં વ્યવહારનું સ્ફુરણ થતું નથી તે નિર્વાણ સુખનો અનુભવ કરે છે એમ સમજવું. ॥ ૧૨૯ ॥ હે રામ! તે વાસ્તે તું સંપૂર્ણ આશ્રયનો ત્યાગ કરીને આકાશની સમાન અંતઃકરણમાં વ્યવહારની શૂન્યતાનું સેવન કર

કેમકે વ્યવહારનું સ્ફૂરણ ન થવું એજ પરમ કલ્યાણ કર્ત્તા છે અને એવું વિસ્મરણ થવું એજ પરમ ઊત્તમ પદ છે. ॥ ૧૩૦ ॥ હે રામચંદ્ર ! જે પુરૂષ; પરમતત્વમાં વિશ્રાંત થયો છે, જેની સમદૃષ્ટિ થઇ છે અને જે રાગ–દ્રેષથી રહિત થએલ છે તે પુરૂષની શાંત । થવી અને વ્યવહાર એ બન્ને એક સમાન છે. ॥ ૧૩૧ ॥ અથવા એની નિર્વાણની પ્રાપ્તિથી શાંતતાજ શેષ રહે છે. જે મુનિ નિશ્ચય કરીને વાસના રહિત હોય છે તે વ્યવહાર કેમ કરે ? ॥ ૧૩૨ ॥ હે રામજી ! જ્યાં સુધી તત્વજ્ઞાની પુરૂષનું નિર્વાણ પુષ્ટ થયું નથી ત્યાં સુધી તે વ્યવહાર કરે છે અને રાગ–દ્રેષ–ભયાદિકનો તેને ઊદય થાય છે. ॥ ૧૩૩ ॥ હે રામ ! તેજ ધ્યાન જાણવું અથવા સમાધિ સમજવી કે જે અહંભાવનું અસ્ફુરણ છે તથા જે જડ નથી. તેની જડતાની સમાન નિર્વાણ સિદ્ધ થાય છે. તે નિર્વાણ સમચિત્તતા તથા શાંત ચિત્તતા સહિત નિર્વિકાર છે. ॥ ૧૩૪ ॥ હે રામાદિક તત્વવેત્તાઓ ! વાકય સમૂહના વિસ્તારથી પ્રગટ થએલ જે દ્વૈત માર્ગ અથવા અદ્વૈત માર્ગ જે છે તેના ભેદાથી ભ્રમને પ્રગટ કરવાવાળા મત ભેદોથી દુઃખની પ્રાપ્તિ માટે મૂઢ પુરૂષોની સમાન ખેદને પ્રાપ્ત થાઓ નહિ. કેમકે તમે તત્વવેત્તા છો તેથી ભેદદૃષ્ટિનો ત્યાગ કરો. ॥ ૧૩૫ ॥ તત્વવેત્તા પંડિતોની સંગતિથી બુદ્ધિરૂપી તરવારને તીક્ષ્ણ કરીને અજ્ઞાનરૂપી લતાને તિલ તિલ પ્રમાણથી ખંડિત કરે છે. ॥ ૧૩૬ ॥ હે રામચંદ્ર ! દેહધારી જીવોને બે રોગ મહા ભયંકર છે. એક તો આ લોકની વાંચ્છના અને બીજી પરલોકની વાંચ્છના કે જે રોગોથી આ જીવ સંપૂર્ણ પીડિત થઇ મહા ઘોર દુઃખને ભોગવે

છે. ॥ ૧૩૭ ॥ હે રામજી! અજ્ઞાની જીવ આ લોકનાં દુઃખ, દૂર કરવા વાસ્તે ભોગરૂપી દુષ્ટ ઔષધિઓથી યત્ને કરીને જ્યાં સુધી જીવતા છે ત્યાં સુધી આ લોક માટે યત્ન કરે છે અને પરલોકનાં સુખ વાસ્તે પ્રયત્ન કરતાં નથી. ॥ ૧૩૮ ॥ હે રામ! જે ઊત્તમ પુરૂષ છે તે પરલોકની મહાવ્યાધિની ચિકીત્સા સારૂં શમ, સત્સંગ તથા આત્મબોધની અમૃતરૂપી ઔષધિઓથી યત્ન કરે છે. ॥ ૧૩૯ ॥ હે રામચંદ્ર! જેવી રીતે કોઇ રોગી જે સ્થાનમાં ઔષધિ મળે તે સ્થાનમાં ચિકિત્સા કરે નહિ અને જ્યાં ઔષધિ મળે નહિ તે સ્થાનમાં જઇને પોતાની ચિકિત્સા કરે તેવી રીતે જે કોઇ પરલોકમાં અવશ્ય થવાવાળી નરકરૂપી વ્યાધિની ચિકિત્સા આંહીં ન કરતાં તે પુરૂષ પરલોકમાં કે જ્યાં ઔષધિ મળે નહિ ત્યાં જઇને શું કરશે? ॥૧૪૦॥ હે મૂઢ જનો! આ લોકની ચિકિત્સા કરીને આયુષ્યને વૃથા ક્ષીણ કરો નહિ પણ આત્મજ્ઞાનરૂપી ઔષધિથી પરલોકની ચિકિત્સા જલદી કરો. ॥૧૪૧॥ આ આયુષ્ય, પવનથી હલાવેલ પીપળાનાં પાંદડાંના અગ્રભાગમાં રહેલ જળબિંદુની માફક ચંચળ છે એટલા માટે પરલોકની નરકરૂપ વ્યાધિ હરવા વાસ્તે યત્નથી જલદી ચિકિત્સા કરો. ॥૧૪૨॥ પરલોકની મહાવ્યાધિની યત્નથી ચિકિત્સા કરવાથી આ લોકની વ્યાધિ પોતાની મેળે જલદી નાશ પામે છે. ॥ ૧૪૩ ॥ હે રામજી! આ આત્મા, ભોગરૂપી કીચડના સમુદ્રમાં મગ્ન થયો છે તે પોતાના પુરૂષાર્થના ચમત્કારથી તરી ન જવાય તો તે તરવાનો બીજો કોઇ ઊપાય નથી. ॥ ૧૪૪ ॥ હે રામ! જે પુરૂષે પોતાનું મન જીતેલું નથી, આત્મજ્ઞાનથી રહિત છે અને ભોગરૂપિ કીચડમાં

મગ્ન, થએલ છે એવો મૂઢ પુરૂષ જેમ જળનું પાત્ર સમુદ્ર છે તેમ તે આપત્તિઓનું પાત્ર થાય છે. ॥ ૧૪૫ ॥ હે રામચંદ્ર ! જીવનનો પેહેલો ભાગ એ ભોગ પદાર્થ ન ત્યાગવાવાળો છે અને તે રાગ-દ્વેષની શાંતિને આપવાવાળો છે. ॥ ૧૪૬ ॥ હે રામજી ! અનેક સુખ-દુઃખોની પ્રાપ્તિમાં જે પુરૂષ આત્મસ્વરૂપના વિચારથી નષ્ટ થતો નથી તે કયારે પણ નષ્ટ થતો નથી અને સુખ-દુઃખોની પ્રાપ્તિમાં નષ્ટ થાય છે તે સ્વરૂપથીજ નષ્ટ થાય છે. તેને શાસ્ત્રોના ઉપદેશનું શું પ્રયોજન છે ? ॥ ૧૪૭ ॥ હે રામ ! જેને ભોગોની ઇચ્છાનો ઉદય થયો છે તે ઉદયનું સુખ-દુઃખાદિક એક વન છે પણ પછે તેની ઇચ્છાથી ચિકિત્સા બની શકતી નથી. વાસ્તે પ્રથમ ઈચ્છા દૂર કરવા સારૂં ચિત્તની ચિકિત્સા કરવી જોઈએ. ॥ ૧૪૮ ॥ હે રામચંદ્ર ! જે પુરૂષ ભોગરસરૂપી વિષયને ખાઈને તેના સ્વાદમાં દિન પ્રતિદિન પ્રીતિ કરે છે તે વિનાશરૂપી પ્રજ્વળિત થએલ અગ્નિમાં પોતાના સ્વરૂપને અક્ષય તૃણ બનાવીને તે અગ્નિ વધારવા વાસ્તે હોમે છે. ॥ ૧૪૯ ॥ હે રામજી ! ચિત્તનું સમાધાન કરવાની ઈચ્છાનો ત્યાગ કરવો કહેલ છે કેમકે જેવું ઈચ્છાનો ત્યાગ કરવાથી ચિત્ત શાંત થાય છે તેવું સેંકડો ઉપદેશથી કરીને થતું નથી ॥ ૧૫૦ ॥ હે રામ ! ઇચ્છાનો ઉદય થવો તેમાં જેવું દુઃખ છે છે તેવું દુઃખ નરકમાં પણ નથી અને ઇચ્છાની શાંતિમાં જેવું સુખ છે તેવું સુખ બ્રહ્મ લોકમાં પણ નથી. ॥ ૧૫૧ ॥ હે રામચંદ્ર ! ઈચ્છાનો ઉદય થવાને ચિત્ત એવું નામ આપેલું છે અને ઈચ્છાની શાન્તીને મોક્ષ કહેવાય છે. એટલામાંજ તમામ શાસ્ત્ર, તપ, નિયમ વિગરે આવી ગયાં એમ સજવું. ॥૧૫૨॥ હે રામજી !

જે પુરૂષ; ઇચ્છાને શાંત કરવામાં પ્રયત્ન કરતો નથી તેને તમામ નરોમાં નીચ સમજવો અને તે પોતાના આત્માને પોતેજ દિનપ્રતિદિન અંધારાંવાળા કૂવામાં નાંખે છે. ॥ ૧૫૩ ॥ હે રામ! આ લોક; પોતાને તરવા વસ્તે શાસ્ત્રોની, ગુરૂઓની તથા ઉપદેશોની કેમ ચાહના રાખે છે? તે ચાહના વૃથા છે. કેમકે તેઓને, ઈચ્છાના ત્યાગ વગર આત્મચિંતવનની સમાધિ પ્રાપ્ત થતી નથી. ॥ ૧૫૪ ॥ હે રામચંદ્ર! જેની બુદ્ધિ કેવળ ઈચ્છા માત્ર ત્યાગવામાં અસાધ્ય થએલ છે તેને ગુરૂઓના તથા શાસ્ત્રોના ઉપદેશ વ્યર્થ છે. ॥ ૧૫૫ ॥ હે રામજી! ઇચ્છા ત્યાગવા વગર એક ક્ષણ પણ જાય તો તે, ચોરોથી લૂંટાયલા પુરૂષની પેઠે 'મારી ચોરી થઈ છે' એમ કહેવાને યોગ્ય છે. ॥ ૧૫૬ ॥ હે રામ! વિવેક રહિત આત્માની જે ઈચ્છાની પૂર્ણતા છે તેજ સંસારરૂપી વૃક્ષનાં પોષણ કરવાનું અખંડ જળસિંચન છે. ॥ ૧૫૭ ॥ હે રામચંદ્ર! જે તત્વવિવેકી પુરૂષ નથી તે શાસ્ત્રોના વિધિ–નિષેધોના પાત્ર નથી અને જેની સર્વ પદાર્થોની ઈચ્છા શાંત થએલી છે તેને શાસ્ત્રોના વિધિ–નિષેધનું શું પ્રયોજન છે? ॥૧૫૮॥ હે રામજી! તત્વજ્ઞ પુરૂષોનું એજ લક્ષણ છે કે તેની ઈચ્છાજ શાંત હોય. તે ઇચ્છાત્યાગ કેવો છે કે સર્વ લોકોને આનંદ કર્ત્તા છે તથા પોતાના આત્માનાં સ્વરૂપનો અનુભવ કરાવે છે. ॥ ૧૫૯ ॥ હે રામ! જ્યારે દૃશ્ય પદાર્થ રસ રહિત જણાય ત્યારે ચિત્તનું સ્ફુરણ બંધ થાય છે. એટલે ઇચ્છાત્યાગ પ્રગટ થાય છે અને તે મુક્તિનું રૂપ છે. ॥૧૬૦॥ હે રામચંદ્ર! જો દુઃખને સુખની ભાવના થાય તો વિષ પણ અમૃત રૂપ થાય છે. ધીરબુદ્ધિ પુરૂષ એવો નિશ્ચય કરીને બોધ

પામે છે એ પ્રસિદ્ધ છે. ॥ ૧૬૧ ॥ હે રામજી ! તત્વવેત્તા પુરૂષને ઈચ્છા અને અનિચ્છા બન્ને સમાન થાય છે તથા શાંત થાય છે તથાપિ અનિચ્છાના ઉદયને હું પરમ કલ્યાણના ઉદયનું કારણ ગણું છું. ॥૧૬૨॥ હે રામ ! ચિત્તનુ વિષય–ભોગોનાં ચિંત્વનને સન્મુખ થવું એજ રૂપ છે તેને ચિત્ત કહેવાય છે, તેજ સંસાર છે અથવા તેજ ઇચ્છા છે. તેથી તે રહિત થવું એજ મુક્તિ છે. એવું સમજીને ઇચ્છાની શાંતિ ધારણ કર. ॥ ૧૬૩ ॥ હે રામચંદ્ર ! ઈચ્છારૂપી છરીથી વીંધાયલાં હૃદયમાં શૂળના જેવી પીડા થાય છે કે જેમાં મણિમંત્ર અથવા ઔષધિ એ કાંઈ પણ કામ કરી શકતાં નથી. ॥ ૧૬૪ ॥ હે રામજી ! જે યોગીશ્વર જન છે તે આત્મજ્ઞાનનાં સ્ફુરણથી જગતને આકાશની સમાન શૂન્ય કરે છે અને ફરી આકાશનીજ સત્તાનાં સ્ફુરણથી ત્રૈલોક્ય કરે છે. ॥૧૬૫॥ હે રામ ! જેવી રીતે આકાશમાં સંકલ્પ રચનાથી સિધ્ધોનાં અનેક નગરો છે તેવી રીતે ચૈતન્યરૂપી આકાશમાં હજારો સૃષ્ટિઓ છે. ॥ ૧૬૬ ॥ હે રામચંદ્ર ! તત્વજ્ઞપુરૂષ અહંતાથી રહિત હોય છે તથા ચૈતન્યસત્તાની એકતામાં વર્તનારા હોય છે. તેને અણિમાદિ આઠ સિદ્ધિઓ સૂકલાં પાંદડાંની બરોબર તુચ્છજ જણાય છે. ॥ ૧૬૭ ॥ હે રામજી ! દેવતા–અસુર––મનુષ્યોથી લઈને ત્રૈલોક્યમાં કોઈ એવી વસ્તુ મારા જોવામાં નથી આવતી કે જે વસ્તુ વિવેકી પુરૂષના લોભનાં એક રૂવાડાં માત્રનો પણ અંશ હોય. ॥ ૧૬૮ ॥ હે રામ ! અવિચારમાં ‘અહમસ્મિ’ એવો અહંભાવ છે અને વિચારમાં ‘અહમાસ્મિ’ એવો ભાવ નથી. હે રામજી ! અહંભાવનો અભાવ થવાથી જગત્ ક્યાં છે? અને સંસાર ક્યાં

છે ? ॥ ૧૬૯ ॥ હે રામચંદ્ર ! બુદ્ધિથી આદિ લઈને જેનામાં જગતનું સ્ફુરણ નથી તે આકાશની સમાન સ્ફુરણથી શાંત થએલ છે. ઉત્તમ પુરૂષ તેથી મુક્ત થએલ કહે છે. ॥ ૧૭૦ ॥ હે રામજી ! સંપૂર્ણ અર્થોથી જેનું મન રહિત થયું છે તથા સર્વાત્મારૂપ થઈને જે સ્થિત થએલ છે તે સર્વ પ્રકારથી, સર્વ કાળમાં, ચારે, તરફ વિશ્વ શિવરૂપ બનેલ છે. ॥ ૧૭૧ ॥ હે રામ ! જે પુરૂષ વાસના રહિત થએલ છે, ભોગ પદાર્થોના રસથી રહિત થયેલ છે અને સર્વ પ્રકારની આ લોક તથા પરલોકની ઈચ્છાથી રહિત થએલ છે તેને વેદાંતશાસ્ત્ર વિના બીજું વિનોદનાં કારણ નિમિત્ત શું છે ? તેટલા માટે તે શાસ્ત્રાર્થના વિચાર તથા સજ્જનોના સત્સંગથી મુક્ત થએલ છે અને નિર્મળ અંતઃકરણવાળા પુરૂષને પદાર્થોનાં સ્ફુરણનો સંબંધ નથી. એજ તત્વજ્ઞાનનું સ્વરૂપ અમે લોકોએ માનેલું છે. ॥ ૧૭૨ ॥ હે રામચંદ્ર ! તત્વજ્ઞ પુરૂષના સ્વભાવરૂપી સૂર્ય જેમ જેમ સ્થિર થાય છે તેમ તેમ ભોગ વાસનાનો અંધકાર ગળિત થાય છે. અને 'સત્ય છે, અસત્ય છે' એવી પ્રતીતમાં તે થતો નથી. ॥ ૧૭૩ ॥ હે રામજી ! આ જગત્; વિવેક તથા અવિવેકથી પ્રકાશમાન છે અને અસત્યરૂપ છે. અવિવેકથી પણ સમાન છે અને વિવેકથી અસત્ય છે. ॥ ૧૭૪ ॥ હે રામ! વિવેકથી પૂજાયલો આ આત્મા તત્કાળ મોટું વરદાન આપે છે. કે જે વરદાનમાં વિષ્ણુ—રૂદ્ર—ઈંદ્રાદિકની પૂજાનાં ફળ સૂકાં તૃણ તુલ્ય પણ થતાં નથી. ॥ ૧૭૫ ॥ આત્માજ પરમ દેવતા છે. તે વિચાર—સત્સંગ તથા શમાદિક પુષ્પોથી પૂજાયલા તત્કાળ મોક્ષરૂપી વરદાન આપે છે. તેથી આપણો આત્માજ પરમેશ્વર છે. ॥ ૧૭૬ ॥ હે રામ-

ચંદ્ર! મહાત્મા પુરૂષોનાં કરેલાં દેવ પૂજન, તપ, તીર્થ અને દાન પણ અવિવેકથી ભસ્મમાં કરેલા હોમની માફક વૃથા થાય છે. ॥ ૧૭૭ ॥ હે રામજી! અને જો વિવેકરૂપી દેવ પૂજાદિક ઊત્તમ ફળ આપે છે તો વિવેકનેજ અંતઃકરણમાં સિદ્ધ કેમ કરવો નહિ? અર્થાત્ કરવો. ॥ ૧૭૮ ॥ હે રામ! ગમે તેવી રીતથી વિવેકની અંતઃકરણમાં દૃઢતા પ્રાપ્ત કરવી કે જેથી ફરીને અનેક ભ્રમોથી પણ તે નાશ પામે નહિ. ॥ ૧૭૯ ॥ હે રામચંદ્ર! વિચારવાન્ પુરૂષ; જેવી મળે તેવી સ્થિતિમાં રહે છે, જ્યાં ખુશીથી બની આવે ત્યાં જાય છે અને જેવાં બને તેવાં કર્માકર્મ કરતાં મોક્ષ સિદ્ધિને પામે છે. ॥ ૧૮૦ ॥ હે રામજી! અથવા જે, સંતજન છે તે સર્વ ત્યાગ કરીને શાંત તથા ઊજ્વળ થાય છે, તેનું અંતઃકરણ એક એકાન્તમાંજ સ્થિર થાય છે અને ચિત્રમાં ચિત્રેલ જેવા બહ્ આત્મચિંત્વનમાં સ્થિર થાય છે. ॥ ૧૮૧ ॥ હે રામ! જેમ જન્મથીજ આંધળા પુરૂષ બીજા લોકોથી સાંભળીને નેત્રવાળા પુરૂષનાં રૂપનું તથા અનુભવનું વર્ણન કરે છે પણ પોતે જાણતો નથી તેથી અંતઃકરણમાં સંતાપ પામે છે તેમ અજ્ઞાની પુરૂષ નિર્વાણનું વર્ણન પોતે નહિ જાણવાથી સંતાપ પામે છે. ॥ ૧૮૨ ॥ હે રામચંદ્ર! જે પુરૂષ અજ્ઞાનરૂપી જ્વરથી મુક્ત થએલ છે અને જેનું અંતઃકરણ શીતળ થએલું છે તેનું પ્રગટ લક્ષણ એ છે કે તેને ભોગરૂપ જળ રૂચિ કર્તા થતું નથી. ॥ ૧૮૩ ॥ હે રામજી! તમે; ચૈતન્યસત્તાનું આકાશ બની જાઓ, પરમાનંદનું પાન કરો, સંપૂર્ણ શંકાનો ત્યાગ કરી સ્થિત થઇ જાઓ અને નિર્વાણ નામના આનંદ વનમાં સ્થિર થઈ જાઓ. ॥ ૧૮૪ ॥ હે રામ! ચિત્તરૂપી

ભૂમિકામાં સમાધિનું જે બીજ છે તે સંસારનાં નિર્વાણ સુખ થઈ પડે છે. તે ચિત્તભૂમિકા કેવી છે કે વિવેક સહિત છે, જ્યાં વિવેકી જનોનું વન છે ત્યાં તે ચિત્તરૂપી નિર્વાણ બીજને ઊગાડવા વાસ્તે શુદ્ધ તથા પુષ્ટ ઊત્તરોત્તર કરવાવાળી છે, મધુર છે અને પોતાનું હિત કરવાવાળું એવું બોધના અભ્યાસરૂપી અમૃત જળથી સિંચન કરવા યોગ્ય છે. ॥ ૧૮૫ ॥ તે અમૃત જળ; સત્સંગરૂપી નવું દૂધ છે, ચંદ્રમાનાં કિરણોની સમાન શીતળ છે, અંતઃકરણથી સંસારની શૂન્યતા કરી દે છે, આનંદથી પૂર્ણ છે, નિર્મળ છે, અમૃતની માફક ઠંડું છે અને અમૃતરૂપી નહેરથી પ્રગટ થએલ એવું શાસ્ત્રાર્થરૂપી જળ છે તથા સંસારની નિર્વાણ શાંતિ કરે છે એવો ધ્યાનરૂપી રસ છે વળી તે યત્નથી.સેવન કરવા યોગ્ય છે. ॥૧૮૬॥ હે રામચંદ્ર ! તેની તપરૂપી કમર કાપવા યોગ્ય છે, પદાર્થ ચિંતારૂપી કાંટો તોડી નાંખવા યોગ્ય છે અને તીર્થોમાં વિશ્રામ કરવારૂપી પવન દેવા યોગ્ય છે કે જેમ કરેથી નિર્વાણનો અંકુર ઊભો થાય છે. ॥ ૧૮૭ ॥ હે રામજી ! તેની રક્ષા કરવાવાળો માળી, ગુરૂ—શાસ્ત્રના ઊપદેશવાળો તથા શીતળ અંતઃકરણવાળો મુમુક્ષ પુરૂષ છે. તેનું સંતોષ એવું નામ છે તથા આત્મતુષ્ટિને આપવાવાળી મુદિતા નામની સ્ત્રીથી તે યુક્ત છે. ॥ ૧૮૮ ॥ હે રામ ! અને સંપત્તિરૂપી જે સ્ત્રી છે તે તરંગોનાં સ્ફુરણ સમાન ચંચળ છે અને તેજ પાપ કર્મરૂપી ઘનમંડળથી પ્રગટ થએલ ભોગ—તૃષ્ણારૂપી વિજળી થઇને પડે છે તેથી નિર્વાણ વૃક્ષ દગ્ધ થઇ જાય છે. ॥ ૧૮૯ ॥ હે રામચંદ્ર ! નિર્વાણ વૃક્ષને સુકાવનાર સંસારની આપત્તિ તથા સંપત્તિરૂપી વિઘ્ન છે તેને દૂર કરવા વાસ્તે ધીરતા,

ઉદારતા, જપ—સ્નાન—દાન—ઓંકારાદિ મંત્ર અને શિવજીનું ધ્યાન કરવું. તેમ કરી તે વિઘ્ન હઠાવવું અને નિર્વાણ વૃક્ષની રક્ષા કરવી. ॥ ૧૯૦ ॥ હે રામજી! એવી રીતે રક્ષણ કરેલાં તે ધ્યાનબીજમાં વિવેકરૂપી અંકુર ફુટે છે, તે પોતાની શોભાથી પ્રસિદ્ધ થાય છે, સમૃદ્ધિ યુક્ત થાય છે, તે અંકુરથી એક શાસ્ત્રવિચાર તથા બીજું સત્સંગ એવાં બે પાંદડાં નીકળે છે, અંતઃકરણની સ્થિરતારૂપી તેનું ઝાડ થાય છે, સંતોષથી કરીને તેનો વિસ્તાર થતાં વૈરાગ્ય રસથી પૂર્ણ થાય છે, શાસ્ત્રાર્થ—સત્સંગ તથા વૈરાગ્ય રસથી તે સ્થૂળ થાય છે અને રાગ—દ્વેષરૂપી વાંદરાઓના ક્ષોભથી એ કિંચિત્‌માત્ર પણ કંપાયમાન થતું નથી. ॥ ૧૯૧ ॥ હે રામ! તે વૃક્ષની; પ્રગટ વચન વદવાં, સત્ય બોલવું, સત્યરૂપ લાગવું, ધીરતા, નિર્વિકલ્પતા, સમતા, શાંતતા, મૈત્રી, કરૂણા, કીર્ત્તિ, વિશાળતા, અધીનતા, એવાં એવાં ઉત્તમ ગુણવાળાં જેનાં પાંદડાં છે એવી એક લતા—વેલ છે અને તે યશરૂપી પુષ્પથી યુક્ત થાય છે કે જેથી તે કલ્પવૃક્ષ, કલ્પલતા યુક્ત હોય તેવું જણાય છે. ॥૧૯૨॥ હે રામચંદ્ર! એવાં તે નિર્વાણ વૃક્ષની છાયામાં મુમુક્ષુરૂપી મુસાફર આવીને બેસે છે કે જેની દૈવયોગને લીધે પ્રથમ કરેલી પ્રારબ્ધ—કર્મરૂપી યાત્રાની મજલ પૂરી થાય છે અને જેમ કોઈ પ્રવાસી મારવાડના પ્રદેશમાં વિરક્ત થાય છે તેમ પુણ્ય કર્મોથી ભોગો વિશે તે પ્રવાસીને વિરક્તતા આવે છે. ॥ ૧૯૩ ॥ હે રામચંદ્ર! જે અંતઃકરણમાં તત્વ વિચારથી પૂર્ણ થએલ છે, વ્યવહારમાં ક્ષણ થયા જેવો છે, સંસારની વૃત્તિઓમાં નિદ્રા યુક્ત જેવો છે, અંતઃકરણમાં આનંદથી પૂર્ણ મનવાળો છે અને ઇંદ્રિઓની વિષય

વાસનામાં મૌન પામેલો છે એવો પુરૂષ વિવેક વૃક્ષની છાયામાં સ્થિતિ કરવા વાસ્તે જાય છે. તેમજ વિષયોમાં પરમ તૃષ્ણા રહિત પણાંને સમાધાનં કહેવાય છે. તે જેણે ધારણ કરેલું છે તે મનુષ્ય-રૂપી છતાં પરમ બ્રહ્મજ છે તેને તે નમસ્કાર કરે છે. ॥ ૧૯૪ ॥ હે રામજી! વિષયોથી તૃષ્ણાનો જે અત્યંત ત્યાગ કરવો છે તે વજ્રના સમાન અભેદ્ય છે તથા સંપૂર્ણ વાસનાજાળને પૂર્ણ કરવા-વાળું વજ્ર નામનું ધ્યાન છે. તે ધ્યાનથી તથા તત્વજ્ઞાનથી ભેદ ગળિત થઇ જાય છે. તો પછે તૃણ સમાન બીજાં ધ્યાનથી શું અર્થ થાય તેમ છે? ॥ ૧૯૫ ॥ હે રામજી! તત્વ વિવેકી પુરૂષ; શાસ્ત્ર શ્રવણ—પાઠ કરવા—જપ કરવાના અંતમાં સમાધિમાં તત્પર થાય છે વળી સમાધિના અંતમાં પણ શાસ્ત્ર શ્રવણ—પાઠ—જપ કરે છે. બીજાં વૃથા કૃત્યમાં તે આસક્ત થતા નથી. ॥ ૧૯૬ ॥ હે રામ! બાગ—બગીચામાં પુષ્પ સમૂહથી શોભાયમાન વૃક્ષ—લતાનાં કુંજ-વનમાં તડકા તથા ગરમી રહિત થતાં આનંદ યુક્ત જેવો વિશ્રામ પ્રાપ્ત થતો નથી તેવો વિશ્રામ સંતજનોના સમાગમથી થાય છે. ॥ ૧૯૭ ॥ હે રામ! વસંત રૂતુ, નંદન વન, શરદ્ રૂતુનો ચંદ્રમા અને સ્વર્ગની અપ્સરા, એ સર્વથી ઉત્પન્ન થતો આનંદ એક બાજુ હોય અને સંતોષરૂપી અમૃતનો આનંદ બીજી બાજુ હોય તેમાં પણ સંતોષામૃતના આનંદ સમાન પ્રથમ કહેલો આનંદ થતો નથી. ॥ ૧૯૮ ॥ હે રામચંદ્ર! દ્રવ્યનું ઉપાર્જન કરવામાં તથા તેની રક્ષા કરવામાં મહા કૃપણતા તથા દીનતા છે એમ જાણતાં છતાં પણ જે મૂઢબુદ્ધિ પુરૂષ દ્રવ્યમાં ઈચ્છા રાખે છે તેને મનુ-ષ્યમાં પશુ સમાન સમજવો અને તેનો સ્પર્શ પણ કરવો નહિ.

॥ ૧૯૯ ॥ હે રામજી! હે મહા બુદ્ધે!! જે મનુષ્ય, પરમેશ્વરને રાત–દિવસ હરહમેશ ભક્તિ કરી પ્રસન્ન કરે તેને પરમેશ્વર નિર્વાણ આપે છે. ॥ ૨૦૦ ॥ હે રામ! જે પુરૂષ, મનના બહારનાં પ્રારંભને તથા અંદરના પ્રારંભને તૃષ્ણાત્યાગરૂપી શસ્ત્રથી છેદન કરે છે તેનું ખેતી છેદનથી જેમ ખેતીનું ખેતર પ્રગટ થાય છે તેમ ઇચ્છા, દ્વેષ, સુખ–દુઃખ, બુદ્ધિ, ધૈર્ય, મહાભૂત અને અહંકાર, ચિત્ત મહતત્વ એવી રીતનું ખેતર તત્વજ્ઞાનથી પ્રગટ પ્રતીતિદ્વારા પ્રકાશમાન થાય છે. તેટલા માટે તે પુરૂષ ક્ષેત્રજ્ઞ કહેવાય છે. ॥ ૨૦૧ ॥ હે મહાબુદ્ધે! ઇશ્વર દૂર નથી તેમ તે દુર્લભ પણ નથી. મહાતત્વ બોધજ જેનું રૂપ છે એવો આપણો આત્માજ પરમેશ્વર છે. ॥ ૨૦૨ ॥ હે રામચંદ્ર! તે મહાત્મા પ્રસન્ન થાય છે, તેજ મહાદેવ છે અને તેજ પરમેશ્વર છે. વળી તે પ્રસન્ન થઇને વિવેકરૂપી દૂતને પ્રેરણા કરે છે. તેનાં એવાં શુભ ચરિત્રોથી તેને પવિત્ર જાણવો. ॥ ૨૦૩ ॥ તે વિવેક રૂપી દૂત તેને શુદ્ધ સમજીને તેના હૃદયરૂપી મંદિરમાં આત્મારૂપી પરમેશ્વરને પ્રાપ્ત કરે છે ત્યારે જેમ નિર્મળ આકાશમાં ચંદ્રમા શોભે છે તેમ હૃદયમાં આત્મા આનંદથી નિવાસ કરે છે. ॥ ૨૦૪ ॥ હે રામજી! એ તત્વવેત્તા વિવેકી પુરૂષે; વિવેકનાં બળથી આત્માને હૃદયમાં સ્થિર કરવો, મોહનિદ્રાનો ત્યાગ કરવો, વાસના સમૂહના મળને દૂર કરવો અને સંસારની વાસનાનું ઘનપિંજર બોધમુદ્ગરથી ત્રોડીને પોતાના સ્વરૂપાનંદના ઉદયમાં સાવધાન રહેવું. પરંતુ અજ્ઞાની પુરૂષની સમાન જડ થવું ઉચિત નથી. ॥ ૨૦૫ ॥ હે રામ! આ જે દશ દિશામાં દેખાતા મનુષ્ય, નાગ, દેવતા, અસુર, પર્વત અને ગંધર્વાદિકના

નામથી પ્રસિદ્ધ છે તે કેટલાક સ્વપ્ન–જાગરણવાળા છે, કેટલાક સંકલ્પ–જાગરણમાં છે, કેટલાક કેવળ જાગરણમાં છે, કેટલાક ઘણા વખતથી જાગરણમાં છે, કેટલાક ઘણાં જાગરણમાં છે, કેટલાક જાગ્રત સ્વપ્નમાં છે અને કેટલાક ક્ષીણ જાગરણમાં છે. એવી રીતના સાત પ્રકારના જીવ છે. ॥૨૦૬॥ હે રામચંદ્ર! કોઇક, કોઇ કલ્પમાં થયા; કોઇક, કોઇ સૃષ્ટિમાં થયા; કોઇક, કોઇ જગતમાં થયા અને કેટલાક પાછળના કલ્પમાં સૂતેલા છે તે હજુ સુધી જાગેલા નથી. ॥૨૦૭॥ જે આ જગતને સ્વપ્ન સમજે છે, તેને આ જગત સ્વપ્ન છે. અને તે જીવોને તું સ્વપ્નં–જાગ્રતમાં જાણ, જીવનના કથા પ્રસંગની સમાન જે જીવે છે; તે જીવવાનું જેને અભિમાન નથી તે જીવનને સ્વપ્ન જાણે છે. ॥ ૨૦૮ ॥ જે પુરૂષ કોઇક કલ્પમાં સુઇ ગયેલ છે અને તે સૃષ્ટિમાં તેને જે સ્વપ્ન થયું તે આ અમારી સૃષ્ટિનો વ્યવહાર છે. તેઓનાં સ્વપ્નાનાં મનુષ્ય અમે છીએ. ॥ ૨૦૯ ॥ હે રામચંદ્ર! કોઈ પાછળના કલ્પમાં કોઇ લોકમાં કોઈ દેશમાં કોઈ પ્રાણી નિદ્રા રહિત છે તથા કેવળ મનના સંકલ્પમાં તત્પર છે, ફરી તે સંકલ્પના અંતમાં બીજા સંકલ્પો કરે છે, તેના સંકલ્પના પુરૂષ આ અમે લોક સ્થિત થયા છીએ. ॥ ૨૧૦ ॥ હે રામજી! કેટલાક; જ્ઞાનની અથવા યોગની આદિ સૃષ્ટિમાં સૃષ્ટિકર્ત્તા બ્રહ્માની સાથે અવતાર પામે છે તથા બ્રહ્માના દિનરૂપી કલ્પના આદિ–અંતમાં ઉત્પત્તિ–વિનાશ રહિત છે અને સૃષ્ટિના પ્રવાહથી જગતમાં અરેંટના ઘડા સમાન આવી પ્રાપ્ત થાય છે–પ્રથમની સૃષ્ટિના જન્મવાળા છે તે કેવળ જાગ્રતાવસ્થાવાન્ છે. ॥ ૨૧૧ ॥ હે રામ! જે જીવ; જન્મ જન્માંતરને પ્રાપ્ત થએલ છે,

પોતાના સ્વભાવના સંસ્કારથી પાછળના જન્મ જન્માંતરના જ્ઞાન સહિત થએલ છે, કોઈ કાર્ય-કારણથી સંસારમાં પ્રાપ્ત થએલ છે અને આત્મજ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત થએલ છે તે હંરહમેશ જાગ્રતમાં છે. ॥ ૨૧૨ ॥ હે રામચંદ્ર! કોઈ પ્રાણી જ્ઞાનને પ્રાપ્ત થએલ છે પરંતુ કોઈ દુષ્ટ કર્મના વેગથી વૃક્ષાદિક જડ ભાવને પ્રાપ્ત થાય છે. તો પણ અંતઃકરણમાં જ્ઞાનથી ઘણાં જાગરણ જેવી જેની અવસ્થા છે તે ઘનજાગ્રતમાં છે. ॥ ૨૧૩ ॥ હે રામજી! જે જીવ શાસ્ત્રાર્થના વિચારથી સત્સંગે કરીને બોધ પામેલ છે એવા જે તત્વવેત્તા છે તે જાગ્રતને તથા સ્વપ્નને સમાન સમજે છે તે જાગ્રંતસ્વપ્નમાં છે અને જ્ઞાનની ન્તે કેવળ ભૂમિકામાં છે. ॥ ૨૧૪ ॥ હે રામ! જે બોધને ઉત્તમ રીતે પામી રહે છે, પરમ પદમાં વિશ્રાંતિને પ્રાપ્ત થએલ છે અને જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિથી રહિત છે તે તુરીયાવસ્થામાં છે તથા તે જીવન્મુક્ત છે. ॥ ૨૧૫ ॥ હે રામચંદ્ર! આ સાતે પ્રકારના જીવોના ભેદ મેં તારા પ્રતિ કહ્યા છે તે સમુદ્રની સમાન કહેવા-જાણવામાં અગાધ છે. એને જાણીને પોતાના કલ્પમાં સાવધાન રહે. ॥ ૨૧૬ ॥ હે રામજી! જેટલાં સ્થાવર-જંગમ-જડ-ચૈતન્ય-જંગતના પદાર્થોના સમૂહ છે તે જેમ જાગ્રતાવસ્થામાં પ્રતીત થાય છે અને જેમ સ્વપ્નામાં નગરાદિક અસત્ય પ્રતીત થાય છે તથા સંપૂર્ણ કેવળ સ્વપ્ન માત્ર છે તેમ તે કેવળ ચૈતન્યજ પરમાકાશરૂપ છે. ॥ ૨૧૭ ॥ હે રામ! આ પ્રસંગમાં એક મારાથી પાષાણાખ્યાન કથા પ્રસંગનું શ્રવણ કર. તે કથાપ્રસંગ કથાના રસવાળો છે, પ્રથમ મેં જોએલ છે, આશ્ચર્યરૂપ છે અને પ્રસંગને યોગ્ય છે. ॥ ૨૧૮ ॥ હે રામચંદ્ર!

હું કોઇ કાળમાં અત્યંત વિરક્ત થતાં ત્રિલોકીમાં અનેક પ્રકારના વિક્ષેપોથી વ્યાકુળ થએલાં મનમાં ચિંતા કરતો દૂર દેશમાં વિક્ષેપ રહિત સ્થાન જોઇ આકાશના ખૂણામાં સુંદર પર્ણકુટિ બનાવીને તેની અંદર દૃઢ સમાધિમાં સ્થિત થયો. ॥ ૨૧૯ ॥ સો વર્ષ પછે તે સમાધિથી જાગ્રત થયો તે વખતે પ્રાણાયામ ઉતરવાથી જાગ્રતાવસ્થાનાં જ્ઞાનનાં અંશને હું પ્રાપ્ત થયો ત્યારે અહંકાર નામનો પ્રસિદ્ધ પિશાચ પોતાની ઇચ્છારૂપી અંગના સહિત દેહરૂપી ઘરમાં આવી પ્રાપ્ત થયો અને જેમ ઉગ્ર પવન વૃક્ષને ઉખેડી નાંખે છે તેમ જ્ઞાનના અંશના લયને પ્રાપ્ત થવા લાગ્યો. ॥ ૨૨૦ ॥

શ્રી રામચંદ્રે પ્રશ્ન કર્યો કે:—હે બ્રહ્મન્! તમે સદા નિર્વાણના ઉદય સહિત છો. એવા તમને પણ અહંકાર નામનો પિશાચ બાધા કરે છે. એ મને સંદેહ થયો છે તે તમે શાંત કરો. ॥ ૨૨૧ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કે:—હે રામચંદ્ર! અહંભાવના આધાર વગર જ્ઞાનીની તથા અજ્ઞાનીની દેહસ્થિતિ બનતી નથી. ॥૨૨૨॥ હે રામજી! એની અંદર અજ્ઞાનીથી વિશ્રાંત ચિત્તવાળા જ્ઞાનીની વિશેષતાનું શ્રવણ કર કે જેથી તારો અહંભાવરૂપી પિશાચ શાંત થશે. ॥ ૨૨૩ ॥ હે રામ! આ અહંભાવ નામનો પિશાચ અસત્ય છે તથાપિ અજ્ઞાનરૂપી બાળકે તે કલ્પેલો છે અને તેથીં તે સ્થિત રહ્યો છે. ॥ ૨૨૪ ॥ હે રામચંદ્ર! અજ્ઞાન પણ અસત્ય નથી પણ જેમ દીપકથી અંધારૂ દૂર થાય છે તેમ વિચારવાળા પુરૂષના જોવા માત્રથી ક્ષીણ થઇ જાય છે. ॥ ૨૨૫ ॥ હે રામજી! અજ્ઞાનરૂપી પિશાચિણી જેમ જેમ વિચાર પૂર્વક જોવાય છે તેમ તેમ લીન થઈ જાય છે. ॥ ૨૨૬ ॥ હે રામ! આ અજ્ઞાન છતાં મન-

સહિત પાંચ ઇંદ્રિઓનાં સ્વરૂપ વાળું છે અને ઈંદ્રિઓથી પ્રત્યક્ષ સ્વરૂપે કરીને સાકાર પ્રતીત થાય છે. તે સાકારનું નિરાકાર કેવી રીતનાં કારણથી થાય છે? કેમકે નિરાકાર છતાં મનસહિત પાંચ ઈંદ્રિઓની ગોચરતાથી પર છે. ॥ ૨૨૭ ॥ હે રામચંદ્ર! સંકલ્પરૂપી આકાશમાં જે કાંઈ વૃક્ષાદિક અથવા સંપૂર્ણ આકાશાદિક જે જોવામાં આવે છે તે સંકલ્પજ તે રૂપથી પ્રતીત થાય છે. તે સંકલ્પના પદાર્થમાં પદાર્થ સત્તા નથી. ॥ ૨૨૮ ॥ હે રામજી! એવી રીતથી ચૈતન્યરૂપી આકાશમાં સૃષ્ટિઆદિ જગતનો અનુભવ થાય છે તે શૂન્યરૂપી આકાશમાં સૃષ્ટિની અખંડ સ્થિતિ સંકલ્પથીજ ભાસે છે. ખરેખરી રીતે નથી. ॥ ૨૨૯ ॥ હે રામ! એવી ભાવના સ્થિત થવાથી સૃષ્ટિ ક્યાં છે? અવિદ્યા ક્યાં છે? અને અજ્ઞાનની મૂઢતા ક્યાં છે? અર્થાત્ તે માંહેનું કાંઈ નથી. ॥ ૨૩૦ ॥ હે રામચંદ્ર! મેં; આત્મ વિચારથી સંપૂર્ણ પ્રશાંત તથા ચિત્તસત્તાથી પરિપૂર્ણ આનંદઘન બ્રહ્મ જાણેલ છે. તેમાં અહંકારાદિ કાંઈ નથી. એવી રીતે તમામ નિષ્કળ સમજ્યો છું તેથી અહંકાર વર્તમાન છે તથાપિ શરદ્ ઋતુની ઘનઘટાની પેઠે નિષ્કળ જાણ્યો છે. ॥ ૨૩૧ ॥ હે રામજી! જ્યારે હું સો વર્ષ સમાધિ કરવા લાગ્યો ત્યારે પ્રાણાયામના વેગથી એક શબ્દ થયો. તે શબ્દ કરવાવાળાને જાણવા વાસ્તે ચિદાકાશની ધારણામાં સ્થિત થયો. તેથી તે ધારણામાં અનેક સૃષ્ટિ પોતામાં ભિન્ન ભિન્ન લક્ષણવાળીઓ જોવા લાગ્યો અને તેમાં આર્યા છંદ બોલતી એક સુંદરીને જોઈ. ॥ ૨૩૨ ॥ હે રામ! આ સંસારની પ્રતીતિ અસત્યજ પ્રતીત થાય છે અને ચૈતન્યતાથી રહિતજ મોહવાળાને તે

વ્યાપ્ત થાય છે. મેં તેનું અવલંબન કર્યું તો જાણ્યું કે જાણે, કોઈ સ્ત્રી આકાશમાં નૃત્ય કરતી હોય તેમ ભમતી જોઇ. "તમને બોલાવું છું." ॥ ૨૨૩ ॥ હે રામચંદ્ર! એવું કહેતી તે સ્ત્રીનો અનાદર કરીને હું ફરી ચિદાકાશની ધારણા કરવા લાગ્યો. ત્યાં ચિદાકાશની સત્તામાં હું પ્રલયાદિક જોવા લાગ્યો. ॥ ૨૩૪ ॥ તે ચિદાકાશમાં; ઇંદ્રોના અનેક સહસ્રોને, બ્રહ્માની શત કોટીને, વિષ્ણુના અનેક લક્ષોને અને કલ્પોની કોટી પદ્મોને પ્રલયમાં પ્રાપ્ત થએલ જોવા લાગ્યો. ॥ ૨૩૫ ॥ હે રામજી! તેને ક્યારેક જ્ઞાન રહિત ભૂલોકમાં સુર્ય વગર દિવસ-રાત્રી તથા કલ્પ-યુગ-વર્ષ મર્યાદા રહિત જગતના ઉદય-અસ્તને જોવા લાગ્યો. ॥ ૨૩૬ ॥ વળી તેમાં મારા સમાન વસિષ્ઠ નામવાળા બ્રહ્માના અનેક પુત્ર મુનિશ્વર મારાથી પણ ઉત્તમને દેખવા લાગ્યો. ॥ ૨૩૭ ॥ ત્યાં અનેક બ્રહ્માંડોમાં જગતનાં લાખોમાં અનેક નામરૂપ ધારણ કરતા અનેક પ્રાણીઓને જોયાં ॥ ૨૩૮ ॥ ત્યાં મેં; ચંદ્રબિંબ ગરમી સહિત જોએલ છે, સુર્યબિંબ શીતળ દેખેલ છે; વિષ ખાવાવાળા જીવતા જોએલ છે, અમૃતપાન કરવાવાળા મૂએલા જોયા છે, પત્ર-પુષ્પોથી શોભિત વૃક્ષોનાં વનો આકાશમાં દેખેલાં છે, રેતિને પીલવાથી તેલ તથા ઘી નીકળતાં જોએલ છે અને પાષાણની શિલામાં કમળનો ઉદય થતાં દેખેલ છે. ॥ ૨૩૯ ॥ હે રામચંદ્ર! તે ચિદાકાશ કેવો છે? કે જે અંતરથી રહિત છે, આકાશથી પણ પરમાકાશ છે, અંત વગરનો છે, ઉદયથી રહિત છે, તે અનેક ચિંતાઓની સંખ્યા વગરનો છે અને અનેક જગતસૃષ્ટિઓ વિનાનો છે. ॥ ૨૪૦ ॥ હે રામજી! ત્યાં એક એક આકાશ પ્રતિ અનેક

સંસારોનાં મંડળ છે, તે સંસાર મંડળમાં અનેક લોક છે, તે લોકોમાં અનેક દ્વીપ છે, તે દ્વીપોમાં અનેક પર્વતો છે, તે પર્વતોમાં અનેક દેશ છે અને તે દેશોમાં અનેક ગામો તથા નગરો છે. ॥ ૨૪૧ ॥ હે રામ! તેમાં એક એક પ્રતિ અનેક અને અનેકોમાં વિશેષ્ય અનેક, કલ્પ તથા અનેક યુગોનાં સહસ્ત્ર દેખેલ છે. ॥ ૨૪૨ ॥ હે રામચંદ્ર! જેટલાં જીવતત્વ જ્ઞાનથી રહિત છે તથા મોક્ષને પ્રાપ્ત થયાં નથી તે સર્વે જે જે મરી ગએલ છે તે, તે સૃષ્ટિઓમાં તમામ અનેક રીતે વર્ત્તમાન છે. ॥ ૨૪૩ ॥ હે રામજી! એટલા માટે તે તમામ સંસારો પોત પોતામાં ભિન્ન છે અને પોત પોતાના પ્રવાહરૂપથી અખંડ વર્ત્તે છે. ॥ ૨૪૪ ॥ હે રામ! તે સંસારની અંદર જે જીવો છે તેમાં એક એક પ્રતિ એક એક મન છે, એક એક મન પ્રતિ એક જગત્ છે અને એક એક જગત્ પ્રતિ અનેક અનેક મન છે. ॥ ૨૪૫ ॥ હે રામચંદ્ર! એવી રીતથી આ જગતનો ભ્રમ આદિ–અંત વગરનો છે તે બ્રહ્મવેત્તા જનોના પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મજ છે અને તેની સંખ્યાની મર્યાદા નથી. ॥ ૨૪૬ ॥ હે રામજી! એ પ્રકારથી હું ચિદાકાશમાં અનેક રીતથી સંસારના ભ્રમને જોઇ રહ્યો હતો ત્યાં તે વિદ્યાધરી સ્ત્રી મારી પાસે ઉભી હતી. તેને જોઇને મેં કહ્યું કેઃ–તું કોણ છો? આંહીં કેમ આવી છો? અને તારૂં સ્થાન ક્યાં છે? તે કહે. ॥૨૪૭॥

હે રામચંદ્ર! ત્યારે તે વિદ્યાધરી મારી પાસે કહેવા લાગી કેઃ–હે મુને! લોકાલોક પર્વતની ઉત્તર દિશાને કિનારે પહેલાં શિખરની શિલામાં એક સંસાર છે, તેમાં એક બ્રાહ્મણ છે, તેના મનથી કલ્પિત કરેલી હું સ્ત્રી છું, સર્વ સિદ્ધિવાળી છું, સર્વસિ-

ક્ષિમતી મારૂં નામ છે, તે બ્રાહ્મણે મને પોતાથી વિરક્ત કરી છે, તે વિરકત થએલાને જોઇને હું પણ વિરકત થઇ છું અને હું તારે પાસે પ્રાપ્ત થઇ છું. ॥ ૨૪૮ ॥ હે મુને! તે મારો ભરથાર વેદાના અર્થનું એકાંતમાં ચિંત્વન કરે છે, સંપૂર્ણ વિષય ભાવનાથી રહિત થયેલ છે અને કાળે કરીને જગતમાં જવા-આવવાને જાણતો નથી. ॥ ૨૪૯ ॥ હે મુને! તેથી મારો સ્વામિ તત્વવેત્તા પણ છે પરંતુ કેવળ વેદાનો અર્થ માત્રજ વિચારે છે, આત્મચિંતન વગરનો છે તેથી તે પરમપદ પામેલો નથી અને એટલા માટે હું પણ તથા મારો સ્વામિ પણ અમે બન્ને યત્નથી પરમપદને ચાહીએ છીએ. ॥ ૨૫૦ ॥ હે બ્રહ્મન્! તેથી હુ તમારી પ્રાર્થના કરૂં છું તેને તમે સફળ કરવા યોગ્ય છે. કેમકે મહાત્મા પુરૂષો વિશેની પ્રાર્થના નિષ્ફળ હોતી નથી. ॥ ૨૫૧ ॥ હે માન આપવાવાળા! હું અનેક સિધ્ધોની મંડળીમાં ભમતી ભમતી તમારા પાસે આવી છું. કેમકે તમારા વિના સંસાર દુઃખને નિર્વાણ કરવાવાળા મને કોઇ પ્રતીત થયા નથી. ॥ ૨૫૨ ॥ હે મુને! સંતજન પોતાનાં કાર્યનાં નિમિત્ત વગર અર્થી જનોની વાંચ્છના પૂરી કરે છે. તેથી હું પણ શરણાગત થઇ છું. મારો અનાદર કરવા તમે યોગ્ય નથી. ॥ ૨૫૩ ॥

શ્રી વસિષ્ઠજી કહે છે કેઃ—હે રામજી! શિલામાં સંસાર કેમ હોય? એવાં આશ્ચર્યથી વ્યાકુળ થએલો હું તે વિદ્યાધરીની સાથેજ આ સંસારને ઉલ્લંઘી લોકાલોકાચળનાં શિખરની શિલાને પ્રાપ્ત થયો અને તે વિદ્યાધરીને પૂછવા લાગ્યો કે આંહીં સંસાર કયાં છે? ॥ ૨૫૪ ॥ ત્યારે વિદ્યાધરીએ કહ્યું કેઃ—હે મુને! આ અમને

જગત્ પ્રથમથીજ બનેલું છે તે મને પ્રગટ પ્રતીત થાય છે અને જેવી રીતે દર્પણમાં પ્રતિબિંબ થાય છે તેવી રીતે અંતઃકરણમાં પ્રતીત થાય છે. ॥ ૨૫૫ ॥ હે બ્રહ્મન્! આ અંતઃકરણમાં સંકલ્પની કથારૂપી પીડા ઘણા વખતથી વૃથાજ ઉદય થઇ છે એનાથી આત્મસુખ નિર્મળ પણ છે અને વિશાળ પણ છે તથાપિ વિસ્મૃત થયું છે. ॥ ૪૫૬ ॥ હે મુને! તેથી આ સંસાર ભ્રમ—જડરૂપી અંતઃકરણમાં સંકલ્પના અભ્યાસથી પ્રતીત થયું છે અને જે શુદ્ધ ચૈતન્ય માત્ર આકાશરૂપી છે તેનાં ચિંતવનનો જે અભ્યાસ છે, તેના આનંદનો જે રસ છે તેથી પુરૂષ તદ્રૂપ થાય છે જેથી સંકલ્પનાં સ્ફુરણની અવધિ થઈ જાય છે. ॥ ૨૫૭ ॥ હે મુને! જો સુદ્ધ ચૈતન્યસત્તાથી આનંદ.રસ થાય નહિ તો શાસ્ત્રોએ કરીને તથા સંન્યાસે કરીને કાંઈ થતું નથી. આત્મચિંતન વગરનો જે આનંદ રસ થાય છે તે ન થવા બરાબર છે વાસ્તે શુદ્ધ ચિત્કળાચિંતનનો અભ્યાસ કર. ॥ ૨૫૮ ॥ હે મહાબુધ્ધે! તું સર્વનો ગુરૂ છો અને હું તારી શિષ્યા છું, અબળા છું તથા બાળા છું. હું તુંને દેખું છું પણ તું હુંને દેખતો નથી. તું સર્વજ્ઞ છો તથાપિ તું હુંને જોઈ શકતો નથી. આ અંતઃકરણ શિલા જેવું જડ છે તેમાં સંકલ્પના અભ્યાસથી પ્રપંચ વિસ્તાર પામેલો છે. ॥ ૨૫૯ ॥ હે મુને! અભ્યાસથી અજ્ઞાની પણ તત્વવેત્તા થાય છે અને જડ પણ કાર્ય કરે છે. જેવી રીતે બાણ પણ અભ્યાસથી નિશાનપર જઈને લાગી રહે છે. આ તમામ અભ્યાસના વિલાસો છે. ॥૨૬૦॥ હે બ્રહ્મન્! પુણ્ય પણ અભ્યાસ વિના નિષ્ફળ થાય છે, સર્વે કળાઓ પણ અભ્યાસ વગર નિષ્ફળ થાય છે અને ભાગ્ય પણ

નિષ્ફળ થાય છે. તેથી અભ્યાસ કરવો એ કયારે પણ નિષ્ફળ થતો નથી. ॥ ૨૬૧ ॥ હે મુને! જેમ વાંઝણી સ્ત્રી પોતાના પુત્રને પામતી નથી તેમ જેણે અભ્યાનો ત્યાગ કરેલો છે તે ઈષ્ટ વસ્તુને કયારે પણ પ્રાપ્ત થતો નથી. ॥ ૨૬૨ ॥ હે બ્રહ્મન્! અભ્યાસથી અસાધ્ય પણ સિદ્ધ થાય છે, શત્રુ પણ મિત્ર થાય છે અને વિષ પણ અમૃત થાય છે. આ અભ્યાસ નામનો સૂર્ય, લોકોમાં પ્રકાશ થવાથી, વનમાં—સમુદ્રમાં તો શું પણ દૂર દેશાવરોમાં તથા સ્વર્ગાદિકમાં પણ એવું કાંઇ નથી કે જે અભ્યાસ કરવાવાળા વીર પુરૂષને સિદ્ધ થતું નથી. અભ્યાસથી લોકમાં ભય પણ અભય રૂપ થાય છે અને અભ્યાસથીજ સંપૂર્ણ પર્વતોની નિર્જન ગુફામાં નિર્ભય નિવાસ થાય છે. ॥ ૨૬૩ ॥ હે મુને! તેથી પ્રાચીન સંસ્કારથી બોધની ધારણાનો અભ્યાસ કરવાથી જગત્ તુને શિલામાં કમળની માફક અસંભવવાળું પ્રતીત થશે. ॥ ૨૬૪ ॥ હે બ્રહ્મન્! પ્રાચીન વાસનાના અભ્યાસથી આ જગત્ શિલામાં કમળ જેવું પ્રતીત થાય છે અને બોધના અભ્યાસ વગર તે સત્ય પ્રતીત થતું નથી વાસ્તે બોધનો અભ્યાસ અવશ્ય કરવો યોગ્ય છે. ॥ ૨૬૫ ॥

શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કેઃ—હે રામચંદ્ર! તે વિદ્યાધરીએ એવી યુક્તિ યુક્ત વચન કહ્યાં ત્યાર બાદ હું પદ્માસન બાંધીને સમાધિના અભ્યાસમાં ઉદ્યત થયો. ॥ ૨૬૬ ॥ હે રામજી! કેવળ ચૈતન્ય માત્રની એકાંત ભાવનાએ કરીને તમામ પદાર્થોની ભાવનાના ત્યાગથી જેટલા જે નામમાત્ર અહંભાવ હતા તે અહંભાવના અભ્યાસનો હું ત્યાગ કરવા લાગ્યો. ॥ ૨૬૭ ॥ હે રામ! તેથી સત્યરૂપ એક આત્માની એકાંત દૃઢ ભાવનાના અભ્યા-

સથી સમાધિ સ્થિર થઈ અને અહંભાવની ભ્રાંતિ અસ્ત થઈ. ॥ ૨૬૮ ॥ તે પછે જ્યારે હું પોતાના આત્માનો નિર્મળ પ્રકાશ જેવા લાગ્યો ત્યારે મને આકાશ અને અહંભાવ, શિલામાં કમળની ભ્રાંતિની માફક લયને પ્રાપ્ત થયા અને કેવળ પરમ બ્રહ્મસ્વરૂપ પ્રતીત થવા લાગ્યું. ॥ ૨૬૯ ॥ જેમ સ્વપ્નમાં પોતાના ઘરમાં મોટી શિલા દેખાય છે તે કેવળ પોતાના અંતઃકરણનું ચૈતન્યજ તદ્રૂપ થાય છે, ત્યાં કાંઇ શિલા નથી તેમ આ સંપૂર્ણ વિશ્વ શુદ્ધ ચૈતન્યજ છે તે તદ્રૂપ પ્રતીત થાય છે. ॥ ૨૭૦ ॥ હે રામચંદ્ર! પોતાના સંકલ્પનું સ્ફુરણજ અતિ વાહિક શરીરે કરીને પ્રથમ કહેલું છે તેજ માયાથી સત્યરૂપ સર્વત્ર વ્યાપ્ત થાય છે તેને તું આધિભૌતિક શરીરરૂપ થવાનું જાણ. ॥ ૨૭૧ ॥ હે રામજી! આ આધિભૌતિક શરીર આત્મ વિચારથી કાંઇ પ્રતીત થતું નથી પણ જેમ મારવાડના સ્થળમાં સુર્યનાં કિરણોથી જે સમુદ્ર પ્રતીત થાય છે તે પોતાના ચિત્તની ભ્રાંતિજ તદ્રૂપ પ્રતીત થાય છે, ખરા વિચારથા તે મિથ્યા જણાય છે એવું જાણવું. ॥ ૨૭૨ ॥ હે રામ! સર્વનું આદિ–સત્ય તથા પ્રત્યક્ષ પ્રતીત એવા આત્મવિચારનાં સુખનો ત્યાગ કરી જે કોઈ અસત્યરૂપથી તથા ભ્રમથી મધ્યમાંજ પ્રતીત થએલ કલ્પના માત્ર સુખની દૃઢતા માનીને મગ્ન થએલ છે તે પ્રત્યક્ષ પ્રાપ્ત થએલ શીતળ જળનો ત્યાગ કરીને રેતીની ચમકમાં ભ્રાંતિથી જણાતાં જળથી તૃપ્તિ ચાહે છે એવું સમજવું. ॥ ૨૭૩ ॥ હે રામચંદ્ર! જે સુખ ક્ષણમાં નષ્ટ થાય અથવા ક્ષણમાત્રજ અનુભવ થાય તે દુઃખરૂપજ છે પણ જે સુખ સ્વાભાવિક છે તથા આદિ–અંતમાં એક સરખું છે તેજ ખરૂં સુખ કહેવાય છે.

॥ ૨૭૪ ॥ હે રામજી! જેમાં પ્રત્યક્ષજ અસત્યતા જણાય તેમાં સત્યતા તથા અખંડ આનંદતા ક્યાંથી થાય? અને જે વસ્તુ અસત્ય સામગ્રીથી સિદ્ધ થએલી હોય તે સત્ય ક્યાંથી હોય! ॥ ૨૭૫ ॥ હે રામ! જ્યાં પ્રત્યક્ષજ અભાવ પ્રતીત થાય છે ત્યાં અખંડ સુખની વાત ક્યાંથી થાય? જ્યાં હાથી ચાલ્યા જાય છે ત્યાં બકરાં જવાની ગણત્રી શું! ॥ ૨૭૬ ॥ હે રામચંદ્ર! આ પરમાત્મા સર્વત્ર એક જેવો નિરંતર વ્યાપ્ત છે, બોધરૂપ છે અને ચૈતન્યરૂપ છે તેને જાણ્યા વગર જે કોઈ અસત્યરૂપ તથા તુચ્છરૂપ સુખવાળાં પદાર્થોને દૃઢ માની રહે છે તે પુરૂષ મૂઢ છે, તૃણ સમાન છે, કપટી છે અને તેની સંગત કરવી નહિ. ॥ ૨૭૭ ॥ હે રામજી! એવા વિચાર કર્યા પછી ચૈતન્યમાં પ્રતિબિંબિત થએલ જગત્‌માં વિદ્યાધરીને સાથેજ મેં પ્રવેશ કર્યો ત્યારે વિદ્યાધરી બ્રહ્મલોકમાં જઇને મને કહેવા લાગી. ॥ ૨૭૮ ॥

વિદ્યાધરીએ કહ્યું કેઃ—હે મુને! આ બ્રહ્માએ મને વિવાહ કરવા વાસ્તે પ્રગટ કરેલી છે. પરંતુ વૃદ્ધ થઇ ગઈ તોપણ પોતે મારી સાથે વિવાહ કર્યો નહિ અને એટલા માટે હું વિરક્ત થઇ છું. તેથી તું, મારા વિવાહ કરવા સારૂ બ્રહ્માને બોધ કર. ॥ ૨૭૯ ॥

ત્યારે **વસિષ્ઠજીએ** કહ્યું કેઃ—હે રામચંદ્ર! તે વિદ્યાધરી એમ કહીને બ્રહ્માને કહેવા લાગી કે હે સ્વામિન્! **વસિષ્ઠ** મુનિ તમારે ઘેર આવ્યા છે તેનો આદર સત્કાર કરો. એમ કહી બ્રહ્માને સમાધિથી ઊઠાડીને સાવધાન કરવા લાગી. ॥ ૫૮૦ ॥

એટલે **બ્રહ્માજીએ** કહ્યું કેઃ—હે. વસિષ્ઠજી! તમે આ વિશ્વને હાથમાં આંબળાંનાં ફળની માફક સાર રહિત જોએલ છે

અને તમે બોધરૂપી અમૃતના સમુદ્ર છો. તમારૂં આંહીં આવવું સુખરૂપ થાઓ તથા તમારૂં કુશળ થાઓ. ॥ ૨૮૧ ॥ હે વસિષ્ઠજી! તમે અતી દૂર માર્ગથી ચાલી આવ્યા છો માટે માર્ગના ખેદને વિશ્રાંતથી દૂર કરો અને આ આસન ઊપર બેસો. ॥૨૮૨॥

શ્રી વસિષ્ઠજી કહેવા લાગ્યા કે:—હે રામચંદ્ર! ત્યારબાદ હું આસન ઊપર બેઠો અને બ્રહ્માજીએ, દેવ ગણો પાસે મારી પાદ્યાદિક પૂજા કરાવી એટલે મેં બ્રહ્માજીને પ્રશ્ન કર્યો કે:—હે ભગવન્! તમે ભૂત—ભવિષ્ય તથા વર્તમાન કાળજ્ઞાનના સ્વામિ છો. આ વિદ્યાધરી, તમને બોધ કરવા વાસ્તે મને કેમ પ્રેરણા કરે છે? વળી કહે છે કે "હે વસિષ્ઠજી! તમે પોતાની વાણીથી તથા બોધથી બ્રહ્માજીને બોધ કરો." ॥ ૨૮૩ ॥ હે મહારાજ! તમે સર્વ ભૂતોના ઈશ્વર છો અને સંપૂર્ણ જ્ઞાનના પારને પામેલા છો તમે "આ વિદ્યાધરી વિવાહ વાસ્તે પ્રગટ કરી છે" એમ તે કહે છે. તો તમે તેને પરણ્યા કેમ નહિ? એ વિરક્ત થઇ કેમ ભમે છે? તેનું કારણ કહો. ॥ ૨૮૪ ॥

ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે:—હે મુને! જેવું વૃત્તાંત બનેલ છે તે તું સાંભળ, હું સર્વે કહુ છું કેમકે સંતજનો પાસે સર્વે સત્ય કહેવું યોગ્ય છે. ॥ ૨૮૫ ॥ હે મુને! સર્વનો આદિ એક પરબ્રહ્મ છે તે જન્મથી રહિત છે, શાંત છે, જીર્ણ થવા વગરનો છે, કિંચિન્માત્ર છે, કહેવામાં—ચિંતવવામાં—સાંભળવામાં—જોવામાં નથી આવતો, સત્તા માત્ર રૂપ છે અને ચૈતન્ય માત્ર છે. તે ચિન્માત્ર સ્વરૂપનાં એક ચૈતન્યના અંશ માત્ર રૂપ જે હું તે કથન માત્રજ છું. ॥ ૨૮૬ ॥ તે હું પણ પ્રથમ આકાશ રૂપી છું, પોતાની

સ્વરૂપ સત્તામાં સદા રહું છું અને મારા પાસે સૃષ્ટિ થાય છે તેથી મને સ્વયંભૂ કહે છે. ॥ ૨૮૭ ॥ વાસ્તવિક વિચારથી હું ઉત્પન્ન થયો નથી, નથી હું કાંઇ દેખતો અને ચિદાકાશરૂપી હું ચિદાકાશમાંજ રહું છું. ॥ ૨૮૮ ॥ જે કાંઈ 'હું છઉં' 'તું છો' એવું જે અરસ પરસ કહેવું છે તે જેમ તરંગની આગળ બીજો તરંગ કહેવાય છે તેમ વૃથા કહેવા માત્ર છે, ખરી રીતે નથી. એવી મારી મતિનો વિચાર છે. ॥ ૨૮૯ ॥ હે મુને! એવાં રૂપ વાળાં શુધ્ધ ચૈતન્ય રૂપને કાળના વેગથી 'હું છઉં' 'આ મારી છે' એવી વાસના ઉદ્દય થઈ છે પરંતુ આત્મરૂપ વિચારવાથી તે ઉદય થતી નથી. ॥ ૨૯૦ ॥ હે મુને! તે અહંભાવની વાસના છે, તેની ભ્રાંતિ જગત્‌ની સ્થિતિથી સિદ્ધ થઇ છે. તેનું સ્વરૂપ આ વિદ્યાધરી છે. આ વિદ્યાધરી પોતાની વાસનાના વેગની 'હું બ્રહ્માની ઘરવાળી છું' એવા ભાવને પ્રાપ્ત થઈ છે અને એ પોતેજ પોતાના ભાવથી વૃથા દુ:ખ પામી છે. એટલા માટે એ મારા અંતઃકરણની વાસના છે. ॥ ૨૯૧ ॥ હે મુને! હવે હું ચિદાકાશ રૂપ થયો છું તેથી હવે ચિદાકાશ રૂપની સ્થિતિને ગ્રહણ કરવા ચાંહુ છું. તે વાસ્તે હવે વિશ્વના ક્ષયનો કાળ પ્રાપ્ત થયો છે. ॥ ૨૯૨ ॥ હે મુનેંદ્ર! હવે મહા પ્રળયનો સમય પાસે આવ્યો છે વાસ્તે મેં આ વાસના રૂપી આ વિદ્યાધરીને ત્યાગવાનો પ્રારંભ કર્યો છે, તે આ મારા વિચારથી વર્જિત થઈ છે તે કારણથી હું હવે તેને ચાહતો નથી. ॥ ૨૯૩ ॥ હે મુને! હમણાંથીજ કલ્પનો અંત આવ્યો છે અને મહાકલ્પ એટલે કે બ્રહ્માનો પ્રલયકાળ તે પણ પ્રાપ્ત થયો છે, હવે મારી વાસનાનો અંત આવ્યો છે તથા મારૂં શરીર આકાશમાં

લય થશે. ॥ ૨૯૪ ॥ હે વસિષ્ઠ! તેટલા માટે હવે તું પણ પોતાના આસનમાં—પોતાના બ્રહ્માંડમાં ચાલ્યો જા અને શાંતિ પામ તથા અહંકાર—બુદ્ધિ આદિ મન સહિત ઇંદ્રિયો છે તે સર્વે પોતપોતાને સ્થાનકે જશે. હવે હું બ્રહ્મપદમાં લીન થાઉં છઉં. ॥ ૨૯૫ ॥ હે રામજી! તે બ્રહ્મા ભગવાન્ એમ કહીને બ્રહ્મલોકવાસી જનો સહવર્ત્તમાન પદ્મઆસન બાંધીને સમાધિમાં સ્થિત થવા લાગ્યા. ॥ ૨૯૬ ॥ હે રામચંદ્ર! ઓંકારની સાડા ત્રણ માત્રા છે. તેમાં પ્રથમ ત્રણ માત્રા; ઉદાત્ત—અનુદાત્ત તથા સ્વરિત એવાં નામવાળી છે, જાગ્રત—સ્વપ્ન તથા સુષુપ્તિવાળી છે, સૃષ્ટિ—સ્થિતિ તથા લય રૂપ છે અને તેના બ્રહ્મા—વિષ્ણુ તથા રૂદ્ર એ ત્રણ દેવતા છે તેવીજ રીતે ચોથી અર્ધમાત્રા; તુરીયા અવસ્થાવાળી છે, આનંદરૂપ છે અને તેના દેવતા ઈશ્વર છે. ॥ ૨૯૭ ॥ તે બ્રહ્મા; ત્રણ માત્રાથી પર તથા ચોથી અર્ધ્ધ માત્રાના અંતમાં ધ્યાનાવસ્થાથી સ્થિત થવા લાગ્યા, સંપૂર્ણ મનની વાસના મન સહિત લીન થવા લાગી, ચિત્રની માફક લીન થવા લાગ્યા અને તેના અહંભાવની વેદના શાંત થવા લાગી. ॥ ૨૯૮ ॥ હે રામજી! તે વાસનારૂપી વિદ્યાધરી તેના ધ્યાનમાં શાંત થઇ ગઇ અને સંપૂર્ણ અંશો સહિત આકાશની સમાન શૂન્ય થઇને શાંત થઇ ગઈ. ॥ ૨૯૯ ॥ હે રામ! જ્યારે સંકલ્પથી બ્રહ્મા રહિત થયા ત્યારે હું પણ સર્વ વ્યાપી અનંત ચૈતન્યાકાશરૂપ થઈને પૃથિવીને જોવા લાગ્યો. ॥ ૩૦૦ ॥ હે રામચંદ્ર! ત્યારે પૃથિવીમાં મનુષ્ય લોક પોતાના વર્ણાશ્રમ ધર્મથી રહિત થયાં હતાં, કેવળ અન્નની ઉપજીવિકા વાસ્તે ખેતી—વ્યાપાર—સેવા કરતાં હતાં, દેશ—નગર—ગામ

સર્વે સંપત્તિથી રહિત થયાં હતાં અને શિયાળ તથા ચોરના ભયથી સર્વે ઉજ્જડ થયું. ॥ ૩૦૧ ॥ તેમજ સ્ત્રીઓ પોતાના કુળની મર્યાદાનો તથા પતિવ્રતા ધર્મનો ત્યાગ કરીને કેશોનો શૃંગાર કરી વેશ્યાના ધર્મમાં વર્ત્તવા લાગી અને રાજા લોક પ્રજા પાળનરૂપી રાજ્યધર્મનો ત્યાગ કરીને કેવળ દ્રવ્યના સંગ્રહમાં પ્રવૃત્ત થવા લાગ્યા. ॥ ૩૦૨ ॥ સર્વનો આચાર શૂળની સમાન દુઃખ વધારવાવાળો થઇ પડયો, પ્રજા—રાજાએ બગાડ કરવાથી પીડિત થઈ જાણે દુઃખરૂપી શૂળથી વ્યાકુળ હોય તેવી થઈ ગઇ, સ્ત્રીઓ શૂળની માફક મહા કઠણ અધર્મ મર્યાદામાં વર્ત્તવા લાગી અને રાજા શૂળની સમાન ઘણા ભયાનક દંડ કરવા લાગ્યા તથા અભિમાનથી સંતજનોનો અનાદર કરવામાં પ્રવૃત્ત થયા. ॥ ૩૦૩ ॥ હે રામ! એવી રીતના તથા બીજા પણ જગતનો નાશ થવાને નિમિત્તે મહા ઉત્પાત થતાં મેં જોયા. ॥ ૩૦૪ ॥ હે રામચંદ્ર! ત્યાર બાદ સંહારભૈરવ સંપૂર્ણ બ્રહ્માંડને ગળિત કરીને મહા વિશાળ આકાશમાં કાળરાત્રિની સાથે નૃત્ય કરવા લાગ્યો અને ડમ્ ડમ્ કરીને ડાકલું વગાડવા લાગ્યો. ॥ ૩૦૫ ॥ હે રામજી! વળી તે પછે કાળરાત્રિ મહાભૈરવમાં લીન થઈ ગઈ અને તે મહાભૈરવ પરમાત્મામાં લીન થઇ ગયો. ॥ ૩૦૬ ॥ હે રામ! તે પછે મેં સૂક્ષ્મ દૃષ્ટિથી તે અહંકાર રૂપી શિલામાં અનેક વૃક્ષો જોયાં, તે વૃક્ષમાં એક એક પ્રતિ અનેક પાંદડાં દીઠાં, તે વાસના રૂપી પાંદડાંમાં અનેક સંકલ્પ રૂપી તૃણ જોયાં અને તે તૃણોમાં અનેક જગત્ જોયાં છે. ॥ ૩૦૭ ॥ હે રામચંદ્ર! જે કાંઈ નિર્મળ શુધ્ધ સાત્વિક બુધ્ધિથી દેખાય છે તે જોવા ત્રણ નેત્રો વાળા શંકર તથા હજાર નેત્રો વાળો ઈંદ્ર પણ

સમર્થ નથી. ॥ ૩૦૮ ॥ હે રામજી ! ત્યાર પછે તે સંસારને પ્રલય જોવાથી પોતાનાં ચિત્તનાં સ્ફુરણનાં યત્નથી હું હઠ કરીને પાછળના સંસારમાં ચાલ્યો આવ્યો. ત્યાં આવીને તે સંસારમાં આકાશના ખૂણમાંની પર્ણકુટિને પ્રાપ્ત થયો. ॥ ૩૦૯ ॥ હે રામ! ત્યાં પોતાનાં શરીરને ધ્યાનાવસ્થાથી જ્યારે જડ થયું જાણ્યું ત્યારેજ ત્યાં એક શુદ્ધ સ્વરૂપ એકાંતમાં બેઠેલ તથા સમાધિમાં સ્થિત થએલ સિધ્ધને જોવા લાગ્યો. તે સિધ્ધ હઠથી મારાં આ-વાગમનનું ચિંત્વન કરતો હતો અને મરીગએલ પોતાનાં શરીર-ને ત્યાગવાની સ્થિતિ કરતો હતો. તે ઊપરાંત જ્યારે હું ત્યાં રહે-વાના સંકલ્પનો ત્યાગકરી પોતાનાં સ્થાંનને પ્રાપ્ત કરવામાં પ્રવૃત્ત થયો ત્યારે મારી કલ્પનાથી કરેલી પર્ણકુટિ નષ્ટ થઈ મેં જોઈ. તે સિધ્ધ પણ આશ્રય વિના સાત સમુદ્રથી પર દિવ્ય પૃથિવીમાં પતિત થયો—પડયો. ત્યારે મેં તેની સમાધિ ઊતારવા વાસ્તે સર્પ ને વર્ષાદ કરવાવાળાં વાદળાંની પેઠે ગર્જના કરી એટલે તેની સમાધિ ઊતરી ગઈ અને પછે મેં તેને પ્રશ્ન કર્યા કેઃ—॥ ૩૧૦ ॥ હે સિધ્ધ! તું કોણ છો? ક્યાંથી આવ્યો છો? એવાં વચન સાંભળીને તે સિધ્ધ ધ્યાનથી સંપૂર્ણ વૃત્તાંત સમજીને મને વચન કહેવા લાગ્યો. ॥ ૩૧૧ ॥

સિદ્ધ કહે છે કેઃ— હે મુને! હવે મેં તમને ઓળખ્યા છે, હું તમને વંદન કરૂં છું, પ્રથમ મેં તમોને ઓળખ્યા નહિ તે અપરાધ ક્ષમા કરજો. સંતોને સ્વાભાવિક સ્વભાવજ ક્ષમા કરવાનો હોય છે. ॥ ૩૧૨ ॥ હે મુને! હું દેવતાના નગરોના બાગ—બગી-ચાઓમાં પણ રમેલો છું તેમાં ભોગવાસના મોહિત કરે છે. જેમ

ભમરો કમળવનમાં ભમ્યા કરે છે તેમ હું પણ તેમાં ભોગવાસનાને લીધે ઘણા વખત સુધી ભમતો હતો પરંતુ તેમાં શાંતિ થઈ નથી. ॥ ૩૧૩ ॥ હે બ્રહ્મન્! સંસાર સમુદ્રમાં દેખાતા પદાર્થોની વાસના રૂપી તરંગોથી હું ઘણો વ્યાકુળ થયો છું અને જેમ ચાતક પક્ષી વર્ષાદ વિના વ્યાકુળ થઈ દુઃખી થાય છે તેમ કાળના વેગથી હું પણ દુઃખી થયો છું. ॥ ૩૧૪ ॥ આ સંસારમાં; શબ્દમાત્રા, રૂપ-માત્રા, રસમાત્રા, સ્પર્શમાત્રા અને ગંધમાત્રાથી પર બીજા કોઈ પદાર્થ નથી. એ તન્માત્રામાં હું પ્રીતિવાળો થઇને કેમ વિલાસ કરૂં? ॥ ૩૧૫ ॥ એ સર્વે ચિત્કળામાત્ર આકાશમાંજ છે અથવા ચિત્કળા-રૂપ છે. ચિન્માત્રા વિનાં સંપૂર્ણ અસત્ય રૂપ છે એમાં હું નષ્ટ બુદ્ધિ પુરૂષની સમાન કયા અર્થે સારૂં પ્રીતિ યુક્ત થાઊં? ॥૩૧૬॥ એમાં જે વિષય છે તે વિષના બરાબર વિપરીત રસવાળો છે અને સ્ત્રીઓ કામના મોહને આપવા વાળી છે. એનો સંપૂર્ણ રસ અંતકાળે ઉલટો દુઃખરૂપી રસ દે છે. તેમાં આસક્ત થએલો કયો પુરૂષ મરેલો નથી? ॥ ૩૧૭ ॥ હે મહા બુદ્ધે! આ શરીર, સમુદ્રમાં થતા પરપોટાની માફક, જલદી નાશ થવાવાળું છે અને જેમ દીવાની શિખા સાથે પવન રહેલો છે તેમ તે શરીરની આગળ પાછળ મૃત્યુ રહેલું છે. ॥ ૩૧૮ ॥ એમાં વિષય વાસનારૂપી મહા શત્રુ ઘણો ચકાર ચોર છે તે રહે છે અને તેની સર્વે આયુષ-રૂપી સર્વસ્વનું હરણ કરે છે. એટલા માટે હું સદા જાગરણ કરૂં છું. મોહરૂપી નિદ્રામાં સૂઇ જતો નથી. ॥ ૩૧૯ ॥ હે મુને! દિવસે દિવસ તેનાં આયુષના ભાગ કરીને કાળ ચાલ્યો જાય છે. તે વારંવાર ચાલ્યા જતા કાળને કોઈ પુરૂષ જાણી શકતો નથી.

॥ ૩૨૦ ॥ "આ મને આજ પ્રાપ્ત થયું છે" "આ ફરી મને આજ મળશે" એવી કલ્પનામાં લાગેલાં લોક વ્યતિત થએલા કાળને જાણતાં નથી. ॥ ૩૨૧ ॥ ભોગોનો સમૂહ ભોગવેલો છે તે ચાલ્યો જાય છે તેની અનિત્યતાને નહિ જાણતાં લોકોને તેમાં ક્યાંઇ પણ શાંતિ પ્રાપ્ત થતી નથી. ॥ ૩૨૨ ॥ હે બ્રહ્મન્! હું વિક્ષિપ્ત પુરૂષની સમાન મેરૂ પર્વતના બગીચાંની પૃથિવી પર્યંત ભમેલો છું અને ઈંદ્રાદિક દશ લોકપાળોની પુંરિઓમાં અચ્છી રીતે ફર્યો છું. પરંતુ મને અખંડ સુખ ક્યાંઇ મળેલું નથી. ॥ ૩૨૩ ॥ હે મુને! જ્યાં જ્યાં જોઊં છુ ત્યાં ત્યાં સર્વત્ર લાકડાંનાં ઝાડ, માંસ–રક્તનાં પ્રાણીઓ અને માટીની ભૂમિ દેખું છું અને સર્વત્ર દુઃખ તથા અનિત્યતા જોઊં છું. હવે કહો તેમાં સ્થિરતા કરવાનો વિશ્વાસ કેમ બની શકે? ॥ ૩૨૪ ॥ હે મહાબુદ્ધે! કાળથી વ્યાકુળ થએલાં લોકો; ધન, મિત્ર તથા બાંધવનું રક્ષણ કરવાને સમર્થ નથી. ॥ ૩૨૫ ॥ હે મુને! મને સુંદર સ્ત્રીઓ પણ પ્રિય લાગતી નથી, ઉત્તમ સંપત્તિ પણ પ્રીતિ કરતી નથી અને સ્ત્રીઓનાં ચતુર કટાક્ષની માફક ચંચળ જીવવું પણ રૂચિ કર્ત્તા નથી. ॥ ૩૨૬ ॥ હે બ્રહ્મન્! આ શરીર જૂનાં પાંદડાંની પેઠે પડી જવાનું છે, તેનું જીવવું સૂકેલાં પાંદડાંની સમાન ખરી પડવાવાળું છે, બુદ્ધિ અધીરતાથી ગ્રહણ કરાએલી છે અને સઘળા વિષય રસ નિરસ સમાંન છે. ॥ ૩૨૭ ॥ હે મુને! તેથી આજ મને મોહ થયો છે અને શરીર જૂનાં મંદિરની માફક ઊદાસીન થયું છે હવે તેની જે અવસ્થા કરવી છે તેજ ઉત્તમ અવસ્થા છે તથા આ દેહાદિકોની જે અવસ્થા કરવી છે એ કનિષ્ટ અવસ્થા છે.

॥ ૩૨૮ ॥ હે બ્રહ્મન્! આ સંસારમાં એવું માનવું એમાં મોટી આપત્તિ છે કેમકે તે આપત્તિ મહા મોહને વધારવાવાળી છે. નિત્ય પ્રતિ એવુંજ માનવું યોગ્ય છે અને સંસારમાં આસક્ત થવું નહિ. ॥ ૩૨૯ ॥ હે મુને! આ વિષયરૂપી વિષનો પવન છે તે ચિત્તરૂપી કમળ પુષ્પથી વિવેકરૂપી સુગંધીનું હરણ કરીને મૂર્છા પમાડી દે છે. ॥ ૩૩૦ ॥ હે મહા બુદ્ધે! ચિત્તરૂપી બાણ હૃદયરૂપી કમાનથી છૂટીને વિષયરૂપી નિશાનને ચોંપથી પ્રાપ્ત થાય છે અને જેમ કૃતઘ્ન પુરૂષ ઉત્તમ ગુણોનો સ્પર્શ કરતા નથી તેમ તે ઉત્તમ ગુણોનો સ્પર્શ કરતું નથી તથા તે દોષોનું પણ ગ્રહણ કરે છે. ॥ ૩૩૧ ॥ હે મુને! આયુષ તથા ઉત્પત્તિ, પવનની પેઠે ચાલ્યાં જાય છે, જે મિત્ર છે તે શત્રુરૂપ છે, ભાઈ તથા સંબંધીલોક બંધનરૂપ છે અને ધન એ મૃત્યુનું રૂપ છે. ॥ ૩૩૨ ॥ હે બ્રહ્મન્! સંસારનું જે સુખ છે તે દુઃખરૂપ છે, સંસારની સંપત્તિએ પરમ આપત્તિરૂપ છે, સંસારના ભોગ એ મહા રોગરૂપ છે અને સંસારની પ્રીતિએ અપ્રીતિ કરવાવાળી છે ॥ ૩૩૩ ॥ હે મુનીશ્વર! કાળની અનેક પ્રકારે ઉલટા સુલટી થાય છે, જે ઈષ્ટ છે તે અનિષ્ટ થઈને પ્રાપ્ત થાય છે અને પ્રેમી જનોને વિયોગનું દુઃખ થાય છે તે દેખીને મારૂં મન જર્જરિત થઈ જાય છે. ॥ ૩૩૪ ॥ હે મુને! જેમ સર્પની ફણનો કિંચિંત્માત્ર સ્પર્શ કરવાથી પણ ડંખ મારીને મારી નાંખે છે તેમ આ જે ભોગ છે તે વિષયોને ભોગવવાથી મૃત્યુ પેદા કરે છે. તેને ઉત્તમ રીતના વિચાર પુર્વક જોવાથી નષ્ટ થાય છે. ॥ ૩૩૫ ॥ હે બ્રહ્મન્! ભોગોની આશાથી જે પુરૂષ બંધાયેલ છે તેનૂં પગલે પગલે અનુમાન

થાય છે કે—જેમ વનનાં પ્રમત્ત હાથી તથા હાથણી કામમાં લુબ્ધ થવાને લીધે જોતાં જોતાં બંધાઇ જાય છે તેમ—તેનું કામ—ભોગની તૃષ્ણાથી બંધન થાય છે. ॥ ૩૩૬ ॥ હે મુનીશ! સંપત્તિ તથા સ્ત્રીઓ તરંગના સંગ સમાન ક્ષણભંગુર છે માટે તેનો સંગ કરવો નહિ. એવો કોણ ચતુર—પંડિત પુરૂષ છે કે જે સર્પની ફણની છાયામાં પ્રીતિ કરે ? ॥ ૩૩૭ ॥ હે મુનેંદ્ર! આ વિષય જોવામાં જો કે ઉત્તમ છે પરંતુ શરીરના વિનાશ સમયે દુઃખ દે છે અને જેમ અપકવ અન્નનાં ભોજનથી લોક પીડા પામે છે તેમ તે ભોગોથી નરકને પ્રાપ્ત થાય છે. ॥ ૩૩૮ ॥ હે બ્રહ્મન્! વળી ધન કેવું છે કે સુખ—દુઃખોનું મૂળ છે, ક્ષયને પામવાવાળું છે અને જ્ઞાન રહિત મૂઢ પુરૂષોથી સેવાયલું છે. એ મને પ્રીતિ કરતું નથી. ॥ ૩૩૯ ॥ હે મુને! અને યૌવનની સંપત્તિ કેવી છે કે શરદ્ ૠતુનાં વાદળાંની માફક જલદી જવાવાળી છે, પરિણામે દુઃખ દેવાવાળી છે અને હરહમેશ સંતાપ કરવાવાળી છે. ॥ ૩૪૦ ॥ હે મહારાજ! આ મનુષ્યનાં જીવનનું આયુષ્ય હાથમાં લીધેલાં જળની પેઠે ક્ષણમાં અંશ અંશ માત્ર થઈને ગળી જાય છે અને તે નદીમાં વહેતાં જળની માફક ફરીને ફરતું નથી. ॥ ૩૪૧ ॥ હે મુને! મન શાંત થવાથી આત્મસ્વરૂપમાં વિશ્રાંત થવાય છે અને તેથી જે સુખ થાય છે તે પાતાળ, સ્વર્ગ તથા પૃથિવીલોકના ભોગોથી થતું નથી. ॥ ૩૪૨ ॥ હે મહાત્મન્! ઘણા લાંબા કાળથી અહંકાર રહિત થઈને પોતાની શુદ્ધ થએલ બુદ્ધિથી સ્વર્ગ તથા મોક્ષની તૃષ્ણાનો મેં ત્યાગ કરેલો છે. ॥ ૩૪૩ ॥ હે મુને! આ મારૂં વૃત્તાંત મેં તમને વર્ણન કરીને સંભળાવ્યું છે. જે હું છું તથા જેવી મારી સ્થિતિ છે તે

મેં કહ્યું છે. હવે તમે જે જાણતા હો તે કહો. ॥ ૩૪૪ ॥ હે બ્રહ્મન્! સિદ્ધપુરૂષ; આત્મવિચારમાં તત્પર થઇને ઉત્તમ બુદ્ધિથી વાસ્તવિક વસ્તુનું પ્રમાણ જ્યાં સુધી કર્યું નથી ત્યાં સુધી ગમે તો ત્રિકાળ જ્ઞાની હોય તથાપિ દૃઢ નિશ્ચય કરતા નથી. આવો બ્રહ્માદિ દેવતાઓના મનનો સ્વભાવ છે. ॥ ૩૪૫ ॥ હે રામચંદ્ર! એટલે મેં કહ્યું કે:—હે સિદ્ધમુને! 'નિશ્ચય દૃઢ હૃદયમાં નહિ થવો' એ અવિચારનો અપરાધ છે. તે કેવળ તમનેજ છે એમ નથી પરન્તુ તે અપરાધ મને પણ સરખો છે. કેમકે "આ પર્ણકુટિ મારી છે તે તુંને હરહમેશ રહેવા વાસ્તે નથી" એવો અવિચાર મને પણ છે. ॥ ૩૪૬ ॥ હે રામજી! ત્યાર બાદ હું તથા તે સિદ્ધ પણ પોતે પોતાને ગમે તે દેશોમાં ચાલ્યા ગયા. ॥ ૩૪૭ ॥ હે રામ! આ મહા રામાયણ શાસ્ત્રો માત્ર કેવળ જોવાથી જેમ બરફમાં શીતળતા હોય છે તેમ અંતઃકરણમાં તથા સર્વે પદાર્થોમાં શીતળતા ઉદય કરે છે. ॥ ૩૪૮ ॥ હે રામચંદ્ર! ચિત્તની શીતળતા એ મોક્ષ છે અને ચિત્તની સંતપ્તતા એ બંધન છે. જે કોઇને એટલા અર્થનું પણ જ્ઞાન નથી તે લોકોની મૂઢતા મહા આશ્ચર્ય રૂપ છે. ॥ ૩૪૯ ॥ હે રામજી! આ લોક પોતાની પ્રકૃતિથી વિષયોને વશ છે અને પરસ્ત્રી તથા પરધનમાં લોભ વાળા છે. તેને સંસારના પદાર્થોનો ઉપદેશ કરવો નહિ. આવા યથાયોગ્ય અર્થવિચારથી સુખ પ્રાપ્ત થાય છે અને મુક્ત થવાની ચાહના હોય તો સત્સંગ તથા શાસ્ત્ર-વિચારથી સદા સુખ થાય છે. ॥ ૩૫૦ ॥

એવીરીતે પાષાણોપાખ્યાન સંપૂર્ણ કરીને **શ્રી વસિષ્ઠજી** કહેવા લાગ્યા કે:—હે રામચંદ્ર! જે પુરૂષ એવી રીતનો દૃઢ નિશ્ચય

કરે છે કે "હું ચિદાકાશ માત્ર છું" એવી ભાવના સ્થિર થાયતો પછી ગમે તો તેનાપર વજ્રપાત થાય અથવા પ્રલય કાળનો અગ્નિ લાગી તે દગ્ધ થાય તો પણ તે દાહ, પુષ્પવૃષ્ટિ તથા કમળવનની સમાન શીતળ થાય છે. ॥ ૩૫૧ ॥ હે રામજી! "હું ચિન્માત્ર નથી" "હું અમર નથી" "હું નષ્ટ થાઊં છું" એવું જે રૂદન કરે છે તેથી તેને પ્રથમ કરેલા સર્વે ઊપદેશો, જેમ ભસ્મ વિખરાઈ જાય છે તેમ વિખરાઈ જાય છે. ॥ ૩૫૨ ॥ હે રામ! "હું ચિન્માત્ર છું" "હું અમર છું" "હું નષ્ટ થતો નથી" એવા ભાવવાળા પુરૂષને કરેલો ઊપદેશ અમૃતના વર્ષાદ સદૃશ સમજવો. ॥ ॥ ૩૫૩ ॥ હે રામચંદ્ર! 'જે સત્ય નથી તે વસ્તુ નથી અને જે સંસારમાં વૃથા નથી તે સત્ય છે.' એવો જેનો નિર્ણય થયો તેનો દૃઢભાવ થાય છે. ॥૩૫૪॥ હે રામજી! જેમ દૈવયોગે પર્વતમાં અગ્નિ લાગવાથી પર્વતનાં વૃક્ષો બળી જાય છે તેમ જે નષ્ટ બુદ્ધિ પુરૂષ છે તે ભોગરૂપી અગ્નિમાં સારી રીતે દગ્ધ થાય છે. ॥ ૩૫૫ ॥ હે રામ! જેમ વિક્ષિપ્ત પુરૂષ દુર્ગંધિ મળ—મૂત્રવાળા કુંડમાં પડે છે તેમ ભોગી પુરૂષ છે તે ખાન—પાનાદિક ભોગ પદાર્થોના કીચડમાં પડે છે. ॥ ૩૫૬ ॥ હે રામચંદ્ર! એ પુરૂષ કેવળ અન્નના કણની ખાતર રાત—દિવસ ભમે છે. તે પુરૂષ કીડિની માફક તુચ્છ વૃત્તિવાળો છે. ॥૩૫૭॥ હે રામ! જેવી રીતે ફૂલ—ફળવાળાં વૃક્ષો તમામ પૃથિવીમાં અનેક છે પણ કલ્પતરૂ ક્યાંકજ વિરલ હોય છે તેવી રીતે સર્વે દિશાઓમાં અનેક પ્રકારનાં પ્રાણીઓ છે પરન્તુ તત્વબોધથી યુક્ત પ્રાણી ક્યાંક વિરલજ છે. ॥ ૩૫૮ ॥ હે રામજી! પારકાં ચિત્તરૂપી મહા સમુદ્ર અનેક તર્ક—વિતર્કરૂપી તરંગોથી ચંચળ

છે તેને શાંત કરવાને કિનારામાં સ્થિત થએલ પર્વતની સમાન સંતજન સમર્થ થાય છે. ॥ ૩૫૯ ॥ હે રામચંદ્ર! "બુધ્ધિને નાશ કરવાવાળી મહા આપત્તિમાં ચિત્તના અનેક તર્ક—કુતર્કોની વ્યાકુળતામાં અને મહા દુસ્તર સંકટોમાં સંત જનોને તારવાની ગતિ સંત જનજ છે." ॥ ૩૬૦ ॥ હે રામજી! એવું મનમાં દૃઢ કરવું નહિ. તેમજ "મને વિચાર કરવાથી શું ફાયદો છે! જે થવાનું હોય તે થાઓ" એવી કલ્પના કરીને ઘડામાં કીડાની સમાન ઊદ્યમ તથા પુરૂષાર્થથી રહિત થવું નહિ. ॥ ૩૬૧ ॥ હે રામ! ગુણોને તથા દોષોને સમજવાનો અર્થ બાળક પણાંથી લઈને જેમ બને તેમ શાસ્ત્રના પ્રસંગથી વધારવો. ॥ ૩૬૨ ॥ હે રામચંદ્ર! દોષ તથા ક્લેશનો ત્યાગ કરીને સજ્જનોની સંગત કરવી અને જેથી નિર્વાણ પદની પ્રાપ્તિ થાય નહિ એવા દોષો તથા ગુણોનો પણ યત્ને કરીને ક્રમથી ત્યાગ કરવો. ॥ ૩૬૩ ॥ હે રામજી! નીચ સંગતથી ઊત્તમ વસ્તુ—પદાર્થ અધમરૂપ થાય છે અને સ્થિર પદાર્થ ચંચળતા પામે છે. અર્થાત્ જેવો પ્રસંગ મળે તેવોજ સ્વભાવ થાય છે. જેમકે સાધુજન, અસાધુ જનના સ્વભાવને પ્રાપ્ત થાય છે. ॥ ૩૬૪ ॥ હે રામ! એ મહા આશ્ચર્ય છે કે જે સાધુજન દુષ્ટજન જેવો થાય છે અને દેશકાળને વશ થવાથી પાપી પુરૂષોના સંગથી પુણ્યાત્મા પણ પાપીપુરૂષ થાય છે તેમજ દેશકાળના પ્રભાવથી લોકોમાં અશ્ચર્યરૂપી ઊત્પાત પણ થાય છે. ॥ ૩૬૫ ॥ હે રામચંદ્ર! સર્વે કામનો ત્યાગ કરીને સજ્જનોની સંગત કરવી એ દુ:ખદાઈ કર્મોને દૂર કરવાનો ઊપાય છે. એ સત્સંગથી આલોક તથા પરલોકને સિધ્ધ કરવાનું સાધન કરવું

યોગ્ય છે. ॥ ૩૬૬ ॥ હે રામજી! સજ્જન પુરૂષથી ક્યારે પણ દૂર રહેવું નહિ તથા ઘણા પ્રેમ તથા વિનંતી કરીને સર્જન પુરૂષ-ની સેવા કરવી; કેમકે સર્જનપુરૂષ અને ઊત્તમ વૃક્ષ એક સ્વભાવ-વાળાં હાય છે. કારણ કે જેમ ઊત્તમ વૃક્ષ પોતાનાં પુષ્પોની રજ જેને લાગે છે તેને સુગંધયુક્ત કરે છે તેમ સર્જન પુરૂષ પોતાની સંગતથી નીચ પુરૂષોને પણ સર્જનતા આપે છે. ॥ ૩૬૭ ॥ હે રામ! સત્સંગવાળો પુરૂષ; સમાધિ કરવા વગર પણ સમાધાન પામે છે, મહા દુઃખી હાય તો પણ મહા સુખને પ્રાપ્ત થાયછે, વ્યવહાર કરે તથાપિ મૌન ધારણનાં ફળને પામે છે અને કર્મ કરતાં પણ કર્મબંધનથી રહિત થાય છે. ॥ ૩૬૮ ॥ હે રામચંદ્ર! જેવી રીતે સર્પના પગને સર્પજ સમજે છે તેવી રીતે જે પુરૂષ જ્ઞેય વસ્તુ પરમાત્માને જાણે છે તેનું નિર્મળ ચિત્ત થાય છે અને તેજ સંત જનોના ભાવને જાણે છે. ॥ ૩૬૯ ॥ હે રામજી! જે ઉત્તમ પુરૂષ છે તે પોતાના અંતઃકરણના ભાવને ગુપ્ત રાખે છે તેને ઊત્તમથી પણ ઊત્તમ જાણવો. જે કારણથી ચિંતા-મણિ પાષાણની કિમ્મત બજારનાં લોકાથી થતી નથી તેમજ ઊત્તમ જનોના ભાવને જાણવાવાળો કાઇ વિરલજ ઊત્તમ જન હોય છે. ॥ ૩૭૦ ॥ હે રામચંદ્ર! આનંદમાં રહેવું, અભિમાન રહિત થવું, પદાર્થ સંગ્રહ વગરના થવું અને લોકાની સ્તુતિ-વિનંતીથી દૂર રહેવું. એ ઊત્તમ જનોના ગુણ ઊત્ત જનોને જેવો આનંદ કરે છે તેવો આનંદ જગતની આપત્તિ તથા સંપત્તિ કરતી નથી. ॥ ૩૭૧ ॥ હે રામજી! અહંકારવાળા પુરૂષોને એવી ઇચ્છા રહે છે કે મારામાં રહેલા ઊત્તમ ગુણો લોકામાં પ્રખ્યાત

થાય તથા લોકો મારી પૂજા કરે. એવી વાસના નિરંતર રહે છે, અને અહંકાર રહિતને એવી વાસના ઊદય થતી નથી; તેઓ પોતાના ભાવોને છુપાવી રાખે છે. ॥ ૩૭૨ ॥ હે રામ! જેને સંપૂર્ણ જગત્ તૃણ સમાન થાય છે તેને જગતના બીજા પદાર્થો ગ્રહણ કરવાની ઇચ્છા કયાંથી થાય?॥ ૩૭૩ ॥ હે રામચંદ્ર! તત્વવેત્તા પુરૂષ પોતાનાં શરીરમાં પ્રાપ્ત થએલ શિત—વાતાદિક દુઃખોને પારકાં શરીરના સમાન અનાદરયુક્ત દેખે છે. ॥ ૩૭૪ ॥ હે રામજી! જે તત્વવેત્તા પુરૂષ છે તે નિર્મળ-સાત્વિક બુદ્ધિરૂપી શિખરપર ચડીને પોતાને શોચ કરવાયોગ્ય અજ્ઞાની પુરૂષોને સંસારસમુદ્રમાં મગ્ન થતા જોઈ દયાથી શોચ કરે છે અને જેમ પર્વતપર ઊભેલો પુરૂષ, પૃથિવી પર ઊભેલા પુરૂષને નીચેના સ્થાનપર દેખીને તેને તુચ્છ માને છે તેમ તત્વવેત્તા પુરૂષ સંસારીલોકોને જુએ છે તથા તૃણસમાન સમજે છે. ॥ ૩૭૫ ॥ હે રામ! તત્વવેત્તાં પુરૂષ, શાંતિને પ્રાપ્ત થવાથી આત્મયોગથી મળેલ અષ્ટસિદ્ધિઓને ગણકારતો પણ નથી.॥૩૭૬॥ હે રામચંદ્ર! આઠ પ્રકારની જે યોગસિદ્ધિઓ જે કે (૧) અણિમા અર્થાત્ અણુરૂપ થવું, (૨) મહિમા અર્થાત્ પર્વતની પેઠે મોટું થવું, (૩) ગિરિમા અર્થાત્ પર્વતની માફક ભારે થવું, (૪) લઘિમા અર્થાત્ કપાસ સમાન હલકું થવું, (૫) પ્રાપ્તિ અર્થાત્ સર્વ દેશોમાં પ્રાપ્ત થવું; (૬) પ્રાકામ્ય એટલે કે પોતાની કામનાનાં સ્વરૂપ તથા પદાર્થને પામવું, (૭) ઇશિત્વ એટલે ત્રૈલોકયના ઈશ્વર થવું અને (૮) વશિત્વ અર્થાત્ સર્વને પોતાના વશ કરવું. એ આઠ પ્રકારની યોગસિદ્ધિઓ છે તે આઠ પ્રકારનાં ઐશ્વર્ય સમાન છે. તેને તત્વવેત્તા પુરૂષ તૃણ સમાન ગણે છે એટલુંજ

નહિ પણ બીજા કોઈ પુરૂષમાં તેવી સિદ્ધિ જોઇને તે આશ્ચર્ય પામતા નથી. ॥ ૩૭૭ ॥ હે રામજી! એવી રીતની બીજી પણ કેટલીક સિદ્ધિઓ છે. કોઇ સિદ્ધ; પર્વતની ગુફામાં છે, કોઈ પવિત્ર આશ્રમોમાં છે, કોઇ ગૃહસ્થાશ્રમમાં છે, કોઇ ઘણાં ભમવામાં છે, કોઇ ભિક્ષાટનમાં છે, કોઈ કેવળ જપમાં છે, કોઇ મૌન છે, કોઇ ધ્યાનમાં છે, કોઇ પંડિતાઈમાં છે, કોઈ શાસ્ત્ર સાંભળવામાં છે, કોઈ રાજ્યથી છે, કોઈ મૂઢવૃત્તિની સમાન છે, કોઈ ગુટકાથી છે, કોઇ આકાશમાં ઊડવાથી છે, કોઈ કાળશાસ્ત્રથી છે, કોઇ દીનરૂપથી છે, કોઇ આચાર ત્યાગવાથી છે, કોઇ વેદપાઠથી છે, કોઇ વિક્ષિપ્ત થવાથી છે અને કોઈ સંન્યાસ ધારણ કરવાથી છે. એમ ઘણી ઘણી રીતના સિધ્ધ છે પરંતુ અવિદ્યાની શાંતિ કોઇને પણ થતી નથી. ॥ ૩૭૮ ॥ હે રામ! તુને મહારામાયણ સાંભળવાથી અવિ-દ્યાની શાંતિ થઈ છે તથાપિ તેના નિરંતર અભ્યાસ કરવા વિના ઊત્તમ રીતે થઈ નથી. ॥ ૩૭૯ ॥ હે રામચંદ્ર! વાસ્તે અસત્ય શાસ્ત્રોના વિચારથી નિવૃત્ત થઇ જેમ રણલીલા કરવાથી જય પ્રાપ્ત થાય છે તેમ ઊત્તમ શાસ્ત્રનો વિચાર કરવાથી શાંતિ પામી શકાશે. ॥ ૩૮૦ ॥ હે રામજી! એ શાસ્ત્ર વગર કલ્યાણ આપનાર બીજો કોઈ પણ ઉપાય થયો નથી તેમ થશે પણ નહિ. માટે પરમ ઊત્તમ બોધ મેળવવા વાસ્તે તે શાસ્ત્રોનો વિચાર કર. ॥ ૩૮૧ ॥ હે રામ! વાસનાનો ત્યાગ કરવા વિના આત્માનો ઊદ્ધાર કરવાને બીજો કોઈ પણ ઊપાય સમર્થ નથી તેથી યત્ન કરીને વાસનાનો ત્યાગ કરવો. ॥ ૩૮૨ ॥ હે રામ-ચંદ્ર! જો જગતના ભાવ સત્ય હોય તો તે નાશથી રહિત હોય.

એટલા માટેજ જગતના ભાવ સસલાંનાં શિંગડાંની સમાન અસત્ય છે. ॥ ૩૮૩ ॥ હે રામજી ! સંપૂર્ણ ભાવોની તૃષ્ણાનો ત્યાગ કરવાથી સંપૂર્ણ સાધન કરવાની સમાપ્તિ થાય છે તેથી સમાધાન કરીને ચિત્ત શુદ્ધ કરવું; એજ નિર્વાણની પ્રાપ્તિ છે. ॥ ૩૮૪ ॥ હે રામ ! જે પુરૂષ શાંત ઇચ્છાવાળા છે અને બોધથી વાસના વગરના થએલ છે તેઓને ન્હાવા વગર પણ નિર્વાણ પ્રાપ્ત થાય છે. ॥ ૩૮૫ ॥ હે રામચંદ્ર ! બોધની એવી અવધિ છે કે તૃષ્ણા રહિત થવું અને તૃષ્ણા નિવૃત્ત થાય નહિ તો પંડિતાઇ પણ મૂર્ખાઈ જેવી છે. ॥ ૩૮૬ ॥ હે રામજી ! હજારોમાં પણ કોઇ એક પુરૂષ પુરૂષાર્થનો ઉદ્યમ કરે છે તેથીજ તે જેમ પાંજરૂં તોડીને સિંહ નીકળી જાય છે તેમ વાસનાજાળનું બંધન છેદીને સંસારથી મુક્ત થાય છે. ॥ ૩૮૭ ॥ હે રામચંદ્ર ! તેજ શાસ્ત્ર છે કે જેથી જ્ઞાન પ્રાપ્ત થાય, તેજ જ્ઞાન છે કે જેથી સમદૃષ્ટિ થાય અને તેજ સમદૃષ્ટિ છે કે જેથી સુષુપ્તિની અવસ્થા . સમાન જાગ્રતાવસ્થામાં પણ એકાગ્રતા થાય. ॥ ૩૮૮ ॥ હે રામજી ! જે સમદૃષ્ટિ પુરૂષ છે તેને મહાઘોર તથા વિસ્તારવાળાં સુખ-દુઃખ હોય તોપણ એકરૂપ આનંદ થાય છે અને ઉદાસીનતા થતી નથી. ॥ ૩૮૯ ॥ હે રામ ! શિબિ રાજા સમદૃષ્ટિને લીધે કબૂતરોની રક્ષા કરવા સારૂં, પોતે પ્રસન્ન મનવાળો થઇને પોતાનું માંસ છેદન કરીને બાજ પક્ષીને આપતો હતો. ॥ ૩૯૦ ॥ હે રામચંદ્ર ! તેવીજ રીતે જનક રાજા, સંપત્તિ યુક્ત પોતાની નગરી બળી જતાં પણ સમદૃષ્ટિને લીધે શોક કરતો હતો નહિ. ॥ ૩૯૧ ॥ હે રામજી ! વળી માતંગ નામનો પુરૂષ, સમદૃષ્ટિને લીધે પરોપકાર કરવા વાસ્તે

પોતાનાં દેહનો ત્યાગ કરીને ઉત્તમ વિમાનપર ચડીને પરમપદને પ્રાપ્ત થયો હતો. ॥ ૩૯૨ ॥ હે રામ! એટલુંજ નહિ પણ બાળચંદ્ર નામનો મુનિ સમદૃષ્ટિ કરીને ગોળના લાડુની માફક અગ્નિનું ભક્ષણ કરતો હતો. ॥ ૩૯૩ ॥ હે રામચંદ્ર! તેટલા માટે સમદૃષ્ટિવાળા તત્વવેત્તા પુરૂષ મરણ તથા જીવનને ચ્હાતા નથી પણ જે મળે તેવું આચરણ કરતાં રાગ-દ્વેષથી રહિત થઇ વિહાર કરે છે. ॥ ૩૯૪ ॥ હે રામજી! જ્યાં સુધી મન સ્થિર હોય છે ત્યાં સુધી શરીર સાવધાન રીતે વિચરે છે. તેથી એવો વિચાર કરીને જેમ બને તેમ એકાગ્રવૃત્તિથી વિચરતા રહેવું અને કોઇથી કાંઇ પણ પ્રયોજન કરવું નહિ. ॥ ૩૯૫ ॥ હે રામ! જે કોઇ પુરૂષ; પોતાનાં વર્ણાશ્રમની કર્મ—ક્રિયાના ક્રમનો ત્યાગ કરીને તૂષ્ણીભાવ(ચુપચુપ પણાં) ને ધારણ કરે છે તો આ શરીર કર્મ વગર ખાલી રહેતું નથી અને તેથી સ્વતંત્રતાથી વિપરીત કર્મમાં પ્રવૃત્ત થવાય છે જેથી લોકમર્યાદા ક્ષીણ થાય છે તેટલા માટે સત્કર્મમાં દોષ સમજવો નહિ. ॥ ૩૯૬ ॥ હે રામચંદ્ર! કર્મનો ત્યાગ કરવાવાળા, લોકોની સમાજમાં રહેતા નથી પણ જ્યાં સ્વપ્નામાં પણ લોકો જેવામાં આવે નહિ એવાં જ્યાં મૂઢ મૃગો રહે છે એવાં વનમાં લાગી રહે છે. ॥ ૩૯૭ ॥ હે રામજી! કેટલાક લોક—અર્ધજ્ઞાન પામીને અર્ધમાર્ગથી અને અર્ધસૂતેલ તથા અર્ધજાગ્રત બુદ્ધિવાળાં જ્ઞાનથી તથા ધ્યાનથી કાર્ય કરીને કર્મનો ત્યાગ કરે છે તે પુરૂષ આ લોક તથા પરલોક બન્નેથી ભ્રષ્ટ થાય છે. ॥ ૩૯૮ ॥ હે રામ! ચિત્તને ચિંત્વન વગરનું કરીને, કેવળ આત્મસત્તાનાં ચિંત્વનમાં પ્રાપ્ત થઇને, સમાન વૃત્તિ કરીને અને સુખથી સ્થિત થઇને પરબ્રહ્મ-

રૂપી પરમાકાશરૂપને ધારણ કર. ॥ ૩૯૯ ॥ હે રામચંદ્ર ! તું; પરમાર્થને પ્રાપ્ત થએલ છો, રાગ—દ્વેષાદિ દોષોથી રહિત થએલ છો, સમબુદ્ધિ થએલ છો, આનંદથી ઉદિત મનવાળો થએલ છો, મહાત્મા જનોનો પણ મહાત્મા થએલ છો, શોકથી રહિત થએલ છો, નિશંક થએલ છો, એક આત્મસ્વરૂપ થએલ છો અને હવે જન્મ—મરણથી રહિત એવાં પરમપવિત્ર પરમનિર્વાણ પદમાં સ્થિત થઇ જા. ॥ ૪૦૦ ॥ હે રામજી ! હવે તુંને જ્ઞાનના બોધ માટે બીજાં અધિક વચન વિસ્તારથી કહેવાં એનું શું પ્રયોજન છે ? કાંઇ નહિ. આ મેં તુંને સર્વે જ્ઞાનશાસ્ત્રનો આદિ શિરોમણિ સાર એવો જ્ઞાન ઉપદેશ કરેલો છે. તેથી તું સર્વવેત્તા થએલ છો અને જ્ઞાનથી પરિપૂર્ણ થએલ છો. ॥ ૪૦૧ ॥

શ્રી વાલ્મીકિજીએ કહ્યું કે:—હે મુનિશ્રેષ્ઠ ! એવાં વચન કહીને **શ્રી વસિષ્ઠજી** ગુપચુપ થયા, **શ્રી રામચંદ્ર** સઘળી રીતની ઈચ્છાથી રહિત થયા, તમામ સભાજન પણ ધ્યાનમાં એકાગ્ર થયા અને જેમ ગુંજાર કરતો ભમરો કમળ પુષ્પનાં વનમાં રસ માનીને પ્રવૃત્ત થાય છે તેમ સઘળા સભાજન વિશાળ બુદ્ધિથી બ્રહ્મપદમાં વિશ્રાંત થયાં. ॥ ૪૦૨ ॥ હે ભરદ્વાજ ! જ્યારે જ્યારે મુનિમાં શ્રેષ્ઠ એવા **શ્રી વસિષ્ઠજી** આ નિર્વાણ પ્રકરણની કથાની સમાપ્તિનું મંગળાચરણ કરતા ત્યારે ત્યારે સર્વ સભાનાં લોકો શાંત વૃત્તિવાળાં થતાં, નિર્મળ અંતઃકરણવાળાં થતાં અને નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત થતાં. ॥ ૪૦૩ ॥ હે ભરદ્વાજ ! તે વખતે; તમામ આકાશચારી તથા સ્વર્ગવાસી સિદ્ધજનોના મુખથી જય શબ્દ તથા સ્તુતિ શબ્દ થતા હતા અને સભામાં બેઠેલા **વિશ્વામિત્ર**

આદિમુનિઓના મુખથી પણ પૂર્ણભાવનાએ કરીને સ્તુતિ શબ્દવાળી વાણીઓ પ્રગટ થતી હતી. ॥ ૪૦૪ ॥ હે ભરદ્વાજ! વળી તે વખતે મહા ઊત્સવના કોળાહળ શબ્દથી સંપૂર્ણ દિશા પૂર્ણ થતી હતી અને જેમ કિચક જાતના વાંસનાં છિદ્રોદ્વારાએથી પવન ભરાઈને મધુર શબ્દ થાય છે તેમ તેના પડઘાનો પ્રતિશબ્દ પણ ઘણો મધુર થતો હતો.॥૪૦૫॥ અને આકાશમાં સ્થિત થએલ સિદ્ધજનોના જય શબ્દ થતા હતા, દેવતાઓનાં નગારાંના શબ્દ થતા હતા અને દેવતાઓ તરફથી પુષ્પોનો વરસાદ થતો હતો. ॥૪૦૬॥

વળી તે સિધ્ધો એવી રીતની સ્તુતિ કરવા લાગ્યા કેઃ—હે મુને! બ્રહ્માના કલ્પના પ્રારંભથી આજ સુધી સિધ્ધોની સમાજોમાં મોક્ષના હજારો ઊપાય સાંભળ્યા છે તથા કહ્યા છે પરંતુ મહારામાયણ રૂપી મોક્ષના ઊપાય બરાબર કોઈ સાંભળ્યો નથી તેમ કહ્યો પણ નથી. ॥ ૪૦૭ ॥ **વસિષ્ઠ** મુનિના વચનવિલાસથી પ્રગટ થએલ આ મહારામાયણરૂપી મોક્ષના ઊપાયથી પશુ, પક્ષી, સ્ત્રીઓ, બાળકો તથા સર્પ—કીટાદિક તમામ પરમાનંદને પ્રાપ્ત થયાં છે. ॥ ૪૦૮ ॥ **શ્રી વસિષ્ઠજીએ**; યુક્તિએ કરીને, દૃષ્ટાંતોએ કરીને અને ન્યાયે કરીને જેવી રીતે **શ્રી રામચંદ્રજીને** બોધ કરેલો છે તેવી રીતે સાક્ષાત્ પોતાને પાસેજ રહેવાવાળી પોતાની સ્ત્રી **અરૂંધતીને** પણ તેવો બોધ કરેલો નથી. ॥ ૪૦૯ ॥ આ મોક્ષના ઊપાયે કરીને પશુયોનિ પણ નિર્વિકાર સ્થિતિ પામવાથી મુક્ત થશે તો પછે જે મનુષ્ય અધિકારી છે તે કેમ મુક્ત થશે નહિ? થશેજ.॥૪૧૦॥ આ જ્ઞાનરૂપી અમૃતનું કર્ણરૂપી અંજળિઓનું પાન કરવાથી સંપૂર્ણ લોક નવી સિધ્ધિની સંપત્તિને પ્રાપ્ત થશે.॥૪૧૧॥

વિશ્વામિત્ર કહે છે કેઃ—અહો આજ મોટો આનંદ થયો છે. કેમકે **વસિષ્ઠ** મુનિના મુખથી પરમ પવિત્ર જ્ઞાન મેં સાંભળ્યું છે. કે જેનાં શ્રવણને લીધે મને હજાર ગંગાસ્નાનનું ફળ પ્રાપ્ત થયું છે. ॥ ૪૧૨ ॥

નારદજીએ કહ્યું કેઃ—જે જ્ઞાન મેં બ્રહ્મલોકમાં, સ્વર્ગમાં અને મનુષ્યલોકમાં સાંભળેલું નથી તે જ્ઞાન આજ મેં સાંભળ્યું છે. આજ મારા કાન પવિત્ર થયા છે. ॥ ૪૧૩ ॥

દશરથ રાજા બોલ્યા કેઃ—હે વસિષ્ઠ! હું; મારાં શરીરથી, સ્રીઓ સંયુક્ત, આ લોક તથા પરલોકમાં સુખ આપવાવાળાં પુણ્યથી અને રાજ્યથી. તેમજ મારા ભૃત્યલોક સહિત સંપત્તિ આપીને તમારી પૂજા કરૂં છું. ॥ ૪૧૪ ॥

ત્યારે **શ્રી વસિષ્ઠજીએ** કહ્યું કેઃ—હે રાજન્! અમે બ્રાહ્મણ લોક કેવળ પ્રણામ માત્રથી પ્રસન્ન રહીએ છીએ તે તેં મને પ્રણામ કર્યા છે અને હવે પૂજા કરાવવાની મારી ઈચ્છા નથી. ॥૪૧૫॥

એટલે **શ્રી રામચંદ્રજી** કહેવા લાગ્યા કેઃ—હે મુને! તમે પૂજા કરવાની બાબતમાં અમને નિરૂત્તર કરેલા છે તેથી મારામાં પણ પ્રણામ માત્ર સાર છે જેથી હું તમારાં ચરણ કમળોમાં પ્રણામ કરૂં છું. ॥ ૪૧૬ ॥ **શ્રી રામચંદ્રજી** એવું કહીને પુષ્પોની અંજળિ ભરી **વસિષ્ઠજીનાં** ચરણો ઊપર ચડાવવા લાગ્યા અને જેમ હિમાળયના વનમાં બરફ શોભે છે તેમ **વસિષ્ઠજીનાં** ચરણ કમળોપર ચડાવેલાં પુષ્પો શોભવા લાગ્યાં. ॥ ૪૧૭ ॥ તેમજ નીતમાં નિપુણ એવા **શ્રી રામચંદ્રજી** આનંદાશ્રુનાં જળથી પૂર્ણ થએલ નેત્રો યુક્ત થતાં ગુરૂજીનાં ચરણ કમળોમાં વારંવાર પ્રણામ કરવા લાગ્યા. ॥ ૪૧૮ ॥

વળી શ્રી વસિષ્ઠજીએ કહ્યું કેઃ—હે રાજન્! હે રામચંદ્રજી!! તું રઘુ કુળના ચંદ્રમારૂપ છો માટે હું કહું છું તેમ કર. ઈતિહાસ—કથાની સમાપ્તિમાં બ્રાહ્મણોને અવશ્યમેવ દક્ષિણા, ભોજન, વસ્ત્ર, ભૂષણ, ગોદાન, પૃથિવીદાન વિગેરે આપી પૂજવા જોઇએ. ॥૪૧૯॥ વાસ્તે આજ સર્વ પ્રકારની શ્રદ્ધા—ભક્તિ—વિધિ સહિત થઈ બ્રાહ્મણોને પ્રસન્ન કર. હવે તું મોક્ષને આપવાવાળું વેદાંતશાસ્ત્ર શ્રવણ કરીને તેનાં યથાયોગ્ય ફળને પ્રાપ્ત થયો છો. ॥૪૨૦॥ આ મોક્ષ દેવાવાળી કથા સાંભળીને તેની સમાપ્તિમાં નિર્ધન પુરૂષે પણ પોતાની યથા શક્તિ બ્રાહ્મણોની પૂજા કરવી યોગ્ય છે તો પછે રાજાએ તો અવશ્ય કરવી જોઈએ. ॥ ૪૨૧॥

ત્યારબાદ શ્રી વાલ્મીકિજીએ કહ્યું કેઃ—હે ભરદ્વાજ! દશરથ રાજા આ મોક્ષને આપનારી કથા શ્રવણ કરવાથી સંસારની મોહનિદ્રાનો અંત થવાને લીધે હર્ષમાં સાત દિન—રાત સુધી મહા ઉત્સવ કરવા લાગ્યા કે જેની પાસે સ્વર્ગની સંપત્તિ પણ તુચ્છ ભાસતી હતી. ॥ ૪૨૨ ॥ હે ભરદ્વાજ! તું મહાબુદ્ધિવાન્ છો તથા મારા તમામ શિષ્યોમાં શ્રેષ્ઠ છો. શ્રી રામચંદ્ર આદિ તમામ શ્રોતા તત્વ વસ્તુને જાણવાથી શોક—મોહાદિકથી રહિત થયા અને પરમાનંદમાં મગ્ન થવા લાગ્યા. ॥ ૪૨૩ ॥ હે ભરદ્વાજ! એવી જ્ઞાનદૃષ્ટિને ધારણ કરવાથી તું પણ રાગ—દ્વેષ વગરનો થયો છો, સંશય રહિત થયો છો અને શાંત મતિવાળો થયો છો. હવે જીવન્મુક્ત દશાને પ્રાપ્ત થઈ જા. ॥ ૪૨૪ ॥ હે ભરદ્વાજ! જે મહાત્મા પુરૂષ, મોક્ષ આપવાવાળી આ કથા જાણે છે તે તમામ તત્વવેત્તા જનોમાં શ્રેષ્ઠ થાય છે તથા ફરી સંસારનાં બંધનને પ્રાપ્ત થતા નથી. આ

બાબત ઘણા વિસ્તારવાળાં ઘણાં વચનો કહેવાથી શો અર્થ બને તેમ છે? ॥ ૪૨૫ ॥ જે કોઈ પુરૂષ ઘણાં શાસ્ત્ર શ્રવણ કરવાવાળો છે તેની પાસે ઊત્તમ રીતે આગળનું ફરી વ્યાખાન કરવાથી ફરી તે બાળભાવને પામતો નથી. વધારે કહેવાથી શું ફાયદો છે? ॥૪૨૬॥ જે પુરૂષ આ કથાનો અર્થ જાણવા વગર પણ ઇચ્છાથી તથા શ્રદ્ધાથી રહિત થઇ આ કથા વાંચશે, લખશે, લખાવશે, શ્રવણ કરશે, બીજાં માણસોને ભણાવશે અને ઊત્તમ દેશમાં—પુણ્યતીર્થમાં—સંતજનોની આગળ તથા દેવતાની પાસે વાંચશે તે પુરૂષ તમામ પાપથી રહિત થશે. ॥૪૨૭॥ જે પુરૂષ; આ કથાનો સંબંધ કરશે તે રાજસૂય—અશ્વમેધાદિ યજ્ઞનાં ફળથી યુક્ત થશે, ઘણાં વર્ષ સ્વર્ગમાં નિવાસ કરશે અને પરિણામે મોક્ષ પામશે. ॥ ૪૨૮ ॥ હે ભરદ્વાજ! આ મોક્ષ દેનારી કથા પ્રથમ **બ્રહ્માજીએ** પોતેજ અનુભવ સહિત વિચાર કરીને લોકોના ઊપકાર વાસ્તે રચેલી છે તથા તે **બ્રહ્માજીથી વસિષ્ઠજીને** પ્રાપ્ત થઈ છે તે **વસિષ્ઠજીએ શ્રી રામચંદ્રની** સભામાં પ્રગટ કરીને કહેલ છે. ત્યાંથી સાંભળીને મેં તારી પાસે પ્રેમ—ભક્તિ યુક્ત થઇને કહી છે. ॥ ૪૨૯ ॥ હે ભરદ્વાજ! જે પુરૂષનું મન આ કથામાં વળગી રહે છે તેના માતા, પિતા, સંપૂર્ણ કુળ તથા તમામ દેશ પવિત્ર થાય છે એટલા માટે એમાં શ્રધ્ધા—ભક્તિ સહિત મનને સ્થિર કરવું યોગ્ય છે—ઊત્તમ છે. ॥૪૩૦॥

એ પ્રમાણે શ્રી મહારામાયણમાંનાં મોક્ષને આપનારાં શ્રી યોગ વાસિષ્ઠસારનાં નિર્વાણ નામનાં પ્રકરણનું ઊત્તરાર્ધ સમાપ્ત થયું..

સવૈયો.

ચિત્તની સ્થિરતાથી પ્રશાંત મને, હૃદયે ધરી મોદ પ્રમાદ તજી;
દુઃખ દારણ કારણ ભ્રમ હરી, સુખસાર અહો શુદ્ધબુદ્ધ સજી;
સ્મર રામ—વસિષ્ઠ તણી સુખદા, સુકથાનો પ્રસંગ યથા સમજી;
મળશે શુભ મુક્તિ સુયુક્તિ થકી, કર ઐક્યતા કેવળ બ્રહ્મ ભજી.

સોરઠો.

આત્મ તત્વનો બોધ, શોધી આપે આ કથા;
અન્ય વૃથાનો ધોધ, કથા ખરી પણ શિશુ યથા.

સમાપ્ત.